بسم اللہ الرحمن الرحیم

મુલ્કે સુખન કી શાહી તુમ કો 'રઝા' મુસલ્લમ
જિસ સિમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈં



## શરહે કલામે રઝા ફી નઅતિલ્ મુસ્તફા ﷺ

# શરહે હ઼દાઈકે઼ બખ્શિશ

(ભાગ : બીજો)


અઝ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

શરહકર્તા

મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)

અનુવાદક તથા સંપાદક

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)



પ્રકાશકો

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www. barkatekhwaja.net Email :anjuman2006@hotmail.com

noorani art
Mob. 9427464411

હદિયો
₹250/-

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ صلی اللہ علیہ وسلم

وَعَلٰى آلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ صلی اللہ علیہ وسلم

**સર્વ હક્ક઼ પ્રકાશકને સ્વાધિન**

**કિતાબનું નામ** : શરહે કલામે રઝા ફી નઅતિલ્ મુસ્તફા صلی اللہ علیہ وسلم

**શરહે હદાઈક઼ે બખ્શિશ (ભાગ : ૨)**

**અઝ** : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**શરહકર્તા** : હાફિઝો ક઼ારી મૌલાના મુફ્તી ગુલામહસન ક઼ાદરી (લાહોર)

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com

**કંપોઝિંગ** : સાદિક઼ યાકૂબ પટેલ–દયાદરા (મો. ૯૪૨૭૮ ૧૭૩૯૯)
: મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ–ઈખર (મો. ૯૭૨૩૮ ૬૨૭૨૮)

**પેજીસ** : ૩૨૦ ★ **કિંમત** : ₹ 250/- ★ **આવૃત્તિ** : પ્રથમ

**પ્રકાશકન વર્ષ** : ૦૫ રમઝાનુલ મુબારક હિ. સ. ૧૪૪૧ ★ **પ્રકાશન નં. : ૨૫૧**
અંગ્રેજી તારીખ : ૨૯/એપ્રિલ/૨૦૨૦, બુધવાર

**પ્રાપ્તિસ્થાન** : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : (ઓફિસ) (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧
**Email : anjuman2006@hotmail.com**
**www.barkatekhwaja.net**

**પ્રકાશકો**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** | **સુન્ની દા'વતે ઈસ્લામી** (દયાદરા શાખા)

★ નકલ : ૨૦૦૦

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

★ નકલ : ૫૦૦

**નોંધ : ડોનરો–મેમ્બરોને દરેક કિતાબની એક કોપી ફ્રીમાં મોકલવામાં આવે છે. (મેમ્બર ફી રૂા. ૬૦૦/-)**

અનુક્રમણિકા



| | | |
|---|---|---|
| ૭૪. | **સુબ્હ તયબહમેં હૂઈ બટતા હૈ બાળા નૂર કા** | 09 |
| | કસીદએ નૂરના બારામાં કાંઈક | 09 |
| | હઝરત ઈમામ હસન તથા હુસૈન رضی اللہ عنہما | 27 |
| ૭૫. | **સર સૂએ રોઝા ઝુકા ફિર તુઝકો ક્યા** | 29 |
| | ફઝાઈલે નામે મુહમ્મદ صلی اللہ علیہ وسلم | 30 |
| ૭૬. | **વહી રબ હૈ જિસને તુઝકો હમાતન કરમ બનાયા** | 36 |
| | દરેક ચીજ અલ્લાહ તઆલાની હમ્દ કરે છે | 40 |
| ૭૭. | **જબ કે પૈદા શહે ઈન્સો જાં હો ગયા** | 47 |
| ૭૮. | **મુસ્તફા ખૈરુલ વરા હો** | 51 |
| | અમલથી જિંદગી બને છે | 51 |
| | સારી કિતાબોનું મહત્વ તથા ફાયદા | 52 |
| ૭૯. | **મિલ્કે ખાસે કિબ્રિયા હો** | 61 |
| ૮૦. | **ઈમાન હૈ કાલે મુસ્તફાઈ** | 63 |
| ૮૧. | **ઝમીનો ઝમાં તુમ્હારે લિયે મકીનો મકાં તુમ્હારે લિયે** | 74 |
| | સૃષ્ટિના સર્જનનો સબબ | 74 |
| ૮૨. | **નઝર ઈક ચમનસે દો ચાર હૈ ન ચમન ભી નિષાર** | 84 |
| ૮૩. | **ઝર્રે ઝર કર તેરી પયઝારોં કે** | 93 |
| ૮૪. | **લહ્દ મેં ઈશ્કે રુખે શહકા દાગ લેકે ચલે** | 97 |
| ૮૫. | **મહર હૈ મશઅલહે અફરોઝ શબિસ્તાં કિસકા** | 104 |
| ૮૬. | **ગલેસે બાહર આ સકતા નહીં શોરો ફગાં દિલકા** | 110 |
| ૮૭. | **શોલએ ઈશ્ક બની સીનાસે બાહર નિકલા** | 113 |
| ૮૮. | **દો આલમસે આ'લા વ અમજદ મુહમ્મદ** صلی اللہ علیہ وسلم | 121 |
| ૮૯. | **જિસને ઈસ ગુલકી ન પાઈ રૂએ રોશનકી બહાર** | 123 |
| ૯૦. | **કહતા રહા કે જાનિબે ઈસ્યાં ન આએ દિલ** | 125 |
| ૯૧. | **સૈયદે કૌનેન સુલ્તાને જહાં** | 127 |
| ૯૨. | **સચ્ચી બાત સિખાતે યહ હૈં** | 131 |
| ૯૩. | **યહ જામે તલ્ખ વહી ખુશગવાર કરતે હૈં** | 138 |
| ૯૪. | **ઓ નફસે તબાહકાર ! તૌબા !** | 140 |
| ૯૫. | **બર્કે ઈશ્કે શાહેવાલા યહ ગિરી વો તળપી** | 141 |
| ૯૬. | **જબ વો તલ્અત હી જલ્વાગર ન હૂઈ** | 143 |
| ૯૭. | **જાને મસીહ અપને મસીહ કી ઝાત હૈ** | 144 |

| | | |
|---|---|---|
| ૯૮. | **અય કાશ ! શાને રહમત મેરે કફનસે નિકલે** | 145 |
| | કબ્રમાં દીદારે નબી ﷺ અને તેની દલીલ | 153 |
| | શું કબ્રમાં હુઝૂર ﷺનો ફોટો દેખાડવામાં આવે છે ? | 155 |
| | દુનિયાના સર્જનનો સબબ કોણ છે ? | 157 |
| | ઈફતેખારે નસ્લે આલમ કૌન હૈ ? | 157 |
| | રહબરે અકવામે આલમ કૌન હૈ ? | 157 |
| | શું ખિડકી ખુલી જાય છે ? | 158 |
| | આખેરત પર ઈમાન | 159 |
| | કબ્રની જિંદગી | 160 |
| | હઝરત ઉમર رضی اللہ عنہ તથા નકીરૈન | 162 |
| | હઝરત મૂસા علیہ السلام અને હઝરત ઈઝરાઈલ علیہ السلام | 162 |
| | હઝરત બાયઝીદ બુસ્તામી | 164 |
| | કુર્આની મુદ્દો | 164 |
| | દુનિયાનું સ્ટેજ | 165 |
| | ઈઝરાઈલ علیہ السلامની રબથી ફરિયાદ | 165 |
| | ઓહદના શહીદોની ઝિયારત | 166 |
| ૯૯. | **હમારે દર્દે જિગર કી કોઈ દવા ન કરે** | 167 |
| ૧૦૦. | **તાઝીમસે મુન્કિર હૈં દમ બાઝ નહીં છુપતે** | 170 |
| ૧૦૧. | **મુઝદએ રહમતે હક્ક હમ કો સુનાને વાલે** | 172 |
| ૧૦૨. | **અંબિયા કો ભી અજલ આની હૈ** | 174 |
| | હયાતુન્નબી ﷺનો અકીદો | 176 |
| ૧૦૩. | **બસ્તગીમેં થા મેરે ગુન્ચએ દિલકો યહ કમાલ** | 177 |
| | હુઝૂર ﷺની હિમાયતની અસર | 178 |
| | **કત્આત** | |
| ★ | **આલમ હમા સૂરત અગર જાં હૈ તો તૂ હૈ** | 180 |
| ★ | **ખુદા તેરા હૈ તૂ ખુદાકા પાક બંદા હૈ** | 180 |
| ★ | **રહા ન શૌક કભી મુઝકો સૈરે દીવાં સે** | 181 |
| | **રુબાઈઓ** | |
| ★ | **આતે રહે અંબિયા کَمَا قِیْلَ لَھُمْ** | 182 |
| ★ | **શબે લહિય્યહ વ શારિબ હૈ રુખે રોશન દિન** | 182 |
| ★ | **અલ્લાહકી સરતા બકદમ શાન હૈં યહ** | 183 |

| | | |
|---|---|---|
| ★ | બોસા ગહે અસ્હાબ વહ મુહરે સામી | 183 |
| ★ | કા'બાસે અગર તુર્બતે શહે ફાઝિલ હે | 184 |
| ★ | તુમ જો ચાહો તો કિ઼સ્મતકી મુસીબત ટલ જાએ | 184 |
| ★ | યાં શુબ્હ શબીહકા ગુઝરના કૈસા ? | 184 |
| ★ | યહ શહ કી તવાઝોઅકા તકા઼ઝા હી નહીં | 185 |
| ★ | હૂં અપને કલામસે નિહાયત મેહઝૂઝ | 185 |
| ★ | પેશા મેરા શાઈરી ન દાવા મુઝકો | 185 |
| ★ | મહસૂર જહાં દાની વ આલીમેં હે | 186 |
| ★ | કિસ મુંહસે કહૂં રશ્કે અનાદિલ હૂં મૈં | 186 |
| ★ | તાશામેં ગમો અશ્કકા સામાં બસ હે | 187 |
| ★ | હર જા હૈ બુલંદીયે ફલક કા મઝકૂર | 187 |
| ★ | કિસ દરજા હે રોશન તને મહબૂબે ઈલાહ | 187 |
| ★ | હે જલ્વગહે નૂરે ઈલાહી વો રૂ | 188 |
| ★ | મખ્દૂમ ન થા સાયએ શાહે ષક઼લૈન | 188 |
| ★ | દુન્યામેં હર આફતસે બચાના મૌલા | 188 |
| ★ | ખાલિક઼ કે કમાલ હૈં તજદ્દુદ સે બરી | 189 |
| ★ | હૂં ! કર દો તો ગરદૂં કી બિના ગિર જાએ | 189 |
| ★ | નુકસાન ન દેગા તુઝે ઈસ્યાં મેરા | 190 |
| ★ | આબિદ વ તાઈબ આસી સબ હૈં | 190 |
| ★ | કિસ હાથકા ખમે તાબો તવાં ટૂટ ગયા | 191 |
| ★ | નૂરે રુખે સરવર કા અજબ જલ્વા હે | 191 |
| ★ | પરવાઝ મેં જબ મિદહતે શાહ મેં આઉં | 191 |
| ★ | આબે દુર્રે દન્દાં સે અદન ડૂબ ગયા | 192 |
| ★ | મહકા હે મેરી બૂએ દહનસે આલમ | 192 |
| ★ | અસ્રામેં જિનાં જલ્વએ રુખસે તાબાં | 193 |
| ★ | હે દોશે નબી કાને સફા સલ્લિ અલા | 193 |
| ★ | રહ્મત કે દિનને દાગે હિરમાં દેખા | 193 |
| ★ | ઈશ્કે અહમદ મેં જિસે ચાક ગરીબાં દેખા | 194 |
| ★ | **શરહે સલામે રઝા** | 195 |
| | ફઝાઈલે દુરૂદો સલામ | 196 |
| | અસ્સલાતુ વસ્સલામુ અલૈકનો જવાબ | 196 |

| | | |
|---|---|---|
| | શું આ બનાવટી દુરૂદ છે ? મઆઝલ્લાહ ! | 197 |
| | હુઝૂર علیہ الصلوٰۃ والسلام આપણુ દુરૂદ સલામ ખુદ સાંભળે છે | 206 |
| | દુરૂદે તાજ શું છે ? | 212 |
| | સલામે રઝાના બારામાં કેટલીક વાતો | 227 |
| | આદાબે સલામે રઝા | 229 |
| | 'સલામે રઝા' પર ઉડતી નજર | 230 |
| | 'સલામે રઝા'ના બારામાં ઈલ્મવાળાઓની રાય | 231 |
| | શેઅરોની સંખ્યા | 233 |
| | સલામે રઝાની વિશિષ્ટતાઓ | 234 |
| | સલામની ગોઠવણી | 234 |
| | શેઅરોનો ભાવાર્થ અને સ્પષ્ટતાનો ખુલાસો | 235 |
| | દુરૂદો સલામનો મક઼ામ તથા મર્તબો | 236 |
| | ફરિશ્તાઓની સંખ્યા | 238 |
| | સલાતો સલામના મુન્કિરો | 250 |
| | આફતાબે રિસાલતનાં કિરણો (સિરાજે મુનીર) | 269 |
| | સૈયદા ખાતૂને જન્નત رضی اللہ عنہا | 277 |
| | આ'લા હઝરત બારગાહે ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا માં | 278 |
| | ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاનો મક઼ામ | 278 |
| | પર્દો તથા ગૈરત (શરમ) | 279 |
| | ઈમામે હુસૈન رضی اللہ عنہ | 282 |
| | અઝવાજે મુતહ્હરાત رضی اللہ تعالیٰ عنہن તથા તેમનાં મુબારક નામો | 283 |
| | હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا | 285 |
| | હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا | 286 |
| | બદરના સહાબાઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین | 289 |
| | હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ | 293 |
| | હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ | 294 |
| | હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم | 296 |
| | અહલે સુન્નત પે લાખોં સલામ | 303 |
| | સલામ બ સરકારે અનામ علیہ الصلوٰۃ والسلام | 305 |
| | હક઼્ક઼ની રહમતની વિશાળતાઓ | 308 |
| ★ | **મુનાજાત : યા ઈલાહી ! હર જગહ તેરી અતાકા સાથ હો** | 311 |
| ★ | **શજરએ આલિયા ક઼ાદરિયા રઝવિય્યહ્ બરકાતિયા** | 319 |

પ્રકાશનટાણે... દો બાતેં

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُને અપને અહદકે મુરવ્વજહ વ ગૈર મુરવ્વજહ ઉલૂમમેં સે જિસ ઈલ્મ પર ભી ખામા ફરસાઈ કી (ક઼લમ ઉઠાઈ) અપની ખુદાદાદ સલાહિયત વ ફતાનત (દાનાઈ)સે ઉસકી અઝમત વ અહમિયતમેં ચાર ચાંદ લગા દીએ. મુખ્તલિફ ઉલૂમ વ ફુનૂન પર આપકી તસ્નીફાત (કિતાબેં) ઉસકી શાહિદે અદલ હૈં. દીગર ઉલૂમકી તરહ જબ આપને નઅત ગોઈકે મેદાનમેં ક઼દમ રખા તો શરીઅત કી પાસદારી (રક્ષા) ઔર ઝબાન વ અદબ કે ઉસૂલ કે વો જૌહર દિખાએ કે નક્ક઼ાદાને વક઼્ત (સમયના વિવેચકો) ઔર સાહિબાને ઈલ્મો ફનને "ઈમામે નઅત ગોયાં, મલ્લિકતે નઅતકા ફર્માંરવા ઔર ઈમામુલ કલામ" જૈસે મોઅઝ઼ઝઝ઼ અલ્ક઼ાબસે યાદ કિયા, બલ્કે ઉસ્તાઝુશ્શોઅરા 'દાગ' દહેલ્વીને તો કહ દિયા :

*મુલ્કે સુખન કી શાહી તુમકો "રઝા" મુસલ્લમ–જિસ સમ્ત આ ગયે હો સિક્કે બિઠા દીયે હૈ*

આ'લા હઝરતને ઈશ્કે઼ રિસાલતમેં ડૂબકર કુર્આને મુક઼દસકી રોશનીમેં કૌષર વ તસ્નીમસે ધુલી હૂઈ ઝબાનમેં જબ સરકારે દો આલમ ﷺકે સરાપા મુબારક, અવસાફે જમીલા ઔર ખસાઈલે હમીદાકો શેઅરકા જામા પહનાયા તો સફહએ કિ઼રતાસ પર "હદાઈકે઼ બખ્શિશ" જૈસા વો ગિરાનુમા (અમૂલ્ય) નઅતિયહ દીવાન મઅરૂઝે વજૂદમેં આયા જો હર તરહકી ફન્ની વ શરઈ ખામિયોંસે મુબર્રા (પાક) હૈ. ખૂદ ફર્માતે હૈં :

*હૂં અપને કલામસે મહ઼ઝૂઝ–બેજાસે હૈ અલ્મિન્નતુલ્લાહ મેહફૂઝ*
*કુર્આનસે મૈંને નઅત ગોઈ સીખી–યઅની રહે અહકામે શરીઅત મલ્હૂઝ*

આપકે કલામકી ઉમ્દગીકી તસ્વીરકશી કરતે હૂએ પ્રોફેસર મુહમ્મદ મસ્ઊદ અહમદ મુજદ્દિદી લિખતે હૈં : "રઝા બરેલ્વીકી શાઈરાના ખૂબિયોંકી ક્યા બાત કી જાએ ! કૌનસી ખૂબી હૈ જો યહાં નહીં હૈ. ઉનકી શાઈરી પયકરે હુસ્નો જમાલ હૈ. સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! મઆની વ બયાનકી દિલ આવેઝિયાં, સનાએઅ વ બદાએઅકી જલ્વા રેઝિયાં, તશ્બીહાત વ ઈસ્તિઆરાત કી સહર અંગેઝિયાં, અલ્ક઼ાબ વ હુરૂફ કી હૈરતઅંગેઝ સફ બંદિયાં, મુહાવરોંકા હસીન ઈમ્તિઝાજ, રોઝ મર્રાકા દિલ આવેઝ ઈસ્તેમાલ, તર્ઝે અદાકી રંગીની વ બાંકપન, સાદગી વ પુરકારી, નુદરતે ફિક્રો ખયાલ, બેસાખ્તગી વ બરજસ્તગી, મુસિક઼િયત વ નગ્મગી, રિફઅતે મઝામીનમેં નિખરે સુથરે પાકીઝા અશ્આર, સરાપા ઈન્તેખાબ, ફિક્રો ખયાલ કો જિસ સાંચેમેં ઢાલતે હૈં હસીનસે હસીન નઝર આતા હૈ.

*–(પ્રો. ડો. મુહમ્મદ મસ્ઊદ અહમદ મુજદ્દિદી)*

બહરહાલ હદાઈકે઼ બખ્શિશ તીન હિસ્સોં પર મુસ્તમિલ હૈ. ઉસકા પહલા હિસ્સા હિ. ૧૩૨૫ (જે "હદાઈકે બખ્શિશ"કે અદદ હૈ) ઈ.સ. ૧૯૦૭ મેં મુરત્તબ હુવા. ઉસ મજમૂએ મેં ઉર્દૂકે ઈલાવા કુછ કલામ ફારસી ઔર અરબી ઝબાન કે ભી હૈં.

યૂં તો ઈસ મજમૂએ કે તમામ કલામ રિફઅતે મઝામીન, ફસાહત વ બલાગત ઔર મહાસિને લફ઼્ઝી મઅનવીકા શાહકાર હૈ, લેકિન દર્જ ઝેલ કલામ કો વો કુબૂલે દવામ હાસિલ હુવા કે ઝબાને ઝદ ખવાસો આમ હો ગએ.

(૧) ક઼સીદએ નૂર (૨) ક઼સીદએ મેઅરાજિયહ (૩) મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ (૪) સબસે આ'લા વ અવલા હમારા નબી (૫) લમ યા તિ નઝીર.

ક્યૂં કે અશ્આર ઈશારાત વ કિનાયાત, તશ્બીહાત વ તલ્મીહાત વગૈરા લફ઼્ઝી વ મઅનવી પર મુશ્તમિલ હોતે હૈં

ઔર ઉનકે અસ્લ ઔર હક઼ીક઼ી મફ઼હૂમ તક પહૂંચના હર શખ્સ કે બસકી બાત નહીં હોતી, ઈસ લિયે "હદાઈક઼ે બખ્શિશ"કી કઈ શરહેં લિખી ગઈ, જૈસે મુફ઼્તી અબુલ ઝફ઼ર ગુલામ યાસીન રાઝ અમજદી આ'ઝમીકી વષાઈક઼ે બખ્શિશ, મૌલાના સૂફ઼ી મુહમ્મદ અવ્વલ ક઼ાદરી રઝવી સંભલી કી સુખને રઝા મતલબહાએ હદાઈક઼ે બખ્શિશ, મુફ઼્તી ફ઼યઝ અહમદ ઉવૈસીકી અલ્હક઼ાઈક઼ ફ઼િલ્હદાઈક઼ ઔર મૌલાના ગુલામહસન ક઼ાદરી કી શરહે કલામે રઝા ફ઼ી નઅતે મુસ્તફ઼ા વગેરે.

આખિરુઝ્ઝિક્ર શરહ જિસકા ગુજરાતી તર્જુમા આપકે હાથોંમેં મૌજૂદ હૈ, મુફ઼્તી ગુલામ હસન ક઼ાદરી સાહબ કી કાવિશોંકા નતીઝા હૈ.

મુફ઼્તી સાહબને હદાઈક઼ે બખ્શિશ કે ૧૦૧ કલામ કી તકરીબન ૧૧૧૪ સફ઼હાત (ઉર્દૂ)મેં ઐસી આમ ફ઼હમ ઔર આસાન તરીન શરહ ફ઼ર્માઈ હૈ કે હર શોઅબએ ઝિંદગીસે તઅલ્લુક રખનેવાલે ક઼ારી બખૂબી ઈસ્તિફ઼ાદા કર સકતે હૈં.

શરહકા અંદાઝ બહૂત ઉમદા ઔર દિલપઝીર હૈ. પહલે મુશ્કિલ અલ્ફાઝકી લુગ્વી વઝાહત, ફ઼િર કુર્આની આયાત, અહાદીષે કરીમા ઔર અશ્આરકી મદદસે ઐસી તશરીહ કરતે હૈં કે મુશ્કિલસે મુશ્કિલ અશ્આરકા મફ઼હૂમ આફ઼તાબે નિસ્ફ઼ુન્નહારકી તરહ વાઝેહ હોકર ક઼ારી કે ક઼લ્બો જિગરકી તસ્કીનકા સામાન બન જાતા હૈ. ઉસ્કા એક નમૂના આપકી ખિદમતમેં હાઝિર હૈ :

*આંખેં ઠંડી હોં જિગર તાઝે હોં જાનેં સૈરાબ–સચ્ચે સૂરજ વો દિલ આરા હૈ ઉજાલા તેરા*

**મુશ્કિલ અલ્ફાઝકે મઅના** : આંખેં ઠંડી હોના = પરેશાની દૂર હો, ઈત્મિનાને ક઼લ્બ હાસિલ હો ★ જિગર તાઝા હોના = દિલ બાગ બાગ હોના. ★ જાનેં સૈરાબ હોના = રૂહાની સકૂન મિલના ★ સચ્ચે સૂરજ = હક઼ીક઼ી ઔર અસલી અલ્ફ઼તાબ (આસ્માને નબુવ્વતકે નૈયરે તાબાં) ★ દિલ આરા = દિલકો આરાસ્તા વ રોશન કરનેવાલા.

**મફ઼હૂમ વ તશરીહ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપ વો હક઼ીક઼ી આફ઼તાબે નબુવ્વત વ રિસાલત હૈં કે આપકે નૂરસે આંખોંકો નૂર ઔર દિલકો સુરૂર નસીબ હોતા હૈ, રૂહકો સુકૂન મિલતા હૈ ઔર જિગર ઠંડા હોતા હૈ.

જહાં હુઝૂર ﷺ કો કુર્આન મજીદમેં سِرَاجًا مُّنِيْرًا ફ઼ર્માયા ગયા યઅની રોશન વ મુનવ્વર કરનેવાલા સૂરજ, વહાં આપ ﷺકો ذِكْرًا رَّسُوْلًا ફ઼ર્માકર સરાપા ઝિક્ર ભી ક઼રાર દિયા હૈ. ઔર હદીષ શરીફ઼મેં ફ઼ર્માયા ગયા : أَنَا أَمَنَةٌ لِأَصْحَابِي "આપકી ઝાતે ગિરામી ઔર આપકે સહાબાએ કિરામકા ઝિક્ર અલ્લાહ હી કા ઝિક્ર હૈ." ઔર અલ્લાહકે ઝિક્રસે દિલોંકો સુકૂન મિલના ખૂદ કુર્આન મજીદકે અંદર મઝકૂર હૈ. ફ઼ર્માયા : اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَىِٕنُّ الْقُلُوْبُ "ખબરદાર ! અલ્લાહકે ઝિક્રસે દિલોંકો સુકૂન મિલતા હૈ." (સૂ. રઅદ, ૧૩/૨૮) હુઝૂર ﷺને ખૂદ ઈર્શાદ ફ઼ર્માયા, بذکر اللہ ای بذکر محمد صلی اللہ وسلم و اصحابہ رضی اللہ عنہم اجمعین "મૈં અપને સાથિયોંકે લિએ બાઈષે સુકૂન ઔર સબબે ઈત્મિનાન હૂં........"

અલ્ગરઝ શારેહને હત્તલ ઈમ્કાન અશ્આરકી ઐસી વઝાહત કી હૈ કે અહલે ઈમાન કે લિયે નાફ઼ેઅ ઔર અહલે બાતિલ કે એતરાઝાત કે લિયે દાફ઼ેઅ હૈ.

**–નદીમ અહમદ મિસ્બાહી**

*મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ (તા. ૧૯–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૧)*

## (નઅત શરીફ઼ : ૭૪)

**સુબ્હ તયબહમેં હૂઈ બટતા હૈ બાળા નૂર કા**
**સદક઼ા લેને નૂરકા આયા હૈ તારા નૂર કા**

*(તયબહ = મદીના પાક, બાળા = ખૈરાત, ભીખ.)*

**અર્થાત :** આપણા આક઼ા વ મૌલા ﷺના મદીના શહેરમાં જ્યારે પણ સવાર થાય છે તો નૂરની ખયરાત વહેંચાવા માંડે છે, અને કેવળ જમીનવાળા ખાકી જ ખૈરાત લેવા માટે દામન નથી ફેલાવતા બલ્કે નૂરાની તારો પણ નૂરની ભીખ લેવા માટે દરે મુસ્તફા ﷺ પર હાજર થાય છે.

**ક઼સીદએ નૂરના બારામાં કાંઈક :** આ'લા હઝરત, ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત મૌલાના શાહ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ પોતાનો આ મશહૂર ક઼સીદો ''ક઼સીદએ નૂર'' જેનો પ્રથમ શેઅર છે : *સુબ્હ તયબહમેં હૂઈ બટતા હૈ બાળા નૂરકા–સદક઼ા લેને નૂરકા આયા હૈ તારા નૂરકા*

આખરી શેઅર છે :*અય 'રઝા' યહ અહમદે નૂરી કા ફયઝે નૂર હૈ–હો ગઈ મેરી ગઝલ બઢકર ક઼સીદા નૂર કા*

**અર્થાત :** સૌ પ્રથમ આ ક઼સીદો ઉર્સે ક઼ાદરી બદાયૂંમાં ૫–જમાદિઉલ આખર, હિ.સ. ૧૩૧૭ના રોજ પઢવામાં આવ્યો જેમાં હિંદુસ્તાનના નામવર ઉલમા તથા મશાઈખ મૌલાના અબ્દુલક઼ાદિર બદાયૂની, મૌલાના વસી અહમદ મુહદ્દિષે સુરતી મૌલાના હાદી અલીખાં સીતાપૂરી, મૌલાના હિદાયત રસૂલ, શાહ મુહમ્મદ ફાખિર ઈલાહાબાદી, મૌલાના અબ્દુસ્સમદ સહવાની, શાહ અલી હુસૈન અશરફી મિયાં કછોછવી, શાહ તજમ્મુલ હુસૈન શાહજહાંપુરી વગેરે મૌજૂદ હતા. હઝરત શાહ અબુલ હસન નૂરી મિયાં મશાઈખના સદર હતા. હઝરત ફાઝિલે બરેલ્વી પણ બિરાજમાન હતા. બદાયૂંના મશહૂર નઅતખ્વાં હબીબ ક઼ાદરી મર્હૂમે પોતાના વિશિષ્ટ અંદાઝમાં 'ક઼સીદએ નૂર' પઢયો. લોકો વર્ણન કરતા હતા કે મેહફિલ સરાપા નૂર બની ગઈ ! એક એક શેઅર ચાર ચાર પાંચ પાંચ વાર પઢવામાં આવ્યો. કૈફ તથા સુરૂરની એક કૈફિયત છવાયેલી હતી. તેહસીન (દાદ) તથા આફરીનના નારા હતા. દસ વાગે આ ક઼સીદો શરૂ થયો અને ઝોહર પહેલાં ખત્મ થયો.

હઝરત શાહ અહમદ નૂરી قدس سرہએ જે ગરદન ઝુકાવીને મુરાકિબામાં નજર આવી રહ્યા હતા. ગરદન ઉઠાવી અને દુઆ માટે હાથ ઉઠાવ્યા. હઝરત ફાઝિલે બરેલ્વી દીવાગીના અંદાઝમાં ઉઠયા અને આપોઆપ એક ચીસ નીકળી અને હઝરત મિયાં સાહબ ક઼િબ્લાની જાંગ મુબારક પર માથુ રાખી દીધું.... સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી.

મૌલાના અલી અહમદ ખાન અસીરે પણ એ જ જમીન (તર્ઝ) પર એક ક઼સીદએ નૂર લખ્યો હતો જે એ જ દિવસે રાતે વઅઝ પૂરી થયા પછી પઢવામાં આવ્યો એ ક઼સીદાનો મત્લઅ (પ્રથમ કડી) છે :

*મરહબા આયા અજબ મૌસમ સુહાના નૂર કા–બુલબુલેં ગાતી હૈં ગુલશનમેં તરાના નૂર કા*

કસીદાનો અંત આ પ્રમાણે થયો :–

*હૂં મુકલ્લિદ મૈં 'રઝા'કા ઈસ ઝમીને નૂર મેં–મૈંને ભી જાગીર મેં પાયા ઈલાકા નૂર કા*
*દો જહાંમે રાત દિન યા રબ 'રઝા'કે સાથ સાથ–બહરે ઝુન્નૂરૈન રખના હમપે સાયા નૂર કા*
*નૂર કી બારિશ ઝમાઝમ હોતી આતી હૈ 'અસીર'–લો 'રઝા' કે સાથ બઢકર તુમ ભી હિસ્સા નૂર કા*

કદાચ અહીં એ વર્ણન પણ અસ્થાને ન હશે કે મૌલાના ઝિયાઉદ્દીન બદાયૂની મર્હૂમ (વફાત ઈ.સ. ૧૯૭૦)એ પણ એ જ જમીનમાં એક કસીદો હિ.સ. ૧૩૭૬માં ઐતિહાસિક નામ "નૂરે ખુર્શીદ" લખ્યો જેની પ્રથમ કડી છે.

*ઓજે અર્શે પાકસે ચમકા સિતારા નૂર કા–સુબ્હે મીલાદુન્નબી આલમ હૈ સારા નૂર કા*

છેવટના બે શેઅર જોઈ લો :

*હૈ મુનવ્વર નૂરસે કબ્રે 'રઝા' કબ્રે 'અસીર'–ઈનકે સદકે યહ કસીદા ભી હો સારા નૂર કા*
*અય અરબકે ચાંદ ચમકા દે મેરી લોહે જબીં–હો 'ઝિયા'કો ફિર મદીનેમેં નઝારા નૂર કા*
*(મઆરિફે રઝા, હિ.૧૪૦૩, માહે સફરુલ મુઝફ્ફર, લેખ લખનાર : ડો. મુહમ્મદ ઐયૂબ કાદરી)*

**બાગે તયબહ મેં સુહાના ફૂલ ફૂલા નૂર કા**
**મસ્ત બૂ હૈં બુલબુલેં પઢતી હૈ કલ્મા નૂર કા**

**અર્થાત :** તયબહના ગુલશનમાં એક એવુ પ્યારુ તથા નૂરાની ફૂલ ખિલ્યું જેની દિલ તથા રૂહને સુગંધિત કરી દેનારી ખુશ્બુથી મસ્ત તથા સરશાર થઈને બુલબુલોએ નૂરનું ગીત શરૂ કરી દીધું અને તે દિવસથી લઈને આજ સુધી ગાય રહી છે અને કયામત સુધી ગાતી રહેશે. જેમનામાંથી એક બુલબુલ ચમનિસ્તાને રિસાલત આ'લા હઝરતની ઝાત છે અને નૂરનું ગીત 'કસીદએ નૂર' છે જે પૂરી દુનિયામાં પૂરી અકીદત તથા મહોબ્બતની સાથે ઝુમી ઝુમીને પઢવામાં તથા સાંભળવામાં આવે છે.

**બારહવીં કે ચાંદકા મુજરા હૈ સજદા નૂર કા**
**બારહ બુર્જોસે ઝુકા ઈક એક સિતારા નૂર કા**
*(મુજરા = સલામ તથા આદાબ. બુર્જ = રાશિ)*

**અર્થાત :** જ્યારે પણ ચાંદની બારમી તારીખ આવે છે તો આસ્માનનો ચાંદ બારહ રબીઉલ અવ્વલ હુઝૂર ﷺની વિલાદત બા સઆદતની ખુશી તથા નિસ્બતથી ઝુકી ઝુકીને હુઝૂર ﷺની બારગાહમાં આદાબ તથા સલામી પેશ કરે છે અને ન કેવળ ચાંદ બલ્કે આકાશના વર્તુળના બાર રાશિ મંડળનો દરેકે દરેક તારો પણ ઝુકીને હુઝૂર ﷺની બારગાહમાં સલામ તથા નિયાઝમંદી પેશ કરે છે અને અર્ઝ કરે છે કે :–

*તેરે આને સે રોનક આ ગઈ ગુલઝારે હસ્તીમેં–શરીકે હાલે કિસ્મત હો ગયા ફિર ફઝ્લે રબ્બી*
*તેરા દર હો મેરા સર હો, મેરા દિલ હો તેરા ઘર હો–તમન્ના મુખ્તસર સી હૈ મગર તમ્હીદ તૂલાની*
*(હફીઝ જાલંધરી)*

**ઉનકે ક઼સ્રે ક઼દરસે ખુલ્દ એક કમરા નૂર કા**
**સિદરા પાએઁ બાગમેં તન્હા સા પૌદા નૂર કા**

*(ક઼સ્ર = મહેલ, ક઼દર = ઈજ્જત, ખુલ્દ = જન્નત)*

**અર્થાત :** આ જન્નત શું છે ? મારા આક઼ા ﷺની ઈજ્જત તથા અઝમતના મહેલનો એક નૂરાની કમરો છે. અને આ સિદતુલ મુન્તહા (બોરડીનું ઝાડ જ્યાં જિબ્રઈલ علیہ السلام રહે છે) સરકારે મદીના ﷺની અઝમતના બાગનો એક નાનો સરખો છોડ છે. જે આક઼ાનું મકાન આટલુ મોટુ છે એ મકાનના મકીં (રહેવાસી)ની અઝમતનો અંદાઝો કોણ કરી શકે છે ?!

**અર્શ ભી ફિરદૌસ ભી ઈસ શાહેવાલા નૂર કા**
**યહ મષ્મને બુર્જ વો મશ્કૂએ આ'લા નૂર કા**

*(મષ્મન = આઠ ખૂણીયા, મશ્કૂએ આ'લા = શાહી મહેલનો ઉપલો માળ)*

**અર્થાત :** અર્શે મુઅલ્લા હોય કે જન્નતુલ ફિરદોસ (સૌથી ઉચ્ચ જન્નત) હોય સર્વ કાંઈ હુઝૂર ﷺના જ માટે છે. (અર્શ મેઅરાજની રાતે તથા ક઼યામતના દિવસે આપે બેસવાના માટે તથા જન્નત હુઝૂર ﷺના ગુલામોના માટે تِلْكَ الْجَنَّةُ الَّتِیْ نُوْرِثُ مِنْ عِبَادِنَا مَنْ كَانَ تَقِیًّا ۝ "અમે એ જન્નતના અમારા નેક બંદાઓને વારિસ બનાવી દઈશું." *(સૂ. મરયમ, ૧૯/૬૩)* જ્યારે અલ્લાહના બંદા જન્નતના વારસ છે તો "અલ્લાહના નબીને વારિસ" કહેવું શિર્ક શાથી છે ?

અને જ્યારે અવલિયા અલ્લાહ જન્નતના વારસ છે તો લાહોર દાતાની નગરી, પાકિસ્તાન બાબાની નગરી, અજમેર ખ્વાજાની નગરી કહેવું શાથી નાજાઈઝ થશે ?!

આ આઠ ખૂણાઓવાળો અર્શ આપનો આઠ બાજુવાળો મહેલ છે અને જન્નતુલ ફિરદોસ આપના નૂરાની મહેલનો ઉપલો માળ છે.

*તેરે સાનેઅસે કોઈ પૂછે તેરા હુસ્નો જમાલ–ખૂદ બનાયા ઔર બનાકર ખૂદ હી પ્યારા હો ગયા*
*ક્યૂં ન હો તુમ માલિકે મુલ્કે ખુદા મિલ્કે ખુદા–સબ તુમ્હારા હૈ ખુદા હી જબ તુમ્હારા હો ગયા*

*(ઝૌક઼ે નઅત)*

**આઈ બિદઅત છાઈ ઝુલ્મત રંગ બદલા નૂર કા**
**માહે સુન્નત મહરે તલ્અત લે લે બદલા નૂર કા**

*(ઝુલ્મત = અંધારું, માહ = ચાંદ, મહર = સૂરજ. તલ્અત = તુલૂઅથી હોય તો નીકળવું, બીજો અર્થ છે ચહેરો.)*

**અર્થાત :** હે મારા નૂરવાળા આક઼ા ! કુફ્ર, બિદઅત તથા બદઅક઼ીદગીનો અંધકાર વધતો જ જઈ રહ્યો છે અને આપની દીનની નૂરાનીયતનો રંગ બદલાતો જઈ રહ્યો છે (મુસ્લિમ ઉમ્મત પડતીનો શિકાર થયેલી છે. મુસ્લિમ હાકિમો કાફિરોના ચમચા અને એજન્ટ બની ગયા છે. ઈસ્લામી નિશાનીઓનો મઝાક ઉડાવીને તેની અહમિયત ખત્મ કરવામાં આવી રહી છે, જેહાદને આતંકવાદનું નામ આપવામાં આવી રહ્યું છે.

*ફર્યાદ હૈ અય કશ્તીએ મિલ્લત કે નિગેહબાન–બેળા યહ તબાહી કે ક઼રીબ આન લગા હય*

**અર્થાત :** હે સુન્નત વ તરીક઼એ ઈબ્રાહીમ علیہ السلامના ચમકતા ચાંદ ! અને રોશન ચહેરાવાળા સિરાજમ્મુનીર આક઼ા ! આ અંધારાંઓને મિટાવીને દીને ઈસ્લામની હિમાયત કરતાં કુફ્ર તથા બેદીનીથી બદલો લઈ લો.

**તેરે હી માથે રહા અય જાન સહરા નૂર કા**
**રુખ હૈ ક઼િબ્લા નૂર કા અબ્રૂ હૈ કા'બા નૂર કા**

*(રુખ = ચહેરો, અબ્રૂ = ભવાં)*

**અર્થાત :** હે જાને કાઈનાત ! નબીયે શશ જેહાત ! صلی اللہ علیہ وسلم ફતહ તથા નુસ્રતના નૂરનો સેહરો આપના જ માથે છે. આપની જાહેરી હયાત પછી પણ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ દરેક મેદાનમાં કામયાબીના ઝંડા આપના મૂએ મુબારકની બરકતથી ખોસ્યા અને આપના દુનિયામાં આવતાં પહેલાં પણ કામયાબીઓ તથા વિજયો આપના જ વસીલાથી થતી હતી. وکانوا من قبل یستفتحون علی الذین کفروا તે લોકો (યહૂદીઓ તથા ઈસાઈઓ) આપના વસીલાથી કાફિરો પર જીત તથા મદદ માગતા.

*હર દૌરમેં ચલતા હૈ પયમાના મુહમ્મદ કા–આબાદ ખુદા રખે મૈખાના મુહમ્મદ કા (صلی اللہ علیہ وسلم)*

નૂરનું નસીબ પણ આપની બરકતથી જાગી ઉઠયું તો નૂરાની તારો પણ આપની જ બરકતથી આજ સુધી ચમકી રહ્યો છે. જે જે રંગમાં પણ રોશની આપી રહ્યો છે એ સર્વ આપનો જ ફયઝ છે.

**મૈં ગદા તૂ બાદશાહ ભર દે પિયાલા નૂર કા**
**નૂર દિન દૂના તેરા દે ડાલ સદક઼ા નૂર કા**

*(ગદા = ભિખારી, દૂના = બમણો)*

**અર્થાત :** હે મારા ગરીબનવાઝ આક઼ા ! صلی اللہ علیہ وسلم મારો જેવો ફકીર કોઈ નથી આપના જેવો સખી બાદશાહ કોઈ નથી. ભીખનો પ્યાલો લઈને હાજર થયો છું આ દિલના દામનના પાત્રને નૂરની ખૈરાતથી ભરી દો. અલ્લાહ આપના નૂરાની ફયઝમાં દીન દુની રાત ચોગુની તરક્કી અતા કરે, આપના આ ભિખારીને નૂરની ખૈરાત અતા કરી આપો.

*ક઼ૈસરો કિસ્રા વ ખાક઼ાન રસૂલે અરબી–તેરે દરબાનોંકે દરબાન રસૂલે અરબી*
*રાત સજદેમેં ગુઝારી હૈ તો દિન ગઝવે મેં–અલ્લાહ ! અલ્લાહ ! તેરી શાન રસૂલે અરબી (صلی اللہ علیہ وسلم)*
*(કૌષર નિયાઝી)*

**તેરે હી જાનિબ હૈ પાંચોં વક્ત સજદા નૂર કા**
**રુખ હૈ ક઼િબ્લા નૂર કા અબરૂ હૈ કા'બા નૂર કા**

**અર્થાત :** આખી દુનિયા તો કા'બાની તરફ મોં કરીને સજદો કરે છે, પણ હે મારા નૂરવાળા આક઼ા ! નૂરનો સજદો પાંચેવ સમયે આપના જ તરફ છે, કેમ કે આપનો ચેહરાએ અન્વર જો નૂરનો ક઼િબ્લો (મર્કઝે તવજ્જુહ) છે તો આપના ભવાં મુબારક નૂરનો કા'બા છે. ડો. ઈકબાલે શું સરસ કહ્યું છે ! :

*દશ્તમેં, દામને કોહ સારમેં, મૈદાનમેં હૈ–બહરમેં, મૌજકી આગોશમેં, તુફાનમેં હૈ*

*ચમનકે શહર, મરાકશકે બયાબાનમેં હૈ–ઔર પોશીદા મુસલમાન કે ઈમાનમેં હૈ*
*ચશ્મે અક્વામ યહ નઝારા અબદ તક દેખે–રિફઅતે શાન رَفَعۡنَا لَكَ ذِكۡرَكَ દેખે*
*–(બાંગે દરા)*

**પુશ્ત પર ઢલકા સરે અન્વર સે શિમ્લા નૂર કા**
**દેખેં મૂસા તૂર સે ઉતરા સહીફા નૂર કા**

*(પુશ્ત = પીઠ. ઢલકા = સરક્યો. શિમ્લા = અમામાનો છેડો. સહીફા = કિતાબ)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ આપના માથા મુબારકથી અમામા શરીફનો નૂરાની શિમ્લો જે પીઠ મુબારક પર લટકી રહ્યો છે, જો મૂસા علیہ السلام જોઈ લે તો જરૂર કહે કે એવું લાગે છે કે જાણે આસ્માનેથી નૂરનો સહીફો લટકી રહ્યો છે. (કેમ કે મૂસા علیہ السلام એ તૂર પર નૂરના જલ્વા જોયેલા છે એટલા માટે એ તો પહેલી નજરથી જ ઓળખી લેશે.) શયખ સઅદી પોતાના આક઼ાની અઝમતને આ પ્રમાણે મહોબ્બતના સલામ પેશ કરે છે :

(ફારસીનો અર્થ) :

عرش است کمیں پایہ زایوانِ محمد — جبریل امیں خادمِ دربانِ محمد
آں ذاتِ خدا و ندکہ مخفی ست بعالم — پیدا و عیاں است بچشمانِ محمد
یک جاں چہ کند سعدیٔ مسکیں کہ دو صد جان — سازیم فدائے سگِ دربانِ محمد

*(સલ્લલ્લાહુ તઆલા ﷺ અલૈહિ વસલ્લમ)*

**અર્થાત :** (૧) અર્શે આ'ઝમ નબીએ કરીમ ના દરબારથી નીચુ છે. જિબ્રઈલે અમીન આપના દરબારના ખાદિમ છે. (૨) અલ્લાહ તઆલાની જાત દુનિયાવાળાઓથી છુપાયેલી છે, પરંતુ આપ ﷺની આંખોની સમક્ષ જાહેર છે. (૩) ગરીબ સઅ્દી એક જાન તો શું સેંકડો જાનો આપના દરબારના કૂતરાઓ પર કુર્બાન કરે છે.

**તાજવાલે દેખકર તેરા અમામા નૂર કા**
**સર ઝુકાતે હૈં ઈલાહી બોલબાલા નૂર કા**

**અર્થાત :** આપણા આક઼ા તથા મૌલા ﷺની અઝમત તથા શાનનો આલમ એ છે કે દુનિયાના મોટા મોટા તખ્તો તાજવાળા (સમયના શહનશાહો) જ્યારે હુઝૂર ﷺના સરે અન્વર તથા અક઼દસ પર નૂરાની દસ્તાર શરીફ જુએ છે તો આશ્ચર્યમાં ડૂબીને અનાયાસે તેમનાં માથાં ઝુકી જાય છે અને હોઠો પર આ દુઆ વહેતી થઈ જાય છે. હે અલ્લાહ ! મુસ્તફા ﷺની નૂરાનિયતમાં અધિક બરકત ફર્માવ અને નૂરવાળા આક઼ાની અઝમતમાં અધિક બોલબાલા ફર્માવ.

**બીનીએ પુરનૂર પર રખ્શાં હૈ બુક્કા નૂર કા**
**હૈ લિવાઉલ હ઼મ્દ પર ઉળતા ફરેરા નૂર કા**

*(બીની = નાક, રખ્શાં = ચમકવાળા. બુક્કા = શોલો, પુંજ.*
*લિવાઉલ હમ્દ = તારીફનો ઝંડો, જે કયામતના રોજ હુઝૂર ﷺની પાસે હશે. ફરેરા = ઝંડાનું કપડુ)*

**અર્થાત :** આપ ﷺની પુરનૂર નાક મુબારક પર દરેક સમયે એ પ્રમાણે નૂર ચમકતુ રહે છે કે એવું લાગે છે કે જાણે લિવાઉલ હમ્દનો છેડો લહેરાય રહ્યો છે.

*ઝાહિરમેં ક઼દમ ખાકપે ધરતા થા બબાતિન–અફ઼લાક઼ તો ક્યા અર્શ ભી ઝેરે કફ઼ે પા થા*
*હાઝિર હુએ જિબ્રઈલે અમીં ભી તો અદબસે–નાઝિલ હુવા કુઆં ભી તો બે સૌત સદાકે*

**મુસ્હફ઼ે આરિઝપે હૈ ખતે શફ઼ીઅહ નૂર કા**
**લો સિયહકારો મુબારક હો ક઼બાલા નૂર કા**

*(મુસ્હફ઼ = કુર્આન. આરિઝ = રુખસાર, અગ્ર ભાગ. ખત = રેખા (દાઢી મુબારકની ખત). શફ઼ીઆ = સિફ઼ારશી)*

**અર્થાત :** ચેહરએ અન્વરના રુખ્સાર મુબારક (ગાલો) પર દાઢી મુબારકનો ખત્તે અન્વર ગુનેહગારોને શફ઼ાઅતની ખુશ ખબરી સંભળાવી રહેલ છે કે હે ગુનેહગારો ! તમને શફ઼ાઅતનું ઈજાઝતનામુ મુબારક થાય. દાઢી મુબારકના ખત (રેખા)ને લખાણના ખતની સાથે કેટલા પ્યારા અંદાઝમાં મિલાવવામાં આવેલ છે.

રિવાયતમાં આવે છે કે એક યહૂદીએ હુઝૂર ﷺની દાઢી મુબારકનો એક બાલ લઈને એના વસીલાથી અલ્લાહની બારગાહમાં હુસ્નો જમાલના માટે દુઆ કરી તો તેની તદન સફ઼ેદ દાઢી એ જ સમયે કાળી ભમ્મર થઈ ગઈ. *(કન્ઝુલ ઉમ્માલ)*

*સૂરજને ઝિયા ઈસ ચશ્મસે લી–ઈસ નુતિકસે ગુન્ચે ફૂલ બને*
*ઉઠા તો સિતારે ફ઼ર્શ પે થે–બૈઠા તો ઝમીંકો અર્શ કિયા*

**આબે ઝર બનતા હય આરિઝ પર પસીના નૂર કા**
**મુસ્હફ઼ે એ'જાઝ પર ચળ્હતા હય સોના નૂર કા**

*(આબેઝર = સોનાનુ પાણી. આરિઝ = ચહેરો)*

**અર્થાત :** ચહેરા મુબારક પર પરસેવાનાં સુગંધીદાર ટીપાંઓ એવાં ચમકે છે કે જાણે સોનાનું પાણી ચમકે છે અને એવું મેહસૂસ થાય છે કે જાણે મોજિઝા રૂપી ચહેરા પર પ્યોર સોનુ ચઢાવી દેવામાં આવ્યું છે.

*ગુલિસ્તાનોંકો ભી જો મયસ્સર નહીં–ઐસી ખુશ્બુએં ઉનકે પસીનેમેં હૈં*
*જલ્વએ મુસ્તફ઼ા હો અગર સામને–લઝ્ઝતેં કિસ ક઼દર અશ્ક઼ પીનેમેં હૈ*

અને કોઈએ શું સરસ કહ્યું છે :–

*અરસા હુવા તયબહકી ગલિયોંસે વો ગુઝરે થે–ઈસ વક઼્ત ભી ગલિયોંમેં ખુશ્બુ હૈ પસીને કી*

★ ★ ★

*કસ્તૂરીઓ ગુલાબમેં યહ નકહતેં કહાં–આક઼ા ! યહ સારી તેરે પસીને કી બાત હૈ*

**પેચ કરતા હય ફ઼િદા હોનેકા લુમ્આ નૂર કા**
**ગિર્દે સર ફિરનેકો બનતા હય અમામા નૂર કા**

*(પેચ = વર્તુળ, લપેટ. લુમ્આ = રોશની, ગિર્દે સર = માથાની આસપાસ)*

**અર્થાત :** નૂરનો પુંજ કુર્બાન થવા માટે માથા મુબારકની આસપાસ એવી રીતે ઘુમી રહ્યો છે જાણે દસ્તારને માથાની આસપાસ ઘુમાવીને બાંધવામાં આવે છે.

**હયબતે આરિઝસે થર્રાતા હૈ શો'લા નૂર કા**
**કફશે પા પર ગિર કે બન જાતા હૈ ગુચ્છા નૂર કા**

*(થર્રાતા = ધ્રુજે છે, કફશે પા = પગરખા)*

**અર્થાત :** ચેહરા મુબારકના નૂરાની તથા ચમકદાર મુબારક ગાલોના પ્રભાવ તથા રુઆબથી નૂરનો પુંજ કાંપતો કાંપતો નાલૈન પાક પર પડીને બોસો લે છે તો નૂરાની ફૂલોનો ગુલદસ્તો બની જાય છે.

*સરમાયાએ જાં હૈં શહે અબરારકી બાતેં–કિસ દરજા સુકૂં દેતી હૈં સરકારકી બાતેં*
*જી ચાહે કે હરઆન સુનૂં ઝિક્રે પયંબર–હોતી રહેં કૌનૈનકે સરદારકી બાતેં*

**શમ્અ દિલ મિશ્કાત તન સીના ઝજાજહ્ નૂર કા**
**તેરી સૂરત કે લિયે આયા હૈ સૂરહ નૂર કા**

*(શમ્અ = મીણબત્તી. મિશ્કાત = ફાનસ, તન = શરીર, ઝજાજહ, = કાચની ચીમની, સૂરહ = કુર્આની સૂરત)*

**અર્થાત :** સૂરએ નૂરની આયત મુબારક :

اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَ الْاَرْضِ ؕ مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ ؕ اَلْمِصْبَاحُ فِيْ زُجَاجَةٍ ؕ اَلزُّجَاجَةُ ۔۔الی آخرہ ની ઈમાન અફરોઝ તશરીહ તથા તફસીર જે અનેક તફસીરોનો નીચોડ છે જે આ'લા હઝરતે આ શેઅરમાં સમાવી દીધી છે. જુઓ ! *(સૂરએ નૂર, ૨૪/૩૫)*

શમ્અ (એટલે વર્ણવેલ આયતમાં શબ્દ નૂરથી મુરાદ હુઝૂર ﷺનું દિલ છે. અલ્લાહ તઆલાને નૂર મુનવ્વરના અર્થમાં કહેવામાં આવે છે.) અને મિશ્કાતથી મુરાદ સરકારનું જિસ્મે મોઅત્તર છે, અને સીના અક્દસ ઝજાજા (સીનાની નૂરાની ચિમની) છે. એવું લાગે છે કે સરકારનો સરાપા (હુલીયો) વર્ણન કરવાના માટે જ અલ્લાહ તઆલાએ સૂરએ નૂર નાઝિલ કરી છે. સુબ્હાનલ્લાહ ! આ છે આ'લા હઝરતની શાઈરી ! આવો શાઈર યોગ્ય રીતે ખરેખર એ ઈનામનો હક્દાર છે કે એના બારામાં કહેવામાં આવે છે :

*મુહમ્મદ પે દિલકો ફિદા કર રહા હૂં–મૈં યૂં દર્દે દિલકી દવા કર રહા હૂં*
*મલક બોસે લેતે હૈં મેરી ઝબાન કે–કે મૈં મિદહતે મુસ્તફા કર રહા હૂં*
*મુહમ્મદ કા તૌક઼ે ગુલામી દિખાકર–મૈં દૂર અપની હર ઈક બલા કર રહા હૂં*
*(સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)*

**મેલસે કિસ દરજા સુથરા હય વો પુતલા નૂર કા**
**હય ગલે મેં આજ તક કોરા હી કુર્તા નૂર કા**

*(મેલ = મેલ, કચરો. પુતલા = પૂતળુ. કોરા = નવુ)*

**અર્થાત :** (સહાબીએ રસૂલ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہની પાસે એક દસ્તરખાન હતું જેની સાથે

એકવાર ખાવા ખાધા પછી હુઝૂર ﷺએ પોતાના મુબારક હાથો લુછયા હતા. ત્યાર બાદ જયારે તે દસ્તરખાન મેલુ થઈ જતુ તો હઝરત અનસ رضی اللہ عنہ તેને ધોવાને બદલે સળગતી આગમાં રાખી દેતા હતા અને સાથે જ ફર્માવતા કે આ કપડા વડે મારા આક઼ાએ પોતાના હાથ મુબારક અને મોં લુછયું છે, એને આગ નથી સળગાવી શકતી જેથી તે દરખાસ્ત મેલથી સાફ થઈને આગથી નીકળે છે. જયારે આપ ﷺના શરીર મુબારક સાથે સ્પર્શનાર કપડુ મેલથી આ રીતે રહેતુ હતું તો ખુદ જિસ્મે અતહરની સફાઈનો આલમ શો હશે.

આ'લા હઝરતના શેઅરનો ભાવાર્થ એ છે કે હે મારા પ્યારા આક઼ા ! ﷺ આપનું શરીર મુબારક મેલ કુચેલથી કેટલુ સાફ સુથરુ છે જયારે કે શરીર પર હમેશાં આપે સાદી કમીઝ જ ઉપયોગમાં લીધી છે.

''આજ તક''થી મુરાદ એ પણ થઈ શકે છે કે હદીષ શરીફના પ્રમાણે الانبیاء احیاء فی قبورھم یصلون આપ ﷺએ ફર્માવ્યું કે અંબિયાએ કિરામ પોતાની ક઼બરોમાં જીવંત હોય છે અને નમાઝો પઢે છે.

*(મુસ્નદે અબી યઅલા, ૬/૧૪૭)*

અને ان اللہ تعالیٰ حرم علی الارض ان تاکل اجساد الانبیاء فنبی اللہ حیٌّ یرزق હયાતુન્નબી ﷺના અક઼ીદાને સાબિત કરતાં ફર્માવવામાં આવ્યું કે આજે સદીઓ ગુજરી ગયા બાદ પણ માટી આપ ﷺના લિબાસને પણ નથી સ્પર્શી શકતી. આપનો લિબાસ મુબારક (કફન મુબારક) આજે પણ એ રીતે નવુ તથા મેલથી સાફ છે જેવી રીતે દફન સમયે સાફ સુથરુ હતું.

*મિદહતે શાહે દોસરા મુઝસે બયાં હો કિસ તરહ—તંગ મેરે તસવ્વુરાત પસ્ત મેરે તખૈયુલાત*

**તેરે આગે ખાક પર ઝુકતા હૈ માથા નૂર કા**
**નૂરને પાયા તેરે સજદે કો સીમા નૂર કા**

*(સીમા = ચાંદી)*

**અર્થાત** : હે મારા નૂરવાળા ! નૂરની પેશાની પણ સજદાના માટે આપની સામે ઝુકી રહી છે અને નૂરને આ રોશની તથા ચમક પણ આપને સજદો કરવાના કારણે નસીબ થઈ છે. એટલે કે આપ સજદો કરો છો તો કાઈનાતને નેઅમતો મળે છે.

**તૂ હૈ સાયા નૂર કા હર ઉઝ્વ ટુકળા નૂર કા**
**સાયા કા સાયા ન હોતા હૈ ન સાયા નૂર કા**

**અર્થાત** : હે મારા આક઼ા ! આપ તો નૂરે ખુદાના અક્સ (પ્રતિબિંબ) સાયો તથા ફયઝ છો જેથી આપના નૂરાની શરીરનુ એક એક અંગ નૂરનો ટુકડો છે. એટલા માટે આપનો સાયો ન હતો, કેમ કે નૂરનો સાયો ક્યાં હોય છે ?!

*બતલાએ કોઈ નબીકા દેખા સાયા—સાયે કા ભી હોતા હૈ કિસી જા સાયા*
*જબ સાયા નૂરે અજલી વો ઠહરા—પળતા ક્યૂં કર ઝમીં પર ઉસકા સાયા*

*(જમીલે ક઼ાદરી રઝવી)*

**ક્યા બના નામે ખુદા અસ્રાકા દુલ્હા નૂર કા**
**સરપે ચેહરા નૂર કા બરમેં શહાના નૂર કા**

*(અસ્રા = મેઅરાજ શરીફ. બર = પહલુ, મુરાદ આખુ શરીર. શહાના = શાહી લિબાસ)*

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! મેઅરાજની રાતે અલ્લાહના પ્યારા મહબૂબ અને શબે અસ્રાના દુલ્હાની શાનો શૌક઼ત, રુઆબ તથા દબદબો અને હુસ્નો જમાલ જોવા જેવો હતો ! સરે અન્વર પર નૂરનો સેહરો સજેલો હતો અને શાહાના લિબાસ પહેરેલો હતો. અને જેને ઝિયારત નસીબ થઈ તેણે ઝુમીને કહ્યું :

*અપને હોટોંપે તેરા ઝિક્ર સજા રખા હૈ–તુમને ગુલશન મેરે સહરાકો બના રખા હૈ*
*વજૂદ કરતા હી રહૂં મેં નામે મુહમ્મદ લેકર–ઈશ્ક઼ે સરકારને દીવાના બના રખા હૈ*

**બઝ્મે વહદતમેં મઝા હોગા દોબાલા નૂર કા**
**મિલને શમ્એ તૂરસે જાતા હૈ ઈક્કા નૂર કા**

*(બઝ્મે વહદત = એકાંતની મેહફિલ અથવા મુલાકાત. દો બાલા = બમણુ. ઈક્કા =(ચિરાગ)*

**અર્થાત :** એકાંતની મેહફિલ વહ્દહૂ લાશરીકથી મુલાકાતના સમયે તો લુત્ફ ઔર બમણો થઈ ગયો જ્યારે કોહે તૂર પર જલ્વા ફર્માઈ કરવાવાળી (શમ્એ નૂર)થી સરાપાએ નૂર (ઈક્કએ નૂર) મળવા માટે હાજર થયો.

**વસ્ફે રુખમેં ગાતી હૈં હૂરેં તરાના નૂર કા**
**કુદરતી બીનોંમેં ક્યા બજતા હૈ લહરા નૂર કા**

*(વસ્ફે રુખ = ચેહરાની તારીફ. બીન = વાંસળી. લહરા = ગીત, સૂર)*

**અર્થાત :** સરકાર ﷺના ચહેરા મુબારકની પ્રશંસામાં જન્નતની હૂરો નૂરનું ગીત ગાય રહી છે અને કુદરતી બીનો (નૂરનાં માથાંઓથી) કેટલી સરસ નૂરાની નગ્માની લહેરો ઉઠી રહી હતી જેનાથી હુઝૂર ﷺના ઝિક્રના કાંઈક આ પ્રકારની અવાજો આવી રહ્યા હતા :

ذکر تو سرمایۂ ذوق و سرور — قوم را دارد بہ فقر اندر غیور
اے مقام و منزل ہر رہرو — جذب تو اندر دل ہر رہرو

**(અર્થા) :** (૧) આપનું ઝિક્ર ઝોક઼ તથા સુરૂરનો સરમાયો છે, જે આપની ઉમ્મતને ફકીરીમાં પણ ગૈરતમંદ રાખે છે. (૨) એ તે જાત જે દરેક મુસાફિરની મંઝિલ પણ છે અને પડાવ પણ છે, દરેક મુસાફિરના દિલમાં આપનું જ આકર્ષણ છે.

**યહ કિતાબ 'કુન'મેં આયા તર્ફા આયહ નૂર કા**
**ગૈર ક઼ાઈલ કુછ ન સમઝા કોઈ મઅના નૂર કા**

**અર્થાત :** 'કુન'ની કિતાબ (કુર્આન મજીદ)માં અલ્લાહ તઆલાએ નૂરની આયતે કરીમા કાંઈક એવા અનોખા અંદાઝથી નાઝિલ ફર્માવી છે કે એમાં બયાન કરેલા નૂરવાળા મહબૂબની અસલ હક઼ીક઼તને અલ્લાહના સિવાય (ગૈર કાઈલ અથવા તે જે નૂરે મુસ્તફાનો ક઼ાઈલ–માનનાર નથી પોતાના ઈન્કારના કારણે) સંપૂર્ણપણે

જેવો કે હક્ક઼ છે સમજવાનો દાવો નથી કરી શકતો. આપ ﷺએ ફર્માવ્યું : یا ابابکر لم یعر فنی حقیقه غیر ربی "હે અબૂ બક્ર ! મારી હક઼ીક઼તને મારા પરવરદિગાર સિવાય કોઈ નથી પહેચાનતો." આયતે નૂરથી સૂરએ માઈદાની આયત નં. ૧૫નું નીચે વર્ણવેલ વાક્ય મુરાદ છે : قد جاء کم من الله نور و کتب مبین.

*ઉન્કે દામનકી બાત કી જાએ—કોઈ શકલ નજાત કી કી જાએ*
*મુંહમેં જબ તક ઝબાં બાકી હૈ—આપ હી કી સિફ઼ાત કી જાએ*

**દેખનેવાલોને કુછ દેખા ન ભાલા નૂર કા**
**مَن رَأى કૈસા ? યહ આઈના દિખાયા નૂર કા**

*(مَن رَأى= "જેણે મને જોયો" હદીષ શરીફ઼નો ટુકડો છે)*

**અર્થાત :** જોનારાઓને (સામાન્ય લોકોને) તો હુઝૂર ﷺ એક ઈન્સાન જ નજર આવ્યા, કેમ કે આપ બશરી લિબાસ (માનવ સ્વરૂપ)માં જલ્વાગર થયા હતા, એટલા એમણે કોઈ જાંચ પડતાલ ન કરી, પરંતું આપ ﷺએ من رانی فقد رای الحق "જેણે મને જોયો તેણે હક્ક઼ જોયો"નો આઈનો બતાવીને પોતાના નૂરનો સિક્કો ફ઼ર્શ તથા અર્શ પર બેસાડી દીધો.

**સુબ્હ કર દી કુફ઼્રકી સચ્ચા થા મુઝ્દા નૂર કા**
**શામ હી સે થા શબે તીરાકો ધળકા નૂર કા**

*(મુઝ્દા = ખુશખબર. શબે તીરા = અંધારી રાત. ધળકા = ડર, ખતરો)*

**અર્થાત :** નૂરે ખુદા મુહમ્મદ ﷺની ખુશખબરી :

(الاسلام یعلو ولا یعلیٰ علیه. لیظهره علی الدین کله. والله متم نوره ولو کره المشرکون) સાચી સાબિત થઈ અને કુફ઼્રનો અંધકાર સવારના ઉજાસમાં ફેરવાય ગયો. સાંજ ઢળતાં જ કુફ઼્રની અંધારી રાતને એ ધ્રાસ્કો પડયો કે નૂરનો પ્રભાવ છવાનારો છે. કેમ કે :

*અંધેરા મિટતા જાતા હૈ ઉજાલા હોતા જાતા હૈ—મુહમ્મદ મુસ્તફ઼ા ﷺકા બોલબાલા હોતા જાતા હૈ*

**પળતી હૈ નૂરી ભરન ઉમડા હૈ દરિયા નૂર કા**
**સર ઝુકા અય કિશ્તે કુફ઼્ર આતા હૈ અહલા નૂર કા**

**અર્થાત :** રહમતુલ્ લિલ્આલમીન ﷺની રહમત મૂશળાધાર વરસી રહી છે અને આપના નૂરનો દરિયો વહી રહ્યો. હે કુફ઼્રની નાપાક કાંટાળી ઝાડીઓવાળી ખેતી ! માથે ઝુકાવી દે ! મારા આક઼ા ﷺના નૂરની રેલ આવી રહી છે જે તને કચરા પૂજાની જેમ વહાવીને લઈ જશે.

*મુઝે ખૌફ઼ ક્યા હૈ જહાંકા વો હઝાર ઝુલ્મો જફ઼ા કરે—તેરી યાદ હૈ મેરી ઝિંદગી તેરી યાદ રબ ન જુદા કરે*

**નારિયોંકા દૌર થા દિલ જલ રહા થા નૂર કા**
**તુમકો દેખા હો ગયા ઠંડા કલેજા નૂર કા**

*(નારી = નૂરીનો વિરોધાભાસી, આગવાળો, દોઝખી)*

**અર્થાત :** નૂરે હક્ક઼ તથા દીને ઈસ્લામ (એલાને નબુવ્વતના સમયે) કુફ્ર તથા કાફિરોનો પ્રભાવ જોઈને પરેશાન થઈ રહ્યો હતો. આપ ﷺએ પોતાના નૂરનાં કિરણો વિખેર્યાં તો કુફ્રનું જોર તૂટી ગયું અને નૂરનું જિગર ઠંડુ થઈ ગયું, અને હવે ક઼યામત સુધી નૂરનો પ્રભાવ રહેશે, ઈન્શાઅલ્લાહ !

*નૂરે ખુદા હૈ કુફ્રકી હરકતપે ખંદાઝન–ફૂકોંસે યહ ચિરાગ બુઝાયા ન જાએગા*

**નસ્ખે અદયાન કરકે ખૂદ કબ્ઝા બિઠાયા નૂર કા**
**તાજૂરને કર લિયા કચ્ચા ઈલાક઼ા નૂર કા**

*(નસ્ખે અદયાન = સર્વ દીનોને રદ કરીને. તાજૂર = બાદશાહ)*

**અર્થાત :** સર્વ દીનોને મન્સૂખ કરી દેવામાં આવ્યા અને નૂર (દીને હક્ક઼)નો કબજો પૂરી દુનિયા પર જમાવી દેવામાં આવ્યો અને આક઼ાએ દોજહાં, શહનશાહે કાઈનાત ﷺએ ઈસ્લામની નૂરાની હુકૂમતને પાકી તથા મજબૂત કરી આપી.

**જો ગદા દેખો લિયે જાતા હૈ તોળા નૂર કા**
**નૂર કી સરકાર હૈ ક્યા ઉસમેં તોળા નૂર કા**

*(ગદા = ભીખારી. તોળા = થેલો. તોળા–૨ = કમી, અછત)*

**અર્થાત :** જે ભીખારી નૂરવાળા આક઼ા ﷺની બારગાહમાં હાજર થઈ ગયો તે નૂરની ખૈરાતથી થોડો ગણો નહીં બલ્કે ગુણો ભરી ભરીને લઈ ગયો. (અને જો કોઈ આશ્ચર્ય પામે કે આટલુ નૂર ક્યાંથી આવી ગયું ?! તો તેને જાણ હોવી જોઈએ કે) એ નૂરવાળા આક઼ા ﷺની નૂરાની બારગાહ છે, અહીં નૂરની કોઈ કમી નથી.

**ભીક લે સરકારસે લા જલ્દ કાસા નૂર કા**
**માહે નવ તયબહમેં બટતા હૈ મહીના નૂર કા**

*(કાસા = ભીખનું પાત્ર, માહે નવ = નવો ચાંદ)*

**અર્થાત :** હે નવા ચાંદ ! ભીખનું પાત્ર લંબાવ અને જલ્દી સરકાર ﷺની બારગાહમાં હાજર થઈને નૂરની ખૈરાત લઈ લે કેમ કે મદીના શરીફમાં નૂરના મહીનાની વહેંચણી થઈ રહી છે (દરેક મહીનાની આટલી રાતો અધિક નૂરવાળી થશે અને એ રાતોને આટલુ નૂર આપવામાં આવશે.)

**દેખ ઉનકે હોતે નાઝૈબા હૈ દાવા નૂર કા**
**મહર લિખ દે યાં કે ઝર્રોં કો મચલકા નૂર કા**

*(નાઝૈબા = અયોગ્ય. મહર = સૂરજ. મચલકા = ઈકરારનામુ)*

**અર્થાત :** આપ ﷺની મૌજૂદગીમાં ખબરદાર ! કોઈ નૂર હોવાનો દાવો કરે ?! અને હે સૂરજ ! તું પણ તારી ડ્યૂટી પૂરી કર અને ખાકે તયબહના ઝર્રાઓને નૂરનું ઈકરારનામુ લખી દે.

**યાં ભી દાગે સજદએ તયબહ હૈ તમગા નૂર કા**
**અય ક઼મર કયા તેરે હી માથે હૈ ટીકા નૂર કા**

*(દાગ = નિશાન. તમગા = ઈજ્જતનું નિશાન જે ઈનામરૂપે મળે છે જેમ કે નિશાને હૈદર. ક઼મર = ચાંદ ટીકા = પેશાનીનું નૂર)*

**અર્થાત :** હે ચાંદ ! તારી પેશાની પર જે દાગ છે એની શું હેસિયત ?! એ દાગની સામે સજદો કરતાં કરતાં મદીનાની ઝિયારત કરનારાઓની પેશાની પર નૂરાની મેહરાબ બને છે. سِيۡمَاهُمۡ فِىۡ وُجُوۡهِهِمۡ مِّنۡ اَثَرِ السُّجُوۡدِ "એમની નિશાની એમના ચહેરાઓમાં છે સિજદાઓના નિશાનથી." *(સૂ. ફતહ, ૪૮/૨૯)*

આ નૂરાની ઈનામ અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺના ગુલામોને અતા કર્યું.

**શમ્અસાં એક એક પરવાના હૈ ઈસ બા નૂર કા**
**નૂરે હક઼ સે લવ લગાએ દિલમેં રિશ્તા નૂર કા**

*(સાં = ની જેમ. બા નૂર = નૂરવાળા. લવ = સંબંધ)*

**અર્થાત :** તમામ અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَام ના દીનોની શમ્અઓ હુઝૂર ﷺના દીને ઈસ્લામની શમ્અની પરવાના સાબિત થઈ (જેવી રીતે પરવાના શમ્અ પર કુર્બાન થઈ જાય છે એ જ પ્રમાણે દીને ઈસ્લામ પર તમામ દીનો કુર્બાન થઈને મન્સૂખ થઈ ગયા) અને હુઝૂર ﷺનું નૂર, નૂરે ખુદાથી લવ લગાડેલ છે અને દિલી સંબંધ પેદા કરેલ છે.

**અંજુમનવાલે હૈં અંજુમ બઝમે હલકા નૂર કા**
**ચાંદ પર તારોંકે ઝુરમરસે હૈ હાલા નૂર કા**

*(અંજુમન = મેહફિલ. અંજુમ = તારાઓ. બઝ્મ = મેહફિલ, હલકા = વર્તુળ. ઝુરમુર = ભીડ. હાલા = વરસાદની ઋતુમાં ચાંદની આસપાસ બનતુ રંગબેરંગી વર્તુળ)*

આપ ﷺની મેહફિલનો રંગ કેવો નિરાળો રહેતો હતો કે :

*યૂં નઝર આતે થે અપને દોસ્તોંમેં મુસ્તફા—જિસ તરહ હૈ આસ્માં પે ચાંદ તારોં મેં ઘિરા*

આપના સહાબાએ કિરામ આપ ﷺની આસપાસ એવું વર્તુળ બનાવીને બેસતા કે જેવી રીતે ચાંદની આસપાસ મેઘધનુષનું વર્તુળ ચાંદને ઘેરેલ હોય છે.

હુઝૂર ﷺએ પોતાના સહાબાએ કિરામને હિદાયતના તારાઓ ઠરાવેલ છે. اصحابی کالنجوم فبایهم اقتدیتم اهتدیتم "મારા સહાબીઓ તારાઓની જેમ છે જેની પણ પયરવી કરશો હિદાયત પામશો."

*જિસ વક઼્ત મેહફિલમેં થે ઉન્કી બૂ બક્રો ઉમર વ ઉષ્માનો અલી*
*ઉસ વક઼્ત રસૂલે અકરમ કે દરબાર કા આલમ ક્યા હોગા*

**તેરી નસ્લે પાક મેં હૈ બચ્ચા બચ્ચા નૂર કા**
**તૂ હૈ અયને નૂર તેરા સબ ઘરના નૂર કા**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! યા નૂરલ્લાહ ! ﷺ આપની તથા આપના ખાનદાનની કોણ અઝમત વર્ણન કરી શકે છે. આપ ખુદ નૂરૂન અલા નૂર છે. આપની નસ્લે પાકનો દરેકે દરેક બાળક નૂર છે બલ્કે આપનું સર્વ ઘરાનુ જ નૂર છે.

**નૂર કી સરકાર સે પાયા દો શાલા નૂર કા**
**હો મુબારક તુમકો ઝૂન્નૂરૈન જોળા નૂર કા**

*(ઝૂન્નુરૈન = બે નૂરવાળા એટલે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ)*

**અર્થાત :** હે બે નૂરોવાળા પ્યારા ઉષ્માન ગની ! رضی اللہ عنہ આપને ખૂબ ખૂબ મુબારક થાય કે આપે નૂરવાળા આક઼ા ﷺની બારગાહથી નૂરની બે ચાદરો (આપ ﷺની બે સાહબઝાદીઓને પોતાના નિકાહમાં) લેવાનો શરફ હાંસલ કર્યો.

હઝરત રુકૈયા તથા કુલ્ષૂમ رضی اللہ عنہا હુઝૂર ﷺની બે સાહબઝાદીઓ વારાફરતી હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના નિકાહમાં આવી અને સૌથી પ્રથમ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ આ શબ્દોની સાથે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને મુબારકબાદ આપી : نلت من صهر مالم ينالا આપ ﷺથી ઉષ્માન ગનીને એ રુત્બો મળ્યો જે અન્ય જમાઈ હાંસલ ન કરી શકયા કે આદમ علیہ السلامથી લઈને હુઝૂર ﷺ સુધી કોઈ નબીની બે પુત્રીઓ આપના સિવાય કોઈના નિકાહમાં ન આવી. અને આપના નિકાહમાં કેવળ નબીની જ નહીં બલ્કે ઈમામુલ અંબિયા ﷺની બે સાહબઝાદીઓ આવી છે. નૂરના મુન્કિરો પણ ઉષ્માન ગની رضی اللہ عنہને ઝૂન્નૂરૈન (બે નૂરવાળા) કહીને યાદ કરે છે !

**કિસકે પર્દેને કિયા આઈના અંધા નૂર કા**
**માંગતા ફિરતા હૈ આંખેં હર નગીના નૂર કા**

**અર્થાત :** આપ ﷺના પર્દો ફર્માવી જવાથી નૂરનો ચમકાર આઈનો ઝંખવાઈ ગયો. એકવાર જમાના પર ક઼યામત તૂટી પડી. દરેક નગીનો નૂરની શોધમાં માર્યો માર્યો ફરવા લાગ્યો.

હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا જેવી, સાબિરોની સરદારની મા તથા જન્નતી સ્ત્રીઓની સરદાર પોકારી ઉઠી : صبت علی مصائب لو انها۔ صبت علی الایام صرن لیالیا "મારા પર એવી મુસીબતો તૂટી પડી કે જો દિવસો પર નાઝિલ થાત તો દિવસો રાત બની જાત.

**અબ કહાં વો તાબિશેં કૈસા વો તળકા નૂર કા**
**મહરને છુપ કર કિયા ખાસા ધુંદલકા નૂર કા**

*(તાબિશેં = રોશનીઓ. તળક઼ા = સુબ્હ સાદિકે઼ જ્યારે પોહ ફાટે છે. ધુંદલકા = સૂર્યાસ્ત પછીની કાળાશ)*

**અર્થાત :** તે રોશનીઓ તથા નૂરની સવારોનું અજવાળુ જે નબુવ્વતના આસમાનના સૂરજના પર્દો ફર્માવવાની સાથે જ રોઝાએ અન્વરમાં ચાલ્યો ગયો અને આપ ﷺના જાહેરી જલ્વાઓથી ક઼ાઈનાત મેહરૂમ થઈ ગઈ અને એકદમ અંધારા જેવું છવાઈ ગયું. જો કે બાતિની ફયઝો હમેશાં જારી રહેશે.

**તુમ મુક઼ાબિલ થે તો પહરોં ચાંદ બળ્હતા નૂર કા**
**તુમસે છુપ કર મુંહ નિકલ આયા ઝરા સા નૂર કા**

*(મુક઼ાબિલ = સામે. પહરોં = કલાકો, ત્રણ કલાકનો એક પહોર થાય છે.)*

**અર્થાત :** હે મારા સિરાજમ્મુનીર નબી ! ﷺ જ્યારે આપનો ચહેરો મુબારક સામે રહેતો હતો તો ચાંદની રોશની પણ પોતાની ઉચ્ચ કક્ષાએ રહેતી બલ્કે દિન પ્રતિ દિન વધતી રહેતી. આપનાથી જુદા થતાં જ એ નૂરનું જરા સરખુ મોં નીકળી આવ્યું અને તે પહેલાંવાળી ચમક દમક હવે જોવા નથી મળતી, કેમ કે ચાંદમાં ચમક દમક અને સૂરજમાં રોશની તો આપના રુખે વદુહાનો ફયઝ છે. આપની નિસ્બતથી એ પણ અજોડ છે. તે પણ બાકમાલ છે બલ્કે દરેક લાજવાબ છે. આ સર્વ આપના ઝિક્ર તથા નામની બરકતો છે.

*ઝિક્રે નબીમેં જો દિન ગુઝરે વો દિન સબસે બેહતર હૈ—ઝિક્રે નબીમેં રાત જો ગુઝરે ઉસસે બેહતર રાત નહીં (ﷺ)*
*(કૌષર નિયાઝી)*

*હોતા હૈ જહાં ઝિક્ર મુહમ્મદ કે કરમ કા—ઉસ બઝ્મમેં મેહરૂમે તમન્ના નહીં કોઈ (ﷺ)*
*(ખાલિદ મહમૂદ)*

**ક઼બ્રે અન્વર કહીયે યા ક઼િસ્રે મુઅલ્લા નૂર કા**
**ચરખે અતલસ યા કોઈ સાદા સા કુબ્બા નૂર કા**

*(ક઼િસ્રે મુઅલ્લા = બુલંદો બાલા મહેલ. ચરખે અતલસ = ચમકદાર આસ્માન. કુબ્બા = ગુંબદ)*

**અર્થાત :** મક઼ામે મુસ્તફા ﷺ એટલે આપની નૂરાની ક઼બ્ર પાક (જેના બારામાં આપે ખુદ ફર્માવ્યું : من زار قبری وجبت له سفاعتی "જેણે મારી ક઼બ્રે અન્વરની ઝિયારત કરી લીધી એના પર મારી શફાઅત વાજિબ થઈ ગઈ.")ને નૂરાની ક઼બ્ર કહીએ શાહી મહલ કહીએ, ચમકદાર આસ્માન કહીએ અથવા તો પછી નિખરેલો, સાફ સુથરો સાદો એવો ગુંબદે ખઝરા કરીએ.

*ફિરદૌસે બરીં માના ! ફિરદૌસે બરીં હૈ—જો બાત મદીને મેં હૈ જન્નતમેં નહીં હૈ*
*અય કુદસિયો ! મહબૂબકા કૂચા હૈ સંભલકર – યહ અર્શ નહીં હૈ યહ મદીને કી ઝમીં હૈ*
*હૈ ચર્ખે ચહારૂમપે કોઈ સિદરાપે પહુંચા—અલ્લાહકા મહબૂબ તો સિદરાકા મકીં હૈ*
*લાખોં નબી આયે મગર ઈમાન હૈ અપના—કોઈ મેરે સરકાર કા હમ પાયા નહીં હૈ*
*દરબારે મુહમ્મદ મેં જો બટતા હૈ ખઝાના—ગંજીનાએ કૌનેનમેં દૌલત વો નહીં હૈ*
*(અમીર સાબરી)*

**આંખ મિલ સકતી નહીં દરપે હૈ પહરા નૂર કા**
**તાબ હૈ બેહુકમ પર મારે પરિન્દા નૂર કા**

**અર્થાત :** રોઝએ અક઼દસના નૂરાની દરવાજા પર નૂરનો પહેરો લાગેલો છે. આંખ મિલાવવું પણ શક્ય નથી. શું મજાલ કે નૂરી ફરિશ્તો (નૂરકા પરિન્દા) પણ ઈજાઝત વિના નૂરની પાંખોને હરકત આપી શકે છે !

*બે ઈજાઝત ઉનકે ઘરમેં ઈઝરાઈલ આતે નહીં—ક઼દ્રવાલે જાનતે હૈં ઈઝ્ઝો શાને અહલે બૈત*

**નઝઅ્મેં લૌટેગા ખાકે દર પે શયદા નૂર કા**
**મરકે ઓળહેગી ઉરૂસે જાં દુપટ્ટા નૂર કા**

*(ઉરૂસ = દુલ્હન)*

**અર્થાત :** જાંકનીના સમયે ઈન્શાઅલ્લાહ ! આપનો આશિક઼ આપના જ દરની ખાક પર લોટ પોટ થઈને જાન આપશે અને આ આશિકે ઝારની જાનની દુલ્હન (રૂહ) મૃત્યુ બાદ નૂરનો દુપટ્ટો ઓઢશે.

یٰۤاَیَّتُهَا النَّفْسُ الْمُطْمَىٕنَّةُ ارْجِعِیْۤ اِلٰی رَبِّكِ رَاضِیَةً مَّرْضِیَّةً فَادْخُلِیْ فِیْ عِبٰدِیْ وَادْخُلِیْ جَنَّتِیْ

"હે ઈત્મિનાનવાળી રૂહ ! પરત આવી જા પોતાને પાલવનારની તરફ એ હાલમાં કે તું એનાથી રાજી અને તે તારા પર રાજી. મારા બંદાઓમાં દાખલ થઈને મારી જન્નતમાં દાખલ થઈ જા." *(સૂ. ફજર, ૮૯/૨૭ થી ૩૦ )*

મૌલાના હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ આ શેઅરના ભાવાર્થને તમન્નાના અંદાઝમાં આ પ્રમાણે અદા કરે છે :

*દિલ દર્દસે બિસ્મિલકી તરહ લૌટ રહા હો–સીનેપે તસલ્લીકો તેરા હાથ ધરા હો*
*ગર વક઼્તે અજલ સર તેરી ચૌખટપે ઝુકા હો–જિતની હો ક઼ઝા એક હી સજદેમેં અદા હો*

**તાબે મહરે હશ્રસે ચોંકે ન કુશ્તા નૂર કા**
**બુંદિયાં રહમતકી દેને આઈ છીંટા નૂર કા**

*(મહર હશ્ર = ક઼યામતનો સૂરજ. ચોંકન્ના = ઝબકીને જાગવું. કુશ્તા = ક઼ત્લ થયેલ. બુંદિયાં = ટીપાંઓ, છીંટા = છાંટા)*

**અર્થાત :** નૂરના ક઼દમો પર જાન દેવાવાળા (ઈશ્કે઼ મુસ્તફા ﷺમાં ક઼ત્લ થનાર)ને મેહશરનો તાપ પણ જગાડી શકશે નહીં. જે રહમતવાળા આક઼ાના ઈશ્ક઼માં જાન આપી છે એ જ રહમતુલ્લિલ્આલમીનની રહમતના છાંટાઓથી આ મુડદુ ઝિંદા થશે, કેમ કે એ જાહેરી રીતે મરેલો જણાય છે પણ હકી઼ક઼તમાં ઈશ્કે઼ રસૂલ ﷺના નશાના કારણે મસ્ત છે. (وَلَا تَقُوْلُوْا لِمَنْ یُّقْتَلُ فِیْ سَبِیْلِ اللّٰهِ اَمْوَاتٌ بَلْ اَحْیَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ) "અને જે ખુદાની રાહમાં માર્યા જાય તેમને મુર્દા ન કહો બલ્કે તેઓ ઝિંદા છે, હા ! તમને ખબર નથી." *(સૂ. બક઼રહ, ૨/૧૫૪)*

*દિલમેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો–ફિર તો ખલ્વત મેં અજબ અંજુમન આરાઈ હો*
*ઉસકી કિ઼સ્મત પે ફિદા તખ્તે શહી કી દૌલત–ખાકે તયબહ પે જિસે ચૈન કી નીંદ આઈ હો*

**વઝએ વાઝેઅ મેં તેરી સૂરત હૈ મઅના નૂર કા**
**યૂં મજાઝન્ ચાહેં જિસકો કહ દેં કલમા નૂર કા**

*(વઝએ વાઝેઅ = બનાવનારની બનાવટ. મઅના = મક઼સદ, હેતુ. મજાઝન = મુરાદ લેવું)*

**અર્થાત :** હે મારા નૂરવાળા આક઼ા ! આપને બનાવનારાએ આપની શકલો સૂરતને નૂરનો પણ ખુલાસો બનાવ્યો છે (કેમ કે આપ સિરાજમ્મુનીર છે. સિરાજ (સૂરજ) કેવળ પોતે જ નૂર નથી હોતો, બીજાઓને પણ નૂર આપે છે. મજાઝન્ તો દરેક ચીજ પર નૂર બોલી શકાય છે, પણ આપની તો હક઼ીક઼તને અલ્લાહે ખુદ પોતાના નૂરના જલ્વા વડે બનાવેલ છે. (اوّل ما خلق اللہ نوری۔قد جاء کم من اللہ نور) "સૌથી પ્રથમ મખ્લૂક઼ મારું નૂર

છે.'' ''બેશક ! અલ્લાહે પોતાના તરફથી નૂર મોકલ્યું.'') એટલા માટે હક઼ીક઼ી શિફા તથા હક઼ીક઼ી નજાત તથા કામયાબી આપના જ દામનની સાથે જોડાયેલી મળશે. અને ذکرت ذکرت معی اذا ذکر ا رسولا۔ ની રોશનીમાં દિલને ઈત્મિનાન પણ આપના જ ઝિક્રથી મળે છે. કેમ કે આપ સરાપા ઝિક્રે ખુદા છે.

**અંબિયા અજઝા હૈ તૂ બિલ્કુલ હૈ જુમ્લા નૂર કા**
**ઈસ ઈલાક઼ેસે હૈ ઉન પર નામ સચ્ચા નૂર કા**

*(અજઝા = હિસ્સા, ભાગ. જુમ્લા = તમામ. ઈલાક઼ા = સંબંધ)*

**અર્થાત :** (اول ما خلق اللّٰہ نوری، انا من نور اللّٰہ والخلق کلھم من نوری ની રોશનીમાં) તમામ અંબિયાએ કિરામ તથા રુસુલે એઝામ આપ ﷺના નૂરના ફયઝાન હોવાના કારણે આપના હિસ્સાની હૈસિયત ધરાવે છે. (સર્વ નબીઓના મો'જિઝાઓ, હુસ્નો જમાલ, ફઝ્લો કમાલ હુઝૂર ﷺની જાતમાં શ્રેષ્ઠ કક્ષાએ મૌજૂદ છે) તેમને જો નૂરનો હિસ્સો મળ્યો છે તો આપ ﷺને સરાપા નૂર બનાવવામાં આવ્યા છે. આ લેહાઝથી એમના ઉપર પણ નૂરનો શબ્દ બોલવામાં આવવું હક્ક઼ તથા સત્ય છે, એટલા માટે તમામ અંબિયાએ કિરામ علیہم السلام પોત પોતાના દૌરમાં આ જ લૌલાકવાળા આક઼ા ﷺનો ઝિક્ર પ્રથમ કરતા હતા અને પોતાનો બાદમાં, અને અહલે કિતાબ જેમને ઈમાન નસીબ થયું તેઓ કહ્યા કરતા હતા કે અમો હુઝૂર ﷺને અમારી ઔલાદથી પણ વધીને જાણીએ પહેચાનીએ છીએ, કેમ કે જાન પેહચાન તેમને તેમની કિતાબો અને તેમના નબીઓ થકી જ મળી હતી. તેઓ હુઝૂર ﷺના ઝિક્રે ખૈરથી જીભોને તર રાખતા હતા.

**યહ જો મહરો માહ પે હૈ ઈત્લાક઼ આતા નૂર કા**
**ભીક તેરે નામ કી હૈ ઈસ્તિઆરા નૂર કા**

*(ઈસ્તિઆરા = માંગેલો, હક઼ીક઼ી તથા મજાઝી અર્થ વચ્ચે સરખામણીનો સંબંધ, ઈત્લાક઼ = બોલવામાં આવવું)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપના જ ફર્માનના પ્રમાણે والخلق کلھم من نوری, ''પૂરી મખ્લૂક઼ મારા નૂરથી છે.'' અમે પરિણામ તારવ્યું કે ચાંદ તથા સૂરજનું નૂર તો નૂરે મુસ્તફા ﷺના ફૈઝાનની ખયરાત છે, જેથી એમના માટે નૂરનો શબ્દ બોલવો એ આપના નામનો સદક઼ો છે, અને આપનાથી માગીને લેવામાં આવેલ છે.

**સરમગીં આંખેં હરીમે હક્ક઼ કે વો મુશ્કીં ગ઼ઝાલ**
**હૈ ફઝાએ લામકાં તક જિનકા રહના નૂર કા**

*(સરમગીં = સુરમાવાળી. હરીમ = હક્ક઼, અલ્લાહે જેને ઈજ્જત આપી હોય. મુશ્કીં ગ઼ઝાલ = કસ્તૂરીવાળુ હરણ)*

**અર્થાત :** રાતે પણ દિવસની જેમ જોનાર અને આગળ પાછળ એક સમાન જોનાર કસ્તૂરીથી ભરપૂર હરણની આંખોની જેમ કુદરતી સુરમાવાળી બનેલી મારા આક઼ા ﷺની હસીનો જમીલ આંખો જે નીચે ઝુકે તો નિગાહ તહતુષ્ષરા સુધી જાય અને ઉપર ઉઠે તો નજર અર્શે મુઅલ્લાથી પાર થઈ જાય ! અને :

*જિસ તરફ ઉઠ ગઈ દમમેં દમ આ ગયા—ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ*

**અર્થાત :** એ બાબરકત તથા નૂરાની આંખોનું પોતાના વર્તુળોમાં ઘૂમવું ફરવું પણ નૂર જ નૂર છે, કેમ કે તેમના જ ઈશારાઓથી અમ ગુનેહગારોની નજાત થશે.

**તાબે હુસ્ને ગર્મસે ખિલ જાએંગે દિલ કે કનૂલ**
**નવ બહારેં લાએંગે ગરમીકા ઝલકા નૂર કા**

*(હુસ્ને ગર્મ = અતિશય હસીન. કનૂલ = દરિયાઈ ફૂલ. નીલોફર. નવ બહાર = વસંત ઋતુ. ઝલકા = નઝારો)*

**અર્થાત :** હે બાગે હસ્તીની બહાર ! (વસંત) પ્યારા આક઼ા અહમદે મુખ્તાર ! આપના હુસ્નો જમાલની ગરમી તથા ઉષ્માથી દિલની બંધ કળીઓ ખીલીને નીલોફર (નું ફૂલ) બની જશે અને એ જ ગરમીની ઝલકો (ઝોંકાઓ)થી અમારા દિલની કાઈનાતમાં એક નવી બહાર આવશે જે આપની ઝાતે બાબરકત પર મહબ્બત તથા ઈશ્ક઼માં ઝુમી ઝુમીને દુરૂદો સલામનાં નઝરાણા પેશ કરતી રહેશે તો દરેક ગુલામે મુસ્તફ઼ા ﷺ પર આ મૌસમે બહાર જરૂર આવશે.

*યહી દીનો ઈમાં યહી હૈ ઈબાદત–દુરૂદોંકી મેહફિલ હમેશાં સજાએં*
*મેં નઅતેં પઢું ઝુમકર ઈસ તરહસે–ફરિશ્તે સભી અર્શ પર ઝૂમ જાએં*

**અર્થાત :** રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **મારા પર દુરૂદ શરીફ પઢવાવાળાને પુલસિરાત પર નૂર અતા થશે, અને જેને પુલસિરાત પર નૂર અતા થશે તે દોઝખીમાંથી થશે નહીં.**

صَلُّوْا عَلَى الْحَبِيْب۔اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ۔وَعَلٰٓى اٰلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ

**ઝર્રે મહરે કુ઼દ્સ તક તેરે તવસ્સુતસે ગએ**
**હદ્દે અવસતને કિયા સુગરાકો કુ઼બરા નૂર કા**

*(ઝર્રે = રજકણો, મામૂલી ચીજ. મહરે કુ઼દ્સ = અલ્લાહની દોસ્તી. તવસ્સુત = વાસ્તો, વસીલો.*
*અવસત = મધ્યમ. સુગરા = સૌથી નાનુ. સૌથી કુ઼બરા = મોટુ)*

**અર્થાત :** મામૂલી ઈન્સાન જેઓ નાચીઝ રજકણોની હૈસિયત ધરાવતા હતા તેમને અલ્લાહ તઆલાની બારગાહ (મહરે કુ઼દ્સ) સુધી પહોંચ યા રસૂલલ્લાહ ! ﷺ આપના વાસ્તાથી જ થઈ. આપ જાણે મધ્યમ રેખા છે જે સુગરાને કુ઼બરાથી મિલાવી દે છે. (મામૂલી જાતને મહાન જાત સુધી પહોંચાડી આપનાર ! રજકણોને સૂરજ, ટીપાંઓને સમુદ્ર બનાવી દેનાર ! બેઝરને બૂઝર અને બિલાલે હબ્શીને રશ્કે ક઼મર કરી દેનાર ! ગદાઓ, બેનવાઓ ફકીરોને બાદશાહોથી ઊંચા બનાવી દેનાર ! આપ જાણે હર્ફે મુશદ્દદનું કામ કરે છે, જેનો સંબંધ પહેલા શબ્દથી પણ હોય છે અને બીજા શબ્દથી પણ આપ ﷺ એક બાજુ (અલ્લાહથી) ફયઝ લે છે અને આ બાજુ (મખ્લૂક઼ને) અતા ફર્માવે છે.

*ઉધર અલ્લાહસે વાસિલ ઉધર મખ્લૂખક઼મેં શામિલ–ખવાસ ઈસ બરઝખે કુ઼બરામેં હૈ સિર્ફે મુશદ્દદકા*

**અર્થાત :** આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં ઈલ્મે મન્તિકની મશહૂરો મઅરૂફ઼ ઈસ્તેલાહાત વર્ણન કરી છે અને કેટલી ખૂબસૂરતીની સાથે પોતાનો મુદ્દઆ પણ સંપૂર્ણપણે વર્ણવી આપ્યો છે. આ ઈસ્તેલાહાતથી જે શકલ બનશે તે આ પ્રમાણે હોય શકે છે : المومن واصل بارسول۔والرسول واصل باللّٰہ કે મો'મિન હુઝૂર ﷺથી મળવાવાળો છે અને હુઝૂર ﷺ અલ્લાહ તઆલાથી મળવાવાળા છે. તૌહિદ અવસત (વાસિલ બિર્રસૂલ વર્રસૂલ)ને હઝફ કરીશું તો પરિણામ المومن واصل باللّٰہ નીકળશે, કે મો'મિન અલ્લાહ સુધી (હુઝૂર ﷺના વાસ્તાથી)

પહોંચનાર છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સબ્ઝએ ગરદૂં ઝુકા થા બહરે પાબોસ બુર્રાક**
**ફિર ન સીધા હો સકા ખાયા વો કોળા નૂર કા**

*(સબ્ઝએ ગરદૂં = લીલાશ પડતુ આકાશ, નીલ ગગન. પા બોસ = પગ ચૂમવા. બુર્રાક઼ = મેઅરાજની સવારી. કોળા = કોરડો, ચાબુક)*

**અર્થાત :** શબે મેઅરાજ આપ ﷺની સવારી (બુર્રાક઼)ના પગો ચૂમવાના માટે જ્યારે આસ્માન આગળ વધ્યું અને ઝુકીને પા બોસી કરવા લાગ્યું તો નૂરનો એવો કોરડો વરસ્યો કે આજ સુધી ઝુકેલું છે અને કમર સીધી નથી થઈ રહી.

**તાબે સુમસે ચોંધ્યાકર ચાંદ ઉન્હીં ક઼દમોં ફિરા**
**હંસકે બિજલીને કહા દેખા છલાવા નૂર કા**

*(સુમ = ખુર, ખરી. ચોંધ્યાકર = આંખો અંજામને. ઉન્હીં ક઼દમોં = ઉલટા પગલે. છલાવા = નાઝો અંદાઝવાળો મહબૂબ, ઝોંકુ)*

**અર્થાત :** અને બુર્રાક઼ની ખરીઓની ચમકથી ચાંદની આંખો અંજાય ગઈ અને આગળ વધવાને બદલે વળતા પગલે પરત આવી ગયો. વીજળી આ મન્ઝર જોઈ રહી હતી. ચાંદને હસીને કહેવા લાગી, તું પોતે પોતાને નૂર કહેવડાવે છે, જોઈ લીધી ને નાઝો અદાવાળા મહબૂબના નૂરની ચમક દમક ! નૂર આવાં હોય છે ! મહબૂબનો દીદાર તો કોઈ કોઈને જ મળે છે જ્યારે કે ખ્વાહિશ દરેકની હોય છે કે :

*હબીબે ખુદાકા નઝારા કરું મૈં–દિલો જાન ઉન પર નિષારા કરું મૈં –(મુફ્તીએ આ'ઝમે હિંદ)*

**દીદે નક઼્શે સુમકો નિકલી સાત પર્દો સે નિગાહ**
**પુતલિયાં બોલીં ચલો આયા તમાશા નૂર કા**

*(દીદે નક઼્શે સુમ = ખરીનું નિશાન જોવા. પુતલી = આંખની કીકી)*

**અર્થાત :** આપ ﷺની સવારીના પગોનું નિશાન જોવા માટે નજર સાત પર્દાઓથી બહાર આવી ગઈ તો આંખની કીકીઓએ નજરને જોયા વગર પરત આવતાં જોઈને મજાકમાં કહ્યું, હવે પાછા ચાલો ! કેવી મજા આવી ! શું નૂરનો સંપૂર્ણપણે નઝારો કરી લીધો ? તને કહ્યું ન હતું, દરેકના હિસ્સે નથી દીદાર કોઈનો.

તારી અંદર ક્યાં એ શક્તિ કે તું નૂરે ખુદાનો નઝારો કરી શકે ! જેથી બુર્રાક઼ની ખરીઓને જોવામાં જ સંતોષ માની લે.

**અકસે સુમ ચાંદ સૂરજકો લગાયે ચાર ચાંદ**
**પર ગયા સીમો ઝરે ગરદૂં પે સિક્કા નૂર કા**

*(અકસ = પ્રતિબિંબ, પડછાયો. ચાર ચાદ લગાના = મર્તબો તથા મક઼ામ વધારવો. સીમો ઝર = ચાંદી સોનુ. ગરદૂં = આકાશ)*

**અર્થાત :** હા ! એવું થયું કે આપની સવારીના ક઼દમના નિશાને સૂરજ તથા ચાંદને ચાર ચાંદ લગાડી દીધા. એટલે કે એમની રોશનીમાં વધારો થઈ ગયો અને આસ્માનનાં સોના ચાંદી (ચાંદ તથા સૂરજ) પર મદીનાના ચાંદની ગુલામીનો થપ્પો લાગી ગયો.

*જો મુહમ્મદકા નામ લેતે હૈં–વક઼્ત કી બાગ થામ લેતે હૈં*
*દરે ખૈબર ઉખાળ ફૈંકનેકો–ઝોરે ઈમાંસે કામ લેતે હૈ (ﷺ)*

**ચાંદ ઝુક જાતા જિધર ઉંગલી ઉઠાતે મહદમેં**
**ક્યા હી ચલતા થા ઈશારોં પર ખિલૌના નૂર કા**

**અર્થાત :** રિવાયતમાં છે કે હુઝૂર ﷺ જ્યારે પારણામાં હતા તો રાતના સમયે હઝરત અબ્બાસને એક અજીબ મન્ઝર દેખાયો જે તેમણે ઘણા અરસા બાદ હુઝૂર ﷺની સામે આ મુજબ વર્ણવ્યો કે યા રસૂલલ્લાહ ! ﷺ મેં જોયું હતું કે આપ પારણામાં સૂતા સૂતા તમારી આંગળીને હરકત આપતા હતા તો ચાંદ આપની આંગળીઓના ઈશારાઓ પર હરકત કરતો (વજદ કરતો તથા નાચતો) મેં મારી આંખો વડે જોયો છે. આપે ફર્માવ્યું, કાકા ! એનાથી અધિક આશ્ચર્યજનક વાત હું તમને બતાવું છું કે જ્યારે હું મારી વાલિદા માજિદાના પેટ મુબારકમાં હતો તો લોહે મેહફૂઝ પર ચાલતા કલમનો અવાજ મારા કાનો વડે સાંભળતો હતો અને ચાંદ તો મારુ દિલ બહેલાવવા માટે એવું કરતો હતો. અને આ'લા હઝરત બતાવી રહ્યા છે કે આપણે કેમ કે માટીના બનેલા છીએ જેથી આપણા મા બાપ બચપનમાં આપણને માટીનાં રમકડાં લાવીને આપ્યા કરતા હતા અને હુઝૂર ﷺ નૂર છે જેથી અલ્લાહે આપને રમકડુ પણ નૂરનું આપ્યું છે.

*ખેલતે થે ચાંદસે બચપનમેં આક઼ા ઈસલિયે–ખૂદ સરાપા નૂર થે વો થા ખિલૌના નૂર કા*

## હઝરત ઈમામ હસન તથા હુસૈન رضی اللہ عنہما

**એક સીના તક મુશાબેહ એક વહાંસે પાઉં તક**
**હસન સિબ્તૈન ઉન્કે જામોં મેં હૈ નીમા નૂર કા**

*(મુશાબેહ = ના જેવા, મળતા જુલતા. જામા = લિબાસ. નીમા = ઈમાનદારી)*

**અર્થાત :** હઝરત ઈમામ હસન رضی اللہ عنہ માથાથી લઈને છાતી સુધી હુઝૂર ﷺનું જાહેરી રીતે મળતાપણુ ધરાવતા હતા (જેથી શહાદતના સમયે હળાહળ ઝહેર પીને પણ સબ્ર તથા અડગતાનો પહાડ બનેલા રહ્યા. કલેજુ કપાયને બહાર પણ આવી જાય તો ઝહેર પીવડાવનારનું નામ સુધ્ધાં ન બતાવે અને પોતાના ભાઈ ઈમામ હુસૈન رضی اللہ عنہના આગ્રહ ઉપર પણ ફર્માવે કે મેં બદલાનો મામલો અઝીઝુન્ ઈન્તિકામના સુપરત કરી દીધો છે. અને બેસબ્રીનો શબ્દ પણ જીભ પર ન લાવ્યા.) અને હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ સીનાથી લઈને પગો સુધી પોતાના નાનાજાનને મળતા આવતા હતા (જેથી કર્બલાના મેદાનમાં આટલા જુલ્મો સહેવા હોવા છતાં કદમોમાં ધ્રુજારી પેદા ન થઈ અને પોતાના પગો પર ઉભા રહીને પોતાની જિંદગીની આખરી નમાઝ પણ અદા કરી.)

કેમ કે પગો સીનાથી નીચે અને મોંઢુ સીનાથી ઉપર હોય છે એટલા માટે કેટલીય હિકમતોમાંથી એક એ હિકમત પણ વર્ણવેલ મળતાપણાની હતી જે અમે વર્ણવી દીધી છે. સહાબાએ કિરામને જ્યારે હુઝૂર ﷺની જુદાઈ અધિક સતાવતી તો એ બંનેવ સાહબઝાદાઓને સાથે ઉભા રાખીને જોતા તો દીદારે મુસ્તફા નસીબ થઈ જતો. પરંતું એઓ નેઅમત માનવાવાળાઓ માટે હતા, જેઓ નઊઝુબિલ્લાહ ! એમને બાગી ઠરાવે છે (જેમ કે વહાબી દેવબંદી) અને યઝીદ પલીદને તો ઈમામ કહે છે, જ્યારે سیدا شباب اهل الجنه જન્નતના જવાનોના સરદારોને ઈમામ કહેતાં તેમના પર કયામત તૂટી પડે છે, તેઓ આ નેઅમતના મુસ્તહિક઼ કેવી રીતે થઈ શકે છે. આ બદનસીબો બીજા ખાતામાં છે જે નીચે દર્શાવેલ રુબાઈની આખરી કડીમાં ખોલવામાં આવેલ છે.

*અંદાઝ હસીનોંકો સિખાયે નહી જાતે–ઉમ્મી લક઼બી હો વો પળ્હાએ નહીં જાતે*
*હર એક કા હિસ્સા નહીં દીદાર કિસીકા–બૂ જહલ કો મહબૂબ દિખાએ નહીં જાતે*

**અર્થાત :** ચર્ચા હેઠળના આ'લા હઝરતના શેઅરમાં આ'લા હઝરત ફર્માવે છે કે નૂરના આ બંનેવ નવાસાઓના હુસ્નો તથા મુસ્તફા ﷺથી મળતાપણાવાળાં શરીરો પર પાકબાઝી તથા પરહેઝગારીનો લિબાસ સજેલો હતો.

**સાફ શક઼્લે પાક હૈ દોનોં કે મિલનેસે અયાં**
**ખત્તે તવામમેં લિખ્ખા હૈ યહ દો વરક઼ા નૂર કા**

*(ખત્તે તવામ = એક જ સમાન બે પત્રો, બે બાળકો જે જોડીમાં પેદા થાય એમને 'તવામ' કહે છે. દો વરક઼ા = બે કાગળ)*

**અર્થાત :** એ બંનેવ શાહઝાદાઓના એકઠા થવાથી તેમના નાનાજાન ﷺનો સરાપા સામે આવી જાય છે, એવું લાગે છે કે નૂરાની વરક઼ો પર એક જ જેવા ખતની સાથે હુઝૂર ﷺની પુરનૂર તસ્વીર બનાવી દેવામાં આવી છે.

**'કાફ' ગેસૂ 'હા' દહન 'યા' અબરૂ આંખેં 'અ઼યન' 'સ્વાદ'**
**કાફ–હા–યા–અ઼યન–સ્વાદ ઉનકા હૈ ચેહરા નૂર કા**

*(ગેસૂ = વાળો. દહન = મોં. અબરૂ = ભવાં)*

**અર્થાત :** (كٓهٰيٰعٓصٓ જે સૂરએ મરયમના શરૂમાં હરૂફે મુક઼ત્તેઆ઼ત છે, એની એક આશિક઼ાના તા'બીર ફર્માવતાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે જે આપનો જ હિસ્સો છે. કેમ કે દરેકના હિસ્સે કોઈનો દીદાર નથી.)

"કાફ" થી મુરાદ હુઝૂર ﷺની વાંકુળીયા ઝુલ્ફો છે. જેવી રીતે "કાફ" માં વળાંક છે કે ઝુલ્ફોમાં પણ વળ છે. "હા" જે મોતી જેમ ગોળ હોય છે, એનાથી મારા આક઼ાનું મુખ મુબારક મુરાદ છે. "યા"ની શકલ ભવાં જેવી હોય છે તો એનાથી હુઝૂર ﷺના ભવાં દેખાય દે છે. અને "અયન–સ્વાદ" જેની શક઼લ આંખથી મળતી છે એ હુઝૂર ﷺની مازاغ البصرની આંખોની તરફ નિર્દેશ છે જે આંખોએ ખુદાને પણ જોયો અને પૂરી ખુદાઈને પણ જોયી. તો જાણે كٓهٰيٰعٓصٓ થી હુઝૂર ﷺનો રુખે વદુહા વર્ણન કરવામાં આવેલ છે. લગભગ એટલા માટે જ્યારે જિબ્રઈલે અમીન علیہ السلام આ અક્ષરો લઈને નાઝિલ થયા, તો બોલતા જતા "કાફ" આપ ફર્માવતા علمت હું જાણી ગયો. તે કહેતા "હા" આમ ફર્માવતા, فهمت હું સમજી ગયો... છેવટ સુધી તેમ છતાં... *"મગર બેખબર બેખબર જાનતે હૈં"*

**અય 'રઝા' યહ અહમદ નૂરી કા ફયઝે નૂર હૈ**
**હો ગઈ મેરી ગઝલ બળ્હકર ક઼સીદા નૂર કા**

**અર્થાત :** આ ક઼સીદાએ નૂરમાં તમોએ આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઈલ્મી સમૃધ્ધતાને તમે અનુભવી, હવે આ અંતિમ શેઅર (મક઼તઅ)માં આપની આજીજી પણ જોઈ લો અને પછી ફેંસલો કરી લો કે તકબ્બુરવાળો ઈલ્મ આલિમને શૈતાન બનાવી દે છે અને જે ઈલ્મની સાથે આજીજી હોય એવો ઈલ્મ આલિમને આ'લા હઝરત, ઈમામે અહલે સુન્નત તથા મુજદ્દિદે દીનો મિલ્લત બનાવી દે છે કે ક઼સીદો ખુદ લખ્યો છે અને નિસ્બત પોતાના પીરઝાદાની તરફ કરી આપી છે કે એમાં મારો કોઈ ક઼માલ નથી, બલ્કે આ પૂરે પૂરો તેમનો જ ફયઝ છે. જેમ કે ફર્માવ્યું, હે અહમદ રઝા ! આ સઘળો ફયઝ તો હઝરત ક઼િબ્લા નૂરી મિયાંનો છે કે મારી ગઝલ અઝમત તથા શાનની મંઝિલો પાર કરતી કરતી નૂરવાળા આક઼ાનો નૂરવાળો ક઼સીદો બની ગઈ છે.

## (નઅત શરીફ : ૭૫)

**સર સૂએ રોઝા ઝુકા ફિર તુઝકો ક્યા**
**દિલ થા સાજિદ નજ્દિયા ફિર તુઝકો ક્યા**

*(સૂએ = તરફ. સાજિદ = સજદો કરનાર)*

**અર્થાત :** હે નજદી ગુસ્તાખ ! જો અમારુ માથુ રોઝએ અન્વરની પાસે જઈને અદબના લેહાઝથી ઝુકી જ ગયું છે તો તું શા માટે દંડો લઈને અમારી પાછળ પડી ગયો છે ?! અમે ઈરાદાપૂર્વક તો નથી ઝુકાવ્યું ! આપોઆપ જ અનાયાસે ઝુકી ગયું છે. જ્યારે ઈરાદાપૂર્વક પણ કેવળ માથુ ઝુકાવવું કોઈ ગુનાહની વાત નથી, શિર્ક તો સજદો કરવું છે, અને તે પણ ઈબાદતનો સિજદો શિર્ક છે, તાઝીમી સિજદો તો કેવળ હરામ તથા ગુનોહ છે, ન કે શિર્ક. પણ તને તો દરેક વાતમાં શિર્ક જ શિર્ક નજર આવે છે. જ્યારે કે દિલનો સજદો ન ગુનોહ છે ન શિર્ક, જેને અમે કરી રહ્યા છીએ અને કરતા રહીશું, તું શા માટે શોર મચાવે છે ?! એ જ મતલબ છે આ'લા હઝરત رحمۃ اللہ علیہના આ શેઅરની આ કડીનો કે : *અલ્લાહ હી જાનતા હૈ કે નિયત કિધરકી હૈ.*

**બૈઠે ઉઠતે મદદ કે વાસ્તે**
**યા રસૂલલ્લાહ ! કહા, ફિર તુઝકો ક્યા ?!**

**અર્થાત :** હે ગુસ્તાખ નજદી ! તું અમેરિકા તથા બ્રિટનથી મદદ માગે છે અને તેઓ તારી મદદ કરી રહ્યા છે, તો તને એમાં શિર્ક નથી દેખાતુ ! અને જો અમે મહબૂબે ખુદા ﷺને મદદ માટે પોકારીએ તો તારુ શિર્કનું મશીન ગતિમાં આવી જાય છે ? અમે અમારા આક઼ાને દરેક વખતે યા રસૂલલ્લાહ ! કહીને પોકારતા રહેવાનું છે, તને મૌત આવે કે સાપ સુંઘી જાય, તું શા માટે દરમિયાનમાં આવે છે ?! આ એક ઉમ્મતી તથા તેના નબીનો મામલો છે, તું પાછળ હઠ ! યા રસૂલલ્લાહ ! કહેવું તારી કિસ્મતમાં ક્યાંથી ?! તું યા અમેરિકા ! કહે અથવા યા બ્રિટન ! કહે .... તને એ મુબારક, અને અમને યા રસૂલલ્લાહ ! કહેવું મુબારક.

*તુમ જફ઼ા કરતે રહો હમ વફ઼ા કરતે રહેં—અપના અપના ફ઼ર્ઝ હૈ દોનોં અદા કરતે રહેં*

**યા ગર્ઝસે છટકે મહઝ ઝિક્રકો**
**નામે પાક ઉનકા જપા ફિર તુઝકો ક્યા**

**અર્થાત :** અથવા જો અમે મદદના માટે અમારા આક઼ા ﷺને ન પણ પોકારીએ અને કેવળ બરકતના માટે આપ ﷺના નામનો વઝીફો પઢતા રહીએ છતાં તને અકળામણ થાય છે અને તું એને પણ શિર્ક કહે છે, જ્યારે કે તમારી નજીક તો કેવળ મદદના માટે પોકારવું શિર્ક છે. એનો મતલબ છે કે તમને હુઝૂર ﷺ નાથી જ ચીડ છે, તો પછી લગાડો અલ્લાહ પર પણ ફ઼ત્વો જે ક્યારેક "યા અય્યુહલ મુઝ્ઝમ્મિલ !" ફ઼ર્માવે છે તો ક્યારેક "યા અય્યુહલ મુદ્દસ્સિર !" કહે છે. ક્યાંક "યા અય્યુહર્રસૂલ !" તો ક્યાંક "યા અય્યુહન્નબી !" કહે છે. તને અંદાઝો જ નથી કે મારા આક઼ા ﷺના નામે પાકમાં શું બરકતો રાખવામાં આવી છે.

*ઈસ્મે અહમદકી તાઝીમ કે મુન્કિરો !—ઉનકી અઝમતકો કુર્આનમેં દેખ લો*

**બેખુદીમેં સજદએ દર યા તવાફ**
**જો કિયા અચ્છા કિયા ફિર તુઝકો ક્યા**

**અર્થાત :** કોઈ દીવાનો જો મસ્ત તથા બેખુદ થઈને આપ ﷺની ચોખટ પર સજદો કરી લે છે અથવા રોઝએ અક્દસનો તવાફ કરી લે છે તો મરફૂઉલ કલમ (જે હોશમાં ન હોય દીવાનો હોય તેના પર હુકમ લાગશે નહીં) છે, જેને અલ્લાહ તઆલાની તરફથી માફી છે, તો તને કેમ આગ લાગી જાય છે ?! અને તારા દિલમાં શાથી દર્દ ઉઠે છે ? જે કરી રહ્યો છે પોતાના પ્રમાણે તો સારુ જ તો કરી રહ્યો છે તો તું શા માટે બળાપો કરે છે.

*ઔજપે ફિર હી મુકદ્દરકા સિતારા હોગા—અર્ઝે તયબહમેં ઠિકાના જો હમારા હોગા*
*નામ લેવા હો તેરા ઔર જહન્નમમેં જલે—તેરી રહમતકો ભલા કૈસે ગવારા હોગા*

**ઉન્કો તમ્લીકસે મલીકુલ મુલ્કસે**
**માલિકે આલમ કહા ફિર તુઝકો ક્યા**

**અર્થાત :** હે નજદીઓ ! શું તમે ખુદાને પોતાના જેવો સમજી રાખ્યો છે કે તે કોઈને કાંઈ ન આપતો હશે ?! અને ખાસ કરીને તમારો એ ગંદો અકીદો કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી." એ રસૂલ દુશ્મની નથી તો શું છે ?!) અલ્લાહ જે માલિકુલ મુલ્ક છે, તેણે ખુદ પોતાના મહબૂબ ﷺને સર્વ જહાનોનો માલિક તથા મુખ્તાર બનાવ્યો છે (تؤتي الملك من تشاء) એટલા માટે જો અમે અમારા આકા ﷺને 'માલિકે હર દોસરા" કહી દીધો તો તારા પર શાથી કયામત તૂટી પડે છે ?!

*ખાલિકે કુલને આપકો માલિકે કુલ બના દિયા—દોનોં જહાં હૈં આપ કે કબ્ઝા વ ઈખ્તિયારમેં*

**અર્થાત :** આપ ﷺએ ફર્માવ્યું, اعطيت مفاتيح خزائن الارض "મને જમીનના સર્વ ખઝાનાઓની ચાવીઓ આપી દેવામાં આવી છે."

આપ ﷺએ ફર્માવ્યું, "મારા બે વઝીર આસ્માનો પર છે અને બે વઝીર જમીન પર છે." તો બતાવો ભલા વઝીર કોના હોય છે અને ક્યાં હોય છે ?

**ઉનકે નામે પાક પર દિલ, જાન માલ**
**નજ્દિયા સબ તજ દિયા ફિર તુઝકો ક્યા**

**અર્થાત :** અમે આકા ﷺના નામ પર પોતાનું દિલ, પોતાની જાન અને પોતાનો માલ અને સર્વ કાંઈ નિછાવર કરી આપ્યું. અમારું જ સર્વ કાંઈ નિછાવર કર્યું છે અને અમારા જ આકાના નામ પર કર્યું છે પછી તારા પેટમાં શા માટે વમળો વળે છે ! કેમ દુઃખાવો ઉભરે છે ?!

**ફઝાઈલે નામે મુહમ્મદ ﷺ :** ફઝાઈલે ઈસ્મે મુહમ્મદ (ﷺ) અમારી કિતાબ "શાને મુસ્તફા બર ઝબાને મુસ્તફા"માં શબ્દ "અના"માં હદીષ "અના મુહમ્મદ વ અના અહમદ" (પેજ–૧૫૪ થી ૧૬૯ના હેઠળ)માં વિગતવાર જોઈ શકાય છે.

અહીં એટલુ યાદ રાખશો કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺને બંનેવ ઝાતી નામ (આસ્માનો પર

અહમદ અને જમીન પર મુહમ્મદ) એવા અર્થ સભર તથા બાબરકત બનાવ્યાં છે કે કોઈ આપની તારીફ કરે કે ન કરે પણ મુહમ્મદ કે અહમદ બોલશે તો આપોઆપ જ તારીફ થઈ જશે. કેમ કે અહમદનો અર્થ સૌથી અધિક પ્રશંસા કરનાર, અને મુહમ્મદનો અર્થ જેની સૌથી અધિક પ્રશંસા કરવામાં આવી હોય. મતલબ થયો કે આપ ﷺ મખ્લૂક઼માં સૌથી વિશેષ અલ્લાહની તારીફ કરનારા છો અને આપ ﷺ તે છે કે અલ્લાહ તઆલા આપ ﷺની સૌથી વિશેષ તારીફ કરનાર છે. જાણે અલ્લાહ તઆલાએ આપના નામ મુબારકને કોઈની પ્રશંસાના મોહતાજ રાખ્યા જ નથી. જ્યારે કે અન્ય અંબિયાએ કિરામના નામોમાં (من حیث الاسماء) આ વાત નથી. દા.ત. આદમનો અર્થ ઘઉં વર્ણવાળા, ઈસાનો અર્થ શરબતી રંગવાળા, મૂસાનો અર્થ પાણીથી કાઢવામાં આવેલ (અરબીમાં અસ્તરાને પણ મૂસા કહે છે), યાકૂબનો અર્થ બાદમાં આવનાર (અક઼બથી છે, એડીને કહે છે. ومن وراء اسحق یعقوب) જ્યારે કે મુહમ્મદ અર્થ આપ વાંચી જ ચૂક્યા છો. الذی یحمد حمدا بعد حمد کرۃ بعد کرۃ ومرۃ بعد مرۃ بلا فصل وبلا انفصال વિના કોઈ આંતરે જેની દરેક વખતે તારીફ કરવામાં આવે.

*હવાદિષ મુંહ છુપાતે હૈં મસાઈલ રુખ બદલતે હૈં—નબીકા નામ જબ લેતા હૂં મૈં તુફાન ટલતે હૈં*

અન્ય તો અન્ય બલ્કે મોટા મોટા બેઅદબ પ્રકારના લોકો જેઓ હુઝૂર ﷺના સાચા ગુલામો ઉલમાએ એહલે સુન્નતની ઈજ્જત તથા અઝમતની ચાદરને આખુ જીવન તાર તાર કરવાની કોશિશ કરતા રહ્યા તેમના સરદારો પણ કહી ગયા કે :

*મુસલમાં લાખ બુરે હોં મગર નામે મુહમ્મદ ﷺ પર—વો તૈયાર હૈ હર વક઼્ત અપના સર કાટને કો*

અને હુઝૂર ﷺ બંદાઓને ખુદાથી મિલાવવા માટે આવ્યા છે જેથી અલ્લહે આપનું નામ પણ એવું બનાવી આપ્યું કે એકવાર મુહમ્મદ કહો તો બે વાર હોઠો આપસમાં મળી જાય છે.

*મુઝ ગુનેહગાર પે હૈ કિતની ઈનાયત ઉનકી – ફૂલ ઝળતે હૈં જો કહતા હૂં મુહમ્મદ લબસે*
*રહમતેં રોઝ લુટાતે હૈં બરાબર મૌલા – રોઝ દેતે હૈં મુઝે પ્યાર ઝિયાદા સબસે*

અને રબ્બુલ આલમીનની બારગાહમાં દુઆ છે કે મુસ્લિમ ઉમ્મત સંજોગોની ગંભીરતાને સમજે અને નામે મુહમ્મદ (ﷺ) પર એક અને નેક થઈ જાય જેથી તેના પર દુનિયાભરમાં જે જુલ્મના પહાડો ફેંકવામાં આવી રહ્યા છે, રહમતુલ્ લિલ્આલમીનના નામ મુબારકની બરકતથી અલ્લાહ તઆલા એના પર રહમો કરમ ફર્માવી દે.

મોલ્વી, નઅતખ્વાં, પીર તો હુઝૂર ﷺનો સદક઼ો જ ખાય છે જે સૌને નજર આવી રહ્યું છે પણ હક઼ીક઼ત એ છે કે દરેક ચાહે આપણો હોય કે પરાયો સૌ આપના જ નામનો સદક઼ો ખાય રહ્યા છે પણ ફરક઼ એ છે કે કેટલાક ખાયને તેમનાં ગીત ગાય રહ્યા છે અને કેટલાક ખાય પણ છે અને ગુર્રાય પણ છે !

*તેરા ખાએં તેરે ગુલામોંસે ઉલઝે – હય મુન્કિર અજબ ખાને ગુર્રાનેવાલે*

## 'યા એબાદી' ! કહ કે હમકો શાહને
## અપના બંદા કર લિયા, ફિર તુઝકો ક્યા

**અર્થાત** : કુર્આન મજીદમાં અલ્લાહના હુકમથી قُلْ یٰعِبَادِیَ الَّذِیْنَ اَسْرَفُوْا عَلٰۤی اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِؕ આપ ફર્માવી દો, હે મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યા છે, અલ્લાહની રહમતથી મહરૂમ ન

થઈ જાવ, બેશક ! અલ્લાહ તઆલા (તમારા) સર્વ ગુનાહ માફ ફર્માવી દેશે. અને આપણા આક઼ા તથા મૌલા ﷺએ "હે મારા બંદાઓ ! (યા એબાદી !)" ફર્માવીને અમને તેમના બંદા (ગુલામ, નોકર) કરી લીધા છે, તો હે નજદી ! તું કેમ હસદમાં બળી રહ્યો છે ! તારું એમાં શું કામ ! ન તું તેમનો ગુલામ છે ન તો તે મારા આક઼ા ! ન તો તું તેમને પોતાના આક઼ા માનવા તૈયાર છે, નહીં તો એવું શાથી કહેતો કે, "મારો ડંડો એમનાથી અધિક ફાયદો પહોંચાડી શકે છે." (અસ્તગફિરુલ્લાહ !) જેમ કે નજદીએ લખ્યું છે. અને રોઝએ અક઼દસને શહીદ કરવાનો તો તમામ નજદી વહાબીઓએ ફત્વો જારી કરી દીધો છે ! જ્યારે કે અમારો તો અક઼ીદો છે કે :–

*સરકાર કા ફયઝ નિરાલા દેખા–હર ચીઝમેં નૂર શહેવાલા દેખા*
*હે અર્શસે ફર્શ તક ઉસીકા જલ્વા–જબ ગૌર કિયા મદીનેવાલા દેખા*

**દેવ કે બંદોંસે કબ હૈ યહ ખિતાબ**
**તૂ ન ઉનકા હૈ ન થા, ફિર તુઝકો ક્યા**

**અર્થાત** : યા એબાદી ! (હે મારા બંદાઓ !)નું સંબોધન ખુદાના બંદાઓને છે ન કે દેવના બંદાઓ (દેવબંદીઓ)ને, જેમણે ન કદી પહેલાં પોતે પોતાને અબ્દે મુસ્તફા સ્વીકાર્યા ન અત્યારે કરી રહ્યા છે, ન ભવિષ્યમાં સ્વીકાર કરવાની ઉમ્મીદ છે.

જેઓ એટલા પ્રકારમાં જિદ્દી તથા પૂર્વગ્રહવાળા હોય કે મદીના પાક તથા બગદાદ પાકથી ચીડાયને અલ્લાહ સિવાય અન્યને પાક કહેવાનું પણ શિર્ક કહી દે ! જ્યારે કે ખાવા, કપડાં, જમીન અને હજારો ચીજોને હજારો વખતે પોતાના મોઢેથી પાક કહે છે, પણ મદીના તથા બગદાદને પાક કહેવાની વાત આવે તો કહે છે કે અમારા મૌલાના, પાક બોલવું ગૈરુલ્લાહને માટે શિર્ક કહે છે ! એવાઓને ખુદા તથા ખુદાના રસૂલ સાથે શું સંબંધ ?! એવા તો દેવના જ બંદા હોય શકે છે, તો એઓ ક્યારે માન્ય કરશે કે કોઈ મહોબ્બતમાં અલ્લાહના મહબૂબ ﷺને આ પ્રમાણે કહે ?!

*શાહા તેરી રહમતકા ઈશારા હો જાએ – રોશન મેરે બખ્તકા સિતારા હો જાએ*
*ઈસ સાનેઅ મુત્લક઼ કો જો આયી હૈ પસંદ – વો શક્લ મેરી આંખકા તારા હો જાએ*

હે નજદી બદબખ્ત ! તારા વિશે તો મારા આક઼ાએ કેટલી સદીઓ પહેલાં જ ફર્માવી આપ્યું છે : لا يعودون فيه حتى يعود السهم الى فوقة "તેઓ દીનથી એવા નીકળી જશે. અને પરત અહીં આવી શકે જેવી રીતે તીર કમાનથી નીકળી ગયા પછી પરત નથી આવતું." *(કન્ઝુલ આમાલ, ૪/૩૪)* જેથી ભવિષ્યમાં પણ કોઈ ઉમ્મીદ નથી કે તું મુસ્તફા ﷺની ગુલામીમાં પરત આવી શકે જાણે તુ અઝલથી અબદ સુધી અલગ છે. આ તારી બદનસીબી નથી તો શું છે ?! હે *સોચનેકી બાત ઈસે બાર બાર સોચ !*

**દશ્તે ગરદૂ પેશે તયબહકા અદબ**
**મક્કા સા થા યા સિવા ફિર તુઝકો ક્યા**

**અર્થાત** : ઔર અય ગુસ્તાખ નજદી ! જ્યારે તું મક્કાવાળા તથા મદીનાવાળા (મક્કી–મદની) આક઼ાની અઝમતનો જ મુન્કિર છે તો પછી તને શું હક્ક઼ છે કે એ બહષોમાં પડે કે મક્કા અફઝલ છે કે મદીના ?! અને મદીનાના મેદાન તથા રણો અફઝલ છે. આ વધારે શાનવાળુ છે કે તે ?! તારે એની સાથે શું લેવા દેવા ?! આ

વિષય તો ઈશ્ક઼ો મહબ્બતવાળાઓનો છે અને અદબ તથા એહતેરામવાળાઓનો છે જેનાથી તારો દામન પૂરેપૂરો ખાલી છે. તારાથી મોટો બદનસીબ કોણ હશે.

**નજદી મરતા હૈ કે ક્યૂં તા'ઝીમ કી**
**યહ હમારા દીન થા ફિર તુઝકો ક્યા**

**અર્થાત :** આ નજદી બાકીનું સર્વ કાંઈ સહન કરી શકે છે, બલ્કે શરાબ, ઝિના જેવી લઅનતો પર પણ એને એટલો ગુસ્સો નથી આવતો જેટલો કે મેહફિલે મીલાદ (જે સરાસર તાઝીમે મુસ્તફા ﷺ માટે થાય છે) પર એને એવો ગુસ્સો આવે છે કે ગુસ્સાથી પાગલ થઈ જાય છે અને સળગીને ક઼બાબ બની જાય છે. અરે ! જાલિમ ! તું જા જહન્નમમાં (قل موتوا بغيظكم "તેમને કહી દો કે મરી જાવ પોતાના ગુસ્સામાં.") આ તો અમારો દીન તથા અક઼ીદો છે, તું શા માટે મરવા પડયો છે અને તને કેમ સાપ સુંઘી ગયો છે ?!

**એક અજબની હિકાયત :** મૌલાના મુહમ્મદ શેર સાહબ "સુન્ની ઉલમાકી હિકામત"માં લખે છે કે :

ઈ.સ. ૧૯૫૪માં જ્યારે હું હજના માટે ગયો અને સરવરે આલમ ﷺના હુઝૂર હાજર થયો તો મેં જોયું કે નજદી સિપાહી રોઝા શરીફની જાળીને ચૂમવાનુ તો શિર્ક સમજે જ છે, તેઓ મસ્જિદની દીવાલને ચૂમવાથી પણ રોકે છે ! અને આશ્ચર્ય એ વાત પર થયું કે મસ્જિદની દીવાલને ચૂમવાથી તો રોકે છે પણ મસ્જિદના નજદી ઈમામના હાથ લોકો ચૂમતા હતા એમાં તેમને શિર્ક નજર નથી આવ્યું !

એક દિવસે અસરની નમાઝ બાદ હું ખૂબ જ ભીડભાડમાં મસ્જિદના મેહરાબને અડીને ઉભો રહીને બારગાહે રિસાલતમાં સલામ અર્ઝ કરી રહ્યો હતો. મારા એક સાથીએ મસ્જિદની દીવાલને ચૂમી લીધી. મસ્જિદનો નજદી ઈમામ મેહરાબમાં બેઠો હતો અને તેની સાથે જ એક નજદી સિપાહી બેઠો હતો. તે સિપાહીએ તરત જ મારા સાથીને ધમકાવ્યો અને કહ્યું, حاجی! هذا حرام "હાજી ! આ હરામ છે !" મેં તે જ વખતે એ સિપાહીને સંબોધીને કહ્યું : اَلنَّاسُ يُقَبِّلُوْنَ يَدَ الْاِمَامِ لِمَ لَا تَمْنَعُهُمْ "લોકો જ્યારે મસ્જિદના ઈમામનો હાથ ચૂમે છે તો એ વખતે તમે તેમને કેમ નથી રોકતા ?" નજદી સિપાહીએ મને જોયો કે આ કોઈ અરબી બોલવાવાળો પાકિસ્તાની છે, તો કહેવા લાગ્યો : هُوَ يَدُ الْعَالِمِ "આ તો આલિમનો હાથ છે !" મેં કહ્યું : وَهٰذَا جِدَارُ مَسْجِدِ النَّبِيِّ "અને આ મસ્જિદે નબવીની દીવાલ છે." તે બોલ્યો : هٰذَا حَجَرٌ وَمَدَرٌ "આ પથ્થર તથા માટી છે." તો મેં જવાબ આપ્યો : وَهُوَ لَحْمٌ وَعَظْمٌ "અને તે ગોશ્ત તથા હાડકાં છે !" એના પર તે અન્ય તો કાંઈ ન કહી શક્યો, હા ! એવું કહ્યું : رُحْ رُحْ "ચાલ ! ચાલ!" તો મેં પણ કહ્યું, اَنْتَ رُحْ "તું પણ ચાલ !"

**દેવ તુઝસે ખુશ હૈ ફિર હમ ક્યા કરેં**
**હમસે રાઝી હૈ ખુદા ફિર તુઝકો ક્યા**

**અર્થાત :** શૈતાન જો પોતાના ચેલાઓ (નજદીઓ)થી ખુશ છે તો થતો રહે, અમારે શું ?! અને અમારો ખુદા પોતાના મહબૂબ ﷺના સદક઼ાથી અમારા પર ખુશ છે તો તારે શું ?! તને તે મુબારક અમને આ મુબારક !

*યહ બળે કરમ કે હૈ ફૈસલે – યહ બળે નસીબકી બાત હૈ*

રાષ્ટ્રગીતના સન્માનમાં ઉભા થઈ જવાનું તમારા મુક઼દ્દરમાં આવ્યું અને સલાતો સલામના માટે ઉભા થવાનું અમારા નસીબમાં છે.

નજદી હુકૂમતની વર્ષગાંઠ "ઈદુલ વતની" ધૂમધામથી મનાવવી એ તમારું મુક઼દ્દર, અને અમારા આક઼ા ﷺની મીલાદે પાકના દિવસે જશ્ન મનાવીને فلیفرحوا તથા اما بنعمۃ ربک فحدث એ અમલ કરવો અમારું નસીબ છે.

**એક આશ્ચર્યજનક બનાવ :** અલ્લામા ઈકબાલ ટાઉન નશ્તર બ્લોકમાં ક઼ારી હુસૈન રિફ઼ાઈના મકાન પર કુવૈતના માજી વઝીર અને રિફ઼ાઈ સિલસિલાના રૂહે રવાં હઝરત સૈયદ હાશિમ રિફ઼ાઈએ મૌલાના અબ્દુલ હકીમ શરફ઼ ક઼ાદરી, મુફ઼તી મુહમ્મદ, મુફ઼તી મુહમ્મદખાન ક઼ાદરી અને અન્ય કેટલાય ઉલમાની મૌજૂદગીમાં (આ આજિઝ ગુલામ હસન ક઼ાદરી પણ ત્યાં હાજર હતો) હાજી મુહમ્મદ ઈસ્હાક મર્હૂમ (દારોગાવાળા)ના સાહબઝાદા અબ્દુર્રઝ઼્ઝાક સાહબની ઝબાનથી એક બનાવ સંભળાવ્યો (કેમ કે શયખની ભાષા અરબી છે, તેમણે ચાહ્યું કે સર્વ લોકો સમજી જાય અને વળી આ બનાવ ખુદ અબ્દુર્રઝ઼્ઝાક઼ સાહબ સાથે ઉપસ્થિત થયો એટલા માટે એમની જ ઝબાન વડે સંભળાવ્યો) જેથી હાજી અબ્દુર્રઝ઼્ઝાક સાહબે વર્ણવ્યું કે હું જ્યારે પ્રથમ વાર સઊદિયા ગયો તો મારા એક જાણવાવાળાએ મને કેટલોક સામાન આપ્યો કે મારા ફલાણા દોસ્તને પહોંચાડી આપજો. મેં ચેક ન કર્યું કે એમાં શું શું છે ? જિદ્દાથી મક્કા અને મક્કાથી મદીના ગયો તો કેટલાક સિપાહી પોલીસ સ્ટેશન લઈ ગયા (વિના કારણે) મારો સામાન ખોલ્યો તો એ સામાનમાંથી જે મેં કોઈનો ઉઠાવેલો હતો એક સ્ત્રીની નગ્ન તસ્વીરો નીકળી. તસ્વીર શું નીકળી કે મારા પગો નીચેથી જમીન સરકી ગઈ ! દિલમાં વિચાર્યું કે હવે બચી શકીશ નહીં ! સઊદિયામાં તો આ મામલામાં સાંભળ્યું છે કે ખૂબ જ સખ્તી કરે છે. (જો કે પોતાના ઘરોમાં તેઓ સર્વ કાંઈ કરે છે !) જેથી હું વારંવાર ઓફિસરનો ચહેરો તાકતો કે હમણા મને સજાનો હુકમ સંભળાવશે. ઓફિસર સમજી ગયો કે હું આટલા પ્રમાણમાં કેમ ડરી ગયો છું. તેણે તસ્વીર મારા ખિસ્સામાં રાખી દીધી અને કહ્યું, એને છોડ ! મને એ બતાવ કે મેહફિલે મીલાદ જાઈઝ છે કે નાજાઈઝ ?! મારા આશ્ચર્યનો પાર ન રહ્યો અને જે હું પ્રથમ વાત ભૂલીને એ વિચારમાં પડી ગયો કે યા અલ્લાહ ! આ લોકો કેટલા જાલિમ છે કે આટલો મોટો ગુનોહ એની એમની ત્યાં કોઈ વાત જ નથી ! અને જો દુનિયામાં કોઈ ગુનોહ છે તો એમને ત્યાં મેહફિલે મીલાદ જ સૌથી મોટો ગુનોહ છે.

**દેવ કે બંદોંસે હમકો ક્યા ગરઝ ?!**
**હમ હૈં અબ્દુલ મુસ્તફ઼ા ફિર તુઝ કો ક્યા**

**અર્થાત :** હે દેવના બંદાઓ ! (દેવબંદીઓ !) અમારે તમારાથી ન કોઈ કામ છે અને ન તો તમો અમારા કામના છો. બલ્કે તમો ગુસ્તાખીએ રસૂલ ﷺના કારણે કોઈ કામના નથી રહ્યા. (રાજકીય તૌર પર શક્તિ મળી જવી કોઈ એવી વાત નથી, કેમ કે છેવટે ફિરઔન, નમરૂદ, યઝીદ પણ તો આ જ દુનિયામાં રાજ કરી ગયા છે. મક્કાના કુરૈશઓએ મક્કા પર હુકૂમત નથી કરી ? દૌલત આવી જવી એ કોઈ કમાલની વાત નથી. છેવટે ان قارون کان من قوم موسی કુર્આનમાં નથી પઢયું ?!) તમો જેના ચાહો બનો અમારે તમારી સાથે શું લેવા દેવા ! અને અમે તો અમારા પ્યારા મુસ્તફ઼ા ﷺના બંદા તથા ગુલામ છીએ પછી તમારો અમારાથી શો સંબંધ ?!

**તેરી દોઝખસે તો કુછ છીના નહીં**
**ખુલ્દમેં પહૂંચા 'રઝા' ફિર તુઝકો ક્યા**

*(ખુલ્દ = જન્નત)*

**અર્થાત :** જો મને (ગદાએ દરે ખૈરુલ વરા, અબ્દુલ મુસ્તફા અહમદ રઝાને) અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺની મદહ સરાઈ (પ્રશંસા કરવા)ના કારણે જન્નત અતા કરી આપી છે તો તું માથુ પીટીને શા માટે રહી ગયો છે ?! હું કાંઈ તારા ઘર (દોઝખ)માં જઈને તારું કાંઈ લૂટી લાવ્યો છું ? ખુદા તને હમેશાં ત્યાં રાખે, અને પોતાના મહબૂબના સદકામાં મને હમેશાં અહીં રાખે. આ ખુદાઈ ફેંસલો છે અને :

*યહ બળે કરમ કે હૈ ફૈસલે – યહ બળે નસીબકી બાત હૈ*

## (નઅત શરીફ : ૭૬)

**વહી રબ હૈ જિસને તુઝકો હમાતન કરમ બનાયા**
**હમેં ભીક માંગનેકો તેરા આસ્તાં બતાયા**

*(હમાતન = આખુ શરીર, સંપૂર્ણપણે. કરમ = બખ્શિશ, સખાવત. આસ્તાં = ચોખત, દરવાજો)*

**અર્થાત** : હે પ્યારા આક઼ા તથા મૌલા ! અમારો પરવરદિગાર તો બસ તે જ એકલો રબ્બુલ આલમીન છે જેણે આપને સરાપા કરમ તથા સંપૂર્ણપણે બખ્શિશ તથા અતા બનાવ્યા છે અને એ વહદહૂ લાશરીકે અમને (કરમની ખૈરાત, ગુનાહોની બખ્શિશ તથા શફાઅતની ભીખ માગવા માટે આપની બારગાહનો રસ્તો દેખાડયો છે. وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ "જો તેઓ જાનો પર જુલ્મ કરી બેસે તો બખ્શિશના માટે) હે મહબૂબ ! આપની બારગાહમાં આવી જાય." *(સૂ. નિસાઅ્, ૪/૬૪)* તેમજ ફર્માવ્યું, وَاَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ "અને માંગનારાને ન તતડાવો." *(સૂ. દુહા, ૯૩/૧૦)* એટલે કે એને અલ્લાહના આપેલા ખજાનાઓમાંથી અતા કરો. હે અલ્લાહ ! હમ્દ (પ્રશંસા)ને લાયક તો કેવળ તારી જ જાત છે.

*ષના ગો પત્તા પત્તા હે ખુદાયા દમ બદમ તેરા – ઝમીનો આસ્માં તેરે હૈં મૌજૂદો અદમ તેરા*
*જો દુન્યામેં તેરા ખાકર તેરે શિકવે કરેં યા રબ ! – તઅજ્જુબ હૈ કે ઉન પર ભી રહે લુત્ફો કરમ તેરા*

**અર્થાત** : આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہની આ નઅતના આ પ્રથમ શેઅરમાં હમ્દે ખુદા તથા નઅતે મુસ્તફાને જે હસીન અંદાઝમાં તૌહીદ તથા રિસાલતના તફાવતને યથાવત રાખીને જમા કરવામાં આવેલ છે એ આપનો જ હિસ્સો છે. અને અહલે સુન્નતના વિરોધીઓના મોઢા પર એક જોરદાર તમાચો છે જેઓ દિવસ રાત એવું કહેતાં નથી થાકતા કે, "સુન્ની લોકો અલ્લાહ તઆલાની હમ્દ તો પઢતા નથી, કેવળ નઅતો પર જ જોર દીધા કરે છે." જોર એટલા માટે આપીએ છીએ કે તમે જે નઅતોના મુન્કિર થઈ ગયા છો ! અને અમો તે છીએ કે હમ્દે ખુદા જો અમારું ઈમાન છે તો નઅતે મુસ્તફા અમારા ઈમાનની જાન છે. અમે કેવળ તૌહીદ (રિસાલતના ઉલ્લેખ વિના)ના માનનારા નથી, બલ્કે તૌહીદનો દમ પણ ભરીએ છીએ અને શાહકારે રિસાલતનું નામ પણ જપીએ છીએ.

આપણા બુઝુર્ગોએ તૌહીદ તથા રિસાલત અને હમ્દે ખુદા તથા નઅતે મુસ્તફાને એવા ખૂબસૂરત અંદાઝમાં વર્ણન કર્યું છે કે નઝમ તથા નષર (ગદ્ય તથા પદ્ય)માં એનું દષ્ટાંત કોઈ શું રજૂ કરશે ?! જુઓ "તફસીરે નઈમી"નો તદ્દન પહેલો પારો અને તેને પ્રથમ જ પેરેગ્રાફ, મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہએ કેટલા સુંદર અંદાઝમાં હમ્દ તથા નઅતનો ગદ્યમાં હસીન ગુલદસ્તો ભેગો કર્યો છે.

**હમ્દ તથા દુરૂદ** : હમ્દ છે તે અલ્લાહ جل جلالہને જેણે હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને પેદા કર્યા. દુરૂદ હજો હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પર જેમણે અલ્લાહને જાહેર ફર્માવ્યો. હમ્દ તે અલ્લાહ તઆલાને જેણે અમને ઈન્સાન બનાવ્યા, દુરૂદ હજો એ મુસ્તફા صلی اللہ علیہ وسلم પર જેમણે આપણને મુસલમાન કર્યા. હમ્દ છે તે રબ્બે

કરીમની જેણે આપણને બોલતાં શીખવાડયુ, દુરૂદ હજો એ નબી રઊફો રહીમ પર જેણે આપણને કલમો પઢાવ્યો. હમ્દ છે તે રબ્બે બેનિયાઝને જેણે આપણને ઈમાન આપ્યું, દુરૂદ થજો તે સાહિબે તખ્તો તાજ પર જેણે આપણને કુર્આન આપ્યું. હમ્દ છે એ માલિકિ યૌમિદ્દીનના માટે જેણે જમીન પર ઈન્સાન વિખેર્યા, દુરૂદ હજો એ શાહે અર્શનશીન પર જેણે એ વિખેરાયેલા માનવોને ભેગા કર્યા. હમ્દ છે એ રબને જેણે રંગબેરંગી માનવ બનાવ્યા, દુરૂદ થજો એ નબી ﷺ પર જેણે એમને મુસલમાન બનાવીને એકરંગી કરી દીધા.

*સિબ્ગતુલ્લાહ હસ્ત રંગ ખુમ ઊ – હસ્તહા યક રંગ ગરદદ અંદર ઊ*

હમ્દ છે તે રબને જેણે આપણને બુધ્ધિ તથા હોશ આપ્યાં, દુરૂદ હજો એ નબી પર જેણે આપણને જામે ઈર્ફાન વડે મતવાલા તથા મદહોશ કર્યા. હમ્દ છે તે રબની જેણે નબુવ્વતના આસ્માન પર વિવિધ તારા ખિલવ્યા, દુરૂદ થજો આફતાબે રિસાલત પર જેણે પોતાના દામને નૂરમાં સર્વ તારાઓ છુપાવ્યા. હમ્દ તે જબ્બાર તથા કહહારને જેણે જહન્નમ ભડકાવી, દુરૂદ તે શફીએ રોઝે શુમાર પર જેણે એ ભડકતા જહન્નમને બુઝાવ્યો. હમ્દ છે તે સત્તાર તથા ગફ્ફાર માટે જેણે દારુલ ખુલ્દ (જન્નત) બનાવી, દુરૂદ હજો એ મદની સરકાર પર જેણે દારુલ ખલા વસાવ્યું. હમ્દ છે તે ખાલિક઼ને જેનાથી સૌની શરૂઆત થઈ, દુરૂદ થજો એ ખાતિમ પર જેના પર સૌનો અંત છે. દુરૂદ થજો એ નબી પર જેણે ફર્માવ્યું : لَا اِلٰهَ اِلَّا اللّٰهُ (લાઈલાહ ઈલ્લલ્લાહ), હમ્દ એ અલ્લાહને જેણે ફર્માવ્યું : مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ (મુહમ્મદુર્રસૂલુલ્લાહ) جل جلالہٗ و صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَصَحْبِهٖ وَبَارَكَ وَسَلَّمَ

**અન્ય અંદાઝમાં હમ્દો ષના :** આ હમ્દ તથા નઅતના અંદાઝને પદ્ય (કવિતા)ના અંદાઝમાં જુઓ, જ્યારે કે હકી઼કતમાં આ નઝમ નથી પણ નઝમ (કવિતા)ની લિજ્જત તથા ચાસણી એમાં આપને જરૂર મળશે.

*હમ્દો ષના ઉસ્કે લિયે જો ખાલિકે મુસ્તફા હૈ–સલાતો સલામ ઉસ પર જો હબીબે કિબ્રિયા હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો રબ્બુલ આલમીન હૈ–સલાતો સલામ ઉસ પર જો રહમતુલ્લિલ આલમીન હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો માલિકે યૌમિદ્દીન હૈ–સલાતો સલામ ઉસ પર જો શફીઉલ મુઝનબીન હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો અહસનુલ ખાલિકી઼ન હૈ–સલાતો સલામ ઉસ પર જો ખાતમુન્નબીય્યિન હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો અહકમુલ હાકિમીન હૈ–સલાતો સલામ ઉસ પર જો રઊફો રહીમ હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો ગફૂરો રહીમ હૈ–સલાતો સલામ ઉસ પર જો અલા ખુલુકિ઼ન અઝીમ હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો અલીય્યુલ અઝીમ હૈ–સલાતો સલામ ઉસ પર જો કાફ્ફતુલ્ લિન્નાસ હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો અલીમુન્ ક઼દીર હૈ–સલાતો સલામ ઉસ પર જો સિરાજમ્મુનીર હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો સમીઉમ્બસીર હૈ–સલાતો સલામ ઉસ પર જો બશીરો નઝીર હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો ગફુરુન શકૂર હૈ–સલાતો સલામ ઉસ પર જો જાઅકુમ મિનલ્લાહિ નૂર હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો સાહિબે ફઝ્લે અઝીમ હૈ–સલાતો સલામ ઉસ પર જો મહબતે ફઝ્લે અઝીમ હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો રહીમો વદૂદ હૈ–સલાતો સલામ ઉસ પર જો સાહિબે મક઼ામે મહમૂદ હૈ*

હમ્દો ષના ઉસ્કે લિયે જો રહીમો રહમાન હૈ–સલાતો સલામ ઉસ પર જો સાહિબે કુર્આન હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે وَالضُّحٰی وَاللَّيْلِ اِذَا سَجٰی–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰی હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો ફર્માએ وَجْهِكَ فِي السَّمَآءِ–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ قِبْلَةً تَرْضٰهَا હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ مَا يَنْطِقُ عَنِ الْهَوٰی–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ اِلَّا وَحْیٌ يُّوْحٰی હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ سُبْحَانَ الَّذِیْ اَسْرٰی–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ لِنُرِيَهٗ مِنْ اٰيٰتِنَا હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ ثُمَّ دَنَا فَتَدَلّٰی – સલાતો સલામ ઉસ પર જિસકે લિએ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰی હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغٰی–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ مَا كَذَبَ الْفُؤَادُ مَا رَاٰی હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ فَاَوْحٰی اِلٰی – સલાતો સલામ ઉસ પર જિસકે લિએ عَبْدِهٖ مَا اَوْحٰی હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ اَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَ–સલાતો સલામ ઉસ પર જિસકે લિયે وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ فَلَا وَرَبِّكَ–સલાતો સલામ ઉસ પર જિસકે લિયે لَعَمْرُكَ
હમ્દો ષના ઉસ્કે લિયે જિસ્કે આગે ઝુકે મુસ્તફા –સલાતો સલામ ઉસ પર જિસ પર સલાત ભેજે ખુદ ખુદા
હમ્દો ષના ઉસ્કે લિયે જો નામસે ઈબ્તિદા– સલાતો સલામ ઉસ પર જિસકે નામ પે હૈ ઈન્તિહા
હમ્દો ષના ઉસકે લિયે જો ફર્માએ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ–સલાતો સલામ ઉસ પર જો ફર્માએ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ

પરંતુ હમ્દનો વિષય ત્યાં સુધી સંપૂર્ણ નથી થતો જ્યાં સુધી કે તે હમ્દવાળા રબ્બુલ આલમીનના પ્યારા હબીબ રહમતુલ્ લિલ્આલમીનની બાબરકત ખૂબીઓનું વર્ણન ન કરવામાં આવે અને લોકોને એ ન બતાવવામાં આવે કે :

- ❐ مَا وَقَعَ ظِلُّهٗ عَلَى الْاَرْضِ قَطُّ કદી આપનો સાયો જમીન પર નથી પડયો. (صلی اللہ علیہ وسلم)
- ❐ مَا ظَهَرَ بَوْلُهٗ عَلَى الْاَرْضِ قَطُّ કદી આપનો પેશાબ જમીન પર જાહેર નથી થયો. (صلی اللہ علیہ وسلم)
- ❐ لَمْ يَقَعْ عَلَيْهِ الذُّبَابُ قَطُّ કદી આપના પર માખી નથી બેઠી. (صلی اللہ علیہ وسلم)
- ❐ لَمْ يَحْتَلِمْ......قَطُّ કદી આપને એહતેલામ નથી થયો. (صلی اللہ علیہ وسلم)
- ❐ لَمْ يَتَثَاوَبْ قَطُّ કદી આપને બગાસુ નથી આવ્યું. (صلی اللہ علیہ وسلم)
- ❐ لَمْ تَهْرِبْ مِنْهُ دَابَّةٌ قَطُّ કદી આપનાથી જાનવર નથી ભાગ્યું. (صلی اللہ علیہ وسلم)
- ❐ وُلِدَ مَخْتُوْنًا આપ ખત્ના થયેલા પેદા થયા. (صلی اللہ علیہ وسلم)
- ❐ تَنَامُ عَيْنَاهُ وَلَا يَنَامُ قَلْبُهٗ આપની આંખો સૂએ છે પણ દિલ કદી નથી સૂતુ. (صلی اللہ علیہ وسلم)
- ❐ كَانَ يَنْظُرُ مَنْ وَّرَائِهٖ كَمَا يَنْظُرُ مِنْ اَمَامِهٖ આપ જેવું આગળ જોતા હતા એવું જ પાછળ જોતા હતા. (صلی اللہ علیہ وسلم)
- ❐ اِذَا جَلَسَ بَيْنَ قَوْمٍ كَانَتْ كَتِفَاهُ اَعْلٰى مِنْهُ જ્યારે આપ કોઈ મજલિસમાં બેસતા તો આપ સૌથી ઉચ્ચ જણાતા. (صلی اللہ علیہ وسلم)

(صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَصَحْبِهٖ وَبَارَكَ وَسَلَّمَ) (જવાહિરુલ બિહાર, પેજ–૯૬૭)

*તેરી સૂરત તેરી સીરત ઝમાનેસે નિરાલી હૈ – તેરી હર હર અદા પ્યારે દલીલે બે મિષાલી હૈ*

હુઝૂર ﷺની અન્ય હજારો વિશિષ્ટતાઓને જો ન પણ જુઓ તો પણ ઉપરની દસ વિશિષ્ટતાઓ જ એ ફૈસલો કરવા પૂરતી છે કે : *બળે બેઅદબ ઔર ગુસ્તાખ હૈં જો–તુઝે અપને જૈસા બશર દેખતે હૈ !*

અમારો તો તાલિબે ઈલ્મ મદ્રસામાં દાખલ થાય છે તો તેને પ્રથમ સબક જ હમ્દે બારી તઆલાનો આ આપવામાં આવે છે :

کریما بہ بخشائے برحال ما۔کہ ہستم اسیر کمند ہوا
نداریم غیر از تو فریاد رس۔توئی عاصیاں را خطا بخش وبس
نگہداً مارا زراہِ خطا۔خطا در گزار و صوابم نما

**અર્થ** : હે કરીમ તું અમારા હાલ પર રહમ કર ! હું નફ્સના શિકંજાનો કેદી છું. અમારો તારા સિવાય કોઈ મદદગાર નથી, તું જ ગુનેહગારોના ગુનાહ માફ કરનાર છે. અમને બુરા રસ્તાથી બચાવ, ભૂલ માફ કર અને સીધો માર્ગ દેખાડ.

પરંતું અમે આટલેથી સંતોષ માનવાનુ પૂરતુ નથી સમજતા, કેમ કે આટલુ તો દરેક કહી લે છે, બીજાઓથી તથા અમારી રાહો ત્યારે થઈ જાય છે જ્યારે الیس اللہ بکاف عبدہના પર્દામાં તે કેવળ એટલુ જ પૂરતુ સમજે છે, અને સાથે એ પણ જરૂરી સમજીએ છીએ કે :–

زباں تابود در دھاں جائے گیر ۔ ثنائے محمد بود دل پذ یر
سوار جہانگیر یکراں براق ۔ کہ بگذشت از قصر نیلی رواق
حبیب خدا اشرف انبیاء ۔ کہ عرش مجیدش بود متّکا

**અર્થ** : "જ્યાં સુધી મોઢામાં જીભ રહે નબી કરીમ ﷺની પસંદીદા તારીફ થતી રહે. તેજ ગતિવાળા બુર્રાકની સવારી કરનારા બાદશાહ જે ભૂરા રંગની છતવાળા મહેલ (આસ્માન)થી પણ આગળ સુધી પહોંચી ગયા. અલ્લાહના હબીબ અંબિયાએ કિરામમાં સૌથી ઉત્તમ કે અર્શે મજીદ જેમની ટેક બની.

એનું કારણ એ છે કે જ્યારે અલ્લાહ તઆલાએ દરેક જગાએ પોતાના મહબૂબ ﷺને પોતાની સાથે રાખ્યો (નમાઝ, અઝાન, ખુત્બો, ઈક઼ામતમાં) અને એવું ફર્માવી આપ્યું છે.

ان الذین یکفرون باللّٰہ ورسلہ ویریدون ان یفرقوا بین اللّٰہ ورسلہ કે અલ્લાહ તઆલા તથા તેના રસૂલોમાં જુદાઈ પાડવી અને તેમને એકબીજાના ગૈર જાણીને નબીઓને ખુદાની સરખામણીમાં ખડા કરવા જેમ કે આપણા દૌરમાં નામ માત્રના (મુવહ્‌હિદ) કરે છે.) એ કાફિરોનું કૃત્ય છે. અને وَالضُّحٰی۔ وَالَّیْلِ اِذَا سَجٰی۔وَ التِّیْنِ وَ الزَّیْتُوْنِ۔لا اقسم بھذا البلد۔یا ایھا المزمل જેવી સૈંકડો કુર્આની આયતોનો તકાઝો એ છે કે :–

*મન્શા યહી હૈ સિલસિલએ કીલો કાલ કી–હોતી રહે તા'રીફ તેરે હુસ્નો જમાલ કી*

આપણા મોઢામાં જીભ કેવળ ખુદાની હમ્દ કરીને ગુંગી થઈ જવા માટે નથી બલ્કે હમ્દ પછી :

*દી ઝબાં હક઼્ક઼ને ષનાએ મુસ્તફ઼ાકે વાસ્તે—દિલ દિયા હુબ્બે હબીબે કિબ્રિયાકે વાસ્તે*

*જાનવર પૈદા કિયે તેરી વફ઼ાકે વાસ્તે – ખેતિયાં સર સબ્ઝ કીં તેરી ગિઝાકે વાસ્તે*

*ચાંદ સૂરજ ઔર સિતારે હૈં ઝિયાકે વાસ્તે—સબકુછ હૈ તેરે લિયે ઔર તૂ ખુદા કે વાસ્તે*

**દરેક ચીજ અલ્લાહ તઆલાની હમ્દ કરે છે :–**

وان من شئ الا يسبح بحمده- لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہએ એકવાર એક પોપટને પકડયો તો તેણે જોર જોરથી ચીસો પાડવાનુ શરૂ કરી આપ્યું. આપને દયા આવી ગઈ તો આપે તેને છોડી મૂક્યો. તો પોપટ બોલીને કહેવા લાગ્યો, આજે મેં મારા અલ્લાહની તસ્બીહ નથી કરી અને આજે જ પકડાઈ ગયો છું.

**સવાલ** : જો કોઈ કહે કે જ્યારે કે દરેક ચીજ અલ્લાહ તઆલાની તસ્બીહ તથા હમ્દ કરે છે તો બેજાન ચીજોની હમ્દ તથા તસ્બીહ કરવાનો અવાજ આપણને કેમ નથી સંભળાતો ?

**જવાબ** : આ આપણા ઈમાનની કમજોરી તથા આપણી પોતાની અપાત્રતા જ હોય શકે છે, નહીં તો હદીષ શરીફમાં છે કે સહાબાએ કિરામ ફર્માવે છે : "અમે જે પ્યાલામાં ખાણુ ખાતા હતા. એનાથી અલ્લાહ તઆલાની તસ્બીહનો અવાજ પણ સાંભળતા હતા." (કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે કોઈ ખાણુ ખાઈને વાસણ સાફ કરશે, تستغفر له القصعه પ્યાલો એના માટે મગફિરતની દુઆ કરશે. આ ઈસ્તિગફારનો અવાજ સહાબાએ કિરામ સાંભળતા હતા.) અથવા એટલા માટે આપણે નથી સાંભળી શકતા જેથી ગાઈબ પર ઈમાનનો સવાબ મળતો રહે.

અથવા એટલા માટે કે હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہએ એકવાર ખયાલ કર્યો કે જ્યારે દરેક ચીજ અલ્લાહ તઆલાની તસ્બીહ કરે છે તો આપણે સાંભળી કેમ નથી શકતા ?! જેથી ઈસ્તિંજો કરવા માટે જે ઢેફુ પકડતા એનાથી અલ્લાહ અલ્લાહનો અવાજ આવવા લાગતો. અને દિલમાં ઈલ્કાઅ્ થયો કે હવે સમજી ગયા અવાજ કેમ નથી આવતો ?! જેથી તમારી રોજનીશી સારી રીતે ચાલતી રહે.

*હમ્દ કે હૈં હઝારહા ઉન્વાન – હાફ઼િઝે બેહુનર સે ક્યા હો બયાં*

સાબિત થયું કે દરેક ચીજમાં જલ્વા એ જ જાતના છે, એ અલગ વાત છે કે તે જલ્વાવાળો જોવા નથી મળતો. કેમ કે તે જાત ન નજરમાં આવે છે ન સમજમાં. બસ ! આ જ એની પેહચાન છે.

*તૂ દિલમેં તો આતા હૈ સમઝમેં નહીં આતા – બસ જાન ગયા મૈં તેરી પહચાન યહી હૈ*

જ્યારે આંધી ચાલે છે તો ઘાસ પાંદડાં ઉડતાં જોવા મળે છે પણ તેમને ઉડાડનારી હવા જોવા નથી મળતી. જો હવા દેખાવા માંડે તો ઘાસપાંદડાંને કોણ જોશે, અને જો હયાતનું કારખાનુ ચલાવનારી જાત નજર આવી જાય તો આ બિચારી દુનિયાની તરફ કોણ ધ્યાન કરશે ?! પરંતું કેમ કે અલ્લાહે એક મુદ્દત સુધી દુનિયાને ચલાવવાની છે એટલા માટે પોતાની જાતને છુપા પર્દામાં રાખી અને જોયા વિના પોતાની હમ્દ કરવાનો હુકમ આપી દીધો અને એનાથી કોઈને ઈન્કાર પણ ન થશે.

જો વહદતુલ વજૂદનો એ મતલબ હોય તો એમાં કાંઈ ખરાબી નથી કે દુનિયા તો ઘાસ તણખલાઓની જેમ છે

એને શું જોવાની ? અલ્લાહને જોવાની તૈયારી કરો, કેમ કે તે જ એક જાત છે જે વાજિબુલ વજૂદ છે. અને મુમ્કિનુલ વજૂદનું શું છે ?! ક્યારેક ન હતુ, અત્યારે છે, પછી નહીં હોય. જેનું હોવું ન હોવું એક સમાન હોય તેને "લા શયઉન"ના હુકમમાં જ સમજો ! એનું એક સરસ દષ્ટાંત આપવામાં આવે છે કે સળગતો અંગારો કે જેને જોરથી ઘુમાવવામાં આવે તો એવું લાગે છે કે જાણે વર્તુળ બનેલું છે. જ્યારે કે તે વર્તુળ નથી, બલ્કે કેવળ એક કોયલો છે બાકી સૌ તેના જ જલ્વા છે.

નબી અકરમ ﷺના ફર્માનની રોશનીમાં આપણે ન અલ્લાહની ઈબાદતનો હક્ક઼ અદા કરી શકીએ છીએ અને ન તેની હમ્દનો ન મઅરેફતનો ما عبدناك حق عبادتك وما عرفناك حق معرفتك અને જે રીતે તે જાત ખુદ પોતાની હમ્દો ષના કરી શકે છે તેવી કોણ કરી શકે છે ?!

*આજિઝ હૂં તેરી હમ્દકા ઈદરાક નહીં હૈ—તૂ હી મેરે બેરબ્તસે લફ઼્ઝોંકો અષર દે*

કેમ કે :— *હમ્દ લિખનેકો ક઼લમ, જિબ્રઈલકા પર ચાહિયે—રોશનાઈકે લિયે ભી આબે કૌષર ચાહિયે*

*ઝિંદા અઝલસે તા અબદ મૈં અગર રહૂં—યા રબ મૈં તેરી હમ્દ તો ફિર ભી ન કર સકૂં*

*હમ્દ કા હક્ક઼ હો નહીં સકતા અદા – હમ્દ કો લાઝિમ હૈ બન જાએ દુઆ*

તેમ છતાં પણ તેની હમ્દ કરું છું કે લખુ છું તો કેવળ એટલા માટે કે :

*હમ્દ રબકા વિર્દ કરતા હૂં – ફ઼િક્ર કો મોતીયોંસે ભરતા હૂં*

**તુમ્હીં હાકિમે બરાયા તુમ્હીં ક઼ાસિમે અતા યા**
**તુમ્હી દાફ઼એ બલાયા તુમ્હીં શાફ઼ેએ ખતા યા**
**કોઈ તુમસા કૌન આયા**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! અલ્લાહ તઆલાએ આપને જ તમામ જહાનોના હાકિમ બનાવ્યા છે. (توتی الملك من تشاء. فلا وربك لا یومنون حتی یحكمون) આપ જ અલ્લાહ તઆલાની તમામ નેઅમતોને વહેંચનારા છો. (الله يعطي وانا قاسم) અલ્લાહના હુકમ તથા ઈઝ્નથી આપની જાત બલ્કે આપનું નામ પણ મુશ્કેલીઓને ટાળી દે છે.

આપ ખતાઓથી દરગુઝર કરનારા છો અને ઉમ્મતના ગુનાહોને તમારી શફાઅતના નૂરથી ન કેવળ મિટાવનારા છો બલ્કે નેકીઓમાં તબદીલ કરાવનાર છો. فاؤلئك يبدل الله سياتهم حسنت "તો એવાઓની બુરાઈઓને ભલાઈઓમાં બદલી નાખશે." *(સૂ. ફ઼ુર્ક઼ાન, ૨૫/૭૦)* હદીષમાં છે : بدلت سياٰتكم حسنات (મેં તમારી બુરાઈઓને ભલાઈઓમાં બદલી કાઢી) આ સર્વ નેઅમતો હુઝૂર ﷺના સબબથી ઉમ્મતને મળી છે. હે મારા આક઼ા તથા મૌલા ! આપ તો બે મિષ્લ બેમિષાલ તથા લાજવાબ તથા બાકમાલ છો. ભલા આપ જેવું કોણ થઈ શકે છે ! ખુદાએ તો આપનો સાયો પણ નથી બનાવ્યો, કેમ કે સાયામાં કાંઈક અંશે સરખાપણુ હોય છે, પછી આપના જેવા હોવાનો દાવો શૈતાન સિવાય કોણ કરી શકે છે ?! અને આપે તો એ ફર્માવ્યું કે શૈતાનનો રસ્તો પણ રોકી દેવામાં આવ્યો છે. فان الشيطن لا يتمثل بي શૈતાન મારા જેવો નથી બની શકતો. જેથી કોઈ શૈતાનથી પણ મોટો જ હશે જે પોતે પોતાને આપના જેવો કહેશે.

*બતલાઈયે કોઈ નબીકા દેખા સાયા – સાયેકા ભી હોતા હૈ કિસી જા સાયા*
*જબ સાયએ નૂરે અજલી વો ઠહરા – પળતા ક્યૂં કર ઝમીં પર ઉસકા સાયા*

**વો કુંવારી પાક મરયમ વો નફ્ખ્ત ફીહ કા દમ**
**હૈ અજબ નિશાને આ'ઝમ મગર આમિના કા જાયા**
**વહી સબસે અફઝલ આલા**

**અર્થાત :** બેશક ! હઝરત બીબી મરયમ (કુંવારી, પાક) સલામુલ્લાહ અલૈહાને ત્યાં ઈસા علیہ السلામનું વગર બાપના કેવળ ફૂંકના થકી (જે જિબ્રઈલે અલ્લાહના હુકમથી તેમના દામન પર લગાડી) પેદા થવું ઘણો જ આશ્ચર્યજનક કમાલ છે અને એ અલ્લાહ તઆલાની નિશાન ઠરી, પરંતુ સૈયદા આમિના તૈયબહ તાહિરા رضی اللہ عنہاને ત્યાં ઈમામુલ અંબિયા ﷺની પેદાઈશ પર મોટા મોટા આશ્ચર્યજનક બનાવો (કૈસર તથા કિસ્રાના મહેલોના કંગુરાનું તૂટી જવું, સદીઓથી ચાલતી આગનું ઓલવાય જવું, કા'બાનું હરકત કરવું, તારાઓનું ઝુકી જવું, જિન્નોનું સલામ પઢવું, મૂર્તિઓનું થરથરીને પડી જવું, નૂરાની ઝંડાઓને લગાડી દેવું) આ હાલાત તથા બનાવો બતાવે છે કે જો ઈસા علیہ السلام કુદરતનું કેવળ નિશાન હતા તો આપણા આકા કુદરતના નિશાને આ'ઝમ હતા.

*હૈં કા'બાએ કૌનેન રસૂલુષ્ષકલૈન – હૈં કિબ્લએ દારૈન નબીયુલ હરમૈન*
*ક્યૂં દોનોં જહાં ન ઉનકે દરપે માંગે – હૈં કાસિમે કુલ શય જદ્દુલ હસ્નૈન*

**યહી બોલે સિદરાવાલે ચમને જહાં કે થાલે**
**સભી મૈંને છાન ડાલે તેરે પાયેકા ન પાયા**
**તુઝે યકને યક બનાયા**

**અર્થાત :** સિદરતુલ મુન્તહાના સર્વ ફરિશ્તા પોતાના સરદાર હઝરત જિબ્રઈલ علیہ السلام સહિત એકી અવાજે પોકારી ઉઠયા કે અમે પૂરા જહાનને ફંફોળી કાઢયું છે પરંતુ હુઝૂર ﷺ જેવો મર્તબો તથા મકામ કોઈનો નથી. કારણ એનું એ છે કે એ વહદહૂ લાશરીકલહૂએ પોતાના મહબૂબ ﷺને બેમિષ્લ તથા બેમિષાલ (અનુપમ તથા અજોડ) બનાવ્યા છે. હઝરત જિબ્રઈલ علیہ السلامએ હુઝૂર ﷺની બારગાહમાં એકવાર પોતાનો ફૈંસલો આ પ્રમાણે સંભળાવ્યો : (او کما قال علیہ السلام) قبلت الارض مشارقھا و مغاربھا فلم ار مثلک

*આફાકહા ગરદીદાઅમ – બિસ્યાર ખૂબિયાં દીદાઅમ લેકિન તૂ ચીઝે દીગરી*

હું આખુ વિશ્વ ફર્યો છું, મોટા મોટા હસીન જોયા છે પરંતુ આપના જેવો કદી કોઈ નથી જોયો. પણ શું કરવામાં આવે છે કે :

*નાદાં ઉન્હેં અપને સા કરતે હૈં 'નિયાઝી' (લેકિન) ઝર્રા નહીં હોતા કભી ગૌહર કે બરાબર*

**فَاِذَا فَرَغْتَ فَانْصَبْ યે મિલા હૈ ઉનકો મન્સબ**
**જો ગદા બના ચૂકે અબ ઉઠો વક્તે બખ્શિશ આયા**
**કરો કિસ્મત અતાયા**

**અર્થાત :** કુર્આન મજીદમાં રબ્બુલ આલમીને પોતાના મહબૂબ ﷺને فاذا فرغت فانصب "તો જયારે

આપ ફારિગ થઈ જાવ તો પોતાના રબની બારગાહમાં ઉભા થઈ જાવ''નો મહાન હોદો અતા કર્યો છે. તો હે મારા પ્યારા આક઼ા ! ﷺ જેને આપે આપના ભીખારી બનાવી લીધો છે (یعبادی ફર્માને, اما السائل, ફર્માવીન, ولو انھم اذ ظلمو, ફર્માવીને)એ ભીખારી આપની ચોખટ પર સવારી બનીને ઉભેલા છે. ખુદારા ! ઉઠો ! (فانصب) અને તેમને અલ્લાહની અતાઓની વહેંચણી કરો.

*ક્યૂં હશ્રમેં ડર જાએં ગદાયાને નબી–ક્યૂં ક઼બ્રમેં ઘભરાએં ગદાયાને નબી*
*દુન્યામેં જો હૈ હબીબે હક્ક઼ કે ''બંદે''–તા હશ્ર હૈ સરપે ઉનકે દામાને નબી*
*(જમીલે ક઼ાદરી)*

**وَاِلٰی رَبِّکَ فَارْغَبْ કરૂં અર્ઝ સબકે મતલબ**
**કે તુમ્હીં કો તકતે હૈં સબ, કરો ઉન પર અપના સાયા**
**બનો શાફેએ ખતાયા**

**અર્થાત :** આ'લા હઝરત والی ربک فارغبની આયતથી પોતાના મતલબની વાત કરે છે કે જ્યારે અલ્લાહ તઆલાએ આપને હુકમ આપી દીધો છે કે આપ પોતાના રબની તરફ ધ્યાનિત થાવ ! તો પછી હે પ્યારા આક઼ા ﷺ તમારા રબની તરફ રુજૂઅ કરો ને ! અને અમારા સૌની હાજતો અલ્લાહની બારગાહમાં પેશ કરો ને ! આપના સર્વ ગદા તો કેવળ આપનું જ મોં તાકી રહ્યા છે કે હમણા આપણા આક઼ા પોતાની રહમતનો સાયો અમારા પર કરશે, શફાઅતના હોઠ હલાવશે અને અમે સૌ બખ્શાઈ જાશું.

*ક્યૂં હશ્રમેં બિગળી હૂઈ હાલત હોગી– કબ ઉનકે ગુલામોં પે ક઼યામત હોગી*
*ક્યા ખૌફ કરેં નારે જહન્નમસે 'જમીલ'– હમ પર તો વહાં હુઝૂર કી રહમત હોગી*

**અરે ! અય ખુદાકે બંદો કોઈ મેરે દિલકો ઢૂંઢો**
**મેરે પાસ થા અભી તો અભી ક્યા હુવા ખુદાયા**
**ન કોઈ ગયા ન આયા**

**અર્થાત :** (આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના મહબૂબથી વાતો કરતાં કરતાં એટલા પ્રમાણમાં ફના ફિર્રસૂલ થઈ ગયા કે પોતાના દિલની પણ ખબર ન રહી ! અને એ આલમમાં ગભરાયને કહે છે :) અરે ! હે ખુદાના બંદાઓ ! જરા મારા દિલની ખબર લો, ક્યાં ચાલ્યુ ગયું છે ?! હમણા તો અહીં જ હતું ! અને કોઈ આવ્યુ ગયું પણ નથી ! હે ખુદાયા ! મારું દિલ ! (દિલ ક્યાંથી મળ્યું ? મક઼તઅમાં જુઓ જે અમુક નુસ્ખાઓમાં તો આઠમો શેઅર છે, પણ મેં એમાં આ'લા હઝરતનું નામ હોવાથી છેવટમાં રાખ્યો છે જેથી સર્વ નઅતો સાથે એકરૂપતા થઈ જાય.) કેમ કે અલ્લાહના મહબૂબની વાતો જ એટલી પ્યારી અને મીઠી છે કે :

*લબે સાદિક઼સે જો સુખને તક઼રીર હો જાએ–કભી કુર્આન બન જાએ કભી તફસીર બન જાએ*
*મૈં જબ દેખું જહાં દેખું તુઝે દેખું–તૂ મેરી આંખકી પુતલીમેં યૂં તેહરીર હો જાએ*
*તમન્ના હૈ કિસી શબ ખ્વાબમેં ઉનકી ઝિયારત હો–તમન્ના હૈ કિસી શબ ખ્વાબમેં તાબીર હો જાએ*
*મદીને સે હમારા ક઼ાફલા ચલનેકા વક઼્ત આયા – ઈલાહી ક઼ાફલા ચલનેમેં કુછ તાખીર હો જાએ*

**કભી ખંદા ઝેરે લબ હૈ કભી ગિર્યા સારી શબ હૈ**
**કભી ગમ કભી તરબ હૈ ન સબબ સમઝમેં આયા**

**અર્થાત :** (દરે મુસ્તફા પર ગુમ થનારા પોતાની કૈફિયતો વર્ણવે છે) અજબનું દીવાનુ દિલ છે ક્યારેક મૂછોમાં હસે છે અને ક્યારેક દીદારની હસરતમાં આખી આખી રાત રડતુ રહે છે. ક્યારેક ગમથી નિઢાલ છે તો કદીક ખુશીથી ફૂલ્યુ નથી સમાતુ. આ કૈફિયતોના કારણે ન મને ખુદ સમજમાં આવ્યું અને ન તેણે કદી મને કાંઈ બતાવ્યું.

*યા રબ મેરે દિલમેં ઈશ્ક઼ અપના દે દે – જબ નબીકા સર મેં સોદા દે દે*
*હય બે સરો સામાં 'જમીલે રઝવી' – રહનેકા મદીને મેં ઠિકાના દે દે*

**કભી ખાક પર પળા હૈ સર ચર્ખ ઝેરે પા હૈ**
**કભી જોશે દર ખળા હૈ સરે બંદગી ઝુકાયા**
**તો ક઼દમમેં અર્શ પાયા**

*(ઝેરે પા = પગ નીચે, પેશે દર = દરવાજા સામે)*

**અર્થાત :** ક્યારેક મારું દીવાનુ દિલ ખાક પર લોટપોટ થાય છે તો કદી આસ્માનની ઉપર ઉડવાનું શરૂ કરી આપે છે અને આસ્માન તેના પગો નીચે થઈ જાય છે. ક્યારેક રોઝા પાકના દરવાજા પર અદબથી ગુલામીનો હક્ક઼ અદા કરવા માટે ઉભુ થાય છે અને એક ક્ષણમાં અર્શથી ઉપર પહોંચી જાય છે અને મેઅરાજુન્નબીના ખયાલોમાં ગુમ થઈ જાય છે.

**કભી વો તપકકે આતિશ કભી વો ટપકકે બારિશ**
**કભી વો હુજૂમે નાલિશ, કોઈ જાને અબ્ર છાયા**
**બળી જોશિશોંસે આયા**

*(તપક = દર્દની ગરમી, ટપક = ટપકવું, આતિશ = આગ, હુજૂમ = ભીડ, નાલિશ = રડવું, અબ્ર =વાદળ)*

**અર્થાત :** ક્યારેક તે દર્દના કારણે એટલા પ્રમાણમાં તડપે છે કે આગ બની જાય છે અને કદીક એ આગને પોતાના આંસુઓની વર્ષાથી બુઝાવે છે. ક્યારેક એના પર ગમોની એટલા પ્રમાણમાં ભીડ થઈ જાય છે કે જાણે કાળાં વાદળો છવાઈ ગયાં છે. આ હાલત એના પર ઘણી જ સખ્તી સાથે તથા જોશભેર થાય છે.

**કભી ચહકકે બુલબુલ કભી વો મહકકે ખૂદ ગુલ**
**કભી વો લહકકે બિલ્કુલ ચમને જિનાં ખિયાલા**
**ગુલે કુદ્સ લહલહાયા**

*(ગુલે કુદ્સ = મુબારક ફૂલ)*

**અર્થાત :** ક્યારેક મહબૂબની યાદ આવે છે તો મારુ દિલ એવું ગીત ગાનાર બને છે કે જાણે કોયલ જણાય આવે છે અને કદીક એમાં મહબ્બતે રસૂલની એવી ખુશ્બુ પેદા થઈ જાય છે કે સરાપા ફૂલ જણાવા લાગે છે અને પછી જ્યારે તેને મહબૂબના દીદાર લિજ્જત મળી જાય છે તો ખીલીને જન્નતનો બાગ બની જાય છે, અને પછી એ બાબરકત બાગ ફરી ખીલી ઉઠી લહેરાવા લાગે છે.

**કભી ઝિંદગી કે અરમાં કભી મર્ગે નવકા ખ્વાહાં**
**વો હયા કે મર્ગે કુ઼રબાં વો મવા કે ઝીસ્ત લાયા**
**કહે રૂહ હાં જિલાયા**

*(અરમાં = ઉમ્મીદ, મર્ગે નવ = નવુ મૃત્યુ, ખ્વાહાં = તાલિબ, મવા = મુર્દા, ઝીસ્ત = (જિંદગી)*

**અર્થાત** : ક્યારેક જીવંત રહેવાની ખ્વાહિશ કરે છે તો ક્યારેક દરેક પળે નવી મૌતનો તલબગાર બને છે, પણ એની જિંદગી એવી છે કે મૌત એના પર કુર્બાન થઈ જાય છે, અને તેની મૌત પણ મામૂલી નથી બલ્કે એવી છે કે હજારો જિંદગીઓ એના પર નિછાવર થઈ જાય છે અને મરીને પણ જીવંત જ રહે છે, કેમ કે મહબ્બતે રસૂલમાં શહીદ થયો છે અને શહીદ ઝિંદા જ હોય છે, બલ્કે લાખોને ઝિંદા રહેવાનો સલીકો શિખવાડી જાય છે. તેની જિંદગીને જોઈને ખુદ રૂહ પોકારી ઉઠે છે કે અસલ જિંદગી તો આ છે.

*ક્યા અક઼લને સમઝા હૈ ક્યા ઈશ્ક઼ને જાના હૈ—ઈન ખાક નશીનોંકી ઠોકરમેં ઝમાના હૈ*

**કભી ગમ કભી અયાં હૈ કભી સર્દ, ગહ તપાં હૈ**
**કભી ઝેરે લબ ફ઼ગાં હૈ કભી ચુપ કે દમ ન થાયા**
**રુખ કામ જો દિખાયા**

*(અયાં = જાહેર, સર્દ = ઠંડુ, ગહ = કદીક઼, તપાં = ગરમ, ફ઼ગાં =રડવુ, ચીખવું, દમ = શ્વાસ)*

**અર્થાત** : ક્યારેક મારું દીવાનુ દિલ (મહબૂબના જલ્વામાં) ગાયબ થઈ જાય છે અને ક્યારેક જાહેર તથા ઉઘાડુ થઈ જાય છે. ક્યારેક બિલ્કુલ ઠંડુ બરફ થઈ જાય છે. વળી પછી ક્યારેક એવું ગરમ થાય છે કે તન બદનને આગ લગાડી આપે છે. ક્યારેક હોઠ નીચે રડવાનુ શરૂ કરી આપે છે અને કદીક એવું ચુપ થઈ જાય છે કે એવું લાગે છે જાણે તેમાં દમ જ નથી રહ્યો. રૂહે પોતાના કામનો ચહેરો દેખાડયો છે. (એટલે કે પોતાનુ કામ બતાવી આપ્યું છે.)

આ'લા હઝરત رحمۃ اللہ علیہની આ રહસ્યમય દિલની વાતોને અવામ (પબ્લિક), ખાસ કરીને આ'લા હઝરતના દુશ્મનો તો પાગલપન કહેશે પણ અહલે દિલથી પૂછો કે એમને કેટલા પ્રમાણ લિજ્જત મળે છે.

*મહ઼બ્બત મઅના વ અલ્ફ઼ાઝમેં લાઈ નહીં જાતી – યહ એક ઐસી હક઼ીક઼ત હૈ જો સમઝાઈ નહીં જાતી*

**યહ તસવ્વુરાતે બાતિલ તેરે આગે ક્યા હૈ મુશ્કિલ**
**તેરી કુ઼દરતેં હૈં કામિલ ઉન્હેં રાસ્ત કર ખુદાયા**
**મૈં ઉન્હેં શફ઼ીઅ લાયા**

*(તસવ્વુરાતે બાતિલ = ગલત ખયાલો. કુ઼દરતેં = શક્તિઓ. રાસ્ત = સાચુ)*

**અર્થાત** : હે મારા અલ્લાહ ! તારી કામિલ કુદરતની સામે શું મુશ્કેલ છે કે તું મારા એ ફાસિદ ખયાલો (જે હજી સુધી પૂર્ણ નથી થઈ શક્યા એટલે બાતિલ કહ્યા)ને હક઼ીક઼તમાં તબદીલ કરી આપે અને મારા દિલને એ જ કૈફિયતો તથા બુલંદીઓ અતા ફર્માવી આપે. હું તારી બારગાહમાં તારા મહબૂબ ﷺની સિફ઼ારિશ લાવ્યો છું કે મારા એ દાવાઓને હક઼ીક઼ત બનાવી આપે.

*ઈઝ઼્ઝત વ ઐશ વ ઉલૂમ વ ફઝ઼્લ દે—હશ્ર તક યહ સિલસિલા જારી રહે*
*હો જમીલે ક઼ાદરી કી હર દુઆ—યા ખુદા મક઼બૂલ બહરે મુસ્તફા (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)*

**હમેં અય 'રઝ઼ા' તેરે દિલકા પતા ચલા બમુશ્કિલ**
**દરે રોઝ઼ાકે મુક઼ાબિલ વો હમેં નઝ઼ર તો આયા**
**યહ પૂછ કૈસા પાયા**

*(મુક઼ાબિલ = સામે)*

**અર્થાત :** (શેઅર નં. ૯ જેમાં આ'લા હઝરતે પોતાના દિલના ગુમ થઈ જવાનું એલાન શરૂ કર્યુ અને પછી એની નિશાનીઓ બતાવતા બતાવતા અહીં સુધી પહોંચ્યા, જેમ કે ગુમ થયેલ બાળકનું એલાન કરે છે : ઉમર આટલા વરસ આ રંગનાં કપડાં... વગેરે વગેરે. જ્યારે લોકોએ આ'લા હઝરતની દુહાઈ સાંભળી તો તેમણે ગુમ થયેલને શોધવાનું શરૂ કરી દીધું અને من جد و جد "જેણે કોશિશ કરી તે કામયાબ થઈ ગયો." છેવટે તેમણે દીવાના દિલની ખબર આપી જ દીધી અને આ'લા હઝરતને બોલાવીને અર્ઝ કરે છે :)

હે રઝા ! આ તરફ આવ ! અરે જલ્દી આવ ! તારા દિલના બારામાં તને કાંઈક બતાવીએ ! સાંભળો ! અમે ઘણી કોશિશ કરી, એને શોધતા રહ્યા, જંગલ રણો ફેંદી વળ્યા, ગલી કૂચાઓમાં ફરી ફરીને અમારા ખયાલોના પગોમાં છાલાં પડી ગયાં પરંતું અમે તારા દિલની ભાળ છેવટે મેળવી જ લીધી. (આ'લા હઝરત ખુશ થઈને તેમને પૂછે છે, અરે ! હવે બતાવશો પણ અથવા વાત લંબાવતા જ રહેશો ? તેમણે વજ્દમાં આવીને કહ્યું,) હે ગદાએ દરે મુસ્તફા ! પ્યારા અહમદ રઝા ! તારા દિલે જ્યાં જવું જોઈતુ હતું ત્યાં જ ગયું છે અને એક આશિકે મુસ્તફાના દિલે જે કરવું જોઈતુ હતું તારુ દિલ તે સર્વ કરી રહ્યું છે. (આ'લા હઝરત ફરી બેતાબ થઈને પૂછે છે, જલ્દી બતાવો ક્યાં હતું ?! અને શું કરી રહ્યું હતું ? તો તેઓ ખુશીના આવેશમાં જવાબ આપે છે:) હે ઈમામે અહલે સુન્નત ! ગભરાવ કેમ છો ?! ક્યાં જવાનું હતું ?! મદીનામાં ! બીજે ક્યાં ?! અને શું કરી રહ્યું હતું ?! રોઝએ રસૂલનો તવાફ કરી રહ્યું હતું અને ઝુમી ઝુમીને પઢી રહ્યું હતું :

*મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ – શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ*

(આ આ'લા હઝરતનો મુસ્તઝાદ કલામ હતો, એટલે દરેક શેઅર પર શબ્દોના વધારાવાળો કલામ જે દરેક મિસ્રાના રુકને અવ્વલ અને આખિરના બરાબર હોય)

## (નઅત શરીફ : ૭૭)

**જબ કે પૈદા શહે ઈન્સો જાં હો ગયા–દૂર કા'બાસે લૌષે બુતાં હો ગયા**

*(શહ = બાદશાહ. ઈન્સો જાં = માનવ તથા જિન્નાત. લૌષે બુતાં = મૂર્તિઓની નાપાકી)*

**અર્થાત :** માણસો તથા જિન્નાતોના આક઼ા ! હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ જ્યારે પેદા થયા તો કા'બા દરેક પ્રકારની મૂર્તિઓની નાપાકીથી પાક થઈ ગયો. સર્વ મૂર્તિઓ થરથરીને ગબડી ગઈ અને કા'બા જે મૂર્તિઓનું ઘર બની ગયું હતું તે બયતુલ્લાહ શરીફ બની ગયું.

*જબ મુહમ્મદ મુસ્તફાને રખા કા'બેમેં ક઼દમ–સરકે બલ ગિરકર બુતોંને લાઈલાહ કહ દિયા*

**દિલ મકાને શહે અર્શિયાં હો ગયા–લામકાં લામકાં લામકાં હો ગયા**

*(અર્શિયાં = અર્શવાળા)*

**અર્થાત :** અર્શવાળાઓ (ફરિશ્તાઓ)ના બાદશાહ (હૂઝૂર ﷺની) યાદ જ્યારે દિલમાં વસીગઈ તો બેશક ! દિલ લા મકાંનો મન્ઝર પેશ કરવા લાગ્યું. જેથી દિલમાં મુસ્તફા ﷺની યાદ વસાવી લો કે જેથી દરેક ગમથી નજાત પામી જાવ.

*મુહમ્મદ ﷺ હી સુરૂયે સરમદી હૈ – મુહમ્મદ ﷺકે લિયે હર બરતરી હૈ*
*મુહમ્મદ ﷺ હી મુહમ્મદ ﷺ વિર્દે નક઼વી – મેરી નિસ્બત મુહમ્મદ ﷺસે ક઼વી હૈ*

**સર ફિદાએ રહે જાને જાં હો ગયા–ગુલિસ્તાને મજમા બુલબુલાં હો ગયા**

*(રહ =માર્ગ. જાને જાં = રૂહની જાન)*

**અર્થાત :** જાને જાં હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺના માર્ગની ધૂળ પર જે કુર્બાન થઈ ગયો તે દરેક પરીક્ષામાં કામયાબ થઈ ગયો. અને તે જ માથુ એમના પર ફિદા થશે જેમાં તેમની ઈતાઅત તથા મહોબ્બતનો જઝબો સક્રિય હશે. **જે તેમની સીરત તથા ઈતાઅત (આજ્ઞાપાલન)થી મોં ફેરવે અને પછી મહોબ્બતનો દાવો કરે તે આ સઆદત (નેક નસીબી)થી મેહરૂમ છે અને પોતાના ગુલામીએ રસૂલના દાવામાં જૂઠો છે.** قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ (સૂ. આલે ઈમરાન, ૩/૩૧)

*સીરતસે ઉન્કી દીનકી ફૈલી હૈ રોશની–મીનાર રોશનીકા હૈ સીરત હુઝૂરકી ﷺ*
*'બાબર' ઉસીકો ખુલ્દ મિલેગી યક઼ીન હૈ–અપનાઈ જિસને દોસ્તો સુન્નત હુઝૂર કી ﷺ*

**ઉન્કે જલ્વેકા જમે દિલ બયાં હો ગયા–ગુલિસ્તાન મજમએ બુલબુલાં હો ગયા**

*(જમ = છીપલુ જેમાં મોતી બને છે. અથવા જમે દિલને બદલે જસ્દમ છે. બયાં = જાહેર)*

**અર્થાત :** જેવી રીતે છીપમાં ટીપુ મોતી બની જાય છે એ જ રીતે જે દિલમાં એમની મહોબ્બતના દરિયાથી ટીપુ આવી ગયું અને આપની ઈતાઅત (આજ્ઞાપાલન) કરતાં કરતાં મોતી બનીને દિલ જલ્વાગાહે મુસ્તફા ﷺ બની ગયું, તો એ દિલ બુલબુલોના ઈજતેમા માટે બાગ બની ગયું, નહીં તો ખાલી દિલ જે એક લોથળો છે તે તો દરેક જણની અંદર મૌજૂદ છે. અસલ વાત તો આપ ﷺની સીરત તથા કિરદાર અપનાવવાની છે.

*હોતે સીરતસે હૈં મર્દાને દિલાવર મુમતાઝ–વરના સૂરતમેં તો કુછ કમ નહીં શહબાઝસે ચીલ*

**થા બુર્રાકે નબી, કે નૂરે નઝર–યહ ગયા, વો ગયા, વો નિહાં હો ગયા**

*(નિહાં = છુપુ)*

**અર્થાત :** શબે મેઅરાજ નૂરવાળા આકાની નૂરાની સવારી (બુર્રાક) એટલી તેજ ગતિથી ગઈ કે જેવી રીતે નજર એક ક્ષણમાં જમીનથી આસ્માનનું અંતર પાર કરી લે છે. નૂરવાળા ફરિશ્તા પણ જોતા જ રહી ગયા કે બુર્રાક આ ગયો, તે ગયો, એ જુઓ નજરો ઓજલ થઈ ગયો ! અને જે જે બાજુથી સવારી પસાર થતી ગઈ કારકૂનાને કઝા વ કદર આ એલાન કરતા ગયા :–

*અરે મસ્તો ! સંભલ બૈઠો ઝરા હોશ્યાર હો જાઓ–બગલમેં બિજલિયાં લેકર મેરા સાલાર આયા હૈ*

**હક્કે શફાઅતસે તેરી ગુનેહગારોં પર–મહરબાં હો ગયા, મહરબાં હો ગયા**

**અર્થાત :** હે પોતાની ગુનેહગાર ઉમ્મતની શફાઅત કરનાર આકા ! ﷺ આપની શફાઅતના કારણે અલ્લાહ તઆલા આપના ગુનેહગાર ઉમ્મતીઓ પર એવો મહેરબાન થયો છે કે જેને વર્ણન નથી કરી શકાતું.

**ગુલશને તયબહમેં તાઈરે સિદરા કા–આશિયાં આશિયાં આશિયાં હો ગયા**

*(તાઈર = પક્ષી)*

**અર્થાત :** હે મારા આકા ! ﷺ આપની બારગાહના પાક નઝારા જિબ્રઈલે અમીનને એટલા પ્રમાણમાં પસંદ આવ્યા કે તેમણે પણ આપની બારગાહને પોતાનું કાયમી રહેઠાણ બનાવી લીધુ કે બાકી નબીઓની પાસે બે બે ચાર ચાર મર્તબા આવ્યા અને આપની પાસે જે વીસ હજાર વાર આવ્યા.

*બે લિકાએ યાર ઉન્કો ચૈન આ જાતા અગર = બાર બાર આતે ન યૂં જિબ્રીલ સિદરા છોળકર (હસન રઝા)*

**યા નબી લો ખબર આતિશે ગમસે મૈં–તફતા જાં, તફતા જાં, તફતા જાં હો ગયા**

*(તફતા જાં = જાન જલાવેલ)*

**અર્થાત :** હે મારા રહમતવાળા આકા ! ﷺ મારી તરફ પણ રહમતની નજર કરો. હું તો આપના વિરહની આગમાં મારી જાન પણ જલાવી ચૂક્યો છું.

**ગુઝરે જિસ કૂચેસે શાહે ગરદૂં જનાબ–આસ્માં, આસ્માં, આસ્માં હો ગયા**

*(ગરદૂં = આસ્માન)*

**અર્થાત :** જે રસ્તેથી આકાએ દો જહાં ﷺ પસાર થતા ગયા, જો તે જમીન હતી તો આસ્માન તેના

મુકદ્દર પર રશ્ક કરવા લાગ્યું અને જો તે આસ્માન હતું તો ઔર અધિક બુલંદ શાનવાળુ બની ગયું.

*જહાં નઝર નહીં પળી વહાં રાત હૈ આજ તક–વહાં સહર હોતી જહાં જહાં ગુઝર ગએ*

*નફસ નફસપે બરકતેં કદમ કદમ પે રહમતેં–જિધર જિધર સે વો શફીએ આસિયાં ગુઝર ગએ*

**કિસકે રૂએ મુનવ્વર કી યાદ આ ગઈ–દિલ તપાં, દિલ તપાં, દિલ તપાં હો ગયા**

*(દિલ તપાં = તડપતુ દિલ)*

**અર્થાત :** આ કયા સિરાજે મુનીરના રુખે વદ્દુહાની યાદે સતાવેલ છે કે દિલ સીનાથી બહાર નીકળીને સ્વાગત કરવા માટે બેતાબ, બેચેન, બેકરાર થઈ રહ્યું છે અને ઝબાને હાલથી કહી રહ્યું છે :

*શુક્ર અલ્હમ્દ કોઈ આયા હૈ મહમાં અપના–ખૂને દિલ લખ્તે જિગર ખૂબ હૈસામાં અપના*

**તૂતીએ સિદરા વસ્ફે રુખે પાક મેં–ગુલફશાં, ગુલફશાં, ગુલફશાં હો ગયા**

*(તૂતીએ સિદરા = જિબ્રઈલ علیہ السلام. વસ્ફ = તારીફ, રુખ = ચહેરો, ગુલફશાં = ફૂલ વિખેરનાર)*

**અર્થાત :** કેવળ માણસ જ નહીં બલ્કે તૂતીએ ગુલિસ્તાને સિદરતુલ મુન્તહા હઝરત જિબ્રઈલે અમીન علیہ السلام પણ પોતાની નૂરાની મીઠી ઝબાન વડે ઘણી જ સ્પષ્ટતા, ફસાહત તથા બલાગત (ઉમદા આકર્ષક વાણી)ની સાથે આપણા નૂરવાળા આકાની ખૂબીઓ વર્ણન કરીને ફૂલ વિખેરી રહ્યા છે અને જેમના તે સરદાર છે તે એ ફૂલોને પોતાના દામનમાં સમેટીને અર્ઝ કરી રહ્યા છે.

**તૂતીએ અસ્ફહાન સુન કલામે 'રઝા'–બેઝબાં, બેઝબાં, બે ઝબાં હો ગયા**

*(અસ્ફહાન = ઈરાનનું મશહૂર શહેર જે ક્યારેક ઈરાનનું પાટનગર હતું)*

**અર્થાત :** ઈરાનના શહેર અસ્ફહાનના તૂતી (મોટામાં મોટો શાઈર) કલામે રઝા સાંભળીને આશ્ચર્યમાં ડૂબી ગયો અને એવો કે : *કોઈ જાને મુંહમેં ઝબાં નહીં–નહીં બલ્કે જિસ્મમેં જાં નહીં*

**અર્થાત :** અને એવું કેમ ન થાય કે અન્ય શાઈર પોતાના બાદશાહોની તારીફ કરે છે અને ગદાએ દરે ખૈરુલવરા, અબ્દે મુસ્તફા, ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા તેની તારીફ કરે છે જેની ખુદા પણ તારીફ કરે છે અને ખુદાઈ પણ.

ઉપરોક્ત નઅતના અમુક શેઅરો હદાઈકના અમુક નુસ્ખાઓમાં આ પ્રમાણે છે :–

**હર સિતારા શબે મૌલુદે મુસ્તફા–શમ્અદાં શમ્અદાં શમ્અદાં હો ગયા**

**અર્થાત :** હુઝૂર ﷺની વિલાદત બાસઆદતની બાબરકત રાતે આપની વિલાદતના જ સબબે દરેક તારો નૂરનો શમ્અદાન બનીને રોશની વિખેરવા લાગ્યો અને નૂરવાળા આકાના આગમન પર આપની નૂરાની બારગાહથી નૂરની ખૈરાત માગવા લાગ્યો.

*ચારસૂ ઈબ્રતઅંગેઝ થા ઈક સમાં ઝુલ્મતોંસે થા મઅમૂર સારા જહાં*
*આફતાબે નબુવ્વત હુવા ઝવફશાં, નૂરે હક્ક઼ હર તરફ જગમગાને લગા*
*નક઼શે બેરંગ દુન્યા પે રંગ આ ગયા, ચાર સૂ એક દિલકશ સમાં છા ગયા*
*એક ઉમ્મી લક઼બ, બનકે મહબૂબે રબ, નેઅમતોંકે ખઝાને લુટાને લગા*
*આજ તેરી ઉમ્મત હૈ ફિર ખ્વારો ઝબૂં, દર્દમંદોંકી આંખોસે જારી હૈ ખૂં*
*મેરે આક઼ા સફીના હૈ મઝધાર મેં, મેરે આક઼ા સફીના ઠિકાને લગા*

(વિલાદત બાસઆદતના બનાવો નીચે દર્શાવેલ કિતાબોમાં જુઓ : મદારિજુન્નબુવ્વત, ખૈરુલ મવાનિસ, તારીખુલ ખમીસ, મઆરિજુન્નબુવ્વત, સીરતે હલબિયા, ખસાઈસ.)

**ચર્ખ ગર દૂં તેરે રોઝએ પાકકા–સાઈબાં, સાઈબાં, સાઈબાં હો ગયા**

*(સાઈબાં = તડકાથી બચાવનો સામાન)*

**અર્થાત :** આ ઘુમવાવાળુ આસ્માન તો સાઈબાન છે સરકારે મદીના સુરૂરે ક઼લ્બો સીના ﷺના રોઝા પાકનો કે જે ગુંબદે ખદરાને તડકાથી બચાવવાનો સામાન કરે છે

*હર બઝ્મમેં અબ ઝિક્રે રસૂલે અરબી હૈ–હર જામમેં લબરેઝ મએ હુબ્બે નબી*
*હર સિમ્ત મુહમ્મદ હી કી અબ ધૂમ મચી હૈ–હર ક઼ૌમ દરે શાહે દો આલમ પે ઝુકી હૈ (ﷺ)*
*દુન્યા મેરે સરકાર કે ક઼દમોંપે ઝુકી હૈ*

**જિસકો ઉસકે મકાંકા પતા મિલ ગયા–બે નિશાં, બેનિશાં, બે નિશાં હો ગયા**

**અર્થાત :** જે ખુશ નસીબને મહબૂબે ખુદા ﷺના ઠેકાણાનો પતો અને આપ ﷺની મઅરેફત નસીબ થઈ ગઈ તે દુનિયાની નજરોથી ગુમ થઈને એવો બે નિશાન થઈ ગયો કે ખુદાનો જ થઈને રહી ગયો.

**ઈશ્કે઼ અબરૂમેં મૈં, રમ્ઝ ક઼ૌસેન કા–નુક઼્તા દાં, નુક઼્તા દાં, નુક઼્તા દાં હો ગયા**

**અર્થાત :** સરકારે મદીના ﷺના મુબારક ભવાંની મહોબ્બતનો કેદી બનીને મને તે રોશની નસીબ થઈ કે દિલની ખિડકીઓ ખુલી ગઈ અને قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰىનાં સર્વ રહસ્યો મારી ઉપર જાહેર થઈ ગયાં.

*ગરદિશે દૌરાં હૈ ઉન્કી જુંબિશે અબરૂકા કામ–ઉનકે જલ્વોંસે મુનવ્વર હૈ જહાને રંગો બૂ*

## (નઅત શરીફ : ૭૮)

### મુસ્તફા ખૈરુલ વરા હો-સરવરે હર દોસરા હો

*(ખૈરુલવરા = સૌથી બેહતર સરવર = સરદાર. દોસરા = બંને જહાન)*

**અર્થાત :** હે ખુદાના પસંદીદા તથા ચૂનેલા પયગંબર ! ﷺ આપ સર્વ જહાનોમાં સૌથી બેહતરીન, અફઝલ તથા આ'લા છો અને બંને જહાનોના સરદાર છે.

*મુહમ્મદ નહીં હૈ ખુદા ઔર બેશક !-નહીં હૈ ખુદાસે જુદા અલ્લાહ ! અલ્લાહ !*
*ખુદાકી ખુદાઈકે સિર્રોં અયાં મેં-મુહમ્મદ હૈં જલ્વાનુમા અલ્લાહ ! અલ્લાહ !*
*ન સમઝા હકીકતકો કોઈ ભી ઉનકી-મગર રબ હર દોસરા અલ્લાહ ! અલ્લાહ !*
*મહકતી હૈ હસ્તી કી બસ્તી ઉન્હીંસે-ચલી કૈસી ઠંડી હવા અલ્લાહ ! અલ્લાહ ! (ﷺ)*

### અપને અચ્છોંકા તસદુક-હમ બદોંકો ભી નિબા હો

**અર્થાત :** હે પ્યારા આકા તથા મૌલા ! ﷺ તમારા પ્યારા ગુલામો (સહાબાએ કિરામ, અવલિયાએ કિરામ)ના તુફૈલ અમને બુરાઓને પણ તમારી ગુલામીમાં કબૂલ ફર્માવી લો, જો કે એમના જેવા અમારા અમલો તો નથી, પણ એમની સાથે મહોબ્બત તો રાખીએ છીએ, એ જ નિસ્બતના કારણે અમને પણ તમારો પ્યાર અતા ફર્માવી દો.

**અમલથી જિંદગી બને છે :** આપણી બદઅમલીઓ દહાડે દહાડે હદથી વધતી જઈ રહી છે, જ્યારે કે ''ગુલામીએ રસૂલ'' (ﷺ)ના બુલંદ બાંગ અને અમલથી ખાલી દાવા પણ પોતાની ઊંચાઈએ છે. ''ગુલામીએ રસૂલમેં હમેં મૌત ભી કુબૂલ હે'' પણ ગુલામીએ રસૂલમાં ન હુઝૂર ﷺની શકલો સૂરત અપનાવવાની તરફ આવે છે ન આપનો કિરદાર તથા સીરત કબૂલ કરવાના માટે તૈયાર છે. બદ કિસ્મતીથી આપણે પોતે પોતાને અહલે સુન્નત, આશિકાને મુસ્તફા તથા અવલિયાએ કિરામ, સહાબાએ કિરામ તથા અહલે બયતે અત્હારના ગુલામ કહેવડાવીએ છીએ પણ આપણી અંદર જ તે નુફૂસે કુદસિયા (પવિત્ર હસ્તીઓ)ની તાલીમાતથી વિરૂધ્ધતા ઘણા અંશે અધિક જોવા મળે છે. ૯૫ ટકા લોકો કેવળ જુમ્આની નમાઝ પર સંતોષ માની લે છે ! જ્યારે ઘણા બધા નામ માત્રના મુસલમાન અને અહલે સુન્નતના નામ પર બદનુમા ડાઘ એવા પણ છે કે જે મુદ્દલે નમાઝ તથા શરીઅતની મઝાક ઉડાવે છે, કેમ કે એવાઓને રહનુમા તથા નામ માત્રના પીર જ એવા મળી ગયા છે જેઓ પોતાનું ખીસ્સુ ભરી લેવાને જ પીરી મુરીદી સમજી બેઠા છે. મુરીદ ગમે તેવો અલ્લાહ વ રસૂલનો બાગી તથા નાફર્માન કેમ ન હોય પણ પીર સાહબને દર અઠવાડિયે હજારની નોટ થમાવી દે તો એનાથી મોટો આશિકે રસૂલ કોણ હોય શકે છે ! પછી મેહફિલોમાં સદારતો પણ એની જ છે અને પરચાઓમાં તરી આવતુ નામ પણ એ જ ''આશિકે રસૂલ''નું છે. જાણે ઈશ્કે રસૂલ પણ આપણા દૌરમાં પૈસા થકી મળી જાય છે ! રિયાકારી તથા દિખાવો એટલી પ્રગતિમાં છે

કે એનાથી પહેલાં કદાચ આટલી પ્રગતિએ કદી નહીં પહોંચ્યો હોય. ખૌફે ખુદા, ફિક્રે આખેરત અને તે અઝાબ જેના બારામાં અલ્લાહ તઆલા પોતાના બંદાઓને ડરાવે છે.

ذٰلِكَ يُخَوِّفُ اللّٰهُ بِهٖ عِبَادَهٗ "એનાથી અલ્લાહ ડરાવે છે પોતાના બંદાઓને." *(સૂ. ઝુમર, ૩૯/૧૬)* ભલા ! અમે ક્યારે એનાથી ડરવાવાળા છીએ ! અમે તો "આશિક઼ાને મુસ્તફા" છીએ ! જ્યારે મુહમ્મદ મુસ્તફા ﷺ અને આપના સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَના બનાવો જો ચિંતનપૂર્વક પઢવા અને સાંભળવામાં આવે તો જિગર ફાટી જાય છે. પણ આપણી હાલત એ છે કે આપણા માટે મહાનથી મહાન બનાવ તે કુર્આનનો હોય કે હદીષનો એક ડ્રામા તથા વધુમાં વધુ કિસ્સા કહાનીથી અધિક કોઈ હૈસિયત નથી ધરાવતો. મુડદાંઓને દફનાવવા જાય છે, જનાઝા પઢે છે.(જો કે મોટાભાગનાને જનાઝાની નમાઝ સુધ્ધાં નથી આવડતી ! ઈદની નમાઝની નિય્યત તથા તરીક઼ો દર ઈદે બતાવવો પડે છે ! નિકાહના સમયે જાતે પોતે દુલ્હો કલમા નથી પઢી શક્તો !) સારાંશ કે ન મૌતનો મન્ઝર આપણા કામ આવી શક્યો અને ન તો ખુશીની ઘડીઓ આપણને સુધારી શકી. એ પ્રસંગોએ જાત જાતની નાજાઈઝ રસમો પર જો અમલ ન કરે તો આપણી નાક કપાય જાય છે. શરીઅતના નિયમોનો ભંગ થતો હોય તો થઈ જાય, પણ લોકોમાં આપણી ઈજ્જતમાં ફરક ન આવવો જોઈએ અને આપણુ નામ સલામત રહે ! (જેથી ડાન્સ પાર્ટીઓ, ડી.જે. બેન્ડબાજા અને શું શું ખરાબીઓ શાદી વગેરેમાં આપણે કરીએ છીએ.) જેમના થકી આવા બેકારનાં કામો થતાં રહે છતાં આપણે તેમને ચાહતા જ રહીએ.

સારાંશ કે શું શું રોદણાં રોવામાં આવે આ સર્વ તબાહીનાં ! અન્ય પણ ઘણા કારણો છે, જ્યારે કે એમનામાંથી એક આ પણ છે કે દીન તથા દીનદારોની તો આપણે નજીક નથી ફરકતા, પણ દસ દેગો "લંગર શરીફ"ની પકાવી લીધી તો હાજી સાહબ ! ચૌધરી સાહબને માની જઈશું. પણ દીની સાહિત્ય માટે જો કહો કે આ નાની સરખી કિતાબ છપાવવી છે, તો મજાક ઉડાડવાનું શરૂ કરી આપે છે કે હવે પહેલાં ઓછી કિતાબો છપાય ચૂકી છે, બજારોનાં બજાર ભરપુર છે તો આ કિતાબ પર શા માટે પૈસા વેડફો છો ?! કોઈ વાંચતુ તો છે નથી ! પછી એને છપાવીને શું કરશો ?!... વગેરે. સુબ્હાનલ્લાહ ! શું ઈલ્મ દોસ્તી છે ?! એમની નજીક તો લખવાવાળા અને પઢવાવાળા પણ પાગલખાનામાં જવાને પાત્ર છે ! જ્યારે કે સારી કિતાબનો ફાયદો તથા મહત્વ દરેક સમજદાર તથા વાંચવા લખવાવાળા નજીક દરેક દૌરમાં સિધ્ધ થયેલ છે.

આપણા બુઝુર્ગોએ ઘણુ બધુ લખ્યું છે. જો તસવ્વુફની કિતાબો જુઓ તો એના અંબાર લાગેલા છે અને હવે તો ઈલ્મવાળાઓએ દરેક ભાષામાં તર્જુમા પણ કરી નાખ્યા છે. (فجزاهم الله تعالیٰ خیر الجزاء) અક઼ીદા વિશે વાંચવા ચાહો તો કિતાબોનો એક ખજાનો મૌજૂદ છે, પણ વાંચે કોણ ?! વર્તમાનકાળમાં તો કલાકો સુધી રાતે ને દિવસે મોબાઈલના ગુલામ જ લોકો બની ગયા છે ! ઈલ્લા માશા અલ્લાહ !

## ★ સારી કિતાબોનું મહત્વ તથા ફાયદા ★

- ❒ તે ઘર વિરાનાથી બદતર છે જેમાં સારી કિતાબો ન હોય.
- ❒ વાંચન એ ગમ તથા ઉદાસીનો બેહતરીન ઈલાજ છે. *(શયખ સઅદી رحمۃ اللہ علیہ)*
- ❒ જે શખ્સને સારી કિતાબો પઢવાનો શોખ નથી તે ઈન્સાનિયતના દરજાથી પડી ચૂકેલો છે.

- ❒ દિલને ઝિંદા તથા જાગૃત રાખવાના માટે સારી કિતાબોનો અભ્યાસ જરૂરી છે. *(ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ)*
- ❒ અભ્યાસ કરવું એ કોઈ નુકસાન વિના ખુશી પમાડે છે.
- ❒ ગંદા વિષયની કિતાબો લખવાથી દૂર રહો. કૌમનાં બાળકો પર રહમ કરો, તેમને ગોળમાં ઝહેર મિલાવીને ન પીવડાવો, કેમ કે બાળકો દરેક રંગને કૃબૂલ કરી લે છે. જેમ કે કોરી સ્લેટ પર જે લખશો તે અંકિત થઈ જશે.
- ❒ બુરા પુસ્તકના સમાન કોઈ ગુનોહ નથી. બુરો શિક્ષક કેવળ એક મદ્રસાને બગાડી શકે છે, પણ બુરી કિતાબ એક પુરા જગતને તબાહ કરી દે છે.
- ❒ બુરુ લખાણ ઉમદા કિતાબમાં એવું છે જેવું કે ગાઢ તથા ખુશ્નુમા ઝાડીમાં ફળ વિનાનું ઝાડ. એની ઉલ્ટુ લાભકારક લખાણ ભલે સામાન્ય શબ્દો કે સાદી શૈલીમાં અદા કરવામાં આવે પણ તે અખ્લાક઼ી સુધારણા માટે એક સ્ટાન્ડર્ડ બંધારણનું કામ આપે છે.
- ❒ જે શખ્સ બિભત્સ કિતાબોનો અભ્યાસ કરે છે એના કરતાં તે સારો છે જેને અભ્યાસનો શોખ જ નથી.
- ❒ જે શખ્સ મનોરંજન માટે પુસ્તકો વાંચે છે તે એજ્યુકેટેડ અય્યાશ દિમાગવાળો છે જે પોતાની ઈલ્મી દૌલત અને મહા મૂલ્ય સમયનાં મોતીને દિલ ખુશ કરવાની મજામાં લૂટાવી રહ્યો છે.
- ❒ વિવિધ જાતની સામાન્ય કિતાબો વાંચવાથી જાણકારી તો વધે છે પણ મજા બગડી જાય છે, વિચારોમાં ખરાબી આવી જાય છે, હક્ક઼ વાત પર દિલ નથી જામતું ઈલ્મની શક્તિ ઘટી જાય છે. એવી જ ધડ માથા વિનાની માલૂમાત માટે કહેવામાં આવ્યું છે કે, ઈલ્મ મહાન પડદો છે.
- ❒ કોઈ કિતાબ જ્યારે વાંચો તો છેવટમાં અમુક પરિણામો તારવી લો, નહીં તો ઉપર ઉપરથી વાંચી જવું એવું છે જેવું કે ખોરાક ચાવ્યા વિના જ ગળી જવું છે. જેથી વાંચો તો સમજીને વાંચો.
- ❒ કેટલાક લોકો મરતા દમ સુધી એ ખરાબ ખયાલોના માટે માતમ કરતા રહે છે જે બિભત્સ કિતાબોથી એમના દિલોમાં જામી ગયા છે.
- ❒ અમુક કિતાબો કેવળ ટેસ્ટ કરી લેવાને પાત્ર હોય, અમુક ગળી જવાને પાત્ર હોય છે, અને ઘણી થોડી એવી હોય છે જેને ચાવવા તથા હજમ કરવાની જરૂરત હોય છે જેથી સારુ લોહી પેદા થઈ શકે, એટલે કે સારાં પરિણામો પ્રાપ્ત જઈ શકે.
- ❒ દસ સારી કિતાબો વાંચશો ત્યારે ક્યાંક આપ એક પગથિયુ ઉપર ચઢી શકશો.
- ❒ એનાથી ઉલ્ટુ એક ગંદી કિતાબ વાંચીને આપ દસ પગથિયાં નીચે ઉતરી જશો.
- ❒ યાદ રાખશો કે જે કિતાબ કેટલીયે વાર વાંચવાને લાયક નથી, તે એકવાર પણ વાંચવા લાયક નથી.
- ❒ અમુક પાનાંઓનો સમૂહ જેને કિતાબ કહેવામાં આવે છે, એ શું ચીજ છે ?! રાત દિવસની સખત મહેનત, આંખોનું ફોડવું અને ખૂબ જ જિગર જલાવીને, તકલીફો વેઠીને, ભલે કિતાબ થોડાંક જ પાનાંની હોય છે પણ લેખકે કેટલા પ્રમાણમાં જિગરનું ખૂન પીવડાવ્યું હશે ! કેટલી મીઠી નીંદો હરામ કરી હશે, દિમાગ તથા આંખોનું કેવી રીતે તેલ કાઢયું હશે, એ તો એ જ જાણે ! કેવળ એટલા માટે કે તમે વાંચો અને લાભ ઉઠાવો.

તેમની આટલા પ્રમાણની મહેનતો અને તકલીફોને બેકાર કરવી અને ઈલ્મનો તે ખજાનો જે એ કિતાબોમાં બંધ છે તેને લાપરવાહીની સાથે ઠુકરાવવો જે એ નેક રૂહો તથા ઉચ્ચ કક્ષાના દિમાગવાળી શખ્સિયતો પર જેમણે એ કિતાબોને લખવાની તકલીફો તમારા ખાતર ઉઠાવી તેમના પર જુલ્મ કરવું છે. શું એ આશ્ચર્યની વાત નથી કે પથ્થરો તથા ધાતુઓને આપણે ઘણી કાળજીપૂર્વક પેટીઓ તથા કબાટોમાં બંધ રાખીએ, અને સાચાં મોતીઓ તથા ઝવેરાતને નિઃસંકોચ જ્યાં ચાહીયે ત્યાં ફંગોટી દઈએ ! જ્યાં તે થોડાક અરસામાં ઉધઈનો ખોરાક બની જાય, જેના પાનાં બાદમાં રદ્દીની જેમ હલકાં કામોમાં વાપરવામાં આવે. શું આપણા દિલથી એ મહાન મહાન બુઝુર્ગો, સ્કોલરો, તથા સંશોધકોની ઈજ્જતનો ખયાલ તદન જતો રહ્યો કે આપણે તેમના દિમાગી તથા રૂહાની વારસાની તદન પરવા નથી કરતા. કેટલાટ નામવર તથા ઈલ્મથી સમૃધ્ધ આલિમ થઈ ગયા, જેમની કિતાબો સુધી સદ્નસીબીએ આપણે પહોંચી શક્યા છીએ, પણ પૂરી બેપરવાહીના કારણે આપણે કદી એ કિતાબોને ખોલવાની તથા આ કદી નષ્ટ ન થનારી દૌલતથી ફાયદો ઉઠાવવાની કોશિશ નથી કરતા. અને તેમના સર્વ જીવનભરના ઈલ્મી ખજાનાને મામૂલી કિંમત પર ખરીદી નથી શક્તા જેને તેઓ આપણા માટે છોડી ગયા છે.

શું એ શરમની વાત નથી કે એક મામૂલી અમીર માણસ અથવા હાકિમ જે આપણને મળવા પણ નથી માગતો તેનાથી એક મિનિટ માટે મુલાકાત કરવાને આપણે ફખ્રથી વાત સમજીએ છીએ અને આ બુધ્ધિ કૌશલ્યવાળા તથા ઈલ્મના શહેનશાહ જેઓ ખુદ આપણને ઘણા જ શોખપૂર્વક પોતાની પાસે બોલાવે છે અને કલાકો સુધી આપણી સાથે લાભદાયી ચર્ચા કરવા તૈયાર છે આપણે એમના તરફ ધ્યાન પણ નથી આપતા. મામૂલી દરબારોમાં જ્યાં મોટાભાગે જાહિલ તથા ઘમંડી લોકોનો મજમો હોય છે ત્યાં બિરાજવાને ઘણી ઈજ્જતની વાત સમજીએ છીએ, પરંતું કિતાબો જે એક એવો દરિયો છે જ્યાં સર્વ જગતના ઉલમા તથા સ્કોલર્સ તથા ખુદાના નેક બંદાઓ, મોટા બાદશાહ, મોટા મોટા શાઈર, પ્રખ્યાત રેહબર ભેગા થયેલા છે, કોઈનામાં ઘમંડ કે સ્વાર્થપણાનું નામ નથી, વળી તેમનો દરબાર આમ છે, ટિકિટની જરૂરત નથી, જ્યારે ચાહો જાવ જ્યારે ચાહો વાતો કરો, જ્યારે ગભરાવ તો ઉઠીને ચાલ્યા જાવ. કોઈ પ્રકારની રોક ટોક નહીં, શું અફસોસની વાત નથી કે આપણે એવા દરબારોના માટે અમુક સમય પણ ન કાઢી શકીએ ?! આ એવા દોસ્ત છે જેઓ કદી તમને રંજમય નથી કરતા, કદી તમારાથી કાંઈ તલબ નથી કરતા, કોઈ મજબૂરી નથી દર્શાવતા, એ દોસ્તોની રાય હમેશાં દુરુસ્ત, નેક તથા તદન સ્વાર્થથી પર હોય છે. એ દોસ્તો (ઉલમા, ફુક઼હા, સાલેહીન)ની ક઼દર કરો અને તેમનાથી ફાયદો ઉઠાવો. તેમના ઈલ્મના આફતાબથી રોશનીને હાંસલ કરો.

### કિસકે ફિર હોકર રહેં હમ–ગર તુમ્હીં હમકો ન ચાહો

**અર્થાત** : હે પ્યારા આક઼ા તથા મૌલા ! તમો ખુદ જ બદઅમલીઓના કારણે તમારી બારગાહથી ધુત્કાર્યા તો અમે આપનો દર છોડીને ક્યા ક્યા દર પર જઈશું ?! અને કોણ અમારું સાંભળશે ? કેમ કે અમે તો કેવળ આપની ગુલામીના દાવો કરનાર 'અપને મુંહ મિયાં મિટ્ઠુ'' છીએ. અમલ નામની તો અમારી પાસે કોઈ ચીજ જ નથી ! બસ, અક઼ીદો જ અક઼ીદો છે, અલ્લાહ તઆલા એને સલામત રાખે.

*બાત તો જબ હૈ કે ઈર્શાદાત પર ભી અમલ હો–ગરચે ઉલ્ફતકા બહુત ઈદ્દઆ કરતે હૈં લોગ*

કેમ કે કુર્આન મજીદ દરેક જ્યારે ઈમાનની સાથે નેક અમલનો પણ ઉલ્લેખ થયેલો છે :

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ كَانَتْ لَهُمْ جَنّٰتُ الْفِرْدَوْسِ نُزُلًا "બેશક ! જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા, ફિરદોસના બાગ એમની મહેમાની છે. *(સૂરએ કહફ, ૧૮/૧૦૭)*

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ سَيَجْعَلُ لَهُمُ الرَّحْمٰنُ وُدًّا "બેશક ! જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા નજીકમાં જ તેમના માટે રહમાન, મહોબ્બત કરી દેશે. *(સૂરએ મરયમ, ૧૯/૯૬)*

અને જન્નતની ખુશખબરી પણ એ જ ખુશનસીબોને સંભળાવવામાં આવી છે જેઓ ઈમાન તથા અક઼ીદાની સાથે નેક અમલો પણ કરે છે.

وَ بَشِّرِ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ "અને ખુશખબરી આપ તેમને જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા કે તેમના માટે બાગ છે જેની નીચે નહેરો વહે છે. *(સૂ. બક઼રહ, ૨/૨૫)*

ડો. ઈકબાલે શું સરસ કહ્યું છે :

*કલ્બમેં સોઝ નહીં રૂહમેં એહસાસ નહીં–કુછ ભી પયગામે મુહમ્મદ ﷺ કા તુમ્હેં પાસે નહીં*

**બદ હસેં તુમ ઉનકી ખાતિર–રાતભર રો રો કરાહો**

**અર્થાત :** અમારી (બુરા લોકોની) હાલત એ છે કે અમે અમારી કિંમતી જિંદગી હંસી ખેલીને (ખેલ કૂદ)માં પસાર કરી રહ્યા છીએ અને અમારા આક઼ા ﷺનો કરમ જુઓ કે તેઓ અમારા જેવા નકામાઓની ખાતર રાતો રડી રડીને પસાર કરે છે અને અમારી બખ્શિશના માટે આપ ﷺના દિલમાં એટલું દર્દ છે કે આપના સીનએ બે કીનાથી હાંડલીના ખદબદવાનો અવાજ આવે છે. *(શમાઈલે તિર્મિઝી)*

એકવાર આપ ﷺએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી સૂરએ નિસાઅ્ની તિલાવત સાંભળી. જ્યારે તે આ આયત પર પહોંચ્યા : فَكَيْفَ اِذَا جِئْنَا مِنْ كُلِّ اُمَّةٍ بِشَهِيْدٍ وَّ جِئْنَا بِكَ عَلٰى هٰۤؤُلَآءِ شَهِيْدًا "તો કેવી થશે જ્યારે અમે દરેક ઉમ્મતથી એક ગવાહ લાવીશું અને હે મહબૂબ ! તમને એ બધા પર ગવાહ અને નિગેહબાન બનાવીને લાવીશું. *(સૂરએ નિસાઅ્, ૪/૪૧)* જેમાં છે કે ક઼યામતના દિવસે દરેક નબી પોતાની ઉમ્મતની ગવાહી આપશે અને હુઝૂર ﷺ સર્વ નબીઓના તથા સર્વ ઉમ્મતોના ગવાહ બનશે. તો આપ ﷺ ચોધાર અશ્રુએ રડવા લાગ્યા. જાહેર છે કે આ રૂદન ઉમ્મતના માટે જ હતું, નહીં તો એમાં તો હુઝૂર ﷺની શાન વર્ણન થઈ રહી છે. પણ આપને તો દરેક સમયે પોતાની ઉમ્મતની ફિકર છે. કાશ ! ઉમ્મતને પણ કાંઈક ફિકર તથા એહસાસ પેદા થઈ જાય કે આપણે જેટલા મહાન રસૂલના ઉમ્મતી છીએ તેટલા જ વધુ આપણે સારાં કામો કરવાં જોઈએ. ઉમ્મતીનો હાલ તો એ હોય કે સજદો કરવાનો તરીક઼ો પણ ન આવડે અને નબીની શાન એ હોય કે :

*મહબૂબ વ મોહિબ્બ દોનોંમેં ક્યા ફાસલા હોતા–ક઼ૌસેનમેં જબ ઉનકી મુલાકાત હૂઈ થી*

*ઈર્ફાને નબી અસ્લમેં ઈર્ફાને ખુદા હૈ–ઈન્સાન કો યૂં મઅરેફતે ઝાત હૂઈ થી*

તો પછી એવા ઉમ્મતીને એવા નબી સાથે શું નિસ્બત હોય શકે છે ! ઉમ્મતી હોવાનો હક્ક઼ તો એ છે, ન કે પોતાના નબીનાં એહસાનો યાદ કરીને વજ્દમાં આવીને નઅરએ મસ્તાના બુલંદ કરે અને કેવળ ઝબાનથી નહીં દિલથી અધિક અમલ કરવાનો પાકો ઈરાદો કરે.

*અપના અઝીઝ વો હૈ જિસે તૂ અઝીઝ હૈ–હમકો હૈ વો પસંદ જિસે આયે તૂ પસંદ*
*કુલ કહકર અપની બાત ભી લબસે તેરે સુની–અલ્લાહકો હૈ ઈતની તેરી ગુફ઼તગૂ પસંદ*
*(હસન રઝા)*

## બદ કરેં હર દમ બુરાઈ–તુમ કહો ઉન્કા ભલા હો

**અર્થાત :** અમો (બદકાર તથા બેઅમલ) દરેક વખતે બુરાઈમાં ડૂબેલા રહીએ અને આપ આપના રબથી અમારા માટે ખૈર તથા ભલાઈ અને બખ્શિશ તથા મગફેરતની દુઆ કરતા રહો. حریص علیکم بالمو منین فؤف رحیم જરા તાઈફનો મન્ઝર આંખો સામે લાવો. ફરિશ્તો અર્ઝ કરી રહ્યો છે કે હું મલકુલ જેબાલ (પહાડોનો ફરિશ્તો) છું. હુકમ ફર્માવો હમણાં આપને પથ્થર મારી મારીને લોહી લોહાણ કરી દેનારાઓ પર પહાડ ફેંકી દઉં છું. અને આપ જવાબમાં ફર્માવે છે : بعثت رحمة لا لعنا "હું તો રહમત બનાવીને મોકલવામાં આવ્યો છું ન કે ઝેહમત." અને એ પથ્થર મારનારાઓ માટે દુઆ કરે છે. اللّٰهم اهد قومی فانهم لا یعلمون

*સલામ ઉસ પર કે જિસને ખૂં કે પ્યાસોંકો કબાએં દીં–સલામ ઉસ પર કે જિસને ગાલિયાં સુનકર દુઆએં દીં*
*સલામ ઉસ પર કે જિસને ફઝ્લ કે મોતી બિખેરે હૈં–સલામ ઉસ પર કે જિસને બુરોંકો ફર્માયા યહ મેરે હૈં*
*(હફીઝ જાલંધરી)*

## હમ વહી ના શુસ્તા રૂ હૈં–તુમ વહી બેહરે અતા હો

*(નાશુસ્તા =ગંદો, મેલો કૂચેલો. બહર = દરિયો)*

**અર્થાત :** હે અમારા પ્યારા આક઼ા ! ﷺ આપ તો અમને રૂ સિયાહોને જાણો જ છો. એ જ પૂરાણા ગુનાહોવાળા અમલોને લઈને ફરી આપની બારગાહમાં હાજર થઈ જઈએ છીએ, કેવળ એ ઉમ્મીદ પર કે અમારું કામ જુર્મ કરવાનું સહી પણ આપનુ કામ તો કરમ ફર્માવવાનું છે. કેમ કે આમાં જૂદો કરમ (સખાવત તથા દયા)ના કિનારા વિનાના સમુદ્ર છો, અને થશે તો એ જ જે આપ ચાહશો. કેમ કે આપ તે છો કે ખુદા પણ આપને ચાહે છે કે આપ મહબૂબે ખુદા છો, જેથી અમારા ગુનાહ અમને જોતા જ રહી જશે અને અમને સજા અપાવી શકશે નહીં ! એટલા માટે કે મહબૂબે ખુદાનો દામન અમારા હાથમાં હશે.

*ન પહૂંચેંગે જબ તક ગુનેહગાર ઉનકે – ન જાયેગી જન્નતમેં ઉમ્મત કિસીકી*
*فترضیٰ ને ડાલી હૈં બાહેં ગલે મેં–કે હો જાએ રાઝી તબીઅત કિસી કી*
*(હસન રઝા)*

## હમ વહી શાયાં રૂ હૈં–તુમ વહી શાને સખા હો

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ અમે તો ધુત્કારવાને પાત્ર છીએ, પણ આપ તો તે છો કે સખાવતને પણ

આપથી જ અઝમત તથા શાન મળી છે. અમારા જેવાઓને રદ કરી દેવા અમારા હાલના તો મુતાબિક઼ જ છે, પણ આપની શાને સખાવતની વિરૂધ્ધ છે.

### હમ વહી બેશર્મ બદ હૈં–તુમ વહી કાને હયા હો

*(કાન = ખાણ)*

**અર્થાત** : હે અમારા બખ્શિશવાળા આક઼ા ! ﷺ અમો તો બેશરમ બેહયા છીએ આપની નાફર્માની કરતાં કરતાં થાકતા જ નથી ! પણ આપ તો એવા શર્મો હયાવાળા છો કે :

*બે ઈજાઝત ઉનકે ઘરમેં જિબ્રઈલ આતે નહીં–ક઼દ્રવાલે જાનતે હૈં ક઼દ્ર શાને અહલે બયત*

### હમ વહી નંગે જફા હૈં–તુમ વહી જાને વફા હો

*(નંગે જફા = જફા કરનાર. જાને વફા = વફાદારીની જાન)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ અમે તે જ જુલ્મો સિતમ તથા જોરો જફામાં પડનારા છીએ, રાત દિવસ આપના હુકમોથી વિમુખતા તથા ગદ્દારી કરવું અમારું કામ છે ! પણ આપ તો તે છો કે દુશ્મનથી પણ પ્યાર કરીને તેને પોતાનો બનાવી લો છો.

*દોસ્તાં રા કુજા કુની મેહરૂમ–તૂ કે બા દુશ્મનાં નઝર દારી*

જે દુશ્મનને મેહરૂમ નથી રાખતા તે દોસ્તને ક્યાંથી મેહરૂમ રાખશે ?! અને જેના પર આપ મહેરબાન થઈ જાવ તે ખુદાની પણ નજરમાં આવી જાય છે. કેમ કે :–

*પોશીદા હૈ રઝાએ નબીમેં રઝાએ હક્ક઼–રાહે ખુદા હૈ રાહે રિસાલત મઆબમેં*

### હમ વહી ક઼ાબિલ સઝાકે–તુમ વહી રહમે ખુદા હો

**અર્થાત** : હે પ્યારા આક઼ા ! ﷺ અમો તો સજાને જ પાત્ર છીએ, કેમ કે પાકા મુજરિમ તથા નાફર્માન છીએ, કેવળ આપના કારણે જ સજાથી બચેલા છીએ. કેમ કે આપ સરાપા રહમતે ખુદા છો. આ શેઅરનો ભાવાર્થ કુર્આનથી સાબિત છે, એટલા માટે કોઈ મોલ્વીને પૂછવાને બદલે કુર્આનથી જ પૂછી લો. રબ તઆલા ફર્માવે છે : وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ "અને અલ્લાહનું કામ નથી કે એમને અઝાબ કરે જ્યાં સુધી હે મહબૂબ! તમે એમનામાં તશરીફ ફર્મા છો." *(સૂ. અન્ફાલ, ૮/૩૩)*

### ચર્ખ બદલે ઘર બદલે–તુમ બદલને સે વરા હો

**અર્થાત** : હે દુનિયાવાળાઓ ! સાંભળી લો ! અમે કોઈ જેવા તેવાના દામનને નથી પકડયો જે બીજા જ દિવસે પોતાનો દામન ઝાટકી લે અને મામૂલી વાતોથી નારાજ થઈને પોતાના ચાહનારાઓને ધુત્કારી કાઢે, બલ્કે અમે તો એ મહબૂબે ખુદાનો દામન પકડયો છે કે જમીન તથા જમાનો બદલાય તો બદલાય જાય, આસમાન બદલાય તો સો વાર બદલાય જાય (يوم تبدل الارض غير الارض والسموات) પણ આપણા આક઼ા બદલાય જાય અને ખુદા પોતાના મહબૂબને બદલી નાખે એ ખયાલ મુહાલ (અશક્ય) છે !

**અબ હમેં હોં સહ્વ હાશા-અયસી ભૂલોંસે જુદા હો**

*(સહ્વ = ભૂલ. હાશા = કદાપિ નહીં)*

**અર્થાત :** આપ ﷺ જેઓ પેદા થતાં જ "રબ્બિ હબ્લી ઉમ્મતી" કહે, ગુફાઓમાં જઈને રડતા રહે, બલ્કે અર્શ પર જઈને પોતાની ગુનેહગાર ઉમ્મતને ન ભૂલે. તો ભલા એવું કેવી રીતે શક્ય છે કે ક્યામતના દિવસે આપ ﷺ આપણને ભૂલી જાય ?! જે દિવસના માટે આ સર્વ રડવું રડયા છે. આ ખયાલ શક્ય નથી.

**ઉમ્રભર તો યાદ રખ્ખા-વક્ત પર ક્યા ભૂલના હો**

**અર્થાત :** જે મહબૂબે આખી જિંદગી આપણને યાદ રાખ્યા તો ભલા ઠીક મોકા પર (ક્યામતના દિવસે) તે આપણને ગુનેહગારોને ભૂલી શકે છે ?! નહીં ! કદાપિ નહીં ! રિવાયતમાં છે કે જ્યારે આપ ﷺને કબ્રે અન્વરમાં દફન માટે રાખવામાં આવ્યા તો એ સમયે પણ ઉમ્મતની યાદમાં તથા ઉમ્મતની બખ્શિશ માટે આપના હોઠ મુબારક હલી રહ્યા હતા.

**વક્તે પૈદાઈશ ન ભૂલે-كَيْفَ يَنْسٰى (કૈફ યન્સી) ક્યૂં કઝા હો**

**અર્થાત :** વળી જે આપણા આકા આપણને પૈદાઈશના સમયે ન ભૂલ્યા અને સજદામાં પડીને رب هب لی امتی (રબ્બિ હબ્લી ઉમ્મતી) કહેતા રહ્યા. તો જ્યારે આપણી કિસ્મતનો ફેંસલો થશે (ક્યામતના દિવસે) તે દિવસે કેવી રીતે ભૂલી જશે ?!

*ઉન્કી બખ્શિશકા ઠિકાના હી નહીં કોઈ-હર ગુનેહગાર પે નઝર રખતે હૈં*
*કૌન કિસ હાલમેં હૈં કિસને પુકારા ઉનકો ﷺ-મેરે સરકાર દો આલમ કી ખબર રખતે હૈં*

**યહ ભી મૌલા અર્ઝ કર દૂં-ભૂલ અગર જાઓ તો ક્યા હો ?!**

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ એ પણ અર્ઝ કરી દઉં કે જો આપ અમ ગુનેહગારોને ભૂલાવી દેશો તો અમારું શું થશે ?! *હમ તો મર જાએંગે અગર સાથ ન હોગા તેરા*

**વો હો જો તુમ પર ગિરાં હે-વો હો જો હરગિઝ ન ચાહો**

**અર્થાત :** વળી હે મારા આકા ! ﷺ જો આપે અમને ભૂલાવી દીધા તો તે થશે જે આપ નથી ચાહતા. એટલે કે જે ઉમ્મતના ખાતર રડી રડીને દુઆ કરતા રહ્યા અને જે ઉમ્મતનું તકલીફમાં પડવું આપને ભારે લાગે છે.(عزيز عليه ما عنتم) પરિણામ થોડા શેઅર આગળ વાંચો.

**વો હો જિસકા નામ લેતે-દુશ્મનોંકા દિલ બુરા હો**

**અર્થાત :** હે મારા આકા ! ﷺ જો આપે અમને છોડી આપ્યા તો અમારો હાલ એટલો બુરો થશે કે દુશ્મન પણ સાંભળીને અમારા પર દયા ખાવા લાગે.

**વો હો જિસકે રદકી ખાતિર-રાત દિન વક્ફે દુઆ હો**

**અર્થાત :** હા ! હા ! યા રસૂલલ્લાહ ! ﷺ પછી તો એવું થઈ જશે કે જેને રોકવાના માટે આપ રાત દિવસ દુઆઓ કરતા રહ્યા. (યા અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી આપ અને મારી ઉમ્મતને અઝાબથી બચાવ)

**મર મિટેં બર્બાદ બંદે-ખાના આબાદ આગકા હો**

**અર્થાત :** (પરિણામ અહીંથી શરૂ થઈ રહ્યું છે :) એવું થશે કે (આપણે ગુનેહગાર) બંદાઓ બર્બાદ થઈ જઈશું અને દોઝખમાં આપણને નાખીને આબાદ કરી (વસાવી) દેવામાં આવશે, ભલા આ આપને ક્યારે માન્ય થશે ?!

**શાદ હો ઈબ્લીસ મલઊન-ગમ કિસે ઉસ ક઼હરકા હો**

*(શાદ = ખુશ. મલઊન = લાનતી, જેના પર અલ્લાહની લઅનત થઈ. ક઼હર =જુલ્મ, ગઝબ)*

**અર્થાત :** એવું થશે કે શૈતાન લઈન (લઅનતી) ખુશ થઈ જશે. ભલા શૈતાનના ખુશ થવાનો ગમ આપનાથી વધીને અન્ય કોને થશે ?! અને એ આપને કેવી રીતે માન્ય થશે ?!

**તુમકો વલ્લાહ ! તુમકો-જાનો દિલ તુમ પર ફિદા હો**

**અર્થાત :** હે મઝહરે મઅબૂદે બર હક્ક઼ આક઼ા ! علیہ الصلوٰۃ والسلام ખુદાની ક઼સમ ! અમારી બર્બાદીનો ગમ, જહન્નમની આબાદીનો ગમ, લઅનતી શૈતાનના ખુશ થવાનો ગમ, એ સર્વ ગમો આપને જ થશે. હાય ! મારી જાન ! અને મારું દિલ આપના પર કુર્બાન ! થઈ જાય ! (આગળ વાંચો)

**તેમકો ગમસે હક્ક઼ બચાએ-ગમ અદૂકો જાંગુઝા હો**

*(જાંગુઝા = જીવલેણ. અદૂ = દુશ્મન)*

**અર્થાત :** ખુદા આપને દરેક ગમથી મેહફૂઝ રાખે, સર્વ ગમો આપના દુશ્મનની જાન પર પડે ! આપને ગરમ હવા પણ ન લાગે, કાંટો પણ ન ભોંકાય.

*ઉસ્કી લોરીકે લિયે લફ્ઝ કહાંસે લાઉં-સારે આલમકે મુક઼દ્દરકો જગાયા જિસને*
*જિસકે ઝુલે પે મલાઈકને તરાને છેળે-ક઼સ્રે કિસ્રા મુન્ડેરોં કો હિલાયા કિસને*

**તુમસે ગમકો ક્યા તઅલ્લુક઼-બેકસોં કે ગમઝુદા હો**

*(ગમઝુદા = ગમ દૂર કરનાર)*

**અર્થાત :** હે મારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام ભલા ગમને આપનાથી શું કામ ?! આપ તો ગમઝદાઓ તથા બેકસો (લાચારો)ના ગમ દૂર કરનાર છો !

**હક્ક઼ દુરૂદેં દીં તુમપે ભેજે-તુમ મદામ ઈસકો સરાહો**

*(હક્ક઼ = અલ્લાહ તઆલા, દુરૂદેં = રહમતો, મદામ = હમેશાં, સરાહો = તારીફ કરો)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ ખુદા આપના પર હમેશાં રહમતો નાઝિલ કરતો રહે, અને આપ હમેશાં પોતાના રબની તારીફ કરતા રહો. (એટલે બંનેવ એકબીજા પર રાજી તથા ખુશ રહો)

### વો અતા દે તુમ અતા લો-વો વહી ચાહે જો ચાહો

*(અતા = જૂદો કરમ)*

**અર્થાત :** અલ્લાહ તઆલા આપના પર અતાઓ પર અતાઓ કરતો રહે અને આપ આપના અતાવાળા રબથી તેની નેઅમતો લઈ લઈને તેની મખ્લૂક઼ને વહેંચતા રહો. જે આપની ચાહત છે અથવા હોય તે જ ખુદાની ચાહત છે અથવા હોય. (જો "હૈ" પઢશો તો વાક્ય ખબરવાળુ થશે કે અલ્લાહ તે જ ચાહે છે જે હુઝૂર ચાહે છે. અને "હો" પઢો તો વાક્ય ઈન્શાઈયહ દુઆઈયહ થશે કે એવું જ થાય કે જેવું આપ ચાહો એવુ જ ખુદા ચાહતો રહે. કેમ કે આપ તો અમારું ભલુ જ ચાહશો. એ જ અધિક યોગ્ય છે.

### બર તૂ ઊ પાશદ તૂ બરમા-તા અબદ યહ સિલસિલા હો

**અર્થાત :** હે ઈમાનવાળા આક઼ા ! ﷺ અલ્લાહ તઆલા આપ પર રહમત નાઝિલ કરતો રહે અને આપ અમ ગુનેહગારો પર રહમત વરસાવતા રહો, અને આ ક્રમ ક઼યામત સુધી બલ્કે ક઼યામત બાદ પણ ચાલુ ને ચાલુ જ રહે.

### ક્યૂં 'રઝા' મુશ્કિલ સે ડરીએ-જબ નબી મુશ્કિલ કુશા હો

**અર્થાત :** હે અહમદ રઝા ! (ગદાએ દરે ખૈરુલ વરા, અબ્દે મુસ્તફ઼ા) જો કે ક઼યામતની મશકેલીઓ તથા મુસીબતો તો એવી હોશ ઉડાડી દેનારી છે કે પહાડ પણ એનો ઉલ્લેખ સાંભળીને કાંપી ઉઠે ! પરંતુ તારે શું પરવા ?! તું શા માટે ગભરાય રહ્યો છે અને ભયભીત થઈને ફરે છે ?! તારા મુશ્કિલ કુશા તો તારા આક઼ા મુહમ્મદ મુસ્તફ઼ા ﷺ તારા માથા પર છે !

*હૈ તો બસ નામે મુહમ્મદ ﷺ હી સહારા અપના-ઉનકે સદકે઼સે હી ચલતા હૈ ગુઝારા અપના*
*હમકો તુફ઼ાનકી મોજોં કા કોઈ ખૌફ઼ નહીં-હમ ઈસી નામસે પાલેંગે કિનારા અપના*

## (નઅત શરીફ : ૭૯)

### મિલ્કે ખાસે કિબ્રિયા હો–માલિકે હર મા સિવા હો

*(મિલ્ક = મિલ્કત, જાગીર, કબજો. મા સિવા = અલ્લાહ સિવાયની દરેક ચીજ)*

**અર્થાત :** આ શેઅરમાં તૌહીદ તથા રિસાલતનો સહીહ ખયાલ પ્રદર્શિત કરવામાં આવ્યો છે કે હુઝૂર ﷺ અલ્લાહ તઆલા વહદહૂ લા શરીકની ખાસ મિલ્કિયત છે અને અલ્લાહ તઆલાના સિવાય જે કાંઈ પણ છે તે હુઝૂર ﷺની મિલ્કિયત છે. તો જે હુઝૂરનુ છે તે સર્વ કાંઈ અલ્લાહનું જ તો છે.

આપ ﷺએ ફર્માવ્યું : بینا انا نائم اذجیٔ بمفاتیح خزائن الارض فوضعت فی یدی મને સૂતેલી હાલતમાં જ જમીનના સર્વ ખજાનાઓની ચાવીઓ આપી દેવામાં આવી (ઉઠવાની રાહ જોવાનુ પણ માન્ય ન રાખ્યુ. યાદ રાખશો કે નબીનો ખ્વાબ પણ વહીનો દરજો ધરાવે છે.)

*યહ ઈકરામ હૈ મુસ્તફા પર ખુદા કા–કે સબકુછ ખુદાકા હુવા મુસ્તફા ﷺ કા*

દલાઈલુન્નુબુવ્વતમાં હઝરત અલીયે મુર્તઝા શેરે ખુદા کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે આખી દુનિયાની ચાવીઓ અબલક઼ ઘોડા પર રાખીને મને આપી દેવામાં આવી જે સૈયદુલ મલાઈકા હઝરત જિબ્રઈલે અમીન علیہ السلام લઈને આવ્યા. જ્યારે કે એ ઘોડા પર નરમ તથા નાઝુક રેશમનું ઝીન હતું તેમ છતાં આપની સ્થિતિ જુઓ !

*માલિકે દીનો દુન્યા હોકર–દોનોં જહાંકે દાતા હોકર*
*ફાક઼ેસે હૈં સરકારે દો આલમ–સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ*

### કોઈ ક્યા જાને કે ક્યા હો–અક઼્લે આલમસે વરા હો

**અર્થાત :** લોકો જો આપને (હે મારા શાનવાળા આક઼ા ! ﷺ) કેવળ એક ઈન્સાન કે બશર (માનવ) કહીને વાત ખત્મ કરી આપે છે તો તેઓ પણ શું કરે ! આપની હક઼ીક઼ત કોઈ જાણે તો આપની પૂરી શાન સમજે. આપની હક઼ીક઼ત તો આખા જહાનની સમજમાં નથી આવી શકતી.

આપે હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہને ફર્માવ્યું : یا ابابکر لم یعرفنی حقیقة سواربی "હે અબૂબક્ર મારી હક઼ીક઼તને મારા રબ સિવાય કોઈ નથી જાણતું."

*મુહમ્મદ ﷺ સિર્રે વહદત હૈં–કોઈ રમ્ઝ ઉનકી ક્યા જાને*
*શરીઅતમેં તો બંદે હૈં–હક઼ીક઼તમેં ખુદા જાને*

**અર્થાત :** બસ જે અલ્લાહે કુર્આનમાં, હુઝૂર علیہ السلامએ હદીષોમાં તથા ઈલ્મ તથા મઅરેફતવાળાઓએ કુર્આન હદીષની રોશનીમાં વર્ણન કરી આપ્યું છે આપણે એટલુ જ જાણીએ છીએ. પણ એ નથી કે એના ઉપરાંત

આપની કોઈ શાન નથી, આપનો ફઝ્લો કમાલ તથા હુસ્નો જમાલ તો સીમા વિનાનો સમુદ્ર છે જેની હદો ખુદા જ જાણે છે.

### કન્ઝે મકતૂમે અઝલ મેં-દુર્રે મકનૂને ખુદા હો

*(કન્ઝે મકતૂમ = ગુપ્ત ખજાનો. અઝલ = હમેશાંથી. દુર્રે મકનૂન = છુપાયેલ કિંમતી મોતી)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ રોઝે અઝલના છુપા ખજાનામાં આપની હેસિયત એ કિંમતી તથા અજોડ મોતીની છે જેને રબ્બુલ આલમીને ઘણી હિફાઝતમાં રાખેલ છે. આ શેઅર તસવ્વુફની કિતાબોમાં જોવા મળતી આ હદીષે કુદસીનો ખુલાસો છે જેમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : کنت کنزا مخفیا فا حببت ان اعرف فخلقت محمدا (صلی اللہ علیہ وسلم) "હું એક છુપો ખજાનો હતો. પછી મેં ચાહ્યું કે મારી ઓળખ થાય. તો મેં મુહમ્મદ (ﷺ)ને પેદા કર્યા જેથી મને ઓળખવામાં આવે."

એકવાર જિબ્રઈલે અમીન علیہ السلام એ ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી, السلام علیك یا اول۔ السلام علیك یا اخر۔ السلام علیك یا ظاہر۔ السلام علیك یا باطن (રિવાયત કરી તિલ્મસાનીએ અન ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما) અને સૂરએ હદીદની આયતે કરીમ ھو الاول والاخر والظاہر والباطن وھو بکل شیئ علیم ની એક તફસીર શયખ મુહક્કિક અબ્દુલહક્ક દહેલ્વી رحمۃ اللہ علیہ એ પણ મદારિજમાં એ જ ફર્માવી છે.

### સબસે અવ્વલ સબસે આખિર-ઈબ્તિદા હો ઈન્તિહા હો

*(ઈબ્તિદા = શરૂઆત, ઈન્તિહા = અંત, છેડો)*

**અર્થાત :** આપનું નૂર સર્વ મખ્લૂકથી પહેલાં પેદા કરવામાં આવ્યું એટલા માટે આપ અવ્વલ (પ્રથમ) થયા. اوّل ما خلق اللہ نوری આપ સર્વ નબીઓ બાદ ખાતમુન્નબીય્યીન બનાવીને મોકલવામાં આવ્યા, એટલા માટે આપ આખર (અંતિમ) પણ થયા. انا خاتم النبیین۔ انا اخر الانبیاء જેથી આપ કાઈનાત (સૃષ્ટિ)ની અસલ છો, એટલા માટે કે કાઈનાતની શરૂઆત પણ આપનાથી થઈ : والخلق کلھم من نوری અને આપના પર નબુવ્વતનો અંત આણવામાં આવ્યો. એટલા માટે આપ કાઈનાતની છેવટ પણ ઠર્યા.

### જો વસીલે સબ નબી તુમ-અસ્લે મક્સૂદે હૂદા હો

**અર્થાત :** તમામ અંબિયાએ કિરામ علیہم السلام આપના સુધી (હે મારા આકા !) લોકોને પહોંચાડવાના વસીલા અને વાસ્તા હતા. એટલા માટે અંબિયાએ કિરામ علیہم السلام જ્યારે પોતાની કૌમને સંબોધન કરતા તો પોતાનો ઉલ્લેખ ઓછો કરતા અને આપનો અધિક કરતા હતા. એનો મતલબ એ છે કે તેમનું માર્ગદર્શન તથા પ્રથમ આવવાનો હેતુ પણ આપની ઝાતે બાબરકત હતી, જેથી લોકો અધિકથી અધિક આપને જાણે અને فاحببت اعرف નો ઈરાદો પરિપૂર્ણતાએ પહોંચે.

### પાક કરનેકા વુઝૂ થે-તુમ નમાઝે જાં ફ઼ઝા હો

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ તમામ અંબિયાએ કિરામ علیہم السلام જો વુઝૂના જેમ છે કે જેના થકી બંદો નમાઝ પઢવાને પાત્ર બને છે તો હું આપને નમાઝ કહીશ, અને નમાઝ પણ એવી જે ઈમાનને જિંદગી અતા કરનારી હોય.

**સબ બશારત કી અઝાં થે–તુમ અઝાંકા મુદ્દઆ હો**

**અર્થાત :** તમામ અંબિયાએ કિરામ علیہم السلام પોતપોતાના દૌરમાં હુઝૂર ﷺના આગમનની ખુશ ખબરી પોતાની ઉમ્મતને સંભળાવીને જાણે અઝાન આપતા રહ્યા. એટલે કે આપની અઝમતના ડંકા વગાડતા રહ્યા અને આપની શાનનું એલાન કરતા રહ્યા. અને આપ તે છે કે જે એ સર્વ ખુશખબરીઓ, એલાનો તથા અઝાનોનો હેતુ, મંઝિલે મક઼સૂદ તથા મક઼સદ અને મુરાદ છે.

**અઝમતે મુસ્તફા ﷺનો એક મુદ્દો :** જેવી રીતે માનવ શરીરમાં દિલ અગ્રેસર અંગોમાંથી છે બલ્કે અંગોનો સરદાર છે, એટલા માટે પૂરા શરીરમાં જ્યાં પણ તકલીફ થાય તો દિલને ખબર થઈ જાય છે. અને એ તકલીફને દૂર કરવાની ફિકર પણ દિલને થઈ જાય છે. એ જ રીતે સર્વ જહાનનું એક રૂહાની દિલ છે અને તે મહબૂબે ખુદા ﷺની ઝાત છે કે જ્યાં પણ કોઈની સાથે કોઈ વાત થઈ જાય તો હુઝૂર ﷺને ખબર થઈ જાય છે. عزیز علیہ ما عنتم અને એ તકલીફના નિવારણ માટે આપ ﷺ બેચેન થઈને અલ્લાહની બારગાહમાં દુઆગો થઈ જાય છે.

*બેખબર હો જો ગુલામોંસે વો આક઼ા ક્યા હૈ–બંદા મિટ જાએ ન આક઼ાપે વો બંદા ક્યા હૈ*

**અર્થાત :** એ જ પ્રમાણે માનવ શરીરમાંથી જે ચીજને દિલ સાથે સંબંધ નથી, જેમ કે નખો તથા વાળ, તે જો કહે કે દિલને અમારી ખબર નથી, તો બરાબર તો કહે છે કે તેમણે દિલની સાથે સંબંધ સ્થાપિત જ નથી કર્યો. અને જે લોકો આ આલમે કબીરમાં (પૂરા જગતમાં) એવું કહે છે કે હુઝૂર ﷺને આ ખબર નથી, તે ખબર નથી, તો તેઓ પણ પોતાના હાલના પ્રમાણે બરાબર જ કહે છે. કેમ કે તેમણે આ કાઈનાતના દિલ ﷺ સાથે સંબંધ જોડયો જ નથી ! અથવા જો કદી જોડયો છે તો હવે તોડી નાખ્યો છે. તો જે રીતે આંગળી કાપીને ફેંકી દેવામાં આવે તો તેને કીડા મકોડા ખાય અથવા કોઈ કૂતરો ખાય જાય તો દિલ પર અસર થશે નહીં, કેમ કે સંબંધ જ ન રહ્યો. આ પરથી હાઝિરો નાઝિર તથા હયાતુન્નબી ﷺનો મસ્અલો પણ હલ થઈ ગયો.

**સબ તુમ્હારી હી ખબર થે–તુમ મોઅખ્ખિર મુક઼તદા હો**

**અર્થાત :** મુબ્તદા હકી઼ક઼તમાં પ્રથમ (મુક઼દ્દમ) હોય છે અને ખબર બાદમાં (મોઅખ્ખિર) હોય છે. આ ઈલ્મે નહ્‌વનો ક઼ાઈદો તથા ઈસ્તેલાહ છે. અને જો કદી એનાથી ઉલ્ટુ થઈ જાય તો التقدیم ما حقه التاخیر یفید الحصر જેને હક્ક઼ પાછળ હોય તેને પ્રથમ કરી દેવાથી હસ્રનો ફાયદો હાંસલ થાય છે. لان المبتداء ذات والخبر حال من احوالها والذات مقدم علی احوالها (શરહે જામી) અને કાફિયામાં છે : واصل المبتداء التقدیم કે મુબ્તદામાં અસલ એ છે કે પ્રથમ હોય, કેમ કે તે જાત છે અને ખબર તેની હાલત વર્ણવે છે. અને જાત હશે તો હાલત હશે.

આ'લા હઝરતે આ શેઅરમાં ફર્માવ્યું કે હુઝૂર ﷺની ઝાત અસલમાં સર્વ કાઈનાતથી પહેલાંની છે اول ما خلق الله نوری પરંતુ આપને મુબ્તદાએ મુઅખ્ખિર (خاتم النبیین) એટલા માટે બનાવવામાં આવ્યા કે જેથી હસ્રનો ફાયદો હાંસલ થાય, તે એ કે સર્વ નબી હુઝૂર ﷺના જ આગમનનું એલાન કરતા રહે. ખુદા પણ આપની જ શાનો વર્ણવે અને ખુદાના સર્વ નબી પણ પોત પોતાના દૌરમાં પોત પોતાની ઉમ્મતના સામે, એકવાર

સર્વ મળીને મેઅરાજની રાતે હુઝૂર ﷺની રૂબરૂ પણ આપની અઝમતના ખુત્બા પઢે અને સર્વે એલાન કરી આપે કે : *મુહમ્મદકી હે રોશની હર ઝમન મેં–મુહમ્મદ હૈં નબીયોંકી હર અંજુમન મેં (ﷺ)*

### કુર્બે હક્ક કી મંઝિલેં થે–તુમ સફરકા મુન્તહા હો

**અર્થાત :** સર્વ અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَام અલ્લાહ તઆલાના કુર્બની મંઝિલો હતા અથવા અલ્લાહ તઆલાના સિફાતી કુર્બના જલ્વા હતા. અને હે મારા આકા ! આપ કુર્બે ઈલાહીની આખરી મંઝિલ (અઝમતનું અંતિમ સ્ટોપ) છે કે આપના બાદ બારગાહે ઈલાહીનો ઈલાકો શરૂ થઈ જાય છે. જે ફનાફિર્રસૂલ થઈ ગયો તે ફનાફિલ્લાહ થઈ ગયો. અથવા આપ અલ્લાહ તઆલાની ઝાતના કુર્બનો જલ્વો છે.

### કબ્લ ઝિક્રે અઝમાર કિયા જબ–રુત્બા સાબિક આપકા હો

*(અઝમાર = ઝમીર લાવવી, ઈસ્મનો ઉલ્લેખ કરવાને બદલે ઝમીર વાપરવી, નહ્વની ઈસ્તેલાહ છે. સાબિક=પહેલા, અગાઉ થઈ ગયેલ)*

**અર્થાત :** શેઅર નં. ૮ ની સમજૂતી બીજીવાર પઢીને આ શેઅરને સમજો. જ્યારે મુબ્તદાનો રુત્બો તથા મકામ પ્રથમ હોય છે તો અઝમાર કબ્લઝ્ ઝિક્ર કેવી રીતે ? કે કોઈ કહેતો ફરે કે મા કબ્લઝ્ ઝિક્ર કરવાથી પહેલાં ઝમીર લોટાવવામાં આવી રહી છે. કેમ કે મુબ્તદા મુઅખ્ખિર કેવળ શાબ્દિક રીતે જ મોઅખ્ખિર છે, હકીકતમાં મુકદ્દમ (અગ્રેસર) જ છે ભલે જાહેરી રીતે ઘણી બધી મખ્લૂક હુઝૂર ﷺના પહેલાં આવી પરંતું અલ્લાહ તઆલાએ સૌથી પ્રથમ પોતાના નબીના નૂરને જ પેદા કર્યું. હુઝૂર ﷺનું મુબ્તદા (અગ્રેસર) હોવું કેવી રીતે છે તેનું ઈમાન અફરોઝ બયાન આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઝબાનથી સાંભળો, પઢો અને વજ્દની કૈફિયત પોતાના ઉપર લાગુ કરીને કહો :–

*ઉન્કી બખ્શિશકા ઠિકાના નહીં હૈ કોઈ–હર ગુનેહગાર પર રહમતકી નઝર રખતે હૈં*

*કૌન કિસ હાલમેં હૈ કિસને પુકારા ઉનકો–મેરે સરકાર ﷺ દો આલમકી ખબર રખતે હૈં*

### તૂરે મૂસા ચર્ખે ઈસા–ક્યા મસાવિય્યે દના હો

*(તૂર = પહાડનું નામ, ચર્ખ = આસ્માન, મસાવી = સમાન, દના = નજીક થયા)*

**અર્થાત :** હઝરત મૂસા علیہ السلامને કોહે તૂર પર બોલાવ્યા, હઝરત ઈસા علیہ السلامને આસ્માન પર બોલાવ્યા, અને આપણા આકા ﷺને અર્શ પર બોલાવીને ثُمَّ دَنٰی فَتَدَلّٰینો કુર્બ અતા ફર્માવ્યો, ભાઈઓ ! જરા ઈન્સાફ તો કરો, હુઝૂરની બરાબરી થઈ શકે છે ?! નહીં ! કદાપિ નહીં ! જ્યારે આપનો નબીઓમાં કોઈ બરાબરી કરનાર નથી, તો કોઈ મનહૂસ જો હુઝૂર ﷺની સાથે પોતાની બરાબરીની વાત કરે તો તેનું મોં સળગી કેમ નથી જતું ! બલ્કે સળગેલો તો પહેલેથી જ છે, તેના મોં પર ખાસડુ કેમ મારવામાં નથી આવતુ ! સારું, રહેવા દો ક્યાંક ખાસડુ ખરાબ ન થઈ જાય !

*જો નૂર ઔર હયાત કે મુન્કિર હૈં દેખ લો – આંખેં બુઝી બુઝી હૈં ચેહરે મરે મરે !*

### સબ જેહત કે દાઈરે મેં–શશ જેહતસે તુમ વરા હો

*(જેહત = દિશા, દાઈરા = વર્તુળ, શશ જેહત = સર્વ દિશાઓ પૂર્વ પશ્ચિમ, ઉત્તર દક્ષિણ, ઉપર નીચે, વરા = અલગ)*

**અર્થાત :** સર્વ અંબિયા એક ન એક દિશાના વર્તુળમાં છે, એટલે તેમને ખાસ ખાસ શાનો, મોજિઝા તથા કમાલો અતા કરવામાં આવ્યા, પણ હે મારા આકા ! ﷺ આપની અઝમતની તો કોઈ હદ જ નથી. આપ સર્વ દિશાઓ તથા હદોથી પર છો ورفع بعضهم درجت, અમુકને એટલા દરજા આપ્યા કે : *કોઈ હદ હૈ ન ઉનકે ઉરૂજ કી!*

### સબ મકાં તુમ લા મકાંમેં–તન હૈં તુમ જાને શિફા હો

**અર્થાત :** હે પ્યારા આકા ! ﷺ સર્વ અંબિયાએ કિરામ علیہم السلام મકાનમાં છે અને આપની શાન એ છે કે આપ લામકાંની સૈર પણ કરી આવ્યા છો. સર્વ નબી જો શરીર છે તો આપ પાકીઝા જાન અને પાક રૂહની જેમ છો.

*મુહમ્મદ ﷺ રસૂલોંકા સરદાર હૈ–મુહમ્મદ ﷺ ઉસૂલોંકા કિરદાર હૈ*

### સબ તુમ્હારે દરકે રસ્તે–એક તુમ રાહે ખુદા હો

**અર્થાત :** સર્વ નબીઓએ લોકોની રહનુમાઈ આપના દરે અકદસની તરફ ફર્માવી. (ربنا وابعث فیهم رسولا - ومبشر ابرسول یاتی من بعدی اسمه احمد હઝરત ઈસા તથા ઈબ્રાહીમ علیہم السلام ની પુકાર) અને આપની ઝાત તે છે જે ખુદા સુધી પહોંચવાનો કામિલ વસીલો છે. ખુદાએ ખુદ પોતાના ગુનેહગારોને હુઝૂર ﷺની બારગાહમાં જવાનો હુકમ આવ્યો : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ

### સબ તુમ્હારે આગે શાફેઅ–તુમ હુઝૂરે કિબ્રિયા હો

**અર્થાત :** હે મારા શફાઅતના તાજવાળા ! તમામ અંબિયાએ કિરામ علیہم السلام ત્યાં સુધી કે જદ્દુલ અંબિયા ઈબ્રાહીમ علیہ السلام પણ, અબુલ અંબિયા આદમ علیہ السلام પણ કયામતના દિવસે આપના ઝંડાની નીચે હશે અને આપની બારગાહમાં શફાઅતના માટે અર્ઝ કરશે અને આપ રબ્બુલ આલમીનની બારગાહે બેકસ પનાહમાં શફાઅત કરશો જે કબૂલ થશે.

*મુહમ્મદ ﷺ હૈ વકીલ રોઝે મેહશર–મુહમ્મદ ﷺ હી શફીએ મુઝનબીન હૈ*

### સબકી હૈ તુમ તક રસાઈ–બારગાહ તક તુમ રસા હો

*(રસાઈ = પહોંચ)*

**અર્થાત :** મેહશરના દિવસે સર્વ અંબિયાએ કિરામ, મુરસલીને એઝામ علیہم السلام અને તેમની ઉમ્મતોની પહોંચ આપની જ બારગાહ સુધી થશે. (જ્યારે તે ફર્માવશે : اذهبوا الی غیری તો આપ ફર્માવશે : انا لها) અને આપની પહોંચ તો ખુદાની બારગાહ સુધી હશે.

### વો કલસ રોઝેકા ચમકા–સર ઝુકાઓ કુજકલા હો

**અર્થાત :** (મદીના શરીફની તરફ જનારાઓને સંબોધન કરીને આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવી રહ્યા છે :) અરે ! અરે ! એ જુઓ મારા આકા ﷺના ગુંબદનો કલસ ચમકી રહ્યો છે. તમારામાં જો કોઈ બાદશાહ પણ છે તો પોતાનું માથુ ઝુકાવી લે, એટલા માટે કે આ તે બાદશાહની બારગાહ છે કે અહીં આવીને તાજદાર માગતા ફરે છે.

## વો દરે દૌલતપે આએ-જોલિયાં ફેલાઓ શાહો

**અર્થાત :** હે મદીના શરીફના ઝાઈરો ! જરા દિલની આંખો ખોલીને તો જુઓ ! મારા આક઼ા પોતાના દૌલત કદા પર નાઝ પૂર્વક તશરીફ લાવી રહ્યા છે. હે ગદાઓ ! તમે તો પહેલેથી જ જોલીઓ ફેલાવી રાખી છે. હે બાદશાહો ! તમે પણ તલબનો દામન લંબાવો, તમને તે કાંઈ મળશે જે બાદશાહી પણ ન આપી શકી. તમારી હુકૂમતો તો અહીંયાં રહી જશે, સરકાર ﷺની બારગાહથી હુસ્ને અમલની ભીખ માગી લો અલ્લાહથી એમની મહોબ્બત માગી લો.

*સાથ ઈન્સાન કે જાયેંગે ન માલો દૌલત—જાએંગે સાથ તો બસ હુસ્ને અમલ જાએંગે*
*ઉન્કી યાદોંકો નિયાઝી જો બસા લો દિલમેં—જિતને ખતરાત હૈં મેહશર કે વો ટલ જાએંગે*

**મહોબ્બતનો અંદાઝ :** સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن ખુશનસીબ હઝરાત હતા જેમને હુઝૂર ﷺના લુઆબે દહન (થૂક મુબારક) શરીફ અને વુઝૂના પાણીને પોતાના મોઢાંઓ પર ચોપડવાનો શરફ (મહાનતા) હાંસલ થયો. આપણે કે જેઓ હુઝૂર ﷺના જમાનાથી ઘણા પાછળ છીએ, આપણને હુઝૂર ﷺની તરફ સંબંધિત કોઈ પણ ચીજ મળી જાય તો આપણે તેને આપણા માથા તથા આંખો પર રાખીએ અને ચૂમીએ. મહોબ્બત જો હોય તો મેહબૂબની દરેક ચીજ પ્યારી લાગે છે. એક અરબી શાઈરે મજનૂની ઝબાની આ પ્રમાણે કહ્યું છે :

اَرُوحُ اِلَی الدِّيَارِ دِيَارِ لَيلىٰ-وَاُقَبِّلُ ذَالجِدَارَ وَ ذَالجِدَارَ
وَمَا حُبُّ الدِّيَارِ شَغَفْنَ قَلْبِیْ-وَلٰكِنْ حُبُّ مَنْ سَكَنَ الدِّيَار

"હું લૈલાના શહેર જાઉં છું તો કદી આ દીવાલને ચૂમુ છું કદી પેલી દીવાલને, અને મને એ વાત પર શહેરની મહોબ્બત નથી ઉભારતી, બલ્કે જે આ શહેરમાં રહે છે તેની મહોબ્બત મજબૂર કરે છે કે હું આ શહેરની દીવાલોને ચૂમું."

હઝરત ઈમામ માલિક رَضِیَ اللّٰهُ عَنْهُ મદીના મુનવ્વરાના બજારોમાં ચાલતા તો બજારની દીવાલોને ચૂમતા અને ફર્માવતા કે શક્ય છે કે કદીક આ સ્થળે હુઝૂર ﷺનો હાથ લાગી ગયો હોય.

સહાબાએ કિરામ عَلَيْهِمُ السَّلَام દરેક તે ચીજથી જેને હુઝૂર ﷺથી નિસ્બત હોતી મહોબ્બત રાખતા અને તેને અપનાવતા, ત્યાં સુધી કે હુઝૂર ﷺના થૂક મુબારકને હાથો પર લઈને તેને પોતાનાં મોઢાંઓ તથા શરીરો પર ઘસી લેતા. *(બુખારી શરીફ, ૧/૩૭૯)*

હુઝૂર ﷺએ એકવાર વુઝૂ કર્યું તો વુઝૂનું પાણી હઝરત બિલાલ رَضِیَ اللّٰهُ عَنْهُએ લઈ લીધું. અન્ય સહાબીઓએ જયારે જોયું કે હુઝૂર ﷺના વુઝૂનું પાણી બિલાલે લઈ લીધું છે તો તેઓ બિલાલની તરફ દોડયા જેથી તેઓ પણ હુઝૂરના આ ગુસાલા શરીફ (ધોવાણ)થી બરકત હાંસલ કરી શકે. જેમને એ ગુસાલા શરીફની તરી પણ મળી ગઈ તેણે પોતાના મોઢા પર ચોપડી લીધી અને જેમને ન મળી શકી તેણે કોઈ બીજાના હાથથી તરી લઈને મોઢા પર હાથ ફેરવી લીધો. *(મિશ્કાત શરીફ, પેજ—૬૫)*

*તેરા આસ્તાં જો મિલ ન સકા તેરી રહગુઝર પે ઝબીં સહી*
*હમેં સજદા કરનેસે કામ હૈ, જો વહાં નહીં તો યહીં સહી*

મૌલાના મુહમ્મદ બશીર સાહબ કોટલી લુહારાંવાળા સુન્ની ઉલમાની હિકાયતોમાં લખે છે કે, હુઝૂર ﷺની બારગાહે અર્શ પનાહમાં હાજર થઈને સલામ અર્ઝ કરી રહ્યો હતો. એવામાં એક મિસ્રીએ મોકો જોઈને જાળી શરીફને ચૂમી લીધી. નજદી સિપાહીએ જોયું તો તેને પાછળ હટાવીને કહ્યું, "લોઢાથી શું માગે છે ?!" મિસ્રીએ આંખો ફાડીને ગુસ્સામાં તેને જવાબ આપ્યો, "તમે કા'બામાં હજરે અસ્વદથી શું ચાહો છો ?!" નજદી આ સાંભળીને લાજવાબ થઈ ગયો. ત્યારબાદ અબૂન્નૂર લખે છે કે, રાહ વાલી (એક સ્થળ)નું બનેલુ પુઠ્ઠુ જ્યારે કુર્આન પાકની જિલ્દ (બાઈન્ડિંગ)માં લાગી જાય તો કુર્આનની નિકટતા તથા સંગતના કારણે તેને પણ એ શરફ હાંસલ થઈ જાય છે કે કોઈ તેને બેવુઝૂ નથી સ્પર્શી શકતુ અને જેવી રીતે લોકો કુર્આનને ચૂમે છે તેવી જ રીતે સાથે એને પણ ચૂમે છે. તો જે જાળી મુબારક અને રોઝએ અક઼્દસને સાહિબે કુર્આન ﷺ ની નિકટતા તથા સાથ નસીબ થયેલો હોય તે કેમ ન ઈમાનવાળાઓની અક઼ીદતનું મર્કઝ બની જાય ?! પણ શું કરવામાં આવે એ વહેંચવાણીનું જે અઝલથી થઈ ચૂકી છે : *તુઝકો ખુશ્કી મિલી મુઝે ઉલ્ફત–નજદિયા યહ અપની અપની કિ઼સ્મત હૈ*

આ'લા હઝરત رضی اللہ عنہની આ નઅતનો મક઼્તઅ નથી, એટલે કે હશે જરૂર પણ મળી ન શકયો, એના લીધે આ નઅત મક઼્તઅ વિના અહીં સંપૂર્ણ થઈ ગઈ.

## (નઅત શરીફ : ૮૦)

### ઈમાન હૈ ક઼ાલે મુસ્તફાઈ–કુર્આન હૈ હાલે મુસ્તફાઈ

*(ક઼ાલ = વાતચીત, વાત જે આપે ફર્માવી, હાલ = હાલત તથા કૈફિયત, મુસ્તફાઈ = મુસ્તફાઈવાળા)*

**અર્થાત :** સરકારે મદીના, સુરૂરે ક઼લ્બો સીના અહમદે મુજતબા જનાબે મુહમ્મદ મુસ્તફા ﷺની પ્યારી પ્યારી વાતોનું નામ ઈમાન છે, અને આપની હાલતો તથા કૈફિયતોનું નામ કુર્આન છે. કુર્આન મજીદમાં છે : وانہ لذکر لک ولقومک, "આ કુર્આન આપનુ તથા આપની ક઼ૌમનું ઝિક્ર છે."

કુર્આને પાકે હુઝૂર ﷺની હાલતોને કેટલા પ્યારા અંદાઝમાં વર્ણન કરી. વદુહાથી ચમકતો ચહેરો. વલ્લૈલથી લતવાળી કાળી ઝુલ્ફ. یاایھا المزمل થી કમલ ઓઢવું. یاایھا المدثر થી ચાદર લપેટીને સૂવું વર્ણન કર્યું. وانت حل بھذا البلد,થી મક્કાની ગલીઓમાં નાઝથી ચાલવું.

એ જ કારણે કુર્આન પઢનાર ક઼ારી બને, જિહાદ કરનાર ગાઝી બને, ફૈંસલો કરનાર ક઼ાઝી બને અને રુખે મુસ્તફા ઈમાન સાથે જોનાર સહાબી બને જે સર્વ ઉમ્મતથી અફઝલ તથા આ'લા છે. આપના ઈખ્તિયારોને માનવું કે જે ચીજ જેના માટે ચાહે હલાલ કરી આપે જેના માટે ચાહે હરામ કરી આપે. હઝરત અલીને બીજા નિકાહ કરવાથી મના કરી આપ્યું, એ પણ ઈમાન છે અને હઝરત સુરાકાના માટે સોનાના કંગન પહેરવાં જાઈઝ કરી આપ્યું એ માનવુ પણ ઈમાન છે.

*આપકા ઈશ્ક઼ હૈ ઈશ્કે રબ્બુલ અલા આપકા ઝિક્ર હૈ ખાસ ઝિક્રે ખુદા*
*ખુદ ખુદાકા યહ કુર્આંમેં એલાન હૈ જો તુમ્હારા નહીં વો હમારા નહીં*
*ઈસ્મે અહમદકી તાઝીમ કે મુન્કિરો ! ઉન્કી અઝમતકો કુર્આનમેં દેખ લો*
*બેલક઼બ ઉનકા નામ મુબારક કહે, ઉનકે મઅબૂદને ભી પુકારા નહીં.*

### અલ્લાહકી સલ્તનત કા દુલ્હા–નક઼્શે તિમ્ષાલે મુસ્તફાઈ

*(તિમ્ષાલ = તસવીર, શક઼્લ)*

**અર્થાત :** જો કોઈએ અલ્લાહ તઆલાની પૂરી હુકૂમત તથા રિયાસતનો બાદશાહ જોવો હોય તો તે મારા પ્યારા આક઼ા ﷺની શક઼્લે નૂરાનીનો જલ્વો તથા નિશાન જોઈ લે.

### કુલ સે બાલા રુસુલસે આ'લા–ઈજલા વ જલાલે મુસ્તફાઈ

**અર્થાત :** પ્યારા મુસ્તફા ﷺનો મક઼ામ તથા મર્તબો કુલ કાઈનાતથી અફઝલ તથા આ'લા છે, અને આપ સર્વ રસૂલોના ઈમામ તથા પેશવા છે અને સર્વ જહાનોની સરદારી આપના જ હાથમાં છે.

*મુહમ્મદ ﷺ દહરકી રૂહે રવાં હૈ–મુહમ્મદ હી ઈમામે મુરસિલાં હૈ ﷺ*

### અદબાર સે તૂ મુઝે બચા લે–પ્યારે ઈક઼બાલે મુસ્તફાઈ

*(ઈકબાલ = સદનસીબી. અદબાર = બદબખ્તી)*

**અર્થાત :** હે મારા મુસ્તફા કરીમ ﷺની ઈકબાલમંદી ! ખુદારા પોતાની પ્યારી નિસ્બત (મુસ્તફાઈ)નો વાસ્તો ! મને પણ બદબખ્તી તથા નહૂસતથી બચાવી લે.

### મુરસલ મુશ્તાકે઼ હક્ક઼ હૈં ઔર હક્ક઼-મુશ્તાકે઼ વિસાલે મુસ્તફાઈ

*(મુરસલ = રસૂલો, મુશ્તાક઼ = શોખ રાખનાર, આતુર, હક્ક઼ = રબ, વિસાલ = મુલાકાત)*

**અર્થાત :** તમામ અંબિયાએ કિરામ તથા મુરસલીને એઝામ અલ્લાહ તઆલાની મુલાકાતના ખ્વાહિશમંદ છે, અને અલ્લાહ તઆલા પોતાના મહબૂબ પ્યારા મુસ્તફા ﷺની મુલાકાતનો મુશ્તાક઼ છે, જેવું કે મેઅરાજના બનાવમાં વર્ણન થઈ ચૂક્યું. اِنَّ اللّٰہ قد اشتاق الی لقائک یا رسول اللّٰہ.

### ખ્વાહાને વિસાલે કિબરિયા હૈ-જોયાને જમાલે મુસ્તફાઈ

*(ખ્વાહાં = ચાહનાર, કિબરિયા = અલ્લાહ તઆલા, જોયાં = તલાશમાં હોવું, જમાલ = ખૂબસુરતી)*

**અર્થાત :** અલ્લાહ તઆલાના દીદારની તડપ રાખનારા (પ્યારા મૂસા علیہ السلام મેઅરાજની રાતે) જમાલે મુસ્તફાનો વારંવાર નઝારો કરીને "રબ્બિ અરેની !"વાળી પ્યાસ બુઝાવી રહ્યા છે. فقد رای الحق

### મહબૂબ વ મોહિબકી મિલ્ક હૈ ઈક-કૌનેન હૈ મુસ્તફાઈ

**અર્થાત :** બંને જહાન અને ખુદાની સર્વ ખુદાઈ પ્યારા મુસ્તફા કરીમ ﷺનો સામાન, દૌલત તથા મિલ્કિયત છે. કેમ કે મોહિબ્બ તથા મહબૂબની મિલ્કિયત એક જ હોય છે અને આ લેહાઝથી : *મહબૂબ વ મોહિબમેં નહીં મેરા તેરા.*

### અલ્લાહ ન છૂટે દસ્તે દિલસે - દામાને ખયાલે મુસ્તફાઈ

**અર્થાત :** હે મારા અલ્લાહ ! તારા પ્યારા મહબૂબ મુસ્તફા કરીમ ﷺની યાદ મારા દિલમાં એ પ્રમાણે સમાયેલી રહે કે કદી દિલથી અલગ નથાય, ત્યાં સુધી કે :–

*મૈં સો જાઉં યા મુસ્તફા કહતે કહતે–ખુલે આંખ સલ્લિ અલા કહતે કહતે*

મૌલાના જામી رحمۃ اللہ علیہએ મુસ્તફા ﷺના ખયાલને "કેટલો સારો" ખયાલ ઠરાવ્યો છે ! ફર્માવે છે :

*બૂદ દર જહાં હર કસે રા ખયાલે–મારા અઝ હમા ખૂશ ખયાલે મુહમ્મદ ﷺ*

### હૈં તેરે સિપુર્દ સબ ઉમ્મીદેં-અય જૂદો નવાલે મુસ્તફાઈ

*(સિપુર્દ = સોંપાવામાં આવેલ, જૂદો નવાલ = સખાવત તથા બખ઼્શિશ)*

**અર્થાત :** હે મારા આકા઼ કરીમ પ્યારા મુસ્તફા ﷺના જૂદો કરમ ! મેં તો મારી સર્વ તમન્નાઓ અને આરઝૂઓ તને સોંપી આપી છે, તો હવે ભલા મને કોઈ ચીજની કમી હોય શકે છે ?! અને તે કઈ તમન્ના અને ખ્વાહિશ હશે જે પૂરી નહીં થઈ શકે ! જો કોઈએ હુઝૂર ﷺની બારગાહથી માગવાનો અંદાઝ શીખવો હોય તો આ'લા હઝરત رحمۃ اللہ علیہથી શીખે, જે સર્વ જમાનાને આ અકી઼દો અતા કરી રહ્યા છે :

*મુહમ્મદ ﷺ હી વકીલે ઝિંદગી હૈ – મુહમ્મદ ﷺ હી દલીલે બંદગી હૈ* –(સૈયદ અમીન શાહ)

### રોશન કર કબ્ર બેકસોંકી-અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે પૂરી કાઈનાતને રોશન તથા મુનવ્વર કરનારી શમ્એ જમાલે મુસ્તફાઈ ! અમ નિરાધાર ગમના માર્યાઓની અંધારી કબ્રમાં આવીને પણ અજવાળુ કરી દે.

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ અહયાઉલ ઉલૂમની ચોથી જિલ્દમાં લખ્યું છે કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ પોતાની વફાતના સમયે વસિયત ફર્માવી કે જ્યારે મને દફન કરો તો મુસ્તફા ﷺનાં તબર્રુકાત (નખો મુબારક તથા બાલ મુબારક વગેરે) મારી કબરમાં રાખવાનુ ન ભૂલશો.

*હૈ સુબ્હે અઝલસે મેરી રૂહ તૂ-રસૂલે દો આલમ કે દર પર ખળી*
*રહૂં ઔર મરું ઔર ઉઠું ઈસ તરહ-મુહમ્મદ ﷺ કી સૂરત હો દિલમેં જળી*

### અંધેર હૈં બે તેરે મેરા ઘર-અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! ﷺ મારા દિલની દુનિયા અને કબ્રની મંઝિલ તો તારા વિના અંધેર નગરી છે, જે તારા આવતાં જ નૂર તથા રોશનીથી ભરપુર થશે.

### મુઝકો શબે ગમ ડરા રહી હૈ-અય શમ્એ જમાલે મુસ્તફાઈ

*(શબેગમ = દુ:ખોભરી રાત)*

**અર્થાત** : હે જમાલે મુસ્તફા ﷺની નૂરાની શમ્અ ! તું જલ્દી આવ અને આવીને તારી રોશની અતા ફર્માવ, કેમ કે ગમની રાતથી મને ખૂબ જ ડર લાગી રહ્યો છે. જેમના જમાલની તું શમ્અ છે તેમણે તો દુશ્મનોને પણ સીનાથી લગાડયા છે, તો પછી હું તો તેમનું નામ લેનારો તથા તેમનો કલમો પઢનારો છું.

*જો ભી દુશ્મન આયા હુઝૂર કા ઉસે બળ્હકે સીનેસે લગા લિયા*
*કહાં ઐસા કોઈ હૈ જો જફાકે બદલે વફા કરે*

### આંખોમેં ચમકકે દિલમેં આ જા-અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે મારા મુસ્તફા કરીમ ﷺના હુસ્નો જમાલની રોશન શમ્અ ! મારી આંખોંના થકી મારા દિલમાં ઉતરી જા કે જેથી માથાની આંખોથી મુસ્તફા ﷺનો દીદાર થઈ જાય અને દિલમાં આકાનો બસેરો થઈ જાય. પછી ન શબે ગમ રહે અને ન અંધારુ રહે. આંખોમાં નૂર આવી જાય, દિલમાં સુરૂર (ખુશી) આવી જાય.

### મેરી શબે તાર દિન બના દે-અય શમ્એ જમાલે મુસ્તફાઈ

*(શબે તાર = અંધારી રાત)*

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! મારી દરખાસ્ત કબૂલ કરી લે જેથી મારા કિસ્મતની અંધારી રાત ખુશ નસીબીના રોશન દિવસમાં તબદીલ થઈ જાય.

*જબ તક દિખાએ રાહ ન સીરત હુઝૂર કી-ભટકે હુવોંકી રાહનુમાઈ હો કિસ તરહ*

### ચમકા દે નસીબ બદનસીબિયાં-અહ શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! તારી નૂરાનિયતની એક ચમકથી અમ બદનસીબોની બદનસીબી

દૂર કરીને અમારાં અંધકારમય સીનાઓને રોશન કરી દે. કેમ કે :

*ચમક તુઝસે પાતે હૈં સબ પાનેવાલે—મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે*

### ફ઼ઝ્ઝાક઼ હૈ સરપે રાહે ગમ હૈ—અય શમ્એ જમાલે મુસ્તફાઈ

*(ફ઼ઝ્ઝાક઼ = ડાકૂ)*

**અર્થાત :** દીન ઈમાનના ડાકૂ, ઈન્સાની લિબાસમાં વરૂ ઈમાનની દૌલત લૂટવાના માટે (ઠેક ઠેકાણે ઈદારાઓ તથા મદ્રસાઓના નામ પર) માથા પર ઉભેલા છે, અમારી પાસે કોઈ ચારો પણ નથી. હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! અમારી રહનુમાઈ ફર્માવી દે જેથી અમે ઈમાનની દૌલતને બચાવી શકીએ.

**દીન ઈમાનની હિફાઝત :** દીન તથા ઈમાન એટલી કિંમતી દૌલત છે કે એક મુસલમાને સૌથી વધુ એની હિફાઝતની ફિકર હોવી જોઈએ. જ્યારે લોકો પોતાના જૂઠી દુનિયવી ઈજ્જતનો ખૂબ જ ખયાલ કરે છે. જરા સરખી વાત આપણી શાનના પ્રમાણે ન હોય તો લડવા મરવા માટે તૈયાર થઈ જઈએ છીએ અને ઈમાન તથા દીન બર્બાદ થતો રહે તો ટસથી મસ નથી થતા ! આ નેઅમતને પામવા માટે. તો આપણને દીન ઈમાનની હિફાઝતનો એહસાસ હોવો જોઈએ, કુર્આનની તિલાવત, મૌતની યાદ, ફિક્રે આખેરત તથા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ના હાલાતનો અભ્યાસ કરવો, ઉલમાએ એહલે સુન્નતની કિતાબો વાંચવી, ઈલ્મે દીન હાંસલ કરવો ખૂબ જ જરૂરી છે.

### છાયા આંખો તલે અંધેરા—અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત :** હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! મારી આંખોની નીચે બદઅમલીઓનું અંધારુ જ અંધારુ છે જેના લીધે કાંઈ દેખાય નથી દેતુ અને સિરાતે મુસ્તક઼ીમથી હટતો જઈ રહ્યો છું. ખુદારા ! તમારા નૂરથી મારી મદદ ફર્માવો જેથી કરીને હક્ક઼ના માર્ગે કાયમ રહું.

### દિલ સર્દ હૈ અપની લવ લગા દે—અય શમ્એ જમાલે મુસ્તફાઈ

*(સર્દ = ઠંડુ, લવ = દિલી લગાવ)*

**અર્થાત :** હે જમાલે મુસ્તફા ﷺની નૂરાની શમ્અ ! મને રોશની પણ અતા ફર્માવ અને મારા ઈશ્કે઼ મુસ્તફાઈથી બેગાના ઠંડા દિલને ઈશ્કે઼ રિસાલત મઆબ ﷺની ગરમી પણ અતા ફર્માવ.

*હર કે ઈશ્કે઼ મુસ્તફા સામાને ઉસ્ત—બહરો બર દર ગોશે દામાને ઉસ્ત*

### ઘનઘોર ઘટાએં ગમકી છાઈ—અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત :** હે જમાલે મુસ્તફા ﷺની રોશન શમ્અ ! ઘણા જ ડરામણાં તથા ભયાનક કાળાં ગમનાં વાદળો છવાઈ ગયાં છે. ક઼બ્રની ભયાનકતાઓ અને મેહશરના મેદાનની તબાહકારીઓએ નર્વસ કરી રાખેલ છે. એક જલ્વો મારી અંધારી ક઼બ્રમાં પણ થઈ જાય તો મારી ક઼બ્ર નૂરનો પુંજ બની જાય. અને મેહશરના મેદાનમાં તારુ અજવાળુ જોઈએ જેથી તે મંઝિલો પણ આસાનીથી પાર કરી શકાય.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના અક઼ીદતમંદોને ઈશ્કે઼ રસૂલની દૌલત અતા કરવાની સાથોસાથ અક઼ીદતની મજબૂતીનો સામાન પણ આપી રહ્યા છે અને સાથોસાથ ફિક્રે આખેરત તથા ખૌફે ખુદાની તરફ પણ ધ્યાનિત કરી

રહ્યા છે. જેમને એ નેઅમત મળી જાય છે તેમને કયાં કયાં ઈનામો મળે છે, અને જેઓ એ નેઅમતોથી મેહરૂમ રહે છે એમનો શું હાલ થાય છે એને જાણવા માટે આખેરતની ફિકર અને મૃત્યુ પછીના હાલાત વિશે લખેલી ઉલમાએ એહલે સુન્નતની કિતાબોનો અભ્યાસ દરેક મુસલમાન ખાસ કરીને અમલથી કોરા કેવળ ઈશ્કે મુસ્તફા ﷺના દાવેદારો જરૂરથી કરે, જેથી ખૌફે ખુદા દિલોમાં પેદા થાય અને બદ અમલીનો ખાત્મો થાય. (એના માટે અમારે ત્યાંથી પ્રકાશિત થયેલ કિતાબ ગુનાહોનો ઈલાજ, જહન્નમના ખતરાઓ, પયગંબરે રહમત ﷺ તથા આપની તાલીમાત..વગેરે કિતાબો મળી શકશે. *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

### ભટકા હું તૂ રાસ્તા બતા જા–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે જમાલે મુસ્તફા ﷺની શમ્એ ફરોઝાં ! હું રસ્તો ભૂલી ગયો છું, જલ્દી આવ અને મારી રહનુમાઈ ફર્માવીને મને સીધા માર્ગ પર લગાડ જેથી કરીને મંઝિલે મક્સૂદ (નિર્ધારિત મંઝિલે) પહોંચી જાઉં. કેમ કે ભટકેલાઓને તું માર્ગ નહીં બતાવે તો કોણ બતાવશે ?!

### ફર્યાદ દબાની હૈ સિપાહી–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

*(ફર્યાદ = પુકાર, દુહાઈ. દબાના = દબોચવું, બોલવા ન દેવું, સિપાહી = ગુનાહોનો અંધકાર)*

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! મારા ગુનાહોની સિયાહી (કાળાશ, અંધકાર) મારી આહ, ફરિયાદ તથા રૂદન પર સવાર થઈ જાય છે જેના કારણે મારો અવાજ નથી નીકળવા પામતો. તને તો સર્વ કાંઈ માલૂમ છે, જાતે જ આવી જા અને મારી ફરિયાદ સાંભળીને મારી મુશ્કેલીને આસાન કરી જા.

### મેરે દિલે મુર્દાકો જિલા દે–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે પ્યારા મુસ્તફા ﷺના જમાલે જહાંઆરાની રોશન શમ્અ ! મારું દિલ મુર્દા થઈ ચૂક્યું છે તેને નવી જિંદગી અતા કરી આપ.

### આંખે તેરી રાહ તક રહી હૈ–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : મારી આંખો તરસી રહી છે તારા દીદાર તથા ઝિયારત માટે, હે મહબૂબે ખુદા ﷺના જમાલની રોશન શમ્અ ! ક્યારે એ દિવસ આવશે કે મારી આંખોની પ્યાસ બુઝાશે.

### દુઃખમેં હૈં અંધેરી રાતવાલે–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : દુનિયાનું જંગલ સુનુ છે, રાત અંધારી અને કાળી વાદળી છવાયી છે. અમે આ કાળી રાતના અંધકારમાં ઘણા દુઃખ દર્દની સાથે જિંદગીનો કઠિન પળો પસાર કરી રહ્યા છીએ. હે શમ્એ જમાલે મુસ્તફા ! અમને ગુમરાહીના આ અંધકારથી કાઢ !

*વો જો આસૂદગી ચાહેં ઉન્હેં આસૂદા કર–બે કરારોંકી લતાફત મુઝે તન્હા દે દે*
*ગમ તો ઈસ દૌર કી તક્દીરમેં લિખે હૈં મગર–મુઝકો ગમસે નિમટ લેનેકા યારા દે દે*

### તારીક હૈ રાત ગમઝદોંકી–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : અમે ગમના માર્યાઓ, બે સહારાઓની રાત ઘણી જે અંધકારમય થઈ ગઈ છે અને એ અંધકાર

જમાલે મુસ્તફા ﷺની રોશન શમ્અથી જ ખત્મ થઈ શકે છે. કોઈ છે જે મારો હાલ સાંભળીને મારા આક઼ાની રહમતને મારા તરફ ધ્યાનિત કરી આપે, હું તેને જાનનુ નઝરાણુ કરીશ.

### હો દોનોં જહાંમેં મુંહ ઉજાલા–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : દુનિયામાં આપના ઈશ્ક઼ો મહોબ્બતથી અને આખેરતમાં આપની શફાઅતથી ચહેરો રોશન રહે. હુઝૂરના નૂરના જમાલથી બંનેવ જહાનમાં કામયાબી તથા ઈજ્જત નસીબ થાય.

### તારીકીએ ગોરસે બચાના–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : અમારાથી તો દુનિયાનો અંધકાર સહન નથી થતો અને કબરના અંધકારની મંઝિલ તો બાકી છે. હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! અમને ક઼બ્રના અંધકારથી બચાવજે અને મહબૂબના દીદારનું નૂર અતા ફર્માવજે જેથી મારું મૃત્યુ હયાતે જાવેદાની બની જાય.

### પુર નૂર હૈ તુઝસે બઝ્મે આલમ–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : કાઈનાત (સૃષ્ટિ)ની મેહફિલ તારા જ નૂરથી જગમગી રહી છે, હે જમાલે મુસ્તફા ﷺની રોશન શમ્અ !

### હમ તીરા દિલોં પે ભી કરમ કર–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

*(તીરા દિલ – ગુનાહોના કારણે દિલ કાળાં કરી લેનાર)*

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! અમારા જેવા કાળા દિલવાળાઓ પર પણ કરમની નજર થઈ જાય જેથી અમારાં દિલોની કાળાશ દૂર થઈ જાય અને દિલ રોશન થઈને સીનો નૂરનો ખજાનો બની જાય અને પછી હું વજદમાં આવીને આ પ્રમાણે કહું : *મૈં યહાં હૂં મેરા દિલ મદીનેમેં હૈ*

### લિલ્લાહ ! ઈધર ભી કોઈ ફેર–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે શમ્એ જમાલે મુહમ્મદી ! (ﷺ) ખુદાને ખાતર અમ ગરીબોની તરફ પણ રહમતનો એક ફેરો (નૂરનો જલ્વો) થઈ જાય તો અમારી બગડેલી ક઼િસ્મત બની જાય, સૂતેલુ નસીબ જાગી જાય અને અમારુ પણ ભલુ થઈ જાય.

### તક઼દીર ચમક ઉઠે 'રઝા' કી–અય શમ્એ જમાલે મુસ્તફાઈ

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! (ﷺ) તેં મોટાઓનાં નસીબ ચમકાવ્યાં છે, તેમના સદક઼ામાં મારી પણ ક઼િસ્મત ચમકી જાય અને નેકબખ્ત થઈ જાઉં.

**નોંધ** : અમુક નુસ્ખાઓમાં આ નઅતની અંદર નીચે દર્શાવેલ શેઅરનો વધારો પણ છે.

### અસ્હાબ નજૂમે રહનુમા હૈં–કશ્તી હૈ આલે મુસ્તફાઈ

**અર્થાત** : સહાબા હિદાયતના તારાઓ છે અને આ'લે રસૂલ (ﷺ) નજાતની નાવડી છે. જેવું હદીષોમાં આ બંનેવ ગિરોહોને એ જ પ્રમાણે ફર્માવેલ છે.

## (નઅત શરીફ : ૮૧)

**ઝમીનો ઝમાં તુમ્હારે લિયે મકીનો મકાં તુમ્હારે લિયે**
**ચુનીનો ચુનાન તુમ્હારે લિયે બને દો જહાં તુમ્હારે લિયે**

*(ઝમાં = સમય. મકીન = મકાન, જગા. ચુનીનો ચુનાં = આવું તેવું એટલે દરેક ચીજ)*

**અર્થાત :** હબીબી સૈયદી યા રસૂલલ્લાહ ! ﷺ આ સર્વ જમીન આપના માટે બનાવવામાં આવી છે અને સર્વ જમાનો પણ આપનો જ છે. આ મકાન (આબાદીઓ) પણ આપના માટે છે અને એમાં રહેનારી મખ્લૂક઼ પણ આપના જ માટે છે. આ દુનિયાની સર્વ રંગીનીઓ આપના દમ ક઼દમથી છે. બલ્કે બંનેવ જહાન જ આપના માટે છે, કેમ કે આપ કાઈનાતના અસ્તિત્વનો સબબ છે. જ્યારે ખુદા આપનો છે તો સર્વ ખુદાઈ પણ આપની છે.

*ઉન્કી ખાતિર હી બનાઈ હૈ ખુદાને દુન્યા–ઉન્કે દમસે હૈ ઝમાનેમેં ઉજાલા દેખો*
*દુશ્મનોંકે લિયે ચાદર ભી બિછા દેતે હૈં–ઉન્કા હર કામ ઝમાનેસે નિરાલા હૈ*

**સૃષ્ટિના સર્જનનો સબબ :** આ શેઅરના ભાવાર્થના સમર્થનમાં ખૂબ જ અધિક પ્રમાણમાં હદીષો છે. દા.ત. لو لاك لما خلفت الافلاك۔ ولو لاك لما خلقت النيا والجنة والنار

મૌલાના નૂરુલ્લાહ હૈદ્રાબાદી ખલીફાએ મજાઝ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہએ એ હદીષોનું સમર્થન કરતાં લખ્યું છે કે, "આજકાલ લોકોએ શોર મચાવી રાખ્યો છે કે આ હદીષો ઝઈફ છે. જો એને માની પણ લેવામાં આવે કે હદીષોના શબ્દો અથવા હદીષોની અસ્નાદમાં ખામી છે તો પણ એહલે જિરહ (પકડ કરનારાઓને)ને કોઈ ફાયદો થશે નહીં, કેમ કે આ ભાવાર્થવાળી કેટલીયે હદીષોને કેટલાય ઈમામોએ કેટલીયે કિતાબોમાં લખી છે. દા.ત. હાકિમ, દયલમી, સુબકી, બિલ્કીસીએ રિવાયત કરી છે. એ હદીષને કે, "જન્નત તથા દોઝખને હુઝૂર ﷺના કારણે અસ્તિત્વ મળ્યું છે." ઈબ્ને સબઅ તથા ગરફીએ "જમીન તથા દરિયાનું પેદા થવું હુઝૂર ﷺના તુફૈલવાળી હદીષ બયાન કરી." "દુનિયા હુઝૂર ﷺના સદક઼ામાં બની." એને ઈબ્ને અસાકિરે રિવાયત કરી. "આદમ علیہ السلامના સર્જનનો સબબ પણ નૂરે મુસ્તફા હતો" વાળી હદીષને તિબ્રાની હાકિમ, બયહકી, ઈબ્ને અસાકિરે લખી છે. ખસાઈસમાં સિયૂતીએ નકલ કર્યું :–

احرج الحاكم والبيهقى والطبرانى فى الصغيروابو نعيم وابن عسا كر عن
عمر رضى الله عنه بن الخطاب ق'ل قال رسول الله صلى الله عليه وسلم
لما اقترف ادم الخطيئة قال يارب اسئلك بحق محمد صلى الله عليه
وسلم لما غفرت لى قال كيف عرفت محمد صلى الله عليه وسلم قال لا

نك لما خلقتنى بيدك ونفخت فى من روحك رفعت راسى فرايت على
قوائم العرش مكتوب لا اله الا اللّٰه محمد رسول اللّٰه فعلمت انك لم
تصنف الى اسمك الا احب الخلق اليك قال صدقت يا ادم ولو لا محمد
صلى اللّٰه عليه وسلم ما خلقتك۔

આ હદીષમાં આદમ علیہ السلامની તૌબાના ક઼બૂલ થવાનો બનાવ થઈ રહ્યો છે જેને હાકિમ, બયહક઼ી, તિબ્રાનીએ સગીરમાં અને અબૂ નુએૈમ તથા ઈબ્ને અસાકિરે હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે જ્યારે આદમ علیہ السلامથી લગ઼ઝિશ થઈ તો તેમણે હુઝૂર صلی اللہ علیہ وسلمના વસીલાથી અલ્લાહની બારગાહમાં દુઆ કરી તો અલ્લાહે પૂછયું, હે આદમ ! તેં મારા હબીબને કેવી રીતે ઓળખ્યો ?! હઝરત આદમ علیہ السلامએ અર્ઝ કરી, હે અલ્લાહ ! જ્યારે તેં મને તારા હાથથી પૈદા કર્યો અને મારી અંદર તારી રૂહ ફૂંકી તો મેં જ્યારે માથુ ઉઠાવીને જોયું તો અર્શના પાયાઓ પર તારા નામની સાથે મુહમ્મદ નામ લખેલ જોયું. જેનાથી હું સમજી ગયો કે આ કોઈ અલ્લાહનો ઘણો જ પ્યારો હશે કે જેના નામને અલ્લાહે પોતાના નામની સાથે મિલાવીને લખેલું છે. અલ્લાહે ફર્માવ્યું, હે આદમ ! તેં સાચુ કહ્યું ! જો મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) ન હોત તો હું તને પણ પેદા ન કરત.

દેવબંદી મોલ્વી ક઼ાસિમ નાનોત્વીએ પણ લખ્યું કે :

*જો તૂ ઉસે ન બનાતા તો સારે આલમકો—નસીબ હોતી ન દૌલત વજૂદકી ઝિનહાર*
*જહાં કે સારે કમાલ એક તુઝમેં હૈં—તેરે કમાલ કિસીમેં નહીં મગર દો ચાર*

**દહનમેં ઝબાં તુમ્હારે લિયે બદનમેં હૈ જાં તુમ્હારે લિયે**
**હમ આએ યહાં તુમ્હારે લિયે ઉઠે ભી વહાં તુમ્હારે લિયે**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! صلی اللہ علیہ وسلم મોઢામાં ઝબાન પણ આપની તારીફના માટે છે અને શરીરમાં જાન પણ આપના જ માટે છે. અમે આ જહાનમાં આવ્યા પણ આપની ઈતાઅત તથા મહોબ્બતના માટે છે અને ખુદા કરે કે ક઼બરોએથી ઉઠીએ તો એ ઉઠવું પણ આપના જ લીધે હોય.

*દી ઝબાં હક઼્ક઼ને ષનાએ મુસ્તફાકે વાસ્તે—દિલ દિયા હુબ્બે હબીબે કિબ્રિયાકે વાસ્તે*

**ફરિશ્તે ખદમે રસૂલે હશમ તમામ ઉમમ ગુલામે કરમ**
**વજૂદો અદમ, હદૂષો ક઼દમ જહાંમેં અયાં તુમ્હારે લિયે**

*(ખદમ = ખિદમતગાહ. હાશમ = નોકર, ઉમમ = ઉમ્મત. વજૂદો અદમ = હોવું ન હોવું. હદૂષો ક઼દમ = નવુ જૂનુ)*

**અર્થાત** : હે મારા પ્યારા નબી ! صلی اللہ علیہ وسلم ફરિશ્તા આપના ખિદમતગાર છે (બદરના મેદાન તથા અન્ય સ્થળો પર હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતના માટે ફરિશ્તા ઉતર્યા) અંબિયાએ કિરામ તથા રુસુલે એઝામ علیہم السلام આપના ખૈરખ્વાહ છે (જેવું કે આયતે મીષાકથી જાહેર છે : لتنومنن بہ ولتنصرنہ "તમે જરૂર જરૂર મારા નબી પર ઈમાન લાવજો અને એમની મદદ કરજો." સર્વ ઉમ્મતો આપના કરમની ભિખારી તથા નોકર છે અસ્તિત્વ હોય કે અન અસ્તિત્વ,

અદમે હુદૂષ હોય કે ક઼દમ (જિંદગી તથા મૌત, નવુ પૂરાણુ, રાત દિવસ) એ સર્વનું હોવું આપની ઝાતે બાબરકતના તુફૈલ છે.

**કલીમો નજી મસીહો સફી ખલીલો રઝી રસૂલો નબી**
**અતીક઼ો વસી ગનીઓ અલી ષનાકી ઝબાં તુમ્હારે લિયે**

**અર્થાત** : મૂસા કલીમુલ્લાહ હોય કે નૂહ નજીયુલ્લાહ હોય, આદમ સફીયુલ્લાહ હોય કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ હોય. હઝરત ઈસ્માઈલ હોય કે કોઈ પણ નબી તથા રસૂલ علیہ السلام હોય. અને હા ! હા ! સિદ્દીક઼ે અકબર હોય કે ફારૂક઼ે આ'ઝમ હોય, ઉષ્માને ગની હોય કે અલીયે મુર્તઝા શેરે ખુદા رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن હોય, દરેક આપની જ પ્રશંસામાં વ્યસ્ત જોવા મળે છે. દરેક નબી પોતાની ઉમ્મતની સામે આપની શાનનો ખુત્બો પઢતો જોવા મળે છે, આપના આગમન વિશે પોતાની ઉમ્મતને ખબરદાર કરી રહ્યો છે અને આપના પર ઈમાન લાવવાનો વાયદો લઈ રહ્યો છે. (ومبشرا برسول یاتی من بعدی اسمہ احمد۔ الصف)

*આમદ તેરી અય અબરે કરમ રોનકે આલમ—તેરે હી લિયે ગુલશને હસ્તી યહ બના હૈ*
*ફિરદોસો જહન્નમ તેરી તખ્લીક઼સે ક઼ાઈમ—યહ ફર્ક઼ે બદો નેક તેરે દમસે હુવા હૈ*

اوحی اللہ تعالیٰ الی بنی اسرائیل انہ من لم یقن باحمد ادخلتہ النار અલ્લાહે બની ઈસ્રાઈલને સ્પષ્ટ શબ્દોમાં ફર્માવી દીધું, જુઓ ભલે فضلتکم علی العلمین ની શાન મેં તમને અતા કરી છે, પરંતું જો તમે મારા મહબૂબ પર ઈમાન ન લાવશો તો સીધા દોઝખમાં જશો. *(ઈમામ અબૂ નુઐમ અન અનસ رضی اللہ عنہ)*

*યહ ઈબાદત રાત દિનકી મુઝકો નામંઝૂર હૈ – દૂર હૈ જો મેરે અહમદસે વો મુઝસે દૂર હૈ*

**અસાલતે કુલ, ઈમામતે કુલ, સયાદતે કુલ, અમારતે કુલ**
**હુકૂમતે કુલ, વિલાયતે કુલ, ખુદાકે યહાં તુમ્હારે લિયે**

**અર્થાત** : આપ અસ્લે કુલ (સૃષ્ટિના સર્જનના સબબ), ઈમામે કુલ (સર્વ કાઈનાતના ઈમામ તથા પેશવા اناقائدھم اذاوفدوا۔ تحت لوائی ادم ومن سواہ સૈયદે કુલ (સૌના સરદાર اناسید ولد ادم ) છે. બંનેવ જહાનની સરદારી, હુકૂમત સત્તા તથા વિલાયત (વાલી પણુ) અલ્લાહે આપને જ અતા કરેલ છે. (اعطیت مفاتیح خزائن الارض انا سید الناس یوم القیمہ)

*કોઈ ન થા ઝમાનો મકાં, જબ તો આપ થે—યૂં મારવાએ ક઼ૈદ ઝમાનો મક઼ાં હૈ આપ*
*દુન્યાકી ફિક્ર ક્યા ? ગમે ઉક઼બાકા ઝિક્ર ક્યા ?—રહમત કુનાં યહાં હૈં તો શાફેઅ વહાં હૈં આપ*

**તુમ્હારી ચમક તુમ્હારી દમક, તુમ્હારી ઝલક, તુમ્હારી મહક**
**ઝમીનો ફલક સિમાકો સમક મેં સિક્કા નિશાં તુમ્હારે લિયે**

*(સિમાક = તારો, ચાંદની. સમક = માછલી)*

**અર્થાત** : હે મારા નૂરવાળા આક઼ા ! આપની નૂરાનિયત (જેનાથી દરોદીવાર જગમગી ઉઠી) આપની રોશની (કે સૂરજ તથા ચાંદ પણ એનો મુક઼ાબલો ન કરી શકે) આપની એક ઝલક (જેને જોવાની તાબ નથી

આલમને) અને આપના રોશન શરીરથી ફૂટનારી જન્નતની ખુશ્બુ કે :–

كان رسول الله اذا امر فى طريق من طرق المدينة وجدوا منه رائحة الطيب وقالو امر رسول الله صلى الله عليه وسلم من هذا الطريق

"સરકાર ﷺ મદીના પાકની જે ગલીથી પસાર થતા ત્યાં ખુશ્બુઓ ફેલાઈ જતી જેને સુંઘીને સહાબા કહેતા સરકાર ﷺ આ રસ્તેથી પસાર થયા છે." *(ઝુર્કાની, ૪/૨૨૪, દલાઈલુન્નબુવ્વત, પેજ–૩૮૦, ખસાઈસુલ કુબરા, ૧/૬૭)*

જમીન હોય કે આસ્માન, ઊંચાઈ હોય કે નીચાણ, આબાદી હોય કે વેરાની દરેક તરફ આપનો જ સિક્કો ચાલી રહ્યો છે અને આપની અઝમતના ડંકા વાગી રહ્યા છે.(શેઅર) : *કાન જિધર લગાઈયે તેરી હી દાસ્તાન હૈ*

**વો કન્ઝે નિહાં યહ નૂરે ફશાં વો કુનસે અયાં યહ બઝ્મે ફકાં**
**યહ હર તનો જાં યહ બાગે જિનાં યહ સારા સમાં તુમ્હારે લિયે**

*(કન્ઝે નિહાં = ગયબી ખજાનો. ફશાં = નૂર વિખેરનાર. કુન = થઈ જા. ફકાં = મખ્લૂક. જિનાં = જન્નત)*

**અર્થાત** : ગુપ્ત ખજાનાઓ હોય કે જાહેર નૂરની જલ્વાગરીઓ હોય, આલમે કુન ફકાં (આલમે વજૂદમાં આવનારી સર્વ ચીજો) હોય કે કોઈના શરીરમાં જાન, જન્નતના બાગો હોય કે આલમે સમાવાત (આકાશી જગત) આ સર્વ મન્ઝરો આપના જ માટે છે.

*વો ન હોતે તો કુછ ભી ન હોતા–યહાં ઉનકે હોનેસે સબકો હૈ નામો નિશાં*
*યહ ઝમીં આસ્માં યહ મકાં લામકાં–સારે ઉનકે મકાં વો કહાં હમ કહાં*

**ઝહૂરે નિહાં કયામે જહાં રુકૂએ મહાં સજૂદે શહાં**
**નિયાઝેં યહાં નમાઝેં વહાં યહ કિસકે લિયે ? તુમ્હારે લિયે**

**અર્થાત** : અસ્તિત્વમાં આવનાર આલમમાં આવનારી સર્વ ચીજો દુનિયાનું કાયમ થવું અને કાયમ રહેવું, સરદારોના રુકૂઅ અને બાદશાહોના સજદા (જે એમની બારગાહોમાં થાય છે અથવા આજીજી ઈન્કેસારી મુરાદ છે) અહીંની નિયાઝમંદીઓ હોય અથવા ત્યાંની નમાઝો, મને બતાવો, હે અઝમતે રિસાલત મઆબ ﷺના મુન્કિરો ! આ બધુ કોનો સદકો છે અને અલ્લાહે આ સિલસિલા કોની શાન તથા અઝમતને જાહેર કરવા માટે બનાવ્યા છે ?! આ સર્વ કાંઈ મારા આકા ﷺના માટે છે.

**યહ શમ્સો કમર યહ સામો સહર યહ બર્ગો શજર યહ બાગો ષમર**
**યહ તેગો સિપર યહ તાજો કમર, યહ હુકમે રવાં તુમ્હારે લિયે**

*(શમ્સો કમર = સૂર્ય ચંદ્ર. શામો સહર = સવાર સાંજ, બર્ગો શજર = પાંદડાં તથા ઝાડ,*
*ષમર = ફળ, તેગો સિપર = તલવાર તથા ઢાલ, કમર = પીઠ)*

**અર્થાત** : હા ! હા ! અને સાંભળો ! આ ચાંદનું ચમકવું સૂરજનું દમકવું, આ રાતનો અંધકાર અને દિવસનો ઉજાસ, ઝાડોનાં પાંદડાં અને ખુદ ઝાડો, બાગો અને તેનાં ફળો, આ તલ્વારો તથા ઢાલો, આ તખ્તો તાજ અને આલમની પીઠ પર ખિદમતની પેટીનું બંધાયેલ હોવું, સારાંશ કે સર્વ જહાનમાં હુકમનું લાગુ થવું એ કોના માટે છે ? કહો ! યા રસૂલલ્લાહ ! ﷺ આપના જ માટે છે, કેમ કે સર્વના સર્જનનો સબબ આપ જ છો.

*મિટ્ટી ભી ન આદમકી અભી ગોંદી ગઈ થી – ઉસ વક઼્ત ભી નૂર ઉનકા દો આલમકી ઝિયા થા*

**યહ ફૈઝ દીએ વો જૂદ કિએ કે નામ લીયે ઝમાના જીયે**
**જહાંને લીયે તુમ્હારે દીએ યહ અકરમિયાં તુમ્હારે લિયે**

*(ફૈઝ = ફાયદો, જૂદ = સખાવત, અકરમિયાં = અતાઓ, બુઝુર્ગીઓ, બંદાનવાઝીઓ)*

**અર્થાત :** આ તરફ જમીનવાળાઓને પોતાના નૂરનો ફયઝ અતા કરી રહ્યા છે અને પેલી બાજુ (મેઅરાજની રાતે) આસ્માનવાળાઓની સામે પોતાની રહમતના ખજાના લૂટાવી રહ્યા છે. તેમનું નામ લઈને જમાનો જીવી રહ્યો છે. જેને જે મળ્યું છે આપ ﷺનો સદક઼ો જ મળ્યો છે. انما انا قاسم واللہ یعطی આ સર્વ અતાઓ કોની છે ? અલ્લાહના મહબૂબની છે બીજા કોની છે !

**સહાબે કરમ રવાના કીયે કે આબે નેઅમ ઝમાના પીએ**
**જો રખતે હમ વો ચાક સીએ, યહ સતરે બંદા તુમ્હારે લિયે**

*(સહાબ = વાદળ, આબ = પાણી, નેઅમ = નેઅમતો, ચાક = છેદ, કાણુ, ઘા. સતર = પર્દો, બદાં = બુરા)*

**અર્થાત :** આપણા આક઼ા ﷺએ પોતાના ફઝ્લો કરમના એવાં વાદળ રવાના કર્યાં કે આજ સુધી અને ક઼યામત સુધી જમાનો હુઝૂર ﷺના સદક઼ામાં અલ્લાહ તઆલાની નેઅમતોના પાણીથી ફયઝયાબ થતો રહેશે. આપે અમારા ઝખ્મી દિલો પર પોતાની મહોબ્બતનુ મલમ રાખીને અમારા ઘા સીવી દીધા અને અમ ગુનેહગારોના અયબોને પોતાની રહમતના દામન વડે ઢાંકી દીધા. તો બતાવો આ શાન કોના માટે છે ?! કેવળ આપણા આક઼ા ﷺના માટે છે.

**ષનાકા નિશાં વો નૂરે ફશાં કે મહરો શાં બઆં હમા શાં**
**બસા યહ કશાં મવાકિબે શાં યહ નામો નિશાં તુમ્હારે લિયે**

*(ષના = પ્રશંસા, તારીફ, નૂરે ફશાં = નૂરની વર્ષા. મહરો શાં = તેમની મહોબ્બત. બઆં હમાશાં = આ સર્વ શાનો છતાં, બસા યહ કશાં = ગરમી તથા તડકાથી બચાવના માટે સાયો કરવો. મવાકિબેશાં = તેમનાં લશ્કર, સવાર તથા પગપાળા)*

**અર્થાત :** તારીફ તથા પ્રશંસાની નિશાનીઓ હોય કે જમાનાને નૂરની ખૈરાત વહેંચનાર ચાંદ તથા સૂરજ હોય, હુઝૂર ﷺની મહોબ્બત તથા હમદર્દી પોતાની સર્વ શાનોની સાથે દરેક સમયે સાયો કરેલ રહે છે. સર્વ ફોજો (સવાર તથા પાયદળ, માનવ, જિન, ફરિશ્તા) આપના ફર્માન હેઠળ છે, બલ્કે જહાનની આ સર્વ નામના વાહ વાહી આપના જ માટે છે, ન કેવળ આ જહાનની બલ્કે તે જહાનની પણ.

*ફક઼્ત ઈતના સબબ હૈ ઈન્એક઼ાદે બઝ્મે મેહશરકા–કે ઉન્કી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ*

**અતાએ અરબ જિલાએ કરબ ફ઼ુયૂઝે અજબ બગૈરે તલબ**
**યહ રહમતે રબ હૈ કિસકે સબબ, બરબ્બે જહાં તુમ્હારે લિયે**

*(અરબ = અબજ, સો કરોડ. જિલાએ કરબ = દુ:ખ દૂર કરે, ફ઼ુયૂઝ = ફયઝો, લાભો. બગૈર તલબ = વણ માગ્યે)*

**અર્થાત :** આપણા આક઼ા તથા મૌલા ﷺની કરોડો અબજો અતાઓ તથા નવઝિશો લોકોનાં આજે પણ

દુ:ખ દર્દ દૂર કરી રહેલ છે અને ક઼યામતમાં પણ એ જ હાલ હશે. અને વળી મજાની વાત એ છે કે આપ ﷺના આ અજોડ તથા આશ્ચર્યજનક ફયઝો વણ માગ્યે આપણને મળી રહ્યા છે.

**ઝનૂબે ફના ઓયૂબે હેબા ક઼ુલૂબે સફ઼ા ખુતૂબે રવા**
**યહ ખૂબ અતા ક઼ુરૂબે ઝદા પએ દિલો જાં તુમ્હારે લિએ**

*(ઝનૂબ = ઝન્બનું બહુવચન, ગુનાહો. ફના = ખત્મ, ખાત્મો. ઓયૂબ = અયબો, ખુતૂબ = ખૂબ જ મહત્વની વાત)*

**અર્થાત :** મહબૂબે ખુદા ﷺની તરફથી મળનાર અતિયા (તોહફ઼ા)ઓ પર તો જરા વિચાર કરો ! ગુનાહો સળગીને રાખ થઈ રહ્યા છે, બલ્કે يبدل الله سيأتهم حسنات નેકીઓમાં તબદીલ થઈ રહ્યા છે. આપણી બદીઓ ખાક બનીને હવામાં ઉડી રહી છે. التائب من الذنب كمن لا ذنب له ઈમાનવાળાઓનાં દિલો આઈના જેમ સાફ સ્વચ્છ થઈ રહ્યાં છે. افمن شرح الله صدره للاسلام فهو على نور من ربه મહાન મહાન સમસ્યાઓ, અટપટી ગુંચો તથા મુસીબતોના પહાડ સળગીને ભસ્મ થઈ રહ્યા છે. આ અતાઓ જે આપણા દર્દો ગમોને ખત્મ કરી રહી છે જેનાથી આપણુ દિલ તથા આપણી જાનને સતાવી રહ્યાં હતાં, બતાવતા કેમ નથી કે એ આપણને કોના ક઼દમોના તુફ઼ૈલ મળી છે ?! હે મારા આક઼ા ! ﷺ હું જ આપની ઉમ્મતને બતાવી દઉં કે આ સર્વ કાંઈ અમને કેવળ આપના સબબથી મળ્યું છે.

જેથી હે ઉમ્મતે મુસ્તફ઼ા (ﷺ) તમારા પ્યારા નબીનાં બાબરકત ક઼દમોની સાથે ગુલામીની નિસ્બતને મજબૂત કરી લો.

*દોનોં આલમમેં તુમ્હેં મક઼સૂદ ગર આરામ હૈ–ઉનકા દામન થામ લો જિનકા મુહમ્મદ નામ હૈ (ﷺ)*

**ન જિન્નો બશર કે આઠ પહર મલાઈકા દરપે બસ્તા કમર**
**ન જુબ્બા વ સર કે ક઼લ્બો જિગર હૈં સજદા ક઼ુતાં તુમ્હારે લિયે**

*(આઠ પહર = દરેક સમયે, બસ્તા કમર = કમર કસીને સેવા માટે તૈયાર)*

**અર્થાત :** હે મુહમ્મદ મુસ્તફ઼ા ﷺના ગુલામો ! જરા આપણા આક઼ા તથા મૌલાના રોઝએ અન્વરના દરે પાકની શાન તો જુઓ ! ન કેવળ જિન તથા ઈન્સાન બલ્કે ચોવીસ કલાક ફરિશ્તા (૭૦ હજારની સંખ્યામાં કમસે કમ) આપના દરે અક઼દસ પર ખિદમતના માટે હાથ બાંધીને ઉભેલા છે અને પેશાની તથા માથા વડે નહીં બલ્કે દિલોજાનથી આપ ﷺના માટે ઝુકી રહ્યા છે. પોતાની પાંખોને ક઼બ્રે અન્વર સાથે ઘસી રહ્યા છે અને સાથો સાથ ઝબાને હાલથી કહી રહ્યા છે :

*સરકાર કા દર હૈ દરે શાહાં તો નહીં હૈ–જો માંગ લિયા માંગ લિયા ઔર ભી કુછ માંગ*

**અર્થાત :** અને એ ડયૂટી સવાર સાંજ બદલાય જાય છે, કેમ કે એક જ હાજરીમાં તેમના દામનોને તેમના કરમથી ભરી દેવામાં આવે છે, એટલા માટે (શેઅર) જો *એકવાર આયા દોબાર ન આયેગા !*

**ન રૂહે અમીં ન અર્શે બરીં ન લોહે મુબીં કોઈ ભી કહીં**
**ખબર હી નહીં જો રમ્ઝેં ખુલીં અઝલકી નિહાં તુમ્હારે લિયે**

**અર્થાત :** હે મારા આક઼ા ! ﷺ શબે મેઅરાજમાં જે રાઝની વાતો આપને બતાવવામાં આવી તેની

જિબ્રઈલે અમીનને શું ખબર ! (તે તો સિદરા પર રહી ગયા) અર્શે બરીંને શું ખબર (તે તો પગો નીચે આવી ગયો) લોહે મેહફૂઝને શું ખબર એ તો રાઝની વાતો હતી. અને લોહે મેહફૂઝના બારામાં ફર્માવવામાં આવ્યું : یشھدہ المقربون અલ્લાહના મુકર્રબ બંદાઓ એનો અનુભવ તથા અભ્યાસ કરતા રહે છે. સારાંશ કે ખુદા જાણે અથવા તેના પ્યારા મુસ્તફા જાણે તેના સિવાય અઝલનાં છુપાં રહસ્યોનું ખુલવું કોઈને માલૂમ નથી, કેમ કે એ કેવળ આપના માટે જ ખોલવામાં આવેલ, અને જેના પર એ રાઝ ખુલે તે આપના ખોલવાથી જ ખુલે.

*હવા હુઝૂરસે વાઝેહ તસવ્વુરે વહદત—હમારે દીનકી ઉસકે સિવા અસાસ નહીં*
*બગૈર ઉનકે તવસ્સુત કે જો મિલે મુઝકો—કસમ ખુદાકી મુઝે વો ખુશી ભી રાસ નહીં*

**જિનાં મેં ચમન, ચમનમેં સમન, સમનમેં ફબન, ફબનમેં દુલ્હન**
**સજાએ મહન યહ ઐસે મનન યહ અમ્નો અમાં તુમ્હારે લિયે**

*(જિનાં = જન્નત. સમન = ચમેલીનું ફૂલ. ફબન = શણગાર, સઝાએ મહન = મહેનતની તકલીફ. મનન = મન્નતનું બહુવચન)*

**અર્થાત** : જન્નતોના બાગ, બાગોમાં ચમેલીનાં ફૂલ, ફૂલોમાં જન્નતની ખુશ્બુ અને રંગનું ઉમદાપણુ તથા સજાવટ અને તેમાં દુલ્હન (જન્નતની હૂરો)નો નઝારો, આ સર્વ કાંઈ આપના તુફૈલ એ ગુનેહગારો માટે થઈ ગયું, જેઓ પોતાના ગુનાહોના કારણે અઝાબને પાત્ર હતા, પરંતુ આપની શફાઅત તેમનો સહારો બનીને તેમને જન્નતમાં લઈ ગઈ અને એ સર્વ નેઅમતો એમના માટે થઈ ગઈ. ولکم فیھا ما تشتھی انفسکم ولکم فیھا ما تدعون

*કાબિલ થા નારકે મુઝે જન્નત હુઈ નસીબ—ઈસ દરકી હાઝરીસે મેરી કિસ્મત બદલ ગઈ*

**કમાલે મહાં જલાલે શહાં જમાલે હસાં મેં તુમ હો અયાં**
**કે સારે જહાં બરોઝે ફકાં ઝિલ આઈનાસાં તુમ્હારે લિયે**

*(મહાં = સરદાર, જલાલ = રૂઆબ, દબદબો, શહાં = બાદશાહ, હસાં = હુસ્નવાળા, અયાં જાહેર,*
*બરોઝે ફકાં = સર્જનનો દિવસ, ઝિલ = સાયો, આઈનાસાં = આઈના જેવો)*

**અર્થાત** : ક્યાં મૂસા علیہ السلامનો તૂર બિચારો અને ક્યાં આસ્માન ?! અરે ! અર્શે મુઅલ્લાથી પણ ઉપર આપણા આકા એટલા ઉપર તશરીફ લઈ ગયા કે અર્શે બરીં ત્યાંથી ઘણો જ નીચે રહી ગયો, ન જમણો ન ડાબો (લામકાં તે છે જે આ છ દિશાઓથી પર તથા દૂર છે) કેમ કે નૂરના ખાલિકથી મુલાકાત હતી જે જિસ્મો જિસ્માનિયતથી પાક છે (જેથી ત્યાંનો માહોલ પણ બાજુથી પાક છે) આ બુલંદીની શાન તથા મકામની ઊંચાઈ પણ કેવળ આપણા આકા ﷺના માટે છે.

**ખલીલો નજી મસીહો સફી સભીસે કહી કહીં ભી બની ?**
**યહ બેખબરી કે ખલક ફિરી કહાંસે કહાં તુમ્હારે લિયે**

**અર્થાત** : મેહશરના મેદાનનો નકશો સામે લાવીને શફાઅતની હદીષના પ્રમાણે દરેક નબીની બારગાહથી શફાઅતની ભીખ માગવાના માટે સર્વ મેહશરવાળાઓનું હાજર થવું. છેવટમાં હુઝૂર ﷺની બારગાહથી વાતનુ બનવું. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં કેટલા સરળ તથા દિલને મોહી લેનાર અંદાઝમાં વર્ણન કર્યું છે.

એકવાર શેઅર પઢીને આ ખુલાસો વાંચો અને બાદમાં ફરી એ જ શેઅર પઢો. ઈન્શાઅલ્લાહ ! આખુ જીવન એને જ પઢતા રહેશો અને તબીઅત તૃપ્ત ન થશે, બલ્કે દરેક વખતે નવી લિજ્જત નસીબ થશે.

હે મેહશરવાળાઓ ! હવે આવી ગયા છો મારા આકા ﷺની બારગાહમાં તો પહેલા બતાવો કે ક્યાં ક્યાં ગયા હતા ? સૈયદના ખલીલુલ્લાહ علیہ السلامની બારગાહમાં ગયા હતા ? હા ! ગયા હતા. હઝરત નૂહ નજી علیہ السلامની પાસે ? ગયા હતા ! હઝરત ઈસા علیہ السلامને ત્યાં ? હા ! ગયા હતા. સર્વ નબીઓના બાપ પ્યારા આદમ علیہ السلامની બારગાહમાં ? ગયા હતા. સારું બતાવો, કાંઈ કામ થયું ? કોઈ વાત બની ? ના ! કોઈ વાત ન બની ! સારું, ગભરાવ નહીં. હવે બારગાહે બેકસ પનાહમાં આવી ગયા છો કે જ્યાં સૌની બિગડી પણ સંવરી જાય છે અને વાત પણ બની જાય છે.

*તૂ ભી ઉસી દર જા જિસ દર પર સબકી બિગળી બનતી હૈ*
*ઈક તેરી બિગળી કો બનાના, ઉનકે લિયે કોઈ બાત નહીં હૈ*

આટલી વાત બની ગયા બાદ અને હુઝૂર ﷺની ઝબાનથી أنا لها "અના લહા"નો મુઝદએ જાંફિઝા સાંભળી લીધા પછી આખુ મેહશર નારએ રિસાલત બુલંદ કરશે અને એક ઝબાને બીજા શેઅરનો વિર્દ કરશે.

*યહ બેખબરી કે ખલ્ક઼ ફિરી કહાંસે કહાં તુમ્હારે લિયે*

**બફ્વરે સદા સમાં પે બંધા યહ સિદરહ ઉઠા વો અર્શ ઝુકા**
**સફૂફે સમાને સજદા કિયા હુઈ જો અઝાં તુમ્હારે લિયે**

*(બફ્વરે = ખૂબ જ જલ્દી, અચાનક, એકદમ. સદા = અવાજ. સમાં = મંઝર, કૈફિયત સફૂફ = સફનું બહુવચન. સમા =આસ્માન)*

**અર્થાત** : શબે મેઅરાજ ઉપરની દુનિયામાં આપણા આકા ﷺની તશરીફ આવરી (આગમન)નું એલાન થયું તો સિદતુલ મુન્તહા ખુશીના માર્યો પોતાની જગાએથી ઉઠીને ઉભો થયો અને અર્શે મુઅલ્લા પણ હુઝૂર ﷺના સ્વાગતના માટે ઝુકી ગયો અને દરેક તરફથી દુરૂદો સલામના અવાજો જ્યારે આવ્યા તો અજબ માહોલ હતો કે ફરિશ્તા હુઝૂર ﷺના આગમન પર અલ્લાહનો શુક્ર અદા કરવાના માટે સજદામાં પડેલા હતા અને અઝાનો થઈ રહી હતી. اشهدان محمد رسول الله (અત્યારે આ શબ્દો લખતી વેળા પણ મગરિબની અઝાન થઈ રહી છે અને સુબ્હાનલ્લાહ ! મોઅઝ્ઝિન એ જ કલમો દોહરાવી રહ્યો છે. જેથી બાકીનું ઈન્શાઅલ્લાહ ! મગરિબની નમાઝ બાદ લખવામાં આવશે. *–લેખક*)

**યહ મરહમતેં કે કચી મતેં નિછોળેં લતેં ન અપની ગતેં**
**કુસૂર કરેં ઔર ઉનસે ભિળેં કિસ્વરે જિનાં તુમ્હારે લિયે**

*(મરહમતેં = નવાઝિશો, ઈનાયતો. મતેં = મતનુ બહુવચન. હોશ હવાસ વિનાના કમજોર અક઼લવાળા, કચીમતવાલે = જેમનું બુધ્ધિ બહેર મારી ગઈ છે. લતેં = લતનુ બહુવચન, બુરી આદત. ગતેં = ગતનુ બહુવચન. ચાલ ઢાલ, હાલત. કહે છે ફલાણાની ખૂબ ગત બની એટલે બુરી હાલત થઈ, બેઈજ્જતી ઉઠાવવી પડી. કિસ્વર = ક઼સ્રનું બહુવચન, મહેલો. انها ترمی بشرر کالقصر = દોઝખ મહેલોની જેમ અંગારા ફેંકશે.)*

**અર્થાત :** આપણે કમઅકલ છીએ કે પોતાની બુરી આદતો નથી છોડી શકતા અને ગુનાહ પર ગુનાહ કર્યે જઈએ છીએ. તેમ છતાં પણ આપની નવાઝિશો અમારા પર કાયમ તથા ચાલુ છે. ન કેવળ દુનિયામાં બલ્કે આલમે આખેરતમાં પણ જન્નતના મહેલો એ જ ગુનેહગારો સાથે ભરી દેશે. હે મારા આકા ﷺ આ રુત્બો પણ કેવળ આપનો જ છે.

*દુન્યાપે હુકૂમત હૈં તો ઉક્બાપે ભી શાહી–ષાની મેરે આકાકા ન યહાં હૈ ન વહાં હૈ*
*હર કોઈ હૈ મોહતાજ સરે હશ્ર તુમ્હારા–હર શખ્સ પુકારે હૈં કે મહબૂબ કહાં હૈ*

**ફના બદરત બકા બ બરત ઝે હર દો જેહત બ ગરદે સરત**
**હૈ મર્કઝિયત તુમ્હારી સિફત કે દોનાં કમાં તુમ્હારે લિયે**

*(બદરત = આપના દરવાજા પર. બકા = જિંદગી. બબરત = આપના દામનમાં.*
*ઝે હર દો જેહત = બન્ને બાજુ, ફારસી. બ ગરદે સરત = આપના સર મુબારકની આસપાસ)*

**અર્થાત :** ફના તથા મૌત હોય કે બકા તથા જિંદગી સૌ આપના દરે અકદસની લોંડીઓ છે અને બે કમાનોની તરફ આપના સર મુબારકની આસપાસ બંને બાજુ મૌજૂદ તથા હાજર છે પણ મર્કઝિયત આપની જ ઝાતે અકદસને હાંસલ છે. જેવી રીતે બંનેવ કમાનો કમાન્ડરના કબજા તથા ઈખ્તિયારમાં હોય છે, મૌત તથા હયાતનો પણ આપને ઈખ્તિયાર હાંસલ છે. ક્યાંક પથ્થરો તથા લાકડીઓને બોલાવવામાં આવી રહેલ છે તો ક્યાંક હરવા ફરવા બોલવા ચાલવાવાળાઓને صُمٌّ بُكْمٌ عُمْيٌ ફર્માવવામાં આવી રહ્યું છે અને શહીદને મુડદુ કહેવાથી મના કરવામાં આવી રહ્યું છે, કેમ કે "ઈમાન તથા જિંદગી"તો રસૂલની ગુલામીનું નામ છે અને "કુફ્ર તથા મૌત" રસૂલથી અદાવત અને દૂરીનું નામ છે.

*દૂર થે ઉવૈસ મગર હો ગયે કરીબ–બૂ જહલ થા કરીબ મગર દૂર હો ગયા*

**ઈશારે સે ચાંદ ચીર દિયા છુપે હુએ ખૂરકો ફેર લિયા**
**ગયે હુએ દિનકો અસ્ર કિયા યહ તાબો તવાં તુમ્હારે લિયે**

**અર્થાત :** આપનો ઈશારો થાય તો ચાંદનો સીનો ચીરાય જાય અને આપ દુઆ ફર્માવો તો ડૂબેલો સૂરજ એ જ કદમો પર પાછો પલ્ટી આવે અને દિવસ જે ખત્મ થઈ ચૂક્યો હતો તે અસરના સમય પર આવી જાય જેથી અલીયે મુર્તઝા كرم الله وجهه الكريم ની અસરની નમાઝ અદા થાય, કઝા ન થાય. આ શક્તિ હે પ્યારા આકા ! આપના સિવાય કયાંય જોવા નથી મળતી.

**સબા વો ચલે કે બાગ ફલે વો ફૂલ ખિલે કે દિન હોં ભલે**
**લિવા કે તલે ષનામેં ખુલે 'રઝા' કી ઝબાં તુમ્હારે લિયે**

*(સબા = પૂર્વી હવા. લિવા = ઝંડો, લિવાઉલ હમ્દ કે કયામતના દિવસે હુઝૂર ﷺ ના હાથમાં હશે જેની નીચે સર્વ ઔલાદે આદમ હશે)*

**અર્થાત :** એવી પૂર્વી હવા ચાલે કે જે બાગોમાં ફળ ફૂલ ખિલવી દે અને ન કેવળ ફૂલ ખિલે બલ્કે આપણા નસીબ પણ ખિલે અને કયામતના દિવસે લિવાઉલ હમ્દ (હમ્દનો ઝંડો) હાથમાં લઈને જ્યારે મહબૂબે ખુદા ﷺ

નીકળે તો તે વખતે (ગદાએ દરે ખયરુલ વરા અબ્દુલ મુસ્તફા ઈમામે અહલે સુન્નત) અહમદ રઝાને જીભ વડે કાંઈ કહેવાથી હિંમત થઈ જાય તો મારી જીભ હે મારા આક઼ા ! ﷺ ત્યાં પણ આપની તારીફનો ક઼સીદો જ પઢશે.

ગુલામાને મુસ્તફા ﷺની પહેચાન જ અઝમતે મુસ્તફા ﷺનો ઈઝહાર તથા બયાન કરવું છે. તેમણે હમ્દે ખુદા પણ કરવી હોય તો નઅતે મુસ્તફાનો હવાલો આપ્યા વિના નથી કરી શકતા. અને તે એટલા માટે કે ખુદા તથા મુસ્તફાનો આપસમાં એટલો ગહેરો સંબંધ છે કે જાણે બે કમાનોને મિલાવ્યા વિના વર્તુળ નથી બની શકતું એવી જ રીતે ખુદા તથા મુસ્તફાને માન્યા વિના બંદો ઈમાનદાર નથી બની શકતો. બંનેવને માને ત્યારે મો'મિન, અને કેવળ એકનો પણ ઈન્કાર કરી દે તો કાફિર.

બીજી વાત એ છે કે ખુદા તથા મહબૂબે ખુદામાં કોઈ હરીફાઈ નથી કે ખુદાની તારીફ કરે તો રિસાલત ખતરામાં પડી જાય અને રસૂલની તારીફ કરે તો તૌહીદને ખતરો ઉભો થાય, અને ખુદા નારાજ થઈ જાય ! (નઊઝુબિલ્લાહ !) તેમના બંને વચ્ચે આપસમાં એટલો પ્યાર છે કે એકની તારીફ કરવાથી બીજો ખુશ થાય છે. એટલા માટે અહલુલ્લાહ (અલ્લાહવાળા) મક્કામાં જઈને દુરૂદો સલામ એટલુ અધિક પઢે છે કે તવાફ તથા સઈની જગાએ પણ દુરૂદ શરીફ પઢતા રહે છે અને મદીના શરીફ જઈને ઝિક્રે ઈલાહીની અધિકતા કરે છે, જેથી અલ્લાહના ઘેર હુઝૂરનો ઝિક્ર અધિક કરીશું તો ખુદા ખુશ થઈ જશે અને હુઝૂર ﷺની બારગાહમાં હાજર થઈને ઝિક્રે ઈલાહી અધિક કરીશું તો મુસ્તફાને આપણા પર પ્યારા આવી જશે કે મારા ઉમ્મતી મારા પ્યારા અલ્લાહને યાદ કરી રહ્યા છે.

*તેરા ઝિક્ર ઉસ વક઼્ત ભી હો ઝબાં પર–લબોં પર હો જિસ વક઼્ત દમ યા ઈલાહી !*
*સિકંદર ષનાખ્વાં હૈ તેરે નબી કા–સરે હશ્ર રખના ભરમ યા ઈલાહી !*

## (નઅત શરીફ : ૮૨)

**નઝર ઈક ચમનસે દો ચાર હૈ ન ચમન ભી નિષાર**
**અજબ ઉસ્કે ગુલકી બહાર હૈ કે બહાર બુલબુલે ઝાર હૈ**

*(દો ચાર = સામનો થવો)*

**અર્થાત** : મારી નજરો સામે એવો બાગ (રિસાલત) ખુલેલો છે કે તેની સામે દુનિયાના કોઈ બાગની હૈસિયત જ શું છે ? બલ્કે બાગે આલમ આ (બાગે રિસાલત) પર કુર્બાન થવાને માટે તૈયાર છે અને એ બાગે રિસાલતના ફૂલની કેવી અજીબ બહાર છે કે બુલબુલની બહાર (વસંત) પણ તેનાથી પ્રભાવિત થયા વગર ન રહી શકી અને પોતાની કમજોરીનો સ્વીકાર કરવા લાગી. એટલે કે વિશ્વના હસીનો સરકારે મદીના ﷺના હુસ્નો જમાલના જલ્વાઓની તાબ ન લાવી શકતાં પરવાનાઓની જેમ આપના પર નિછાવર થઈ રહ્યા છે.

*જિસ્કે અન્વારકી એક ઝલક હૈ આલમ સારે—કુલ જહાં જિસ્મ હૈ ઔર જાં હૈ રસૂલે અરબી*
*કૌનસા ગૈબ રહા ગ઼ાઈબ, રહા ગયબ ન જબ ગયબ ઉનસે—શાબિદ મખફી ખઝાના વ અયાં હૈં રસૂલે અરબી*

**ન દિલે બશર હી ફ઼ગાર હૈ, કે મલક ભી ઉસકા શિકાર હૈ**
**યહ જહાં કે હઝ઼દહ્ હઝાર હૈ, જિસે દેખો ઉસ્કા હઝાર હૈ**

*(ફ઼ગાર = ઝખ્મી. મલક = ફરિશ્તા. હઝદહ્ હઝાર = અઢાર હજાર)*

**અર્થાત** : કેવળ ઈન્સાન જ મહબૂબે ખુદા ﷺના ઈશ્કમાં દીવાનો નથી બલ્કે ફરિશ્તાઓની હાલત પણ કેટલાક આશિક઼ાને મુસ્તફા (માનવો)થી અલગ નથી બલ્કે અઢાર હજાર જહાનોમાંથી જેને જુઓ તે એવું જ કહેતો જોવા મળશે : *કૌનેન બનાયે ગયે સરકાર કી ખાતિર—કૌનેનકી ખાતિર તુઝે સરકાર બનાયા*

**નહીં સર કે સજદા કુનાં ન હો, ન ઝબાં કે ઝમ ઝમાખ્વાં ન હો**
**ન વો દિલ કે ઉસપે તપાં ન હો, ન વો સીના જિસકો ક઼રાર હૈ**

*(સજદા કુનાં = સજદો કરનાર. ઝમ ઝમાખ્વાં = ગાનારી જીભ. તપાં = ગરમ, મુરાદ કે કુર્બાન તથા બેતાબ થવું)*

**અર્થાત** : કોઈ માથુ એવું નથી બલ્કે તે માથુ માથુ જ નથી જેમાં મહબૂબે ખુદા ﷺની બારગાહની અદબનો જઝબો ન હોય. ન તે જીભ જીભ કહેવડાવવાની હક્ક઼દાર છે જે તેમની પ્રશંસા તથા તારીફ માટે બેચેન તથા બેક઼રાર ન હોય. તે દિલ પથ્થરથી કમ નથી જે તેમના ઈશ્ક઼ની ઉષ્મામાં ગરમ નથી થતુ. (બેઈજ્જત આશિક઼ે રસૂલ નથી થઈ શકતો) અને તે જ સીનો મદીના બનશે જેનો ચૈન તથા ક઼રાર મદીનાવાળાની મહોબ્બત તથા ઈશ્ક઼ હશે.

*જાન લો ઈમાન કી હૈ જાન હુબ્બે મુસ્તફા—ઔર બિન ઝિક્રે નબી, મરદૂદ હૈ ઝિક્રે ખુદા*

**વો હૈ ભીની ભીની મહક કે બસા હૈ અર્શસે ફ઼ર્શ તક**
**વો હૈ પ્યારી પ્યારી વહાં ચમક કે વહાં કી શબ ભી નિહાર હૈ**

*(નિહાર = દિવસ)*

**અર્થાત :** મદીનાની શું વાત પૂછો છો ?! પૂરો માહોલ જ પુરનૂર તથા ખુશ્બોદાર બનેલો છે. એવી હલકી હલકી જન્નતની ખુશ્બુ અર્શથી ફર્શ સુધી ફેલાયેલી છે કે અઢાર હજાર આલમ મહેકી રહેલ છે અને દરેક બાજુ નૂર જ નૂર ફેલાયેલું છે, જેના લીધે રાત દિવસનો મન્ઝર પેશ કરી રહી છે.

*જબ મદીનેકી બાત હોતી હૈ–વજૂદમેં કાઈનાત હોતી હૈ*
*લયલતુલ ક઼દ્રકો જો શર્મા દે–વો મદીનેકી રાત હોતી હૈ*

**કોઈ ઔર ફૂલ કહાં ખિલે ન જગહ હૈ જોશિશે હુસ્નસે**
**ન બહાર ઔર પે રુખ કરે કે ઝપક પલકકી તો ખાર હૈ**

*(જોશિશ = હુસ્નો જમાલની અતિશયતા અને તેજી. રુખ = ચેહરો, ઝપક = પાંપણ બંધ થવું, પલકારો મારવો, ખાર = કાંટો)*

**અર્થાત :** વિશ્વના ગુલશનમાં સરકારે મદીના ﷺના સિવાય કયાં અને ક્યારે આવું ફૂલ ખિલેલું છે ? (એટલા માટે આપના દૌરે અક઼્દસમાં કોઈ બીજા નબીને ન મોકલવામાં આવ્યા, જ્યારે કે પહેલાં એક એક સમયમાં સેંકડો અંબિયાએ કિરામની ગુંજાઈશ થઈ શકતી હતી. બની ઈસ્રાઈલે એક દિવસમાં એક રિવાયતના પ્રમાણે સિત્તેર અને બીજી રિવાયતના પ્રમાણે ત્રણસો નબીઓને ક઼ત્લ કર્યા) અને આપના પછી તો નબુવ્વતના દરવાજાને તદન જ સીલ કરી દેવામાં આવ્યો. હજી બહાર પણ પૂર્ણપણે એ જ ફૂલની પ્રતિ ધ્યાનિત રહે છે અને પાંપણ સુધ્ધાં નથી ઝપકતુ. કેમ કે પલક ઝપકવાના બરાબર પણ ફૂલને ન જોવું તેની આંખોમાં કાંટો બનીને ચુભે છે.

*મુહમ્મદસે જંગલ હૂએ પુર સુકૂં–મુહમ્મદસે હર બહરકી લહર હૈ (ﷺ)*
*મુહમ્મદ હૈ કૌનેનકી ઝિંદગી–મુહમ્મદ મુહીતે ઝમને બહર હૈ (ﷺ)*

**યહ સમન યહ સોસન વ યાસ્મન, યહ બ નફ઼શા સુંબુલ વ નસ્તરન**
**ગુલ વ સરૂ વ લાલા ભરા ચમન, વહ હી એક જલ્વા હઝાર હૈ**

*(સમન = ચમેલી, સોસન = પાંચ પાંખડીઓવાળુ આસ્માની રંગનું ફૂલ. યાસ્મિન = ચમેલીનું ફૂલ. સુંબુલ = ખુશ્બોદાર ઘાસ. નસ્તરન = સફેદ ગુલાબ. સરૂ = સીધુ ઝાડ. લાલા = ખસખસનું લાલ ફુલ, બનફ઼શા = તે મશહૂર બૂટી જેનાથી શરબતે બનફ઼શા બને છે)*

**અર્થાત :** આક઼ાએ દો જહાં ﷺને બાગ સાથે સરખાવીને આ'લા હઝરત ફ઼ર્માવે છે, જેવી રીતે બાગ એક હોય છે પરંતું તેમાં કેટલાય પ્રકારનાં ફૂલો હોય છે, કોઈ ચમેલી તથા સોસનનું ફૂલ છે તો કોઈ યાસ્મીન તથા બનફ઼શા છે, ક્યાંક ખુશ્બોદાર ઘાસ છે તો ક્યાંક સફેદ ગુલાબ છે. કોઈ જગાએ લાલ ફૂલ ખીલેલુ છે તો ક્યાંક સરૂ, સનોબર ખડુ છે. ચમન તો એક જ છે પણ જલ્વા હજાર છે. આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلامની ઝાત પણ એક જ છે, છતાં (શેઅર) *હર ગુલમેં હર શજરમેં મુહમ્મદ ﷺ કા નૂર હૈ*

الخلق کلھم من نوری, "સર્વ મખ્લૂક઼ મારા નૂરથી બનાવવામાં આવી" *(ઝ઼ુર્કાની, ૧/૪૬, મવાહિબે લદુન્નિયહ,*

૧/૯, સીરતે હલબિયહ, પેજ–૩૦) નૂરથી પેદા કરવાનો મતલબ એ છે કે આપના નૂરનાં કિરણોના જલ્વાઓના ફયઝથી મખ્લૂક઼ બનાવવામાં આવી, નહીં તો નૂર તો નથી વહેંચાતુ.

**યહ સબા સનક વો કલી ચટક, યહ ઝબાં ચહક લબ જો ઝલક**
**યહ મહક ઝલક યહ ચમક દમક સબ ઉસીકે દમકી બહાર હૈ**

*(સબા = હવા. સનક = તેજ હવા. કલી = કળી. ચટક = કલીનું ફૂલ બનવું (ઠક અવાજ સાથે),*
*ચહક = જીભનો ખુશ કરનાર અવાજ, ચહચહાવું. લબે જવ = દરિયા કિનારો)*

**અર્થાત :** બાદે સબાનું સવારના સમયે તેજી તથા નખરાથી ચાલવું, કળીઓનું 'ઠક' કરીને ફૂલ બની જવું, જીભ વડે મીઠા બોલ બોલવા, દરિયાની લહેરોનો પુર રોનક મન્ઝર, ફૂલોની મહેક. અને ચાંદ, સૂરજ, તારાઓની ચમક દમક, એ સૌ જલ્વા છે નૂરે મુહમ્મદ ﷺના, અને આ સર્વ બહારો આપ ﷺના જ દમ ક઼દમથી છે.

**વહી જલ્વા શહર બ શહર હૈ વહી અસ્લ આલમ વ દહર હૈ**
**વહી બહર હૈ વહી લહર હૈ વહી પાર હૈ વહી ધાર હૈ**

**અર્થાત :** દરેક નગર નગર, દરેક ગલી ગલી, દરેક શહેર શહેર છે નબી નબી. હુઝૂર ﷺના જલ્વાઓથી કોઈ જગા ખાલી નથી, કેમ કે આપ જ જહાનની અસ્લ અને જમાનાનો પાયો છે. સમુદ્રમાં આપનો જલ્વો, તેની લહેરોમાં આપનો જલ્વો, તેનો પહોળાઈમાં આપના નૂરનો જલાલ છે તો એની ધારમાં આપની મહોબ્બતનો જમાલ અને આપના કરમનો કમાલ તથા તેજી પણ છે. કેમ કે આપ કાઈનાતની રૂહે રવાં છે, અને જાન છે તો જહાન છે.

*ફ઼ર્શ અર્શ દોનોં જહાં નૂરસે તેરે રોશન–નૂરે મુસ્તફ઼ા તેરા, ચાર સૂ ઉજાલા હૈ*

**વો ન થા તો બાગમેં કુછ ન થા વો ન હો તો બાગ હો સબ ફ઼ના**
**વો હૈ જાન, જાનસે હૈ બક઼ા, વોહી બન હૈ બનસે હી બાર હૈ**

*(બન = જડ, મૂળ)*

**અર્થાત :** જ્યાં સુધી હુઝૂર علیہ الصلوۃ والسلامના નૂરને પેદા કરવામાં આવ્યું ન હતું ત્યાં સુધી અલ્લાહ સિવાય કાંઈ ન હતું. જો હજી પણ હુઝૂર علیہ الصلوۃ والسلامનું નૂર ક઼ાઈનાતમાં જલ્વાગર ન થાય તો સર્વ જહાન ફના થઈ જાય. આપ ﷺ જ જાને કાઈનાત (સૃષ્ટિની જાન) છે. જાનથી જ જિંદગી છે અને આપ કાઈનાતની અસલ છે અને જડ (મૂળ) હશે તો ઝાડ લીલુછમ રહીને ફળ આપશે. *નિગાહે લુત્ફ઼ હો હમ સબપે આક઼ા – તેરે દરબાર કે દરયુઝા ગર હૈં*

**યહ અદબ કે બુલબુલે બેનવા કભી પુલ કે કર ન સકે નવા**
**ન સબાકો તેઝ રવિશ રવા, ન છલકતી નહરોંકી ધાર હૈ**

*(અદબ = લેહાઝ, એહતેરામ. બેનવા = મોહતાજ, સરસામાન વિનાનો. નવા = અવાજ.)*

**અર્થાત :** બારગાહે રિસાલત મઆબ ﷺનો અદબો એહતેરામ એ છે કે બુલબુલ કદી ખુલીને ચહચહી નથી શકતી, ન હવાને આપની બારગાહમાં તેજી દેખાડવાની ઈજાઝત હતી અને ન તો દરિયાની લહેરોને તોફ઼ાનની મજાલ. કેમ કે હુઝૂર ﷺ દરેક ચીજના રસૂલ છે અને દરેક ચીજ પર આપનો એહતેરામ લાઝિમ છે.

ઉસ્તાદની બારગાહનો અદબ શાર્ગિદ બતાવે, પીરની બારગાહનો અદબ મુરીદ સમજાવે અને મુસ્તફાની બારગાહનો અદબ ખુદા બયાન ફર્માવે અને ઈર્શાદ ફર્માવે :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَ لَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَ اَنْتُمْ لَا تَشْعُرُوْنَ۝

"ખબરદાર ! હે ઈમાનવાળાઓ ! મારા નબીથી તમારા અવાજોને ઊંચા ન કરો. અને તેમને એવી રીતે ન બોલાવો જેવી રીતે કે આપસમાં એકબીજાને બોલાવો છો. જે એવું કરશે તેના અમલો નષ્ટ કરી દેવામાં આવશે, અને તેને ખબર નહીં પડે." *(સૂ. હુજુરાત, ૪૯/૨)*

હુઝૂર ﷺના ઘરે એક પ્રસંગે ફારિગ થયા બાદ પણ કેટલાક લોકોનું બેસેલા રહેવું અલ્લાહ તઆલાને પસંદ ન આવ્યું અને ફર્માવ્યું : ان ذلکم کان یوذی النبی فیستحی منکم "એ વાત મારા હબીબ ﷺના માટે તકલીફનો સબબ છે અને તે હયાના કારણે તમને કાંઈ કહેતા નથી, જેથી જાતે વિચારી લીધા કરો." واللہ لا یستحی من الحق, "અલ્લાહને હક્ક઼ વાત કહેવામાં કોઈ સંકોચ નથી."

*યહ કોન તાઈરે સિદરાસે હમ કલામ આયા–જહાને ખાક કો ફિર અર્શકા સલામ આયા*
*ઝબીં ભી સજદા તલબ હૈ યહ ક્યા મક઼ામ આયા–ઝબાં પે બારે ખુદાયા, યહ કિસકા નામ આયા*

**બા અદબ ઝુકા લો સરે વિલા કે મૈં નામ લૂં ગુલ વ બાગકા**
**ગુલે તર મુહમ્મદ મુસ્તફા ચમન ઉનકા પાક દયાર હૈ**
*(વિલા = દોસ્તી, મહોબ્બત. તર = તાજુ, તરીવાળુ. દયાર = ઘર)*

**અર્થાત** : હે આશિક઼ાને મુસ્તફા ! (ﷺ) તમારાં માથાં અદબથી ઝુકાવી લો કેમ કે હું એક ફૂલ અને એક ચમનનો ઝિક્ર કરવાનો છું. તો સાંભળો ! ફૂલ કોણ છે ? અલ્લાહના મહબૂબ ﷺ બાગે કુદ્દસનાં તરોતાઝા ફૂલ છે અને એ બાગ અને સર્વ કાઈનાતના મતલૂબ તથા મક઼સૂદનું પવિત્ર શહેર મદીના શરીફ છે.

આ ફૂલોમાં મારા ફૂલની શાન તો એ છે કે :

*મુહમ્મદ દીનો દુન્યા કે હૈ રહબર–મુહમ્મદ આખેરત કે તાજવર હૈં*
*મુહમ્મદ નામપે નુક઼્તા નહીં હૈ–વહી બે ઐબ હૈં હક઼્ક઼ે ગોહર હૈં (ﷺ)*

**વહી આંખ ઉનકા જો મુહ તકે વહી લબ કે મહવ હોં નઅત કે**
**વહી સર જો ઉનકે લિયે ઝુકે વહી દિલ જો ઉનપે નિષાર હૈ**

**અર્થાત** : આંખ હક઼ીક઼તમાં તે જ છે જે મહબૂબે ખુદાના ચહેરાને મહોબ્બતની સાથે જુએ છે, અને હોઠ હક઼ીક઼તમાં તે જ હોઠ છે જે હુઝૂર ﷺની ષનાખ્વાની (પ્રશંસા)માં વ્યસ્ત રહે છે. માથુ તે જ માથુ છે જે એમની સામે અદબથી ઝુકેલુ રહે છે અને તે જ દિલ, દિલ કહેવડાવવાનું હક઼દાર છે જે મહબૂબે ખુદા પર કુર્બાન થતુ રહે, નહીં તો એ સર્વ અંગો હોવા છતાં :

صُمٌّۢ بُكْمٌ عُمْیٌ فَهُمْ لَا یَرْجِعُوْنَ۔ الهم ارجل یمشون بها ام لهم اید یبطشون بها۔ (الی آخر الایۃ)

**યહ કિસકા હુસ્ન હૈ જલ્વાગર કે તપાં હૈં ખૂબોં કે દિલ જિગર**
**નહીં ચાક જેબે ગુલ વ સહર કે કમર ભી સીના ફિગાર હૈ**

**અર્થાત :** અલ્લાહ ! અલ્લાહ ! જરા ધ્યાનથી જુઓ, આ કોના હુસ્ને દિલ આરાએ જલ્વાગરી ફર્માવી છે કે સર્વ હુસ્નવાળા બેકરારીની આગમાં દિલો જાનથી કુર્બાન થઈ રહ્યા છે અને કેવળ ફૂલ અને સુબ્હ સાદિકે જ પોતાનું ગેરવાન નથી ફાડયું, ચાંદ પણ મહબૂબે ખુદાના હુસ્નની તાબ ન લાવીને ઝખ્મોથી ચૂર ચૂર છે અને તેનો સીનો દાગ દાગ છે.

**વહી નઝરે શહમેં ઝરેનકૂ જો હો ઉનકે ઈશ્કમેં ઝર્દ રૂ**
**ગુલે ખુલ્દ ઉસસે હો રંગે જૂ યે ખઝાં વો તાઝા બહાર હૈ**

*(ઝરે નકૂ = શુધ્ધ સોનુ. ઝર્દ રૂ = પીળા ચહેરાવાળો. જેબ = ગરેવાન)*

**અર્થાત :** મહબૂબે ખુદા ﷺની બારગાહમાં જો નઝરાણુ પેશ કરવામાં આવી શકે છે તો તે આશિક જેમના ચહેરા કેવળ શુધ્ધ સોનાની જેમ મહબૂબના વિરહમાં પીળા પડી ચૂક્યા છે જેમનાથી જન્નતનું ફૂલ પણ રંગીનીની તલાશમાં છે. હે લોકો ! તમે તો પીળો રંગ પાનખરની નિશાની સમજો છો પરંતુ ઈશ્કો મહોબ્બતના જહાનમાં પીળો રંગ વસંતમાં ગણાય છે.

**જિસે તેરી સિફતે નિઆલસે મિલે દો નિવાલે નિવાલસે**
**વો બના કે ઉસકે અગાલસે ભરી સલ્તનતકા ઉધાર હૈ**

**અર્થાત :** હે મારા આકા ! જે ખુશનસીબને આપની નાલૈન પાકના સદકામાં આપના જૂદો કરમના બે લુકમા મળી ગયા, તેને એ મર્તબો મળી ગયો કે દુનિયાના સર્વ તખ્તો તાજ તેને ઓકી કાઢેલી ચીજ (થૂક)નો પણ મુકાબલો નથી કરી શકતા, બલ્કે એ થૂકની કિંમત પૂરી દુનિયા આપીને પણ કરજો માથા પર કાયમ રહશે.

**વો ઉઠેં ચમકકે તજલ્લિયાં કે મિટા દેં સબકી તઅલ્લિયાં**
**દિલો જાન કો બખ્શેં તસલ્લિયાં, તેરા નૂર બારદો હાર હૈ**

*(તજલ્લિયાં = નૂરના જલ્વા. તઅલ્લિયાં = ડિંગો મારવી. બારદ = ઠંડો. હામ = ગરમ)*

**અર્થાત :** હે મારા આકા ! ﷺ દુનિયાની આ અંધેર નગરીમાં આપના અન્વારો તજલ્લિયાતની તે વીજળીઓ ચમકી કે મોટા મોટાઓના ઘમંડ ખાકમાં મળી ગયા. અને બીજી બાજુ દિલોને એ જ તજલ્લીઓ વડે સુકૂન પણ અતા કર્યું. પેલી બાજુ સળગાવી રહી છે આ બાજુ ઠંડક પહોંચાડી રહી છે. કેમ કે આપનું નૂર બે કામ કરે છે, ઈમાનવાળાઓનાં દિલને ઠંડક પહોંચાડે છે અને નિફાકવાળાઓ પર સળગાવી દેનારી વીજળી બનીને કામ કરે છે.

હવે તો વાત સમજવી કોઈ મુશ્કેલ નથી કે આપણી વીજળી પણ હિટરમાં આવે તો ગરમ કરે છે, ફ્રિઝમાં આવે તો ઠંડક પેદા કરે છે.

**રુસુલ વ મલક યહ દુરૂદ હો વહી જાને ઉનકે શુમારકો**
**મગર એક ઐસા દિખા તૂ જો શફીએ રોઝે શુમાર હૈ**

**અર્થાત** : અલ્લાહ તઆલાના સર્વ રસૂલો અને ફરિશ્તાઓ પર અલ્લાહની રહમત થાય, જેમની સહીહ સંખ્યા અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે. وما يعلم جنود ربك الا هو પરંતું હું તો એ કહેવા ચાહું છું કે શું કોઈ એક પણ એમનામાં એવો છે જે એ રીતની શફાઅત કરી શકે જે રીતની શફાઅત આપણા આકા ફર્માવશે. (અને એવું કેમ ન થાય કે તમામ મખ્લૂકના સર્વ કમાલોનો ખુલાસો પણ તો હુઝૂર ﷺની ઝાત જ છે ને !)

**ન હિજાબ ચર્ખો મસીહ પર ન કલીમો તૂર નિહાં મગર**
**જો ગયા હૈ અર્શ સે ભી ઈધર વો અરબકા નાકા સવાર હૈ**

**અર્થાત** : હઝરત ઈસા علیہ السلام આસ્માનોં પર તશરીફ ફર્માં છે પણ શું તેમ છતાં પર્દો નથી ?! હઝરત મૂસા કલીમ علیہ السلام તૂર પર દીદારથી પરદામાં રહ્યા. પણ અરબના શહસવાર મુહમ્મદે અરબી ﷺ જ તો છે જે અર્શે મુઅલ્લાથી પણ આગળ તશરીફ લઈ ગયા અને સર્વ પર્દા કેવળ તેમના જ માટે ઉઠાવી લેવામાં આવ્યા.

**વો તેરી તજલ્લીએ દિલનશીંકો ઝલક રહે હૈં ફલક ઝમીં**
**તેરે સદકે મેરે મહે મુબીં મેરી રાત ક્યું અભી તાર હૈ**

*(મહે મુબીં = રોશન ચાંદ, તાર = અંધારી)*

**અર્થાત** : હે મારા આકા ! ﷺ આપની દિલોમાં ઉતરનારી તજલ્લીથી આસ્માન પણ રોશન છે અને જમીન પણ જગમગી રહી છે. મારા મુકદ્દરની રાત હજી સુધી કેમ અંધારી છે ! એક જલ્વો એ અંધારી કિસ્મત પર પણ નાખી દો.

*ચમક તુઝસે પાતે હૈં સબ પાનેવાલે–મેરા દિલ ભી ચમકા દે ચમકાને વાલે*

**મેરી ઝુલ્મતેં હૈ તેરા સિતમ, મગર તેરા મહ ન મહર કે મહરગર**
**અગર એક છીંટ પળે ઈધર, શબે દાગ અભી તો નિહાર હૈ**

*(ઝુલ્મતેં = અંધકારો. મહ = ચાંદ. મહર = સૂરજ. મહરગર = સૂરજ બનાવનાર. નિહાર = દિવસ. શબે દાગ = અંધારી રાત)*

**અર્થાત** : જો કે મારી તારીકીઓ (અંધકારો) મારા ગુનાહોના સબબથી છે પણ આપનો ચાંદ કેવળ સૂરજ જ નહીં સૂરજ બનાવનાર છે, જો એક છાંટો રહમતનો અતા થઈ જાય તો મારી અંધારી રાત દિવસ બની જાય.

**ગુનહે 'રઝા' કા હિસાબ ક્યા વો અગર ચે લાખોંસે હૈં સિવા**
**મગર અય અફુવ્વ તેરે અફવકા તો હિસાબ હૈ ન શુમાર હૈ**

*(સિવા = અધિક. અફુવ્વ = ઘણો જ અધિક માફ કરનાર, અફવ = માફી)*

**અર્થાત** : મેં માન્યું કે મારા ગુનાહોનો કોઈ હિસાબ કે ગણત્રી જ નથી, પણ હે માફ કરવાવાળા ! તારી માફી પણ તો સંખ્યા તથા ગણત્રીથી બહાર છે પછી આવા કરીમના માટે શું એવો જ ગુનેહગાર ન હોવો જોઈએ ?!

**તેરે દીને પાકકી વો ઝિયા કે ચમક ઉઠી રહે ઈસ્તફા**
**જો ન માને આપ સકર ગયા કહીં નૂર હૈ કહીં નાર હૈ**

*(ઝિયા = રોશની. રાહે ઈસ્તફા = પસંદ કરેલ માર્ગ. સકર = જહન્નમ)*

**અર્થાત** : હે મારા નૂરવાળા આક઼ા ! આપના હક઼્ક઼ દીનની રોશનીથી સિરાતે મુસ્તક઼ીમનો બરગુઝીદા તથા ઉમદા માર્ગ ચમકી ઉઠયો. હવે એ લોકોની મરજી છે કે માનીને સીધા જન્નતમાં ચાલ્યા જાય કે ઈન્કાર કરીને દોઝખનું બળતણ બની જાય. દીને ઈસ્લામ પર ચાલવાવાળાઓ માટે નૂર છે અને દીને ઈસ્લામના મુન્કિરોના માટે નાર છે.

*નબી આતે રહે આખિરમેં નબીયોં કે ઈમામ આયે–વો દુન્યામેં ખુદાકા આખરી લે કે પૈગામ આએ*
*ઝુકાને આએ બંદોકી ઝબીં અલ્લાહ કે દર પર–સિખાને આદમીકો આદમીકા એહતેરામ આએ*

**કોઈ જાન બસકે મહક રહી કિસી દિલમેં ઉસસે ખટક રહી**
**નહીં ઉસકે જલ્વેમેં યક રહી, કહીં ફૂલ હૈ કહીં ખાર હૈ**

*(બસકે = વસીને, ખટક = ખટકે. યહ રહી = એક જેવી)*

**અર્થાત** : કોઈ તે ખુશનસીબ છે કે જેણે ઈમામુલ અંબિયા عليه الصلوٰة والسلامના ઈશ્ક઼ો મહબ્બતને પોતાની જાનમાં વસાવેલ છે. અને આપણને ઈમામ, દીન, તથા સિરાતે મુસ્તક઼ીમ મળી તે આપ عليه الصلوٰة والسلامની મહાન કુર્બાનીઓનો સદક઼ો મળ્યો છે. આ દીનના ખાતર આપે કેટલા પ્રમાણમાં જુલ્મો સિતમ સહન કર્યા અને તાઈફના બજારોમાં લોહી લોહાણ થયા. એટલા માટે આપણી ગરદનો આપના એહસાનોની સામે ઝુકેલી રહેવી જોઈએ.

*અગર ન મસ્અલે વહદત જહાંમેં જલ્વાગર હોતી–તો ફિર સદીયોંસે આવારા યહ પરવાને કહાં જાતે*

હુઝૂર ﷺની યાદ દીનદારો તથા આપના વફાદારોના દિલમાં જાન બનીને મહેકી રહી છે, અને એક તે બદબખ્ત છે કે જેમના માટે આક઼ા عليه الصلوٰة والسلامની યાદ જાનને તકલીફદાયક બનેલી છે અને તેઓ દિવસ રાત ઝિક્રે મુસ્તફાને ખત્મ કરવાની ચિંતામાં છે. જેથી સાબિત થયું કે આપ ﷺના જલ્વા એક કામ નથી કરતા, બલ્કે બે કામ કરે છે. જે માનનારા છે તેઓ હુઝૂર ﷺની આ કાઈનાતમાં જલ્વાગરીને અલ્લાહ તઆલાનું ઘણુ જ મહાન એહસાન સમજીને આ અક઼ીદો ધરાવે છે કે :

*તષ્લીષ વ આઝરીકો મિટાને કે વાસ્તે–દુન્યામેં એક ખુદાકા પરસ્તાર આ ગયા*

જે વફાદાર બનીને દામને કરમમાં આવી ગયો તે ફૂલ બનીને જન્નતમાં પહોંચી ગયો, અને જે ગદ્દાર બનીને ગુસ્તાખ થઈ ગયો તે કાંટો બનીને દોઝખનું બળતણ બની ગયો.

**વો જિસે વહાબિયહને દિયા હૈ લક઼બ શહીદ વ ઝબીહકા**
**વો શહીદે લયલાયે નજદ થા વ ઝબીહે તેગ઼ે ખેગાર હૈ**

*(વહાબિયહ = વહાબી, મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદીનો ગુસ્તાખીવાળો અક઼ીદો રાખવાવાળા,*
*ઝબીહ = ઝબહ પામેલ, લયલાયે નજદ = નજદની લયલા (મહબૂબા). તેગે ખેયાર = સારા મુસલમાનોની તલ્વાર)*

**અર્થાત** : (આ શેઅરમાં આ'લા હઝરત એક ઘણા જ મોટા રહસ્યથી પર્દો ઉઠાવી રહ્યા છે, અને એક ઘણા જ મોટા ધોકાનો પર્દો ચીરીને હક઼ીક઼તને ઉઘાડી કરી રહ્યા છે કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેણે "તક઼વિયતુલ ઈમાન" કિતાબ લખીને ઉમ્મતમાં વિખવાદ ખડો કર્યો અને મુસલમાનોની વિરૂધ્ધ જેહાદ કરીને શહીદ બની બેઠો !) વહાબીઓએ જેને શહીદ તથા ઝબીહનો લક઼બ આપી રાખ્યો છે, હા ! તે શહીદ છે પણ ફી સબીલિલ્લાહ

શહીદ નહીં, બલ્કે નજ્દની કોઈ લયલાના ઈશ્ક઼નો માર્યો છે, અને તે ઝબીહ પણ છે પણ કાફિરોની તલ્વારથી નહીં બલ્કે પાકા સાચા સુન્ની મુસલમાનોને તલ્વારથી અંગ્રેજો સાથે મળીને મુસલમાનો સાથે લડનારો "મુજાહિદે મિલ્લતે વહાબિયહ" ગૈરતમંદ પઠાણોની તલ્વારથી કતલ થઈ ગયો.

જો યક઼ીન ન આવે તો જેમની સાથે જેહાદ થયો છે તેમનાં નામો વાંચી લો અને પછી ફેંસલો કરો કે શું કોઈ પણ દૌરમાં સિખનાં આવાં નામ રહ્યાં છે : મુલ્લા અઝીમ અખુંદઝાદા, મિયાં નસીર અહમદ અલ્મઅરૂફ ક઼િસ્સાખ્વાની મુલ્લા, હાફિઝ દરાઝ પેશાવરી શારેહે બુખારી, શયખ અબ્દુલ ગફૂર અખુંદ સવાતી દરાની સરદારોના પીરો મુર્શિદ, એઓ તથા તેમના જેવા સેંકડો ખેયારે ઉમ્મત હતા. જેમણે પોતાની ગૈરતને જીવંત રાખી, પણ ઈસ્માઈલ દહેલ્વીને તેના મુર્શિદ અહમદ બરેલ્વી સમેટ જહન્નમમાં પહોંચાડયો. હવે કોઈ જેવું ચાહે કહેતો ફરે ઝબાન પોતાની છે અને પોતાના જ મોઢામાં છે, ક઼લમ પોતાના જ હાથમાં છે જેથી રોકનાર કોઈ નથી, પણ ઈતિહાસને વિકૃત કરવાની લઅનતનો તોક તો એવા લોકોની જરૂર રાહ જોઈ રહ્યો છે. (વધુ વિગતના માટે જુઓ : મોજે કૌષર, તઝકેરએ અકાબિરે અહલે સુન્નત, મુશાહિદાતે કાબિલ વ યાગિસ્તાન, મક઼ાલાતે સર સૈયદ અલીગઢી નંબર–૧)

**યહ હૈ દીં કી તક઼્વિયત ઉસકે ઘર યહ હૈ મુસ્તક઼ીમે સિરાતે શર**
**જો શક઼્ક઼ી કે દિલમેં હૈ ગાઉખર તો ઝબાં પે ચોળ્હા ચમર હૈ**

*(તક઼વિયત = શક્તિ અર્પવી. મુસ્તક઼ીમ = સીધો. સિરાતે શર = બદીનો માર્ગ. શક઼્ક઼ી = બદબખ્ત.*
*ગૌખર = ગાય તથા ગધેડો, ચોળ્હા = ગંદકી સાફ કરનાર ભંગી, જમાદાર)*

**અર્થાત** : આ શેઅરમાં ઈસ્માઈલ દહેલ્વીના ગંદા અક઼ીદાની એક ઝલક પેશ કરવામાં આવી રહી છે કે ધારો કે જો તે સિખોના હાથે પણ માર્યો ગયો હોય તો પણ એવા અક઼ીદાવાળો શહીદ ગણાય શકે છે ? કે જે નબી ﷺના બારામાં એવું કહે કે (નઊઝુ બિલ્લાહ !) તે અલ્લાહની શાનની સામે ચોળ્હા ચમાર કરતાં પણ અધિક ઝલીલ છે. (તક઼વિયતુલ ઈમાન) અને નમાઝમાં હુઝૂર ﷺનો ખયાલ પોતાના ગધેડા, બળદ તથા સંભોગના ખયાલ કરતાં પણ બુરો છે. (સિરાતે મુસ્તકીમ) જો આ તક઼વિયતુલ ઈમાન છે તો ઈમાનની મોત કોને કહેશો ? અને જો આ સિરાતે મુસ્તક઼ીમ (સીધો માર્ગ) છે તો સિરાતે શર કઈ બલાનું નામ છે. તેમને ત્યાં આ દીનની શક્તિ છે અને આ સીધો રસ્તો છે જે સીધા તેમના ઘર (દોઝખ)ની તરફ થાય છે. એ બદબખ્તોના દિલોમાં ગાય તથા ગધેડા અને સંભોગના ખયાલો ચાલી રહ્યા છે અને જીભ પર નબીઓના બારામાં ચોળ્હે ચમારના શબ્દો છે. નઊઝુબિલ્લાહિ મિન ઝાલિક. અલ્લાહ આ ગંદા અક઼ીદાઓથી દરેક મુસલમાનોને મેહફૂઝ રાખે.

આશિક઼ાને મુસ્તફા ﷺ જ્યારે પોતાના આક઼ા ﷺનું નામ લે છે તો ઈમાન વજ્દ કરે છે પણ મોલ્વી ઈસ્માઈલ હુઝૂર ﷺનું નામ આટલી બેરુખીથી લે છે કે જાણે નઊઝુબિલ્લાહ ! કોઈ સામાન્ય સરખા માણસનું નામ લઈ રહેલ છે. દા.ત. **જેનું નામ મુહમ્મદ તથા અલી હોય તે કોઈ ચીજનો માલિક તથા મુખત્યાર નથી (તક઼વિયતુલ ઈમાન) આપે જોયું ?! ન મુહમ્મદ ﷺ લખ્યું ન અલી كرم الله وجهه الكريم લખ્યું. તો શું આ બંનેવ સાથે દુશ્મની છે ?** કોઈ બીજાનું નામ લઈને કેમ ન કહ્યું કે તે કોઈ ચીજનો માલિક તથા મુખ્તાર નથી. શું બે હસ્તીઓ જ રહી ગઈ હતી ?!

**વો હબીબ પ્યારા તો ઉમર ભર કરે ફૈઝો જૂદ હી સર બસર**
**અરે તુઝકો ખાએ તપે સક઼ર, તેરે દિલમેં કિસસે બુખાર હૈ**

*(જૂદ = સખાવત. સરબસર = સંપૂર્ણ રીતે, હમેશાં. તપ = ગરમી, તાપ. સક઼ર = દોઝખ. બુખાર = ખાર, ગુસ્સો, કીનો)*

**અર્થાત :** અરે બદબખ્ત ગુસ્તાખ ! તું મારા આક઼ા ﷺથી કયો બદલો લઈ રહ્યો છે કે તારી ગંદી ઝબાન તથા ક઼લમ થકી આવા ગંદા અક઼ીદા વજૂદમાં આવી રહ્યા છે. બતાવ તો ખરો ! અલ્લાહના મહબૂબના બારામાં તારા દિલમાં આટલી નફરત તથા મેલ કેમ છે ? અમારા આક઼ાએ તો અમારી દુનિયાને ખૂબ સમારી છે, કદી કોઈનું કાંઈ બગાડયું નથી, તો તે આખી જિંદગી પોતાના જૂદો કરમના ખજાના લૂટાવતા રહ્યા, લોકોને જહન્નમથી બચાવતા રહ્યા, ખુદાથી મિલાવતા રહ્યા, ટીપાને સમુદ્ર અને રજકણને આફતાબ (સૂરજ) બનાવતા રહ્યા, બેઝરને બૂઝર અને બિલાલે હબ્શીને રશ્કે ક઼મર બનાવતા રહ્યા, મોજિઝાઓ દેખાડતા રહ્યા, કમાલો દેખાડતા રહ્યા, અરે બદબખ્ત! તને દોઝખની આગ ભસ્મ કરે, તું અમારા આક઼ા ﷺથી કઈ દુશ્મનીનો બદલો લઈ રહ્યો છે કે તેમની અઝમત ઘટાડવામાં લાગેલો છે જેમને અલ્લાહે રહમતુલ્ લિલ્આલમીન બનાવ્યા અને સાહિબે ખુલ્કે઼ અઝીમ બનાવ્યા.

*કિસી ઈન્સાનકી અઝમત ઈસસે બળ્હકર કયા હો અય બઝમી–ખુદાને આપકે અખ્લાક઼ પર ખુદ નાઝ ફર્માયા*

*(ખાલિદ બઝમી બહવાલા બહારે નઅત–૮૭)*

**વહ 'રઝા' કે નેઝાકી માર હૈ કે અદૂ કે સીનેમેં ગાર હૈ**
**કિસે ચારા જોઈકા વાર હૈ કે યહ વાર વારસે પાર હૈ**

*(નેઝા = ભાલો = અદૂ = દુશ્મન)*

**અર્થાત :** સારું, જો તું આ ગંદા અક઼ીદાઓને છોડીશ નહીં તો અબ્દે મુસ્તફા, ગદાએ દરે ખૈરુલવરા અહમદ રઝાના ખંજરે ખૂંખાર અને તેમના નેઝાની માર સહન કરવી પડશે. પ્રથમ ગુલામાને મુસ્તફાથી પંજો લડાવ પછી આગળ જજે, અમે તારો જાતે કચુમર કાઢી નાખીશું જેથી દરબારે રિસાલતની તરફ તું મેલી આંખ વડે જોઈ પણ ન શકે. આ અહમદ રઝાનો નેઝો છે જે એવો ઝખ્મ કરે છે કે સીનામાં ઊંડો ખાડો બનાવી દે છે જેના પછી ઈલાજ પણ નથી થઈ શકતો, એટલા માટે કે એના હુમલાનો વાર આરપાર નીકળી જાય છે.

## (નઅત શરીફ઼ : ૮૩)

### ઝર્રે ઝ઼ર કર તેરી પયઝારોં કે–તાજે સર બનતે હૈં સૈયારોં કે

*(ઝર્રે = રજકણ, ધૂળ. પયઝારોં = નાલૈન પાક, જૂતા મુબારક. સૈયારા = ભ્રમણ કરનાર તારો.)*

**અર્થાત :** આકાશના તારાઓના (સૂરજ, ચાંદ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર ગ્રહોના) માથાંઓ પર મારા આક઼ા તથા મૌલા ﷺની નાલૈન પાકથી ઝળીને પડનારી માટીની રજકણો તાજ બનીને ચમકે છે.

### હમસે ચોરોંપે જો ફ઼ર્માએ કરમ–ખિલ્અતે ઝર બને પશ્તારોં કે

*(ખિલ્અત = ઈનામનો ચોગો. ઝર = સોનુ. પશ્તારોંકે = ઢગલાઓના ઢગલા)*

**અર્થાત :** નેક લોકોને તો આપ علیہ الصلوٰۃ والسلام શું શું ઈનામો અતા ફ઼ર્માવતા હશે, અમારા જેવા પાપીઓ તથા નકામાઓને પણ એટલા નવાઝી દે છે કે ખિલ્અતો (સોનેરી અને સાચા કામના ચોગા પર સોનાના તારો ચઢાવીને શાદી પ્રસંગે તૈયાર કરવામાં આવે છે)નો ઢગલો લગાડી દે છે જેને ઉઠાવવો મુશ્કેલ થઈ જાય છે. કેમ કે તે પોતાની શાનના પ્રમાણે અતા કરે છે. એ શું ઓછો કરમ છે કે આપે અમને આપની સીરતનું નૂર અતા ફ઼ર્માવીને ઈસ્લામી જિંદગી અતા કરી જેનાથી અમારી આખેરત સંવરી ગઈ.

*મેરી ઝબાં પાક નહીં મૈં ભી કુછ નહીં–કૈસે બયાં કર સકૂં સીરત હુઝૂર કી*
*સીરતસે ઉનકી દીનકી ફૈલી હૈ રોશની–મીનાર રોશનીકા હૈ સીરત હુઝૂર કી (ﷺ)*

### મેરે આક઼ા કા વો દર હૈ જિસ પર–માથે ઘિસ જાતે હૈં બીમારોં કે

**અર્થાત :** (થોડીક કિતાબો પઢીને બેઅદબ બની જનાર શું જાણે કે મારા પ્યારા આક઼ાના દરબારની અઝમત શું છે.) મારા નબી ﷺનું દરે અક઼દસ તો તે છે કે જ્યાં મોટા મોટા બાદશાહ પોતાની પેશાનીઓ રગડતાં નથી થાકતા અને તેને પોતાના માટે ખુશનસીબી સમજે છે. પછી બતાવો તો તે ભલા આપણા જેવા કેવી રીતે થઈ શકે છે. જેમના દરની શાન આ છે તેમના ઘરની શાન શું હશે. અને પછી સાહિબે ખાનાની અઝમતનો અંદાઝો કોણ કરી શકે છે કે જેમનો હાલ આ પ્રમાણે છે :

*ઉતરતે હૈં તુમ પર સલામ અલ્લાહ અલ્લાહ–ખુદાને કિયા એહતેરામ અલ્લાહ અલ્લાહ*
*વહીં તેરે દીવાનોંકી ઈદ હોગી–જહાં હોગા દીદારે આમ અલ્લાહ અલ્લાહ*
*હૈ દીવાનોંમેં દેખા દીવાના 'કરની'–ગુલામોંમેં હબ્શી ગુલામ અલ્લાહ અલ્લાહ*
*જો રૂમી વ સઅ્દી વ જામી કો બખ્શા–પિલા દો મુઝે ભી વો જામ અલ્લાહ અલ્લાહ*
*જો અહલે નઝર હૈં વહી જાનતે હૈં–જો શાન આપકી જો મક઼ામ અલ્લાહ અલ્લાહ*
*નમાઝે મહ઼બ્બત અદા હુઈ ઉસ્કી–હુવા ઈશ્ક઼ જિસ્કા ઈમામ અલ્લાહ અલ્લાહ*
*'અમીરે' હઝીં કો નહીં ફ઼િક્રે મેહશર–હૈ મેહશર મેં હુવા ઉનકા નિઝામ અલ્લાહ અલ્લાહ*

## મેરે ઈસા તેરે સદકે જાઉં-તૂર બે તૂર હૈં બીમારોં કે

*(બેતૂર = બુરી હાલત)*

**અર્થાત** : હે અમારા ઈસા ! (એટલે મુહમ્મદ મુસ્તફા પ્યારે આકા ﷺ) આપના બીમારો (અમ ગુનેહગારો)ના ઘણા બેઢંગાં કામો છે કે દરેક સમયે આપની નાફર્માનીમાં લાગેલા રહીએ છીએ, ન મરવાનું યાદ ન મરીને ઉઠવાનું યાદ, નાફર્માનીઓમાં ઘણા આગળ નીકળી ચૂક્યા છીએ, પણ આપના પર કુર્બાન જઈએ કે આપ અમારા જેવાઓને છતાં પણ નિભાવી રહ્યા છો.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ તો તક્વા તથા પાકીના પયકર હતા. આ પ્રકારોના શેઅરોમાં આપ આપણા જેવા નકામાઓને અમલની દાવત આપી રહ્યા છે, કેમ કે બદઅમલી તથા નાફર્માની પોતાની ઊંચાઈ પર છે, જમીન ગુનાહોથી ભરાઈ ચૂકી છે. બેહયાઈ ખૂબ ફેલાઈ રહી છે. ખૌફે ખુદા, ફિક્રે આખેરત તથા મૌતને યાદ કરવાથી જ આ સમસ્યા પર કાબૂ મેળવી શકાય છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ખુદ તિલાવતે કુર્આન તથા મૌતને યાદ કરવાનો હુકમ આપ્યો છે, એટલા માટે થોડુક એ હવાલાથી પણ પઢી લઈએ.

એમાં શંકા નથી કે અલ્લાહ તઆલાની રહમતથી નિરાશા ગુનોહ તથા કુફ્ર છે, પણ એમાં પણ રજમાત્ર શક નથી કે અલ્લાહના અઝાબ અને તેની નારાઝગી તેના કહરો ગઝબથી નીડર અને નિર્ભય થઈ જવું પણ કુફ્ર છે. الایمان بین الخوف والرجاء ઈમાન નામ છે ખુદાનો ડર અને રહમતની ઉમ્મીદની દરમિયાની હાલતનું.

હઝરત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہને એક શખ્સે પૂછયું કે આપનો શો હાલ છે ? તો આપે ફર્માવ્યું કે એક કૌમ નાવડીમાં સમુદ્રમાં સવાર થઈ અને જ્યારે નાવ સમુદ્રની મધ્યે પહોંચી તો નાવડી તૂટી ગઈ અને દરેક માણસ એક તખ્તાથી ચિપકીને વહેવા લાગ્યો. તો બતાવો કે એ કૌમનો શું હાલ હશે ? તો તેણે કહ્યું કે તે લોકો અતિશય ભયાવહ હાલતમાં ખૂબ જ ડરેલા હેબતાઈ ગયેલા હશે. તો હઝરતે ફર્માવ્યું કે મારો હાલ એ કૌમથી પણ વધુ ભયાવહ તથા હેબતાઈ ગયેલો છે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૧૬૨)*

અલ્લાહુ અકબર ! આ છે ઈલ્મો અમલના પહાડો અને આસ્માને વિલાયતના ચમકતા તારાઓનો હાલ કે આ મુકદસ ખુદાના બંદાઓ પોતે ઈલ્મો તથા અમલની અઝમતવાળા હોવા છતાં કેવી હાલતમાં રહે છે ! અને ખૌફે ખુદાની ભાવનાઓથી પ્રભાવિત થઈને કેવી કેવી દિલ હલાવનારી વાતો બોલ્યા કરતા હતા ?! આપણે બેઈલ્મ તથા બેઅમલથી ગાફેલ ઈન્સાનો માટે આ પવિત્ર હસ્તીઓનો હાલ ખૂબ જ બોધદાયક તથા ઈબ્રતઅંગેઝ છે.

*યા ઈલાહી ! મેરે અયબોંકો છુપા-ખૌફસે દિલ મેરા તૂ કર દે રિહા*
*સબસે અચ્છે હોં મેરે પિછલે અમલ-સબસે અચ્છા વક્ત હો વકતે અજલ*
*જબ તક જીતા રહૂં મૈં અય ખુદા-મુઝકો ગુમરાહીકે ફિતનેસે બચા*
*હશ્રકે દિન કરયો ન મુઝ પર અઝાબ-હશ્રકે દુઃખસે બચા રોઝે હિસાબ*
*જીના મરના ઔર મેરા સબ કારોબાર-હૈં તેરે હી વાસ્તે અય કિર્દગાર*

## મુજરિમો ! ચશ્મે તબસ્સુમ રખો-ફૂલ બન જાતે હૈં અંગારોં કે

**અર્થાત** : પરંતુ હે મુજરિમો ! સિયાહકારો ! ગુનેહગારો ! છેવટે ગુનેહગાર જ છો પણ છો તો વફાદાર

ને ?! ગદ્દાર તો નથી ને ?! તો ઉમ્મીદ રાખો કે ક્યામતના દિવસે તમને મારા આકા મુસ્કુરાઈને જોશે, અને જ્યારે તેમના હોઠો પર સ્મિત ફેલાઈ જશે તો અંગારા પણ ફૂલ બની જશે ! અને આ મુસ્કુરાહટ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની વફાદારી તથા મહોબ્બતથી મળશે.

*નબી કી મહ્બ્બત બળી ચીઝ હૈ–ખુદા દે યહ દૌલત બળી ચીઝ હૈ*
*અઝ મહ્બ્બત મુર્દા ઝિંદા મી શવદ–અઝ મહ્બ્બત શાહ બંદા મી શવદ*
*નારકો ગુલઝાર કર દેતા હૈ ઈશ્ક્–દારકો દિલદાર કર દેતા હૈ ઈશ્ક્*

**તેરે અબ્રુ કે તસ્દુક પ્યારે–બંદે કર્રે હૈં ગિરફ્તારોં કે**

*(અબ્રુ = ભવાં. તસદુક્ = કુર્બાન જાઉં. કર્રે = સખ્ત, તંગ.)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! علیہ الصلوٰۃ والسلام અમે બલામાં ગિરફતાર છીએ અને બંધનો પણ ખૂબ જ મજબૂતીથી બંધાયેલ છે. તમારાં ભવાં મુબારકનો ઈશારો ફર્માવો જેથી આ મુસીબતો તથા દુઃખોની સર્વ હાથકડીઓ તથા બેડીઓ તૂટી જાય અને આપના ગુનેહગાર ગુલામ દરેક પ્રકારના ગમોથી આઝાદ થઈ જાય અને નફસ તથા શૈતાનની ફલાવેલી જાળોથી બચીને આપની સીરતના છાંયડામાં આવી જઈએ, કેમ કે દુનિયા તથા આખેરતની સર્વ કામયાબીઓ તો આપની જ પયરવીમાં છે.

*વો જો સદીયોંસે જહાલત કે અંધેરોંમેં ભટકતે થે–ઉન્હેં સરકારને તહઝીબમેં મુમતાઝ ફર્માયા (صلی اللہ علیہ وسلم)*

**જાનો દિલ તેરે કદમ પર વારે–કયા નસીબે હૈં તેરે યારોં કે**

**અર્થાત :** હે મારા આકા ! علیہ الصلوٰۃ والسلام આપના યારો (સહાબાએ કિરામ, ખાસ કરીને ખુલફાએ રાશિદી)નાં શું સારાં નસીબ હતાં કે જેઓ આપના પર જાનો દિલ કુર્બાન કરતા રહ્યા.

**સિદ્દીક્ વ અદ્લ, કરમ વ હિંમતમેં–ચાર સૂ શોહરે હૈં ઉન યારોં કે**

**અર્થાત :** સિદ્દીકે અકબર رضی اللہ عنہની સદાકતના, ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની અદાલતના ઉષ્માને ગની رضی اللہ عنہની સખાવતના, અને હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہની બહાદુરીના ડંકા ચો તરફ વાગી રહ્યા છે.

એટલો અવકાશ નથી કે ચારેવ ખુલફાએ રાશિદીનના ફઝાઈલ વર્ણવવામાં આવે. મુઝફફર વારષીની નઝમમાં હદિયાએ અકીદત ખુલફાએ રાશિદીનની બારગાહમાં ક્રમસર રજૂ કરવાની સઆદત હાંસલ કરીને સંતોષ માનું છું. (આ પવિત્ર હસ્તીઓના વિગતવાર ફઝાઈલ જાણવા માટે અમારી કિતાબ "ફઝાઈલે ખુલફાએ રાશિદીન" رضوان اللہ تعالیٰ علیہم اجمعینનો અભ્યાસ કરશો. *અનુવાદક)*

*મર્કઝે ઈલ્મ હોં ક્યૂંકર ન જનાબે સિદ્દીક્–ઈક ઈક લફઝ મુહમ્મદકા નિસાબે સિદ્દીક્*
*જિસ કે લહઝેમેં સુની હમને ખુદાકી આવાઝ–ઉસને બૂબકર કો બખ્શા ખિતાબે સિદ્દીક્*
*બેઝબાં હો ગઈ તારીખ ક્યામત તકકી–ન જવાબે શહે બત્હા, ન જવાબે સિદ્દીક્*

(رضی اللہ عنہ)

*પ બ્ઝી નમાઝ દિલેરીસે તૂને કા'બામેં–લગાઈ હક્ક઼કી સદા કુફ઼કે એહાતા મેં*
*હર ઈક જંગમેં તૂ મુસ્તફ઼ા કે સાથ રહા–હમેશાં તેગ઼ક઼ે દસ્તે પે તેરા હાથ રહા*
*નબી કે બાદ ભી કોઈ નબી અગર હોતા–બ ક઼ૌલે ખત્મે રુસુલ તૂ હી એ ઉમર ! હોતા*
*(رضی اللہ عنہ)*

*નાઈબે કુદરતે નૂરે અયન ઉષ્માને ગની–જામિઉલ કુર્આન ઝુન્નૂરૈન ઉષ્માને ગની*
*તેરા તક઼વા આસ્માને સબ્રકો છૂતા હુવા–તેરી ફ઼ૈયાઝી બહુત બેચૈન ઉષ્માને ગની*
*કુર્બતે પયગંબરે આ'લીથી સરમાયા તેરા–તાજ હૈ મેરા તેરે નાલૈન ઉષ્માને ગની*
*(رضی اللہ عنہ)*

*માં કે હૈદર બાપ કે ઝયદ ઔર મુહમ્મદ કે અલી–તેરી હસ્તી ખામાએ કુદરતકા શાહકારે જલી*
*મૈં બતાઉં ખાનએ કા'બામેં ક્યું પૈદા હુવા –બતને માદરમેં હી તૂ તૌહીદકા શયદા હુવા*
*તેરી ચોખટ પર ઝમાનેભરકે અન્દાતા ગિરેં–તૂ હૈ વો ગહરા સમંદર જિસમેં સબ દરયા ગિરેં*
*(رضی اللہ عنہ)*

### બહરે તસ્લીમ અલી મયદાંમેં–સર ઝુકે રહતે હૈં તલ્વારોં કે

*(બહરે તસ્લીમ = સલામતી માટે, હુકમ માનવા માટે)*

**અર્થાત :** (પછી ખાસ કરીને હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہની શુજાઅત (બહાદુરી)નો ઉલ્લેખ કર્યો) તે અલીયે મુર્તઝા શેરે ખુદા رضی اللہ عنہ જો મેદાનમાં ઉતરતા તો દુશ્મનની તલ્વારો સરનગું થઈને (નીચી નમીને) અલીયે મુર્તઝા رضی اللہ عنہને સલામ પેશ કરતી અને ખુદા વ મુસ્તફ઼ા વ શેરે ખુદાના દુશ્મનોને આપ (رضی اللہ عنہ)ને સુપરત કરી દેતી.

આપ મેદાનમાં જતા તો બીજા હાથમાં ઢાલ લેવાને બદલે બંનેવ હાથમાં તલ્વારો લઈને જતા અને ફ઼ર્માવતા કે મૌતનો સમય તો નિશ્ચિત છે પછી કેમ ન વધુ ને વધુ કાફિરોને જહન્નમ રશીદ કરું ?! ડો. ઈક઼બાલ કહે છે :

*તેરી ખાકમેં હૈ અગર શરર તો ગુમાને ફ઼ક઼્રો ગના ન કર–કે જહાંમેં નાન શઈર પર હૈ મદારે કુવ્વતે હૈદરી*

### કૈસે આક઼ાઓંકા બંદા હૂં 'રઝા'–બોલ બાલે મેરી સરકારોં કે

**અર્થાત :** હે (ગદાએ દરે ખૈરુલ વરા ! પ્યારા) અહમદ રઝા ! તું (તથા તારા ગુલામ) કેટલા ખુશનસીબ છે કે અલ્લાહ તઆલાએ આપણને કેવા શાનવાળા આક઼ા અતા કર્યા છે ! અલ્લાહ તઆલા તેમના મર્તબા તથા દરજાઓમાં અધિક બુલંદીઓ તથા તરક્કીઓ અતા કરે. આમીન.

*બિહુર્મતિ તાહા વ યાસીન સૈયદુલ અંબિયા વલ્મુરસલીન વ ﷺ.*

## (નઅત શરીફ઼ : ૮૪)

**લહ઼દ મેં ઈશ્કે઼ રુખે શહકા દાગ લેકે ચલે**
**અંધેરી રાત સુની થી ચિરાગ લે કે ચલે**

*(લહ઼દ = ક઼બર)*

**અર્થાત :** અમે તો અમારી ક઼બ્રમાં રોશનીની વ્યવસ્થા કરીને જઈ રહ્યા છીએ, કેમ કે સાંભળ્યું છે કે ક઼બ્રમાં સખત અંધારું હશે. તો મુબારક હજો હે આશિક઼ાને મુસ્તફ઼ા ! ﷺ, અલ્લાહના મહબૂબ ﷺના રુખે વદુહાના ઈશ્ક઼નું નિશાન જ અંધારી ક઼બ્રના માટે નૂરનો ચિરાગ છે.

**તેરે ગુલામોંકા નક઼્શે ક઼દમ હૈ રાહે ખુદા**
**વહ ક્યા બહક સકે જો યે સુરાગ લે કે ચલે**

*(સુરાગ = ખોજ, તલાશ)*

**અર્થાત :** હે પ્યારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام આપના વફ઼ાદાર તથા આજ્ઞાંકિત (સહાબાએ કિરામ, અવલિયાએ કિરામ) જે રસ્તે ચાલે છે તેમના ક઼દમોનાં નિશાનો જ ખુદાનો માર્ગ (સિરાતે મુસ્તક઼ીમ) છે. જેમની પાસે તેમની ગુલામી તથા અનુસરણનો સુરાગ (તેમના ક઼દમોનાં નિશાન) હોય તે કેવી રીતે ભટકી શકે છે ?!

**જિનાં બનેગી મુહિ઼બ્બાને ચાર યાર કી ક઼બ્ર**
**જો અપને સીનેમેં યહ ચાર બાગ લે કે ચલે**

*(જિના = જન્નત, મુહિબ્બાન = મહોબ્બત કરનારાઓ. ચાર યાર = ચારેવ ખલીફ઼ાઓ)*

**અર્થાત :** એ જ ખુશનસીબોની ક઼બ્ર જન્નતનો બાગ બનશે જેમના સીનામાં ચારેવ ખલીફ઼ા (અબૂબક્ર, ઉમર, ઉષ્માન, અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین)ની મહોબ્બત હશે.

હદીષ શરીફ઼માં છે : القبر روضة من رياض او حفرة من حفر النار *(તિર્મિઝીએ રિવાયત કરી, મિશ્કાત, ૩/૪૮૫)* ક઼બ્ર ક્યાં તો જન્નતના બાગોમાંથી એક બાગ બનશે (મોમિનની) અથવા દોઝખના ખાડાઓમાંથી એક ખાડો બનશે (કાફિરની).

**ગએ ઝિયારતે દરકી સદ આહ વાપસ આએ**
**નઝર કે અશ્ક પિછે દિલકા દાગ લે કે ચલે**

*(અશ્ક = આંસુ)*

**અર્થાત :** સેંકડો અફસોસ કે અમે મદીના શરીફ઼ની ઝિયારતના માટે હાજર થયા પણ જલ્દી જ પરત થઈ ગયા અને વધુ સમય ન રહી શક્યા. ધીમે ધીમે આંખોનાં આંસુ તો ખત્મ થઈ ગયાં પણ દિલ પર જુદાઈ સદમાનો દાગ હવે ક઼બ્રમાં સાથે જ જશે અને એ જ દાગ ક઼બ્રનો ચિરાગ બનશે.

**મદીના જાને જિનાન વ જહાં હૈ વો સુન લેં**
**જિન્હેં જુનૂને જિનાં સૂએ ઝાગ લે કે ચલે**

*(જાને જિનાં = જન્નતની જાન, જુનૂન = પાગલપન. સૂએ ઝાગ = કાગડાની તરફ)*

**અર્થાત :** કાગડો ખાવાના શોખિનો ધ્યાનથી સાંભળી લે કે મદીના સર્વ જન્નતોની જાન પણ છે અને જાને જહાન પણ છે. "ફતાવા રશીદિયહ"માં દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ કાગડો ખાવો ન કેવળ જાઈઝ બલ્કે સવાબ લખ્યું છે ! *(૨/૧૩૦)*

**તેરે સિહાબ સુખન સે ન નમ કે નમ સે ભી કમ**
**બલીગ઼ બહરે બલાગ઼ત બલાગ લે કે ચલે**

*(સિહાબ = વાદળ. સુખન = વાત. નમ = તરી. બલીગ = સારી તથા ઉમદા વાણીવાળો, બલાગત = ઉમદા વાણી)*

**અર્થાત :** દુનિયાભરના ફસીહ તથા બલીગ, ખુશ સ્પિચવાળા તથા મીઠી વાણીવાળા, હે મારા પ્યારા નબી ! ﷺ આપના જ કલામ (વાણી)ના વાદળથી જરા સરખી તરી લઈને પોતાની બલાગ઼ત (મધૂર વાણીની વાક છટા)નો સિક્કો જમાવેલો છે.

અથવા મતલબ એ છે કે હે વિરોધી ! તારા કલામના વાદળમાં તો તરી તથા મીઠાશ તદ્દન જ નથી, અહીં તો મહાનથી મહાન ઉમદા વાણીવાળા પોતાના સર્વ કમાલો સાથે દફન થઈ ગયા પણ કુર્આને પાકની એક સૂરત પણ બનાવીને ન લાવી શકયા. ન કુર્આનનો કોઈ જવાબ છે ન સાહિબે કુર્આનની કોઈ જોડ છે. તેનું કારણ કદાચ આ પણ છે કે :

*મદહે કૂએ મુસ્તફા મહમૂદ હૈ ખુદ કિબ્રિયા–નઅતકા મજમૂઆએ અવ્વલ હુઈ ઉમ્મુલ કિતાબ*
*(રાજા રશીદ મહમૂદ)*

*તેરા સરાપા યા નબી ! તફસીર હૈ કુર્આન કી–વલ્લૈલ મૂ, તાહા જબીં, વશ્શમ્સ હૈ ચેહરા તેરા*
*(અબ્દુસ્સત્તાર નિયાઝી)*

**હુઝૂર તયબહસે ભી કોઈ કામ બળ્હકર હૈ**
**કે ઝૂટે હીલા વ મકર વ ફરાગ લે કે ચલે**

**અર્થાત :** અઝમતે રિસાલતની અઝમતના મુન્કિરોની મૂર્ખામીનો અંદાઝો આના પરથી લગાડી લો કે ભલા મદીનાની હાજરીથી વધીને કોઈ અન્ય મહાન કામ હોય શકે છે ?! પણ એ લોકો હીલા બહાનાં કરીને ત્યાં જવાને બદલે આરામ કરવો પસંદ કરે છે. અને અન્ય લોકોને પણ એવું કહીને તયબહની હાજરીથી રોકે છે કે હદીષમાં છે કે, "ત્રણ મસ્જિદો સિવાય કોઈ જગાએ સફર કરવા માટે કાઠલા ન બાંધવામાં આવે." અને એ કે રોઝએ પાકની નિય્યત કરીને ન જાવ પણ મસ્જિદે નબવીની નિય્યત કરીને જાવ. વગેરે વગેરે. જ્યારે કે આપણો અક઼ીદો એ છે કે મદીના ન જોયું તો કાંઈ પણ નથી જોયું, કેમ કે મદીનામાં આપણા આક઼ા છે જેમની શાન આ મુજબ છે :

*તફસીર હૈ કુર્આન કી ઉન્વાન મુહમ્મદ કા–ઈર્શાદે ખુદાવંદી ફર્માન મુહમ્મદ કા ﷺ*
*જિસ્મ અહદકા ન સાયા અહમદકા–નજદી ભલા કયા સમઝે ઉન્વાન મુહમ્મદ ﷺ*
*મસ્તોંકો હુવા હાસિલ મસ્તોંને હી સમઝા હૈ–ફૈઝાન મુહમ્મદ કા ઈર્ફાન મુહમ્મદ કા ﷺ*

*જિસકો હૈ નઝર આયા બેસાખ્તા બોલ ઉઠા–દેખો રુખે ઝયબા હૈ કુર્આન મુહમ્મદ કા*
*ઈસ દિલકી હક઼ીક઼તકો બસ અહલે નઝર જાને–જિસ દિલમેં લગા આકર પયકાન મુહમ્મદ ﷺ*

**તુમ્હારે વસ્ફે જમાલ વ કમાલમેં જિબ્રીલ**
**મુહાલ હૈ કે મજાલ વ મસાગ઼ લે કે ચલે**

*(વસ્ફ = તારીફ. મુહાલ = અશક્ય. મજાલ = શક્તિ. મસાગ઼ = વિના સંકોચ તેજી સાથે ચાલવું કે ચાલવાની જગા)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપના કમાલો તથા ખૂબીઓ તો ખત્મ થનાર નથી. જિબ્રઈલ علیہ السلام પણ જો પોતાની નૂરી ઝબાન વડે બયાન કરવા ચાહે તો સંપૂર્ણપણે વર્ણન ન કરી શકશે, બલ્કે નિઃસંકોચપણે રવાની સાથે આપની તારીફ બોલવાની મજાલ પણ ન થશે.

**ગિલા નહીં હૈ મુરીદે રશીદ શયતાં સે**
**કે ઉસકે વુસ્અતે ઈલ્મીકા લાગ લે કે ચલે**

*(ગિલા = ફરિયાદ. મુરીદે રશીદ = રશીદ ગંગોહી દેવબંદી મુરાદ છે. વુસ્અતે ઈલ્મી = ઈલ્મી વિશાળતા = મશહૂર ગંદા અકીદા કે "હુઝૂર ﷺથી શૈતાનનો ઈલ્મ વધારે"ની તરફ નિર્દેશ છે. લાગ = ખુશ તબઈ, હંસી)*

**અર્થાત :** અમને કોઈ ફરિયાદ નથી જો શૈતાનનો ખાસ મુરીદ તથા પ્રિય શાગિર્દ હુઝૂર ﷺના ઈલ્મ મુબારકને ઓછો અને શૈતાનના ઈલ્મને અધિક કરાવીને એક ફુઝૂલ તથા બેહૂદા વાત કરે છે.

બરાહીને ક઼ાતિઆ જે અસલમાં રશીદ ગંગોહીના ફાસિદ ખયાલો છે જે તેણે પોતાના ખાસ શાગિર્દ ખલીલ અંબેઠવીના નામથી પ્રસિધ્ધ કરાવ્યા. જેમાં સ્પષ્ટ લખ્યું છે કે, "શૈતાનની ઈલ્મી વિશાળતા તો નસ (આયાત)થી સાબિત છે, જ્યારે કે હુઝૂર ﷺની ઈલ્મી વિશાળતાના માટે કોઈ નસ નથી, જેથી આપની ઈલ્મી વિશાળતા માનવું શિર્ક સાબિત કરે છે." *(બિરાહીને ક઼ાતિઆ, પેજ–૫૧)*

- ❐ وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ "અને તમને શીખવાડી આપ્યું જે કાંઈ તમે ન જાણતા હતા." *(સૂ. નિસાઅ્, ૪/૧૧૩)*
- ❐ عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖٓ اَحَدًا ۝ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ "ગૈબનો જાણનાર તો પોતાના ગૈબ પર કોઈને માહિતગાર નથી કરતો. સિવાય પોતાના પસંદીદા રસૂલોના." *(સૂ. જિન, ૭૨/૨૬, ૨૭)*
- ❐ وَمَا هُوَ عَلَى الْغَيْبِ بِضَنِيْنٍ ۝ "અને આ નબી ગૈબ બતાવવામાં બખીલ નથી." *(સૂ. તકવીર, ૮૧/૨૪)*

આ શું છે ? કુર્આની નસો (આયતો) નથી ? ખુદા જાણે એમને આ નસો નથી દેખાતી, કે પછી રસૂલની ગુસ્તાખીના કારણે તેમની પોતાની નસો બંધ થઈ ચૂકી છે !

**હરેક અપને બળેકી બળાઈ કરતા હૈ**
**હરેક મુગ઼યા મુગ઼કા અયાગ઼ લે કે ચલે**

*(મુગ઼યા મુગ઼ = અગ્નિપૂજકનો પુત્ર. અયાગ઼ = શરાબ પીવાનો પ્યાલો)*

**અર્થાત :** છેવટે એવું કેમ ન થાય કે દરેક પોતાના મોટેરાની પ્રશંસા કરે છે. જે અગ્નિપૂજકનો પુત્ર હશે તે પોતાના બાપના નક઼શે ક઼દમ પર જ ચાલશે અને શરાબ પીવા પ્યાલો લઈને પોતાના બાપની જેમ શરાબખાનામાં

જ જશે. તો જો આ ગુસ્તાખોએ શૈતાનની ઈલ્મી વિશાળતા મહબૂબે ખુદા કરતાં અધિક સાબિત કરી દીધી છે તો એમાં કોઈ આશ્ચર્યની વાત નથી, એમનાથી એ જ અપેક્ષા હતી.

આ'લા હઝરત رحمۃ اللہ علیہના આ શેઅરોને જો કોઈ સખ્તીવાળા બતાવે છે તો જો તે પૂર્વગ્રહી નથી તો તેણે એકવાર એ લોકોના તે અક઼ીદા જેના લીધે આ'લા હઝરતે એમની પકડ કરી છે તેને જરૂર વાંચવુ જોઈએ. પછી જો ઈમાનનો એક અદના દરજો પણ મૌજૂદ હશે તો એવું કહેવા મજબૂર થશે કે જ્યારે એ જાલિમોએ અલ્લાહના મહબૂબને માફ નથી કર્યા તો આ'લા હઝરત જેવા આશિકે રસૂલ એ ગુસ્તાખોને કેવી રીતે માફ કરી આપે ?! અને અબૂ જહલથી મોટો બેઈમાન છે તે શખ્સ જેને ગુસ્તાખીઓના છતાં એ ગુસ્તાખોનો લેહાઝ તો છે પણ મહબૂબે ખુદા ﷺની અઝમત તથા નામૂસનો કોઈ લેહાઝ નથી કરતો. એ જ કારણે જેમણે ઈન્સાફથી વિચાર્યુ તે એ તબક઼ામાં સામેલ હોવા છતાં એ લખવા તથા કહેવા પર મજબૂર થઈ ગયા કે, ''મૈં દર્સે બુખારી મૌલાના મુહમ્મદ ઈદરીસ કાંધલવીથી લીધો છે. મૌલાના કહ્યા કરતા, મૌલાના અહમદ રઝાની બખ્શિશ તો આ જ (દેવબંદી ઉલમા વિરુધ્ધ) ફત્વાઓના સબબે થઈ જશે. અલ્લાહ તઆલા ફર્માવશે, અહમદ રઝાખાં ! તમને અમારા મહબૂબથી એટલી મહોબ્બત હતી કે આટલા મોટા આલિમોને પણ તમે માફ ન કર્યા, તમે સમજ્યું કે તેમણે રિસાલતની તૌહીન કરી છે તો એમના પર પણ કુફ્રનો ફત્વો લગાડી દેવામાં આવે. આ જ એક અમલ પર અમે તમારા બખ્શિશ કરી આપી.'' લગભગ આ જ પ્રકારનો એક અન્ય બનાવ મૌલાના મુફતી મુહમ્મદ શફીએ દેવબંદીથી પણ સાંભળ્યો. કહ્યું કે મૌલાના અહમદ રઝાખાન સાહબની વફાત થઈ તો મૌલાના અશરફ અલી થાનવીને કોઈએ આવીને ખબર કરી. મૌલાના થાનવીએ એકદમ દુઆના માટે હાથ ઉઠાવી દીધા. મજલિસમાં હાજરજનોમાંથી કોઈએ પૂછયું કે તે તો જીવનભર તમને કાફિર કહેતા રહ્યા અને તમે તેમના માટે મગફિરતની દુઆ કરો છો ?! કહ્યું (અને એ જ વાત સમજવાની છે) કે મૌલાના અહમદ રઝાએ અમારા પર કુફ્રના ફત્વા એટલા માટે લગાડયા કે તેમને યક઼ીન હતું કે અમે રિસાલતની તૌહીન કરી છે, જો તે યક઼ીન રાખવા છતાં પણ અમારા પર કુફ્રનો ફત્વો ન લગાડતા તો ખુદ કાફિર થઈ જતા.

''હક઼ીક઼તમાં જેને લોકો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની સખ્તી ઠરાવે છે તે બારગાહે રિસાલતમાં તેમની અદબ તથા સાવધાનીની રવિશનું પરિણામ છે.'' *(એક હમા જેહત શખ્સિયત–કૌષર નિયાઝી)*

**મગર ખુદાપે જો ધબ્બા દરોગકા થોપા**
**યહ કિસ લઈન કી ગુલામીકા દાગ લે કે ચલે**

*(દરોગ = જૂઠ)*

**અર્થાત :** કેવા લોકો છે અને કોના ઈશારા પર નાચી રહ્યા છે અને કેટલા પ્રમાણમાં હિંમત છે કે પોતાના ખુદા પર પણ જૂઠનો દાગ લગાડી દીધો ! અને મોમિન પણ એવા બની બેઠા કે તેમના સિવાય સર્વ કાફિર ! અને હે ખુદાને (નઊઝુબિલ્લાહ !) જૂઠો કહેનારા પાકા મોમિન ! આ કયા લઅનતીની ગુલામીએ તમને ધોકો આપી રાખ્યો છે અને તેની ગુલામીનો દાગ લઈને ચાલી રહ્યા છો કે ડોકી ફેરવીને પાછળ જોવા માટે તથા પોતાના કરેલા પર ફેર દષ્ટિ કરવા માટે તૈયાર જ નથી !

وَمَنْ یُّشَاقِقِ الرَّسُوْلَ مِنْۢ بَعْدِ مَا تَبَیَّنَ لَهُ الْهُدٰى وَ یَتَّبِعْ غَیْرَ سَبِیْلِ الْمُؤْمِنِیْنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَ نُصْلِهٖ جَهَنَّمَ ؕ وَ سَآءَتْ مَصِیْرًا

"અને જે રસૂલની વિરુદ્ધ કરે એના પછી કે હક્ક રસ્તો એના પર ખુલી ચૂક્યો અને મુસલમાનોના માર્ગેથી જુદા માર્ગે ચાલે, અમે તેને તેના હાલ પર છોડી દઈશું. અને તેને દોઝખમાં દાખલ કરીશું. અને કેટલી બુરી જગા પલટવાની છે." *(સૂરએ નિસાઅ, ૪/૧૧૫, કન્ઝુલ ઈમાન)*

દેવબંદી મોલ્વીઓનો અકીદો છે કે ખુદા જૂઠુ બોલી શકે છે.

*(ફતાવા રશીદિયા, ૧/૧૦,૧૯, બવાદિરુન્નવાદિર : અશરફ અલી થાનવી, ૧/૩૧૦, અઝ : આશિક ઈલાહી મેરઠી)*

જ્યારે કે મુફસ્સિરો તથા ફકીહો તથા સૂફીઓએ આ અકીદાની રદ કરી. *(જુઓ તન્વીરુલ અબ્સાર, ફતાવા આલમગીરી, ૨/૨૫૮, શરહે ફિકહે અકબર, મુકતૂબાત શરીફ ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની, ૩૧૪ મકતૂબ, પેજ–૨૬૬, ભાગ–૧, તફસીરે કબીર, ૫/૧૭૯, ૪/૧૩૮, તફસીરે બયઝાવી, પેજ–૧૫૦, તફસીરે ખાઝિન, પેજ–૪૨૧, તફસીરે સિરાજે મુનીર, ૧/૭૩)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ લોકો ખુદાને પણ જૂઠો કહેનારને પોતાનો બુઝુર્ગ તથા પેશવા બનાવી રહ્યા છે. *જો અલ્લાહ કો ઝૂટા માને–સાલેહ ઉસકો ગિનાતે યહ હૈ*

**વકૂએ કિઝ્બ કે મઅના દુરુસ્ત ઔર કુદૂસ**
**હયએ કી ફૂટે અજબ સબ્ઝ બાગ લે કે ચલે**

*(વકૂએ કિઝ્બ = જૂઠનુ શક્ય થવું. કુદૂસ = ઘણો પાક, અલ્લાહ પાકનું નામ, હયએ = દિલનો આંધળો, બેવકૂફ)*

**અર્થાત :** કેમ કે શક્યનું થવું ન થવું બરાબર હોય છે, એટલા માટે ઈમ્કાને કિઝ્બનો અર્થ વકૂએ કિઝ્બ (જૂઠ શક્ય થવું) ઠર્યો, પરંતું આવુ કહેતી વખતે અલ્લાહની શાનની કદર તથા મશિય્યતની તરફ કોઈ ખયાલ ન કર્યો કે એનાથી શું શું ખરાબી લાઝિમ આવશે. આ અક્કલના આંધળાઓની જાહેરી આંખ પણ ફૂટી ગઈ. એઓ કેવા પ્રકારનો લીલો બાગ લઈને જઈ રહ્યા છે અને લોકોને ગુસ્તાખ બનાવી રહ્યા છે.

કેમ કે એ લોકોએ અલ્લાહની ઝાતના માટે શક્યુ હોવું માન્યુ છે. (કલમી ફત્વો અઝ ગંગોહીની ફોટો કોપી "દેવબંદી મઝહબ" નામની કિતાબ, અઝ : મૌલાના ગુલામ મહર અલી رحمۃ اللہ علیہ ફાઝિલે દારુલ ઉલૂમ હિઝબુલ અહનાફમાં વાંચશો) એના પર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :

*ફિલ્ફેઅલ ઉનકા ખુદા અયબી હૈં–ફિર ઈમ્કાન તો ગાતે યહ હૈં*

**જહાંમેં કોઈ ભી કાફિર સા કાફિર ઐસા હૈ**
**કે અપને રબપે સફાહત કા દાગ લે કે ચલે**

*(સફાહત = કમઅકલી, બે અકલી)*

**અર્થાત :** આ દુનિયામાં મહાન મહાન કાફિરો થઈ ગયા પણ કોઈએ કોઈ એવો કાફિર ન જોયો ન સાંભળ્યો કે જેણે પોતાના રબ પર જ કમ અકલીનો ધબ્બો લગાડી દીધો હોય અથવા તો પછી તેમનો ખુદા કોઈ અન્ય હશે અથવા ખુદાની અઝમત તથા શાનને જાણી નથી શકયા.

આ'લા હઝરતે અલ ઈસ્તિમદાદમાં એના પર અધિક શેઅરો ઈર્શાદ ફર્માવ્યા :

*કિઝ્બે ઈલાહી મુન્કિર કહકર–દીનો યકીન સબ ઢાતે યહ હૈં*

*કિઝ્બકા કયા ગમ હાં કોઈ કાઝિબ–સમઝે ઈસે ડરાતે યહ હૈં*
*ઉનકો ભલા બહલાકે હો ઝૂટા–ઉસકા પાસ દિલાતે યહ હૈં*

એની શરહમાં સૈયદના મુફતીએ આઝમ قدس سرہ એ લખ્યું કે, ઈસ્માઈલ દહેલ્વીની યકરોઝી પેજ–૧૪૫માં છે : "અમે નથી માનતા કે અલ્લાહનું જૂઠ બોલવું મુહાલ (અશક્ય) છે." બરાહીને કાતિઆ : અઝ : ગંગોહી, તબઅ દોમ, પેજ–૨માં છે : "ઈમ્કાને કિઝબ (જૂઠ બોલવું શક્ય હોવા)નો મસ્અલો હાલ નવો કોઈએ નથી કાઢયો, પૂર્વજોમાં મતભેદ છે." મુસલમાનો ! જ્યારે અલ્લાહનું જ જૂઠો હોવું શક્ય થયું (દેવબંદી અકીદા મુજબ) તો પછી તેની કઈ વાતનો એતબાર રહ્યો. દીન ઈમાન સૌ હાથથી ગયું.

હુઝૂર મુફતીએ આ'ઝમ قُدِّسَ سِرُّہُ الْعَزِیْز એ ફર્માવ્યું કે ઈમામુલ વહાબિયહ (ઈસ્માઈલ દહેલ્વીએ) યકરોઝી, પેજ–૧૪૫ માં મઆઝલ્લાહ ! મૌલા ﷻના જૂઠની શકયતા પર બે દલીલો આપી, એક મોઅતઝલી ગુમરાહોથી શીખીને કે જૂઠ ન બોલવાને અલ્લાહના કમાલોમાંથી ગણે છે, એનાથી એની પ્રશંસા કરે છે. અને કમાલની સિફત (ખૂબી) એ જ છે કે જૂઠ પર શક્તિમાન હોવા છતાં મસ્લેહતના લેહાઝથી તેની ખરાબીથી બચવા માટે છોડે. જૂઠનો અયબ ન હોવા અને સચ્ચાઈના કમાલવાળા હોવાની ખૂબી સાથે એવા જ માણસની પ્રશંસા કરવામાં આવશે, ન તેની જેમાં એ અયબ આવી જ ન શકે.

**હું કહું છું :** આ ખબાષત (ગંદકી)ની વિસ્તારપૂર્વકની રદ સુબ્હાનુસ્સુબ્બૂહ તન્ઝીહે સોમમાં છે, અહીં આ નંબરોમાં આ દલીલે ઝલીલ પર ૨૩ ખામીઓ છે, કે જુઓ કુર્આને અઝીમે આ આ વાતોની નફીથી અલ્લાહ તઆલાની હમ્દ કરી તો તારી તકરીર (બયાન)થી તારી નજીક આ સર્વ વાતો અલ્લાહ ﷻના માટે મઆઝલ્લાહ ! શક્ય બની. જો એમાં શું શું ખરાબીઓ છે ?! મૃત્યુ પણ (શક્ય) છે તો તેં ખુદાઈ પણ ખોઈ ! કે જેનું મોત શક્ય હોય તે ખુદા નથી થઈ શક્તો. દરેક બાબતના અનુસંધાનમાં તેની આયત.

**ફાયદો :** ઈમામુલ્ વહાબિયાની બીજી દલીલ એ હતી કે મોટાભાગના લોકો જૂઠુ બોલે છે, ખુદા ન બોલી શકે તો માણસની કુદરત ખુદાની કુદરતથી વધી જાય. આ અઢાર અયબો આ મલ્ઊન ધોકા પર છે. જાહેર છે કે માણસ અથવા જાનવર આ કામો પર શક્તિમાન છે તો એનો મઅ્બૂદ આ સૌ વાતો કરી શકશે, નહીં તો ઈન્સાની કુદરતથી બલ્કે હૈવાની કુદરતથી ઘટી જશે !

**પળી હૈ અંધેકો આદત કે શોરબે હી સે ખાએ**
**બેળ હાથ ન આઈ તો ઝાગ લે કે ચલે**

*(બેળ = એક નાનુ પક્ષી જેનો ગોશ્ત ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. ઝાગ = કાગડો)*

**અર્થાત :** તે આંધળા નજદી (ગંગોહી જે આંધળો થઈ ગયો હતો)ને શોરબાથી ખાવાની ટેવ પડી ગઈ છે એટલા માટે તો જ્યારે બટેર (તેતર જેવુ પક્ષી)નો શોરવો ન મળી શકયો તો કાગડાના હલાલ હોવાનો ફત્વો આપી દીધો જેથી તેનો રોટી શોરવો (રસો) ચાલતો રહે. (જ્યારે દાંત પણ પડી ગયા તો મુરીદોમાંથી કોઈએ કહ્યું કે નવા લગાડી લઈએ છીએ. તો ફર્માવ્યું, છોડો ! શું થશે દાંત લગાડીને ! પાછી બોટીઓ ચાવવી પડશે. હવે તો દાંત ન હોવાના લીધે લોકોને દયા આવે છે અને નરમ નરમ હલ્વો ખાવા મળે છે ! *(ઈફાદાતે યૌમિયહ, ૨/૩૩)* કાગડો એમનો કેટલો પ્રિય ખોરાક છે એના વિશે વિસ્તારપૂર્વક જાણવું હોય તો દૈનિક પત્ર "નવાએ વકત–લાહોર

૧૭–૮–૧૯૭૬ જુઓ અને દૈનિક પત્ર મશ્રિક઼ તા. ૨૮–૮–૧૯૭૬ જુઓ, કે તેમણે કેવી કેવી રીતે પાકિસ્તાન દેશના વિવિધ વિસ્તારોમાં કૌવાખોરીના જશ્ન મનાવ્યા. اذا کان الغراب دلیل قوم-سیھدیھم طریق الھالکین.

**ખબીષ બહરે ખબીષા, ખબીષા બહરે ખબીષ**
**કે સાથ જિન્સકો બાઝ વ કલાગ લે કે ચલે**

*(ખબીષ = નાપાક પુરૂષ. ખબીષા = નાપાક સ્ત્રી. જિન્સ = જાતી. કલાગ = જંગલી કાગડો)*

**અર્થાત :** કુર્આને પાકમાં આ ફૅંસલો મૌજૂદ છે : اَلْخَبِیْثٰتُ لِلْخَبِیْثِیْنَ وَ الْخَبِیْثُوْنَ لِلْخَبِیْثٰتِ "નાપાક સ્ત્રીઓ નાપાક પુરૂષો માટે અને નાપાક પુરૂષો નાપાક સ્ત્રીઓ માટે." *(સૂ. નૂર, ૨૪/૨૬)* કેમ કે જાતી પોતાની જાતી તરફ જ વળે છે. એટલા માટે તેમણે જંગલી કાગડા અને પ્રખ્યાત કાગડાનું બહાનું બનાવી લીધુ. અને આ રીતે હરામ ખાઈ ખાઈને એવા હરામી થઈ ગયા કે હવે તેમને હલાલ ચીજ પણ હરામ દેખાય છે, અને જે હલાલ છે તે એ જ હરામ ખોરાકને હલાલ કરવાવાળા ફતાવાએ ગિઝાઈયા (ખોરાક વિશે ફતાવા)ના સબબ હલાલ કહી રહ્યા છે. કેમ કે ખોરાકની સ્વભાવ પર જરૂર અસર થાય છે. જેમ કે ઈમામ હુસૈન رضی اللہ عنہના ઈસાલે સવાબની સબીલનું પાણી હરામ થઈ ગયું અને હિંદુઓની હોળી દીવાળીની પુરીઓ ખાવી હલાલ થઈ ગઈ ! (જુઓ દેવબંદીઓના ફત્વા)

**જો દીન કૌવોંકો દે બૈઠે ઉનકો યકસાં હૈ**
**કલાગ઼ લે કે ચલે યા ઉલાગ઼ લે કે ચલે**

*(કલાગ઼ = જંગલી કાગડો. ઉલાગ઼ = ગધેડો)*

**અર્થાત :** જે લોકો પોતાના દીન તથા ઈમાન કાગડાઓને સોંપી ચૂક્યા છે તેમના માટે બરાબર છે તેઓ કાગડો લઈને ચાલે કે ગધેડાઓના સાથી બની જાય. اِذَا فَاتَکَ الحَیَاءُ فَافْعَل مَا شِئْتَ બે હયા બાશ હરચે ખ્વાહી કુન, એટલે કે બેશરમ બની જાવ પછી જેવું ચાહે કરી લો !

**'રઝા' કિસી સગે તયબહકે પાંવ ભી ચૂમે**
**તુમ ઔર આહ ઈતના દિમાગ લે કે ચલે**

**અર્થાત :** હે (ગદાએ દરે ખયરુલ વરા ! આશિક઼ે મુસ્તફ઼ા) અહમદ રઝા ! તું વાતો તો ઈશ્કે મુસ્તફ઼ા ﷺની ખૂબ કરે છે, જરા એ તો બતાવ કે મદીનાના કોઈ કૂતરાના તેં પગો પણ ચૂમ્યા છે કે નહીં ? અફસોસ ! કે તારું આટલુ દિમાગ થઈ ગયું કે આ કામ પણ તારાથી ન થઈ શક્યું.)

મજનૂં જ્યારે લયલાની ગલીમાં ફરનારા કૂતરાંના ક઼દમ ચૂમી શકે છે તો તું મદીનાની ગલીના કૂતરાંના પગો કેમ નથી ચૂમી શકતો ?!

پائے سگ بوسید مجنوں خلق گفتہ ایں چہ بود ۔ گفت ایں سگ گاہے گاہے کوئے لیلٰی رفتہ بود

મજનૂને કૂતરાના પગો ચૂમતાં કોઈકે જોયો તો પૂછયું, આ શું કરી રહ્યો છે ? તેણે જવાબ આપ્યો, આ કૂતરો કદી કદી લયલાની ગલીમાં ઘુમે છે !

## હદાઈકે બખ્શિશ (ભાગ-૩)ની અમુક ઉર્દૂ નઅતો

### (નઅત શરીફ઼ : ૮૫)

**મહર હૈ મશ્અલહે અફ઼રોઝ શબિસ્તાં કિસકા**
**માહ હૈ પરતવએ શમ્નહે અયવાં કિસકા**

*(મહર = સૂરજ. મશ્અલહ = મોટી મીણબત્તી. અફરોઝ = રોશન. શબિસ્તાં = રાત્રે આરામ કરવાની જગા. માહ = ચાંદ. પરતવ = પ્રતિબિંબ. મુમ્નહ = ગુંબદના કલસ પર લગાડવામાં આવતો સોનેરી ચાંદ અયવાં = મહેલ)*

**અર્થાત :** આ કોની આરામગાહમાં સૂરજ શમ્અ રોશન કરી રહ્યો છે અને આ આ કોના મહેલના કલસ પર ચાંદ સુનેહરી રોશનીનો સાયો નાખી રહ્યો છે. ઈશ્ક઼માં દરેક ચીજ મહબૂબની જ ગુલામી કરતી જોવા મળે છે અને વળી મહબૂબે ખુદા ﷺનો ઈશ્ક઼ ! :–

*શરાબે ઈશ્કે઼ અહમદમેં કુછ ઐસી કૈફ઼ો મસ્તી હૈ–કે જાં દેકર ભી ઈક દો ઘૂંટ મિલ જાએ તો સસ્તી હૈ*

**સુંબુલ આશેફ઼તા હૈ કિસ ગુલકે ગમે ગેસૂમેં**
**દીદએ નરગિસ બીમાર હૈ હયરાં કિસકા**

*(સુંબુલ = સુંગધી ઘાસ. આશેફ઼તા = હૈરાન પરેશાન. નરગિસ = આંખના સ્વરૂપનું ફૂલ)*

**અર્થાત :** આ સુંગધીદાર ઘાસ (સુંબુલ) ક્યા ફૂલ (મહબૂબ)ના માટે વાળ ખોલીને અને ઝુલ્ફો વિખેરીને બેઠી છે, અને આ બીમાર નરગિસ કોઈની યાદમાં આંસુ વહાવી રહી છે ?! (મહબૂબે ખુદા ﷺની યાદમાં અન્ય કોની યાદમાં !)

**તૂ નિયાઝે સુબુકે઼ શમ્સિયહ હૈ શમ્સે મુનીર**
**નૂર આમૂઝ હૈ યા રબ યહ દબિસ્તાં કિસકા**

*(નિયાઝ = આરઝૂ, તમન્ના, આજીજી. સુબુક઼ = આગળ વધી જવું. શમ્સિયહ = સૂરજવાળો, શમ્સે મુનીર = રોશન કરનાર સૂરજ. આમૂઝ = શિખવું શિખવાડવું. દબિસ્તાં = મદ્રસો, મકતબ)*

**અર્થાત :** હે સૂરજ તું હવે મુનીર (રોશન વહેંચનાર)થી કોઈ ઊંચો દરજ્જો ચાહે છે ? બારે ઈલાહા ! તેણે નૂરાનિયતની શરૂઆતની તાલીમ કોના મદરસાથી લીધી છે ? યક઼ીનન ! તારા મેહબૂબ પાસેથી !

*ચમક તુઝસે પાતે હૈં સબ પાનેવાલે – મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે*

**ક્યૂં ન ગુલશન મેરી ખુશ્બુએ દહનસે મહકે**
**બાગે આલમમેં બુલબુલ હૂં ષનાખ્વાં કિસકા**

*(દહન = મોં. ષનાખ્વાં = પ્રશંસક)*

**અર્થાત** : આખો બાગ મારા મોંની ખુશ્બુથી કેમ ન મહેકી ઉઠે ! છેવટે તો બુલબુલે રિયાઝે રસૂલ (ષનાખ્વાને મુસ્તફા) ﷺ છું.

*મુકદ્દરમેં શાહોંસે ઊંચા બહોત હૈ–જિસે તેરે દરકા ગદા દેખતા હૂં*
*હૈં આંખેં જો રોશન તો દિલ ભી મુનવ્વર–યહ નઅતે નબીકા સિલા દેખતા હૂં*

**આંખ ખુર્શિદે કયામતકી ઝપકને જો લગી**
**પર્દા અફગન હુવા યહ ચેહરએ તાબાં કિસકા**

*(ખુર્શિદ = સૂરજ. અફગન = નાખવો. તાબાં = ચમકતો)*

**અર્થાત** : આ કોણે ચહેરા પર પર્દો નાખી રાખ્યો છે કે કયામતનો સૂરજ પણ આંખો કદી બંધ કરે છે કદી ખોલે છે. એટલે કે તેના તાપમાં કમી આવી રહી છે.

*તુમ્હારી એક નિગાહે કરમમેં હૈ સબકુછ–પળે હુએ તો સરે રાહગુઝાર હમ ભી હૈં*
*યહ કિસ શહેનશાહે વાલા કા સદકા બટતા હૈ–કે ખુસ્રવોંમેં પળી હૈ પુકાર હમ ભી હૈં*
*'હસન' હૈ જિનકી સખાવતકી ધૂમ આલમમેં–ઉન્હીં કે તુમ ભી હો ઈક રોઝાખ્વાર હમ ભી હૈં*

**ઝિંદા મુર્દા હુએ સક્કાને અદમ ચોંક પળે**
**દોશ બર દોશ કયામત હૈ યહ હિજરાં કિસકા**

*(સક્કાન = રહેનારા. અદમ = અનઅસ્તિત્વ. દોશ = ખભો. હિજરાં = જુદાઈ)*

**અર્થાત** : જ્યારે સર્વ લોકો મરી ચૂક્યા તો આલમે નેસ્ત (અનઅસ્તિત્વ)વાળા ગભરાયને ઉભા થઈ ગયા અને અફસોસ કરવા લાગ્યા કે અમે કયો જુર્મ કરી લીધો છે કે હજી સુધી વિરહ તથા જુદાઈની ચક્કીમાં પિસાઈ રહ્યા છીએ અને મહબૂબે ખુદા ﷺનો દીદાર નથી થઈ રહ્યો.

*ઢાંપા હૈ તેરે દીદકી ઉમ્મીદકો જિસને–વો મેરે મુકદ્દરકે અંધેરેકી રિદા હૈ*
*નઝારેકી ખ્વાહિશ હૈ તો ફિર આંખ ઉઠાઓ–હર જલ્વા હી તયબહમેં ઈરમે જલ્વાનુમા હૈ*

**હર સહરે અર્શસે હૈ મર્કદે શહકા યહ ખિતાબ**
**ક્યા ખબર તુઝકો નહીં મૈં હું શબિસ્તાં કિસકા**

*(સહર = સુબ્હ સાદિક. મર્કદ = આરામગાહ, કબર)*

**અર્થાત** : આપની આરામગાહ (મઝારે પુર અન્વાર) દરેક સુબ્હ સાદિકના સમયે સાદિક તથા અમીન નબી ﷺના દામનને થામીને અર્શને કહે છે, તું જાણતો નથી હું કોની આરામગાહ છું ?!

*દિલકો કૈફ વ સુરૂર મિલતા હૈ–કુર્બે રબ્બે ગફૂર મિલતા હૈ*
*તજરબા હૈ નબીકી ચોખટ સે–જો ભી માંગો ઝરૂર મિલતા હૈ*

**આઈનાદાર હૈ આઈના મેરી હૈરત કા**
**જલ્વાગર્દોં મેં હૈ અકસ રુખે તાંબા કા**

**અર્થાત :** મારી હેરાનગીનો આઈનો ખુદ એ વાતનો આઈનાદાર (પ્રતિબંબ પાડનાર) છે કે આ કોના રોશન ચહેરાનો જલ્વો છે જે અર્શથી પણ પાર જઈ રહ્યો છે !

انت لما ولدت اشرقت الارض وضاء بنورك الا فق

فنحن فی ذلك الضیء و فی انور وسبیل الرشاد نخترق

"આપ علیہ الصلوٰۃ والسلامની પેદાઈશથી જમીન તથા આસમાન રોશન થઈ ગયાં અને આપના નૂરની રોશનીમાં અમે હિદાયતનો માર્ગ મેળવી લીધો." *(અલ્‌બિદાયા વન્નિહાયા, ૨/૨૫૮)*

**હમાતન ચશ્મકી સૂરત હૈ બદનસે પૈદા**
**મુન્તઝિર હૈ યહ ઈલાહી દિલે હયરાં કિસકા**

**અર્થાત :** હે મારા અલ્લાહ ! મારું આ હૈરાન તથા પરેશાન દિલ કોના ઈન્તેઝારમાં છે કે તેના લીધે મારુ આખુ શરીર આંખની જેમ રાહ જોનાર બની બેઠુ છે !

*હમારે વાસ્તે હૈ ઝિક્ર ઉનકા બાઈષે રહમત–જિન્હોંને આપકો આંખોસે દેખા યા રસૂલલ્લાહ !* ﷺ
*સિહાબે રહમતે યઝદાં કહા બરસેગા ઈસ ઘર પર–કે આંગન જિસકા હૈ ઉલ્ફતસે સોના યા રસૂલલ્લાહ !* ﷺ

**આફતે જાન અનાદિલ હૈ તેરા હુસ્ન અય ગુલ**
**રંગ ઉળાયા હૈ યહ અય જાને ગુલિસ્તાં કિસકા**

*(અનાદિલ = બુલબુલ)*

**અર્થાત :** હે ફૂલ ! તારું હુસ્ન બુલબુલોની જાનના માટે આફતથી કમ નથી (આશિક઼ાને મુસ્તફા ﷺ તારા હુસ્નની ઝલક જોવા માટે બેચૈન તથા બેક઼રાર છે) હે બાગે કુદ્‌સના મુબારક ફૂલ ! તારા ઈશ્ક઼માં જો તો ખરુ કોનો કોનો રંગ ઉડેલો છે ?!

*મૈં હુવા, તુમ હુએ, મીર હુએ–ઉનકી ઝુલ્ફોંકે સબ અસીર હુએ*

**શબે આમાલે સિયહ સુબ્હે કરમસે બદલી**
**નૂર અફશાં હુવા યહ ચેહરાએ તાબાં કિસકા**

*(નૂર અફશાં = નૂર વિખેરનાર)*

**અર્થાત :** મારા અમલોની કાળી અંધારી રાત આપ ﷺના કરમથી રોશન તથા મુનવ્વર થઈ ગઈ. આ કયા નૂરવાળા મહબૂબનો રુખે વદુહા ચમકી રહ્યો છે કે જેની સામે ચાંદ સૂરજ પણ મોં છુપાવી રહ્યા છે.

*જલ્વા મુઝે નબીને દિખાયા હૈ ખ્વાબમેં—પૂરા મેરે નબીને યહ અરમાન કર દિયા*
*'બાબર' યહ તુઝ પે કિતના કરમ હૈ તૂ ફખ્રકર—અપના તુઝે નબીને ષનાખ્વાં કર દિયા*
*(રિયાઝે મદીના)*

**આમદે શહકી ખબર સુનકે યહ બોલે આસી**
**વો હૈં આમાદા શફાઅતકો તો ઈસ્યાં કિસકા**

**અર્થાત :** મેહશરના મેદાનમાં જ્યારે આપણા આકા ﷺ તશરીફ લાવ્યા તો રડતાં રડતાં ગુનેહગારોએ કહ્યું કે જ્યારે હુઝૂર عليه الصلوة والسلام શફાઅત માટે તૈયાર થઈ ગયા છે તો પછી ગુનોહ કેવો અને સજા કેવી ?!

**ઈક જાનિબ હૈ કમર એક તરફ દાગે જિગર**
**દેખિયે ઝૂકતા હૈ અબ પલ્લાએ મીઝાન કિસકા**

**અર્થાત :** ત્રાજવાના એક પલ્લામાં ચાંદ છે અને બીજા પલ્લામાં મારા જિગરનો (રસૂલ ﷺના વિરહમાં રડી રડીને બની જનાર) દાગ છે (જેની શકલ પણ જાહેરમાં ચાંદ જેવી છે) હવે જુઓ કે પલ્લુ કઈ બાજુ ઝુકે છે. એ જ ઝુકે છે જે પલ્લુ ભારે હોય છે.

અને યકીનન ! ઈશ્કના દાગનુ પલ્લુ ભારી થશે, કેમ કે العشق نار یحرق ما سوی اللّٰہ ઈશ્ક એવી આગ છે જે માસિવલ્લાહ (અલ્લાહ સિવાયના)ને સળગાવી દે છે. કોઈક કેવો અજબનો શેઅર છે ! :–

*રુખે રોશન કે આગે શમ્અ રખ કે વો યહ કહતે હૈં—ઈધર આતા હૈ દેખેં કે ઉધર પરવાના જાતા હૈ*

**લાલાઝાર દિલ પુર દાગ હુવા સુંબુલે ઝાર**
**અકસ અફગન હુવા યહ ગેસૂએ પેચાં કિસકા**

*(લાલાઝાર = ખસ ખસના લાલ ફૂલોનું ખેતર. અકસ અફગન = છાયડો કરનાર, ગેસૂએ પેચાં = કંદીલવાળી ઝુલ્ફ)*

**અર્થાત :** આ ગુલે કુદ્સની સામે લાલ ફૂલોનું ખેતર દાગદાર છે (શર્મિંદગીથી મોં ફેરવી રહ્યું છે) અને સુંબુલ જેને પોતાના વાળો (ઘાસ) પર ઘણો નાઝ હતો, તો જ્યારે મહબૂબે ખુદા ﷺએ વાળ સમાર્યા તો તેમના પર ફરેબતા (આશિક) તથા કુર્બાન થવા લાગ્યો અને મહબૂબિયત છોડીને મોહિબ્બે ગેસૂએ મુસ્તફા (આપ ﷺના વાળોનો ચાહક) બની ગયો.

*કાશ ! વો ચેહરા મેરી આંખને દેખા હોતા—મુઝકો તકદીરને ઉસ દૌરમેં લિખા હોતા*
*બાતેં સુનતા મેં કભી પૂછતા મઅના ઉન્કે—આપકે સામને અસ્હાબમેં બૈઠા હોતા*
*(ઝાહિદ ફખ્રી)*

**ગશ હૈ બુલ બુલ તો હસ્નાને ચમન હૈં બેહોશ**
**નઝર આયા ઉન્હેં યા રબ ચમન્સ્તાં કિસકા**

**અર્થાત :** બુલબુલને એવું ફૂલ નજરે પડયું કે બેહોશ થઈને પડી અને બાગ (આલમ)નાં સર્વ હસ્નાન (સુંદરતાઓ) તેને જોઈને બેહોશ થઈ ગઈ. હે ખુદા યા ! તેમને એ કેવો બાગ નજર આવી ગયો છે ?! કદાચ તેમણે

મહબૂબે ખુદા ﷺનાં તલ્વાં જોઈ લીધાં હશે !

*જો ઝર્રે આતે હૈં પાયે હુઝૂરકે નીચે–ચમકકે મહરકો વો શર્મસાર કરતે હૈં –(હસન રઝા બરેલ્વી)*

**ખિર્મને દિલ પર જો તળપકર ગિરતી હૈ બિજલી**
**મુતહૈયિર હૂં કે ચમકા દુર્રે દન્દાં કિસકા**

*(ખિર્મન = ખરી, અનાજનો જથ્થો. મુતહૈયિર = આશ્ચર્યમાં ચૂર. દુર્રે દન્દાં = દાંતોનુ મોતી)*

**અર્થાત :** આ કોના મોતીઓ જેવા ચમકદાર દાંતોની રોશની છે જે દિલમાં વીજળી જેવી ચમક તથા નૂરાનિયત ફેંકી રહી છે, તેના નૂરની સામે આંખો અંજાયેલી છે અને દિલ હેરાન છે.

**ખાર ખારે હરમે તયબહ હૈં તૂબા મુઝકો**
**કૈસા ગુલઝારે ઈરમ રોઝએ રિઝવાં કિસકા**

*(ખાર = કાંટા, તૂબા = જન્નતી ઝાડનું નામ, ઈરમ = બાગ, શદ્દાદ કાફિરે બાગ તૈયાર કર્યો જેને તે જન્નત કહેતો હતો. કુર્આને પાકમાં છે : اِرَمَ ذَاتِ الْعِمَادِ તે ઈરમ હદથી વધુ લંબાઈવાળુ)*

**અર્થાત :** મારા માટે મદીનાનો દરેક કાંટો તૂબા (જન્નતનું ઝાડ) છે. એની સમક્ષ ઈરમનો બાગ શું છે અને રિઝવાને જન્નતનો લીલોછમ તથા ખીલેલો બાગ શું હૈસિયત ધરાવે છે !

*મુબારક રહે અન્દલિબો તુમ્હેં ગુલ–હમેં ગુલસે બેહતર હૈ ખારે મદીના –(હસન રઝા બરેલ્વી)*

**બુલબુલો ! માલિકે ફિરદોસ તુમ્હારા ગુલ હૈ**
**બાગબાં કિસકા હૈ ગુલ કિસકા ગુલિસ્તાં કિસકા**

*(ફિરદોસ = આ'લા જન્નત. બાગબાં = માળી)*

**અર્થાત :** હે બુલબુલો ! (ગુલામાને મુસ્તફા ﷺ) જન્નતના માલિક તમારો ફૂલ (મહબૂબ) છે, પછી ભલા બતાવો તો આ માળી કોનો થયો ? જન્નતનાં ફૂલ કોના ઠર્યા અને ખુદ જન્નતના બાગનો માલિક કોણ થયો ? તમારા આક઼ા બન્યા બીજુ કોણ બન્યું ! તો પછી વજદમાં આવીને કેમ નથી કહેતા :

*મિલ ગએ અગર હુઝૂર તો ખુદા મિલ ગયા*

**સાફ શાન અશ્ક઼ોંસે હૈ શીશએ મયકી પયદા**
**હુવા મએ નોશ તઅશ્શુક દિલે મસ્તાં કિસકા**

*(મએ નોશ = શરાબી. તઅશ્શુક઼ = મહોબ્બત પ્રદર્શિત કરવી)*

**અર્થાત :** શરાબે ઈશ્ક઼ે મુસ્તફાના જામથી મારા આંસુઓની સફાઈ સાફ સાફ બતાવી રહી છે કે આ મએ નોશ કોની મહોબ્બતમાં દીવાનો તથા મસ્ત છે.

*ઈશ્ક઼ે જાને તૂર આમદ આશિક઼ા – તૂર મસ્ત વ ખુર્ર મૂસા સાએક઼ા –(મૌલાના રૂમ)*

**અર્થ :** હે આશિક઼ ! ઈશ્ક઼ તૂરની જાન બન્યો. તૂર મસ્ત બન્યો અને મૂસા علیہ السلام બેહોશ થઈને જમીન પર તશરીફ લાવ્યા.

**યા નબી કિસકી અમાં ચાહે 'રઝ઼ા'એ ખસ્તા**
**તેરે દામનકે સિવા ઔર હૈ દામન કિસકા**

*(અમાં = અમાન, શરણ. ખસ્તા = પરેશાન, ગરીબ. દામન = આંચલ)*

**અર્થાત :** હે મારા પ્યારા દસ્તગીર આક઼ા ! عليه الصلوٰة والسلام હું આપના દામનને છોડીને કોની પનાહ લઉં ? ન તો આપનો દામને કરમ છોડીશ કે કોઈ મને પનાહ આપવા તૈયાર થાય, અને ન તો મારા જેવા ગુનેહગાર તથા કુકર્મીને પનાહ આપવાની કોઈ હા પાડશે ! કેમ કે અહમદ રઝ઼ાનો તારા દામન સિવાય કોઈ સહારો નથી અને એને પનાહ આપવી એ હર કોઈના વશની વાત પણ નથી.

*ડગમગા સકા હૈ કભી ઔર ન ડગમગાએગા–જિસકો તેરી રહમતને યા નબી સંભાલા હૈ*
*ભેજતા હૂં રોઝ ઉનકો ફૂલ મૈં દુરૂદોંકે–અપની હાઝરીકા યહ રાસ્તા નિકાલા હૈ*
*મહ્‌વે ઈસ્તેરાહત હૈ તુઝ પે રહમતોંવાલા–શહરે મુસ્તફ઼ા તૂ તો બળે બખ્તવાલા હૈ*
*મૈં કિસી ભી તમગે કા ભૂકા હૂં ન માંગતા હૂં–હાથ મેરે ઉન્કે અશ્ક઼કી મોતિયોંકી માલા હૈ*
*ઝાત હૈ તો આ'લા હૈ, શાન હૈ તો બાલા હૈ–દોસ્તો ! કરમ હી કરમ કાલી કમલીવાલા હૈ*
*ક્યૂં ન મૈં 'નિયાઝી' પળ્હું નઅતે મુસ્તફ઼ા હરદમ–નઅતે મુસ્તફ઼ાકી ક઼સમ ! મુઝે નઅત હી ને પાલા હૈ*
*આમિનાકે પાલેને દો જહાં કો પાલા હૈ–તેરી મેરી મુશ્કિ઼લોંકો મુસ્તફ઼ાને ટાલા હૈ (صلى الله عليه وسلم)*

## (નઅત શરીફ઼ : ૮૬)

**ગલેસે બાહર આ સકતા નહીં શોરો ફ઼ગાં દિલકા**
**ઈલાહી ચાક હો જાએ ગરેબાં ઉનકે બિસ્મિલ કા**

*(શોરો ફ઼ગાં = આહ યા ફ઼રિયાદ, બિસ્મિલ = ઝખ્મી, આશિક઼)*

**અર્થાત :** દિલનું દર્દ તથા ફ઼રિયાદ મોંઢા વાટે તો બહાર નથી આવી શકતી, યા અલ્લાહ ! સીનો કેમ ફાટી નથી જતો જેથી એ જ રસ્તેથી તારા મહબૂબનો આશિક઼ (ઝખ્મી) પોતાની દર્દનાક હાલત દેખાડી શકે.

*દિલમેં હૈં દર્દો ગમ કે ફસાને ફિરે હૂએ – બરસોં સુનાઉં ગર કોઈ દર્દ આશના મિલે*

**શબે અસ્રા ક઼મર હૈરતઝદા ફિરતા રહા શબ ભર**
**ભુલાયા ઢંગ ઉનકી ચાલને સૈરે મનાઝિલકા**

**અર્થાત :** મેઅરાજની રાતે જ્યારે મહબૂબે ઈલાહી બારગાહે ખુદાની તરફ મહબૂબાના ચાલ ચાલીને જઈ રહ્યા હતા તો ચાંદ હૈરતઝદા થઈને પોતાની મંઝિલો પણ ભૂલી ગયો અને આખી રાત માર્યો માર્યો ફરતો રહ્યો.

મૌલાના જામી ફ઼ર્માવે છે : وصلی اللہ علی نور کزوشدنورہا پیدا ۔ زمیں ازحب او ساکن فلک در عشق او شیدا

**બળ્હા ઈસ દરજા રોઅબ હુસ્નવાલા લયલતુલ અસ્રા**
**સિમટકર બન ગયા ચર્ખ એક પાયા ઉનકે મુહમલકા**

*(ચર્ખ = આસ્માન. મુહમલ = કાઠલો)*

**અર્થાત :** શબે અસ્રાના દુલ્હા, મહબૂબે ખુદાનું હુસ્ન મેઅરાજની રાતે એટલી ઉચ્ચતાએ પહોંચ્યું કે આખુ આસ્માન સમેટાઈને આપની સવારીના કાઠલાનો એક પાયો બની ગયું જેથી તેના પર ક઼દમ રાખીને આપ علیہ الصلوٰۃ والسلام સવારી પર સવાર થઈ જાય.

**હિજાબે નૂર તક પહુંચાકે આંખે હો ગઈ ખિરાં**
**ફ઼ગાં કરતા હુવા લૌટ આયા ક઼ાસિદ નાલાએ દિલકા**

*(હિજાબે નૂર = નૂરનો પર્દો, ખિરાં = અંજાઈ જવું)*

**અર્થાત :** નૂરાની પર્દા સુધી તો આંખોએ પીછો કર્યો અને આંખોના ઈખ્તિયારમાં એટલું તો હતું જ પણ એનાથી આગળ મહબૂબે ખુદાને જતા જોવાનું આંખોને આંજીને અંધાળી કરી રહ્યું હતું. એટલા માટે દર્દે દિલનો ક઼ાસિદ રડતો રડતો પરત આવ્યો કે અહીં મારું કાંઈ ચાલશે નહીં.

**કિસે કહતે હૈં ખૂર યહ તાબિશેં યહ ગર્મિયાં કૈસી**
**ઝલકતા હૈ શરારા આસ્માં પર સોઝિશે દિલકા**

*(ખૂર = સૂર્ય. શરારા = ચિન્ગારી, ભડકો)*

**અર્થાત :** લોકોના ખયાલમાં તો આ ગરમીઓ તથા તાપ સૂરજના કારણે છે, પરંતુ જેને ઈશ્ક઼ની આગ લાગેલી છે તેને પૂછો તો કહેશે મારુ દિલનું દર્દ તથા જલન છે કે જેણે જમીન તથા આસ્માનમાં હલચલ મચાવી રાખી છે. العشق نار یحرق ماسوی اللہ ઈશ્ક઼ એવી આગ છે જે અલ્લાહ સિવાયનાને સળગાવીને રાખ કરી દે છે.

**સુના જબ નામે ગુલ ખારે મદીના ચુભ ગયા દિલમેં**
**કે હર મુત્લક઼ હૈ જલ્વાગાહે હુસ્ન ફ઼ર્દે કામિલકા**

*(મુત્લક઼ = બેકૈ઼દ, આઝાદ, બિનશર્તી, પાબંદી વિનાનું. ફ઼ર્દે કામિલ = સંપૂર્ણ વ્યક્તિ)*

**અર્થાત :** જ્યારે કોઈ જીભ પર ફૂલનું નામ આવે છે તો મારા દિલમાં મદીનાનો કાંટો ચુભાઈ જાય છે (એટલે કે મદીનાની યાદ સતાવવા લાગે છે) કેમ કે : *હર ગુલમેં હર શજરમેં મુહમ્મદ ﷺકા નૂર હૈ.*

એ જેમાં પણ મુત્લક઼ન કાંઈ ન કાંઈ હુસ્ન મૌજૂદ છે તે એ જ ફ઼ર્દે કામિલ (મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ)ના હુસ્નના જલ્વાઓની જગા છે. (المطلق ینطلق الی الفرد الکامل મુત્લક઼ પોતાના ફ઼ર્દે કામિલની તરફ પલટે છે. المطلق یجری علی الطلاقہ મુત્લક઼ પોતાના ઈત્લાક઼ પર ચાલે છે. આ બંનેવ કાયદા ઉસૂલે ફિક઼્હના છે.)

**યહ કિ઼સ કે રોઅબે આમદને કિયા આલમ તહ વ બાલા**
**કે શીરાઝા પરેશાન હો ગયા હર નઝમે બાતિલ કા**

*(રોઅબ = રૂઆબ, દબદબો. આમદ = આગમન. તહ વ બાલા = તળે ઉપર,*
*શીરાઝા = બંધન. નઝમે બાતિલ = બાતિલાના નઝ્મ, બંધારણ)*

**અર્થાત :** આ કોણ આવ્યું છે કે જેના આગમનના દબદબાથી દુનિયાનો નક઼શો જ બદલાય ગયો છે, રહઝન (ડાકૂ) રહબર બની રહ્યા છે, ચોર ડાકૂ તૌબા કરીને અન્યોના માટે દીવાદાંડી (માર્ગદર્શક) બની રહ્યા છે. ગંદકીના પૂતળાંઓ પાકીઝગાની મૂરતો બની રહ્યા છે. ગુનાહોના આદી શરાફતના પયકર જણાય રહ્યા છે. આ રીતે બાતિલનું માળખુ વિખેરાય રહ્યું છે અને હક઼્ક઼ની બોલબાલા થઈ રહી છે.

*વિલાદત જહાંમે તેરી જબ હુઈ થી–અંધેરા સભી છત ગયા કમલી વાલે*
*જો પૈદા હુવા સબસે પહલે જહાંમેં–વહી હૈ તૂ નૂરે ખુદા કમલીવાલે*

**યહાં સહરામેં મૌજ આયી વહાં દરયામેં ગર્દ ઉઠી**
**ઉધર આતિશકા માતમ હૈ ઈધર ગોગા ઝલાઝલ કા**

*(આતિશ = આગ, ગોગા = શોરબકોર. ઝલાઝલ = ધરતીકંપ)*

**અર્થાત :** સરકાર علیہ الصلوۃ والسلامના આગમનથી જંગલોમાં પણ નૂરના દરિયા મોજાં મારવા લાગ્યા, અને દરિયા જે કદી ન સૂકાયા હતા ત્યાં ધૂળ ઉડવા લાગી. (બહીરાએ સાવીની તરફ નિર્દેશ છે. જેની એના કારણે પૂજા થતી હતી કે સૂકાતો નથી) ઈરાનનો અગ્નિકુંડ (આતિશ કદો) જે સદીઓથી સળગી રહ્યો હતો તે એકાએક બુઝાઈ ગયો અને કૈસર તથા કિ઼સ્રાના મહેલોમાં ધરતીકંપ આવ્યા જેનાથી તે મહેલોના કાંગરા ખરી પડયા, અને એક શોર ફેલાય ગયો. સીરતે હલબિયામાં છે : وردالعین المستھام معینۃ (૧/૮૭) ખરેખર સૂકી જમીન જ્યાં કદી

પાણી આવ્યું ન હતું ત્યાં દરિયા બહેવા માંડયા જેનાથી ઈરાનના કિસ્રા પર ભય છવાય ગયો.

*જિબ્રઈલે અમીનને મુઝદા દિયા કૌનૈન કે સરવર આતે હૈં*
*હાં સલ્લિ અલા કા શોર કરો અલ્લાહ કે પયંબર આતે હૈં*
*મીલાદકી મેહફિલ કયા કહને અન્વાર બરસતે હૈં હર સૂ*
*મીલાદુન્નબી ﷺ કી મેહફિલમેં ખૂદ આપ ભી અકષર આતે હૈં*

**યહ કયા નાલા હૈ દશ્તે તયબહમેં અય વાએ મહરૂમી**
**મગર હસ્રત હૈ ફિર ઉસ બનમેં લૌટા કાફલા દિલ કા**

*(નાલા = રૂદન કકવાટ, વાએ મહરૂમી = હાય અફસોસ. હસ્રત = અફસોસ)*

**અર્થાત** : આ જંગલમાં શું આહોઝારી રૂદન કકલાટ, હાય મેહરૂમી ! હાય અફસોસના અવાજો આવી રહ્યા છે, કદાચ દીદારની હસ્રતે ફરી કોઈ દિલનો ક઼ાફલો લૂટી લીધો છે.

**કિસી વહશીકી ખાક ઉળકર ચમનમેં આ ગઈ શાયદ**
**બગોલોંસે હૈ ઉઠતા શોર મસ્તાના સલાસિલ કા**

*(વહશી = જંગલી. બગોલોં = સખત આંધી, સલાસિલ = બેડીઓ)*

**અર્થાત** : એવું લાગે છે કે કોઈ જંગલીના પગોથી ધૂળ ઉડીને બાગમાં આવી ગઈ છે, જેના કારણે તે જ હવાઓથી એવો શોર ઉઠી રહ્યો છે જેમ કે બેડીઓની મસ્તાના ઝન્કાર થાય છે.

**નહીં કુછ ખાસ શહરિસ્તાને ઈમ્કાં બહરાયાબ ઉનસે**
**કે સાયા દશ્તે બુતલાં મેં હૈ તાજેસર મમાષિલકા**

*(શહરિસ્તાં = શહેરની જગા. ઈમ્કાં = વશમાં. બહર યાબ = ખુશનસીબ, હિસ્સો પામનાર.*
*બુતલાં = જૂઠ, બાતિલ, બનાવટી વાત. મમાષિલ = ના જેમ, બરાબરી)*

**અર્થાત** : શહર પનાહની શક્તિ ખાસ તેમના માટે ફાયદામંદ નથી, કેમ કે માથાંઓના તાજ તબાહ કરનારા જંગલના નિશાના પર છે. અથવા આલમે ઈમ્કાનનું દરેક રજકણ જ નહીં, બલ્કે તેમના જેવા હોવાનો દાવો કરનારા બાતિલના જંગલના મનહૂસ સાયા (બદઅક઼ીદા લોકો) પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ફૈઝથી જ પલી રહ્યા છે.

**'રઝા'એ પસ્તા ક્યા કહના અજબ જાદૂ બયાની હૈ**
**નમક હર નગ્મએ શીરીંમેં હૈ શોર અનાદિલ કા**

**અર્થાત** : અરે પ્યારા રઝા ! (ગદાએ દરે મુસ્તફા) તને ઉમદા વાતચીત કરવાનો કેવો તરીક઼ો આવડે છે ! એવું લાગે છે કે તારુ કલામ બુલબુલોના મીઠા નગ્મા (મધૂર ગીતો) નમકીનીનું કામ આપી રહેલ છે. જેનાથી કલામનું હુસ્ન બમણુ થઈ જાય છે. એટલા માટે કહે છે : النحو فی الکلام کالملح فی الطعام ''ઈલ્મે નહ્વ કલામમાં તે જ લિજ્જત પેદા કરે છે જે મીઠુ (નમક) ખાવામાં કરે છે.

## (નઅત શરીફ : ૮૭)

## (પાંચ મિસ્રાવાળી શેઅરોની નઅત)

**શોલએ ઈશ્ક બની સીનાસે બાહર નિકલા**
**ઉમ્ર ભર મુંહસે મેરે વસ્ફે પયંબર નિકલા**

**સાઝગાર ઐસા ભલા કિસકા મુકદ્દર નિકલા**
**દમ મેરા સાહિબે લૌલાકકે દર પર નિકલા**

**અબ તો અરમાન અય દિલે મુઝતર નિકલા**

**અર્થાત :** ઈશ્કે મુસ્તફા ﷺના ઈશ્કની ચિન્ગારી દિલમાં હતી જે સીનાથી બહાર આવી તો તેની બરકતથી આખી જિંદગી રસૂલુલ્લાહ ﷺની ષનાખ્વાની (પ્રશંસા, નઅત ખ્વાની)માં નીકળી ગઈ.

આટલુ સારું મુકદ્દર ભલા કોનુ હોય શકે છે કે મારી જિંદગીનો અંતિમ શ્વાસ لولاك لما خلقت الافلاك વાળા આકાની બારગાહે આલીની ચોખટ પર નીકળી રહ્યો છે. હે મારા આખુ જીવન પરેશાન રહેનારા દિલ ! હવે તો ખુશ છે ને?!

*દિલ દર્દસે બિસ્મિલકી તરહ લોટ રહા હો–સીનેપે તસલ્લીકો તેરા હાથ ધરા હો*
*ગર વક્તે અજલ સર તેરી ચોખટ પે પળા હો–જિતની હો કઝા એક હી સજદે મેં અદા હો*
*('હસન રઝા' બરેલ્વી)*

**હે મેરે ઝેરે નગીં મુલ્કે સુખન તા અબદ**
**મેરે કબ્ઝે મેં હૈં ઈસ ખિત્તા કે ચારોં સરહદ**

**અપને હી મુલ્કસે તઅબીર હૈ મુલ્કે સરમદ**
**હૈ તસર્રુફમેં મેરે કિશ્વરે નઅતે અહમદ**

**મૈં ભી ક્યા અપને નસીબા કા સિકંદર નિકલા**

*(ઝેરે નગીં = હેઠળ, કબજામાં. મુલ્કે સુખન = કલામ કરવાની હુકૂમત તથા શક્તિ. તા અબદ = હમેશાં માટે. ખિત્તા = જમીનનો ટુકડો. સરમદ = હમેશાં. તસર્રુફ = ઈખ્તિયાર, કન્ટ્રોલ. કિશ્વર = દેશ)*

**અર્થાત :** (તહદીષે નેઅમતના રૂપે ફર્માવે છે) વાત કરવાની હુકૂમત હવે હમેશાં મારા હાથમાં છે. (સો વરસો થઈ ગયાં હજી સુધી અહમદ રઝાની જોડનો નજર નથી આવ્યો. ઈન્શા અલ્લાહ ! આપનું આ ફર્માવવું જાતે પોતે પોતાના વખાણ ન થશે, બલ્કે વાસ્તવિકતા પુરવાર થશે કે દિન બ દિન અહમદ રઝાના નામને ઉચ્ચતા મળશે અને દરેક આવનાર દૌર આ જ આશિકે રસૂલ (ﷺ)નો દૌર હશે. મહાન મહાન નામવર લોકોએ આ હકીકતને સ્વીકારી છે.) આ ઈલાકાની સર્વ સરહદો મારા કન્ટ્રોલમાં છે.

سخر لکم ما فی السموات وما فی الارض હમેશગીની હુકૂમત પણ સરકારે મદીના ﷺના ગુલામોની છે. નઅતે મુસ્તફા ﷺ જે રંગમાં ચાહો કહી શકુ છું. (ચાર ભાષાઓમાં નઅત અને જે નઅતમાં હોઠ જુદા રહે છે, એ આ મિસ્રાના સાચા હોવાનાં જીવતાં દૃષ્ટાંતો છે) અલ્લાહનો શુક્ર છે કે નસીબના લેહાઝથી સિકંદરથી કમ નથી. (આ શેઅરની સચ્ચાઈઓને અધિક જોવી હોય તો 'મઆરિફે રઝા' કરાચી ૧૯૯૨ ઈ.સ.નો અભ્યાસ કરશો.)

આ મહાનતા કેમ કે ગુલામીએ રસૂલ ﷺની નિસ્બતનાં કારણે છે એટલા માટે હવે નિસ્બતને જ જોવામાં આવશે. કાગળ અને કપડાને કુર્આનથી નિસ્બત થઈ જાય તો તેને પણ કુર્આનની સાથે ચૂમવામાં આવે છે, તો મુસ્તફા ﷺની ગુલામીમાં આવનાર કેમ મુક઼દ્દરનો સિકંદર ન થશે.

*નઅત કહનેમેં 'રઝા' વો ભી મક઼ામ આતા હૈ—મુઝકો હર આન ફરિશ્તોંકા સલામ આતા હૈ*

**રોઝ વ શબ લખ્તે જિગર આંખોસે જારી હી રહા**
**રફતા રફતા હુવા હર ગોશએ ચશ્મ એક દરયા**
**અબ તો વો કહરકા હૈ જોશ કે આલમ ડૂબા**
**દીદએ તરને કિયા નૂહકા તુફાન બરપા**
**ક઼તરાએ અશ્ક઼ જો નિકલા વો સમંદર નિકલા**

**અર્થાત** : દિવસ રાત ઈશ્કે મુસ્તફાની ગરમી અને રસૂલુલ્લાહ ﷺના વિરહના દર્દથી આંખો વહેતી રહી અને દિલ લોહીનાં આંસું રડતુ રહ્યું અને રહેતાં રહેતાં આંખોનો દરેક ખૂણો દરિયાનો મન્ઝર પેશ કરવા લાગ્યો. હવે તો ખતરો છે કે એ પ્રમાણે રેલ (પુર) આવશે કે આખી દુનિયા મારી સાથી બનીને પોતાના આંસુઓમાં જ ડૂબી જશે. આ રડનારી આંખે શું તુફાને નૂહ ખડુ કરી આપ્યું છે કે જેનુ એક એક ટીપુ સમુદ્ર જણાય છે.

*નાઝાં હૂં સઆદત કે ગોહર રોલ રહા હૂં—મીઝાને અક઼ીદતપે ઉન્હેં તોલ રહા હૂં*
*છોટા હૂં મગર બોલ બળે બોલ રહા હૂં—તારીફે મુહમ્મદ ﷺમેં ઝબાં ખોલ રહા હૂં*

**બન ગઈ મેરી ઝબાં માહિએ આબે કૌષર**
**નૂરકે બુકકે ધનસે મેરે નિકલે બાહર**
**સાયએ રહમતે બારી નઝર આયા સર પર**
**મગફિરત સદક઼ા હુઈ મેરી ઝબાં પર આકર**
**જિસ ઘળી લબસે મેરે વસ્ફે પયંબર નિકલા**

*(માહી = માછલી, ધન = મોં)*

**અર્થાત** : હવે મારી જીભ હોઝે કૌષરની માછલી બની ગઈ છે. મારા મોંએથી નૂર વરસે છે. મારા માથા પર અલ્લાહની રહમતનો સાયો છે. બખ્શિશ મારા ઉપર નિછાવર થઈ રહી છે, કેમ કે મહબૂબે ખુદા ﷺની નઅત મારા મુખેથી નીકળી રહી છે.

*યાદ જબ મુઝકો મદીનેકી ફઝાં આઈ હૈ—સાંસ લેતા હૂં તો જન્નતકી હવા આઈ હૈ*

બની ઈસ્રાઈલનો બદકાર યહૂદી મુસ્તફા ﷺના નામની તાઝીમ કરે છે તો અલ્લાહ તઆલા હઝરત મૂસા علیہ السلامને હુકમ આપે છે કે તેને ગંદકીના ઢગલાથી ઉઠાવીને ગુસ્લ આપે અને પોતે તેનો જનાઝો પઢાવે, કેમ કે ભલે તે બુરો હતો પણ જ્યારે તૌરાત ખોલતો ونظر علی اسم محمد صلی اللہ علیہ وسلم قلبہ ورضعہ علی عینیہ وصلی علیہ મારા મહબૂબના નામને જોતો તો ચૂમતો, આંખોથી લગાડતો અને દુરૂદ પઢતો.

તો હુઝૂર ﷺનો ગુલામ જો આખુ જીવન મુહમ્મદ નામની તારીફ કરે અને મહોબ્બતથી ચૂમી ચૂમીને દુરૂદો સલામ પઢતો રહે તો તેને આ નામની બરકતથી અઝમતો કેમ ન મળશે ?! (ﷺ)

**જલ્વા ઉસ મેહરે રિસાલતકા હો સૈયારોંમેં**
**અંબિયા સાથ હો જિબ્રીલ જલૂદારોં મે**
**આક઼ા ઈસ શાનસે આયેંગે ગિરફ્તારોંમેં**
**હશ્ર કે રોઝ યહ ગોલ હો ગયા ગુનેહગારોંમેં**
**વો શફાઅતકે લિયે શાફએ મેહશર નિકલા**

*(ગ઼ોલ = શોર)*

**અર્થાત :** તારાઓમાં પણ આ જ રિસાલતના સૂરજ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺનો જલ્વો છે. આપણા આક઼ા જ્યારે મેહશરના મેદાનમાં અમ ગુનેહગારોની શફાઅતના માટે આવશે તો એ શાનની સાથે આવશે કે આપની સાથે અંબિયા علیہم السلام હશે. જિબ્રઈલે અમીન આપના ગુલામોમાં હશે, અને એક ના'રો બુલંદ થશે કે એ જુઓ શાફએ મેહશર મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ શફાઅતના માટે નીકળી પડયા છે.

*ગુલામાને મુહમ્મદ ﷺ મેહશર મેં યૂં પેહચાને જાએંગે–કે મેહશરમેં ભી હોગા ઉન્કા ના'રા યા રસૂલલ્લાહ ! ﷺ*

**હુસ્ને મહબૂબકો બખ્શા હૈ અજબ વસ્ફ વ ક઼માશ**
**શાહિદ ઈસ નક઼શાકી બે મિષ્લી પે હૈ ખૂદ નક્ક઼ાશ**
**ચાંદ સૂરજ મેં રહી બરસોં ઉનકી કંગાશ**
**મુદ્દતોં ચર્ખને કી બઝ્મે દો આલમમેં તલાશ**
**મિષ્લે મહબૂબે ખુદા કોઈ ન સરવર નિકલા**

*(ક઼માશ = કમાલ, નક્ક઼ાશ = નક઼્શ કરનાર هُوَ الَّذِیْ یُصَوِّرُكُمْ فِی الْاَرْحَامِ ''એ જ છે કે તમારી તસ્વીર બનાવે છે'' એટલે રબ તઆલા. કંગાશ = સલાહ મશ્વરા)*

**અર્થાત :** ખુદાએ પોતાના મહબૂબના હુસ્નો જમાલને એવો કમાલ અતા કર્યો છે કે જેના પર તે પોતે જ ગવાહ છે. કેટલાય વરસો સુધી ચાંદ તથા સૂરજ આપસમાં એ વાત કરતા રહ્યા છે અને આસ્માન મુદ્દતો સુધી તલાશ કરતુ રહ્યું, પરંતું ખુદાના મહબૂબ જેવો બંને જહાનમાં કોઈ આક઼ા તથા સરદાર નથી.

*બે મિષ્લને મહબૂબકો બેમિષ્લ બનાયા હૈ–વાં જિસ્મ નહીં તો યાં સાયા નહીં*

**જબ હુવા ચર્ખ મેરે માહે રિસાલતકા મસીર**
**ચાંદ હૈરતસે બના અબ્રુવે નક્શે તસ્વીર**
**ઉનકે આગે ન ચલી એક ભી લાફ તન્વીર**
**ક્યા ઝિયાઅ્ ઐ રુખે અન્વરકી મહતાબે મુનીર**
**ચર્ખ અખ્ઝર સે જો નિકલા તો મુકદ્દર નિકલા**

*(મસીર = સૈરગાહ, સૈર કરવાની જગા પિકનિક પોઈંટ, લાફ = શૈખી, ડિંગ. તન્વીર = રોશન કરવું, અખ્ઝર = લીલુ, મુકદ્દર = મેલુ)*

**અર્થાત :** આપણા આકા તથા મૌલા ﷺ જ્યારે શબે મેઅરાજ આસ્માન પર તશરીફ લઈ ગયા તો ચાંદ આશ્ચર્યજનક થઈને આપ علیہ الصلوٰۃ والسلام ના ભવાં મુબારકની તસ્વીરનો નકશ બનીને ઝુકી ગયો અને આજ સુધી ઝુકેલો છે. પછી નૂરે મુસ્તફા ﷺની સામે ચાંદની નૂરાનિયતની શૈખી ન ચાલી શકી. આપના રુખે વદ્દુહાની રોશનીનું શું કહેવું કે સૂરજ પણ નીકળે છે તો આ રુખે વદ્દુહાની સામે મેલવાળો જણાય છે.

**હમ ગયે કબ્રે ઉવૈસ કરની પર કે સુનેં**
**ઈશ્કમેં ફસતી હૈં કિસ દામ બલા જાનેં**
**કબ્રે આશિકસે સદા આઈ હૈ ક્યા હાલ કહેં**
**કભી ઝિંદા કભી મુર્દા હુએ હમ ઉલ્ફત મેં**
**શૌકે નઝારા મગર દિલસે ન બાહર નિકલા**

**અર્થાત :** અમે અમારો ગમ હલકો કરવા માટે એકવાર સૈયદુત્તાબઈન હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہના મઝાર પુર અન્વાર પર હાજર થયા જેથી તેમને પૂછીએ કે હુબ્બે નબી ﷺમાં જિંદગી કેવી રીતે પસાર થઈ ? જે એ જાળમાં ફસાય જાય છે પછી એના પર શું ગુજરે છે ? તો આપની કબ્રે અન્વરથી અમને એ જવાબ મળ્યો કે આ વાદી (ઘાટી)નો મુસાફિર ન જીવે છે ન મરે છે, પણ તેના દિલથી દીદારનો શૌક કદી ખત્મ નથી થતો.

*દીદારે નબીકા દિલમેં અરમાન લિયે હૂએ–બૈઠા હૂં હર નઝરમેં ગુલિસ્તાન લિયે હૂએ*
*ઝુલ્મત બળ્હી તો મહરે રિસાલત હુવા તુલૂઅ–ઈન્સાનકી નજાતકા સમાં લિયે હૂએ*

**ક્યૂં ન આંખોંકો મેરી કાને જવાહિર કહીયે**
**અશ્ક ખૂને હૈ અકીકે યમની કે ટુકળે**
**પાયા હૈં અયન ગોહરે રેઝ કે દો ફવ્વારે**
**યાદે દન્દાને મુહમ્મદ મેં મેરી આ'ખોંસે**
**અશ્ક ભી નિકલા તો વો સૂરતે ગૌહર નિકલા**

*(કાન = ખાણ, ઝખીરો, જવાહિર = કિંમતી પથ્થર. અશ્ક ખૂનેં = લોહીનાં આંસું)*

**અર્થાત :** મારી આંખોને મોતીઓની ખાણ કહેવી અધિક યોગ્ય છે. એનાથી મુસ્તફા ﷺના વિરહમાં જે લોહીનાં આંસુ પડે છે તે યમની લાલ પથ્થરના ટુકડા છે અથવા તો પછી આ આંખો મોતી વિખેરનાર બે

ફુવારા છે. હુઝૂર ﷺના દાંત મુબારકની યાદની અસર છે કે મારાં આંસુ પણ મારી આંખોએથી મોતી બની બનીને નીકળે છે.

*તૂ શાહે ખૂબાં તૂ જાને જાનાં હૈ ચેહરા ઉમ્મુલ કિતાબ તેરા*
*ન બન સકી હૈ ન બન સકેગી મિષાલ તેરી જવાબ તેરા*
*તૂ સબસે અવ્વલ તૂ સબસે આખિર મિલા હૈ હુસ્ને દવામ તુઝકો*
*હૈ ઉમ્ર લાખોં બરસકી તેરી મગર હૈ તાઝા શબાબ તેરા*
*નઝરમેં ઉસ્કી હૈ હર હકીકત હો મુશ્કો અંબર યા બૂએ જન્નત*
*મિલા હૈ જિસકો મલા હૈ જિસને પસીના હુસ્ને ગુલાબ તેરા*
*ખુદા કી ગૈરતને ડાલ રખે હૈં તુઝપે સત્તર હઝાર પર્દે*
*જહાંમેં બન જાતે તૂર લાખોં જો એક ભી ઉઠતા હિજાબ તેરા*

**જાગનેમેં તો વો દીદાર મયસ્સર હૈ કિસે**
**નીંદ આતી નહીં જો ખ્વાબમેં દોલત યહ મિલે**
**તંગ આયા હૂં મૈં ઈસ બખ્તકી નાસાઝી સે**
**હાય ! મેહરૂમ રખા શહકી ઝિયારત સે મુઝે**
**દુશ્મને જાં મેરા નીરંગ મુકદ્દર નિકલા**

*(નાસાઝી = અયોગ્યતા, બરાબર ન હોવું. નીરંગ = ધોકો પ્રપંચ. નીરંગ મુકદ્દર = તારીક તથા સિયાહ નસીબ)*

**અર્થાત** : જાગૃતાવસ્થામાં તો સરકારે મદીના ﷺના દીદાર કોઈક કોઈક ખુશનસીબને જ મળે છે, મને તો ઊંઘ પણ નથી આવતી કે ખ્વાબમાં જ ઝિયારત થઈ જાય ! મારા નસીબની અયોગ્યતાથી હું તો તંગ આવી ગયો છું જેણે મને આકા ﷺની ઝિયારતથી મેહરૂમ રાખ્યો છે. હાય ! મારું તારીક (અંધકારમય) મુકદ્દર જ મારી જાનનું દુશ્મન નીકળ્યું !

**ખ્વાબમેં દૌલતે દીદાર કે કુછ સામાં થે**
**દિલે બેતાબ યહ તળપા ન રહા બિન જાગે**
**ક્યા કહૂં તાલેએ બરગશ્તાસે અલ્લાહ સમઝે**
**હાય ! મેહરૂમ રખા શર કી ઝિયારતસે તુઝે**
**દુશ્મને જાં મેરા નીરંગ મુકદ્દર નિકલા**

*(સામાં = શક્યતાઓ. બિન = વિના. તાલેઅ = નસીબ. બરગશ્તા = ફરેલું, માથાભારે)*

**અર્થાત** : ખ્વાબમાં તેમ છતાંય કોઈ ઉમ્મીદ હતી કે ઝિયારતથી મુશર્રફ થઈ જઈશ, પણ આ બેચૈન દિલને ક્યાં લઈ જઉં જે તડપતુ રહે છે અને જાગ્યા વિના તેનો ગુજારો નથી (તેને ચાલતુ નથી) અસલમાં મારા નસીબે જ મારાથી મોં ફેરવી લીધુ છે. તેને ખુદા જ સમજે જેણે મને આકા ﷺની ઝિયારતથી વંચિત રાખેલો છે.

હે મારા જાનના દુશ્મન ! સિયાહ નસીબી શું મારું જ મુક઼દ્દર હતી ?! નહીં તો હુઝૂર عليه الصلوة والسلام ના તરફથી તો કોઈ કમી નથી. તેમનો હાલ તો આ પ્રમાણે છે :–

*આપ જામે મયે મક઼સૂદ પિલા દેતે હૈં–તશ્નગી તશ્ના ધાનોંકી બુઝા દેતે હૈં*
*મમ્બએ જૂદો સખા હૈં મેરે સરકાર 'અન્વર'–માંગનેવાલોંકો હાજતસે સિવા દેતે હૈં*

**માલે દુન્યા તો કોઈ ચીઝ નહીં હૈ સરમદ**
**આંખ ઉઠાકર ન કભી દેખું સૂએ મુલ્કે અબદ**
**સબ યહ ઉલ્ફતકી બદૌલત હૈ ગનાએ બેહદ**
**حَبَّذَا (હબ્બઝા) આફરીં અય દૌલતે ઈશ્ક઼ે અહમદ**
**મૈં ગદાઈ કે પર્દામેં ભી સિકંદર નિકલા**

*(સરમદ = હમેશાં રેહનાર. મુલ્કે અબદ = હમેશાં રહેનાર દેશ. ગનાએ = માલદારી, حَبَّذَا = ફેઅલે મદહ, હુબ્બ ફેઅલે مدح (મદહ) છે. ذَا (ઝા) ઈસ્મેં ઈશારા એનો ફાઈલ છે. પ્રશંસા માટે વપરાય છે)*

**અર્થાત** : દુનિયાની માલ સંપત્તિની મારી નજીક કદી કોઈ હૈસિયત નથી રહી. કોઈ હમેશા રહેનારી હુકૂમત પણ મને આપે તો આંખ ઉઠાવીને ન જોઉં. આ સર્વ બેપરવાહી તથા માલદારી મહ઼બ્બતે રસૂલના કારણે છે. આફરીન છે હે ઈશ્ક઼ે મુસ્તફા ﷺની દૌલત ! વાહ ! વાહ ! હુઝૂર ﷺનો ભીખારી પોતાના દૌરનો સિકંદર છે.

*હાથ ફર્યાદી ઉઠાતે હૈં દુઆ કે વાસ્તે–ખોલ દે બાબે ઈજાબત મુસ્તફા કે વાસ્તે*
*રિઝ્ક વ રોઝી, ઈલ્મો ઈર્ફાં, દીનો ઈમાં કર અતા–હર ગદાએ મુસ્તફા હર બે નવા કે વાસ્તે*

**તશ્ના હૂં શરબતે દીદાર પિલા દીજે મુઝે**
**આઈના તલ્અતે અન્વરકા બના દીજે મુઝે**
**મુર્દા હૂં આપ મસીહા હૈં જિલા દીજે મુઝે**
**વો જમાલે રુખે પુરનૂર દિખા દીજે મુઝે**
**દોનોં આલમમેં ન જિસકા કોઈ હમસર નિકલા**

*(તશ્ના = તરસ્યો. તલ્અત = ચેહરો. હમસર = બરાબરીયો, સમાન)*

**અર્થાત** : હે મારા હુસ્નો જમાલવાળા આક઼ા ! હું આપના દીદારનો ઘણો જ ખ્વાહિશમંદ તથા તાલિબ છું. મને તરસ્યાને પોતાના દીદારનું શરબત અતા થાય. મને તમારા ચેહરાએ અન્વરનો આઈનો બનાવી દો. (આપની ઈતાઅત તથા મહોબ્બતનો રંગ મારા ઉપર ચઢી જાય અને મારી દરેકે દરેક અદા સુન્નતના મુજબની થઈ જાય) મારુ દિલ મુર્દા થઈ ચૂક્યું છે. આપે તો પથ્થરોમાં જાન નાખીને ઈસા عليه السلام કરતાંય મોટુ કામ કરી બતાવ્યું છે. મારા મુર્દા દિલને પણ પોતાની નિગાહે નાઝ વડે ઝિંદા કરી આપો અને એની જિંદગી આપના પુરનૂર ચહેરાનો દીદાર છે, જે ચહેરાની બંને જહાનમાં કોઈ જોડ નથી.

*મહબૂબે ખુદા સૈયદો સરવરકે બરાબર–લાઓ તો કોઈ મેરે પયંબર કે બરાબર*
*લાખોં હૈં ઝમાનેમેં સિકંદર કે બરાબર–કોઈ નહીં આક઼ા તેરે નોકર કે બરાબર*
*નાદાં ઉન્હેં અપને સા કહતે હૈં 'નિયાઝી'–ઝર્રા નહીં હોતા કભી ગોહર કે બરાબર*

**સદક઼ે ઉસ ગ઼ાલિયહ મૂ પે હોં હર હૂરકે બાલ**
**ક્યા હૈ ખુશ્બુ હૈ કે નાફ઼ા કો હુવા મુશ્ક઼ વ બાલ**
**ઈત્ર બેઝીમેં હૈ યહ ઝુલ્ફ઼ે મુઅંબર કો કમાલ**
**વસ્ફ઼ે ગેસૂએ નબીકા જો બંધા દિલમેં ખયાલ**
**શેઅર જો નિકલા દહનસે વો મોઅત્તર નિકલા**

*(ગ઼ાલિયહ = ખુશ્બુ, કિંમતી ચીજ. નાફ઼ા = કસ્તૂરીની થેલી હરણની દૂંટીમાં, ઈત્ર બેઝી = અત્તર છાંટવુ, દહન = મોં)*

**અર્થાત :** આપની ખુશ્બોદાર ઝુલ્ફો અને અમૂલ્ય મોઘેરા બાલ મુબારક પર જન્નતની હૂરો પોતાની ઝુલ્ફોને નિછાવર કરવા માટે તૈયાર છે. અલ્લાહ ! અલ્લાહ ! વલ્લૈલની ઝુલ્ફોમાં કેવી ખુશ્બુ વસેલી છે કે હરણના કસ્તૂરીવાળી થેલીના માટે તેની પોતાની કસ્તૂરી મુસીબત બની ગઈ (અને તે હસદ કરવા લાગ્યું કે કાશ ! કસ્તૂરીના બદલે આ ખુશ્બુ મારી પાસે હોતી) ખુશ્બુ વિખેરવામાં તો આ હુઝૂરની જ ઝુલ્ફોનો કમાલ છે. અને આપની ઝુલ્ફોની પ્રશંસાનો જે મારા દિલમાં ખયાલ આવ્યો અને મેં તારીફ કરવાની શરૂ કરી તો મારા મોંઢેથી દરેક શેઅર જન્નતની ખુશ્બુ લઈને નીકળ્યો.

હે ગુલામાને મુસ્તફા ! ﷺ (ઉલમાએ કિરામ તથા મશાઈખે એઝામ !) તમો જન્નતી પણ અઝમતો શાનના માલિક છો. આ'લા હઝરત જેવા નથી થઈ શકતા. જુઓ તે પોતે પોતાને સરકાર علیہ الصلوٰۃ والسلامના ક઼દમો પર કેવી રીતે નિછાવર કરી રહ્યા છે. હુઝૂર ﷺની વાત આવે તો સર્વ કાંઈ ભૂલી જાવ અને :–

**રંગ આમેઝીએ ઉલ્ફતકા યહ એહસાન હુવા**
**ઉમ્ર ભર સીના મેરા ગુલશને ફ઼િરદોસ રહા**
**વાહ રે જોશે અષર બા'દે વફ઼ા ભી ન ગયા**
**રુખે રંગીન મુહમ્મદ કા જો શયદાઈ થા**
**મેરી તુરબત પે ભી નખ્લે ગુલે અહમર નિકલા**

*(રંગ આમેઝીએ ઉલ્ફત = હુઝૂરની મહોબ્બતનો રંગ પોતાના ઘર ચઢાવી લેવો. નખ્લ = ઝાડ. ગુલે અહમર = લાલ ફૂલ)*

**અર્થાત :** પોતાની જાતને મહબ્બતે મુસ્તફા ﷺના રંગમાં રંગવાનો એ ફાયદો તો થયો કે આખી જિંદગી મારો સીનો જન્નતનો બાગ બનેલો રહ્યો. સુબ્હાનલ્લાહ ! આ મહોબ્બતની અસર મૃત્યુ બાદ પણ ક઼ાયમી રાખી કે હુઝૂરે અકરમ ﷺના ખૂબસૂરત ચહેરાનો શયદાઈ તથા આશિક઼ જ્યારે મૃત્યુ પામ્યો તો તેની ક઼બ્ર પર લાલ રંગના ફૂલનું ઝાડ ઉગી નીકળ્યું. (એટલા માટે ઈમાનવાળાઓ ક઼બ્રો પર ફૂલો ચઢાવે છે જેથી ફરક જાહેર થઈ જાય.) (શેઅર) *હૈ સોચનેકી બાત ઈસે બાર બાર સોચ.*

**હૈ 'રઝા' ગરચે સિયહ કાર સરાપા ક઼ાસિમ**
**નઅતે અહમદ હૈ મગર ઉસકા વઝીફ઼ા ક઼ાસિમ**

**એક મિસ્રા ભી અગર આક઼ા કો ખુશ આયા ક઼ાસિમ**
**હશ્રકે રોઝ ઉઠે શોર અજબ કયા ક઼ાસિમ**

**ક઼બ્રસે દેખો વો મદ્દાહ પયંબર નિકલા**

*(કાસિમ = વહેંચનાર. હુઝૂર ﷺ જે અલ્લાહની નેઅમતોના કાસિમ છે. મિસ્રા = શેઅરનો અડધો ભાગ ખુશ = પસંદ)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ જો કે આપના દરનો ગદા અહમદ રઝા માથાથી પગ સુધી ગુનાહોમાં ડૂબેલો, પણ આક઼ા આપ તો જાણો છો કે એનો વઝીફો આપની નઅતખ્વાની છે, જો એ બિચારાની સર્વ નઅતોમાંથી એક મિસ્રો પણ આપે પસંદ કરી લીધો તો મેહશરના મેદાનમાં એક અજબનો શોર મચશે કે એનો જુઓ ક઼બ્રથી પોતાના નબીની તારીફ કરવાવાળો આવ્યો.

*હમ તેરે ઔર તૂ હમારા હૈ મદીનેવાલે–દોનોં આલમસે તૂ પ્યારા હૈ મદીનેવાલે*
*અર્શવાલે ભી તો મોહતાજ હૈ વલ્લાહ તેરે–અંબિયાકા તૂ સહારા હૈ મદીનેવાલે*

## (નઅત શરીફ઼ : ૮૮)

**દો આલમસે આ'લા વ અમજદ મુહમ્મદ ﷺ**
**મુમજ્જદ મુહમ્મદ ﷺ મુહમ્મદ ﷺ મુહમ્મદ ﷺ**

*(અમજદ = સૌથી વધુ બુઝુર્ગીવાળો. મુમજ્જદ = કમાલ પામેલો)*

**અર્થાત** : બંનેવ જહાનોમાં સૌથી વધુ બુલંદો બાલા, મોઅઝઝ઼ તથા મુકર્રમ, ઈજ્જત તથા અઝમતવાળી જાત તે છે જેનું નામ નામી ઈસ્મે ગિરામી મુહમ્મદ ﷺ છે.

*મુહમ્મદ સિર્રે પિન્હાંમેં નિહાં હૈ—મુહમ્મદ અયને અઅમાને અયાં હૈ*
*મુહમ્મદ ફખ્ર હૈ પયગંબરોં કા—મુહમ્મદ મુક઼તદાએ મુરસલાં હૈ*
*મુહમ્મદ હૈ ચિરાગે અફરોઝે હસ્તી—મુહમ્મદ ક઼ાલિબે આલમકી જાં હૈ*
*મુહમ્મદ હૈ દવાએ દર્દમંદાં—મુહમ્મદ ચારાએ બેચારગાં હૈ (ﷺ)*

**અર્થાત** : આપ علیہ الصلوٰۃ والسلام એ ફ઼ર્માવ્યું : انا سید ولد آدم "હું જ સર્વ માનવોનો સરદાર છું, દુનિયામાં પણ અને આખેરતમાં પણ."

**વઝીફ઼ા હૈ મેરા મુહમ્મદ ﷺ મુહમ્મદ ﷺ**
**મુઝફ઼્ફ઼ર મુહમ્મદ ﷺ મુઐયદ મુહમ્મદ ﷺ**

*(મુઝફ્ફર = ફાતેહ, કામયાબ. મુઅય્યૂદ = જેની અલ્લાહ તરફથી મદદ કરવામાં આવી હોય, સમર્થન પામેલ)*

**અર્થાત** : મારો વઝીફો દરેક સમયનો એ જ છે કે હું મારા આ આક઼ાનું નામ લેતો રહું જેની અલ્લાહની બારગાહથી મદદ ફર્માવવામાં આવી અને તેમને ફ઼ાતેહે આલમ ઠરાવવામાં આવ્યા, એટલે મુહમ્મદ મુસ્તફ઼ા ﷺ.

*મુહમ્મદસે હૂઈ તકવીને કૌનેન—મુહમ્મદ મુદ્દઆએ કુન ફકાં હૈ*
*મુહમ્મદ હૈ બહારે બાગે ઈજાદ—મુહમ્મદ મક઼સદે હર ઈ વ આં હૈ*
*મુહમ્મદ હર જરાહત કા હૈ મરહમ—મુહમ્મદ મૂનિસે દિલે ખસ્તગાં હૈ*
*મુહમ્મદ હૈ મુહમ્મદ હૈ મુહમ્મદ—ફરિશ્તોંકા યહી દરે દઝબાં હૈ (ﷺ)*

**મુસમ્મા બેહ નામે અહમદ મુહમ્મદ ﷺ**
**કે અલ્હક્ક઼ અહમદ મુહમ્મદ ﷺ મુહમ્મદ ﷺ**

*(મુસમ્મા = નામ રાખવામાં આવ્યુ. અહમદ = પોતાના રબની ખૂબ તારીફ કરનારા. અલ્હક્ક઼ = યોગ્ય, દુરૂસ્ત)*

**અર્થાત** : દરેકનું એક જાતી નામ હોય છે, ત્યાં સુધી કે અલ્લાહ તઆલાનું પણ એક જ જાતી નામ છે,

એટલે અલ્લાહ جل جلالہ وعم نوالہ واعظم شانہ واتم برھانہ ولا غیرہ પરંતું અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને સિફાતી નામ પણ પોતાનાં જેટલાં ૯૯ અતા ફર્માવ્યાં અને જાતી નામ એકને બદલે બે અતા કર્યા : આસ્માનો પર અહમદ અને જમીન પર મુહમ્મદ ﷺ.

એ જ કારણે ઈસા علیہ السلام એ વધારે અરસો આસ્માન પર પસાર કરવાનો હતો એટલા માટે પોતાની કૌમના સમક્ષ હુઝૂર ﷺના આસ્માનવાળા જાતી નામથી ઓળખાવ્યા. ومبشرا برسول یاتی من بعدی اسمه احمد "હું તમને એ બરકતવાળા રસૂલની ખુશ ખબરી સંભળાવવા આવ્યો છું જે મારા પછી આવશે અને તેનું નામ અહમદ હશે." મુહમ્મદ તથા અહમદ બંનેવનો માદ્દો હમ્દ છે.

*નામે અહમદ મોઅતબર સોગાત હૈ—આપકી હર બાત કી કયા બાત હૈ*
*જિસકા પાની દોજહાંમેં ન મિલા—વો મુહમ્મદ મુસ્તફા કી ઝાત હૈ (ﷺ)*

**જલાલત કા ઈશ્કે મુઅચ્યદ ﷺ**
**રિસાલત કા રુકને મુશય્યદ મુહમ્મદ ﷺ**

*(જલાલત = બુઝુર્ગી, મહાનતા. રુકને મુશય્યદ = મજબૂત તથા ઊંચો કરેલ, નૂર તથા હિદાયતનો મિનારો)*

**અર્થાત :** જલાલત તથા બુઝુર્ગીનું સમર્થન પામેલ અને રિસાલતનો મહત્વનો તથા મજબૂત રુકને આ'ઝમ મુહમ્મદ મુસ્તફા ﷺ આપણા આકાનું વજૂદે બાવજૂદ છે.

*કુર્આને પાક ઉનપે ઉતાર ગયા 'નદીમ'—મૈંને અપને દિલમેં ઉતારા હૈ નામ ઉનકા*

**શફાઅત કા કૌલે મુઅક્કદ મુહમ્મદ ﷺ**
**મુહમ્મદ ﷺ મુહમ્મદ ﷺ મુહમ્મદ ﷺ મુહમ્મદ ﷺ**

*(મુઅક્કદ = તાકીદવાળો)*

**અર્થાત :** મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ કિયામતના દિવસે આમ ગુનેહગારોની શફાઅત ફર્માવશે, એ ઘણી જ પાકી વાત છે અને આવી પાકી વાતનો ઈખ્તિયાર કેવળ તેમને જ આપવામાં આવ્યો છે જેમનું નામ મુહમ્મદ ﷺ છે.

## (નઅત શરીફ઼ : ૮૯)

**જિસને ઈસ ગુલકી ન પાઈ રૂએ રોશનકી બહાર**
**કબ દિખાએ દેખીએ ઈસ સુથરે ગુલશન કી બહાર**

*(નપાઈ = ન પામી)*

**અર્થાત :** જેણે બાગે કુદ્દસના મુબારક ફૂલ મહબૂબે ખુદા ﷺના મુનવ્વર તથા રોશન ચહેરા મુબારકની બહાર (વસંત)ને ન હાંસલ કરી (તે શું જાણે તે કેવા હતા ? અરે ! આ તો તેમના ગુલામોની શાન છે : وَاِذَا ذُكِرَ اللّٰهُ કે જ્યારે તેમને જોવામાં આવે છે તો ખુદા યાદ આવી જાય છે.) તો પછી આક઼ા ﷺની શાન ભલા કેમ ન હોય : من رانی فقد رای الحق "જેણે મને જોયો તેણે હક્ક઼ જોયો." હે અલ્લાહ ! તું અમને એ પાક ગુલશનની બહાર ક્યારે દેખાડીશ ?!

*આપકા અહમદ ગર મિલા હોતા–મૈં ભી હમ અસ્ર કઅબકા હોતા*
*ઝખ્મ જો આપકો અહદ મેં લગા–મેરે માથે ભી વો ખિલા હોતા*
*મૈં ઉતર જાતા કુફ્ર કે દલમેં–આપકા તીર બન ગયા હોતા*

**મેહકી ઝળ્યાં, મોર કૂંકે સબા કા મસ્ત હાલ**
**છેળતી હૈ અશ્ક વ આહ વ નાલાએ સાવન કી બહાર**

**અર્થાત :** દીદારે મુસ્તફ઼ા ﷺની તડપમાં આંખોથી આંસૂઓની લળીઓ (હારો) બંધાઈ ગઈ છે. મોરોનો સૂરીલો અવાજ અને બાદે સબાની (સવારની હવાની) મસ્તી અધિક છેડી રહી છે, અને મારાં આંસુઓ આહો તથા રૂદનમાં વધારો કરીને સાવનની ઋતુ વસંત બનાવી રહી છે.

આશિક઼ાને મુસ્તફ઼ા, મહબૂબે ખુદા ﷺની ઝિયારતના માટે કેટલા પ્રમાણમાં બેચેન તથા બેક઼રાર રહે છે, એના સંબંધે હજારો બનાવો રજૂ કરી શકાય છે. દાખલા રૂપે મૌલાના મુફ઼્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہનો શેઅર જુઓ :–

*રૂહ ન ક્યૂં હો મુઝતરિબ મૌત કે ઈંતેઝારમેં–સુના હૈ મુઝ કો દેખને આયેંગે વો મઝાર મેં*

મૌલાના આસી લખનવીએ કહ્યું :–

*આજ ફૂલે ન સમાયેંગે કફ઼નમેં 'આસી'–ક઼બ્ર કી રાત હૈ ઉસ ગુલસે મુલાકાત કી રાત*

**એક જરૂરી વાત :** જરૂરી વાત એ છે કે આ પ્રકારની ખ્વાહિશ કરવાના માટે પણ કાંઈક તૈયારી જરૂરી છે. કેમ કે : (શેઅર) *અમલસે ઝિંદગી બનતી હૈ જન્નત ભી જહન્નમ ભી.*

હઝરત સૈયદી અબુલ બરકાત સૈયદ અહમદ ક઼ાદરી, મુફ઼્તીએ આ'ઝમ પાકિસ્તાન رحمۃ اللہ علیہના વાલિદે ગિરામી

સનદુલ મુહદ્દિષીન અબૂ મુહમ્મદ સૈયદ દીદારઅલી શાહ સાહબ મુહદ્દિષુલવરા رحمۃ اللہ علیہ જ્યારે ક઼બ્રમાં સરકાર ﷺના આગમનવાળી હદીષ, દૌરએ હદીષના તલબાને પઢાવતા તો અમે ખુદ તે તલબા (જે અમે બુઝુર્ગીની હાલતમાં જોયા)થી સાંભળ્યું અને તે તલબા પણ આ બનાવ વર્ણન કરતાં ચોધાર આંસૂએ રડવા લાગતા કે જ્યારે અબ્બાજી (મુહદ્દિષુલવરા) આ હદીષ પર પહોંચતા તો ઉભા થઈ જતા અને મદીના શરીફની તરફ મોં કરીને ગળામાં પટકો રાખીને રડવાનું શરૂ કરી દેતા અને દુઆ કરતા, ''યા અલ્લાહ ! આમ તો મૌતની દુઆ ન માગવી જોઈએ, પરંતુ દીદાર અલી દીદારે રસૂલના માટે તારાથી દુઆ કરે છે કે જો જિંદગીમાં નહીં તો હમણા મૌત આવી જાય જેથી કરીને તારા મહબૂબનો દીદાર તો નસીબ થઈ જાય ! મુહદ્દિષુલવરાના ખાસ શાગિર્દ મૌલાના મુહમ્મદબશીર અહમદ અબૂન્નૂર, સુલ્તાનુલ વાઈઝીન رحمۃ اللہ علیہની મોક઼ાસરની એક રૂબાઈ છે :–

*ક઼બ્રમેં સરકાર આએં તો કદમોં પે ગિરું–ઔર ફરિશ્તે સર ઉઠાએં તો મૈં ઉનસે યહ કહૂં*

*કે મૈં પાએ નાઝસે અબ અય ફિરિશ્તોં ક્યૂં ઉઠું–મરકે પહુંચા હૂં યહાં ઈસ દિલરુબા કે વાસ્તે*

**આબો તાબે ગુલસે ઉસ્કો ઔર મિરચેં લગ ગઇં**
**બુંદ બનકર સીનએ પુરનૂર પર છનકી બહાર**

**અર્થાત :** આપણા આક઼ા ﷺની શાનો શૌકત બદ્ અક઼ીદા તથા રસૂલ ﷺના ગુસ્તાખોને એક રજમાત્ર પણ ભાવતી નથી, બલ્કે હુઝૂર ﷺની શાન જોઈને તેમને મરચાં લાગી જાય છે ! પરંતુ આશિક઼ાને મુસ્તફા ﷺ પોતાના મહબૂબ ﷺની અઝમત તથા શાન સાંભળીને અને બયાન કરીને બહારે જાં ફિઝાના જેવી લિજ્જત પામે છે અને કુર્બાન થઈ જાય છે. એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ તાકીદથી કહ્યું છે :–

*ઝિક્ર ઉન્કા છેળીયે હર બાતમેં–છેળના શૈતાન કા આદતકી જિયે*

**ક્યૂં રઝા વો નન્ને નન્ને ગોરે ગોરે હાથ પાઉં**
**દાગે મહમૂદી હૈ દિલ પર તેરે બચપન કી બહાર**

**અર્થાત :** હે અહમદ રઝા ! તારા આક઼ા ﷺના પ્યારા પ્યારા ગોરા ગોરા નૂરાની હાથ અને પગો કેવી શાન ધરાવે છે ?! આપના બચપનની બહાર આપણા દિલ પર ઉમદા નિશાન બનીને નક઼્શ થઈ ચૂકી છે.

## (નઅત શરીફ : ૯૦)

**કહતા રહા કે જાનિબે ઈસ્યાં ન આએ દિલ–ઈન રહઝનોંને લૂટ લી આખિર સરાએ દિલ**

**અર્થાત :** હું તો દુહાઈ દેતો રહ્યો કે મારું દિલ ગુનાહોની તરફ ન વળે અને અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺની નાફર્માનીથી બચેલો રહું, પણ શું કરું આ ડાકૂ તથા લૂટેરા (નફ્સ તથા શૈતાન) શક્તિવાન જ એટલા છે કે તેમણે મારા દિલનું મુસાફરખાનુ લૂંટી જ લીધું. એટલે કે લોકોના દિલથી દીનની મહોબ્બત કાઢીને ખુદ બેસી જાય છે :– إِنَّهُ لَكُمْ عَدُوٌّ مُّبِينٌ *યા ઈલાહી ! રહમ કુન બર મા હમા–અફ્વા કુન જુમ્લા ગુનાહે મા હમા*

**ચમકા કે બર્ક જલ્વા જલા દીજે તૂરે શાં–અરેની અગર કહા તો યહી હૈ સઝાએ દિલ**

**અર્થાત :** જે પણ દિલ તારા દીદારની તમન્ના કરે તેની એ જ સજા છે કે જલ્વાની વીજળી ફેંકીને તેને તૂરની જેમ સળગાવીને રાખ કરી દેવામાં આવે.

**જોશે હવાએ નફ્સ હૈ ઈસ્યાં કા દૌર હૈ–દિલ કી ખબર લે જલ્દ મેરે ગમઝાએ દિલ**

*(હવાએ નફ્સ = મનેચ્છાઓ. ઈસ્યાં = ગુનાહો)*

**અર્થાત :** નફસયાની ખ્વાહિશાત, બેરાહરવી અને ગુનાહોનો દૌર દોરો (માહોલ) છે. હે મારા ગમને મિટાવનારા મદીનાના તાજદાર ! ખુદારા ! જલ્દીથી ખબર લો જેથી મારું દિલ નફ્સ તથા શૈતાનના હુમ્લાઓથી બચેલુ રહે, અને મારી જિંદગી તથા મૌત કેવળ અને કેવળ અલ્લાહ વ રસૂલના માટે વક્ફ થઈ જાય, જેથી આખેરતની ઝિલ્લત તથા બેઈજ્જતીથી બચી શકુ, કેમ કે જો મારી અંદર આખેરતની ફિકર ન પેદા થઈ શકી તો પછી કાંઈ થઈ શક્શે નહીં.

*આરઝૂ દુન્યા વદીં કી દિલ હીમેં લે જાએગા–બાત કરને કી ભી ફુરસત ફિર નહીં તૂ પાએગા*
*આંખસે તૂ દેખ પળ્હ લે જિતના હો સકે કુર્આન–હો ન જા અંધા કહીં હુકમે ખુદાસે મહરબાં*
*કર ઝબાંસે રોઝો શબ તૂ ઝિક્રે મૌલા અય મિયાં–હો ન જા ગુંગા કહીં યક બારગી અય મહરબાં*
*ચલ સકે પાઉં સે જિતના, જા ખુદા કી રાહમેં–નફ્લ પળ્હ લે હો ન જાએ દર્દ તેરે પાઅમેં*
*જો કે દુન્યા હૈ કિસી કો દે લે અપને હાથસે–હાથસે દુન્યા બળી નેઅમત હૈ ઈસકો જાન લે*
*કર જવાની મેં ઈબાદત હક્ક તઆલા કી મદામ–હાર જાએગા બુળ્હાપે મેં બદન તેરા તમામ*

હઝરત શફીક બલ્ખી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ મને ઈલ્હામ ફર્માવ્યો કે, લોકો ચાર વાતોને માને પણ છે પરંતુ છતાં અમલ તેની વિરુદ્ધ કરે છે :–

❒ કહે છે : نحن عبید اللہ અમે અલ્લાહના બંદા છીએ, છતાં આરઝૂઓ અન્ય ચીજોની કરે છે.
❒ કહે છે : અમારી રોજીનો જિમ્મેદાર અલ્લાહ જ છે, પણ દુનિયાની ચીજોના સિવાય તેમને તસલ્લી નથી થતી.
❒ કહે છે : દુનિયાથી આખરેત બેહતર છે, પણ દુનિયા માટે દૌલત અને આખેરત માટે ગુનાહ ભેગા કરે છે.

❒ મૌતને માને છે પણ તેની તૈયારી નથી કરતા, બલ્કે એવા ગાફ઼ેલ છે કે જાણે મરવાનું જ નથી !

હઝરત ઈસા علیہ السلام જ્યારે મૌતને યાદ કરતા તો તેમના શરીરથી લોહીનાં ટીપાં ટપકતાં હતાં. હઝરત દાઊદ علیہ السلام જ્યારે મૌતનો ઉલ્લેખ કરતા તો આપના શરીરનો સાંધે સાંધો ઢીલો પડી જતો અને પછી અલ્લાહની રહમતનો ઝિક્ર કરતા તો શરીરમાં જાન આવી જતી.

હઝરત ષાબિત બુનાની رحمۃ اللہ علیہ એક ક઼બ્રસ્તાનથી પસાર થયા તો પાછળથી અવાજ આવ્યો, એવું ન સમજતો કે બહાર ખામોશી છે અંદર પણ એ જ પ્રમાણે સુકૂન જ હશે, અને ધોકો ન ખાય જતો કેમ કે અંદરવાળા ઘણા પરેશાન છે ! પાછળ ફરીને જોયું તો કોઈ ન હતું.

માણસે પોતાના સારા દોસ્ત બનાવવા જોઈએ કેમ કે મૌતના સમયે દોસ્તોની શક઼લો સામે કરવામાં આવે છે, નેક દોસ્તો હશે તો અંજામ સારી રીતે થવાની અધિક ઉમ્મીદ છે.

હે ગાફ઼ેલ મુસલમાન ! પોતાના રબના આ ઈર્શાદો પર વિચાર કર ! :–

❒ اَیۡنَ مَا تَکُوۡنُوۡا یُدۡرِکۡکُّمُ الۡمَوۡتُ وَلَوۡ کُنۡتُمۡ فِیۡ بُرُوۡجٍ مُّشَیَّدَۃٍ "તમે મજબૂત ક઼િલ્લાઓમાં પણ ગયા તો પણ મૌત તમને નહીં છોડે." *(સૂરએ નિસાઅ, ૪/૭૮)*

❒ قُلۡ لَّنۡ یَّنۡفَعَکُمُ الۡفِرَارُ اِنۡ فَرَرۡتُمۡ مِّنَ الۡمَوۡتِ اَوِ الۡقَتۡلِ "ફ઼ર્માવી દો ! જો મૌતના ડરથી ભાગો છો તો એ ભાગવું તમને કાંઈ ફ઼ાયદો ન આપશે." *(સૂરએ અહઝાબ, ૩૩/૧૬)*

❒ قُلۡ اِنَّ الۡمَوۡتَ الَّذِیۡ تَفِرُّوۡنَ مِنۡہُ فَاِنَّہٗ مُلٰقِیۡکُمۡ ثُمَّ تُرَدُّوۡنَ اِلٰی عٰلِمِ الۡغَیۡبِ وَ الشَّہَادَۃِ فَیُنَبِّئُکُمۡ بِمَا کُنۡتُمۡ تَعۡمَلُوۡنَ "જે મોતથી તમે ભાગો છો તે તમને જરૂર પકડશે, પછી તમો આલિમુલ ગયબ વશશહાદહની સામે પેશ કરવામાં આવશો જે તમને બતાવશે કે તમે દુનિયામાં શું કરતા રહ્યા." *(સૂરએ જુમ્આ, ૬૨/૮)*

સારાંશ કે શૈતાનની તથા નફ઼્સની શરારતોમાં ફસાયને આખેરતની ફ઼િકરથી મુક્ત ન થવું જોઈએ અને આશિક઼ે રસૂલ છીએ તો અલ્લાહ વ રસૂલ ﷺનાં ફ઼ર્માનોથી વિરુદ્ધ ન જીવવુ જોઈએ, નહીં તો આખેરતમાં અંજામ બુરો ભાગવવો પડશે.

**ફ઼ર્યાદ મહરે હશ્રસે અય સાહિબે લિવા–લૂટતા હૈ દિનકો ક઼ાફ઼લાએ બેનવાએ દિલ**

*(લિવા = લિવાઉલ હમ્દ જે ક઼યામતમાં હુઝૂર ﷺના હાથમાં હશે)*

**અર્થાત** : હે મેદાને મેહશરના ચમકતા સૂરજ ! અને હમ્દનો ઝંડો ઉઠાવનાર આક઼ા ! આપની બારગાહમાં ફ઼રિયાદ છે, અમને ક઼યામતની ધૂળથી બચાવજો, ક્યાંક એવું ન થાય કે અમે બેનવાંઓનો કાફ઼લો હશ્રના ભરેલા મેદાનમાં ધોળા દહાડે સૌની સામે લૂટાઈ જાય.

**આહિસ્તા પાઉં રખના મદીને કી રહ 'રઝા'–દિલ ફ઼ર્શે રાહ હૈં ન કોઈ ટૂટ જાએ દિલ**

**અર્થાત** : હે રઝા ! મદીનાની ગલીઓમાં આશિક઼ાને મુસ્તફ઼ા ﷺએ પોતાનાં દિલ બિછાવ્યાં છે, જેથી ક઼દમ ધીરેથી રાખજે ! ક્યાંક કોઈ આશિક઼નું દિલ તૂટી ન જાય.

*હરમ કી ઝમીં ઔર ક઼દમ રખકે ચલના–અરે ! સરકા મૌક઼ા હૈ ઓ જાનેવાલે*

## (નઅત શરીફ : ૯૧)

### *(આ પૂરી નઅતમાં કયાંક હોઠો આપસમાં ભેગા નથી થતા)*

**સૈયદે કૌનેન સુલ્તાને જહાં–ઝિલ્લે યઝદાં શાહે દીં અર્શ આસ્તાં**

*(ઝિલ્લે યઝદાં = ખુદાનો સાયો, મુરાદ અલ્લાહની રહમત)*

**અર્થાત :** આપણા આક઼ા તે છે જે બંને જહાનના સરદાર છે અને દુનિયા તથા આખેરતના બાદશાહ છે. ખુદાની રહ઼મતનો સાયો છે. દીનના સરદાર અને બુલંદો બાલા બારગાહવાળા છે.

*મુહમ્મદન્ સૈયદુલ ક઼ૌનૈને વષક઼લૈન–વલ્ફરીકૈનિ મિન અરબિ વ મિન અજમિ –(ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہ)*

**કુલસે આ'લા કુલસે અવલા કુલ કી જાં–કુલ કે આક઼ા કુલ કે હાદી કુલ કી શાન**

**અર્થાત :** સર્વ મખ્લૂક઼થી અફઝલ તથા આ'લા છે. સૌથી બેહતર અને સૌની જાન છે. સૌના સરદાર, સૌને હિદાયત આપનાર અને સૌની શાન આપના જ દમક઼દમથી છે.

*કિતની તસ્કીન વાબસ્તા હૈ તેરે નામ કે સાથ–નીંદ કાંટોંપે ભી આ જાતી હૈ આરામ કે સાથ*

**હર હિકાયત હર કિનાયત હર અદા–હર ઈશારત દિલનશીં વ દિલ નિશાં**

**અર્થાત :** આપની દરેક વાત, દરેક ઈશારો તથા દરેક અદા દિલોમાં ઉતરી જનારી, અને પરેશાન દિલને ચૈન તથા ક઼રાર બખ્શનારી છે.

**દિલ દે દિલ કો, જાને જાં કો નૂર દે–અય જહાને જાનવાલે, જાને જહાં**

**અર્થાત :** હે પ્યારા આક઼ા ! અમારા દિલને ખરેખર દિલ બનાવી દો કે જેથી તેમાં અન્ય કોઈની મહોબ્બત ન આવે, અને અમારી જાનને તમારા દીન પર કુર્બાન થવાની સમજ મળી જાય, જેથી હમેશાંની જિંદગી નસીબ થઈ જાય. આપ જાનની બહાર તથા રોનક છે, તો આપ જહાનની જાન પણ છો.

*મૈં નઅતે રસૂલે ખુદા લિખ રહા થા–કે તફસીરે અદ્વાં સમાં લિખ રહા થા*
*કલમસે મેરે રોશની ફેલતી થી–મૈં કિરતાસ પર મુસ્તફા લિખ રહા થા*

**આંખ દે ઔર આંખકો દીદારે નૂર–રૂહ દે ઔર રૂહ કો રાહે જિના**

**અર્થાત :** હે અલ્લાહ ! અમને દિલની આંખ અતા થઈ જાય અને આંખને નૂરનો દીદાર નસીબ થઈ જાય. અમને રૂહ પણ મળી જાય અને અમારી રૂહોને જન્નતનો રસ્તો પણ મળી જાય.

*આઈયે તસ્કીને જાને રાઝ કી બાતેં કરેં–હિજ્રકી શબ સૈયદે અબ્રારકી બાતેં કરેં*
*બુલબુલેં કરતી રહેં ગુલકી ચમનકી ગુફતગૂ–હમ મુહમ્મદ ﷺ કે લબો રુખ્સારકી બાતેં કરેં*

**અલ્લાહ અલ્લાહ યાસ ઔર ઐસી આસસે**
**ઔર યહ હઝરત, યહ દર, યહ આસ્તાં**

**અર્થાત** : સુબ્હાનલ્લાહ ! શું શાન છે હુઝૂર ﷺની બારગાહે બેકસ પનાહ તથા ઉમ્મીદ ગાહે બેકસ પનાહની. ભલા આવી બારગાહથી નિરાશાને શો સંબંધ ! જે બાારગાહમાં રહમતુલ્ લિલ્ આલમીન જેવો આક઼ા જલ્વાગાર હોય. وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ "અને જો જ્યારે જે પોતાની જાનો પર જુલ્મ કરે તો એ મહેબૂબ તમારી હુઝૂર હાજર થાય." (સૂ. નિસાઅ્, ૪/૬૪) જેમનો દર હોય અને સિત્તેર હજાર સવારે અને સિત્તેર હજાર સાંજે દરરોજ ઉતારનાર ફરિશ્તાઓનું આસ્તાના આલિયા જેનું ઘર હોય.

*મુક઼દ્દર આજ કિતને ઓજ પર હૈ–ઝબીં મેરી નસીબકા સંગે દર હૈ*
*નઝર જલ્વોંમેં ડૂબી જા રહી હૈ–મદીના રાત દિન પેશે નઝર હૈ*

**અર્થાત** : પ્રસંગને અનુરૂપ એક નઅતના અમુક શેઅર અત્રે રજૂ કરીએ છીએ જેને મુફક્કિ઼રે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ઼ઝમાં આ'ઝમી رحمۃ اللہ علیہએ લખી છે :–

*નબી કી રહગુઝર હૈ ઔર મૈં હૂં–ખુલા બાબે અષર હૈ ઔર મૈં હૂં*
*મુક઼દ્દર ઔજ પર હૈ ઔર મૈં હૂં–નબી કી રહગુઝર હૈ ઔર મૈં હૂં*
*કહાં મૈં ઔર કહાં સરકારે આલી–કરમ ફ઼ર્મા નઝર હૈ ઔર મૈં હૂં*
*તલબ સે ભી સિવા મુઝ કો મિલેગા–ખુલા બાબે અષર હૈ ઔર મૈં હૂં*
*મદીના મહબતે અન્વારે રબ્બ હૈ–મુનવ્વર બામો દર હૈ ઔર મૈં હૂં*
*ફ઼િરાઝે અર્શ કી હમ સાઈગી હૈ–કે શહરે મોઅતબર હૈ ઔર મૈં હૂં*
*જહાને કુદ્સ ઉતરા હૈ ઝમીં પર–ફરિશ્તા હમ સફ઼ર હૈ ઔર મૈં હૂં*
*ન છૂટે તા ક઼યામત યા ઈલાહી–નબી કા સંગે દર હૈ ઔર મૈં હૂં*
*સરે મિઝગાં સિતારે ઝિલ મિલાએ–નદામત ચશ્મે તર હૈ ઔર મૈં હૂં*
*નહીં હૈ ખૌફ઼ મંઝિલ નારસી કા–મહબ્બત રાહબર હૈ ઔર મૈં હૂં*
*મેરી મંઝિલ હૈ ઉનકા આસ્તાના–મુસલસલ ઈક સફ઼ર હૈ ઔર મૈં હૂં*
*રહે તયબહ મેં શાકિર કહ રહે થે–કે રિઝવાં હૈ 'ક઼મર' હૈ ઔર મૈં હૂં*

**તૂ ષના કો હૈ ષના તેરે લિયે–હૈ ષના તેરી હી દીગર દાસ્તાં**

**અર્થાત** : હે મારા આક઼ા ! તારીફ તથા તૌસીફ બધી જ આપની જ જાતના માટે વક઼્ફ છે, કેમ કે ખુદા પણ આપની તારીફ ફ઼ર્માવે છે, અને ખુદાઈ પણ. અને મુહમ્મદ (ﷺ)નો અર્થ જ એ છે કે જેની દરેક સમયે પ્રશંસા થતી રહે. અને પ્રશંસા આપને જ શોભે છે, બાકી તો સર્વ દાસ્તાનો તથા કિસ્સા કહાનીઓ છે.

*હૈ ઈલ્મો આગાહીકા સમંદર નબીકા નામ–લેતે હૈં ગૌષો કુતુબો કલંદર નબીકા નામ*
*ફુર્તે અદબસે મેરે ફરિશ્તે ભી ઝુક ગયે–મૈંને લિયા જો ક઼બ્ર કે અંદર નબી કા નામ*
*જબ ભી મેરે સામને મુશ્કિલ મક઼ામ આતા હૈ–તો લબપે મેરે મુહમ્મદ ﷺ કા નામ આતા હૈ*
*વો નામ જબ હોટોંપે આએ તો ક઼રાર આ જાએ–વો નામ જો મશ્અલે બઝ્મે વફા હૈ*

**તૂ ન થા તો કુછ ન થા, ગર તૂ ન હો–કુછ ન હો, તૂ હી તા હૈ જાને જહાં**

**અર્થાત :** અય સૃષ્ટિના સર્જનના સબબ આક઼ા ! જ્યાં સુધી આપનું નૂર પેદા ન થયું હતું ત્યાં સુધી અદમ જ અદમ (કોઈ ચીજનું અસ્તિતવ ન) હતું. આપ પેદા થયા તો કાઈનાતમાં બહાર આવી ગઈ. અને જો આપ ન હોય તો પછી કોઈ પણ ન રહે, કેમ કે આપ જ તો સર્વ જહાનની રૂહ તથા જાન છે.

*આપ કે દરસે મિલી દોનોં જહાંકી દૌલત–આપકે દરસે મેરા બાગે તમન્ના ચમકા*
*આપ કે હુસ્ને તકલ્લુમસે બહારેં ઝુમીં–આપ કે હુસ્ને તબસ્સુમસે સવેરા ચમકા*

**તૂ હો દાતા ઔર ઔરોંસે રજા–તૂ હો આક઼ા ઔર યાદે દિગરાં**

*(રજા = ઉમ્મીદ)*

**અર્થાત :** હે મારા દસ્તગીર બેકસાં આક઼ા ! આપના જેવો જેનો હિમાયતી તથા મદદગાર હોય તે બીજાઓથી ઉમ્મીદ શા માટે રાખે, અને આપના જેવો જે ગુલામનો આક઼ા હોય તે ગૈરોની સામે તલબનો દામન ફેલાવીને તેમની પ્રશંસા શા માટે કરતો ફરે, કેમ કે રબની સર્વ નેઅમતો તો આપ જ વહેંચો છો.

*તશ્નગી જબ તેરી રહમત કો સદા દેતી હૈ–મેરે હોટોંસે લિપટ જાતા હૈ દરયા તેરા*
*મૈંને ચાહા તુઝે યહ ભી હૈ નવાઝિશ તેરી–વરના હર એક કો મિલતા નહીં સદક઼ા તેરા*
*અર્શે આ'ઝમ કી તસ્વીર બના સકતા હૂં–રોઝા દેખા હૈ ''મુઝફ્ફર''ને ભી આક઼ા તેરા*
*–(મુઝફ્ફર વારષી)*

**ઈલ્તેજા ઈસ શિર્ક વ શરસે દૂર રખ–હો 'રઝા' તેરા હી, ગૈર અઝ ઇં વ આં**

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ પોતાના દરના ગુલામ અહમદ રઝા પર રહમતની નજર રાખજો, જેથી દરેક ક઼દમના શિર્ક, બુરાઈ તથા ગુનાહથી બચેલો રહું. જ્યારે હું આપનો ઉમ્મતી તથા ગુલામ છું તો અન્ય કોને ઈલ્તેજા કરું. અને એ જ દુઆ છે કે આપનો થઈને જીવું અને આપનો થઈને જ આ દુનિયાથી જાઉં, કોઈ ગૈરથી કોઈ કામ જ ન રહે. કેમ કે :–

*આપકે લમ્સે કફે પા સે જો ઝર્રા ચમકા–બનકે આઈના વાદીએ સીના ચમકા*
*ઉન્કી પલકોંને કફે પાએ પયંબર ચૂમે–કહકશાં, ચાંદ, સિતારોં કા નસીબા ચમકા*
*આપને કાંટો ફૂલોં કી કબાએં બખ્શીં–આપકે જલ્વોંસે રાતોં કા લિબાદા ચમકા*
*જિસ તરફ આપને દેખા ગુલે લાલા મહકે–આપ જિસ સમ્તસે ગુઝરે વો રસ્તા ચમકા*
*દાવાએ ઈશ્ક઼મેં સાદિક઼ હૈ ફક઼ત રાઝ વહી–જિસ દિલમેં શહે અબ્રાર કા ઉસ્વા ચમકા*

**જિસ તરહ હોંટ ઈસ ગઝલસે દૂર હૈં–દિલસે યૂંહી દૂર હો હર ઝન્નો ઝાં**

**અર્થાત :** જેવી રીતે આ પૂરી નઅતમાં હોઠ આપસમાં ભેગા નથી થયા, અને એકબીજાથી દૂર રહ્યા, અલ્લાહ કરે કે આપણા દિલ દરેક બદ્અક઼ીદા અને દીનના બારામાં શકમાં નાખનારા ધોકાથી મહેફૂઝ રહે. فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ "અને શકમાં નાખનારાઓમાંથી ન થઈ જાવ." *(સૂ. બક઼રહ, ૨/૧૪૭)*

*મેરી દુઆઓંકો વો દરજએ કુબૂલ મિલે–કે મૈં જો માંગું મુઝે સદક઼એ બતૂલ મિલે*
*ગમે રસૂલસે બળ્હકર ખુશી નહીં કોઈ–વો ખુશનસીબ હૈ જિસકો ગમે રસૂલ મિલે*
*તમામ ઉમ્ર કે સજદે તમામ હો જાએં–મેરી જબીં કો જો સંગે દરે રસૂલ મિલે*
*ચમક દમકમેં યહ માહે કમાલ હો જાએ–'હિલાલ' કો જો તેરે આસ્તાં કી ધૂલ મિલે*

## (નઅત શરીફ : ૯૨)

### સચ્ચી બાત સિખાતે યહ હૈં–સીધી રાહ દિખાતે યહ હૈં

**અર્થાત :** આપણા આકા઼ તથા મૌલા ﷺ તે સાદિક઼ તથા અમીન નબી તથા રસૂલ છે કે જેઓ સાચી વાત જ બતાવે છે. આપ એવા સાચા છે કે આપની જાનના દુશ્મન પણ આપને સાદિક઼ તથા અમીન કહે છે. અને આપના સાદિક઼ તથા અમીન હોવામાં શું શંકા હોય શકે છે, કેમ કે આપના ગુલામ સિદ્દીકે઼ અકબર બન્યા છે !

અને આપની શાન એ છે કે આપ સીધી રાહ સિરાતે મુસ્તક઼ીમ પર ચલાવનારા છે. જેમ કે અલ્લાહ તઆલાએ આપ علیہ الصلوۃ والسلامના બારામાં ફર્માવ્યું છે : وَاِنَّكَ لَتَدْعُوْهُمْ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ "હે મહબૂબ ! અલ્બત્ત તું જરૂર સીધી રાહની રહનુમાઈ ફર્માવનાર છે." *(સૂ. શુરા, ૨૩/૭૩)*

આ નઅત આ'લા હઝરત, અઝીમુલ બરકત رحمۃ اللہ علیہના રિસાલા "અલ્ઈસ્તિમ્દાદ"ની તમ્હીદ (પ્રસ્તાવના) છે જે હદાઈકે઼ બખ્શિશ ભાગ–૩ના પેજ–૪૪ પર નોંધાયેલ છે. આપ رحمۃ اللہ علیہએ આ નઅતનું નામ "નઅતે અન્વરે સૈયદે અકરમ" ﷺ રાખ્યું છે. આ નઅતની તફસીલી શરહ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ પણ લખી છે.

### ડૂબી નાવ તિરાતે યહ હૈં–હિલતી નીંવ જમાતે યહ હૈં

**અર્થાત :** આપ ﷺ ડૂબવાવાળી નાવ તરાવી દે છે, બલ્કે તેને કિનારા પર પાર લગાડી દે છે, અને કમજોર પાયાઓને મજબૂત કરી આપે છે.

*ઉસ ખુદાસે મુઝે કૈસે હો મજાલે ઈન્કાર–જિસકે શહ પારાએ તખ્લીક઼ કા ઉન્વાન તૂ હૈ*
*તેરે દમસે હમેં ઈર્ફાને ખુદાવંદ મિલા–નૂએ ઈન્સાનપે ખુદાવંદ કા એહસાં તૂ હૈ*

અલ્લાહ તઆલાએ હઝરત શોએબ علیہ السلامને વહી મોકલી કે હું મારા આખિરુઝ્ઝમાં નબીના થકી ગુમરાહીને હિદાયતથી, જેહાલતને ઈલ્મથી, ગુમનામીને ઉચ્ચતાથી, અજનબીપણાને નામવરીથી, ઉણપને અધિક્તાથી અને મોહતાજીને દોલતથી બદલી દઈશ. જેમ કે હુઝૂર ﷺની તશરીફ આવરીથી પહેલાં જે સંજોગો હતા તેનો અભ્યાસ કરવામાં આવે તો એ વાત સો ટકા સ્પષ્ટ થઈને સામે એવી જાય છે કે કેવો જેહાલતનો દૌર હતો અને જુલ્મો સિતમનું બજાર ગરમ હતું, અને પછી કેવી રીતે દુનિયામાં નૂર જ નૂર છવાય ગયું.

### ટૂટી આસ બંધાતે યહ હૈં–છૂટી નબ્ઝ ચલાતે યહ હૈં

**અર્થાત :** જેની ઉમ્મીદો તૂટી ચૂકી હોય અને આપણા આકા઼ ﷺ એમની ઉમ્મીદ પૂરી કરીને તેમનો સહારો બની જાય છે અને જે બીમારને બચવાની કોઈ ઉમ્મીદ ન હોય, તો આપણા આકા઼ ﷺના લુઆબે દહન (થૂક મુબારક)થી તેને નવી જિંદગી નસીબ થઈ જાય છે. જેના પર અસંખ્ય બનાવો સહીહ હદીષોમાંથી રજૂ કરી શકાય છે.

*ન હો આરામ જિસ બીમારકો સારે ઝમાનેસે– ઉઠા લે જાએ થોળી ખાક ઉન્કે આસ્તાનેસે (ﷺ)*

**અર્થાત :** મુસીબતો તથા દર્દની આગમાં સળગનારી જાનોને રહમતવાળા આક઼ા પોતાની રહ્‌મતુલ્‌ લિલ્આલમીનીથી આગને ઓલવી ઠંડી કરી આપે છે. અને રડનારી આંખને શફ઼ાઅતની ખુશખબરી સંભળાવીને ખુશ કરીને હસાવી દે છે.

*તઅજ્જુબ કી જા હૈ કે ફ઼િરદોસે આ'લા–બનાએ ખુદા ઔર બસાએ મુહમ્મદ ﷺ*
*તમાશા તો દેખો કે નારે જહન્નમ–લગાએ ખુદા ઔર બુઝાએ મુહમ્મદ ﷺ*
*(ડો. ઈક઼બાલ, અવરાકે ગુમ ગશ્તા, પેજ–૧૪૩)*

### કસ્રે દના તક કિસકી રસાઈ–જાતે યહ હૈં આતે યહ હૈં

**અર્થાત :** કુર્આને મજીદમાં ثُمَّ دَنَا فَتَدَلّٰى ની શાન પણ આપણા આક઼ાની જ વર્ણવવામાં આવી છે. અલ્લાહ તઆલાના કુર્બના મહલ સુધી કેવળ આપ ﷺની જ પહોંચ છે, આપ વારંવાર જઈ પણ રહ્યા છે અને આવી પણ રહ્યા છે.

*આઈના હૈં વો સિર્રે હક્ક઼નુમાઈકા–ઝિંદા પરતવ હૈં ઝાતે કિબ્રીયાઈકા*
*મુસ્તફ઼ા ઈન્તેહાએ વુસ્અતે તૌહીદ–કુછ ઠિકાના હૈ શાને મુસ્તફ઼ાઈકા !*
*(અન્વર ફ઼િરોઝપુરી)*

### ઉસકે નાઈબ ઉનકે સાહબ–હક્ક઼સે ખલ્ક઼ મિલાતે યહ હૈં

**અર્થાત :** આપણા આક઼ા عليه الصلوٰة والسلام અલ્લાહ તઆલાના નાઈબ અને ખલીફ઼એ આ'ઝમ છે અને અલ્લાહના દોસ્ત (મહબૂબ) છે જે મખ્લૂક઼ને ખાલિક઼થી મિલાવે છે.

### શાફ઼ેઅ નાફ઼ેઅ રાફ઼ેઅ દાફ઼ેઅ–ક્યા ક્યા રહમત લાતે યહ હૈં

**અર્થાત :** આપ ﷺ ગુનેહગારોની શફ઼ાઅત કરનાર, મખ્લૂકે ખુદાને નફ઼ો પહોંચાડનાર, બુલંદીઓવાળા અને મુસીબતો તથા તક઼લીફ઼ોથી ખુદાની મખ્લૂક઼ને બચાવનારા છે. જરા જુઓ તો આપણા આક઼ા કેવી કેવી રહમતો લઈને આપણી પાસે તશરીફ઼ લાવે છે.

### શાફ઼એ ઉમ્મત નાફ઼એ ખલ્ક઼ત–રાફ઼ેઅ રુત્બે પાતે યહ હૈં

**અર્થાત :** ઉમ્મતને બખ્શાવનારા, મખ્લૂક઼ને અલ્લાહનો ફ઼ૈઝ પહોંચાડનારા, મર્તબાઓને વધારનારા આપ ﷺ છે.

### દાફ઼ેઅ યઅની હાફ઼િઝ વ હામી–દફ઼એ બલા ફ઼ર્માતે યહ હૈં

**અર્થાત :** હુઝૂર عليه الصلوٰة والسلام દાફ઼ેઅ એ અર્થમાં છે કે આપ આપની ઉમ્મતના રક્ષક તથા ગમખ્વાર છે જે એનાથી બલાઓ તથા મુસીબતોને દૂર કરે છે.

### ફ઼યઝે જલીલ ખલીલસે પૂછો–આગમેં બાગ ખિલતે યહ હૈં

**અર્થાત :** જો આપની ફ઼યઝ રસાની (લાભ પહોંચવાના) વિશે પૂછવું છે તો ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه السلامથી પૂછો કે અલ્લાહના ફ઼યઝથી અને હુઝૂર ﷺની બરકતથી તમના પર નમરૂદની આગ બાગ બની ગઈ.

હઝરત ઈસ્માઈલ عليه السلامના ગળા પર છરીનું ચાલવું, આદમ عليه السلامને ફરિશ્તાઓએ સજદો કરવું, નૂહ عليه السلامનું તોફાનથી બચવું સૌ નૂરે મુસ્તફા ﷺની બરકતથી હતું.

*ઠોકરોં કે સિવા ઔર પાએગા ક્યા–જિસકી મંઝિલકા કોઈ ન હો રહનુમા*
*અપની મંઝિલપે હરગિઝ ન પહુંચેગા વો–હાથમેં જિસકે દામન તુમ્હારા નહીં*

**ઉન્કે નામ કે સદક઼ે જિસસે–જીતે હમ હૈં જિલાતે યહ હૈં**

**અર્થાત :** આ સૌ એ ﷺના નામે નામી ઈસ્મે ગિરામીનો સદક઼ો છે કે આપણે ઝિંદા તથા સલામત છીએ અને સરકારે મદીના ﷺ મુર્દાઓને જીવંત કરી રહ્યા છે.

*લબોંપે જિસ કે મુહમ્મદ ﷺ કા નામ રહતા હૈ–વો રાહે ખુલ્દ પે મહ્વે ખિરામ રહતા હૈ*
*જો સર ઝુકાએ મુહમ્મદ ﷺ કે આસ્તાને પર–ઝમાના ઉસ્કા હમેશા ગુલામ રહતા હૈ*

**ઉન્કી બખ઼્શિશ ઉન્કા સદક઼ા–દેતા વો હમ દિલાતે યહ હૈં**

**અર્થાત :** બખ઼્શિશ ખુદાની છે પણ મગર સદક઼ો મુસ્તફા ﷺ નો છે. અલ્લાહ આપે છે અને હુઝૂર ﷺ વહેંચણી કરે છે. واللہ یعطی وانا قاسم

*બગૈર ઉનકે તવસ્સુતસે જો મિલે મુઝકો–ક઼સમ ખુદાકી ! મુઝે વો ખુશી ભી રાસ નહીં*
*હુવા હુઝૂર સે વાઝેહ તસવ્વુરે વહદત–હમારે દીનકી ઉસ્કે સિવા અસાસ નહીં*

**ઉનકા હુકમ જહાંમેં નાફ઼િઝ–ક઼બ્ઝા કુલ પે રખાતે યહ હૈં**

**અર્થાત :** આપણા આક઼ા ﷺનો હુકમ પૂરા જહાનમાં લાગુ થયેલો છે. فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ અને દરેક ચીજ આપના જ કબજામાં છે. اعطیت مفاتیح خزائن الارض મને સર્વ જમીનની તમામ ચાવીઓ આપી દેવામાં આવી છે.

**ઉનકે હાથમેં હર કુંજી હૈ–માલિકે કુલ કહલાતે યહ હૈં**

**અર્થાત :** ક઼ાદિરે મુત્લક઼ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ (અલ્લાહ દરેક ચીજ પર શક્તિમાન છે. –સૂ બક઼રહ, ૨/૨૦)ના ખલીફાએ આ'ઝમ આપણા આક઼ા જ છે, અને કુન (અલ્લાહનો હુકમ થઈ જા)નો જલ્વો આપની જ જાતથી જોવા મળે છે.

**ઉનકે હાથમેં હર કુંજી હૈ–માલિકે કુલ કહલાતે યહ હૈં**

**અર્થાત :** અલ્લાહ તઆલાએ સર્વ જહાનના ખજાનાઓની ચાવીઓ પોતાના મહબૂબ ﷺના હાથોમાં આપી દીધી છે, એટલા માટે આપ દરેક ચીજના માલિક તથા મુખ્તાર છે.

*વો ઝબાં જિસકો સબ કુનકી કુંજી કહેં–ઉસકી નાફ઼િઝ હુકૂમતપે લાખોં સલામ*

**اِنَّاۤ اَعْطَيْنٰكَ الْكَوْثَرَ–સારી કષરત પાતે યહ હૈં**

**અર્થાત :** હે મહબૂબ ! બેશક ! અમે તમને કૌષર (બેહદ તથા બેહિસાબ કમાલો, મોજિઝા, ખૂબીઓ) અતા ફર્માવી. દરેક ભલાઈ તથા નેઅમતની એકદમ અધિકતા અલ્લાહે પોતાના મહબૂબને અતા કરી

દીધી. الکوثر ھو الخیر الکشیر

*બયાં કયા શાન હો શાને મુહમ્મદ – કલામુલ્લાહ ઉન્વાને મુહમ્મદ (ﷺ)*

### રબ હૈ મુઅ્તી યહ હૈં ક઼ાસિમ-રિઝ્ક઼ ઉસ્કા હૈં ખિલાતે યહ હૈં

**અર્થાત :** રબ અતા કરવાવાળો છે અને તેના મહબૂબ વહેંચણી કરનારા છે. રિઝ્ક઼ રોજી તો અલ્લાહની જ છે પણ આપે છે પોતાના મહબૂબ ﷺના ઝરીયાથી.

*લા વ રબ્બિલ અર્શ જિસકો જો મિલા ઉનસે મિલા–બટતી હૈ કૌનેન મેં નેઅમત રસૂલુલ્લાહ કી ﷺ*

### માતમ ઘરમેં એક નઝરમેં-શાદી શાદી રચાતે યહ હૈં

**અર્થાત :** પરેશાનીઓ અને ગમો ભર્યા ઘર (માતમ કદાઓ)માં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નૂરાની ક઼દમ લાગી જાય તો તે ઘર ખુશીઓનું મર્કઝ (કેન્દ્ર) બની જાય. સર્વ ખુશીઓ હુઝૂર ﷺના દમ ક઼દમથી છે અને દરેક ઘરની રોનકો આપના જ ઘરની ખૈરાત છે.

*જિધર દેખો ઉધર હી જલ્વાગર હૈ – વો ચમકા રૂએ તાબાંને મુહમ્મદ ﷺ*

### અપની બની હમ આપ બિગાડેં-કૌન બનાએ બનાતે યહ હૈં

**અર્થાત :** આપણે લોકો આપણી ક઼િસ્મત જાતે જ બગાડીએ છીએ અને આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلام આપણી બગડેલી ક઼િસ્મતને સમારે છે. (શેઅર) *બિગળે હુવોંકો કિસને સંવારા તેરે બગૈર*

### લાખોં બલાએં કરોળોં દુશ્મન-કૌન બચાએ બચાતે યહ હૈં

**અર્થાત :** આપણી સમક્ષ દુનિયા તથા આખેરતની લાખો મુસીબતો અને કરોડો દુશ્મન છે જેમનાથી આપણને હુઝૂર علیہ الصلوٰۃ والسلامના સિવાય કોણ બચાવી શકે છે ?! ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

یا اکرم الخلق مالی من الوذبہ۔ سواك عند حلول الحادث العمم

*ગુનેહગારો ન ગભરાઓ ન ગભરાઓ ન ગભરાઓ–વો નૂરે લમ યઝીલ બનકર શફીએ મુજરિમાં આયા*

### બંદે કરતે હૈં કામ ગઝબ કે-મુઝ્દા રઝાકા સુનાતે યહ હૈં

*હમ વો બંદે હૈં જો દિન રાત ગુનાહ કરતે હૈં–યહ વો આક઼ા હૈં જો સબ બખ્શ દિયા કરતે હૈં*

**અર્થાત :** આપણે ખુદાને નારાજ કરવાવાળાં કામો કરીએ છીએ અને આપણા આક઼ા આપણને ખુશખબરીઓ પર ખુશખબરીઓ સંભળાવતા જઈ રહ્યા છે.

*ખુદા કી રહમતોં બરકતોં મેં–લૂટા જાતા હૈ ફયઝાને મુહમ્મદ ﷺ*

### નઝએ રૂહમેં આસાની દેં-કલમા યાદ દિલાતે યહ હૈં

**અર્થાત :** જિંદગીની અંતિમ મંઝિલ પર જ્યારે કે કોઈ પણ કાંઈ નથી કરી શકતુ, દરેક જણ લાચાર હોય છે ત્યારે આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلام તશરીફ લાવીને આસાનીઓ પેદા કરે છે અને અમને કલમા શરીફ પઢવાનો ઈશારો કરે છે. એટલા માટે અલ્લાહ તઆલાએ આપ ﷺના ગુલામોના બારામાં ફર્માવ્યું :

لَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ "ન તેમને ડર છે અને ન ગમગીન થશે." *(સૂ. યૂનુસ, ૧૦/૬૨)*

*તેરી યાદસે યહ મુનવ્વર હૈ સીના– તેરા નામ લે લે કે બિગળી બના લી*
*વો આલમકે સુલ્તાન દો આલમ કે વાલી–સલામત રહે તેરા દરબારે આલી*
*'અમીર' ઉનકી શાને યતીમીપે કુર્બાં–ખુદાને કિયા જિનકો દો જગ કા વાલી*

## મર્કદમેં બંદો કો થપકકર–મીઠી નીંદ સુલાતે યહ હૈં

**અર્થાત :** કબરમાં જ્યારે કોઈ પણ કામ નહીં આવી શકે ત્યાં આપણા આક઼ા ﷺની જલ્વાગરી થશે અને પોતાના ગુલામને રહમતની થપકીઓ આપની મીઠી નીંદ સૂવડાવશે. અને આ ખૂબસૂરત અક઼ીદો હુઝૂર ﷺના આશિક઼ો તથા મતવાલાઓનો જ હોય શકે છે ન કે શુષ્ક ઝાહિદનો !

*જો સમઝા કુછ તો દીવાનોંને સમઝા–કોઈ ક્યા જાને ઈરફ઼ાને મુહમ્મદ ﷺ*

## મા જબ ઈકલોટે કો છોળે–આ આ કહ કે બુલાતે યહ હૈં

**અર્થાત :** મેહશરના મેદાનમાં જ્યારે મા પોતાના એકના એક પુત્રને છોડીને ભાગશે : يَوۡمَ يَفِرُّ الۡمَرۡءُ مِنۡ اَخِيۡهِۙ وَاُمِّهٖ وَاَبِيۡهِۙ وَصَاحِبَتِهٖ وَبَنِيۡهِؕ "જે દિવસે બંદો પોતાના ભાઈથી, મા બાપથી, પત્ની પુત્રોથી ભાગશે." *(સૂ. અબસ, ૮૦/૩૪ થી ૩૬)* કેવળ હુઝૂર ﷺ જ રહ઼મતભર્યા અવાજમાં પોકારી રહ્યા હશે. انا لها انا لها (અના લહા અના લહા) આવી જાવ ! આવી જાવ ! હું છું તમારી શફ઼ાઅતના માટે.

*તમન્ના હૈ સરે મહશર જબ આઓ–હો મેરે સરપે દામાને મુહમ્મદ ﷺ*
*'અમીર' સાબરી ક્યા લિખ સકેગા–ખુદા ખૂદ હૈ ષના ખ્વાને મુહમ્મદ ﷺ*

## બાપ જહાં બેટે સે ભાગે–લુત્ફ વહાં ફ઼ર્માતે યહ હૈં

**અર્થાત :** બાપ પણ જ્યાં પોતાની ઔલાદને ભૂલી જશે ત્યાં કેવળ મહબૂબે ખુદા જ મહેરબાનીનું પ્રદર્શન કરશે.

*મેરા આક઼ા દુશ્મન કો ઐસા નવાઝે–હૈ મશ્હૂરે આલમ તેરી ખુશખુસાલી*
*રસૂલોંમેં હાસિલ હુવા ન કિસી કો–તેરા ઐસા રુત્બા તેરી શાન આલી*
*હૈ તેરે કરમમેં છુપા વો ખઝીના–શહનશાહ બને તેરે દરકે સવાલી*
*દિખાતી હૈ બેપર્દા જલ્વા ખુદાકા–સુનહરી તેરે સબ્ઝ ગુંબદકી જાલી*

## સન્ખોં બેકસ રોનેવાલે–કોન ચિપાએ ચિપાતે યહ હૈં

**અર્થાત :** આપણા જેવા લોકો કરોડો પોતાના અમલોની બુરાઈઓના કારણે મેહશરના મેદાનમાં પોતાના નસીબો પર રડશે અને આપણા આક઼ા ﷺ આપણને શફ઼ાઅતની ખુશખબરીઓ સંભળાવીને ચૂપ કરાવી રહ્યા હશે.

*રસૂલે ખુદા કી ગુલામી મેં ક્યા હૈ–ઝરા તુમ ગુલામીમેં આકર તો દેખો*
*ગુલામી યહ હૈ બાદશાહીસે બેહતર–ઈધર આઓ કિ઼સ્મત જગાકર તો દેખો*

**ખૂદ સજદેમેં ગિર કર અપની–ગિરતી ઉમ્મત ઉઠાતે યહ હૈં**

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! આપણા રહમતુલ્ લિલ્આલમીન આક઼ા علیہ الصلوٰۃ والسلام કયામતમાં જ્યારે પોતાની ઉમ્મતની કફોડી હાલત જોશે તો સજદામાં માથુ રાખી દેશે અને પોતાની ઉમ્મતને દોઝખની આગથી બચાવશે.

*વો સમાં કૈસા ઝી શાન હોગા, જબ ખુદા મુસ્તફાસે કહેગા*
*અબ તો સજદેસે સરકો ઉઠાઓ, લો આપકી સારી ઉમ્મત બરી હૈ*

**નંગો બેનંગો કા પર્દા–દામન ઢક કે છુપાતે યહ હૈં**

**અર્થાત :** આપણી જેવા નગ્ન બેશરમ તથા બેહયા વારંવાર તૌબા તોડીને પોતાનો પર્દો ફાડતા રહે છે, અને આપણા પ્યારા આક઼ા ﷺ પોતાના રબથી દુઆ કરીને આપણી ઈજ્જત બચાવી લે છે.

**અપને ભરમસે હમ હલ્કોં કા–પલ્લા ભારી બનાતે યહ હૈં**

**અર્થાત :** આપણા અમલોનું પલ્લુ હલકુ જોઈને આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلام પોતાના ભરમ અને ભરોસાના વજનથી ભારે કરી આપશે જેનાથી આપણી નજાત યક઼ીની થશે.

**ઠંડા ઠંડા મીઠા મીઠા–પીતે હમ હૈં પિલાતે યહ હૈં**

**અર્થાત :** હૌઝે કૌષરના છલકતા ઠંડા મીઠા પાણીને આપણે પીતા જઈશું અને આપણા આક઼ા ﷺ પોતાના નૂરાની તથા ગોરા ગોરા મુબારક હાથો વડે આપણને પીવડાવતા જશે.

*'અમીર' આજ ઉન્કા કરમ હો રહા હૈ–ખિંચા જા રહા હૈ દિલ સૂએ મુહમ્મદ ﷺ*

**સલ્લિમ સલ્લિમ ઢારસસે–પલ કર હમ ચલાતે યહ હૈં**

**અર્થાત :** પુલસિરાત પરથી પસાર થતી વખતે હુઝૂર ﷺ રબની બારગાહમાં આપણી સલામતીની દુઆ કરી રહ્યા હશે કે હે અલ્લાહ ! મારી ઉમ્મતને સલામતીની સાથે પસાર કર. આપની દુઆ આપણી તસલ્લીના માટે પૂરતી છે જેનાથી આપણને ઢાઢસ બંધાય જશે અને હોંસલા બુલંદ થઈ જશે.

*ગુનેહગારો ! હમારા તઅલ્લુક઼ હૈ દો કરીમોંસે–ન રખો ખૌફ મેહશર કા ઈશારે હૈ મુહમ્મદ ﷺ કે*

**જિસકો ન કોઈ ખુલવા સકા–વો ઝંઝીર હિલાતે યહ હૈં**

**અર્થાત :** જે જન્નતને કોઈ પણ ન ખોલવી શક્શે, આપણા આક઼ા ﷺ તેનો દરવાજો ખટખટાવશે. આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, انا اول من یحرک حلق الجنۃ "હું જ સૌથી પ્રથમ જન્નતની સાંકળ હલાવીશ (દરવાજો ખોલાવીશ)."

*નિદા હોગી યહ મહશરમેં ગુનેહગારો ન ગભરાઓ–વો દેખો અબરે રહ઼મત ગુમ કે ઉઠા મુહમ્મદ ﷺ કા*
*ખુદા કે સામને પેશી હૂઈ જિસ દમ તો કહ દુંગા–બુરા હૂં યા ભલા લેકિન હૂં મૈં બંદા મુહમ્મદ ﷺ કા*
*هُوَ الْمُعْطِیْ وَاِنِّیْ قَاسِم સે સાફ ઝાહિર હૈ–બટેગા હશ્ર તક કોનૈનમેં બાળા મુહમ્મદ ﷺ કા*
*–(જમીલે ક઼ાદરી)*

**જિન કે છપ્પર તક ન ઉન્કે-મોતી મહલ સજવાતે યહ હૈં**

**અર્થાત** : જે લોકોને દુનિયામાં ઘાસના તણખલાઓની છત પણ નસીબ નથી તેમને કયામતમાં આપણા આકા ﷺ મોતીઓની સજાવટ કરેલા મહેલ લઈને અતા કરશે.

*હબીબે ખુદા કે ગુલામોં કે આગે સરે તાજદારાં ભી ખમ હો રહે હૈં*

*કિસી તાજવર કી હકીકત હી કયા હૈ, તુમ ઉન્કી ગુલામીમેં આકર તો દેખો*

**ટોપી જિન કે ન જૂતી, ઉન્કો-તાજ વ બુર્રાક દિલાતે યહ હૈં**

**અર્થાત** : જેમને દુનિયામાં માથા પર પહેરવા માટે ટોપી અને પગોમાં પહેરવા માટે જોડા મયસ્સર નથી, આપણા આકા ﷺ કયામતના દિવસે તેમનાં માથાંઓ પર તાજેશાહી સજાવી દેશે, અને જન્નતની સવારીઓ લઈને આપશે.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, દુનિયા મો'મિનના માટે કેદખાનુ અને કાફિરના માટે જન્નત છે. والاخرة سجن للكافر وجنة للمؤمن અને આખેરત ઈમાનવાળાઓ માટે જન્નત છે અને કાફિરના માટે કેદખાનુ. એ જ કારણે દુનિયામાં અલ્લાહવાળાઓએ મોટાભાગે ગરીબાઈમાં જિંદગી ગુજારી છે. હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہને કોઈએ વફાતના પછી ખ્વાબમાં જોયા કે દોડતા દોડતા જઈ રહ્યા છે. તેણે પૂછયું, ક્યાં દોડતા દોડતા જઈ રહ્યા છો ? ફર્માવ્યું, તું નથી જાણતો, કેદખાનાથી જન્નતની તરફ દોડી રહ્યો છું. દુનિયાના કેદખાનાથી મહામુશ્કેલીએ જાન છોડાવી છે, ભાગી રહ્યો છું કે ક્યાંક ફરીથી દુનિયામાં ન નાખી દેવામાં આવું.

ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ ઠાઠમાઠ સાથે ઉમદા લિબાસમાં બેહતરીન ઘોડા તથા નોકરોની સાથે જઈ રહ્યા હતા. એક કાફિર જે અતિશય કંગાળ હતો તેણે સવાલ કર્યો કે આપના નબીએ તો ફર્માવ્યું છે કે દુનિયા કાફિરના માટે જન્નત છે અને મો'મિનના માટે કેદખાનુ છે, પણ આપનો તથા મારો હાલ એની સાથે મળતું નથી આવતો ! ફર્માવ્યું, મારી આ શાનો શોકત તને જન્નત જણાય છે, જ્યારે કે મારા માટે જન્નતની સરખામણીમાં આ કેદ જ છે. અને જો તને દોઝખની તકલીફોની જાણ થઈ જાય તો તું આ ગરીબીને જન્નત સમજે અને તમન્ના કરે કે મને આ જ બેઈજ્જતી તથા રુસ્વાઈમાં જ રહેવા દેવામાં આવે.

**કહ દો 'રઝા' સે ખુશ હો ખુશ રહ-મુઝદા રઝાકા સુનાતે યહ હૈં**

**અર્થાત** : હે મારા આકા ﷺ આપના આ ગુલામ (અહમદ રઝા)ને પણ તમારી પ્યારી તથા મીઠી ઝબાન વડે એ મુઝદાએ જાંફિઝા સંભળાવી દો કે, ખુશ થઈ જા ! ગમ ન કર ! તું અમારો જ છે.

*હર જફા હર સિતમ ગવારા હૈં-ઈતના કહ દે તૂ હમારા હૈ*

## (નઅત શરીફ : ૯૩)

**યહ જામે તલ્ખ વહી ખુશગવાર કરતે હૈં**
**જો ઉન્કી યાદ દમે ઈહતેઝાર કરતે હૈં**

*(તલ્ખ = કડવો. ખુશગવાર = સ્વાદિષ્ટ, દમે ઈહતેઝાર = મૃત્યુ વેળા)*

**અર્થાત :** મૌતની સકરાત (મૌતની સખ્તીઓ)ના કડવા ઘૂંટડા તે જ ખુશનસીબ મીઠા તથા સ્વાદિષ્ટ બનાવે છે જેઓ મૃત્યુ વેળા પોતાના પ્યારા આક઼ા ﷺને યાદ કરે છે.

હઝરત બિલાલ હબ્શી رضی اللہ عنہના મૃત્યુનો સમય નજીક આવ્યો તો આપનાં ઘરવાળાં રડી રહ્યાં હતાં અને આપ ખુશ થઈને હુઝૂર ﷺની બારગાહમાં હાજરી અને સહાબાએ કિરામ (મર્હૂમીન)ની મુલાકાતને યાદ કરીને શેઅર પઢી રહ્યા હતા : واطرباه غدا نلقی محمدا واحباءہ "વાહ ! વાહ ! ખુશનસીબી ! હું કાલે મહબૂબે ખુદા અને આપના દોસ્તોને મળનારો છું." એનું કારણ એ પણ છે કે એક તો દરેક ક઼બ્રમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامની જલ્વાગીરી થાય છે. બીજુ ક઼બ્રમાં અન્ય કોઈ નબીના બારામાં સવાલ નથી થતો. કેવળ આપના ઉમ્મતીને આપના જ બારામાં સવાલ થશે. આગલી ઉમ્મતોને તેમના નબીઓના બારામાં પણ ક઼બ્રમાં સવાલ થતો ન હતો.

અને વળી હુઝૂર ﷺના ઉમ્મતીની કામયાબી પણ હુઝૂર ﷺના બારામાં સવાલના જવાબ પર થશે. વળી જે સવાલો થશે તે પણ બતાવી દેવામાં આવ્યા અને તેના જવાબો પણ. પછી આટલી છૂટ હોવા છતાં આશિક઼ાને મુસ્તફા મૌતના સમયે કેમ ન વજ્દ કરતા કરતા બારગાહે મુસ્તફામાં જાય ?

*બહારે ખુલ્દ સદક઼ે હો રહી હૈ તેરે આશિક઼ પર–ખિલી જાતી હૈં કલિયાં દિલકી તેરે મુસ્કુરાનેસે*

**હમારી નાવ કિનારે લગાએંગે ઈક રોઝ**
**વહી જો બે કસોંકે બેળે પાર કરતે હૈં**

**અર્થાત :** આપણી કશ્તી (નાવ) પણ તે જ આક઼ા ﷺ કિનારે લગાડશે જેમણે મોટા મોટા પાપીઓના બેડા ડૂબવાથી બચાવીને કિનારે લગાડી દીધા છે. જ્યારે તેમના ગુલામ કરામતના રૂપે ૧૨ વરસથી ડૂબેલી નાવને સહી સલામત કિનારે પાર લગાડી શકે છે તો આક઼ા علیہ الصلوٰۃ والسلام મો'જિઝારૂપે પોતાની ઉમ્મતનો ડૂબી રહેલો બેડો કેમ ન તરાવશે.

*નાદાં હૈ અબ ભી આપકા ઈન્કાર જો કરે–પથ્થર ભી દે ચૂકે હૈં શહાદત હુઝૂર ﷺ કી*
*મુહમ્મદ ﷺ કી નબુવ્વત દાઈરા હૈ નૂરે વહદતકા–ઉસી કો ઈબ્તિદા કહીએ ઉસીકો ઈન્તિહા કહીએ*

**હરમ કે કાંટો કો હમ ગુલ ભી કહ નહીં સકતે**
**કલેજે ઉન્કે હૈં જો ખાર ખાર કરતે હૈં**

**અર્થાત :** મદીના તયબહના કાંટાઓને અમે તો ફૂલ કહેતાં પણ ડરીએ છીએ કે ક્યાંક ગુસ્તાખી ન થાય.

*'ગુલોંસે ખાર બેહતર હૈં–જો દામન થામ લેતે હૈં'* પણ ઘણી હિંમત તથા હોસલો એ લોકોનો છે જેઓ મદીનાના ખારને કાંટા કાંટા કહેતાં થાકતા નથી.

*મદીના કી બહારોંસે સુકૂને કલ્બ મિલતા હૈ–ઉસીકે લાલઝારોં સે સુકૂને કલબ મિલતા હૈ*
*વો મક્કા હો મદીના હો કે શહરે કુદ્સ કી ગલિયાં–અકીદત કે દયારોંસે સુકૂને કલ્બ મિલતા હૈ*
*–(મુનીર કિસ્વરી)*

હુઝૂર ﷺની સવારી (ગધેડા)ના વિશે એક અન્સારી સહાબીએ રઈસુલ મુનાફિકીનને કહ્યું : (જ્યારે તેણે કહ્યું : الیك فواللہ لقد اذانی نتن حمارك "હે મુહમ્મદ ! આપનો ગધેડો જરા મજલિસથી દૂર કરીને બાંધો, એની બદબૂથી અમને તકલીફ થઈ રહી છે. તો ભરી મજલિસમાં તેને આ જવાબ મળ્યો) واللہ لحمار رسول اللہ صلی اللہ علیہ وسلم اطیب ریحا منك "હે લઅનતી ! બખુદા ! અમારા આકાની સવારીથી બદબૂ નહીં બલ્કે એવી ખુશ્બુ આવે છે કે તારી ખુશ્બુ એનો મુકાબલો નથી કરી શકતી." *(અયની, ૧/૨૦૯)*

મવાહિબે લદુન્નિયહમાં છે કે મજનૂં એક કૂતરાને પ્યાર કરી રહ્યો હતો, કેવળ એટલા માટે કે فان عینی راتہ مرۃ فی حی لیلی કે મારી આંખે એકવાર એને લયલાના મહોલ્લામાં જોયો હતો. તો પછી મુસ્તફા ﷺના આશિકોની નજીક મદીનાની ગલીઓનો આ મકામ કેમ ન હોય ?!

*જન્નત કે બાગસે હૈ સિવા કૂએ મુસ્તફા–ઈસમેં હૈ ફૂલ ઉસમેં હૈ ખુશ્બૂએ મુસ્તફા ﷺ*
*ગુલ હોગા ચારસૂ યહી મૈદાને હશ્રમેં–ચાહો અગર અમાં તો ચલો સૂએ મુસ્તફા ﷺ*

**હિસાબ દેંગે ફરિશ્તો ! મગર ઝરા આ લેં**
**વહી કે જિનકા હમ ઈન્તેઝાર કરતે હૈં**

**અર્થાત** : હે ફરિશ્તાઓ ! જરા થોભો ! તમને તમારા સવાલોના જવાબ આપીએ છીએ. પ્રથમ મારી કબ્રમાં મારા આકાને તો આવી જવા દો, જેમની મુલાકાતના માટે આખી જિંદગી મૌતની રાહ જોતા રહ્યા.

*અગર ઉમ્મુલ કુરા મેં ખાલિકે કૌનેનને શોરિશ–બઅહદે મુરસલ મુઝે પૈદા કિયા હોતા*
*હૈરા કી ખાકમેં તહલીલ મેરે જિસ્મોં જાં હોતે–મેરી લોહે જબીં પર આપ હી કા નક્શે પા હોતા*

**યહ નફ્સ એક હૈ દર્દા ! રઝા કા ભોલા સા**
**વો ચાલ ચલતા હૈ આપ એતબાર કરતે હૈ**

*(દર્દા = દર્દ. જેમ કે કરીમને કરીમા કહે છે સંબોધનમાં)*

**અર્થાત** : હે દર્દે ઈશ્કે મુસ્તફા ! ﷺ આ મારો નફ્સ ઘણો ધોકાબાઝ અને ચાલાક તથા હોશિયાર છે, જે જાહેરમાં ભોળો ભાળો જણાય છે, ક્યાંક તેના ધોકાઓના કારણે મને છોડી ન આપતો. એના પર મને ભરોસો નથી જેથી તું પણ એના પર ભરોસો ન કરતો.

## (નઅત શરીફ : ૯૪)

**ઓ નફ્સે તબાહકાર ! તૌબા !–તૌબા ! તૌબા ! હઝાર બાર તૌબા !**

**અર્થાત** : અરે ! હે નફ્સ ! કામ ખરાબ કરનાર ! મારી તૌબા છે, હજારવાર તૌબા છે. તારું કામ બંદાની આખેરત બર્બાદ કરવાનું છે અને બંદાનું કામ દરેક સમયે તૌબા કરતા રહેવાનું છે.

**મૌલા હો મેરા દિષાર તક્વા–યા રબ ! મેરા શિઆર તૌબા**

*(દિષાર = લિબાસ)*

**અર્થાત** : ખુદા કરે મારું ઓઢણુ બિછાનુ તક્વો બની જાય અને હે મારા પાલનહાર તૌબાને મારી નિશાની તથા અલામત બનાવી દે. (હુઝૂર عليه الصلوة والسلام એક એક મજલિસમાં કદીક સિત્તેર મર્તબા અને ક્યારેક ૧૦૦–૧૦૦ વાર તૌબા કરતા.)

**કયા ભૂલ ગએ શફીઅ અપના–ક્યૂં જમા હૈ ઈન્તેશાર તૌબા**

**અર્થાત** : હે લોકો ! શું તમે તમારા શફાઅત કરનાર કરીમ આક઼ા عليه الصلوة والسلامને ભૂલી ગયા છો ? ગુનાહ કરીને ઉદાસ કેમ છો ? આ પરેશાની તથા ગભરાહટ ક્યાંક તમને અલ્લાહની રહમતથી નિરાશ ન કરી દે.

**ઈસ્યાં ઈસ્યાંસે મેરે દિલે તંગ–તૌબા કી હૈ નંગ વ આર તૌબા**

**અર્થાત** : ગુનાહોની ગંદકીઓથી મારુ દિલ ઘણુ જ પરેશાન છે, હાય ! મારી તૌબા ! લોકો તો તૌબા તોડીને શરમ અનુભવે છે અને હું એટલો શર્મિંદો છું કે હવે શર્મ પણ મારાથી શરમ કરે છે.

**ખારે દશ્તે હરમ કે આગે–ઝિક્રે ચમન વ બહાર તૌબા**

**અર્થાત** : મદીના શરીફના કાંટાઓની સામે બાગો બહારનો ઉલ્લેખ જ શું છે ! ક્યાં દશ્તે તયબહના ખાર અને ક્યાં બીચારી બહાર ! આ સરખામણીથી પણ મારી તૌબા !

*ઔરોં કો દેં હુઝૂર યહ પયગામે ઝિંદગી–મૈં મૌત ઢુંઢતા હૂં ઝમીને હિજાઝમેં*

*આયે હૈં આપ લે કે શિફા કા પયામ કયા–રખતે હૈં અહલે દર્દ, મસીહાસે કયા કામ*

*–(બાંગે દાર)*

**મુઝસે તૌબા શિકન કા નામ સુનકર–તૌબા કરે, બાર બાર તૌબા !**

**અર્થાત** : મારી જેવા નાલાયક તૌબા તોડવાવાળાનું નામ સાંભળીને તો તોબા પણ તૌબા ! તૌબા ! કરે છે.

## (નઅત શરીફ઼ : ૯૫)

**બર્ક઼ે ઈશ્ક઼ે શાહેવાલા યહ ગિરી વો તળપી**
**શોર સીનોંમેં હૈ બરપા યહ ગિરી વો તળપી**

**અર્થાત :** મહબૂબે ખુદા ﷺના ઈશ્ક઼ની વીજળી જેના પર પડી તે આખી જિંદગી એમના ઈશ્ક઼માં તડપતો રહ્યો અને તેમના સીનોઓમાં ઈશ્ક઼નો શોર એના પર ગવાહી રૂપે પૂરતો છે.

**પૂછે કોઈ બિલાલ વ ખોબૈબ વ ઉવૈસ સે**
**હુબ્બે નબીમેં ઝિંદગી કૈસે ગુઝર ગઈ**

**અર્થાત :** ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફ઼ર્માવે છે કે હઝરત શયખ શિબ્લી رحمۃ اللہ علیہની પાસે કેટલાક લોકો આવ્યા અને અર્ઝ કરી, અમો તમારાથી મહોબ્બત કરીએ છીએ. આપે તેમને પથ્થર માર્યા તો તે ઉઠીને ભાગી ગયા. ફ઼ર્માવ્યું, આ કેવી મહોબ્બત છે ? જો સાચે જ મહોબ્બત હોત તો પોતાની જાનની પણ પરવા ન કરતા. ફ઼ર્માવ્યું, જેમણે (અલ્લાહ, રસૂલ)ની મહોબ્બતનો જામ પી લીધો છે તો આ વિશાળ જમીન પણ તેમના માટે તંગ થઈ ગઈ છે. (પરંતુ તેઓ પોતાના મહબૂબના તરફ઼થી આવનારી દરેક સખ્તીને હસીને ક઼બૂલ કરે છે.) પછી આપે આ શેઅર પઢયો : ذکر المحبۃ یامولائی اسکرنی۔ وھل رایت محبا غیر سکران "હે મૌલા ! તારી મહોબ્બતે મને મદહોશ કરી લીધો છે, શું કદી ગૈર મદહોશ મુહિબ્બ કોઈએ જોયો છે ?! *(મુકાશફ઼તુલ ક઼ુલૂબ)*

**નૂરે અંગુશ્ત કી બીજલી હૈ ચમક પર અય ચર્ખ**
**શીશએ માહ બચાના યહ ગિરી વો તળપી**

**અર્થાત :** અમારા આક઼ાની આંગળી મુબારકની ચમકને હે આસ્માન ! મામૂલી ન સમજ ! જો તેં તારા ચાંદનો આઈનો બચાવવો છે તો બચાવીને રાખ. તેમના એક ઈશારાથી તારો આઈનો તૂટી શકે છે. જેવું કે પહેલાં થઈ ચૂક્યું છે. انشق القمر علی عھد رسول اللہ صلی اللہ علیہ وسلم બલ્કે એક રિવાયતમાં مرتین નો શબ્દ છે, એટલે કે બે વાર, અને રિવાયત પણ સિહાહની છે.

**ઝખ્મીએ તેગે તબસ્સુમ હૈ કે દિખલાતા હૈ બર્ક઼**
**રક઼સે બિસ્મિલ કા તમાશા યહ ગિરી વો તળપી**

**અર્થાત :** આ તે આશિક઼ છે જે મહબૂબની મુસ્કુરાહટ (જે વીજળીની જેમ ચમક ધરાવે છે)ની તલ્વારનો ઝખ્મી છે અને તેનું તડપવું એ ઝખ્મીનું તડપવું છે, જેનો નઝારો કરવો પણ દરેક વ્યક્તિના વશની વાત નથી.

**ગર્મીએ જલ્વએ રુખ દેખ કે આશિક઼ કી નઝર**
**નીમ જાં બિસ્મિલે શાયદા પે યહ ગિરી વો તળપી**

**અર્થાત :** રુખે અન્વરનો જલ્વો જ્યારે આશિક઼ની નજરે જોયો તો મૃત્યુની નજીકનો ઝખ્મી આશિક઼ એક નવા જઝબા હેઠળ તડપવા લાગ્યો કે જાન જતી હોય તો જાય પણ દીદારની હસ્રત ન રહે અને આ મોક઼ો હાથથી ન જાય.

*અહદે નબવીમેં ગર હુવા હોતા–ઉનસે તો રાબતા હોતા*
*ખમ હી હોતા મૈં તેરી ઝુલ્ફોં કા–તેરે આરિઝસે ખેલતા હોતા*
*કોઈ હોતા મીનાર તયબહ કા–તેરે રોઝે સે જળા હોતા*
*–(ઈકરામ શાહ જીલાની)*

## (નઅત શરીફ : ૯૬)

### જબ વો તલ્અત હી જલ્વાગર ન હૂઈ–હમ તો જાને કભી સહર ન હૂઈ

*(તલ્અત = ચેહરએ અન્વર, સહર = સવાર)*

**અર્થાત** : જો આપણે આપણા આકા ﷺનો રુખે વદુહા નજર ન આવે તો અમારા માટે તો રાત જ રાત છે. અમારી સવાર તો ત્યારે થશે જ્યારે આપ ﷺ અમને પોતાનો જલ્વો દેખાડશે.

*દેખા ન બશીર ઉનકો ન પાયા વો ઝમાના–અફસોસ ! યહી અપને મુકદ્દરમેં લિખા થા* *(બહારે નઅત)*

### હમ તો રુખસતસે પેહલે મર ચૂકતે–ક્યા કરેં મૌત રાહબર ન હૂઈ

**અર્થાત** : દીદારે મુસ્તફા ન થવાના સદમાના કારણે અમે ક્યારના મરી ચૂક્યા હોત પણ શું કરીએ મૌતે પણ અમારો સાથ ન આપ્યો.

*પૈદા હમેં ભી કરતા ખુદા ઉનકે અહદમેં – અય કાશ ! હમ ભી કરતે ઝિયારત હુઝૂર કી ﷺ*

### ઉનકે તર દામનોં પે આંચ ન આએ–તબે ફુર્કત હૂઈ સકર ન હૂઈ

*(તબ =તાવ, ફુરકત = વિરહ, સકર = દોઝખ)*

**અર્થાત** : આપણા આકા ﷺના ગુનેહગાર ઉમ્મતીઓને આખેરતમાં અઝાબની સજા થાય ? એ નથી થઈ શકતું. હા ! જો એવું મેહસૂસ થાય તો એને દોઝખનો અઝાબ ન સમજશો, બલ્કે હુઝૂર ﷺની જ જુદાઈના સદમાનો તાપ જાણજો.

*અહદે સરકારમેં અય કાશ ! મૈં પૈદા હોતા–સામને મેરે પયંબરકા ઝમાના હોતા*
*ઉનકી મસ્જિદકી સફોંકા કોઈ હોતા તિન્કા–ઉન્કે અસ્હાબને તલ્વોંસે લતાળા હોતા*
*ખુશનસીબી થી જો હોતા કોઈ તાઈરે નાઝિશ–ઔર મદીનેકી ખજૂરોંમેં બસેરા હોતા*

### ચૈન ઔર વો ભી ઉનકે સાયે કા–હાય ઝાલિમ ! તેરી બસર ન હૂઈ

**અર્થાત** : હે મદીના શરીફથી પરત આવી જનાર તને રહમતુલ્લિલ્આલમીનની રહમતના સાયામાં કેટલું ચૈન તથા સુકૂન મયસ્સર હતું, પરંતુ હે જાલિમ ! તારો ત્યાં પણ નિભાવ ન થઈ શક્યો ?! અને પરત ઘરે દોડી આવ્યો. *તેરે દરપે હાઝરીકી આરઝૂ તો હૈ બહુત – બસ નહીં ચલતા કે દુન્યા દરમિયાં હૈ યા નબી ﷺ*

### લે 'રઝા' કાફલા ચલા હજ કા–ફિર ન કહના હમેં ખબર ન હૂઈ

**અર્થાત** : લે ભાઈ ! અહમદ રઝા ! અમને જે વારંવાર કોસે છે કે મદીના છોડીને કેમ આવ્યા ?! હવે હજનો કાફલો જઈ રહ્યો છે, અમે તને જણાવી રહ્યા છીએ, પછી ન કહેતા કે મને ખબર ન થઈ હતી. એમાં સામેલ થઈ જા અને જિંદગી મદીના તયબહમાં ગુજારવાની તમન્ના પૂરી કરી લે.

*નસીબ આઝમાને કે દિન આ રહે હૈં–કરીબ ઉનકે જાનેકે દિન આ રહે હૈં*
*જો દિલસે કહા હૈ, જો દિલ સે સુના હૈ–સબ ઉનકો સુનાને કે દિન આ રહે હૈં*
*અભીસે દિલોં જાં સિરારા રખ દો–કે લુટને લુટાને કે દિન આ રહે હૈં*

*(ફૈઝ અહમદ ફૈઝ)*

## (નઅત શરીફ : ૯૭)

**જાને મસીહ અપને મસીહ કી ઝાત હૈ–મુર્દે જિલાના ઉનકે હુઝૂર એક બાત હૈ**

**અર્થાત** : હઝરત ઈસા عليه السلام (મુર્દાને જીવંત કરનાર)ની જાન જોવી છે તો અમારા મસીહ (મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ)ને જોઈ લો. (હુઝૂર ﷺનું ફર્માન છે : انا دعوة ابراهم وبشارة عيسى ورؤية امى હું ઈબ્રાહીમ عليه السلامની દુઆ ઈસા عليه السلامની ખુશખબરી અને મારી માનો ખ્વાબ છું.) અને બાકી રહી મુર્દા જીવંત કરવાની ખૂબી તો એ અમારા આકા માટે મામૂલી વાત છે. વળી મુર્દામાં તો એક અરસા સુધી હયાત રહી છે પણ આપણા હુઝૂર ﷺએ તો પથ્થરોને પણ કલમા પઢાવ્યા છે અને લાકડીઓને બોલવાનું શીખવાડી દીધું છે.

**યકતા રિયાઝે દહરમેં ઉસ ગુલકી ઝાત હૈ–બુલબુલ હઝાર બાત હૈ યહ એક બાત હૈ**

**અર્થાત** : આ ગુલશને હસ્તીમાં આપણા નબી ﷺ બેમિષ્લ બે મિષાલ (અજોડ) અને લાજવાબ તથા બાકમાલ છે. બીજાઓ (બુલબુલો)ના બારામાં હજાર મતભેદોની વાત નથી થઈ શકતી.

*ઈન્સાન અપની અક્લસે બેસૂદ હો ગયા – ફિરઔન કોઈ ઔર કોઈ નમરૂદ હો ગયા*
*નૂરે નબીકા હી જિસને ન કિયા એહતેરામ – દેખા ગયા અઝલસે વો મરદૂદ હો ગયા*

**યહ વો હૈં જિનકા નામ શફીઉલ અસાત હૈ–હાં ! યહ વહી હૈં જિનકા લબ આબે હયાત હૈ**

**અર્થાત** : આપણા આકા ﷺ તે છે કે જેમનું નામ જ શફીએ આસિયાં છે અને સુબ્હાનલ્લાહ ! સરકાર ﷺના લબહાએ મુબારકા (હોઠ)ની તરી તો અમ સિયાહકારો માટે આબે હયાત (જિંદગી અતા કરનાર પાણી) છે.

**ક્યૂં તાઈરાને કુદ્સ ન હોં ઉનકી બુલબુલેં–યહ ફૂલ હાસિલે ચમને કાઈનાત હૈ**

*(તાઈરાને કુદ્સ = ફરિશ્તાઓ)*

**અર્થાત** : ભલા મુકર્રબીન ફરિશ્તા મહબૂબે ખુદા ﷺની તારીફમાં ગીતો કેમ ન ગાય ?! કે તેમને પણ વજૂદ આપણા નબીના સદકામાં મળ્યો છે, કેમ કે આપ ﷺ હાસિલે કાઈનાત અને કાઈનાતના સર્જનનો ખુલાસો છે.

**ક્યા ગમ 'રઝા' હૂં અબ્દે ખુદા ઉમ્મતે નબી હૂં–આલે રસૂલ પર તરીકે નજાત હૈ**

**અર્થાત** : હે (ગદાએ દરે ખૈરુલવરા, ઈમામે અહલે સુન્નત, પ્યારા અહમદ) રઝા ! જે ખુદાની બંદગી કરવાવાળો પ્યારા મુસ્તફા ﷺનો ઉમ્મતી હશે તેને શો ગમ હશે, તેના હાથોમાં નબી ﷺની આલે પાકનો દામન હશે જેમને હુઝૂર ﷺએ નજાતની કશ્તી ઠરાવેલ છે.

*અહલે સુન્નતકા હૈ બેળા પાર અસ્હાબે હુઝૂર–'નજ્મ હૈં ઔર નાવ હૈ ઈત્રત રસૂલુલ્લાહ કી (ﷺ)*

## (નઅત શરીફ : ૯૮)

**અય કાશ ! શાને રહમત મેરે કફનસે નિકલે**
**જાં બૂએ ગુલકી સૂરતે બાગ બદનસે નિકલે**
**અરમાં તુફૈલે નામે શાહે ઝમનસે નિકલે**
**હસ્રત હૈ યા ઈલાહી ! જબ જાન તનસે નિકલે**
**નિકલે તો નામે અક્દસ લેકર દહનસે નિકલે**

**અર્થાત** : હે અલ્લાહ ! કાશ ! એવું થઈ જાય કે મારા કફનથી શાને રહમતની જલ્વાગરી થાય. મારી જાન મારા શરીરથી એવી રીતે નીકળે જેવી રીતે ફૂલથી ખુશ્બુ નીકળે છે. હુઝૂર ﷺના સદકામાં મારા સર્વ શોખ પૂરા થઈ જાય. અને સૌથી મોટો શોખ એ છે કે જ્યારે મારા શરીરથી જાન નીકળે તો મારા મોંથી તારા નબીનું નામ નીકળે.

શરહુસ્સુદૂરમાં છે કે એક ફરિશ્તો ઈદરીસ علیہ السلامની ખિદમતમાં હાજર થયો. આપે તેને ફર્માવ્યું કે તું મલિકુલ મૌતને ઓળખે છે ? તેણે કહ્યું, હા ! તે મારા ભાઈ (ફરિશ્તા) છે. ફર્માવ્યું, મને તેમની પાસે લઈ જાવ, મારે તેમનાથી કામ છે. ફરિશ્તાએ અર્ઝ કરી, જો એવું કામ છે કે મૌત આગળ પાછળ થઈ જાય તો એ નથી થઈ શકતુ. ફર્માવ્યું, સારું ! તમે મુલાકાત તો કરાવો. જેથી ફરિશ્તાએ પોતાની પાંખો પર બેસાડયા અને ઉડવાનુ શરૂ કરી આપ્યું. આસ્માન પર પહોંચીને ફરિશ્તાએ મલકૂલ મૌતને કહ્યું, અલ્લાહના નબી તમને મળવા ચાહે છે. ઈઝરાઈલ علیہ السلامએ કહ્યું, તેમનો મક્સદ તો મને ખબર છે પરંતું મુલાકાતના માટે એમની પાસે મોહલત જ નથી, કેમ કે એમની જિંદગીમાં કેવળ એક પળ રહી ગઈ છે. જેથી ફરિશ્તાની પાંખો પર આપનો વિસાલ થઈ ગયો.

*(મુસ્નદે અહમદ અન અબી હુરૈરહ رضی اللہ عنہ)*

નવાદિરુલ ઉસૂલ તથા શરહુસ્સુદૂરમાં હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہથી રિવાયત છે કે જો મૌતના સમયે પેશાની પર પરસેવો આવી જાય, આંખોમાં આંસુ આવી જાય તથા નસકોરાં ફેલાય જાય તો સારી નિશાની છે અને અલ્લાહની રહમત છે. અને જો યુવાન ઊંટની જેમ બબડે, ગળુ ઘોંટાય જાય, રંગ ફિકકો પડી જાય અને મોઢેથી ફીણ નીકળે તો આ નિશાની અઝાબની છે કેમ કે પરસેવો સખ્તીના કારણે આવે છે. જેનો મતલબ એ થશે કે એના ગુનાહોના કારણે મૌતના સમયે જ તેના પર સખ્તી કરી લેવામાં આવી. અથવા દુનિયામાં મહેનત તકલીફ કરીને હલાલ રોજી કમાનારો હતો, અને ઈબાદતોના બારામાં પોતાના નફસ પર સખ્તી કરતો હતો. આંખોના આંસુ ખુદાના ખૌફમાં રડવા માટે દલીલ પૂરી પાડે છે. (અલ્લાહ બેહતર જાણનાર છે)

**દરયાએ હોલે મહશર પુર જોશ હૈ ક઼યામત**
**હર મૌજ હૈ બલાઝા લત્મએ અજલકી ઝેહમત**
**કૌન અપના હૈ મુઆ઼વિન જુઝ સાહિબે શફ઼ાઅત**
**ગર હો ન યાવરી પર વો નાખુદાએ ઉમ્મત**
**કશ્તી ન ફિર સલામત બહરે હિહનસે નિકલે**

*(હોલ = ભયાનક, ગભરાહટ. બલાઝા = મુસીબત ઉઠાવનારી. લત્મહ = તમાચો. અજલ = મૌતનો સમય. મુઆવિન = મદદગાર. જુઝ = સિવાય. યાવરી = મદદ. બહરે હિહન = મુસીબતોનો સમંદર)*

**અર્થાત :** મેહશરના મેદાનના ભયાનક મન્ઝરોનો દરિયો અને ક઼યામતની ક઼યામત ખેઝીઓ દરેક પળે નવી મુસીબત લાવનાર હશે અને વધુમાં જાંકુનીનો ચમચમતો તમાચો ! હે રહમત તથા શફ઼ાઅતવાળા અમારા આક઼ા ! આપના સિવાય કોણ છે ? જો આપ અમારી મુશ્કિલ કુશાઈ ન ફર્માવશો તો આ મુસીબતોના ગહરા સમુદ્રથી ઉમ્મતની કશ્તી નજાત નહીં પામી શકે.

હા ! ઉમ્મત જો પોતાના પ્યારા નબી ﷺની હિદાયતો પર અમલ કરે તો યક઼ીનન ! નજાત નક્કી છે, નહીં તો તબાહી જ તબાહી છે.

**કિસ દરજા રોઝ અફ઼ઝૂં ઈશ્ક઼ે હબીબે રબ હૈ**
**મિર્અતે દિલમેં તાબાં અકસે માહે અરબ હૈ**
**હર ઉઝ્વ શૌક઼ે યાદે જાનાંમેં મિષ્લે લબ હૈ**
**રગ રગમેં ઈશ્ક઼ે અહમદ ગર હૈ તો કયા અજબ હૈ**
**આવાઝ યા હ઼બીબી હર મૂએ તનસે નિકલે**

*(રોઝ = અફ઼ઝૂં = દિવસે દિવસે વધારો. મિર્અત = આઈનો. ઉઝ્વ = હિસ્સો, અંગ)*

**અર્થાત :** દિવસે દિવસે મહબૂબે ખુદાનો ઈશ્ક઼ કેવી રીતે પોતાનું જોર દેખાડી રહ્યો છે કે હવે દિલના આઈના પર પણ માહે અરબ (મદીનાના ચાંદ ﷺ)નો સાયો ચમકી રહ્યો છે. શરીરનું એક એક અંગ મહબૂબની સરાપા યાદ બનીને હોઠની જેમ થઈ ગયું. હા ! એમાં આશ્ચર્ય તથા હૈરાનીની શું વાત છે કે જો મારી રગ રગમાં ઈશ્ક઼ે મુસ્તફ઼ા સમાય ગયેલ છે અને હું ફ઼નાફ઼ી ઈશ્ક઼ે રસૂલ થઈ ગયો છું જેના લીધે દરેક સમયે ન કેવળ મારી જીભ વડે બલ્કે મારા શરીરના એક એક વાળથી યા રસૂલલ્લાહ ! યા હબીબલ્લાહ ! ﷺ ની દિલનવાઝ સદાઓ બુલંદ થઈ રહી છે. જેથી :–

*બૈઠતે ઉઠતે મદદકે વાસ્તે–યા રસૂલલ્લાહ ! કહા ફિર તુઝકો કયા*

**હૈ ગલગલા હમારી ઉલ્ફતકા અબ તો હરસૂ**
**કયા ખૂબ હૈ કે મુશ્તાક઼ અપના હૈ યા દિલ જો**

**પૈદા હૈ ઉસકી બાતોંસે ઈન્તેઝારકી બૂ**
**ગર મુશ્તે ખાક મેરી લે જાએ અય સબા તૂ**
**એક શોર મરહબા કા તયબહકે બનસે નિકલે**

*(ગલગલા = શોર, મુશ્તાક્ = આતૂર, શોખ ધરાવનાર. દિલ જો = દિલને તલાશ કરનાર. મુશ્તે ખાક = મુઠ્ઠીભર માટી. બન = જંગલ)*

**અર્થાત** : તહદીષે નેઅમતના ખાતર આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, હવે અમારા ઈશ્કે રિસાલત મઆબ (ﷺ)ના ડંકા ચો તરફ વાગી રહ્યા છે અને પૃથ્વીના પટ પર મશહૂર થઈ ગયું છે કે બરેલીમાં પણ એક આશિક્ (હુઝૂર ﷺનો) રહે છે. (ખુદા કરે અમારો ઈશ્કે મુસ્તફા ﷺ કૃબૂલ થાય) અને અમારો મહબૂબ પણ એવો છે કે જે અમારો પણ મેહબૂબ છે અને ખુદાનો પણ મહબૂબ છે. અને આટલો મહાન મહબૂબ થઈને અમારાથી મોં નથી ફેરવતો (અવગણના નથી કરતો) બલ્કે મહોબ્બત કરે છે, અને ઈર્શાદ ફર્માવે છે : اسمع صلاۃ اهل محبتی "હું મહોબ્બતવાળાઓનું દુરૂદ જાતે સાંભળું છું તે જ્યાંથી પણ પઢે અને તેમને ઓળખુ પણ છું." એ મહબૂબની આવી વાતોથી જાણવા મળે છે કે ન કેવળ અમે તેને ચાહીયે છીએ બલ્કે તે પણ અમારા પર ઘણો મહેરબાન છે. حریص علیکم بالمؤمنین رؤف رحیم "હે બાદે સબા ! જો તું મારી ખાકથી એક મુઠ્ઠી મારા મહબૂબના કૃદમોમાં મદીના શરીફ લઈ જાય તો જોઈ લે જે મદીના શરીફની દરો દીવારથી ખુશ આમદિદના અવાજો આવશે.

ખુદ મોટા મોટા દેવબંદી મોલ્વીઓને આ'લા હઝરત رحمۃ اللہ علیہનું, "કુશ્તએ ઈશ્કે રસૂલ" હોવું સ્વીકાર્ય છે. વિગત જોવી હોય તો જુઓ : "ઈમાન અહમદ રઝાખાં બરેલ્વી ઉલમાએ દેવબંદકી નઝરમેં, અઝ : અલ્લામા સૈયદ સાબિર હુસૈન શાહ બુખારી – માહનામા ચટ્ટાન લાહોર, ૨૩ એપ્રિલ ૧૯૬૨, ઉલમાએ કિરામકી તઝલીલ કિસી સૂરતમેં જાઈઝ નહીં" અઝ : કારી મુહમ્મદ તૈયબ. – હફ્ત રોઝા "હુજૂમ" નઈ દિલ્હી, ૨–ડિસે. ૧૯૮૮ – રિસાલો "અન્નૂર" થાતા ભવન, પેજ–૪૦, શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૩૪૨. – રિસાલા હાદી દેવબંદ, પેજ–૨૦, ઝિલ હજ્જ–હિ.૧૩૩૯. –રિસાલા "દેવબંદ" પેજ–૨૧, જમા.ઉલા હિ.સ. ૧૩૩૦. આ સૌ ઈશ્કે મુસ્તફા ﷺની બરકત છે કે અયવાને બાતિલ સુધી આ'લા હઝરતની ધમક પહોંચી રહી છે.

*બંદા બનના હૈ ખુદા કા, તો ગદા બન ઉનકા–જો ફકીરોં કો શહનશાહ બના દેતે હૈં*

**મશ્અલે ફિરોઝ ખાવર મદ્દાહકી ઝબાં હો**
**સુબ્હે બહાર શામ પર ઝુલ્મતકી ખઝાં હો**
**ગેસૂએ શબમેં રંગે રુખ્સાર મહ્વે શાં હો**
**તા આસ્માં ઝમીંસે એક નૂરકા સમાં હો**
**જબ મિદ્હતે પયંબર મેરે દહનસે નિકલે**

*(મિશ્અલે ફિરોઝ = શમ્અ રોશન કરનાર. ખાવર = સૂરજ. મદ્દાહ = પ્રશંસક. ઝુલ્મત = અંધારુ. ખિઝાં = પાનખર. ગેસૂએ શબ = રાતની ઝુલ્ફો. રુખ્સાર = ગાલ. મહ્વે શાં = ચાંદ જેવો ચહેરો. સમાં = મન્ઝર. મિદહત = પ્રશંસા.)*

**અર્થાત :** જમાનાને રોશન તથા મુનવ્વર કરનાર સૂરજ (જેનું ચમકવું પણ નઅતે મુસ્તફા ﷺની નિશાનદેહી છે કે જો નૂરે મુસ્તફા ન હોત તો ચાંદમાં ચમક હોત ન સૂરજનું અસ્તિસ્ત હોત) જેવા મદાહે રસૂલ જેવી જીભ મને મળી જાય, જેને હરકત આપુ તો તેની સવારની બહાર (વસંત) રાતના અંધકારની ખિઝાને મિટાવી દે. રાતની ઝુલ્ફોમાં આકા ﷺના રોશન ગાલોનો રંગ ભરેલો હોય અને જમીનથી આસ્માન સુધી નૂર જ નૂર ફેલાયેલુ હોય તો આ હાલતમાં હુઝૂર ﷺની નઅત મારી જીભેથી નીકળે. (છતાં પણ બની શકે છે કે તેમની શાનને શોભે એવી ન થાય, કેમ કે : *બઅ્દ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર*

*કરતે હૈં જહાંવાલે મેરી ઈઝ્ઝતો તકરીમ–એઅ્ઝાઝ યહ મુઝકો દરે અહમદસે મિલા હૈ*
*દેખે હૈં મુઝે પ્યારકી નઝરોંસે ઝમાના–યહ ફયઝ હૈ નઅતોંકા યહ નઅતોંકા સિલા હૈ*
*(રિયાઝ મદીના)*

**ફિક્રે કમીએ બૂમેં આહૂકો હો ન વહશત**
**મિલ જાએ અગર નાફોંસે બૂએ ઈત્રે જન્નત**

**હો અંબર કુદ્સસે મુશ્કે ખતનકો નિસ્બત**
**આલમ હો સબ મોઅત્તર પહૂંચે જો બૂએ હઝરત**

**ખુશ્બુએ મુશ્ક ઐસી મુલ્કે ખતનસે નિકલે**

*(આહૂ = હરણ. નાફોં = કસ્તૂરીની થેલી જે હરણની દૂંટીએથી નીકળે છે. મુશ્કે ખતન = પ્યોર કસ્તૂરી)*

**અર્થાત :** હરણને પોતાની દૂંટી તથા થેલીમાં ન ખુશ્બુની કમીની ફિકર થાય (એટલે કે તેની થેલી કસ્તૂરીથી ભરેલી હોય) અને તેની સાથે પછી જન્નતની ખુશ્બુ પણ સામેલ કરી દેવામાં આવે અને એ કસ્તૂરીમાં પછી પ્યોર અંબર પણ મિલાવી દેવામાં આવે. પછી એવી ખુશ્બુને પહેલાથી ખુશ્બુવાળી મેહફિલમાં નઅતે મુસ્તફાના રૂપમાં ફેલાવી દેવામાં આવે, તો કેમ ન આખુ વિશ્વ પણ મોઅત્તર થઈ જશે, અને આપણા પ્યારા નબી ﷺના (મુલ્કે ખતન) ઝિક્રથી એવી ખુશ્બુ મહેકે છે.

*નઅત સુનતા રહૂં, નઅત કહેતા રહૂં, આંખ પુરનમ રહે, દિલ મચલતા રહે*
*નઝમ નામે મુહમ્મદ ઝબાં પર રહે, ઝિક્ર હોતા રહે સાંસ ચલતા રહે*

**યહ અબ શૌક કમ ન હોગા મર્કદમેં તા બ મહશર**
**યહ શોલા વહ નહીં જિસકો બુઝા દે સર સર**

**કરતી હૈ કારે રોશન હાં બાદે મર્ગ ઉસ પર**
**જો ઈશ્કે મુસ્તફામેં મર જાએગા ન ક્યૂં કર**

**શોરે સલાત ઉસ્કી કબ્રે કુહનસે નિકલે**

*(મર્કદ = કબ્ર, સર સર = તેજ તથા ગરમ હવા. કાર = કામ. બાદે મર્ગ = મૃત્યુ બાદ. સલાત = દુરૂદો સલામ. કુહન = પૂરાણી)*

**અર્થાત :** ઈશ્કે મુસ્તફા ﷺ અને મહબ્બતે રસૂલ ﷺનો શોખ હવે કયામત સુધી કબ્રમાં પણ વધતો જ

રહેશે. આ તે ચિન્ગારી નથી જે તેજ આંધીઓથી બુઝાય જાય. આપણા વજૂદ પર જો મૌતની હવા પણ ચાલી ગઈ તો ઈશ્ક઼ે મુસ્તફામાં મરનારાને એક નવી જિંદગી મળશે અને એવા આશિક઼ની ક઼બ્રથી પણ દુરૂદો સલામના અવાજો આવતા રહેશે.

*મૈં વો સુન્ની હૂં જમીલે ક઼ાદરી મરને કે બાદ–મેરા લાશા ભી કહેગા અસ્સલાતુ વસ્સલામ.*

કેમ કે મો'મિનની ક઼બ્રની જિંદગીને હયાતે તયબહ ફ઼ર્માવવામાં આવેલ છે, અને એ કેવી હયાતે તયબહ છે કે જેના કલમાની બરકતથી મળી છે. એના પર દુરૂદો સલામ જ થાય.

*લામકાં તક તો તસવ્વુર ભી પહૂંચ સકતા નહીં–જો કે તયબહમેં ખાલિક઼ કા પતા કરતે હૈં લોગ*
*અપની હર મુશ્કિલમેં સરકારે દો આલમ કે સિવા–કોનસા દર હૈ જહાં જાકર સદા કરતે હૈં લોગ*
*જબ ન સરકારે જહાંકા વાસ્તા હો દરમિયાં–ક્યા ઈબાદત, કૈસી તાઅત હૈ, રિયા કરતે હૈં લોગ*
*(હદીષે ષૌક઼)*

**બાગે જહાંસે ગુજરા જબ વાસિફ઼ે પયંબર**
**નફ઼હાતે જાંફ઼રાસે આલમ હુવા મોઅત્તર**
**બહરે દવામ ખુશ્બુ યહ ઝમઝમાં થા લબ પર**
**કફ઼નાના અય અઝીઝો ! મુઝકો દુરૂદ પળહકર**
**તા બૂએ ઈત્રે રહમત મેરે કફ઼નસે નિકલે**

*(વાસિફ઼ = પ્રશંસક. નફ઼હાત = તેજ ખુશ્બુઓના ઝોકા. જાનફ઼રા = જાનને રોશન કરનાર. બહરે દવામ = હમેશાં માટે. ઝમઝમા = તરાના, ગીત. કફ઼નાના = કફ઼ન આપવું. ઈત્રે રહમત = રહમતની ખુશ્બુ)*

**અર્થાત :** દુનિયાના બાગથી જ્યારે હુઝૂર ﷺનો ષનાખ્વાં રવાના થયો તો જાનને રોશન કરનાર ખુશ્બુઓના ઝોકાઓ વડે આખુ જગત મોઅત્તર થઈ ગયું અને એ ખુશ્બુને હમેશગી બખ્શવાના માટે રસૂલ ﷺના ષનાખ્વાને કહ્યું કે મને જ્યારે કફ઼ન આપો તો દુરૂદો સલામના મુબારક તરાનાઓમાં એ કામ કરો કે રહમતવાળા આક઼ાની રહમતની ખુશ્બુ મારા કફ઼નથી હમેશાં નીકળતી રહે.

આશિક઼ાને મુસ્તફ઼ાની જિંદગી પણ રશ્ક કરવા જેવી હોય છે અને તેમની મૌતના દશ્યો પણ જોવા લાયક હોય છે. આપણા ઉલમાએ કિરામ ખાસ કરીને સૈયદી અબુલ બરકાત, મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન, શૈખુલ કુર્આન અલ્લામા હઝારવી, મુનાઝિરે આ'ઝમ મૌલાના મુહમ્મદ ઉમર ઓછરવી, મૌલાના ઈનામતુલ્લાહ સાંગલ્વી વગેરે رحمۃ اللہ علیہم اجمعینના જનાઝા જેમણે જોયા છે તેઓ આખી જિંદગી તે દશ્યો ભૂલશે નહીં. કોઈ મુસ્કુરાઈ રહ્યું છે મૃત્યુ સમયે, તો કોઈના જનાઝા પર રહમતનો ફુવારો ચાલુ થઈ ગયો અને કોઈના વિસાલ પર ઠંડી હવાઓ ચાલવા લાગી. જ્યારે બીજી બાજુ જુઓ તો ઈબ્રતનાક દશ્યો જોવા મળે છે અને લોકોને મોટા મોટા શૈખુલ કુર્આનોના મોં જોવાથી મના કરી દેવામાં આવે છે (પરંતું હા ! મેડિકલ કારણોના લીધે !)

*લોગ જબ નઝદીક આએ ગયબસે આઈ નિદા–યહ મૈયત બેઅદબકી ઉસકા મુંહ મત દેખિયે*

**જબ હોગા રંગ અફ્શા નૂરે શબીહે અમજદ**
**ખુલ જાએંગે હઝારોં ગુલશન મિયાને મર્ક઼દ**

**મહકેગી તાબા મેહશર ખુશ્બુએ બાગે સરમદ**
**નિકલેગી મરક઼દોંસે યૂં ઉમ્મતે મુહમ્મદ**

**બાદે સબા મહકકર જૈસે ચમનસે નિકલે**

*(રંગ અફ્શા = રંગ ફેલાવનાર. શબીહે અમજદ = ઈજ્જતવાળી શક્લ આશિકે઼ મુસ્તફા ﷺની.*
*મિયાને મરક઼દ = ક઼બ્રના દરમિયાન. બાગે સરમદ = હમેશાં પુરબહાર બાગ)*

**અર્થાત :** જ્યારે હુઝૂર ﷺનો ગુલામ પોતાની ક઼બ્રમાં ઈશ્કે઼ મુસ્તફાનો રંગ ફેલાવતો પહોંચશે તો તેની ક઼બ્રમાં જન્નતના હજારો બાગ ખીલી ઉઠશે જેની ખુશ્બુથી ક઼બ્ર હમેશાં ખુશ્બુથી મોઅત્તર રહેશે. અને સરકાર ﷺની ઉમ્મતના લોકો જ્યારે ક઼બ્રોએથી નીકળશે તો એ પ્રમાણે નીકળશે કે જાણે મહેકતા બાગોએથી બાદે સબા ખુશ્બુઓના ખજાના લઈને નીકળે છે. કુર્આન પાકમાં છે : لَا يَحْزُنُهُمُ الْفَزَعُ الْاَكْبَرُ وَتَتَلَقّٰهُمُ الْمَلٰٓئِكَةُ તેમને ઘણી મોટી ગભરાહટ પણ પરેશાન કરી શકશે નહીં. *(સૂ. અંબિયા, ૨૧/૧૦૩)* અને ફરિશ્તા સ્વાગત કરવાના માટે તેમને લેવા આવશે. (જેવી રીતે બારાત આવે તો તેમને આગળ વધીને મળે છે જેને પંજાબીમાં "મલ્ની" કહે છે) અને ગુલામાને મુસ્તફાની ક઼બરો પર જન્નતની સવારી રાહ જોઈને ઉભી હશે. يوم نحشر المتقين الى الرحمن وفدا જલાલૈનમાં છે કે ક઼બ્રોએથી નીકળીને જન્નતની સવારીઓ પર સવાર થઈને જન્નતમાં દાખલ થશે.

**જલ્વાગર ઝિયાએ કુદ્સી હે અપની મંઝિલ**
**દો ઝર્રે હૈં યહાં કે ખુર્શિદ વ માહે કામિલ**

**યાદે મહે અરબ હૈ વજહે ફરોગે કામિલ**
**નામે નબી લિયા જબ પુરનૂર હો ગયા દિલ**

**શોઅલે તજલ્લિયોં કે બાહર દહનસે નિકલે**

**અર્થાત :** આશિક઼ાને મુસ્તફા ﷺનો ક઼યામ નૂરની જલ્વાગાહના દામને કરમમાં થશે જેનાં બે રજકણો ચમકતો ચાંદ અને દમકતો સૂરજ છે. જે માહે અરબની યાદોથી આલમે હસ્તીમાં પૂર્ણપણે બહાર આવી ગઈ, અને જેમનું નામ લેવાથી દિલ નૂરથી ભરાય જાય છે અને તજલ્લિયાતના અન્વારના શોલા જાણે મોઢેથી નીકળવા શરૂ થઈ જાય છે.

*જહાં ચાંદ ખૂદ જલ્વાનુમા હો 'બેકલ'–વહાં ચાંદનીકી ઝરૂરત નહીં હૈ*
*હો જિસકી નઝરમેં રુખે માહે તયબહ–ઉસે રોશનીકી ઝરૂરત નહીં હૈ*
*કહીં ગરદિશે વક્ત ફિર છેળના–દીવાનોંકે આગે ન હંસના સંવરના*
*મહાં તઝકેરે હુસ્ને મહબૂબ કે હૈં–યહાં અબ કિસીકી ઝરૂરત નહીં હૈ*

**મુરઝા ગયે હૈં યા રબ ગુલ મેરે ઝખ્મે દિલકે**
**હર અન્દલિબ નાલાં હૈ ઈસ ચમનસે હૈ**

**ક્યા અજબ ઈલાહી ફઝ઼્લો કરમસે તેરે**
**આકર સબાએ તયબહ ફૂલોંકો રંગ બખ્શે**

**હોકર શગુફ્તા ખાતિર બુલ બુલ ચમનસે નિકલે**

*(અન્દલિબ = બુલ બુલ, કોયલ. નાલાં = પરેશાન, રડતી. ખાતિર = દિલ)*

**અર્થાત** : હે અલ્લાહ ! ઈશ્ક઼ે મુસ્તફામાં ઝખ્મી દિલના ફૂલ (ઝખ્મ) હવે મુરઝાવા લાગ્યાં છે. મારી જેમ કેટલીયે બુલબુલો (હુઝૂરના ષનાખ્વાન)એ ગમથી નિઢાલ છે (કે ક્યાંક દિલોએથી આપની યાદ મંદ ન પડી જાય) તારા ફઝ઼્લો કરમથી શું દૂર છે કે મદીનાની હવા ચલાવીને એ ફૂલોને (ઝખ્મોને) ફરીથી તાજા કરી આપ જેથી કરીને તારા મહબૂબના દીવાના (બુલબુલ) દુનિયાના ચમનથી ખીલીને ક઼બ્રમાં તારા હબીબ ﷺનો દીદાર કરે અને તે પોતાના યદુલ્લાહના ગોરા ગોરા હાથો વડે તે દિલો પર પોતાની મહોબ્બત તથા શફાઅતનું મલમ રાખે.

*થમતા નહીં હૈ દિલ જો હાથ પે રખ લૂં–હાથ આયે તો દિલ પર કોઈ પથ્થર રખ લૂં*
*અલ્લાહ રે ! હરા હરા વો ગુંબદ પ્યારા–જીમેં આતા હૈ ઉસે દિલમેં ઉઠાકર રખ લૂં*

**કાલી ઘટા હૈ ગમકી ચારોં તરફ અંધેરા**
**ગુમ કરદા રાહ ઈસમેં યા રબ યહ દિલ હૈ મેરા**

**ઈશ્રાક઼ે મહરમેં અબ ક્યા દેર હૈ ખુદાયા**
**રૂએ હ઼બીબે હક઼્સે ઉઠ જાએ કાશ પર્દા**

**પુરનૂર હો ઝમાના સૂરજ ગહનસે નિકલે**

*(ઈશ્રાક઼ે મહર = સૂરજનું ચમકવું)*

**અર્થાત** : હે અલ્લાહ ! દરેક બાજુ ગમનાં કાળાં સિયાહ વાદળો છવાય ગયાં છે અને મારું દિલ રસ્તો ભૂલી ચૂક્યું છે. હે ખુદા ! હજી સૂરજ ચમકવામાં કેટલી વાર છે ? હવે તારા મહબૂબના ચહેરાથી પર્દો હટાવીને દીદાર કરાવી આપ જેથી જહાન નૂરથી ભરાઈ જાય, અને સૂરજ ગ્રહણથી નીકળીને પોતાની પૂર્ણપણે તજલ્લીઓ વિખેરવાનુ શરૂ કરી આપે.

*અબ તો માઈલ બકરમ ચશ્મે કરમ હો જાએ–દૂર દિલસે મેરે ઉક઼બાકા અલમ હો જાએ*
*મૈં ભી હૂં આપસે અબ રહમો કરમકા તાલિબ–મુઝપે એક નઝર શાહે ઉમમ હો જાએ*

**મૈં અન્દલિબે શયદા ઉસ ગુલ અઝારકા હૂં**
**મહકા હૈ જિસકી બૂએ ઉલ્ફતસે ક઼લ્બે મહઝૂં**

**ક્યા હૈ અગર નિકલતી ફુર્કતમેં હૈ બૂએ ખૂં**
**ખાકે મદીના પર મૈં જિસ વક્ત જાકે લોટું**

**ખુશ્બૂએ મુશ્કો અંબર મેરે બદનસે નિકલે**

*(અન્દલિબે શયદા = દીવાનુ બુલબુલ, આશિક઼ેઝાર. ગુલે અઝાર = ફૂલ જેવા ગાલોવાળો.*

*ક઼લ્બે મહઝૂં = ગમગીન દિલ. ફુર્ક઼ત = જુદાઈ, વિરહ, લોટું = તડપે, આળોટુ)*

**અર્થાત** : હું એ ફૂલ જેવા ગાલોવાળા (વદુહાના ચહેરાવાળા) મહબૂબનો આશિક઼ેઝાર છું જેની ખુશ્બુ (મહેક તથા યાદ)થી પરેશાન દિલ ખુશીથી મહેકી ઉઠે છે. જો જુદાઈના સદમાથી મારા શરીરથી લોહીની બૂ આવે છે તો શું થયું ? જે વખતે ખાકે મદીના પર જઈને તડપીશ તો એ બળેલા લોહીની બૂ ખત્મ થઈ જશે અને મારા શરીરથી કસ્તૂરી તથા અંબરની ખુશ્બુ આવવા લાગશે. (કેમ કે આ બૂ તો કેવળ મેહબૂબ ﷺના ક઼દમોથી દૂરીના કારણે આવી રહી છે. સર્વ મુસીબતો આપના ક઼દમોથી દૂરીના કારણે છે.)

*ફંસ ગએ દામમેં જિસ વક઼્તસે ગુલશન છોળા–નિગહતે ગુલ ન મિલી જબસે નશેમન છોળા*

*હમ કહીં કે ન રહે ઝિલ્લતો ખ્વારીમેં પળે–જબ સે અલ્લાહકે મહબૂબકા દામન છોળા*

**ગભરાએ શહરસે જી સહરાસે હો મહ઼બ્બત**
**ખંદા હૂં ગાહે ગિર્યા હર ચીઝસે હો નફરત**

**તિન્કે ચુના કરું મૈં બસ કહરબા કી સૂરત**
**તા હશ્ર યૂં હી ટપકે સૂરતસે રંગ વહશત**

**હઝરતકા જોશે મસ્તાનાપનસે નિકલે**

*(સહરાએ = જંગલ. ખંદા = હસી. ગાહ = કયારેક. ગિર્યા = રૂદન. કહરબા = લોહ ચુંબક)*

**અર્થાત** : હવે તો આબાદીથી ગભ્રાહટ થાય છે અને દિલ એ ચાહે છે કે કોઈ જંગલ હોય અને એમાં રહું, કદી હસુ કદી રડુ અને દુનિયાની દરેક ચીજથી (જે મહબૂબથી દૂર કરે છે) નફરત થઈ જાય. લોહ ચુંબક જેવી રીતે લોખંડને પોતાની તરફ ખેંચે છે તેમ હું પણ તણખલાં ભેગાં કરતો રહું અને પૂરો સમય ઝિક્રે મુસ્તફા માટે વક઼્ફ કરી દઉં.

મારી આ કૈફિયતને લોકો દીવાનગી કહે કે મસ્તી પણ હકીક઼તમાં તો આ હુઝૂર ﷺની મહોબ્બતની ભરમાર છે. હુઝૂર ﷺના ગુલામોમાંથી હઝરત અબૂઝર ગફફારી તથા હઝરત ઉવેસ કરની رضی اللہ عنہماનો આવો જ હાલ હતો.

*પૂછે કોઈ ખોબૈબ વ ઉવેસ વ બિલાલ સે–હુબ્બે નબીમેં ઝિંદગી કૈસે ગુઝર ગઈ*

**લાખોં પસંદ બુર્યા મિષ્લે રઝા વ કાફી**
**અંજામ કાર સબને અપની મુરાદ પાઈ**

**દશ્તે તલબમેં હકર આવારા ખો ગએ જી**
**વો દિન ભી હો ઈલાહી જો સૂરતે શહીદી**

**હઝરતકી જુસ્તજૂમેં ક઼ાસિમ વતનસે નિકલે**

*(બુર્યા = સળગેલ, એનાથી મશહૂર શાહીખાના બિર્યાની છે. કાફી = મૌલાના સૈયદ કિફાયત અલી કાફી મુરાદાબાદી.*

*શહીદ જંગે આઝાદી ઈ.સ. ૧૮૮૭. શહીદી = એક શાઈર (આશિક઼ે મુસ્તફા જે મદીના શરીફ઼ ઘણા જ ઈશ્ક઼ની સાથે જઈ રહ્યા હતા. હજી મદીના એક મંઝિલ પર હતું એવામાં જાન જાં આફરીનને સુપ્રત કરી બેઠા) ક઼ાસિમ = એ પણ શાઈર છે. આનાથી પહેલાં પણ આ'લા હઝરતે એક નઅતમાં એમનું નામ લીધું છે.)*

**અર્થાત :** ગદાએ ખૈરુલ વરા, કુશ્તાએ ઈશ્કે મુસ્તફા ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત મૌલાના શાહ અહમદ રઝા તથા (હઝરત મૌલાના સૈયદ કિફાયત અલી શાહ رحمۃ اللہ علیہ અલ્મઅરૂફ) કાફી (જેમના બારામાં આ'લા હઝરતનો એક શેઅર આ પ્રમાણે છે :

*સદરે નઅત ગોયાં હૈં હઝરત કાફી –ઈન્શાઅલ્લાહ ! મૈં વઝીરે આ'ઝમ હૂં*

જેવા એક બે નહીં લાખો સીનાઓ ઈશ્કે મુસ્તફા ﷺમાં સળગેલા છે. પરંતુ જે મહબૂબના માટે આખુ જીવન તડપતા રહ્યા, છેવટે એ રહમતવાળા આક઼ાએ તે સૌને પોતાની રહમતથી નવાઝતાં પોતાનો દીદાર અતા કરી જ આપ્યો, અને એ સર્વે કામયાબ તથા કામરાન થઈને દુનિયાથી રુખસત થયા. અને કેટલાય એવા પણ થયા જેઓ રોજીની તલાશમાં જંગલો તથા રણોમાં ગુમનામ થઈ ગયા. હે અલ્લાહ ! અમને પણ તે દિવસ નસીબ થાય કે હઝરત શહીદી رحمۃ اللہ علیہની જેમ રાહે મદીનામાં મૌત નસીબ થાય અને જે આક઼ાએ દો આલમ ﷺની તલબ તથા તલાશમાં હઝરત કાસિમ رحمۃ اللہ علیہ જેવી રીતે પોતાના વતનથી નીકળ્યા એ જ મહબૂબની તલાશમાં અમને પણ નીકળવું નસીબ થાય.

*(**નોંધ** : મૂળ કિતાબમાં અત્રે અમલી જિંદગી સારી બનાવવા વિશે, મૌત, ક઼બ્ર વગેરેનું વર્ણન છે જે અત્રે છોડી આપેલ છે જેથી લખાણ ટૂંકાવી શકાય. –અનુવાદક)*

## ★ ક઼બ્રમાં દીદારે નબી ﷺ અને તેની દલીલ ★

ગુલામાને મુસ્તફા ﷺના માટે ક઼બ્રની પ્રથમ રાત મેઅરાજનો દરજો ધરાવે છે કેમ કે તેમને શબે મેઅરાજના દુલ્હાની ઝિયારત નસીબ થાય છે અને આખી જિંદગી જે મક઼સદના માટે દુરૂદો સલામ પઢતા રહ્યા, આજે એમનો મક઼સદ પૂર્ણ થનાર છે. **હઝરત ગાઝી અબ્દુર્રશીદ رحمۃ اللہ علیہને જ્યારે ફાંસી આપવા લાગ્યા તો તેમણે ફાંસીના ફંદાને ચૂમીને કહ્યું, મને યારથી મિલાવનાર ! તું આટલી વાર ક્યાં હતો ? દીદારે મુસ્તફા ﷺના તસવ્વુરને આપણે શું જાણીએ જે દિવસ રાત ગુનાહોમાં વ્યસ્ત રહીએ છીએ.** એની અઝમત એમને પૂછો જેઓ આખી જિંદગીની રાતો જાગી જાગીને અને ઝિયારતના માટે દુરૂદો સલામ પઢી પઢીને પસાર કરે છે. એટલા માટે આપણા જેવા નકામાઓને તો મૌતથી ડર લાગે છે પણ બિલાલે હબ્શી رضی اللہ عنہ મૌતના સમયે ઝુમી ઝુમીને શેઅરો પઢી રહ્યા છે કે આજે મને હુઝૂર ﷺની બારગાહની હાજરી નસીબ થઈ રહી છે.

*આંખ કહતી હૈ કે એકબાર ઈન્હેં દેખા હૈ – દિલ યહ કહતા હૈ કે બરસોંકી શનાસાઈ હૈ*

અને ઈમામે અહલે સુન્નતે તો હદ જ કરી નાખી કે મોતના સમયે વસીયત કરી રહ્યા છે કે ક઼બ્ર માણસના કદ જેટલી ખોદજો કે જેથી મારા આક઼ા જ્યારે મારી ક઼બ્રમા તશરીફ લાવે તો હું ઉભો રહીને અર્ઝ કરું : *મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ.*

કબ્રમાં સાપ વીંછી તો હશે, પણ કોની કબ્રમાં ? એની સ્પષ્ટતા પણ કરવી જોઈએ અને સાથોસાથ એ પણ બતાવવું જોઈએ કે જેની કબ્રમાં હુઝૂર ﷺની જલ્વાગરી થઈ ગઈ અને તે હુઝૂર ﷺનો સાચો ગુલામ હોય તો ત્યાં સાપ વીંછીનું શું કામ ?! તે કબ્ર તો روضة من رياض الجنة જન્નતનો બાગ હશે. આપણે હુઝૂર ﷺના પૂરા દીન પર અમલ કરીએ છીએ, ખૌફ પણ અપાવીએ છીએ (ગુનેહગારોને) અને ઉમ્મીદ પણ અપાવીએ છીએ(નેકો કારોને) الایمان بین الخوف والرجاء અને આપે ફર્માવ્યું : بشروا ولا تنفروا ویسروا ولا تعسروا અને હુઝૂર ﷺ પણ મુબશ્શિર છે આજ્ઞાંકિતો માટે અને ડર સંભળાવનાર (નઝીર) છે નાફર્માનોના માટે. એક દીવાનાએ તો આ પ્રમાણે કહ્યું :

*અંધેરી કબ્રમેં મુઝકો તેરા દીદાર જબ હોગા – તળપકર ઝિંદા હો જાઉં દો બારા યા રસૂલલ્લાહ !* ﷺ

**અર્થાત** : જો કબ્રમાં અંધારાની વાત કરો છો તો એ અંધારાને સવારમાં બદલનાર આકાની કબ્રમાં જલ્વાગરીની પણ વાત કરો.

જો કબ્રમાં હુઝૂર ﷺનો દીદાર ન થવાનો હોત તો ઉમ્મહાતુલ મોમિનીન رضی اللہ تعالیٰ عنہن હુઝૂર ﷺથી એ સવાલ કદી ન કરતાં કે હુઝૂર અમારામાંથી સૌથી પહેલાં આપને કોણ મળશે ? જેના જવાબમાં આપે ફર્માવ્યું, જેના હાથ અધિક લાંબા થશે. (એટલે કે જે અધિક સખાવત કરનારી હશે.) જાણવા મળ્યું કે ઉમ્મહાતુલ મો'મિનીનનો અકીદો હતો કે હુઝૂર ﷺની મૃત્યુ બાદ ઝિયારત થશે અને એ કે હુઝૂર ﷺને એ પણ ખબર છે કે કોની કેટલી જિંદગી છે અને એ પણ આપ જાણે છે કે કોને કયારે મૌત આવશે. (સુબ્હાનલ્લાહ ! કેટલા બદબખ્ત છે તે વહાબી દેવબંદી જેઓ પોતાની કિતાબમાં લખે છે કે, "હુઝૂર ﷺને પોતાના અંજામની પણ ખબર નથી !" *(તકવિયતુલ ઈમાન, ઈસ્માઈલ દહેલ્વી)* મઆઝલ્લાહ ! એટલે જે કહેવાશે કે : *મગર બેખબર બેખબર જાનતે હૈં.*

એ જ પ્રમાણે આપે આપની લાડલી બેટી ખાતૂને જન્નત رضی اللہ عنہاને જ્યારે પોતાના વિસાલની ખબર સંભળાવી તો તે રડવા લાગ્યાં. અને પછી આપે જ્યારે એ ફર્માવ્યું કે મારા અહલે બયતમાંથી સૌથી પ્રથમ તું મારી પાસે આવીશ. તો આપ ખુશ થઈ ગયાં. અને એવું ન અર્ઝ કર્યું કે તમને તમારા અંજામની ખબર નથી તો તમે મારા વિશે કેવી રીતે બતાવી શકો છો ?! (મઆઝલ્લાહ !) કેમ કે એ વખત સુધી એ મુનાફિકાના અકીદો હજી નીકળ્યો ન હતો. આ ગંદો અકીદો "મેઈડ ઈન નજદ વ દેવબંદ"નો છે અને ઉમ્મહાતુલ મો'મિનીનનો અકીદો 'મેઈડ ઈન મદીના' હતો.

એટલા માટે અલ્લાહવાળા મૌતના ઈંતેઝારમાં રહેતા હતા. જ્યારે ભોળા લોકો એવું કહે છે કે જો કાંઈ કરી શકતા તો પોતાને મોતથી બચાવી લેતા. અરે નાદાન ! જે નેઅમતની તેમણે ખ્વાહિશ કરી છે તે કેવળ એટલા માટે કે દુનિયાના કેદખાનાથી નીકળીને હુઝૂર ﷺનો દીદાર કરશે.

ભલા કોણ છે જે કેદખાનામાં રહેવા ચાહે છે અને આઝાદી નથી ચાહતું ?! الدنیا سجن المومن દુનિયા મો'મિનના માટે કેદખાનુ છે. પહેલવાન કપડાંથી બહાર નીકળીને કુશ્તી લડે છે અને અલ્લાહનો પ્યારો બદનનો લિબાસ ઉતારીને દુનિયાને અલવિદા કહેતાં અલ્લાહના પ્યારા (મહબૂબ ﷺ)નો દીદાર કરે છે અને પછી ફરિશ્તાઓને કહે છે : ارجع الی اهل فاخبرهم હે ફરિશ્તાઓ ! જો ઈજાઝત હોય તો હું પરત મારા ઘરે જઈને તેમને

બતાવી આવું કે મેં મારા આકા ﷺનો દીદાર કરી લીધો છે, જે ઝિયારતની વાતો કરતો હતો, સાંભળતો હતો અને તડપતો તથા ફડકતો હતો અને વજ્દ કરતાં કરતાં ઝુમી ઝુમીને તમને બતાવતો હતો, અને તમારામાંથી કોઈ મને દીવાનો કહેતું, કોઈ કાંઈ કહેતું હતું, તો સાંભળી લો કે મેં હુઝૂર ﷺનો દીદાર પામી લીધો છે. ફરિશ્તા કહેશે : نم كنومة العروس (હમણા તો થાકીને આવેલા છો, આરામ કરો અને દુલ્હનની જેમ સૂઈ જાવ, આ આલમે ગયબનો મામલો ગાયબ જ રહેવા દો. તારા જઝબાત ઘણા મુબારક છે, અલ્લાહ કબૂલ ફર્માવે.) આ તરફ લોકો સોગ મનાવી રહ્યા છે પેલી બાજુ ખુશીની વાત થઈ રહી છે, અને આ તરફ વિરહની વેદના છે તો પેલી બાજુ વિસાલે યાર છે, આ તરફ ગમી છે તો પેલી તરફ ખુશી છે. (શેઅર) *અપના અપના ફર્ઝ હૈ દોનોં અદા કર રહે હૈં*

હુઝૂર ﷺનું મળી જવું હજારો શાદીઓ તથા ખુશીઓથી શું કમ છે ? એટલા માટે વલીયુલ્લાહની કબર પર ફૂલ ચઢાવવામાં આવે છે, કેમ કે એને દુલ્હન કહેવામાં આવેલ છે અને દુલ્હનના કમરાને ફૂલોથી સજાવવામાં આવે છે. અસલ દુલ્હન તો એ જ ખુશનસીબ છે જેને શબે અસ્રાનો દુલ્હો મળી જાય. તો પછી કઈ કયામત આવી જશે જો તેની કબ્રે અન્વર પર ફૂલ ચડાવી દેવામાં આવે.

## ★ શું કબ્રમાં હુઝૂર ﷺનો ફોટો દેખાડવામાં આવે છે ? ★

દુનિયામાં જે જેનાથી મહોબ્બત કરે છે તે કોઈ ન કોઈ કારણસર કરે છે, કોઈ હુસ્નો જમાલના કારણે તો કોઈ ફઝ્લો કમાલો કમાલ તથા માલો મનાલના કારણે. કારણ ગયું તો મહોબ્બત પણ ગઈ ! પણ માબાપની ઔલાદથી મહોબ્બત નિઃસ્વાર્થ હોય છે કે ઔલાદમાં કોઈ ખૂબી ન પણ હોય તેમ છતાં માબાપ ઔલાદને પ્યાર કરે છે, બલ્કે ખૂબીવાળી ઔલાદ કરતાં વધુ. કેમ કે એનાથી તો માબાપ સિવાય કોઈ પણ પ્યાર કરનારો નથી, એટલા માટે સૌના હિસ્સાનો પ્યાર પછી એના જ હિસ્સામાં આવી જાય છે, જ્યારે કે ઔલાદના બારામાં તો કેટલીય વાર સાંભળી ચૂક્યા બલ્કે અખ્બારોમાં વાંચી ચૂક્યા છીએ કે બેટાએ બાપને મારી નાખ્યો, માને મારી નાખી.

વળી માબાપમાંથી માની મહોબ્બત તો અનોખી હોય છે. પુત્ર ગાળો પણ આપે છતાં માની મમતા ખુશ થઈ થતી રહે છે, જ્યારે કે પત્નીની મહોબ્બત પણ ટેમ્પરરી હોય છે એટલા માટે ક્યારેક મામલો તલાક સુધી પણ પહોંચી જાય છે. પણ નબી ﷺની મહોબ્બત સર્વ મહોબ્બતોની જાન છે, બલ્કે ઈમાનની પણ જાન છે. એટલા માટે આ સંબંધ કબ્રમાં પણ નથી તૂટતો અને આપણા લજપાલ આકા પોતાની મહોબ્બતની સચ્ચાઈ બતાવવા માટે કબ્રમાં જલ્વાગરી ફર્માવે છે તદન એ સમયે કે જ્યારે ઈમ્તેહાનની તૈયારી હોય તે વખતે કોઈ ખૈરખ્વાહનું મદદ માટે આવી જવું કેટલા પ્રમાણમાં ખુશીઓને બમણી કરે છે. વળી હુઝૂર ﷺએ કબ્રનું પરિક્ષાનું ન કેવળ પેપર બહાર પાડયું છે બલ્કે સવાલો સાથે જવાબો પણ બહાર પાડી દીધા છે. અને પછી પોતાના રબથી એ પણ ઈજાઝત લઈ લીધી કે હે અલ્લાહ ! મારી ઉમ્મતની પ્રથમ ઈમ્તેહાન કેમ કે કબ્રમાં થશે, અને કબ્રમાં એનું આવવું, પછી સગાં સંબંધીઓથી જુદાઈ, ફરિશ્તાઓને પહેલીવાર જોવું, આ સર્વ ક્યાંક તેને મારા બતાવેલા જવાબો ન ભૂલાવી દે, જેથી તું મને ઈજાઝત આપી દે કે હું મારા દરેક ઉમ્મતીની મદદના માટે તેની કબ્રમાં પહોંચી જઉં. અલ્લાહે ન કેવળ કબ્રમાં જવાની ઈજાઝત આપી બલ્કે અંતિમ સવાલ જ (જેના પર કામયાબીનો દારોમદાર છે) હુઝૂર ﷺની જાતના બારામાં પેપરમાં સામેલ કરી આપ્યો ! ઉમ્મતીના માટે આસાની થઈ ગઈ કે જ્યારે

ફરિશ્તા સવાલ કરે ما کنت تقول فی ھذا الرجل તો ઉમ્મતી તરત કહી દેશે, ભલા મારી ક઼બ્રમાં મારા આક઼ાના સિવાય કોણ આવી શકે છે ! બીજો ઈમ્તેહાન હશ્રનો છે ત્યાં પણ હુઝૂર انا لھا انا لھا કહીને ઉમ્મતને પોતાની તરફ બોલાવી રહ્યા હશે, અને ત્રીજો ઈમ્તેહાન પુલસિરાત પર થશે, ત્યાં પણ رب سلّم رب سلّم ની દુઆઓ ઉમ્મતને કામયાબીથી પાર કરી આપશે.

*યહ સબ તુમ્હારા કરમ હૈ આક઼ા – કે બાત હર જા બની હૂઈ હૈ*

અમુક લોકોને હુઝૂર ﷺનો દરેક કમાલ ખટકે છે. તઓ અહીં પણ કહી આપે છે કે ક઼બરમાં (જેવી રીતે આપણે નથી જઈ શકતા) હુઝૂર ﷺ કેવી રીતે આવી શકે છે, કેમ કે તેમની મજબૂરી એ છે કે તેમનો ગંદો અક઼ીદો છે કે નબી આપણી જેવા જ હોય છે. (નઊઝુબિલ્લાહ !)

જેથી તેઓ કહે છે કે ક઼બરમાં હુઝૂરની તસ્વીર (ફ઼ોટો) દેખાડવામાં આવે છે, જ્યારે કે આખી જિંદગી લોકોને મસ્અલો બતાવતાં નથી થાકતા કે તસ્વીર હરામ છે, જાનદારનો ફ઼ોટો મના છે, તો આ મના કોની છે ? જાહેર છે કે કુર્આનમાં તો એની મનાઈ સ્પષ્ટપણે નથી તો હદીષમાં જ હશે. તો શું હદીષવાળા તસ્વીરને હરામ કહીને ખુદ ક઼બ્રમાં તસ્વીર મોકલી રહ્યા છે ?! لاحول ولا قوۃ الا باللہ العلی العظیم વળી સવાલ ફ઼ોટાના બારામાં નથી થઈ રહ્યો કે આ કોનો ફ઼ોટો છે, બલ્કે નબી ﷺના બારામાં છે અને જવાબમાં પણ એ જ કહેવામાં આવશે કે એ અલ્લાહના નબી તથા રસૂલ છે. જ્યારે કોઈ તસ્વીરને નબી તથા રસૂલ કહેવા ચાહે તો (મઆઝલ્લાહ !) કોઈ નબીની જ હોય પણ એ કુફ્ર છે, કેમ કે ગૈર નબીને નબી કહેવું કુફ્ર છે. અને તસ્વીર જો હશે તો તે અયન નબી નથી બલ્કે ગૈર જ થશે.

**એક દૃષ્ટાંત** : હાઈકોર્ટે કોઈ આરોપીની ફ઼ાંસીનો હુકમ બહાર પાડી આપ્યો, ફ઼ાંસી થઈ ગઈ. થોડા દિવસો પછી આપ હાઈકોર્ટ પહોંચી જાવ કે મુજરિમ તદ્દન સહી સલામત છે, અને તસ્વીર દેખાડી આપો તો હાઈકોર્ટ એક અધિક હુકમ લાગુ પાડશે કે, "આને પાગલખાનામાં પહોંચી દેવામાં આવે." કેમ કે ફ઼ોટો ઈઝ નોટ પર્સનાલિટી ! ફ઼ોટો જાત નથી. અથવા આરોપી પકડાતો ન હોય તો તમે તેની તસ્વીર લઈને પોલીસ સ્ટેશન પહોંચી જાવ કે મુબારક થજો ! આરોપી પકડાય ગયો !

વળી જો તસ્વીરને નબી માનવામાં આવે તો તસ્વીરને નબીના સમાન માનવું પડશે, તો શું કાગળનો ટુકડો તમારી નજીક પણ નબીની સમાન થઈ શકે છે ? જ્યારે રસૂલોમાં મારા નબી જેવો કોઈ નથી તો કાગળ શું ચીજ છે ?! આખુ જગત હુસ્ન પર નાઝ કરે છે અને આખી કાઈનાતના હસીન હુસ્ને મુસ્તફ઼ા ﷺ પર નાઝ કરે છે.

*નાઝાં હૈ જિસપે હુસ્ન વો હુસ્ને રસૂલ હૈ – યહ કહકશાં તો આપકે ક઼દમો કી ધૂલ હૈ*

વળી શબ્દ رجل (રજુલ–વ્યક્તિ) જે ફ઼ોટા માટે નથી બોલી શકતો. "હાઝા" શબ્દ જોવા, محسوس مبصر فی الخارج મેહસૂસ કરવા તથા બહારના અર્થમાં વપરાય છે. (હાઝા–આ This) ત્રીજા સવાલનો અંદાઝ પણ અલગ જ છે. ત્યાં من ربك.ما دینك જે ગાયબ તથા હાજર બંનેના માટે બોલી શકાય છે અને અહીં من نبیك નથી બલ્કે ما کنت تقول فی ھذا الرجل.ھذا સામે (આ હાજર) અને رجل ورح مع الجسد અને کنت تقول માઝી ઈસ્તમરારી. શું કહ્યા કરતો હતો ? તક઼રીરોમાં, બયાનોમાં, જાહેરમાં, એકાંતમાં પોતાની જેવા બશર કહેતો હતો કે નૂર ? અને હાઝિરો નાઝિર માનતો હતો કે દૂર ?!

જો જવાબમાં هو محمد رسول الله થી કોઈ લત મુગાલતા આપે કે "હુવ" ગાયબની ઝમીર છે, તો જવાબ છે કે ક઼બ્રમાં (પ્રશ્નકર્તા) વાત કરનાર તો ફરિશ્તા થયા અને સંબોધન મૈયતને થઈ રહ્યું છે. હુઝૂર ﷺ ન વાત કરનાર ન તેમને સંબોધન થાય છે. વળી જે ન વાત કરનાર હોય ન સંબોધન તેને થયું હોય તે પાસે પણ બેઠેલો હોય, તો તેના માટે ગાયબની ઝમીર જ વપરાય છે. જો કોઈ નથી માનતુ તો : هو الله الذى لا اله الا هو.الله لا اله الاهو.قل هو الله احد ના જોરથી એને મનાવી લેવામાં આવે. પછી કોઈ પણ હદીષમાં فى هذه الصورة નો શબ્દ નથી અને الرجل પર અલિફ લામ પણ છે. જેનાથી માલૂમ પડયું કે કોઈ ક઼બ્ર પણ આપણા આક઼ા ﷺના જલ્વાઓથી ખાલી નથી. જ્યારે ક઼બ્ર ખાલી નથી તો કાઈનાત હુઝૂર ﷺના જલ્વાઓથી કેવી રીતે ખાલી થઈ ગઈ. અને મો'મિનનું દિલ હુઝૂર ﷺના અન્વારથી કેવી રીતે ખાલી થશે. એટલા માટે ડો. ઈકબાલે ફર્માવ્યું : દર *દિલે મુસ્લિમ મક઼ામે મુસ્તફા અસ્ત – આબરૂએ મા ઝનામે મુસ્તફા અસ્ત (ﷺ)*

આટલી હઠ શા માટે ! લોકો આટલી જીદ એટલા માટે કરે છે કે જેથી હુઝૂર ﷺને હાઝિરો નાઝિર ન માનવા પડે. તસ્વીરને દરેક ક઼બ્રમાં હાજર માની લે તો અકી઼દો બગડતો નથી, અને નબીને માની લે તો અકી઼દો રહેતો નથી.

જો કોઈ કહે કે જમીન સંકોચાય જાય છે અને મૈયત હુઝૂર ﷺને મદીના શરીફમાં જોઈ લે છે, તો વિચારો કે મુડદુ ક઼બ્રમાં રહીને મદીનાવાળાને જોઈ શકે છે તો મદીનાવાળો મદીનામાં રહીને પોતાના ગુલામોને કેમ નથી જોઈ લેતા ?! કોઈપણ હાલતમાં અઝમતે મુસ્તફા ﷺને માનવી જ પડશે, કેમ કે આપણા આક઼ા ! ﷺની ઝાત એવી ઝાત છે જે આ સૃષ્ટિના અસ્તિત્વનો સબબ પણ છે અને આ ક઼ાઈનાતના ક઼યામનો સબબ પણ છે. એમના વિના ન અહીં ગુઝારો છે ન ત્યાં આપના વિના કોઈ આશરો કે સહારો છે, જો કોઈ છે તો બતાવો.

### ★ દુનિયાના સર્જનનો સબબ કોણ છે ? ★

*વો કે જિસ્કા નૂર હૈ નૂરે ખુદા–કૌન વો ? યઅની મુહમ્મદ મુસ્તફા ﷺ*
*ખલ્ક઼કો દેકર સબક઼ અખ્લાક઼કા–જિસને એક આલમકો ઝિંદા કર દિયા*
*બાઈષે ઈજાદે આલમ હૈ વહી !*

### ★ ઈફતેખારે નસ્લે આલમ કૌન હૈ ? ★

*કુફ્રકા ઘર જિસને વિરાં કર દિયા–જિસને દુન્યાકો મુસલમાં કર દિયા*
*ક઼ૌમકી મુશ્કિલકો આસાં કર દિયા–આદમી કો જિસને ઈન્સાં કર દિયા*
*ઈફતેખારે નસ્લે આદમ હૈ વહી !*

### ★ રહબરે અક઼વામે આલમ કૌન હૈ ? ★

*વો કે હર ઈન્સાન કા ગમ ખ્વાર થા–જિસકો સરફે ઈન્સાનિયત સે પ્યાર થા*
*રંગ વ નસ્લ વ ખૂન સે બેઝાર થા–જો મહ઼બ્બતકા અલમ બરદાર થા*
*રહબરે અક઼વામે આલમ હૈ વહી !*

## ★ શું ખિડકી ખુલી જાય છે ? ★

અમુક એવું પણ કહે છે કે પર્દા ઉઠાવી લેવામાં આવે છે અને ક઼બ્રમાં મૈયતને હુઝૂર ﷺનો દીદાર કરાવી દેવામાં આવે છે એટલે કે ખિડકી ખુલી જાય છે. ચાલો ! હવે તો ખિડકી ખુલી જાય છે અને ક઼બ્રવાળો ઉમ્મતી રોઝાવાળા નબી ﷺનો દીદાર કરી લે છે. ખુદ હુઝૂર ﷺના જાહેરી હયાતના જમાનામાં જે સહાબાએ કિ઼રામનો આપ ﷺએ ખુદ જનાઝો પઢાવ્યો અને પોતાના હાથો વડે દફન કરીને પરત ઘર કે મસ્જિદે નબવીમાં તશરીફ લઈ ગયા, આ બાજુ સહાબા મસ્જિદે નબવીમાં હુઝૂર ﷺના દીદાર કરી રહ્યા છે, પેલી બાજુ ક઼બ્રવાળા સહાબી હુઝૂર ﷺનો દીદાર કરી રહ્યા છે અને તેમને પૂછવામાં આવી રહ્યું છે : ما کنت تقول فی ھذا الرجل તો અહીં કઈ ખિડકી ખોલશો ?! વાત એમ છે કે આપણા આક઼ા નૂરે ખુદા છે, આપ સરાપા નૂર છે, સંપૂર્ણ બશર છે. આપના કમાલોને બુધ્ધિની કસોટી પર નથી પારખી શકાતા. હુઝૂર ﷺના બારામાં તો કાફિરોને પણ કબરમાં સવાલ થશે, પણ તેમણે જેવી રીતે જિંદગીમાં હુઝૂર ﷺથી ફાયદો ન ઉઠાવ્યો એવી જ રીતે ક઼બ્રમાં પણ મેહરૂમ રહેશે. જેવી રીતે કુર્આન હિદાયત તો સૌના માટે છે પણ ફાયદો કેવળ મુત્તક઼ીઓ જ ઉઠાવે છે. એટલા માટે ફર્માવવામાં આવ્યું. ھدی للمتقین જ્યારે આપણા આક઼ા દરેક ક઼બ્રમાં જલ્વાગરી ફર્માવી શકે છે તો મેહફિલે મીલાદમાં પણ આવી શકે છે. બદબખ્ત છે તે લોકો કે જેઓ આ કમાલ કેટલીય બીજી ચીજોમાં તો માનશે પણ મહબૂબે ખુદા ﷺમાં નહીં માને, જ્યારે કે દરેક ચીજ હુઝૂર ﷺના સદક઼ામાં વજૂદમાં આવી. સૂરજ તથા ચાંદ એક થઈને પૂરી જમીનને રોશન કરી રહેલ છે, ઈઝરાઈલ એકલા હોવા છતાં દરેક જગાએ જઈ રહ્યા છે. અન્ય તો અન્ય શૈતાનના માટે આ વાત માનવામાં તેમને કોઈ ખરાબી નથી જણાતી. જો તે બેહકાવવાને માટે દરેક ક઼બ્રમાં જઈ શકે છે, તો આપણા આક઼ા પોતાના ઉમ્મતીને તેના હુમ્લાથી બચાવવા માટે કેમ તશરીફ નથી લાવી શકતા ?! શૈતાન જો બીમારી છે તો આપણા નબી એ બીમારીનો ઈલાજ છે. અને જેઓ આપના ગુલામ છે શૈતાન તો તેમના સાયાથી પણ ભાગે છે. એટલા માટે તેણે પોતાની લાચારીનો સ્વીકાર કરતાં કહ્યું કે હું સૌને ગુમરાહ કરીશ, الا عبادك منھم المخلصین "જે તારા મુખ્લિસ છે એમની સામે હું લાચાર છું." જો તમારી આંખનું નૂર એક પળમાં જમીનથી આસમાન સુધી જઈ શકે છે તો નૂરે ખુદા محمد مصطفی علیہ الوف التحیۃ والثناء મુહમ્મદ મુસ્તફા ﷺ પણ એક પળમાં જ્યાં ચાહે જઈ પણ શકે છે અને એ જ ક્ષણે પાછા પરત પણ આવી શકે છે. પણ ફરક એ છે કે ક઼બ્રમાં સૌને દેખાય છે અને મેહફિલે મીલાદમાં કોઈક કોઈક ને જ નજર આવે છે. કેમ કે ક઼બ્રમાં બસારતથી જોવામાં આવે છે અને મેહફિલે મીલાદમાં બસીરતથી જોવામાં આવે છે, તે પણ કસોટી છે અને આ પણ કસોટી છે. ક઼બ્રમાં સૌને દેખાય છે કે જુઓ ઓળખો છો કે નહીં ? અને મેહફિલે મીલાદમાં અમુક અમુકને એટલા માટે નજર આવે છે કે જોઉં માને છે કે નહીં ? અને જે અહીં માનશે તે જ ત્યાં ઓળખશે. તો હે મારા પ્યારા મુસલમાન ભાઈઓ ! જરા જુઓ તો આપણા નબી આપણા પર કેટલા મહેરબાન છે કે ક઼બ્રમાં પણ આપણને ન ભૂલ્યા, પણ આપણે એવા બેઅમલ છીએ કે દુનિયામાં જ એમને ભૂલાવી દીધા અને તેમની તાલીમાનતથી વિમુખ થઈને બેસી ગયા. એવું હોવું જોઈએ કે આપણા લોહીનું એક એક ટીપુ પણ આપના માટે હોય અને આપણા શરીરનો એક એક રેસો પણ આપના જ માટે હોય, જેમના બારામાં સવાલના જવાબ પર અલ્લાહે આખેરતમાં નજાતનો આધાર રાખેલો છે. તેમના વિના આપણુ ન અહીં કામ ચાલી શકે છે ત્યાં ચાલી શકશે.

*દોનોં આલમમેં તુમ્હેં મકસૂદ ગર આરામ હૈ – ઉનકા દામન થામ લો જિનકા મુહમ્મદ ﷺ નામ હૈ*

**આખેરત પર ઈમાન** : કુર્આન મજીદે આખેરત પર ઈમાન પર ઘણો જ ભાર મૂક્યો છે. શરૂમાં પરહેઝગારોની નિશાનીઓ બતાવતાં ફર્માવ્યું, وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ તેઓ આખેરત પર મજબૂત યક઼ીન ધરાવે છે. તેનું એક કારણ એ પણ છે કે કાફિર મૌતને માનવા છતાં મૌત બાદ જીવતા થવા વિશેનો ઘણી જ સખ્તીપૂર્વક ઈન્કાર કરતા હતા. ક્યારેક કહેતા : يَقُوْلُوْنَ ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَّعِظَامًا ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ શું અમે જ્યારે મરીને માટી થઈ જઈશું પછી અમને ઉઠાડવામાં આવશે ? ક્યારેક કહેતા : مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ જો તમે સાચા છો તો આ વાયદો (મૌત બાદ જીવતા થવાનો) ક્યારે પૂરો થશે ? કેમ કે તેમને ખબર હતી કે અમે કેટલા મોટા મોટા જુલ્મ કર્યા છે, ક્યાંક હિસાબ આપવાનો થયો તો બર્બાદ થઈ જઈશું. આજે પણ મુસલમાનોમાં આ અક઼ીદા પર યક઼ીનની કૈફિયત નબળી હોવાના કારણે બદ અમલી અધિક પ્રમાણમાં જોવા મળે છે. **જો કામિલ યક઼ીન હોય કે મૃત્યુ બાદ એક એક પાઈનો હિસાબ આપવો પડશે તો આ પ્રમાણે ગુનાહોની ભરમાર ન હોત.** અલ્લાહ તઆલાએ અમુક અંબિયાએ કિરામને મુર્દા ઝિંદા કરવાના મોજિઝા એટલા માટે અતા ફર્માવ્યા કે જો અલ્લાહના નબી માટીના પક્ષી બનાવીને તેમાં ફૂક મારે તો તેમાં જાન આવી શકે છે, તો અલ્લાહ જે એમને આ કમાલ આપનારો છે અને عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ છે તો તેના માટે આ કામ કેટલુ સરળ છે.

ખેડૂત પૂરુ જોર લગાડે છે અને જમીનની છાતી ચીરીને તેમાં દાણો ઓરે છે અને થોડાક દિવસો બાદ જ નિર્જીવ દાણો ઘણી જ સરળતાપૂર્વક છોડના રૂપમાં જમીનની બહાર આવી જાય છે. અને એટલા પ્રમાણમાં મુલાયમ અને નાઝુક તથા નરમ હોય છે કે મામૂલી વજન પણ નથી ઉઠાવી શકતો, પણ જે જમીનને ખેડૂતે લોખંડના ઓજારો વડે ચીરી હતી, તે છોડ ઘણી જ આસાનપૂર્વક બહાર નીકળી આવ્યો, અને જાણે એવું એલાન કરતાં નીકળ્યો કે ખેડૂત કેટલી મુશ્કેલીપૂર્વક મને જમીનની અંદર દબાવ્યો પણ મારા અલ્લાહે મને સરળતાપૂર્વક જમીનથી બહાર કાઢી નાખ્યો, એ જ પ્રમાણે મારો રબ મુડદાંઓને પણ ક઼બ્રોએથી ઉઠાડશે.

*ગનીમત જાનિયે મિલ બૈઠનેકો – જુદાઈકી ઘળી સર પર ખળી હૈ*

**અર્થાત** : જેવી રીતે દરેકની જિંદગી એક સમાન નથી હોતી, કોઈ માલદાર છે તો કોઈ ગરીબ છે, કોઈ બીમાર છે તો કોઈ તંદુરસ્ત. એ જ પ્રમાણે કાફિરની મૌત એવી છે જેમ કે દુનિયામાં મુજરિમના માટે ગિરફતારીનું વોરંટ જારી થઈ જાય તો છુપા તો ફરે છે કે જો પકડાઈ ગયો તો જરૂર સજા મળશે, કેમ કે : اِنَّ بَطْشَ رَبِّكَ لَشَدِيْدٌ આમ મો'મિનની મૌત વફાત છે. ફર્માવ્યું : قُلْ يَتَوَفّٰىكُمْ مَّلَكُ الْمَوْتِ الَّذِيْ وُكِّلَ بِكُمْ જ્યારે કે અલ્લાહના મહબૂબ બંદાઓની મૌતને વિસાલ એટલા માટે કહે છે કે તેમને ઘણા પ્યારથી અલ્લાહની બારગાહની તરફ આકર્ષવામાં આવે છે. يٰۤاَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ ارْجِعِيْۤ اِلٰى رَبِّكِ رَاضِيَةً مَّرْضِيَّةً મતલબ કે ગાફિલની મૌત કેવળ જુદાઈ જ જુદાઈ છે જ્યારે કે મો'મિનની મૌત પોતાના પ્યારથી મુલાકાતની પવિત્ર ઘડીઓ છે રેલ્વે એક જ હોય છે, એક જ જગાએથી સૌ સવાર થાય છે, એક જ મંઝિલ પર જવાનું છે, પણ કેદીને પકડીને બેડીઓમાં જકડીને લઈ જવામાં આવે છે. મજૂર કમાણી કર્યા બાદ મજૂરી લઈને પોતાના બાળકોની પાસે ખુશી ખુશી જઈ રહ્યો છે. અને એ જ રેલગાડીમાં દુલ્હો પણ છે જેની સાથે તેના જ કારણે સેંકડો બારાતી પણ જઈ રહ્યા છે. જે તેની શાન છે તે કોઈની નથી.

તો રેલગાડી એક જ છે પણ કોઈના માટે તકલીફનો સબબ છે અને કોઈ માટે રાહત તથા સુકૂન તથા રહમત છે.

આમ મો'મિનની મૌતથી ઉપર શહીદ છે જેના બારામાં મૌતનો શબ્દ બોલવાની બલ્કે વિચારવાની પણ ઈજાઝત નથી. એનાથી ઉપર નબી અને પછી સર્વ નબીઓથી આગળ ઈમામુલ અંબિયાનો મક઼ામ છે. કેમ કે શહીદની પત્નીને આગળ નિકાહની ઈજાઝત છે, તેનો વારસો વહેંચાય જાય છે. જ્યારે કે નબીની પત્ની નિકાહ નથી કરી શકતી, નબીનો વારસો નથી વહેંચાતો. શહીદ સૂઈ જાય તો વુઝૂ તૂટી જશે, નબીની ઊંઘથી વુઝૂ તૂટશે નહીં. અને શહીદને આ મર્તબો નબીનો કલમો પઢવાથી જ તો મળ્યો છે. તો જ્યારે શહીદ નબીનો કલમો પઢીને પોતાની જાન રાહે ખુદામાં કુર્બાન કરી દે તો તેને મુર્દા કહેવાની ઈજાઝત નથી, તો જે નબીનો કલમો પઢીને તે શહીદ થયો છે તે નબીને મુર્દા કહેવું કઈ રીતે જાઈઝ થશે ?! શહીદની કેવળ જાન અલ્લાહના માટે અને નબીનું તો સર્વ કાંઈ અલ્લાહના માટે હોય છે : قُلْ اِنَّ صَلَاتِیْ وَ نُسُکِیْ وَ مَحْیَایَ وَ مَمَاتِیْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ શહીદ શહાદત બાદ જન્નતનો મેવો ખાય છે, નબી વિસાલથી પહેલાં જ એલાન કરે છે કે : ابیت عند ربی یطعمنی ویسقینی હું મારા રબને ત્યાં રાત પસાર કરું છું, તે મને ખવડાવે પણ છે અને પીવડાવે પણ છે. સાબિત થયું કે મૌત મૌતમાં ફરક છે. કાફિરના શરીરને રૂહ છોડી જાય છે અને મો'મિનના શરીરથી કેવળ નીકળે છે. બાદશાહ દેશ છોડી આપે તો મતલબ થશે કે બાદશાહી ખત્મ થઈ, અને નીકળવું તો સૈર માટે પણ હોય છે, જ્યારે ચાહે પરત આવી જાય. એટલા માટે સામાન્ય લોકોનાં શરીર સડી જાય છે, અને સેંકડો બનાવો છે કે સેંકડો વરસો બાદ પણ શહીદો તથા અવલિયા અને સાલેહ લોકોનાં શરીર સહી સલામત રહે છે. કેમ કે તેઓ જન્નતના બાગોમાં હોય છે. કાફિર મરે છે તો કેદખાનામાં જાય છે અને મો'મિન મરે છે તો કેદથી નીકળીને બાગમાં જાય છે. الدنیا سجن المومن وجنة الکافر તો જેમ મેહદી પીસાયને રંગ કાઢે તેમ મો'મિન મરીને નિખરે છે. ગોળી સીનામાં જાય છે, રૂહ મદીનામાં જાય છે. એટલા માટે એને યાદ પણ કોઈ નથી કરતુ છતાં તેની ક઼બર પર મેળો લાગેલો રહે છે.

**ક઼બ્રની જિંદગી** : હયાત તથા જિંદગીનો એ અર્થ ક્યાંય નથી લખ્યો કે રૂહ શરીરની સાથે તો જિંદગી છે, નહીં તો અલ્લાહ તઆલા اَلْحَیُّ الْقَیُّوْمُ 'હૈયુલ ક઼ૈયૂમ' છે પણ ન રૂહ આ ખાસ અર્થમાં તેની અદર છે ન શરીર. આપણી રૂહ તો સૂતી વેળા તેમ છતાં સૈર કરવા ચાલી જાય છે પણ અલ્લાહની શાન આ છે : لاتاخذه سنة ولا نوم ક઼બ્રમાં ફરિશ્તાઓનું આવવું અને સવાલ તથા જવાબથી વધીને જિંદગીની સાબિતી શું હોય શકે છે.

એ જ પ્રમાણે અઝાબ તથા સવાબ પણ જિંદગી માટે દલીલ પૂરી પાડે છે. ફરિશ્તાઓના ચહેરા જુએ છે, અવાજો સાંભળે છે. જવાબ આપે છે. જેનુ સાંભળવું, જોવું, બોલવું ક઼ાયમ છે બલ્કે પહેલાં કરતાં અધિક છે. હદીષ શરીફમાં છે કે જ્યારે તમે મૈયતને દફન કરીને આવો છો તો یسمع قرع نعالهم તો તે તમારા ક઼દમોની આહટ (પગરવ)ને (જેને તમે ખુદ નથી સાંભળી શકતા) મુડદુ સાંભળે છે. એટલા માટે હયાતનો અર્થ એ જ ફર્માવવામાં આવ્યો : الحیاة صفة مصححة للعلم والقدرة والارادة પણ ઈમામ ક઼સ્તલાની ફર્માવે છે કે અલ્લાહ એ વાત પર ક઼ાદિર છે કે વિના રૂહે હયાત પેદા કરી આપે, મોજિઝારૂપે કે કરામત રૂપે. હુઝૂર ﷺના અનેક મોજિઝ એવા છે : ઓહદ પહાડનું મહ઼ોબ્બત કરવું, સુતૂને હન્નાનાનું રડવું અને અબૂજહલની મુઠ્ઠીમાં કાંકરીઓનું કલમો પઢવું. સાબિત થયું કે જિંદગી તો કાફિરને પણ મળે છે પણ અઝાબ સહન કરવા માટે, જ્યારે કે મો'મિનની

જિંદગી સવાબ તથા બદલો પામવા માટે હોય છે અને પાકીઝા હોય છે. કાફિર જોડા ખાવા માટે કબ્રમાં જીવંત છે અને વલી અલ્લાહ ઈનામ પામવા માટે. જીવંત કેદી પણ હોય છે અને બાદશાહ પણ હોય છે, પણ બંનેના જીવંત હોવામાં ફરક છે. કાફિર જ્યારે ફરિશ્તાઓને જવાબ આપે છે તો તેને ગુર્જ મારવામાં આવે છે અને મો'મિન જ્યારે જવાબ આપે છે તો હુકમ થાય છે : فافر شوہ من الجنة તેના માટે જન્નતનું બિછાનું બિછાવી દો. والبسوہ من الجنة, તેને જન્નતની જોડ પહેરાવી દો وافتحو الہ بابا الی الجنة, તેના માટે જન્નતનો દરવાજો ખોલી દો. એટલા માટે બુઝુર્ગોનો ઉર્સ કરવામાં આવે છે પરંતુ જેમના બુઝુર્ગોને તૌહીને રિસાલતમાં પડવાના કારણે આગળ જૂતા પડી રહ્યા હોય તેઓ ભલા ઉર્સ શાથી કરે ?! તેમની હાલત તો એ રીતની થશે જે તેમના નામ લેનારાઓએ ખુદ વર્ણવી.

**પાકીઝા જિંદગી** : રબ તઆલાનો ઈર્શાદ છે :

مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَ هُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً "જે નેક અમલ કરે પુરૂષ હોય કે સ્ત્રી શર્ત એ કે ઈમાનદાર હોય, અમે તેને પાકીઝા જિંદગી અર્પણ કરીશું." હુઝૂર ﷺએ ફર્માવ્યું : حیاتی خیر لکم ومماتی خیر لکم "મારી જિંદગી પણ તમારા માટે બેહતર છે અને મારું વિસાલ ફર્માવવું પણ." સાબિત થયું કે કેટલીક મૌતો એવી છે જે કાબિલે રશ્ક હોય છે. સહાબાએ કિરામની જિંદગીનો કોઈએ આ પ્રમાણે નકશો ખેંચ્યો કે દિવસ ઘોડાની પીઠો પર અને રાતો મુસલ્લાઓ પર પસાર થતી હતી. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના દૌરમાં જ્યારે દિવસ રાત દેશોના દેશ ફતહ થઈ રહ્યા હતા ત્યારે હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ જે ફોજના સેનાપતિ હતા. આપે ઈરાનના કિસ્રાની તરફ એલચી મોકલ્યો અને કાગળ પર લખ્યું કે معی قوم یحبون الموت کما تحبون الحیاة મારી સાથે એવા લોકો છે કે જેઓ મૌત સાથે એવી રીતે પ્યાર કરે છે જેવી રીતે તમો જિંદગીથી પ્યાર કરો છો. (મિશ્કાત) કેમ કે એમનું મૃત્યુ એ રીતનું નથી હોતુ જે રીતે ગાફિલ લોકોએ સમજી રાખ્યું છે. જેને ડો. ઈકબાલે આ પ્રમાણે ફર્માવ્યું :

*મૌતકો સમઝે હૈં ગાફિલ ઈખ્તેતામે ઝિંદગી–હૈ યહ શામે ઝિંદગી સુબ્હ દવામે ઝિંદગી*

*બરતર અઝ અંદેશએ સૂદો ઝબાં હૈ ઝિંદગી–હૈ કભી જાં, ઔર કભી તસ્લીમે જાં હૈ ઝિંદગી*

*અપની દુન્યા આપ પૈદા કર અગર ઝિંદોં મેં હૈ–સિર્રે આદમ હૈ ઝમીર કુન ફકાં હૈ ઝિંદગી*

**અર્થાત** : એટલા માટે ફર્માવ્યું نفس ذائقة الموت દરેક જીવવાળાએ મૌતને ચાખવાનું છે, ન કે ખાવાનું છે. ચાખવા તથા ખાવામાં ફરક છે. સ્ત્રી રોઝાની હાલતમાં બાળકને ખાવા ચાવીને ખવડાવે તો ચાખે છે એટલા માટે રોઝો નથી તૂટતો, જો ખાય લે તો તૂટી જાય છે.

અલ્લાહનો નેક બંદો કેવળ મૌત ચાખે છે, મૌત તેને નષ્ટ નથી કરી દેતુ. એટલા માટે એઓ મૌતથી ગભરાતા નથી. કેમ કે જ્યારે મદીનાની વિઝા આવી જાય તો ખુશીની હદ નથી રહેતી, જ્યારે કે મદીનાની તો કેવળ દરોદીવાર જ નજર આવે છે, જ્યારે કે કબ્રમાં તો જલ્વએ યાર છે ! ખુદ મદીનાવાળી સરકાર છે. મદીનામાં કેવળ મદીના દેખાય દે છે, કબ્રમાં ખુદ ગુંબદે ખદ્રાના મકીં આવે છે. મૌતથી તે ડરે જે નબી ﷺને મોં દેખાડવાને પાત્ર ન હોય, તે શા માટે ડરે જેને નબી ﷺ સીનાથી લગાડવા તૈયાર હોય. મૌ'મિનની મૌત દૂરી મિટાવનારી હોય છે, યારને યારથી મિલાવનારી છે.

આ'લા હઝરત અઝીમુલ બરકત رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ, ૫/૬૬૮ પર લખે છે કે અકાબિર અવલિયાએ કિરામ ક઼બ્રમાં જાય છે તો કહે છે : مرحبا بحبیب جاء علی فاقۃ આ મહબૂબનું આવવું મુબારક થજો જે ઘણીવાર પછી આવ્યા છે. કેમ કે એમની મૌત બુરા દોસ્ત (દુનિયા)થી જુદાઈ અને અને સારા દોસ્તથી મિલાપ છે.

અરબવાસીઓ કહે છે : الموت جسر یوصل الحبیب الی الحبیب મૌત એક પુલ છે જે યારને યારથી મિલાવી દે છે. મૌલાના રૂમ رحمۃ اللہ علیہનો આખરી સમય આવ્યો તો ઈઝરાઈલને જોઈને ઝુમવા લાગ્યા અને ફર્માવ્યું :

*પેશતર આ પેશતર આ જાને મન—પય કે દાબે હઝરતે સુલ્તાને મન*

"હે મારી જાન ! જલ્દી આવ અને જલ્દી આવ ! મને મારા આક઼ા ﷺની બારગાહમાં લઈ જા." કેવી મજા હશે અલ્લાહવાળાઓની મૌતમાં કે લોકો દિલના દર્દથી પનાહ માગે છે અને આશિક઼ો કહે છે :–

*દિલ દર્દસે બિસ્મિલ કી તરહ લોટ રહા હો—સીને પે તસલ્લી કો તેરા હાથ ધરા હો*

એકવાર સરકાર ﷺએ ઈઝરાઈલ علیہ السلامને ફમાવ્યું, જે મારો તાબેદાર હોય તેના પર નરમી કર્યા કર. અર્ઝ કરી, જે આપનો તાબેદાર હશે હું તેનો દોસ્ત હોઈશ.

*નકીરૈન કરતે હૈં તાઝીમ મેરી—ફ઼િદા હો કે તુઝ પર યહ ઈઝ્ઝત મિલી હૈ*

**હઝરત ઉમર رضی اللہ عنہ તથા નકીરૈન** : શરહુસ્સુદૂરમાં છે : એક મર્તબા હુઝૂર ﷺ એ હઝરત ઉમર رضی اللہ عنہને પૂછયું, હે ઉમર જ્યારે તારી ક઼બરમાં નકીરૈન આવશે તો તારો શો હાલ થશે ? અર્ઝ કરી, હુઝૂર ! શું એ વખતે હું ઈમાનવાળો હોઈશ ? ફર્માવ્યું, હા ! અર્ઝ કરી, فسا کفیکھما પછી તો હું તેમની સાથે નિપટી લઈશ. જ્યારે તેઓ મને સવાલ કરશે : من ربك તો હું કહીશ : ربی اللہ فمن ربکما મારો રબ તો અલ્લાહ છે બતાવો તમારો રબ કોણ છે ? એ જ પ્રમાણે બીજા સવાલ પર પણ એવું જ કહીશ. (શક્ય છે ત્રીજાનો વારો જ ન આવે) જેમ કે રિવાયતમાં છે કે હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہની વફાત થઈ તો હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ (જેઓ કશ્ફે કુબૂરના ઘણા માહિર હતા) હઝરત ઉમર رضی اللہ عنہની ક઼બર પાસે બેસી ગયા કે જોઉં કે આજે ઉમર ફરિશ્તાઓને શું જવાબ આપે છે ! જેથી ફરિશ્તાઓએ આવીને સવાલ શરૂ કરી આપ્યા તો આપે ફર્માવ્યું કે તમારા નબી કોણ છે ? કહ્યું, જે તારા છે તે જ અમારા છે. ફર્માવ્યું, મારા નબીનું તો ફર્માન છે : من تکلم قبل السلام فلا تجیبوہ જે સલામથી પહેલાં કલામ (વાત) શરૂ કરી આપે તેને જવાબ ન દો. જેથી પરત જાવ અને આવીને સલામ કરો પછી સવાલ કરો. અને સાંભળો ! જેટલી બીહામણી શક઼લ બનાવી શકો છો મારી સામે બનાવીને આવી જાવ અને મારા નબીના દરેક ગુલામની સામે સારી સૂરત (શક઼લ)માં જજો. હઝરત અલી رضی اللہ عنہએ જે ક઼બ્ર પર બેઠેલા હતા તેમણે આ સાંભળીને ઉમરને દુઆ આપી અને કહ્યું, હે ઉમર ! અલ્લાહ તમને બદલો આપે તમે દુનિયામાં પણ હુઝૂર ﷺના ઉમ્મતીની બેહતરીના માટે કામ કરતા રહ્યા અને ક઼બ્રમાં જઈને પણ હુઝૂર ﷺના ગુલામની ખૈરખ્વાહી કરી રહ્યા છો.

**હઝરત મૂસા علیہ السلام અને હઝરત ઈઝરાઈલ علیہ السلام** : હઝરત મૂસા علیہ السلام ની પાસે ઈઝરાઈલ علیہ السلام જાન લેવા માટે આવ્યા. આપે ચાર આંગળીની થપ્પડ મારી અને ઈઝરાઈલની આંખ કાઢી નાખી. જો પૂરા હાથની થપ્પડ મારી હોત તો શું હાલ થાત ! માલૂમ પડયું કે નબુવ્વતની તાક઼તનો કોઈ અંદાઝો નથી. આપણે તો જિન્નાતનું

નામ સાંભળી લઈએ તો તાવ ચઢી જાય ! અને ઈઝરાઈલ તે છે જે જિન્નાતોની પણ જાન કાઢે છે. તો જ્યારે હઝરત મૂસા علیہ السلامની તાક઼ત આ છે તો ઈમામુલ અંબિયા ﷺની તાક઼ત કેવી હશે ?! (કેમ કે ફઝીલતમાં ફરક઼ તો છે. فضلنا بعضهم على بعض મૂસા علیہ السلام કલામ કરવા તૂર પર ખુદ જાય છે અને આપણા આક઼ા ﷺને હજાર ઈજ્જતો સાથે અર્શ પર બોલાવવામાં આવી રહ્યા છે. હઝરત મૂસા علیہ السلام હઝરત ખિઝર علیہ السلامને મળવા જાય છે, અને આપણા આક઼ા ﷺ ખુદાને મળવા જાય છે. હઝરત મૂસા علیہ السلام તૂર પર જાય તો હારૂન علیہ السلامને ખલીફા બનાવીને જાય છે છતાં ઉમ્મત શિર્કમાં પડી જાય છે : باتخاذكم العجل અને હુઝૂર ﷺ ફર્માવે છે : الله خليفتى على امتى મારા બાદ મારી ઉમ્મતનો મુહાફિઝ મારો અલ્લાહ છે. એ જ કારણે આપ ﷺએ ફર્માવ્યું, હવે મને તમારાથી શિર્કનો કોઈ ખતરો નથી. *(બુખારી)*

*ફાનૂસ બનકે જિસકી હિફાઝત હવા કરે–વો શમ્અ ક્યા બુઝે જિસે રોશન ખુદા કરે*

**અર્થાત** : યાકૂબ علیہ السلامએ યૂસુફ علیہ السلامને પુત્રોના હવાલે કર્યા તો યૂસુફ علیہ السلامને ગુમ કરી બેઠા અને બિન્યામીનના બારામાં ફર્માવ્યું : فَاللّٰهُ خَيْرٌ حٰفِظًا ۪ وَّهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ "તો અલ્લાહ સૌથી બેહતર નિગેહબાન અને તે છે મહેરબાન સૌથી વધીને મહેરબાન." *(સૂ. યૂસુફ, ૧૨/૬૪)* તો યૂસુફ علیہ السلام પણ મળી ગયા.

અહલે મહ઼બ્બત ફર્માવે છે કે મૂસા علیہ السلامએ થપ્પડ એટલા માટે મારી કે આપે બતાવ્યું કે મારા બાદ નબીઓના સરદાર આવનાર છે તો ક્યાંક તેમની પાસે પણ આ રીતે વિના સંકોચે ન ચાલ્યા જશે ! એ જ કારણે હુઝૂર ﷺની પાસે આવ્યા તો ત્રણ દિવસ સુધી ઈજાઝત જ માગતા રહ્યા, બલ્કે જિબ્રઈલ علیہ السلام તથા ઈઝરાઈલ علیہ السلام બંનેવ હુઝૂર ﷺના ઘરે ઈજાઝત લઈને આવ્યા. *(શરહુસ્સુદૂર–૬૭)*

*બે ઈજાઝત જિનકે ઘરમેં ઈઝરાઈલ આતે નહીં–ક઼દ્રવાલે જાનતે હૈં ઈઝ્ઝો શાને અહલેબૈત*

**અર્થાત** : ઈઝરાઈલ علیہ السلامની ડ્યૂટી છે કે લોકોને મૌત આપે. يتوفكم ملك الموت الذى وكل بكم અને તેમણે આજ સુધી કોઈની પાસેથી ઈજાઝત નથી માગી, પણ બારગાહે નબુવ્વતથી ઈજાઝત માગી રહ્યા છે.

આ ફયઝ અલ્લાહ તઆલાએ ઔલિયાએ ઉમ્મતને પણ અતા કર્યો છે. આ જ હદીષમાં છે કે ઈઝરાઈલ علیہ السلامએ અર્ઝ કરી કે જો તમો મરવા નથી ચાહતા તો બળદની પીઠ પર હાથ રાખો જેટલા વાળ હાથ નીચે આવી જશે એટલા વરસો આપની જિંદગી વધી જશે. સુબ્હાનલ્લાહ ! ઈઝરાઈલ علیہ السلام મૌતના ફરિશ્તા થઈને જિંદગીની વાત કરી રહ્યા છે. કેમ કે આ બારગાહે નબુવ્વત છે જ્યાંથી પથ્થરોને પણ હયાત મળે છે. બીબી મરયમનો હાથ લાગે તો ખજૂરનુ સૂકૂ થડ હર્યુ ભર્યુ થઈ જાય, વલીની નિગાહ ઉઠે તો મુર્દા દિલ ઝિંદા થઈ જાય.

બુખારી શરીફમાં છે : من عادىٰ لى وليا فقد اذنته بالحرب હદીષે કુદસીનો આગલો હિસ્સો આ પ્રમાણે છે કે : ماترددت عن شئى انا فاعله ترددى فى نفس المومن يكره الموت وانا اكره مسائته મને કદી કોઈ કામ કરવામાં ખચકાટ નથી થયો, પણ મો'મિનની જાનના બારામાં (જ્યારે કે તે મરવા ન ચાહે અને હું તેની જુદાઈ ન ચાહું).

અહીં ખચકાટના બે અર્થ છે, એક એ કે ફરિશ્તા મોકલું છું પછી જો તે મરવા ન ચાહે તો ફરિશ્તાઓને પાછા બોલાવી લઉં છું. જો કોઈ કહે કે આ અર્થના હિસાબે તો તક઼દીરનું ટળવું સાબિત થશે ?! તો કોઈ વાંધો નહીં, જેણે

તક઼દીર તે બદલી પણ શકે છે. يَمۡحُوا اللّٰهُ مَا يَشَآءُ وَيُثۡبِتُ જો ઈસા علیہ السلامની ઉમ્મતના વલીમાંથી ૩૦૯ વરસો સુધી તક઼દીર ટળી રહે તો વાંધો નથી, તો હુઝૂર ﷺની ઉમ્મતના વલીના માટે આ એહતેમામ (ગોઠવણ) કેમ નથી થઈ શકતો તે પણ ખુદાને માટે નીકળ્યા હતા અને પોતાના શહેરની નજીક જ ગુફામાં હતા, આ તો કોઈ અફઘાનિસ્તાનથી લાહોર આવ્યા કોઈ અરબસ્તાનથી અજમેર આવ્યા.

બીજો અર્થ શક છે, પણ અલ્લાહ તો શકથી પાક છે. ઈજ્જત તથા શરાફતના માટે વલી અલ્લાહને પોતાની તરફ સંબંધિત કરી લીધેલ છે. જેવી રીતે અલ્લાહ ઘરથી પાક છે પણ ખાનએ કા'બાને ઈજ્જત આપવા માટે બયતુલ્લાહ ઠરાવી આપ્યું. કેમ કે આ જ હદીષમાં છે કે હું એ મો'મિન બંદાનો હાથ, પગ, આંખો બની જઉં છું જેના વડે તે સ્પર્શે, ચાલે, જુએ છે. અને આ જ હદીષમાં વર્ણન કરવામાં આવે છે કે ત્રણ અંગોનું તો નામ આવી ગયું નહીં તો સર્વ જ અંગો મુરાદ છે કે હું તેનું દિલ પણ બની જઉં છું, પછી જે મારો ઈરાદો હોય છે તે એનો પણ હોય છે. એટલે કે અલ્લાહનો દીદાર, ખુદાની મુલાકાતનો શોખ અને જન્નતની નેઅમતો નો ઉલ્લેખ જ્યારે અલ્લાહના ફરિશ્તા મો'મિન બદાઓની સામે કરે છે તો તે મરવા માટે તૈયાર થઈ જાય છે અને દુનિયાની વાતો પર અલ્લાહની મુલાકાતને અગ્રતા આપી દે છે.

**હઝરત બાયઝીદ બુસ્તામી** رحمۃ اللہ علیہ : આપનો વિસાલ થયો તો ક઼બ્રમાં નકીરૈને સવાલ કર્યો من ربک હું તો આખી જિંદગી કહેતો રહ્યો કે અલ્લાહ મારો રબ છે, આજે તેને પૂછો કે તે મને પોતાનો બંદો માને પણ છે કે નહીં ?!

**કુર્આની મુદ્દો** : અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને પોતાના ખાસ બંદા ખિઝર علیہ السلامની નિશાની બતાવી કે તે ત્યાં મળશે જ્યાં શેકેલી માછલી જીવંત થઈ જશે, જ્યારે કે મૂસા علیہ السلام મુર્દાને જીવંત થતુ જોવા ગયા ન હતા. જેથી આપે જોયું કે જ્યાં પગ મૂકે છે ત્યાં ઘાસ ઉગી નીકળે છે. (હુઝૂર ﷺના બારામાં પણ એ જ પ્રમાણે છે : اذا وقف بقدميه على الوادى يخضر لوقته) આવું શા માટે થયું ? એટલા માટે કે اتينه رحمة من عندنا و علمناه من لدنا علما અમે તે (હઝરત ખિઝર علیہ السلام)ને પોતાની રહમત તથા ઈલ્મ આપ્યો. જો કે સૌને ઈલ્મ તથા રહમત અલ્લાહ જ અતા ફર્માવે છે પણ આ કોઈ ખાસ રહમત તથા ઈલ્મ હતો જેની નિસ્બત પોતાના તરફ ફર્માવી. પોતાના ઈલ્મ વડે કેટલા વરસો પછી થનારા હાલાત બતાવી રહ્યા છે કે આ બાળ કે મોટા થઈને પોતે પણ ગુમરાહ થવાનુ હતું અને ખતરો હતો કે મા બાપને પણ ગુમરાહ કરી દે. અને દીવાલની નીચે ખજાનાનું હોવું. (લોકો દીવાલની પાછળ ઈમામુલ અંબિયા ﷺનો ઈલ્મ નથી માનતા અને ખિઝર علیہ السلام દીવાલની નીચેની વાત બતાવી રહ્યા છે !) બાળકે તો હજી મોટા થવાનું હતું પછી ગુમરાહ કરતો તો જાયું જાત, તેને પહેલેથી જ મારી નાખવો અલ્લાહ તઆલાએ એને જ પોતાની તક઼દીર બનાવી દીધી.

વળી જુઓ કે કશ્તીને તોડવું જાહેરી રીતે અયબ જ અયબ હતું તો હઝરત ખિઝર علیہ السلامએ નિસ્બત પોતાની તરફ કરી અને અલ્લાહનું નામ પોતાની સાથે સામેલ ન કર્યું : فاردت ان اعيبها બાળકને મારવું જાહેરી રીતે જો કે અયબ હતું પણ પરિણામના લેહાઝથી ખૈર તથા કમાલ હતું કે તેના બદલે તે બાળકનાં માબાપને અલ્લાહ તઆલાએ પુત્રી આપી જેનાથી કેટલાય નબી પેદા થયા. તો ખિઝર علیہ السلامએ પોતાની સાથે અલ્લાહનો ઝિક્ર પણ કરી આપ્યો

જેથી જાહેરી રીતે અયબની નિસ્બત મારી તરફ થઈ જાય અને ماایؤل ના એતબારથી ખૈર હોવાની નિસ્બત અલ્લાહની તરફ થઈ જાય. فخشینا ان یرهقهما

અને દીવાલ સીધી કરવી કેમ કે ખૈર જ ખૈર હતું ત્યાં પોતાનું નામ જ ન લીધું. فاراد ربك ان یبلغا اشدهما

સારાંશ કે જ્યારે અલ્લાહ તઆલા પોતાનો ખાસ ઈલ્મ પોતાના બંદાઓને અતા ફર્માવે છે તો એમના પર અલ્લાહ પોતાનાં રહસ્યો ખોલે છે. આ જ તે ખુશનસીબ છે કે જેમના માટે જિંદગી એક દીવાલ હોય છે, એ દીવાલ પડે છે તો આગળ લિકાએ યાર (દોસ્તથી મુલાકાત) થાય છે : જિંદગીમાં જો કે ખુદાનો બંદો એકલો રહે છે પણ મર્યા પછી તેની કબર પર મેળો લાગેલ રહે છે, ક્યારેક વાર્ષિક, ક્યારેક દરરોજ. જિંદગી દીવાલ સુધી લઈ ગઈ અને મૌત યાર સુધી લઈ ગઈ. શરીર તો મરી ગયું પણ રૂહને બકા મળી ગઈ. પહેલાં રૂહ શરીરના પિંજરામાં બંધ હતી હવે આઝાદ થઈ ગઈ. પીર જમાઅત અલી શાહ સાહબ ફર્માવ્યા કરતા હતા કે વલી જીવંત હોય તો સમજો તલ્વાર મ્યાનમાં છે અને મૃત્યુ પામે તો તલ્વાર મ્યાનમાંથી બહાર આવી જાય છે.

**દુનિયાનું સ્ટેજ** : અલ્લાહ તઆલાએ દુનિયાનુ સ્ટેજ સજાવ્યું અને અમુક અરસા માટે આપણને મોકલ્યા કે લોકોને મારી મઅરફેતનો પૈગામ પહોંચાડીને પછી પરત મારી પાસે જ આવી જાવ. લોકો આવતા જતા રહેશે.

*હમ આજ હૈં કલ યહાં ન રહેંગે—મગર યહ મેહફિલ સજી રહેગી*

મોકલનાર જોઈ રહ્યો છે કે કોણ શું કરી રહ્યું છે : لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا જે સારાં કામો કરી જાય છે તેને દુનિયા યાદ રાખે છે. અહીં કોઈએ હમેશાં તો રહેવાનું નથી.

*કોઈ આતા હૈ કોઈ જાતા હૈ—મેહફિલ કે રંગ યૂંહી રહતે હૈં*
*સાકી કા ફૈઝ તો જારી હૈ—મહમાન બદલતે રહતે હૈં*

શયખ અબુલ હસન ખિર્માની رحمۃاللہعلیہ ફર્માવે છે કે મૌતથી નથી ડરતો કેમ કે મુડદાં મૌતથી નથી ડરતાં. ફર્માવ્યું, અલ્લાહની દરેક ચેતવણી મારા ગમની નીચે છે અને તેનો દરેક વાયદો મારી ઉમ્મીદોના મુકાબલામાં કાંઈ નથી. ફર્માવ્યું, દુનિયાની હજાર તમન્નાઓને કુર્બાન કરવાથી આખેરતની એક તમન્ના પૂરી થશે, અને દુનિયામાં હજાર કડવા ઘૂંટડા પીવાથી આખેરતનો એક મીઠો ઘૂંટડો નસીબ થશે. *(તઝકેરતુલ ઔલિયા)*

**ઈઝરાઈલ علیہالسلام ની રબથી ફરિયાદ :-**

ان ملک الموت کان یقبض الارواح بغیر وجع فسبه الناس ولعنوه فشکاالی ربه فوضع الله الا وجاع ونسی ملک الموت یقال مات فلان بوجع کذا و کذا۔

પહેલાં મલકુલ મૌત કોઈ બીમારી તથા તકલીફ વિના લોકોની જાન કાઢી લેતા હતા. લોકોએ મલકુલ મૌતને ભલુ બુરુ કહેવાનું શરૂ કરી આપ્યું. તેમણે અલ્લાહ સમક્ષ શિકાયત કરી તો અલ્લાહે બીમારીઓ તથા તકલીફો ઉતારી. હવે લોકો ઈઝરાઈલ علیہالسلام નું નામ નથી લેતા બલકે એવું કહે છે કે ફલાણો તાવથી મરી ગયો, ફલાણો હાર્ટ એટેકથી મરી ગયો અને ફલાણી ફલાણી બીમારીથી, વગેરે. *(શરહુસ્સુદૂર, પેજ : ૬૫)* ઈઝરાઈલ علیہالسلام દરેક

બંદા સાથે સવાર સાંજ મુસાફો કરે છે. *(હવાલો : શરહુસ્સુદૂર, પેજ : ૬૫)* قال حکیم الترمذی سوال القبر خاص بھذا لامة હકીમ, તિર્મિઝી ફર્માવે છે કે કબ્રના સવાલ કેવળ આ જ ઉમ્મતની વિશિષ્ટતા છે.

**ઓહદના શહીદોની ઝિયારત :-**

کان النبی صلی اللّٰہ علیہ وسلم یزور الشھداء باحد فی کل حول و اذا بلغ الشعب رفع صوته فیقول سلام علیکم بما صبر تم کل حول یفعل مثل ذلک ثم ابو بکر ثم عمر ثم عثمان و کانت فاطمه بنت رسول اللّٰہ صلی اللّٰہ علیہ وسلم تاتیھم وتدعو۔

હુઝૂર ﷺ દર વર્ષે ઓહદના શહીદોની કબ્રની ઝિયારતના માટે તશરીફ લઈ જતા અને જ્યારે ઘાટી પર પહોંચતા તો મોટા અવાજે કહેતા, તમારા પર સલામ હજો એના બદલામાં જે તમે સબ્ર કરી. આપ ﷺ દર વર્ષે આખી જિંદગી એવું કરતા રહ્યા. આપના બાદ ત્રણેવ ખલીફા પણ એવું કરતા રહ્યા, અને આપની પુત્રી ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہا પણ ત્યાં જતાં અને ઓહદના શહીદો માટે દુઆ કરતાં. હઝરત ફાતિમા ખઝાઈયહ ફર્માવે છે કે એકવાર મને મોડુ થઈ ગયું અને ઓહદના શહીદોના મઝારો પર જ સૂરજ ડૂબી ગયો. મારી બહેન મારી સાથે હતી. મેં કહ્યું, આવો ! હઝરત હમ્ઝા (હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના કાકા) رضی اللہ عنہ સૈયદુશ્શોહદાને સલામ કરી આવીએ. જેથી અમે ત્યાં હાજર થયાં. فقلنا السلام علیك یا عم رسو الله صلی الله علیه وسلم. હે અલ્લાહના રસૂલ ﷺના કાકા ! આપ પર સલામ ! ફર્માવે છે, અમને જવાબ મળ્યો, فسمعنا کلا ماردعلینا و علیکم السلام وما قریبنا احد من الناس તમારા પર પણ અલ્લાહની સલામતી અને રહમત થાય. જ્યારે કે ત્યાં કોઈ પણ ન હતું. *(શર્હુસ્સુદૂર, પેજ : ૨૮૧)*

## (નઅત શરીફ : ૯૯)

**હમારે દર્દે જિગર કી કોઈ દવા ન કરે**
**કમી હો ઈશ્કે નબીમેં કભી ખુદા ન કરે**

**અર્થાત :** આપણા દર્દે જિગર બલ્કે શરીરની એક એક રુંવાટીમાં જે અલ્લાહના પ્યારા મહબૂબ ﷺના ઈશ્કનું દર્દ સમાયેલું છે તેને દિલની બીમારી સમજીને કોઈ કહેવાતો ડોકટર (પૂર્વગ્રહી) તેનો ઈલાજ કરવાનું શરૂ ન કરી આપે અને કોઈ આ દર્દની કમીની પણ દુઆ ન કરે, બલ્કે એ દુઆ કરવામાં આવે કે અલ્લાહ તઆલા આ દર્દે ઈશ્કે મુસ્તફામાં દિન દુગની રાત ચોગુની તરક્કી અતા કરે.

*ઉન્કા દર્દ કહાં તક પહુંચા—કલ્બ જિગર ઔર જાં તક પહુંચા*
*સારી દુન્યા કા'બે પહુંચી—મૈં કા'બે કી જાં તક પહુંચા*

**રુખે નબીસે હૈ પુર લાફ બંદગી ગુલકો**
**ખુદા કિસીકો બસ ઈતના ભી નાસઝા ન કરે**
*(લાફ = લાફિદનથી છે, બેહૂદા વાત કરવી, દાવો. નાસઝા = નાલાયક)*

**અર્થાત :** આપણા આકા علیہ الصلوٰۃ والسلامના રુખે વદુહાની સામે જો ફૂલને ગુલામી તથા બંદગીનો દાવો છે તો એ પણ તેની ગુસ્તાખી તથા બેઅદબી હોઈ શકે છે. આવી હિંમત કરવાની ખુદા કોઈને તૌફીક ન આપે કે એટલી મોટી વાત કરી જાય ! ક્યાં ફૂલ અને ક્યાં ચેહરએ રસૂલ ! ﷺ

**ઈશારા કર કે અગર વો ગુમાને અબ્રુ કા**
**હમારા તીરે દુઆ ફિર કભી ખતા ન કરે**

**અર્થાત :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ભવાંના ઈશારા સાથે જ અલ્લાહ તઆલાની રહમતનું રુખ ફરતુ જાય છે. જો આપણી દુઆઓની કબૂલિયતને માટે બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી આપે તો આપણે મુસ્તજાબુદાવાત થઈ જઈએ, અને આપણી કોઈ પણ દુઆ રદ ન થાય. કેમ કે આપ ﷺની પહોંચ જ એટલી છે કે :—

*દીદાર ખુદા કા મિલા ખુદાઈ પાઈ—જો બાત કિસીને ભી ન પાઈ, પાઈ*
*પહુંચે હુએ પહુંચે ન જહાં તક મૌલા—હત્તા કે વહાં તુમને રસાઈ પાઈ*
*—(ખલીલુદ્દીન હસન હાફિઝ પીલીભીતી)*

**ક઼દ્દે નબી કે સિવા કુછ હમેં નહીં ભાતા**
**હમારે આગે કોઈ ઝિક્ર સરૂકા ન કરે**

**અર્થાત :** અમારી સામે કોઈ કોઈ સરૂ, બરૂનો ઉલ્લેખ ન કરે, અમને તદ્દન એ ગમતુ નથી. કેમ કે અમારા દિલો જાનમાં મહબૂબે ખુદા ﷺનુ કદ મુબારક એવું રચી વસી ગયું છે કે :–

*અબ મેરી નિગાહોંમેં જચતા નહીં કોઈ–જૈસે મેરે સરકાર હૈ ઐસા નહીં કોઈ*

**હમારે દેખે હુએ હૈં મદીને કે ઝર્રે**
**સુના દો મહર કો અબ દા'વાએ ઝિયા ન કરે**

**અર્થાત :** અને હા ! સૂરજને પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દો કે આજ પછી રોશનીનો દાવો કરવાની કોશિશ ન કરે, કેમ કે હવે અમે મદીના પાકનાં રજકણોની રોશની જોઈને આવેલા છીએ, અને એટલા પાગલ નથી કે ફૈંસલો ન કરી શકીએ કે રોશનીમાં સૂરજનો દાવો સહીહ છે કે મદીનામાં રજકણોનો.

મહબૂબના ક઼દમોથી સ્પર્શનારાં રજકણોની અદબનો આ જ હક્ક઼ હતો જે આ'લા હઝરતે અદા કરી આપ્યો. فجزاه الله خير الجزاء الى يوم الجزاء મહબૂબ તરફ સંબંધિત દરેક જ ચીજ મહબૂબ હોય તો એ ઈશ્ક઼નો તક઼ાઝો છે.

*ન જન્નત ન જન્નત કી કલિયોંમેં દેખા–મઝા જો મદીને કી ગલિયોંમેં દેખા*

**પર ઝખ્મે દિલ રવિશે ગુલ હંસાએંગે ઈક રોઝ**
**ખુદા કે વાસ્તે ઈન્કો કોઈ સિયા ન કરે**

**અર્થાત :** એક દિવસ જરૂર આવશે કે આપણા ગુલ (મહબૂબે ખુદા ﷺ)ના કરમથી આપણા દિલનાં ઝખ્મો મહેકવા લાગશે અને તે પોતાનો દીદાર કરાવીને આપણને ખુશ કરી આપશે. ત્યાં સુધી ખુદાને ખાતર કોઈ અમારા ઝખ્મો સીવવાની કોશિશ ન કરે.

**નહીં મૈં રોતા હું કુછ યાદે બાગે ગુલશનમેં**
**હમારે રોને પે અય ગુલ ! કોઈ હંસા ન કરે**

**અર્થાત :** હે ફૂલ ! ખબરદાર અમે રડીએ છીએ તો એવું ન સમજતુ કે કોઈ બાગની યાદમાં રડુ છું. અમારે દુનિયાના કોઈ બાગની જરૂરત નથી. અમે જેમના માટે રડીએ છીએ એના માટે જ રડીએ છીએ. તમે તમારું કામ કરો અને હવે પછી અમારા આંસૂ વહાવવા પર કોઈપણ હસવાની કોશિશ ન કરે.

સહાબાએ કિરામ તથા સહાબિયાત હુઝૂર علیہ الصلوٰۃ والسلامના વિસાલ બાદ રાતોમાં ઉઠી ઉઠીને રડતાં હતાં અને મહબૂબ ﷺની જુદાઈ તથા વિરહમાં અરબી શેઅરો પઢતાં હતાં. *(જુઓ શિફા શરીફ)*

**ખિલેગા ગુંચએ દિલ ગુલ કે દામનમેં**
**હઝાર બાર અર્ક઼ રેઝિયા સબા ન કરે**

**અર્થાત :** અમારા દિલની કલી તો અમારા ફૂલ (હુઝૂર علیہ الصلوٰۃ والسلام)ના દામનની બાદે સબાથી ખીલી જશે.

જેથી હે પૂર્વી હવા ! તું આટલી તકલીફ ન ઉઠાવ કે હજાર હજાર વાર છંટકાવ કરે છે કે અમે તારા એહસાનનો બોજ અમારા માથે લઈએ. (અમે દિલનો ગુંચો તારાથી નહીં મહબૂબ ﷺના દામનની હવાથી ખીલવી લઈશું.)

*પરવાને કો ચિરાગ હૈ બુલબુલ કો ફૂલ બસ—સિદ્દીક કે લિયે હૈ અલ્લાહ કા રસૂલ બસ*

**યહ દિલ કો ભાયા ગુલ ઝખ્મે ઈશ્ક કા ખિલા**
**હઝાર ફૂલે ચમન ક઼સ્દે ઈન્તિહા ન કરે**

**અર્થાત :** અમારા દિલને એ જ એક ફૂલ (ગુલશને વહદતનું મહેકતુ ફૂલ, હઝરત આમિના رضی اللہ عنہاના રાજદુલારા અને અલ્લાહના પ્યારા નબી ﷺ) પસંદ આવે છે અને તેમના જ દર્દે ઈશ્કનો ઝખ્મ દિલ પર લાગેલો છે. હે બાગ ! તું હજારવાર ફલતો રહે પણ એટલુ પણ ન ભૂલ, કેમ કે અમે તારી સાથે ઈશ્ક કરવાવાળા નથી, અમે તો મહબૂબે ખુદા ﷺને ચાહનારા છીએ.

*ઉન્કા મંગતા પાઉં સે ઠુકરા દે વો દુન્યા કા તાજ—જિસ્કી ખાતિર મર ગએ મુન્ઈમ રગળ રગળકર એળિયાં*

**'રઝા'એ નામાએ સિયહ કા કહાં ઠિકાના હૈ**
**શફાઅત ઉસ્કી જો મેહશરમેં મુસ્તફા ન કરે**

**અર્થાત :** હે અહમદ રઝા ! જો તારા નબી ! ﷺ એ મેદાને મેહશરમાં શફાઅત કરવાની હા ન ભણી તો જે ગુનેહગારોનાં આમાલનામાં ગુનાહોના મેલથી સિયાહ થઈ ચૂક્યાં છે તેમને ક્યાં ઠેકાણુ મળી શકે છે.

*ન કહીં જહાં મેં અમાં મિલી, જો અમાં મિલી તો કહાં મિલી*
*મેરે નામાહાએ સિયાહ કો તેરે અફવે બંદા નવાઝ મેં*

## (નઅત શરીફ઼ : ૧૦૦)

**તાઝીમસે મુન્કિર હૈં દમ બાઝ નહીં છુપતે**
**દિલ જાનસે હાઝિર હૈ દમસાઝ નહીં છુપાતે**

*(દમ બાઝ = દગાબાઝ. દમ સાઝ = દોસ્ત)*

**અર્થાત :** અલ્લાહના મહબૂબોની તા'ઝીમનો મુન્કિર હોય કે દિલોજાનથી એમના પર જાન નિછાવર કરનાર, તેમનો રાઝદાર હોય, બંને પ્રકારના લોકોને અલ્લાહે જાહેર કરી આપ્યા છે. હવે ક઼યામત સુધી છુપાય શકશે નહીં. ماكان الله ليذر المومنين على ما انتم عليه حتى يميز الخبيث من الطيب અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને એ હાલતમાં નહીં છોડે જેના પર તમે છો, ત્યાં સુધી કે પહેચાન કરાવી દે. (જુદા કરી આપે) નાપાકને પાકથી. એવા અલગ અલગ તથા સ્પષ્ટ થયા કે હજારો કોશિશો તથા ઝબ્બા કુબ્બાઓ પહેરવા છતાં ક઼યામત સુધી છુપાઈ શકશે નહીં.

આશિક઼ાને મુસ્તફ઼ા ﷺ ઈશ્ક઼ો મહબ્બતે રસૂલ ﷺનું એલાન ડંકાની ચોટ પર કરતા રહેશે અને રસૂલના દુશ્મનો ગુસ્તાખીઓથી દૂર નહીં થાય.

*યહ બળે કરમ કે હૈ ફ઼ૈસલે યહ બળે નસીબકી બાત હૈ*

**અફ઼આસે કટાતે હૈં જાં અપની ગુમાતે હૈં**
**જાનાં કો સુલાતે હૈં જાં બાઝ નહીં છુપાતે**

**અર્થાત :** હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ જેવા મહબૂબ ﷺના યારે ગાર, રાઝદાર થયા છે કે જેમણે હુઝૂર علیہ الصلوۃ والسلامની ઊંઘના ખાતર પોતાના પગોએ કાળો સાપ કરડાવી લીધો અને મહબૂબ ﷺના આરામના ખાતર પોતાની જાનથી ખેલી લીધું.

*મગર સિદ્દીક઼ને પાઉં કો ઝુંબિશ તક ન હોને દી—કહીં આંખ ન ખુલ પાએં મેરે પ્યારી પયંબર કી*

**નઝદીક બુલાતે હૈં દીદાર દિખાતે હૈં**
**મૌલા મેરે આક઼ા કે એ'ઝાઝ નહીં છુપાતે**

**અર્થાત :** (હઝરત બિલાલ જેવા આશિક઼ોને મારા આક઼ા ખ્વાબમાં મુલ્કે શામથી બોલાવીને પોતાનો દીદાર કરાવે છે. એ જ પ્રમાણે ઈમામ બુસૈરીને પણ ખુદ તશરીફ઼ લાવીને ચાદર મુબારક અતા ફ઼ર્માવે છે અને બીમારી પણ દૂર કરે છે. ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہને જાગૃતાવસ્થામાં બોત્તેર વખત ઝિયારતથી નવાઝે છે.)

ચાહનારાઓને નજીક બોલાવવું અને પછી તેમને પોતાના દીદારથી નવાઝવું એ આપણા આકા ﷺના મો'જિઝાઓ છે જે આંધળાઓથી પણ નથી છુપાય શક્તા, પણ હા ! જો દિલના આંધળા ન માને તો એ એમની કિસ્મત !

કહે છે કે એકવાર અબૂ લહબે અબૂ જહલને કહ્યું, તું દરરોજ કાંઈ ન કાંઈ મો'જિઝાની માગણી કરી દે છે, કદી ચાંદ તોડવાની, કદી કાંકરીઓને કલમો પઢાવવાની. મુહમ્મદ ﷺ મો'જિઝો બતાવી દે છે અને લોકો મુસલમાન થઈ જાય છે, અને તું ન ઈમાન લાવે છે ન મો'જિઝો તલબ કરવાથી રોકાય છે. તો અબૂ જહલે કહ્યું, તેઓ જેવું ચાહે કરીને દેખાડતા રહે પણ જ્યારે મારે માનવું જ નથી વો વાત ખતમ ! અબૂ જહલ જેવી તબીઅતના લોકોને હુઝૂર ﷺની શાનો સૂરજની જેમ દેખાય છે પણ તેઓ માનશે નહીં, અને જે જાહેરી રીતે થોડુ ઘણુ માનશે તે પણ એ રીતે કે :–

*તા'ઝીમ ભી કરતા હૈ નજદી તો મેરે દિલસે*

**મુર્દોં કો જિલાએગી રાતોં કો હંસાએગી**
**ઉન મીઠી નિગાહોં કે અંદાઝ નહીં છુપતે**

**અર્થાત :** કયામતના મેદાનમાં મારા આકા ﷺની નિગાહે કરમ જે તરફ ઉઠી જશે તે મુડદાંઓને જીવંત કરતી જશે અને રડી રહેલા ગુનેહગારોને હસાવતી જશે.

**જિસ તરફ ઉઠ ગઈ દમમેં દમ આ ગયા**
**ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ**

**અર્થાત :** ભલા હુઝૂર علیہ الصلوٰۃ والسلامની મીઠી તથા પ્યારી નજરોના અંદાઝ કેવી રીતે છુપાય શકે છે. તેમની નઝરે કરમ તો અમારી બિગડી બનાવવા માટે જ છે. (આ નઅતનો મકતઅ નથી)

## (નઅત શરીફ : ૧૦૧)

**મુઝ્દએ રહમતે હક્ક઼ હમ કો સુનાને વાલે**
**મર્હબા આતિશે દોઝખસે બચાનેવાલે**

**અર્થાત :** અલ્લાહની રહમતની ખુશખબરી સંભળાવનાર હે મારા શફાઅતવાળા આક઼ા ! મારા માટે તો બસ આપ જ છે. મેહશરના મેદાનમાં આપનું આવવું, હે મારા દોઝખથી બચાવનાર પ્યારા નબી ! ﷺ મુબારક થજો.

**જિતને અલ્લાહને ભેજે હૈં નબી દુન્યામેં**
**તેરી આમદકી ખબર સબ હૈ સુનાનેવાલે**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહ તઆલાએ જેટલા પણ નબી કે રસૂલ મોકલ્યા છે તમામે તમામ પોત પોતાના દૌર, પોત પોતાની ઉમ્મતની સામે આપની આ કાઈનાતમાં તશરીફ આવરીની ખબર સંભળાવતા રહ્યા. કેમ કે તેમનો અલ્લાહથી વાયદો હતો : لتؤمنن به ولتنصرنه કે તમો જરૂર જરૂર મારા મહબૂબ પર ઈમાન લાવશો અને તેમની મદદ કરશો. એટલા માટે પોતાની ઉમ્મતની સામે એટલો પોતાનો ઝિક્ર ન કરતા જેટલો આપણા આક઼ા ﷺનો કરતા, અને પોતાના ઝિક્ર પહેલાં આપનો ઝિક્ર કરતા. હઝરત ઈસા علیہ السلامનું પોતાની ઉમ્મતની સામે હુઝૂર ﷺના આગમનની ખુશખબરી સંભળાવવું તો કુર્આને પાકમાં છે : وَ مُبَشِّرًۢا بِرَسُوْلٍ يَّاْتِيْ مِنْۢ بَعْدِي اسْمُهٗۤ اَحْمَدُ. (સૂ. અસ્સફ)

**મુઝસે નાશાદકો પહુંચા દે દરે અહમદ તક**
**મેરે ખાલિક઼ મેરે બિછળોંકો મિલાને વાલે**

**અર્થાત :** હે વિખૂટા થયેલાઓને મિલાવનાર મારા ખાલિક઼ તથા માલિક અલ્લાહ ! મારા જેવા ગમના માર્યાને તારા મહબૂબના દરવાજા પર પહોંચાડી આપ, કેમ કે તારી શાન છે : اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ મજબૂર હોય તો અમો છીએ તું તો સર્વ કાંઈ કરી શકે છે.

**દિલે વિરાનાએ આશિક઼ કો ભી કીજિએ આબાદ**
**મેરે મહબૂબ મદીને કો બસાને વાલે**

**અર્થાત :** હે યષરબને મદીના બનાવીને પોતાની રહમતથી આબાદ કરનાર આક઼ા ! ﷺ તમારા આ આશિકે઼ ઝારના દિલ પર નિગાહે કરમ ફર્માવીને તેને પણ આબાદ કરી આપો.

**કોઈ પહુંચા ન નબી રુત્બાએ આલી કો તેરે**
**મરહબા ખુલ્દ કી ઝંજીર હિલાને વાલે**

**અર્થાત :** મહાન મહાન અઝમત તથા શાનવાળા નબી આ કાઈનાતમાં જલ્વાગર થયા પણ આપના બુલંદ રુત્બાને કોઈ ન પહોંચી શકયું. હે જન્નતની સાંકળ હલાવીને જન્નતનો દરવાજો ખોલાવનાર મારા આક઼ા ! ﷺ મૃત્યુ બાદ આપ અમારી ક઼બ્રમાં તશરીફ લાવ્યા. મરહબા ! ખુશ આમદિદ ! આપનું આવવું મુબારક થજો. الصلوٰۃ والسلام علیك یاسیدی یارسول اللہ وعلیٰ الك واصحابك یاسیدی یاحبیب اللہ

*મૈં વો સુન્ની હું જમીલે ક઼ાદરી મરને કે બાદ—મેરા લાશા ભી કહેગા અસ્સલાતુ વસ્સલામ*

**બાદ મુરદન મુઝે દિખલાએંગે જલ્વા અપના**
**ક઼બ્રે તીરામેં મેરે શમ્અ જલાનેવાલે**
*(ક઼બ્રે તીરાં = અંધારી ક઼બ્ર)*

**અર્થાત :** ઈન્શા અલ્લાહુલ અઝીઝ ! મારા લજપાલ આક઼ા ﷺ મને મૃત્યુ બાદ જરૂર પોતાનો દીદાર કરાવશે, જલ્વો દેખાડશે અને મારી અંધારી ક઼બ્રને શમ્એ બઝ્મે હિદાયત (પોતાના રુખે વદુહ઼ા)થી જરૂર રોશન તથા મુનવ્વર કરશે.

**ક઼બ્રમેં આપકો દેખા તો 'રઝા' ને યહ કહા**
**દેખિયે આયે વો મુર્દોં કો જિલાને વાલે**

**અર્થાત :** અને જ્યારે મારા પ્યારા આક઼ા ﷺ પોતાના ગુનેહગાર ઉમ્મતીની બિગડીને બનાવવાના માટે (ગદાએ દરે ખયરુલ્વરા, અબ્દે મુસ્તફા) અહમદ રઝાની ક઼બ્રમાં તશરીફ લાવશે તો હું તડપીને ફરિશ્તાઓને કહીશ : (શેઅર) ઓ મારા બખ્શાવન વાલા આ ગયા !

હા ! હા ! હે આલમે બરઝખવાળાઓ ! તે જોઈ લો ! મુડદાંને જીવંત કરનારા મહબૂબે ખુદા ﷺ મારી ક઼બ્રમાં જલ્વાફર્મા થઈ ગયા !

## (નઅત શરીફ : ૧૦૨)

### અંબિયા કો ભી અજલ આની હૈ-મગર ઐસી કે ફક્ત આની હૈ

**અર્થાત** : એમાં શંકા નથી કે : كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ના પ્રમાણે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام પર પણ મૌત આવીને રહેશે. (પરંતુ આ પવિત્ર હસ્તીઓ મરીને ફના નથી થતી, અને માટીમાં માટી નથી બની જતા. જેવો કે ગુસ્તાખ લોકોનો અકીદો છે. અને તેમના જ આ બાતિલ અકીદાની રદના માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ ગઝલ કત્એ બંદ લખીને તેમનાં મોં બંધ કરવાં પડયાં) પરંતુ એમને મૌત એવી આવશે કે પળવાર અને ક્ષણવાર માટે આવશે જેથી અલ્લાહનો હુકમ પૂર્ણ થાય. (આપસમાં જોડાયેલ શેઅરો કે સૌને મિલાવે તો ભાવાર્થ સ્પષ્ટ થાય તે ગઝલ કત્એ બંદ કહેવાય છે.

### ફિર ઉસી આન કે બાદ ઉનકી હયાત-મિષ્લે સાબિક વહી જિસ્માની હૈ

**અર્થાત** : પછી એ જ ક્ષણે (અલ્લાહનો વાયદો પૂર્ણ થઈ ગયા પછી તરત) અંબિયાએ કિરામની જિંદગી પહેલાંની જેમ શરીરવાળી થઈ જાય છે. શોહદાએ કિરામની જિંદગી પણ એક લેહાઝથી ઉખરવી તથા મઅનવી (આખેરતની તથા બાતિની) છે, પણ અંબિયાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ખાસ કરીને હુઝૂર ﷺની જિંદગી હકીકી, હિસ્સી (મેહસૂસ થનારી) તથા શારીરિક છે. *(મદારિજુન્નબુવ્વત, ૨/૨૬૩)* મવાહિબે લદુન્નિયહમાં છે : ومن خصا ئصه صلى الله عليه وسلم انه حیّ فی قبره હુઝૂર ﷺની વિશિષ્ટતા છે કે આપ પોતાની કબ્રે અન્વરમાં જીવંત છે. મૌત આવી પણ કાયમ ન રહી. *(જવાહિરુલ બિહાર)*

એ જ કારણે આપ આજે પણ મહુમ્મદુર્રસૂલુલ્લાહ (મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે) હદીષ શરીફમાં છે : ان الله حرم على الارض ان تاکل اجساد الا نبياء فنبی الله حیّ یرزق "અલ્લાહ તઆલાએ નબીઓનાં શરીરોને ખાવું જમીન માટે હરામ કરી આપ્યું છે. તો અલ્લાહના નબી (કબ્રમાં) જીવંત છે અને તેમને રોજી આપવામાં આવે છે." *(ઈબ્ને માજહ, પેજ-૧૧૯)* એક હદીષમાં છે : الا نبياء احياء فی قبورهم يصلون અંબિયાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن પોતાની કબરોમાં ઝિંદા તથા સલામત છે, નમાઝો પઢે છે." *(બયહકી, અબૂ યઅલા)* જયારે મુત્લક્ન ઈદરાક (સાંભળવું, જાણવું) સર્વ મુડદાંઓ માટે સાબિત છે. *(નીલુલ અવતાર, ૩/૨૮૨)*

હુઝૂર ﷺનું (દફન ક્રિયા વખતે) ઉમ્મતની બખ્શિશના માટે દુઆ કરવું અને બાકાયદા આપના હોઠ મુબારકનું હરકત કરવું અને સહાબીનું પોતાના માથાની આંખો વડે જોવું પણ સાબિત છે. *(મદારિજ, ૨/૪૪૨)* આપની કબ્રે અન્વરથી દરેક નમાઝના સમયે (અઝાનના) અવાજનું આવવું હદીષથી સાબિત છે.

*(મિશ્કાત, દલાઈલુલન્નબુવ્વત, પેજ-૨૦૬, ઈકિતદાઉસ્સિરાત લિ ઈબ્નિ તયમિયહ, પેજ-૩૭૧)*

### રૂહ તો સબકી હૈ ઝિંદા ઉનકા-જિસ્મે પુરનૂર ભી રૂહાની હૈ

**અર્થાત** : બાકી રહી રૂહની વાત તો તે સૌની ઝિંદા તથા સલામત છે. قل الروح من امر ربی "ફર્માવી દો કે રૂહ મારા રબનો અમ્ર છે." જયારે કે હુઝૂર ﷺનું શરીર પાક પણ બાકી મખ્લૂકની રૂહો કરતાં પણ અધિક

લતીફ છે. (એટલા માટે તો આપના શરીર મુબારકનો સાયો નથી, કેમ કે સાયો અસલ કરતાં અધિક લતીફ હોય છે અને હુઝૂર ﷺની ઝાતથી અધિક લતીફ ઝાત કાઈનાતમાં પેદા જ કરવામાં આવેલ નથી.)

*અવ્વલ વ આખિર આ'લા વ અફઝલ–હર ખૂબીમેં કામિલ વ અકમલ*
*બઅ્દે ખુદા હૈં સબસે બરતર–રહમતે આલમ નૂરે મુજસ્સમ ﷺ*

**ઔરોંકી રૂહ હો કિતની હી લતીફ–ઉનકે અજસામકી કબ ષાની હૈ**

**અર્થાત :** અન્યોની (ગૈર અંબિયાની) કેટલીય લતીફ હોય પરંતુ તેમની રૂહો પણ નબીઓનાં શરીરોનો મુકાબલો (લતાફતમાં) ક્યારે કરી શકે છે ?! નબીઓનાં શરીરો ઉમ્મતીઓની રૂહો કરતાં અધિક પાકીઝા હોય છે.

જ્યારે કે ગૈરે અંબિયા (અવલિયા)ની હાલત એ છે કે હદીષ એ છે કે હદીષે કુદ્સીમાં છે :–

અલ્લાહ તઆલા ફર્માવે છે કે હું તેમના હાથ, પગો, કાન, આંખ બની જઉં છું. *(બુખારી શરીફ)* તો પછી નબીઓની રૂહાની લતાફતો (Smartness)નો હાલ શો હશે ?! વળી ઈમામુલ અંબિયા ﷺનો શો હશે ?! સુબ્હાનલ્લાહ !

*હુએ હૈં હઝરત યુસૂફ હસીં ઝમાને મેં–ઉન્હેં ભી આપકે હી હુસ્ન કી ખૈરાત મિલી*
*હૈં આયે યૂં તો બહુતસે પયગંબરાને ખુદા – મગર હુઝૂર કે આનેસે લાખ બાત મિલી*
*ફકીર "કાદરી" બરહક્ક હૈ યહ હકીકત ભી – ખુદા મિલા ઉસે જિસ્કો નબી કી ઝાત મિલી*

**પાઉં જિસ ખાક પે રખ દેં વો ભી–રૂહ હૈ પાક હૈ નૂરાની હૈ**

**અર્થાત :** અંબિયા عَلَيْهِمُ السَّلَام નો હાલ તો એ છે કે જે જમીન પર કદમ રાખે છે તે જમીનની ખાકે શિફા બની જાય. રૂહથી પાકીઝાતર થઈ જાય, ન કેવળ પાક બલ્કે "નૂરન અલા નૂર" થઈ જાય.

આપણા આકા ﷺના દૂધ બહેન ભાઈ વર્ણવે છે : اذا وفق بقد مية علي الوادي يخصر لوقته કે જ્યારે હુઝૂર ﷺ (બચપનમાં) કોઈ વાદી (ઘાટી)ની સખત પથરીલી જમીન પર પણ કદમ રાખી દે તો ત્યાંથી લીલોતરી ઉગી નીકળતી.

જ્યારે આપના કદમોથી પથરીલી જમીનને હયાત મળી રહી છે તો પછી હયાતુન્નબીનો ઈન્કાર કોણ કરી શકે છે. (કુર્આને જમીન પર લીલોતરી ઉગવાને જમીનની હયાત ઠરાવ્યું છે. يحي الارض بعد موتها)

જિબ્રઈલે અમીનની સવારીના કદમોની માટી સામરી સોનીએ ઝવેરાતથી ઢાળેલા વાછરડામાં નાખી દીધી તો તે બોલવા લાગ્યુ. તો જિબ્રઈલ عليه السلامના આકા મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના કદમ મુબારકની તાસીરનો અંદાઝો કોણ કરી શકે છે.

*તેરે ઝિક્રમેં હૈં યહ બરકતેં–મેરે બિગળે કામ સંવર ગયે*
*જહાં તેરી યાદ હૈ દિલનશીં–વહીં રહમતોં કા નુઝૂલ હૈ*

**ઉસકી અઝવાજકો જાઈઝ હૈ નિકાહ–ઉસ્કા તર્કા બટે જો ફાની હૈ**

**અર્થાત :** હયાતુન્નબી ﷺ પર દલીલ કાયમ કરતાં આ'લા હઝરત رحمة الله عليه ફર્માવે છે, મૃત્યુ બાદ ગૈરે

નબીની પત્ની વિધવા થઈને ઈદ્દત પસાર કરીને આગળ નિકાહ કરવા શરીઅતની રૂએ મુક્ત છે, ચાહે તે શહીદની પત્ની હોય. પણ અંબિયા علیہم السلام વિશેષતઃ ઈમામુલ અંબિયા ﷺની અઝવાજે મુતહ્હરાતના માટે એ ઈજાઝત નથી. તેનાં બે કારણો છે : એક તો زواجه امهتهم નબી ﷺની બીવીઓ મુસલમાનોની માઓ છે. બીજુ હયાતુન્નબી ﷺના કારણે કે જે જીવંત તથા સલામત હોય તેની પત્ની આગળ નિકાહ નથી કરી શકતી તે સમય સુધી જ્યાં સુધી કે તે છોડી ન આપે. અને વારસો પણ તેનો વહેંચાય છે જે ફના થઈ જાય છે, મરી જાય છે. જ્યારે આપણા આક઼ા ﷺની શાન એ છે કે : *તૂ ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ ! – મેરી ચશ્મે આલમસે છુપ જાને વાલે*

**યહ હૈં હ઼ય્ય અબદી ઉન્કો 'રઝા' સિદ્કે વા'દા કી ક઼ઝા માની હૈ**

**અર્થાત** : તો સાબિત થયું કે અલ્લાહ તઆલાએ પોતાના અંબિયાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعین વિશેષતઃ ઈમામુલ અંબિયા ﷺને હયાતે અબદી (ક઼ાયમી હયાત) અતા ફર્માવેલ છે બસ મૌતનો વાયદો પૂરો થયો જેને આપણે માનીએ છીએ પછી એ જ પ્રમાણે નમાઝો પણ પઢવાનું જારી છે, ઈમામતો પણ થઈ રહી છે, અઝાનો તથા ઈક઼ામતના અવાજો પણ આવી રહ્યા છે. મસ્જિદે અક઼સામાં ખુત્બા પણ થઈ રહ્યા છે, આસ્માનોની સૈરો પણ થઈ રહી છે.

**હયાતુન્નબી ﷺનો અક઼ીદો** : શહીદોની હયાતના માટે નસ્સે ક઼તઈ (કુર્આની દલીલ) મૌજૂદ છે તો એ શહીદોથી ઊંચા દરજાવાળાઓના માટે એવી સ્પષ્ટ નસ (દલીલ)નું ન હોવું એ જ ક઼બીલમાંથી છે કે મીરાષની આયતમાં માનો હિસ્સો બયાન થયો અને બાપનો ન થયો. કેમ કે અદનાનો હુકમ વર્ણવી દીધા પછી આ'લાનો હુકમ આપોઆપ જ સમજમાં આવી જાય છે. અરબવાસીઓ એને સ્પસ્ષ્ટપણે વર્ણવવાને જરૂરી સમજતા ન હતા. જેમ કે માબાપને "ઉફ" કહેવાથી મના કરવામાં આવ્યું પણ "મારપીટ"નો ઉલ્લેખ નથી કર્યો, કેમ કે જ્યારે "ઉફ" નથી કહી શકતા તો કેવી રીતે મારપીટ કરી શકીએ છીએ.

આ دلالة النص દલાલુત્તુન્નસ કહી લો કે પછી الکنایة ابلغ من التصریحના ઝુમરામાં ગણી લો. (કિનાયહ અને ઈશારાથી વાત કરવું સ્પષ્ટપણે વાત પર અગ્રતા ધરાવે છે અને એવી વાત અધિક અસરકારક હોય છે.)

*આંખો આંખોંમેં ઈશારે હો ગયે–તુમ હમારે હમ તુમ્હારે હો ગએ*

**અર્થાત** : એટલા માટે એવું કહેવું કે હયાતુન્નબી ﷺનો સંબંધ અક઼ીદાથી છે જેની સાબિતીમાં ક઼તઈ નસ (કુર્આની દલીલ) જરૂરી છે, એ ગૈરમુનાસિબ છે. બલ્કે શહીદોના માટે یرزقون "તેમને રોજી આપવામાં આવે છે"નો શબ્દ બતાવી રહ્યો છે કે તેમની હયાત પણ કેવળ બાતિની તથા રૂહાની નથી અને ન તો એ રોજીથી રૂહાની રિઝક મુરાદ છે, કેમ કે તે તો દરેક મો'મિનની રૂહને હાલ પ્રમાણે મળે છે, બલ્કે આ જ દુનિયવી રોજી મુરાદ છે. જેમ કે ક઼ાઝી શૌક઼ાની યમની લખે છે : السلف المراد بالرزق المعروف فی العادات علی ماذهب الیه الجمهور "એ રોજી જે શહીદોને આપવામાં આવે છે તે એ જ જે ઉર્ફી રોજી છે, ન કે રૂહાની તથા બાતિની. આ જમહૂરનો મઝહબ છે." એમની હયાત એવી છે કે તેમાં તેઓ જન્નત તથા અર્શની સૈર પણ કરે છે અને ખાય પીએ પણ છે.

*જબ ઝિંદગી ષાબિત હૈ હુસૈન ઈબ્ને અલીકી – હમ મૌત ન માનેંગે ઝમાનેમેં નબીકી ﷺ*

## (નઅત શરીફ઼ : 103)

***(આ નઅતમાં આ'લા હઝ઼રત رحمۃ اللہ علیہ એ ખુદ તઝ઼મીન લખી છે એટલા માટે એને સૌથી છેલ્લે લખવામાં આવી)***

**બસ્તગીમેં થા મેરે ગુન્ચએ દિલકો યહ કમાલ**
**સો નસીમેં ચલેં ખિલના થા મગર ઉસકા મુહાલ**
**દફ઼અતન્ ક્યા હુવા ઈસ હાલને પાયા જો ઝ઼વાલ**
**સરસરે દસ્તે મદીનાકા મગર આયા ખયાલ**
**ખિલ ઉઠી દિલકી કલી અંબર સારા હોકર**

*–(તકમીલ અઝ઼ જાનિબે ગુલામ હસન)*

*(બસ્તગી = બંધન, ગુન્ચએ દિલ = દિલની કળી, નસીમ = સવારની હવા, મુહાલ = અશક્ય, દફ઼અતન = એકાએક, ઝ઼વાલ = ખત્મ થવું, સરસર = સખત તેજ આંધી, દશ્ત = જંગલ)*

**અર્થાત :** મારા દિલની કળી મદીના તયબહની યાદમાં એટલા પ્રમાણમાં મજૂબત થઈ ચૂકી હતી કે સો પ્રકારની હવાઓ પણ તેનુ રુખ મદીના તરફથી ન ફેરવી શકી. એકદમ આ હાલત (સો પ્રકારની હવાઓના ચાલવાની) ખત્મ થઈ તો તરત જ મદીનાના જંગલની તેજ આંધીએ મારા દિલને ફરીથી મદીના શરીફની મહોબ્બતની રસ્સીથી બાંધી દીધું.

(પ્રથમ શેઅરનો અંતિમ મિસ્રો મારા તરફથી બારગાહે આ'લા હઝ઼રતમાં તઝ઼રાનએ મહોબ્બત છે જે આ રીતે પણ થઈ શકે છે :– *દિલ મેરા ઝુમ ઉઠા નૂર કા ધારા હોકર*)

**જબ જહાં સોઝ઼ હો ખુર્શિદે ક઼િયામત યા રબ**
**બે ક઼રારી રહે કામ આયે નિકાલે મતલબ**
**દિલ કી સીમાબ વશી રંગ દિખાયે યહ અજબ**
**પાએ શહ પર ગિરે યહ રબ તપિશે મહરસે જબ**
**દિલે બેતાબ ઉળે હશ્રમેં પારા હોકર**

*(જહાં સોઝ઼ = જહાનને જલાવનાર, ખુર્શિદ =સૂર્ય, સીમાઅ = અસલમાં સીમ આબ છે એટલે ચાંદનીનું પાણી, મુરાદ છે પારો જેનો રંગ ચાંદી જેવો હોય છે. વશી = ના જેમ, તપિશે મહર = સૂર્યનો તાપ, પારા = ટુકડો)*

**અર્થાત :** હે અલ્લાહ ! જે દિવસે ક઼યામતનો સૂરજ મેહશરવાળાઓને પોતાની ગરમી વડે સળગાવી રહ્યો હોય, અમારી બેક઼રારી તથા બેચેની વધી રહી હોય પણ સૂરજે પોતાનું કામ ચાલુ રાખેલ હોય અને પોતાનો

મતલબ તથા મક઼સદ પૂરો કરી રહ્યો હોય (એટલે તેને મેહશરવાળાઓ પર કાંઈ દયા ન આવી રહી હોય) અમારાં દિલો પારાની જેમ હરકતવાળાં તથા ડરના માર્યા અજીબો ગરીબ પ્રકારના રંગ બદલી રહ્યાં હોય અને પછી એકાએક મેહશરની ગરમીના કારણે અમારું દિલ સીનાથી નીકળીને તારા મહબૂબના ક઼દમોમાં પડી જાય, અથવા જ્યારે તારા મેહબૂબના ક઼દમો પર સૂરજની ગરમી પડી રહી હોય તો દુઆ છે કે અમારું દિલ ટુકડા થઈને હુઝૂર ﷺના ક઼દમો પર પડી જાય અને ક઼દમોને મેહશરની ગરમીથી બચાવવાની ખિદમત અંજામ આપે.

હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ આ પ્રમાણે અર્ઝ કરે છે : فان ابی وو الدتی وعرضی.لعرض محمد منکم وقاء હે કાફિરો ! બેશક ! મારાં માબાપ તથા ઈજ્જત આબરૂ તમારા હુમ્લાથી બચાવના માટે મેં મારા આક઼ાના માટે ઢાલ બનાવી દીધેલ છે.

## ★ હુઝૂર ﷺની હિમાયતની અસર ★

હુઝૂર ﷺએ એક અન્સારી સહાબી رضی اللہ عنہને નઝઅના આલમમાં જોયા જ્યારે કે ઈઝરાઈલ علیہ السلام સિરહાનાની તરફ ઉભેલા હતા. આપ ﷺએ ઈઝરાઈલ علیہ السلامને ફર્માવ્યું, ارفق بصاحبی فانہ مومن "મારા આ સહાબી પર નરમી કરજો, બેશક ! એ મો'મિન છે." ઈઝરાઈલે અર્ઝ કર્યું : طب نفسا وقر عینا فانی لکل مومن رفیق "હે મારા આક઼ા ! આપ ચિંતા ન કરો, ખુશ થઈ જાવ અને તમારી આંખોને ઠંડી રાખો, હું તો ઈમાનવાળાઓનો દોસ્ત છું.

*નકીરૈન કરતે હૈં તાઝીમ મેરી – ફ઼િદા હો કે તુઝપે યહ ઈઝ્ઝત મિલી હૈ*

આ રિવાયતને હઝરત ઈમામ જઅફર સાદિક઼ رضی اللہ عنہ એ પોતાના પિતા ઈમામ મુહમ્મદ બાક઼િર رضی اللہ عنہથી રિવાયત કરી છે. *(ઝિયાઉલ કુર્આન, ૩/૬૩૨)*

નહીં તો મૌતની સખ્તી તો એટલા પ્રમાણમાં સખત છે કે જ્યારે હઝરત ઈસા علیہ السلام એ મો'જિઝાના રૂપે એક મુડદાને ઝિંદા કર્યું તો તેણે અર્ઝ કરી કે આપે મો'જિઝો બતાવી લીધો, હવે મહેરબાનીની કરીને મને પહેલાંની જેમ મુર્દા જ કરી દો. આપે ફર્માવ્યું, શું તું જીવંત રહેવા નથી ચાહતો ? તેણે અર્ઝ કરી :–

**કુછ તો જલ્વા નઝર આયા મેરે અશ્ક઼ોં પર**
**તારે ટૂટે હૈં ગર શફ઼ક઼સે મિલ કર**

**લઅલમેં આપ ગૌહર, શીશએ મયમેં અખ્તર**
**પાનીમેં આતિશે તર શોઅલામેં આબે ક઼ૌષર**

**દિલે સોઝાંને કિયા ખૂનકા દરયા હોકર**

*(અશ્કોં = આંસુઓ, શફ઼ક઼ =સૂર્યાસ્ત પછીની રતાશ, લઅલ = મોતી, આબે ગોહર = મોતી બનનાર પાણીનું ટીપુ.*
*મય = શરાબ, અખ્તર = તારો, આતિશે તર = તરીવાળી આગ)*

**અર્થાત** : મુસ્તફ઼ા ﷺના વિરહમાં રડવાથી એટલો ફાયદો તો આ બેવફા દુનિયામાં જ આપી દીધો કે મારાં આંસુ જે લોહી બનીને વહી રહ્યાં છે એટલાં પ્યારાં લાગી રહ્યાં છે કે જાણે આસ્માનથી તારા વહી રહ્યા છે.

અથવા મોતીમાં પાણી છલકી રહ્યું છે અથવા શરાબની સુરાહીમાં તારાઓની એક અંજુમન (તારા મંડળ) સજેલી છે અથવા પાણીની તરીવાળી આગ લાગેલી છે અથવા તો હૌઝે કૌષરમાં ઈશ્કે મુસ્તફા ﷺની આગના ભડકા સમજી લો. સારાંશ કે મારા સળગેલા દિલે ચોતરફ ખૂનનો દરિયો વહાવી દીધો છે અને મારા આકાએ પણ એના બદલે (શેઅર) : *દરયા બહા દિયે હૈ દુર બે બહા દિયે હૈ.* આ દુનિયામાં ફાયદો થયો અને અસલ ફાયદો તો આગળ થશે, તેનો અંદાજો કોણ કરી શકે છે !

**પેચો તાબ ઈતના ન કર કુછ તો સુલઝ અય સુંબુલ**
**પળ ગઈ પેચમેં ક્યૂં તેરી સમઝ અય સુંબુલ**

**ક્યૂં પરેશાન હૈ ઈતના તૂ સમઝ અય સુંબુલ**
**આશિકે ઝુલ્ફ બની હૂં ન ઉલઝ અય સુંબુલ**

**કબ મૈં આતા હૂં તેરે દામમેં દાના હોકર**

*(સુલઝ = સંવરવું, સુંબુલ = ખુશ્બુદાર ઘાસ જેને મહબૂબની ઝુલ્ફ સાથે સરખાવવામાં આવે છે. દામ = જાળ, દાના = બુધ્ધિશાળી)*

**અર્થાત :** હે ખુશ્બુદાર ઘાસ ! (સુંબુલ) આટલા વળ શા માટે ખાય છે ? (નખરા દેખાડે છે) ઠીકઠાક થઈને રહે. કેમ તારી સમજમાં ફરક આવી ગયો છે અને તું ગલતફહમીમાં સપડાય ગઈ છે ? હું તારો આશિક નથી, હું તો મારા નબીની વલ્લૈલની ઝુલ્ફોનો આશિક છું, તું મારી સાથે શા માટે ઉલઝે છે ? ન તો હું તારી જાળમાં ફસાવાનો છું, કેમ કે એટલી સમઝબુઝ તો ધરાવું છું

## (ક્તઆત)

**આલમ હમા સૂરત અગર જાં હે તો તૂ હે**
**સબ ઝર્રે હૈં ગર મહરે દરખ્શાં હે તો તૂ હે**

**પરવાના કોઈ શમ્અકા, બુલબુલ કોઈ ગુલકા**
**અલ્લાહ હે શાહિદ મેરા જાનાં હે તો તૂ હે**

**તાલિબમેં તેરા, ગૈરસે હરગિઝ નહીં કુછ કામ**
**ગર દીં હે તો તૂ હે જો ઈમાન હે તો તૂ હે**

*(હમા સૂરત = દરેક રીતે, મહરે દરખ્શાં = ચમકતા સૂરજ)*

**અર્થાત :** હે સિરાજે મુનીર ! ﷺ દરેક લેહાઝથી આખો જગતને જો શરીર માનવામાં આવે તો આપ એમાં જાનની જેમ છે. સર્વ મખ્લૂક્ રજકણોની જેમ જો સમજવામાં આવે તો આપને ચમકતો સૂરજ કહેવું પડશે. કેમ કે આપની હક્ીક્ત દરેક રજકણથી લઈને સૂર્ય સુધી અને દરેક ટીપાથી લઈને સમુદ્ર સુધીમાં જલ્વાગર છે અને જેવી રીતે જાનના વગર શરીર બેકાર છે એ જ પ્રમાણે આપના નૂરે નબુવ્વતના વગર દરેક ચીજનું અસ્તિત્વ અશક્ય તથા મુહાલ છે.

*હર શયમેં હે નૂરે રુખે તાબાને મુહમ્મદ ﷺ–હર ફૂલમેં ખુશ્બુએ ગુલિસ્તાંને મુહમ્મદ ﷺ*

**અર્થાત :** કોઈ કોઈક શમ્અ પર પરવાનાવાર થઈને જાન આપી રહ્યો છે તો કોઈ કોઈક ફૂલ પર બુલબુલ બનીને ફિદા થઈ રહ્યું છે, પણ ખુદા ગવાહ છે કે મારા મહબૂબ તો હે મારા આક્ા આપ જ છો હું કેવળ આપનો તાલિબ છું, મારે ગૈરો સાથે કોઈ ગરજ નથી. મારો દીન જો કોઈ છે તો તે પણ આપ છે અને ઈમાન છે તો તે આપની જ જાત છે.

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ – લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા*

**ખુદા તેરા હે તૂ ખુદાકા પાક બંદા હે**
**ખુદા તો તૂ નહીં, નૂરે ખુદા ઝિલ્લે ખુદા તૂ હે**

**તેરી તઅરીફ્મેં જિતના બઢેં સબ તુઝકો શાયાં હે**
**ફક્ત ઈક નારવા યહ હે કે યૂં કહીએ ખુદા તૂ હે**

**અર્થાત :** હે પ્યારા હબીબ ! ﷺ અલ્લાહ આપનો મઅબૂદ છે અને આપ અલ્લાહના કામિલ બંદા છો. આપ ખુદા તો નથી પણ ખુદાનું નૂર છો અને તેના નૂરના અકસ તથા પ્રતિબિંબ (ફયઝાન) છો. આપની જેટલી પણ પ્રશંસા કરવામાં આવે આપ તેના લાયક છો (બલ્કે આપની તારીફનો હક્ અદા જ નથી થઈ શકતો) હા ! આપને ખુદા કહેવું નાજાઈઝ છે કે જેનો અલ્હમ્દુલિલ્લાહ ! કોઈ મુસલમાન માનનાર નથી, અને જે એવું કહે છે તે મુસલમાન જ નથી. *તેરે તો વસ્ફ અયબે તનાહીસે હૈં બરી–હયરાં હૂં મેરે શાહ મૈં ક્યા ક્યા કહું તુઝે*

**રહા ન શૌક઼ કભી મુઝકો સૈરે દીવાં સે**
**હમેશાં સોહબતે અરબાબે શેઅરસે હું નુફ઼ૂર**
**ન અપને કામોંસે તઝીયએ વક઼્તકી ફ઼ુરસત**
**ન અપની વઝઅકે ક઼ાબિલ કે ઉસમેં હૂં મશહૂર**
**રહી વબાલસે ઉસકે મુઝે સબકદોશી**
**કે વૈસે હી હૈ ગિરાં સરપે બારે જુર્મે ક઼ુસૂર**
**જબીં તબઅ હૈ નાસૂદા દાગે શાગિર્દી**
**ગુબારે મન્નતે ઈસ્લાહસે હૈ દામન દૂર**
**મગર જો હાતિફ઼ે ગયબી મુઝે બતાતા હૈ**
**ઝબાં તક ઉસે લાતા હૂં મૈં બમદહે હુઝૂર ﷺ**

*(દીવાં = ગઝલોની કિતાબ, અરબાબ = દોસ્ત, અહીં શાઈરો, નુફ઼ૂર = નફરત કર્તા, તઝીયએ વક઼્ત = સમયની બર્બાદી, વઝઅ = દેખાવ, શકલો સૂરત, ક઼ાયદો. સબકદોશી = જિમ્મેદારીથી મુક્તિ, ગિરાં = ભારે, નાસૂદા = બેફાયદા, મદહ = પ્રશંસા)*

**અર્થાત :** મને શાઈરોના દીવાન વાંચવાનો શોખ કદી ન થયો બલ્કે હું તો હમેશાં તેનાથી ભાગતો જ રહ્યો (જેથી અન્ય જરૂરી કામોની તરફ સંપૂર્ણ ધ્યાન આપી શકું) ન તો મને મારાં કામોથી એટલી ફુરસદ મળે છે કે શેઅરો શાઈરીમાં મગજમારી કરીને મારો સમય બર્બાદ કરતો રહું, અને ન તો હું મારા દેખાવના એતબારથી યોગ્ય સમજુ છું (કે લોકો મને મુફ઼તીએ ઈસ્લામ કહે અને હું શેઅરો શાઈરીની ધુનમાં લાગેલો રહું) કેમ કે મારું નામ ઉલમામાં છે ન કે શાઈરોમાં.

ખુદાનો શુક્ર એ છે કે હું આ (શેઅર શાઈરીની) મુસીબતથી બચેલો રહ્યો, કેમ કે પહેલેથી જ માથા પર ગુનાહોનો બોજ શું ઓછો છે કે આ જિમ્મેદારીનો બોજ પણ ઉઠાવી લઉં. (નઅતિયા શાઈરીના સિવાયની શાઈરી મુસીબત જ છે) મારી તબીઅતનો ચહેરો શાગિર્દીના ધબ્બાથી રાહતમાં છે (મેં આ મેદાનમાં શાગિર્દી કરવી નિરર્થક સમજી) અને શાઈરોથી પોતાના શેઅરોની સુધારણા કરાવવાના એહસાનોની ધૂળ મારા દામનથી દૂર જ રહી (પણ તો પછી નઅતો કેવી રીતે લખી દીધી અને આટલો ઉચ્ચ નઅતિયા કલામ "હદાઈક઼ે બખ્શિશ" કેવી રીતે અસ્તિત્વમાં આવી ગયો ? તો એનો જવાબ આખરી શેઅરમાં આ પ્રમાણે આપે છે) મને જે ગયબનો અવાજ આવતો ગયો તે મારા દિલમાં ઉતરીને ક઼લમના થકી કાગળ પર લખાતુ ગયું અને હું મારા પ્યારા નબીની પ્યારી પ્યારી નઅતો લખતો ગયો. (અને આ રીતે આ ઈલ્હામી કલામ "હદાઈક઼ે બખ્શિશ" તૈયાર થતો ગયો જેની નઅતોના બારામાં યોગ્ય સ્થાને આ કહી શકાય છે.)

*નઅત ક્યા હૈ, ક઼સ્રે હુસ્નો ઈશ્ક઼ કી તકમીલ હૈ–નઅત ક્યા હૈ હુકમે રબ્બી કી ફ઼ક઼્ત તા'મિલ હૈ*
*નઅત અબ્વાબે મુહબ્બતકા જલી ઉન્વાન હૈ–હમ ગુલામાને પયંબરકી યહી પેહચાન હૈ*
*દિલ કે બન્જર ખેતમેં કિરનેં ઉગા દેતી હૈ નઅત–નક઼્શ બાતિલ કે જબીનોંસે મિટા દેતી હૈ નઅત*
*નઅત ક્યા હૈ નકહતોંકી સરઝમીંકા તઝકેરા–નઅત ક્યા હૈ સબ હસીનોંસે હસીંકા તઝકેરા*
*નઅત કહને કે લિયે દિલ પાક હોના ચાહિયે–ગર્ક઼ે ઉલ્ફ઼ત દીદએ નમનાક હોના ચાહિયે*

*(રિયાઝ હસન ચોધરી)*

## (રૂબાઈઓ)

### ★ રૂબાઈ નંબર : ૦૧ ★

**આતે રહે અંબિયા وَالْخَاتَمُ حَقُّكُمْ – كَمَا قِيْلَ لَهُمْ કે ખાતિમ હુએ તુમ**
**યાઅની જો હુવા દફ્તરે તન્ઝીલ તમામ– આખિરમેં હુઈ મુહર કે اَكْمَلْتُ لَكُمْ**

*(અંબિયા = નબીઓ, ગૈબની ખબર આપનારા, كَمَا قِيْلَ لَهُمْ = જેવું કે એમના બારામાં ફર્માવવામાં આવ્યું. وَالْخَاتَمُ حَقُّكُمْ = આખરી નબી હોવું આપનો હક્ક઼ ઠર્યો અને આપ ખાતમુન્નબિય્યીન થયા, દફ્તરે તન્ઝીલ – આસ્માની કિતાબોનું રજીસ્ટર, اَكْمَلْتُ لَكُمْ = તમારા માટે મેં સંપૂર્ણ કરી દીધો (તમારો દીન)*

**અર્થાત :** અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના આગમનનો ક્રમ જે આદમ علیہ السلام થી શરૂ થયો કેમ કે કુર્આનમાં વર્ણવવામાં આવ્યું. અને સર્વ નબીઓના અંતમાં આવવાનું બહુમાન આપણા આક઼ા મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ના હિસ્સામાં આવ્યું અને અલ્લાહે ખત્મે નબુવ્વતનો તાજ આપના માથા પર સજાવ્યો.

મતલબ એ છે કે જ્યારે આસ્માની કિતાબોનો ક્રમ કુર્આન મજીદ પર આવીને સંપૂર્ણ થયો તો છેવટમાં મોહર લગાડી દેવામાં આવી કે اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ કે આજે મેં તમારા માટે તમારો દીન સંપૂર્ણ કરી આપ્યો. (સૂ. માઈદા, ૫/૩) આમાં આ આયતના સૌથી છેલ્લે નાઝિલ થવાની તરફ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે.

*ખાતમુલ અંબિયા હૈ તૂ શફીઉલ મુઝનબીન હૈ તૂ – તેરી ઝિયાએ ઈશ્ક઼ હૈ અહલે નઝરકી આબરૂ*
*તેરે તસવ્વુરાતસે શજરે હયાતમેં નમૂ–ઝિક્રે જમીલસે તેરે અહલે નિયાઝ કા વુઝૂ*
*(અબ્દુસ્સત્તાર જાલંધરી)*

### ★ રૂબાઈ નંબર : ૦૨ ★

**શબે લહિય્યહ વ શારિબ હૈ રુખે રોશન દિન–ગેસૂઓ વ શબે ક઼દર વ બરઅતે મોમિન**
**મિઝગાંકી સફેં ચાર હૈં દો અબરુ હૈં– وَالْفَجْرِ કે પહલૂ મેં لَيَالٍ عَشْرٍ**

*(લહિય્યહ = દાઢી મુબારક, શારિબ = મૂછો, મિઝગાં = પાપણો, અબ્રુ = ભવાં. વલ્ફજ્ર = સુબ્હ સાદિક઼ની ક઼સમ, લયાલે અશ્ર = દસ રાતો)*

**અર્થાત :** સરકારે મદીના ﷺ ની દાઢી મુબારક કાળી રાતની જેમ કાળી છે અને એ જ પ્રમાણે મૂછો મુબારક પણ (બે) અને ચહેરો મુબારક રોશન દિવસ છે (ત્રણ થયાં) બે વાળ મુબારક, એક લયલતુલ ક઼દ્ર છે અને બીજો લયલતુલ બરાત (શબે બરાત) છે. ઈમાનવાળાઓ માટે (પાંચ થઈ ગયાં) અને આ જાણે તફસીર થઈ

وَالْفَجْرِની કે સુબ્હે સાદિક઼ની ક઼સમ અને દસ રાતોની ક઼સમ. સુબ્હ સાદિક ચેહરએ વદુહા બન્યો અને દસ રાતો વર્ણવેલ દસ ચીજો થઈ. આ છ નઅતે મુસ્તફ઼ાનો હક્ક઼ અદા કરવો. જેના બારામાં કહેવામાં આવ્યું.

*યહી દીનો ઈમાન યહી હૈ ઈબાદત–દુરૂદોંકી મેહફ઼િલ હમેશા સજાઍં*
*મૈં નઅતેં પઢ્ઢું ઝુમકર ઈસ તરહસે –ફ઼રિશ્તે સભી અર્શ પર ઝુમ જાઍં*
*(રિયાઝે મદીના)*

## ★ રૂબાઈ નંબર : ૦૩ ★

**અલ્લાહકી સરતા બક઼દમ શાન હૈં યહ–ઈનસા નહીં ઈન્સાન વો ઈન્સાન હૈં યહ**
**કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં–ઈમાન યહ કહતા હૈ મેરી જાન હૈ યહ**

**અર્થાત** : આપણા આક઼ા ﷺ માથા મુબારકના વાળોથી લઈને પગો મુબારકના નખો સુધી સરાપા (માથાથી પગ સુધી) શાન તથા મોજિઝો છે. આપ એવા ઈન્સાન છે કે દુનિયામાં આપ જેવા ઈન્સાન છે જ નથી. કુર્આન તો આપણને એ બતાવે છે કે હુઝૂર ﷺ ઈમાન છે પણ જ્યારે ઈમાનને પૂછયું કે તું બતાવ અમારા આક઼ા શું છે ? તો ઈમાને વજ્દમાં આવીને કહ્યું, તેઓ તો મારી પણ જાન છે !

*ખલ્ક઼મેં ઈન્સાન યા ઔર ખુલ્ક઼મેં કુર્આન થા–વો કે સર તા પા જમાલે સૂરએ રહમાન થા*
*મદહે દાનાએ સુબુલ, મૌલાએ કુલ કયા કીજિએ–ખુલ્ક઼ પર જિનકી શહાદત આઝમા કુર્આન થા*
*સરસે લેકર પાઉં તક તન્વીર હી તન્વીર હૈ–જૈસે મુંહસે બોલતા કુર્આન કી તફ઼સીર હૈ*
*મહ્વે હૈરત હૈ યહ દુન્યા મુસ્તફ઼ાકો દેખકર–વહ મુસવ્વિર કૈસા હોગા જિસકી યહ તસ્વીર હૈ*

## ★ રૂબાઈ નંબર : ૦૪ ★

**બોસા ગહે અસ્હાબ વહ મુહરે સામી–વહ શાનએ ચપમેં ઉસકી અંબરે ફ઼ામી**
**યહ તરફ઼ા કે હૈ કા'બા જાનો દિલમેં–સંગે અસ્વદ નસીબ રુકને શામી**

*(મુહરે સામી = ઉભરાયેલી મોહરે નબુવ્વત જે આપના બે ખભાઓ વચ્ચે હતી અથવા ડાબા ખભા પર, જેમ કે આ'લા હઝરતે ખુદ ફ઼ર્માવ્યું, શાનએ ચપ = ડાબો ખભો. અંબરે ફ઼ામી = અંબરની ખુશ્બુથી મહેકતી અને અંબરે ખાલિસની શક઼લ જેવી, તરફ઼ા = અજીબ વાત)*

**અર્થાત** : નબીયે અકરમ ﷺની પીઠ મુબારક પર ડાબા ખભાની નજીક ઉભરાયેલી મોહરે નબુવ્વત જે ખાલિસ અંબરની જેમ ખુશ્બુ તથા રંગમાં હતી. સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن એને ઘણી જ મહોબ્બતથી બોસો આપતા હતા. અજબની વાત કહી દઉં ! આપણા દિલ તથા આપણી જાનના કા'બા મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની સિફ઼તોવાળી જાત છે અને એ કા'બાના રુકને શામી (ડાબા ખભા)ની પાસે હજરે અસ્વદ (મોહરે નબુવ્વતની આકૃતિ) અંકિત છે.

*તાળને વાલે ભી ક઼યામત કી નઝર રખતે હૈ – પર નહીં, તાક઼તે પરવાઝ મગર રખતે હૈં*

★ રૂબાઈ નંબર : ૦૫ ★

**કા'બાસે અગર તુર્બતે શહે ફાઝિલ હૈ–ક્યૂં બાઈ તરફ ઉસકે લિયે મંઝિલ હૈ**
**ઈન ફિક્રમેં જો દિલકી તરફ ધ્યાન ગયા–સમઝા કે વહ જિસ્મ હૈ મર્કદે દિલ હૈ**

*(તુર્બતે શહ = હુઝૂર ﷺની કબ્ર મુબારક, ફાઝિલ = ફઝીલતવાળા, મર્કદ = કબ્રે અનવર)*

**અર્થાત :** હું મોટાભાગે એ વાત પર વિચારણા કરતો રહેતો હતો કે જ્યારે આ વાત પર ઉલમાની એકમતિ છે કે હુઝૂર ﷺની કબ્રે અન્વર કા'બા મોઅઝ્ઝમાથી અફઝલ છે તો પછી કબ્રે અન્વરને કા'બાથી જમણી બાજુ હોવું જોઈતુ હતું, કેમ કે જમણો ડાબાથી અફઝલ હોય છે. એ જ સોચ વિચારમાં રહમતુલ્ લિલ્આલમીન ﷺની રહમતનું ઝોકુ આવ્યું અને મારું ધ્યાન દિલની તરફ ગયું તો આ મસ્અલો હલ થઈ ગયો કે દિલ જે તમામ શરીરના અંગોથી અફઝલ તરીન છે અને (જેને અલ્લાહનું અર્શ કહેવામાં આવ્યું છે) તે પણ તો ડાબી બાજુ હોય છે. હા ! હા ! એટલા માટે હુઝૂર ﷺનો રોઝા મુબારક ડાબી બાજુ છે કે કા'બા શરીરની જેમ છે અને હુઝૂર ﷺનો મઝારે પુર અન્વાર દિલની જેમ છે.

*દર્દે જામી મિલી નઅત ખાલિદ લિખું–ઔર અંદાઝે અહમદ રઝા ચાહીએ*

★ રૂબાઈ નંબર : ૦૬ ★

**તુમ જો ચાહો તો કિસ્મતકી મુસીબત ટલ જાએ–ક્યૂંકર કહૂં સાઅતસે કયામત ટલ જાએ**
**લિલ્લાહ ઉઠા રુખે રોશનસે નકાબ–મૌલા મેરી આઈ હૂઈ શામત ટલ જાએ**

*(શામત = બદબખ્તી, નહૂસત)*

**અર્થાત :** હે મારા આકા ! ﷺ હું એ તો નથી કહી શકતો કે કયામતની મુસીબત ટળી જાય અને કયામત કાયમ જ ન થાય, પરંતુ એ કહી શકુ છું કે જો તમે ચાહો તો મારી બદબખ્તીની મુસીબત ટળી શકે છે. ખુદાને ખાતર તમારા ચેહરએ અન્વરથી પર્દો ઉઠાવો જેથી હે મારા આકા વ મૌલા ! મારા ઉપર આવેલી નહૂસત ટળી જાય.

★ રૂબાઈ નંબર : ૦૭ ★

**યાં શુબ્હ શબીહકા ગુઝરના કૈસા ?–બે મિષ્લ કી તિમ્ષાલ સંવરના કૈસા ?**
**ઉનકા મુતઅલ્લિક હૈ તરક્કી પે મુદામ–તસ્વીરકા ફિર કહીયે ઉતરના કૈસા ?**

*(યાં = અહીં, શુબ્હ = શંકા, શબીહ = સૂરત, છબી, તિમ્ષાલ = સૂરત, મુદામ = હમેશાં)*

**અર્થાત :** હુઝૂર ﷺની જેમ હોવાની શંકા પણ નથી થઈ શકતી (અથવા ખ્વાબમાં હુઝૂર ﷺની ઝિયારત થાય તો શક ન કરો, કેમ કે આપે ફર્માવ્યું, જેણે મને ખ્વાબમાં જોયો તેણે મને જ જોયો, કેમ કે શૈતાન મારો જેવો નથી બની શકતો.) જે હોય જ અજોડ તથા અનુપમ તો પછી તેનું "સંવરવું" એનો શો મતલબ થયો, કેમ કે આપનો હુસ્નો જમાલ તો અતિશય કક્ષાએ પહોંચેલો છે, પછી સંવરવાનો શો મતલબ ? સંવરે તો તે છે જેનામાં કોઈ કમી રહી ગઈ હોય કે જેને તે બની સંવરીને દૂર કરે છે અને આપણા આકા ﷺનો હાલ તો એ છે કે :

*નાઝાં હૈ જિસપે હુસ્ન વહ હુસ્ને રસૂલ હૈ–યહ કહકશાં તો આપકે કદમોંકી ધૂલ હૈ*

**અર્થાત :** કેમ કે જે અંગનો પણ આપનાથી સંબંધ છે તે દિવસે દિવસે પ્રગતિ તથા ઊંચાઈ પર છે. وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى એટલા માટે આપની તસ્વીરનું ઉતરવું શક્ય જ નથી, કેમ કે તસ્વીર તો સ્થિર અને એક જ જગાએ રોકાયેલી રહે છે, જ્યારે કે આપનો હુસ્નો જમાલ હમેશાં વધતો રહે છે અને એ અલ્લાહ તઆલાનો વાયદો છે કે :– *રોનકતરા રોઝ રોઝ અફઝૂં કુનમ હૈ– નામે તૂ બર નકરએ વ બર ઝર ઝનીમ*

*(અર્થ) : તારી રોનકને હું રોજ રોજ વધારું. તારું નામ ચાંદી અને સોના પર ચઢાવું."*

## ★ રૂબાઈ નંબર : ૦૮ ★

**યહ શહ કી તવાઝોઅકા તકાઝા હી નહીં–તસ્વીર ખીંચે ઉનકો ગાવારા હી નહીં**
**માઅના હૈં યહ માની કે કરમ ક્યા માને–ખીંચના તો યહાં કિસીસે ઠહરા હી નહીં**

*(શહ = બાદશાહ, તવાઝોઅ = આજીજી, નમ્રતા)*

**અર્થાત :** તસ્વીર ન બની શકવાનું બીજુ કારણ વર્ણન થઈ રહ્યું છે અને તે એ કે આપણા આકાની આજીજી તથા ઈન્કેસારી અજોડ તથા અનુપમ છે. ભલા તેઓ ક્યારે એવું ચાહશે કે મારી તસ્વીર બને (અને તેનો પૂજાપાઠ શરૂ થઈ જાય !) અથવા તો પછી હુઝૂર ﷺના કરમે એ પસંદ જ ન કર્યું કે તસ્વીર ખેંચવામાં આવે. અસલમાં વાત એ છે કે "ખેંચવા"નો શબ્દ જ આ બારગાહમાં નથી, કેમ કે ખેંચવામાં તો "લેવાનો" ભાવાર્થ જોવામાં આવે છે, જ્યારે કે આપ તો દરેકને આપવાવાળા છે.

*રસૂલે ખુદાકી ષના હમ કરેંગે–પઢેંગે દુરૂદ ઔર દુઆ હમ કરેંગે*
*રહેંગે રહે મુસ્તફા હી કે રાહી–યહ જૈસે ભી મુમ્કિન હુવા હમ કરેંગે*

## ★ રૂબાઈ નંબર : ૦૯ ★

**હૂં અપને કલામસે નિહાયત મેહઝૂઝ–બેજાસે હૈ اَلْمِنَّةُ لِلّٰهِ મેહફૂઝ**
**કુર્આનસે મૈંને નઅત ગોઈ સીખી–યઅની રહે અહકામે શરીઅત મલ્હૂઝ**

**અર્થાત :** હું મારા કલામ (નઅતે મુસ્તફા ﷺ)થી ખૂબ જ લુત્ફ પામુ છું અને લિજ્જત હાંસલ કરું છું, કેમ કે મેં નઅતે રસૂલ લખનારી કલમ વડે કોઈ અન્યની પ્રશંસા કદાપિ લખી જ નથી, અને અલ્લાહનું એહસાન છે કે હુઝૂર ﷺની તારીફ પણ એ જ લખી છે જે આપ ﷺની શાને પાત્ર છે, અતિશયોક્તિ તથા અસ્થાને તારીફથી સંપૂર્ણપણે મેહફૂઝ રહ્યો છું. કારણ એનું એ છે કે મેં કુર્આન મજીદથી નઅત કહેવાનું શીખ્યું છે. મારો મતલબ છે શરઈ અહકામનો પૂરેપૂરો ખયાલ રાખ્યો છે.

## ★ રૂબાઈ નંબર : ૧૦ ★

**પેશા મેરા શાઈરી ન દાવા મુઝકો–હાં ! શરઅ કા અલ્બત્તા હૈ જંબહ મુઝકો**
**મૌલાકી ષનામેં હુકમે મૌલાકા ખિલાફ–લૂઝીનામેં સીર તો ન ભાયા મુઝકો**

*(પેશા = ધંધો, કામકાજ, રોજીનો ઝરીયો, જંબહ = તરફદારી, હિમાયત, લેહાઝ, મૌલા = અલ્લાહ, મૌલા–૨ = નબી કરીમ ﷺ)*

**અર્થાત :** ન તો હું ધંધાદારી શાઈર છું અને ન તો મને શાઈર થવાનો દાવો કે ખ્વાહિશ છે, પરંતું એક વાત જરૂર છે કે શરીઅતે મુસ્તફા ﷺની હિમાયત તથા તરફદારીનો પૂરેપૂરો ખયાલ છે. તો પછી હુઝૂર ﷺની તારીફ કરવામાં અલ્લાહ તથા રસૂલની જ મુખાલફત (વિરોધ) કરવી કેવી રીતે માન્ય કરી લઉં ? આ તો એવું જ થયું કે બદામના હલવામાં ખજૂરના ઠળિયા નાખી દેવામાં આવે, જેને કોઈ પણ પસંદ નહીં કરશે તો પછી હું કેવી રીતે પસંદ કરી લઉં ?! *ઈ ખયાલ અસ્ત વ મુહાલ અસ્ત વ જુનૂન*

## ★ રૂબાઈ નંબર : ૧૧ ★

**મહસૂર જહાં દાની વ આલીમેં હૈ–ક્યા શુબ્હા 'રઝા' કી બેમિષાલીમેં હૈ**
**હર શખ્સ કો ઈક વસ્ફમેં હોતા હૈ કમાલ–બંદેકો કમાલ બેકમાલીમેં હૈ**

*(મહસૂર = ઘેરાયેલ, જહાંદાની = દુનિયાની પહેચાન, શુબ્હ = શંકા, વસ્ફ = તારીફ, ખૂબી)*

**અર્થાત :** દુનિયાભરની મઅરેફત તથા પેહચાન અને બુલંદો બાલા (પેચીદા મસાઈલ)માં રહેનાર અહમદ રઝાની અજોડ વ્યસ્તતામાં કોને શક હોય શકે છે ! (અહમદ રઝાએ ક઼લમ પકડયો તો કેવળ ફતવા જ એકલા ૩૦ જિલ્દોમાં લખતા ગયા અને દીનના દુશ્મનો સાથે જોખમી લડાઈ લડતા રહીને સેંકડો કિતાબો તેમના રદમાં લખી ગયા. આવા મોહસિનના માટે જો અજોડ (બેમિષાલ) શબ્દ લખી દેવામાં આવે તો શું વાંધો છે ? અને ખુદ જો આ'લા હઝરતે પોતાના માટે આ અર્થોમાં લખી દીધુ છે તો એ તેહદીષે નેઅમતના રૂપે જાઈઝ છે.)

દરેક બંદાને કોઈ ન કોઈ ખૂબીમાં કમાલ હોય છે, પણ મારા જેવા બંદાનો કમાલ એ છે કે મારી અંદર કોઈ કમાલ નથી ! રૂબાઈમાં આજીજી તથા ઈન્કેસારી તથા તહદીષે નેઅમત (રબની નેઅમતનુ પ્રદર્શન)નો કેટલો સરસ તફાવત રજૂ થયો છે, જેને શોખવાળા જ જાણી શકે છે.

## ★ રૂબાઈ નંબર : ૧૨ ★

**કિસ મુંહસે કહૂં રશ્કે અનાદિલ હૂં મૈં–શાઈર હૂં ફસીહ બે મમાષિલ હૂં મૈં**
**હક્ક઼ા કોઈ સન્અત નહીં આતા મુઝકો–હાં ! યહ કે નુકસાનમેં કાલિમ હૂં મૈં**

**અર્થાત :** હું મારા વિશે એવું કેવી રીતે કહી શકુ છું કે હું એવો કમાલવાળો છું કે બુલબુલો મારા પર રશ્ક કરે છે, ન મને શાઈરી તથા ફસાહત તથા બલાગત (વાણીનુ ઉમદાપણા)માં અજોડ હોવાનો દાવો છે. સહીહ વાત એ છે કે મારી અંદર કોઈ કમાલ નથી એના સિવાય કે મારામાં જગતભરની ખામીઓ છે. બસ ! આ તે કમાલ કહી લો કે એમાં મારો કોઈ બરાબરીયો નથી. من تواضع لله فقدر فعه الله જે અલ્લાહના માટે ઝુકી જાય છે (આજીજી કરે છે) તો અલ્લાહ તેને સરબુલંદી પણ અતા કરી દે છે. એટલા માટે તો પૂરી દુનિયામાં આજે "આલા હઝરત, આ'લા હઝરત" થઈ રહ્યું છે.

### ★ રૂબાઈ નંબર : ૧૩ ★

**તાશામેં ગમો અશ્કકા સામાં બસ હૈ–અફ્ગાને દિલે ઝાર હદીખ્વાં બસ હૈ**
**રહબર કી રહે નઅતમેં ગર હાજત હો–નક્શે ક઼દમે હઝરતે હસ્સાન બસ હૈ**

*(તોશા = ભાથુ, સફર ખર્ચ, અશ્ક = આંસુ, અફ્ગાં = આહોઝારી, દિલેઝાર = રડનારુ દિલ,*
*હદીખ્વાં = ઊંટોને તેજ ચલાવવા માટે શેઅરો પઢનાર)*

**અર્થાત :** મારા માટે સફરખર્ચનું ભાથુ ઈશ્કે મુસ્તફા ﷺના ગમમાં આંસુ વહાવવું જ પૂરતુ છે. મારા પરેશાન દિલની આહોઝારીને સુકૂન આપવા માટે હદીખ્વાનોના શેઅરો પઢી પઢીને રડતા રહેવું જ પૂરતુ છે. અને જો મને નઅત ગોઈમાં કોઈ રાહબરની જરૂરત પડી ગઈ તો હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ (ષનાખ્વાને મુસ્તફા)નો નક઼્શે ક઼દમ જ પૂરતો છે. (એનાથી ઓછી કક્ષાનો શખ્સ આ'લા હઝરતની રહનુમાઈ નઅતના મેદાનમાં નથી કરી શકતો. (શેઅર) : *દર્દે જામી મિલે નઅત ખાલિદ લિખું – ઔર અંદાઝે અહમદ રઝા ચાહિયે*

### ★ રૂબાઈ નંબર : ૧૪ ★

**હર જા હૈ બુલંદીયે ફલક કા મઝકૂર–શાયદ અભી દેખે નહીં તયબહકે કુસૂર**
**ઈન્સાનકો ઈન્સાફકા ભી પાસ રહે–ગો દૂર કે ઢોલ હૈં સુહાને મશ્હૂર**

**અર્થાત :** દરેક જગાએ લોકોને એ જ કહેતા સાંભળવામાં આવ્યા છે કે આસ્માન બુલંદો બાલા છે. કદાચ એ લોકોએ મદીના શરીફમાં મારા આક઼ા ﷺના (ન કે નજદીઓના) મહેલો નથી જોયા (કે જ્યાં સૈયદુલ મલાઈકા સિદરતુલ મુન્તહાથી આવે છે અને સિત્તેર હજાર સવારે અને સિત્તેર હજાર સાંજે ફરિશ્તાઓ હાજરી આપે છે અને દુનિયાભરથી દિલો મદીના તરફ ખેંચાતા ચાલ્યાં આવે છે) માણસ વાત કરે તો કાંઈક તો ઈન્સાફનો પણ ખયાલ કરે, ભલે દૂરનાં ઢોલ સુહાનાં લાગે છે, પણ એટલો પણ જુલ્મ અમને બદાશ્ત નથી કે દરેક વખતે "આસ્માન ઊંચુ છે, આસ્માન ઊંચુ છે"ની તસ્બીહ પઢવામાં આવે અને મદીનાનું નામ પણ ન લેવામાં આવે.

*હૈ લબપે નઅત દિલમેં મદીનેકી જુસ્તજૂ–આક઼ા તેરી તલાશમેં ફિરતા રહૂં કૂ બ કૂ*
*ગુઝરે દરે હબીબ પે અય કાશ ! ઝિંદગી–નૂરુલ હસન કે દિલમેં હૈ ઈત્ની હી આરઝૂ*

### ★ રૂબાઈ નંબર : ૧૫ ★

**કિસ દરજા હૈ રોશન તને મહબૂબે ઈલાહ–જામા સે અયાં રંગે બદન હૈ વલ્લાહ !**
**કપળે યહ નહીં મેલે હૈં ઈસ ગુલકે 'રઝા'–ફર્યાદકો આઈ હૈ સિયાહીએ ગુનાહ**

**અર્થાત :** અલ્લાહના મહબૂબ ﷺનું શરીર મુબારક કેટલા પ્રમાણમાં રોશન છે કે ખુદાની ક઼સમ ! લિબાસ મુબારકથી શરીર પાકનો રંગ છન છન કરીને બહાર આવી રહ્યો છે. આપ ﷺના લિબાસ મુબારક પર જે ધુંધળાપણુ નજર આવી રહ્યું છે એ મેલ કુચેલ નથી, જરા ધ્યાનથી જુઓ અને આંખો ખોલો ! એ અમ ગુનેહગારોના ગુનાહોની સિયાહી છે જે આપનો દામન પકડીને બખ્શિશની વિનવણી કરી રહી છે.

*જો હઝરત કી ઉલ્ફતમેં કુર્બાન હોગા–ઉસીકે લિયે હર એક સામાન હોગા*
*વો મેહશરકે દીન ક્યૂં પરેશાન હોગા–ખુદાકા વો જન્નત મેં મેહમાન હોગા*
*અય 'હમદમ' અગરચે ગુનેહગાર હૈં હમ–ખતાવાર હૈં હમ, સિયાહકાર હૈં હમ*
*મગર ફિર ભી ઉનકે તલબગાર હૈં હમ–ન ગમગીન હો ફઝ્લે રહમાન હોગા*

## ★ રૂબાઈ નંબર : ૧૬ ★

**હૈ જલ્વગહે નૂરે ઈલાહી વો રૂ–કૌસૈનકી માનિન્દ હૈં દોનોં અબરુ**
**આંખે યહ નહીં શબ્ઝએ મિઝગાં કે કરીબ–ચરતે હૈં ફિઝાએ લામકાં મેં આહૂ**

*(જલ્વા ગહ = જલ્વાની જગા, રૂ = ચેહરો, કૌસેન = બે કમાનો, અબરૂ = ભવાં, મિઝગાં = પાપણો, ફિઝાંએ = વિશાળતા, આહૂ = હરણ)*

**અર્થાત :** આક઼ાએ દો જહાં ﷺનો ચેહરએ અન્વર વ અક઼દસના અલ્લાહના નૂરની જલ્વાગાહ છે. બંનેવ ભવાં બે કમાનોની જેમ છે. અલ્લાહુ અકબર ! આ આંખો છે કે આંખોની પાંપણોના મૂળની જગાએ લામકાંની વિશાળતા છે જેની ઘાસ પર હરણ ચરી રહ્યાં છે.

*વો દો જહાંકી રહમત અવસાફ સબ હમીદા–બઅદઝ ખુદા વો હાદી, હાદી ભી બરગુઝીદા*
*અય આરઝૂ ! વો ફર્કાં, યાસીન ઔર તાહા–મુઝમેં કહાં સકત હૈ ઉનકા લિખું ક઼સીદા*

## ★ રૂબાઈ નંબર : ૧૭ ★

**મઅદૂમ ન થા સાયએ શાહે ષક઼લૈન–ઈસ નૂરકી જલ્વાગહથી ઝાતે હસ્નૈન**
**તમ્ષીલને ઈસ સાયાકે દો હિસ્સે કીયે–આધે સે હસન બને આધેસે હુસૈન**

*(મઅદૂમ = અન અસ્તિત્વ, ષ઼કલૈન = દો જહાં, ઈન્સાન તથા જિન, હસ્નૈન = હસન તથા હુસૈન رضی اللہ عنہما, તમષીલ = મળતાપણુ)*

**અર્થાત :** જો કે સરકારે દો આલમ ﷺના શરીર મુબારકનો સાયો સૂરજના તાપ તથા ચાંદની રોશનીમાં જમીન પર પડતો ન હતો, પણ એનો મતલબ એ નથી કે આપ સાયાદાર ન હતા, બલ્કે આપ એવા સાયાદાર હતા કે જ્યારે આપ ﷺના ફયઝનો સાયો હસ્નૈન કરીમૈન પર પડયો તો કમરથી માથા સુધી ઈમામ હસન رضی اللہ عنہ હુઝૂર ﷺને મળતા થઈ ગયા અને નીચલો હિસ્સો ઈમામ હુસૈન رضی اللہ عنہને મળતો થઈ ગયો. અને જ્યારે બંનેવ શહઝાદાઓને એક સાથે ઉભા કરવામાં આવતા તો હુઝૂર ﷺની પૂરી તસ્વીર બની જતી.

*ઈલાહી બહક્કે બની ફાતિમા–કે બર કૌલે ઈમાન કુનમ ખાતમા*
*અગર દઅવતમ રદ કુની વર કુબૂલ–મનો દસ્તો દામાને આલે રસૂલ*

(صلی اللہ تعالیٰ علیہ وسلم وعلیٰ آلہ واصحابہ وبناتہ وازواجہ وعترتہ اجمعین)

## ★ રૂબાઈ નંબર : ૧૮ ★

**દુન્યામેં હર આફતસે બચાના મૌલા–ઉક઼બામેં ન કુછ રંજ દિખાના મૌલા**
**બૈઠું જો દરે પાકે પયંબર કે હુઝૂર–ઈમાન પર ઉસ વક઼્ત ઉઠાના મૌલા**

**અર્થાત :** હે મારા અલ્લાહ ! તારા પ્યારા મહબૂબ ﷺની પ્યારી પ્યારી ઝુલ્ફોના સદક઼ામાં મને દુનિયામાં દરેક મુસીબતથી બચાવી લે અને આખેરતમાં દરેક ગમથી મેહફૂઝ ફર્માવી લે. અને તારી બારગાહમાં એક આરઝૂ તથા દુઆ અન્ય છે અને તે એ કે જ્યારે તું મને તારા પ્યારા નબી ﷺના રોઝએ અક઼દસની હાજરીથી નવાઝે તો હું હુઝૂર ﷺની ચોખટ પર બેસીને દુરૂદો સલામ પઢી રહ્યો હોઉં તો મારી રૂહ ક઼બ્ઝ થઈ જાય.

*ગર વક઼્તે અજલ સર તેરી ચૌખટપે પળા હો–જિત્ની હો ક઼ઝા એક હી સજદેમેં અદા હો*

## ★ રૂબાઈ નંબર : ૧૯ ★

**ખાલિક઼ કે કમાલ હૈં તજદ્દુદ સે બરી–મખ્લૂક઼ને મેહદૂદ તબીઅત પાઈ**
**બિલ્જુમ્લા વજૂદમેં હૈ એક ઝાતે રસૂલ–જિસકી હૈ હમેશા રોઝ અફ઼ઝૂં ખૂબી**

*(ખાલિક઼ = સર્જનહાર, તજદ્દુદ = તબદીલી તથા નવાપણુ, બરી = પાક, મહદૂદ = સીમિત, બિલ્જુમ્લા = સારાંશ, રોઝ અફ઼ઝૂં = દરેક દિવસે વધારો થવું)*

**અર્થાત :** અલ્લાહ તઆલાના કમાલો તથા ખૂબીઓ બદલાતી નથી બલ્કે યથાવત છે, કેમ કે બદલાવુ હાદિષ (પછીથી ઉદ્ભવનાર) તથા ફાની (નાશવંત)ની શાન છે. کل متغیر حادث અને મખ્લૂક઼ની સિફતો (ખૂબીઓ, ગુણો) સર્વ પૂરેપૂરી સીમિત છે. અલ્લાહ અસીમિત, બંદો સીમિત. સારાંશ કે હું એ કહેવા ચાહું છું કે એક આપણા આક઼ાની ઝાત જ એવી છે જેમની શાનમાં દિન પ્રતિ દિન વધારો થતો રહે છે. وَلَلْاٰخِرَةُ خَیْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى "અને બેશક ! પાછલી તમારા માટે પહેલીથી બેહતર છે." *(સૂ. વદ્દુહા, ૯૩/૪)*

## ★ રૂબાઈ નંબર : ૨૦ ★

**હૂં ! કર દો તો ગરદૂં કી બિના ગિર જાએ–અબરુ ખિંચે તેગે ક઼ઝા ગિર જાએ**
**અય સાહિબે ક઼ૌસેન બસ અબ રદ ન કરે–સહમે હુવોંસે તીરે બલા ફિર જાએ**

*(હૂં = ધમકાવવું, ગરદૂં = આસ્માન, બિના = પાયો, અબ્રુ = ભવાં, તેગે ક઼ઝા = ફૈસલાની તલ્વાર, સાહિબે ક઼ૌસેન = ક઼ાબ ક઼ૌસેન અવ અદનાની નજીકવાળા આક઼ા ﷺ, સહમે = ડરી ગયેલા)*

**અર્થાત :** હે મારા જાહોજલાલવાળા પ્યારા આક઼ા ! ﷺ આ આપની આજીજી તથા ઈન્કેસારી છે કે અમારા જેવાઓ સાથે પણ મહોબ્બત કરો છો, નહીં તો વલ્લાહ ! આપના રૂઆબ તથા દબદબાનો આલમ એ છે કે જો આપ આસ્માનને એક મામૂલી સરખી ધમકી કરી દો (જેમ કે હૂં !) તો તેના પાયા હચમચી જાય અને પડીને તબાહ થઈ જાય. અને જો આપના ભવાં મુબારક પર ગુસ્સાથી ગડી પડી જાય તો ક઼ઝા તથા ક઼દરની તલ્વાર પડી જાય. હે ક઼ાબ કૌસેનની નિકટતાવાળા મહબૂબ ! અમે ગુનેહગારો જે પહેલેથી જ ડરેલા છીએ, અમારાથી મુસીબતનું મોં ફરી જાય અને બલાઓનું તીર બીજી દીશા તરફ મોં ફેરવી લે.

## ★ રૂબાઈ નંબર : ૨૧ ★

**નુકસાન ન દેગા તુઝે ઈસ્યાં મેરા–ગુફ઼રાનમેં કુછ ખર્ચ ન હોગા તેરા**
**જિસસે તુઝે નુકસાન નહીં કર દે મુઆફ઼–જિસમેં તેરા કુછ ખર્ચ નહીં દે મૌલા**

*(ઈસ્યાં = ગુનાહ. ગુફ઼રાન = માફ઼ી)*

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા વ મૌલા રબ્બુલ આલમીન ! (પરવરદિગાર) મારા ગુનાહોથી તને કાંઈ નુકસાન ન થશે અને મને બખ્શી આપવામાં તારો કોઈ ખર્ચ પણ ન થશે, તો જેનું તને નુકસાન નથી (મારા ગુનાહ) તેમને માફ઼ કરી આપ, અને જેના પર તારો ખર્ચ નથી થતો તે (બખ્શિશ) મને અતા કરી દે.

*ઈલાહી નગ્મએ મગ્મૂમ સુન લે–ફ઼ગાને બંદએ મગ્મૂમ સુન લે*
*તેરે એહસાન હૈં ઈક ઈક કદમ પર–ભરોસા હે ફ઼ક઼ત તેરે કરમ પર*
*હબીબે પાકકે સદક઼ેમેં યા રબ !–મસાઈલ ઝિંદગી કે દૂર કર સબ*
*લગે મઝધારકી કશ્તી કિનારે–સંભલ જાએં યહ સબ આફ઼ત કે મારે*
*મુસલમાનોંકો રાહત દે ખુશી દે–ફ઼રાગત કર અતા આસૂદગી દે*
*કર ઐસી ઉનકે ઉપર મહરબાની–યહ અમ્નો આફ઼િયત હો ઝિંદગાની*
*વહી આ જાએ કિરદારોંમેં નેકી–કરેં બાહમ મદદ એક દુસરે કી*
*દિલે નામી કી હૈં પુરદર્દ આહેં–રસાઈકી અતા કર ઉનકો રાહેં*

## ★ રૂબાઈ નંબર : ૨૨ ★

**આબિદ વ તાઈબ આસી સબ હૈં–આગે અય જાન જિસે તુમ ચાહો**
**કૌન હૈ વો જો ન ચાહે તુમ કો–ક઼િસ્મત ઉસકી હૈ જિસે તુમ ચાહો**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! આપની ઉમ્મતમાં ઈબાદતગુઝાર, શબ ઝિંદાદાર, તોબા કરનારા તથા અમારા જેવા ગુનેહગાર સર્વ સામેલ છે. હવે આગળ તમારી મરજી જેને પણ પસંદ કરી લો. (શેઅર) *પિયા જિસકો ચાહે સુહાગન વહી હૈ* વળી કોણ બદનસીબ છે જે આપને ન ચાહતો હોય ! પરંતુ વાહ નસીબ તેનું ! જેને આપ ચાહો.

તે ખુશનસીબ છે જેઓ ક઼બ્રમાં ફ઼રિશ્તાઓને ત્રીજા સવાલના જવાબમાં કહે કે આ વદુહાના નૂરાની ચહેરાવાળા મારા આક઼ા છે, પરંતુ એવા મુક઼દ્દરનું શું કહેવું કે વદુહાના મુબારક ચહેરાવાળા ખુદ ફ઼ર્માવે કે હે ફ઼રિશ્તાઓ ! એને શું પૂછો છો કે હું કોણ છું ? એના બારામાં મને પૂછો કે એ કોણ છે ?! એવા જ ખુશનસીબોના બારામાં હઝરત સુલ્તાન બાહૂ رحمۃ اللہ علیہ ફ઼ર્માવે છે ! *વાહ નસીબ તન્હાં દે બાહૂ – ક઼બ્ર જિન્હાં દી જીવે હૂં*

## ★ રૂબાઈ નંબર : ૨૩ ★

**કિસ હાથકા ખમે તાબો તવાં ટૂટ ગયા–કાંપા યદે બયઝ઼ા કે અસા છૂટ ગયા**
**જુંબિશ હુઈ કિસ મહર કી ઉંગલી કો 'રઝ઼ા'–બિજલી સી ગિરી શીશએ મહ ટૂટ ગયા**

**અર્થાત :** આ કોનો હાથ ચમક્યો અને હરકતમાં આવ્યો છે કે શક્તિ તથા સહન શક્તિનાં સર્વ બંધનો તૂટી ગયાં છે અને પ્યારા મૂસા عليه السلامના ચમકદાર તથા નૂરાની હાથ પર ધ્રુજારી છવાઈ જેના કારણે તેમની લાઠી મુબારક હાથથી છૂટી અને જમીન પર પડી ગઈ. હે રઝ઼ા ! બતાવતા કેમ નથી ? આ ક્યા સિરાજે મુનીરની આંગળીને હરકત થઈ છે કે જાણે એક વીજળી પડતી જોવા મળી છે અને આસ્માનનો ચાંદ તૂટીને જમીન પર આવીને પડયો છે. (આ આપણા આક઼ા ﷺનો યદુલ્લાહવાળો, ગોરો ગોરો, ચમકદાર તથા નૂરાની હાથ છે. જ્યારે હાથની જલ્વા સામાનીઓ (કમાલ) આ છે તો ઝ઼ાતનો આલમ શું હશે !)

*સારે નબીયોંસે અફ઼ઝ઼લ હૈ શાને મુસ્તફ઼ા–ખુદ ખુદાએ દો જહાં હૈ મદહે ખ્વાને મુસ્તફ઼ા ﷺ*
*યૂં કહેગા હશ્રમેં જિબરીલસે અલ્લાહ મેરા–ખુલ્દમેં લે જાઓ જો હૈ નઅતખ્વાને મુસ્તફ઼ા ﷺ*
*(નૂરુલ હસન ચિશ્તી)*

## ★ રૂબાઈ નંબર : ૨૪ ★

**નૂરે રુખે સરવર કા અજબ જલ્વા હૈ–આઠોં પહર ઉસ કૂચેમેં દિન રહતા હૈ**
**યહ શામે મદીના ન સમઝના અય દિલ–આહે દિલે આશિક઼ કા ધૂવાં છુપાયા રહતા હૈ**

**અર્થાત :** આક઼ાએ દો જહાં, સરવરે સરદારાં, દસ્તગીરે બેકસાં, શાહે મુરસલાં (ﷺ)ના રુખે અન્વરનો દીદાર પણ કેટલો આશ્ચર્યજનક છે કે મદીનાની ગલી કૂચીઓમાં આપના ચહેરાના નૂરથી દરેક સમયે દિવસનો માહોલ રહે છે. અને હે મારા નાસમજ દિલ ! જો તને કદી ધુંધરાપણુ તથા અંધારુ મેહસૂસ થાય તો એવું ન સમજતુ કે રાત છવાઈ ગઈ છે, એ આશિક઼ાને મુસ્તફ઼ાના દિલના ધુમાડા છે.

*જબ મદીનેકી બાત હોતી હૈ–વજદમેં કાઈનાત હોતી હૈ*
*લયલતુલ ક઼દ્રકો જો શરમા દે–વહ મદીનેકી રાત હોતી હૈ*

## ★ રૂબાઈ નંબર : ૨૫ ★

**પરવાઝ઼ મેં જબ મિદહતે શાહ મેં આઉં–તા અર્શ પરે ફ઼િક્રે રસા સે જાઉં**
**મઝ઼મૂન કી બંદિશ તો મયસ્સર હૈ 'રઝ઼ા'–'કાફ઼ી'કા દર્દે દિલ કહાંસે લાઉં**

*(પરવાઝ઼ = ઉડાણ, મિદહત = પ્રશંસા, ફ઼િક્રે રસા = અંજામ સુધી પહોંચાડનારું ચિંતન, પર = પાંખ, મઝ઼મૂન = વિષય, બંદિશ = સુંદરતા પ્રાસ, પાબંદી, કાફ઼ી = સૈયદ કિફ઼ાયત અલી رحمة الله عليه જંગે આઝ઼ાદીના શહીદ)*

**અર્થાત :** જ્યારે હું મારા આક઼ા તથા મૌલા ﷺની અઝમત તથા શાનને વર્ણન કરવાનુ શરૂ કરી આપ્યું છે તો પોતાની પરિણાત્મક સોચ થકી અર્શ સુધી ઉડયન કરતો જઉં છું. પોતાના નબીની શાનમાં શબ્દોને તો ખૂબ સારી રીતે જોડી લઉં છું પણ હઝરત કાફ઼ી رحمۃ اللہ علیہનું દર્દ ક્યાંથી લાવું ?!

સુબ્હાનલ્લાહ ! આ'લા હઝરત رحمۃ اللہ علیہ કેટલા પ્રમાણમાં વિશાળ દ્રષ્ટિવાળા હતા કે આટલા મહાન સાહિબે દિલ હોવા છતાં આપની આજીજી જુઓ તથા અન્યની હોસલા અફઝાઈના સાચા જઝબા પર વિચારણા કરો. મોટા લોકોની આ જ નિશાની હોય છે. એક જગાએ આપે હઝરત કાફ઼ી رحمۃ اللہ علیہને આ પ્રમાણે ખિરાજે તેહસીન પેશ કરી છે : *કાફ઼ી સુલ્તાન નઅત ગોયાં હૈ 'રઝા' – ઈન્શા અલ્લાહ ! મૈં હૂં વઝીરે આ'ઝમ رحمۃ اللہ علیہ*

## ★ રૂબાઈ નંબર : ૨૬ ★

**આબે દુર્રે દન્દાં સે અદન ડૂબ ગયા–રશ્કે લબે લઈલેં સે ચમન ડૂબ ગયા**
**ખજલત યહ હૂઈ દેખ કે રૂએ શહકો–શબનમ કે પસીનામેં ચમન ડૂબ ગયા**

*(આબે દુર્ર = મોતીઓનુ પાણી, ચમક દમક, દન્દાન = દાંત, અદન = એક શહેર, બહરે કુલ્ઝુમના કિનારા પર, રશ્ક = કોઈની નેઅમત જોઈને પોતાને પણ તે મળે તેવી ઈચ્છા કરવું, તેનાથી જલવું નહીં, હસદ ન કરવો તે. લબે લઈલેં = લાલ હોઠ, ખજલત = શર્મિંદગી)*

**અર્થાત :** આપણા આક઼ા વ મૌલા ﷺના મોતીઓ અધિક ખૂબસૂરત તથા ચમકદાર અને મુબારક દાંતોની આબો તાબ જ્યારે અદનના મોતીઓએ જોઈ તો શર્મિંદગીનાં માર્યા પરસેવામાં ડૂબી ગયાં અને આપ ﷺના લાલ હોઠ જ્યારે ચમન (ના લાલ અક઼ીક઼ે) જોયા તો રશ્ક કરતા શર્મિંદગીના પરસેવામાં ગર્ક થઈ ગયા. અને આપના ચેહરએ અન્વરનો હુસ્નો જમાલ જોઈને તેમની હાલત એ થઈ ગઈ કે જાણે અવસ તથા શબનમને પરસેવો થઈ ગયો અને જાણે એમાં આખો ચમન ડૂબી રહ્યો છે.

*નાઝાં હૈ જિસ્પે હુસ્ન વો હુસ્ને રસૂલ હૈં–યહ કહકશાં તો આપકે ક઼દમોકી ધૂલ હૈ*

## ★ રૂબાઈ નંબર : ૨૭ ★

**મહકા હૈ મેરી બૂએ દહનસે આલમ–હાં ! નગમએ શીરીં નહીં તલ્ખીસે બહમ**
**કાફ઼ી સુલ્તાને નઅત ગોયાં હૈ 'રઝા'–ઈન્શા અલ્લાહ ! મૈં હૂં વઝીરે આ'ઝમ**

**અર્થાત :** આખુ જગત મારા મોંની ખુશ્બુ (મારી નઅતો)થી સુગંધિત થઈ ગયું, કેમ કે મારી નઅતોમાં એવી મીઠાશ છે કે જેમાં કડવાપણાનું નામો નિશાન નથી. તેમ છતાં પણ નઅતખ્વાનોના બાદશાહ હઝરત સૈયદ કિફાયત અલી કાફ઼ી છે અને અલ્લાહે જો ચાહ્યું તો હું તેમનો વઝીરે આ'ઝમ હોઈશ.

*વાસિફોંમેં હઝરત હસ્સાન સબકે પેશવા– અજમલ' બહુત ગુઝરે હૈં સઅદી, જામી જૈસે મુક઼તદા*
*સુલ્તાન ઉર્દૂમેં કાફ઼ી ઔર જનાબ અહમદ રઝા–બુલબુલે રંગી 'રઝા' યા તૂતીએ નગ્મા સારા*
*હક઼્ક઼ હૈ કે વાસિફ઼ તેરા યહ ભી નહીં વો ભી નહીં*

### ★ રૂબાઈ નંબર : ૨૮ ★

**અસ્રામેં જિનાં જલ્વએ રુખસે તાબાં-ખિદમતમેં દવાં આઈનએ રૂયાને જિનાં**
**અય શૌક઼ ! નઝર ઠહરે તો ક્યૂં ઠહરે-આઈનામેં આફ઼તાબ ઔર વો ભી જંબાં**

*(અસ્રા = શબે મેઅરાજ. જિનાં = જન્નત. જલ્વએ રુખ = ચેહરેકી ઝિયા. તાબાં = રોશન, દવાં = દોડતા, રવાં દવાં, આઈનએ જિનાં = જન્નતની હસીનાઓ, જંબાં = હરકત કરનાર)*

**અર્થાત :** શબે મેઅરાજ આપ ﷺના જલ્વાઓથી સર્વ જન્નતો ચમકી ઉઠી અને જન્નતોમાં રહેનારા (હૂરો, ગિલ્માન, રિદ્‌વાન) આપની ખિદમતના માટે દોડી પડયા. હે દીદારના શોખ ! ભલા કોઈની નજર એમના ચહેરા પર રોકાય શકે છે ! એ તો એવા છે કે આઈનામાં સૂરજ હોય અને તે પણ હરકત કરી રહ્યો હોય. સૂરજ તો આમ નથી જોઈ શકાતો પછી આઈનાની અંદર હોય તો એમાં અધિક તેજી આવી જાય છે.

### ★ રૂબાઈ નંબર : ૨૯ ★

**હૈ દોશે નબી કાને સફ઼ા સલ્લિ અલા-ખાતિમ હૈ લતાફ઼ત પે ગવાહ સલ્લિ અલા**
**થા બારે નબુવ્વત જો ઉઠાયા શહને-યહ નીલ નઝાકતસે પળા સલ્લિ અલા**

*(દોશ = ખભો, કાન =ખાણ, ઝખીરો. સફ઼ા = સફ઼ાઈ તથા પાકીઝગી. સલ્લિ અલા = આપ પર રહમત થજો)*

**અર્થાત :** આપણા આક઼ા ﷺના ખભા છે અથવા તહારત તથા સફાઈ સુથરાઈની ખાણ છે ! આપના પર અલ્લાહ તઆલાની કરોડો રહમતો થાય, આપની પીઠ મુબારક પર મોહરે નુબવ્વત આપ ﷺના શરીર પાકની લતાફતો પર ગવાહના રૂપે પૂરતી છે જે એ હક઼ીક઼તનું એલાન કરી રહી છે કે જ્યારે આક઼ા ﷺએ નબુવ્વત તથા રિસાલતની ભારે જિમ્મેદારી ઉઠાવી તો જિસ્મે નાઝનીન પર નિશાન પડી ગયું છે.

*હક્ક઼કા પયગામ સુનાનેવાલે-તુઝકો ભૂલે હૈં ઝમાનેવાલે*
*રૂહસે ઉસ્કી હૂએ બેગાના-સરપે કુર્આન ઉઠાને વાલે*
*(કૈ઼યૂમ નઝર)*

### ★ રૂબાઈ નંબર : ૩૦ ★

**રહ્‌મત કે દિનને દાગે હિરમાં દેખા-શબકો ભી ન રોઝે સિયહ નઝર આયા**
**વો વક઼્ત જિસે દોનોં તરફ઼ નિસ્બત થી-મૌલાકી વિલાદતસે શરફ઼યાબ હુવા**

*(હિરમાં = મેહરૂમી, સિયહ = અંધારી, શરફ઼યાબ = અઝમત પામનાર)*

**અર્થાત :** રહમતુલ્ લિલ્આલમીન ﷺની રહમતથી ન દિવસ મેહરૂમ રહ્યો અને ન તો રાતે અંધકાર જોયો. આપ ﷺની વિલાદત બાસઆદત (જન્મ મુબારક)ની નિસ્બત બંનેવને નસીબ થઈ, કેમ કે જ્યારે આપ આ કાઈનાતમાં જલ્વાગર થયા તો "દિવસ આવી રહ્યો હતો અને રાત જઈ રહી હતી" જેથી કરીને ન દિવસ મેહરૂમ રહે અને ન રાતનો આપની વિલાદત બાસઆદતની મુબારક ઘડીઓથી દામન ખાલી રહે. અને બંનેવ કહી શકે કે :

*અપના મેઅયાર ઝમાનેસે જુદા રખતે હૈં–હમ તો મહબૂબ ભી મહબૂબે ખુદા રખતે હૈં*
*કિસી સાઈલકો સદા દેનેકી ઝેહમત ક્યૂં હો–અપના દરવાઝા વો હર વક઼્ત ખુલા રખતે હૈં*

## ★ રૂબાઈ નંબર : ૩૧ ★

**ઈશ્ક઼ે અહમદ મેં જિસે ચાક ગરીબાં દેખા–ગુલ હુવા સુબ્હ હમેશા ઉસે ખન્દાં દેખા**
**થા મુલાક઼ાતે 'રઝા' કા હમેં ઉમ્રભરસે શોક઼–બારે આજ ઉસકો મદીનામેં ગઝલખ્વાં દેખા**

**અર્થાત :** જે દીવાનાએ ઈશ્ક઼ે મુસ્તફા ﷺથી પોતાના ગરેવાનને ફાડી નાખ્યુ (હુઝૂર ﷺનો સાચો ગુલામ બની ગયો) તે હમેશાં ફૂલની જેમ મુસ્કુરાતો અને ખીલેલો જોવા મળ્યો.

આ વિભાગમાં અમે અહમદ રઝા (ગદાએ દરે ખૈરુલ વરા, ઈમામે અહલે સુન્નત)નું નામ સાંભળેલુ હતું, ખ્વાહિશ હતી કે એમનાથી મુલાક઼ાત પણ થઈ જાય. અલ્લાહે મહેરબાની કરી અને જેમના દરનો ગદા (ભીખારી) હતો એ જ સરકારે મદીના ﷺની ગલીમાં મુલાક઼ાત થઈ ગઈ અને એ હાલતમાં કે પોતાના મહબૂબ ﷺની યાદમાં મસ્ત થઈને મદીનાની ગલીઓમાં ઝુમી ઝુમીને પઢી રહ્યો હતો :

*મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ – શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ*

# શરહે દુરૂદે આ'લા હઝરત એટલે કરોળોં દુરૂદ
## (કાફિયા અવ્વલ બિત્તરતીબે હુરૂફે તુહજ્જી)

'الف (અલિફ)'

૧. કઅબેકે બદરુદ્દુજા તુમ પે કરોળોં દુરૂદ
તયબહ કે શમ્સુદુહ઼ા તુમપે કરોળોં દુરૂદ

૨. શાફએ રોઝે જઝા તુમપે કરોળોં દુરૂદ
દાફએ જુમ્લા બલા તુમપે કરોળોં દુરૂદ

૩. જાન વ દિલે અસ્ફિયા તુમપે કરોળોં દુરૂદ
આબ વ ગુલે અંબિયા તુમપે કરોળોં દુરૂદ

૪. લાએં તો યહ દુસરા દુસરા જિસકો મિલા
કૌશકે અર્શ વ દના તુમપે કરોળોં દુરૂદ

૫. ઔર કોઈ ગયબ ક્યા તુમસે નિહાં હો ભલા
જબ ન ખુદા હી છુપા તુમપે કરોળોં દુરૂદ

૬. તૂર પે જો શમ્અ થા ચાંદ થા સાઈરકા
નય્યરે ફારાં હુવા તુમપે કરોળોં દુરૂદ

૭. દિલ કરો ઠંડા મેરા વો કફે પા ચાંદસા
સીના પે રખ દો ઝરા તુમપે કરોળોં દુરૂદ

*(બદરુદુજા = અંધારાંઓને ખત્મ કરનાર સંપૂર્ણ ચાંદ, ૧૪મીનો ચાંદ, શમ્સુદોહા = રોશનીઓને વિખેરનાર ચાશ્તનો સૂરજ, તેજ તાબાં, કૌશક = મહલ, સાઈર = ભટ્ટી, નૈયર = સૂરજ, ફારાન = મક્કા શરીફની એક પહાડી, કફ = તળીયુ, પા = પગ)*

**અર્થાત** : ૧. કા'બા મોઅઝ્ઝમામાં ઉગીને કુફ્ર તથા શિર્ક, જેહાલત તથા જુલ્મના સર્વ અંધારાંઓને ભગાડી આપનાર ૧૪મીના ચાંદ પ્યારા આકા ! ﷺ આપના પર અલ્લાહ તઆલાની કરોડો રહમતો થાય. અને હે યષરબને મદીના તયબહ તથા મદીના મુનવ્વરા બનાવી દેનાર ! નૈયરે તાબાં ! (ચમકતા સૂરજ) આપના પર ખુદાની કરોડો રહમતો નાઝિલ થાય.

*હૈ સબ દુઆઓં સે બળ્હકર દુઆ દુરૂદો સલામ–કે દફઅ કરતી હૈ હર ઈક બલા દુરૂદો સલામ*
*બસદ ખુલૂસ વ અદબ એહતેરામ સે પળ્હના–કે ખૂદ ભી સુનતે હૈં નૂરે ખુદા દુરૂદો સલામ*

## ★ ફઝાઈલે દુરૂદો સલામ ★

કાંઈ ન હતું તો ખુદા હતો અને મુસ્તફા ﷺ પર દુરૂદો સલામ હતું. અને કાંઈ ન હશે તો ખુદા હશે અને મુસ્તફા ﷺ પર દુરૂદો સલામ હશે. કેમ કે اِنَّ اللّٰهَ وَ مَلٰٓىِٕكَتَهٗ یُصَلُّوْنَ عَلَى النَّبِیِّ (નો ક્રમ ચાલુ જ રહેશે) એટલા માટે અમુક મુહક્કિકીન ઉલમાની ઝબાનથી ઘણીવાર મેં ખુદ સાંભળ્યું (દા.ત.અલ્લામા સૈયદ મહમૂદ અહમદ રઝવી) કે એ તો બની શકે છે કે ખુદાનું નામ લેનારો કોઈ ન રહે (જયારે كُلُّ مَنْ عَلَیْهَا فَانٍ અને كُلُّ شَیْءٍ هَالِكٌ اِلَّا وَجْهَهٗનો વાયદો પૂરો થશે) પણ ખુદ અલ્લાહ તે વખતે પણ یُصَلُّوْنَ عَلَى النَّبِیِّ ની શાનની સાથે હશે. (જેથી સરકાર ﷺનો ઝિક્ર છતાં પણ ચાલુ રહેશે)

## ★ અસ્સલાતુ વસ્સલામુ અલૈકનો જવાબ ★

અલ્લાહ તઆલા પઢવાથી તો પાક છે, તેમ છતાં અમુક વખતે લોકો જયારે જીદ પર ઉતરી જાય છે તો એને પછી આ અંદાઝમાં પણ સમજવું પડે છે (કેમ કે તેમની સોચ દુરૂદે ઈબ્રાહીમ પર જ રોકાયેલી છે કે હુઝૂર ﷺએ દુરૂદે ઈબ્રાહીમી પઢવાનો હુકમ આપ્યો છે, તો જો દરેક જગાએ દુરૂદે ઈબ્રાહીમી જ પઢવું જરૂરી છે તો જયારે હુઝૂર ﷺનું નામ મુબારક આવે છે તો પછી કેવળ "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ" પર જ કેમ અટકો છો બલ્કે દુરૂદે ઈબ્રાહીમી જ પઢયા કરો ! જયારે કે દરેક હદીષમાં આ જ દુરૂદ લખેલુ છે. قال رسول الله صلى الله عليه وسلم، عن النبى صلى الله عليه وسلم અને સર્વ ફિર્કાઓના મોલ્વીઓ તકરીર કરે છે તો આ જ શબ્દો (ﷺ) વડે દુરૂદો સલામ પઢે છે. અઝાનમાં હુઝૂર ﷺનું નામે પાક આવે છે તો આ જ શબ્દો દોહરાવવામાં આવે છે.

અને તે અંદાઝ (સમજાવવાનો) એ છે કે, સારું ! એ વાતનુ પરીક્ષણ પણ કરી લો કે અલ્લાહ તઆલા જયારે પોતાના નબી પર દુરૂદો સલામ મોકલે છે તો કયા શબ્દો રહેતા હશે. જાહેર છે અલ્લાહ તઆલા આ શબ્દો ફર્માવવાથી પર (પાક) છે કે اللهم صلى على محمد---- (અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદ....) યકીનન ! જો અલ્લાહના બારામાં પણ શબ્દોની સૂરતમાં દુરૂદ મોકલવાની વાત થશે તો الصلوٰة والسلام عليك يارسول الله પર જ ફૈંસલો થશે. બેશક ! અમે નમાઝમાં દુરૂદે ઈબ્રાહીમી પઢવાને જ જરૂરી કહીએ છીએ, કેમ કે ત્યાં દુરૂદે ઈબ્રાહીમીથી પહેલાં સલામ થઈ ચૂકેલ છે : السلام عليك ايها النبىના શબ્દોની સાથે અને દુરૂદે ઈબ્રાહીમી કેવળ દુરૂદ છે, તો અલ્લાહના હુકમ પર અમલ થઈ ગયો કે یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَیْهِ وَ سَلِّمُوْا تَسْلِیْمًا કે દુરૂદ પણ પઢો અને સલામ જરૂર પઢો. سَلِّمُوْاની તાકીદ 'તસ્લીમા'ની સાથે લાવવામાં આવેલ છે. અલ્લાહને ખબર હતી કે સલામ પઢવા પર જ હેરાફેરી કરવામાં આવશે અને ડંડી મારવામાં આવશે, એને જ વધારે નકારશે, જેથી તેની તાકીદ કરી આપી.

જેથી નમાઝના સિવાય જો કુર્આન મજીદની આયત (اِنَّ اللّٰهَ وَ مَلٰٓىِٕكَتَهٗ یُصَلُّوْنَ عَلَى النَّبِیِّ) પર અમલ કરવો હોય તો દુરૂદે ઈબ્રાહીમથી કામ નહીં ચાલે, કેમ કે એ કેવળ દુરૂદ છે એમાં સલામ નથી, એટલા માટે નમાઝના સિવાય દરેક જગાએ الصلوٰة والسلام عليك يارسول اللهથી વાત બનશે.

*અસ્સલાતુ વસ્સલામુ અલૈક અય નૂરે બઝ્મે અવ્વલીન–અસ્સલાતુ વસ્સલામુ અલૈક અય શાહે ખત્મુલ મુરસલીન*
*અસ્સલાતુ વસ્સલામુ અલૈક અય સબ્ઝ ગુંબદ કે મકીં–અસ્સલાતુ વસ્સલામુ અલૈક અય નૂરે ઝીનતે અર્શે બરીં*
*અસ્સલાતુ વસસ્સલામુ અય રહ્મતુલ્ લિલ્આલમીન*

આ જ વાત તબ્લીગી નિસાબ (જૂની આવૃત્તિ)માં ફઝાઈલે દુરૂદના અંદર લખવામાં આવેલી છે કે મારી દૃષ્ટિએ રોઝાપાકની નજીક હોય કે દૂર દરેક જગાએ આ જ દુરૂદ પઢવું અફઝલ છે. الصلوٰۃ والسلام علیك یارسول اللّٰہ કારણ કે એમાં દુરૂદ પણ અને સલામ પણ છે.

## ★ શું આ બનાવટી દુરૂદ છે ? મઆઝલ્લાહ ! ★

નજદી તથા દેવબંદીવાળા કહે છે કે الصلوٰۃ والسلام علیك یارسول اللّٰہ પઢવું બિદઅત છે. આ ઈન્ડિયન અથવા ફૈસલાબાદી દુરૂદ છે. એની કોઈ સાબિતી નથી. આવો ! આ દુરૂદે પાકની સાબિતી શોધીએ છીએ અને તે પણ દેવબંદીઓ તબ્લીગ ઢોંગીઓના ઘરેથી ! તબ્લીગી ઢોંગીઓના શૈખુલ ઈસ્લામ હુસૈન અહમદ ટાંડવી પોતાની કિતાબ શિહાબુષ્ષાકિ઼બ, પ્રેસ–કરાંચી, પેજ–૬૫ પર લખે છે કે, "અમારા મુક઼દસ બુઝર્ગાને દીન الصلوٰۃ والسلام علیك یارسول اللّٰہ પઢવાને મુસ્તહબ જાણે છે અને પોતાના સંબંધીઓને એનો હુકમ આપે છે."

દેવબંદીઓના હકીમુલ ઉમ્મત અશરફ અલી થાનવી પોતાની કિતાબ "ઈમ્દાદુલ મુશ્તાક઼" પ્રેસ–લાહોર, પેજ–૫૯ પર લખે છે : الصلوٰۃ والسلام علیك یارسول اللّٰہ "જાઈઝ હોવામાં કોઈ શંકા નથી." મોલ્વી આશિક઼ ઈલાહી મેરઠી દેવબંદીએ મોલ્વી ખલીલ અહમદ દેવબંદીના જિંદગીના હાલાત પર એક કિતાબ લખી છે, "તઝકેરતુલ ખલીલ" જે મક્તબએ શયખ બિહારાબાદ–કરાચીથી પ્રકાશિત થઈ છે. તેના પેજ નં. ૨૨૩ પર લખે છે કે, "મોલ્વી ખલીલ અહમદ દેવબંદીને સાહિબુત્ તાજુલ મેઅરાજ ﷺની ઝિયારત નસીબ થઈ અને હુઝૂર ﷺને જોતાં જ મોલ્વી સાહબ الصلوٰۃ والسلام علیك یارسول اللّٰہ પઢવા લાગ્યા.

ઉલમાએ દેવબંદના માન્યવર પીર હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી જેમને મોલ્વી અશરફ અલી થાનવીએ પોતાની કિતાબ "ઈફાઝાતુલ યવમિયહ" ભાગ–૧, પેજ નં. ૧૬૨ પર હુજ્જતુલ્લાહિ ફીલ્અર્દ્ વ રહ્મતુલ્ લિલ્આલમીન, તથા પેજ નં. ૨૭૩ પર લખ્યું છે કે, "જે શાને તેહકી઼ક઼ હાજી ઈમ્દાદુલ્લાહમાં જોયી તે કોઈનામાં ન જોયી." તબ્લીગીઓ ! આવો ! થાનવી સાહબના પીરો મુર્શિદની તેહકી઼ક઼ જુઓ કે શું છે ?! હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી પોતાની મશહૂર કિતાબ "ફેસલા હફત મસ્અલા" પ્રેસ–લાહોર, પેજ નં. ૩૨ પર લખે છે કે, الصلوٰۃ والسلام علیك یارسول اللّٰہ "પઢવામાં કોઈ ખરાબી નથી."

દેવબંદના બાનીઓના આ જ પીરો મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી પોતાની કિતાબ ઝિયાઉલ કુલૂબ, પ્રેસ–લાહોર, પેજ નં. ૧૫ પર ઝિક્રનો તરીકો઼ વર્ણન કરતાં લખે છે : "ત્રણવાર الصلوٰۃ والسلام علیك یارسول اللّٰہ પઢે." એ જ કિતાબના પેજ નં. ૬૧ પર સાહિબુત્તાજ વલ્મેઅરાજ ﷺની ઝિયારતનો તરીકો઼ કાંઈક આ પ્રમાણે વર્ણવે છે : "ઈશાની નમાઝ બાદ નવા કપડાં પહેરીને ખુશ્બુ લગાડીને અદબથી મદીના પાકની તરફ મોં કરીને બેસે અને ખુદાએ લમયઝિલની બારગાહે બેનિયાઝમાં સાહિબુત્તાજ

વલ્મેઅરાજ ﷺના સફેદ તથા સ્વચ્છ પોશાક તથા લીલો અમામા શરીફ અને મુનવ્વર ચેહરાએ અન્વરનો તસવ્વુર કરે અને الصلوٰۃ والسلام علیک یا نبی اللہની જમણી બાજુ તથા الصلوٰۃ والسلام علیک یارسول اللہની ડાબી બાજુ અને الصلوٰۃ والسلام علیک یا حبیب اللہની ઝર્બ દિલ પર લગાડે અને પઢીને પોતાની હથેળી પર દમ કરે અને હથેળી માથા નીચે રાખીને સૂઈ જાય. ઈન્શા અલ્લાહ ! ઝિયારતે નબીયુલ અંબિયા ﷺથી મુશર્રફ થશે. **વાંચક મિત્રો ! આ મારો કે મારા બુઝુર્ગોનો અક઼ીદો નથી બલ્કે દેવબંદીઓ તથા વહાબીઓના ઘણા જ મોટા પેશવાની તેહક઼ીક઼ છે, પરંતુ હવે જોઈએ કે હક઼ વાતને દેવબંદીઓ હજમ કરી શકે છે કે નહીં** ! જામિઆ ખૈરુલ મદારિસ–મુલતાનના બાની મોલ્વી ખૈર મુહમ્મદ જાલંધરી ખૈરુલ ફતાવા, જિલ્દ–૧, પેજ–૧૮૦, પ્રેસ–લાહોર પર લખે છે કે, "રોઝએ અત્હર પર હાજર થઈને الصلوٰۃ والسلام علیك یارسول اللہ શબ્દોથી સલામ પેશ કરવું જોઈએ છે." *(ખૈરુલ ફતાવા, ૧/૧૮૦)*

તબ્લીગી જમાઅતના હેડ કલાર્કની ખાનાતલાશી લઈએ છીએ. મોલ્વી ઝકરિયા સહરાનપુરી પોતાના સિલેબસની ખાસ કિતાબ ફઝાઈલે આમાલ, પ્રેસ–લાહોર, પેજ નં. ૬૩૬ પર લખે છે કે, "الصلوٰۃ والسلام علیك یارسول اللہ પઢવામાં આવે તો વધારે સારું છે." **તબ્લીગી જમાઅતવાળાઓ માટે ચિંતનની પળ છે કે જેઓ કહે છે કે આ દુરૂદ શરીફ બિદઅત છે. જો ખરેખર એ બિદઅત છે તો સૌથી મહાન બિદઅતી તો આપની જમાઅતના બાની થયા** ! મોલ્વી ઝફર અહમદ દેવબંદી પોતાની કિતાબ "ઈશ્ક઼ે રસૂલ ﷺ ઔર અકાબિર ઉલમાએ દેવબંદ" પ્રેસ–લાહોર, પેજ–૨૪ પર લખે છે કે એક દિવસ મોલ્વી થાનવી કહેવા લાગ્યા, "એવો જીવ ચાહે છે કે આજે ખૂબ જ અધિક પ્રમાણમાં દુરૂદ શરીફ પઢું અને તે પણ આ શબ્દો વડે : الصلوٰۃ والسلام علیك یارسول اللہ" લો જનાબ ! હવે તમને ઈજાઝત છે કે ભરપુર જોરશોરથી થાનવી સાહબના આ અમલને શિર્ક ઠરાવીને થાનવી સાહબને જહન્નમમાં પહોંચાડી દો ! આ કેવો જુલ્મ છે કે જે વાત તમારા મોલ્વીઓની કિતાબોમાં મૌજૂદ છે તે સૌ ઈમાન તથા ઈરફાન છે અને તે જ વાત જો અમારા બુઝુર્ગો વર્ણવે તો કુફ્ર તથા શિર્ક થઈ જાય !

અબ્દુલ મજીદ એડવોકેટ દેવબંદીએ સાત ભાગોમાં એક કિતાબ લખી છે, "સીરતુન્નબી બઅદ અઝ વિસાલે નબી" (ﷺ) આ કિતાબના ૩/૨૦૬ પેજ પર લખે છે કે : "હઝરત હાફિઝ મુહમ્મદ સાબિરઅલી ઈબ્ને શાહ ઈમામને એકવાર સાહિબુત્તાજ વલ્મેઅરાજ ﷺએ ખ્વાબમાં ઈર્શાદ ફર્માવ્યો કે, "મારું નામ અબુલ ક઼ાસિમ (કુન્નિયત) પણ લીધા કરો." એટલે કે الصلوٰۃ والسلام علیك یا ابا القاسم કહ્યા કરો અને એ જ ભાગના પેજ–૨૧૨ પર લખ્યું છે કે, "હઝરત મૌલાના હક્ક઼ી નાઝલી ફર્માવે છે કે, "મેં એક હજારવાર પઢ્યું : الصلوٰۃ والسلام علیك یارسول اللہ અને હુઝૂર સાહિબુત્તાજ વલ્મેઅરાજ ﷺએ ઝિયારતથી નવાઝયો." એ જ કિતાબના ભાગ–૨, પેજ નં. ૧૧૯ પર લખે છે : "જ્યારે સુલ્તાનુલ અવલિયા હઝરત મિયાં મીર ક઼ાદરી رحمۃ اللہ علیہના વિસાલનો સમય આવ્યો તો હુઝૂર સાહિબુત્તાજ વલ્મેઅરાજ ﷺની જલ્વાગરી થઈ. હઝરત મિયાં મીર رحمۃ اللہ علیہ પોતાના આક઼ા علیہ الصلوٰۃ والسلامના સ્વાગત માટે ચારપાઈ પરથી ઉતરી પડયા અને સલામે ઈશ્ક઼ પેશ કરતાં અર્ઝ કરી :

الصلوٰۃ والسلام علیك یارسول اللہ

હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કીથી લઈને મોલ્વી ઝકરિયા સુલ્તાનપુરી સુધી દેવબંદીઓના સર્વ પેશવાઓ પર નજર નાખે તો બધા જ الصلوٰۃ والسلام علیك یارسول اللہનો વિર્દ કરતા જોવા મળે છે અને જ્યારે એ જ શબ્દોને અહલે સુન્નત પઢે છે તો આ લોકો બિદઅત બલ્કે કુફ્ર તથા શિર્કથી હલકો ફત્વો તદન નથી લગાડતા ! શાઈરના કહ્યા મુજબ એમનો એ હાલ છે કે :–

*દોહરા મકાન બનાયા હૈ રહને કો યારને–આયા કોઈ ઈધર તો ઉધરસે નિકલ ગયા*

*(બશુક્રિયા માહનામા ''રઝાએ મુસ્તફા'' ડિસે. ૨૦૦૪)*

એક કારણ એ પણ એનું સમજમાં આવે છે કે જ્યારે અલ્લાહ તઆલા આપણને હુકમ આપે છે કે : صَلُّوْا عَلَیْہِ وَ سَلِّمُوْا تَسْلِیْمًا અને આપણે અર્ઝ કરીએ છીએ : اللھم صلی علی محمد---- હે અલ્લાહ ! તારા નબીની અઝમત તથા શાનને તું જ બેહતર જાણે છે, જેથી તું પોતે જ તેમની શાનને પાત્ર દુરૂદ તેમના પર મોકલ. તો યક઼ીનન ! અલ્લાહ તઆલા اللھم صلی તો નથી ફર્માવતો, આવું જ ફર્માવતો હશે કે : الصلوٰۃ والسلام علیك یارسول اللہ

*પઢ્હતે હૈં આસ્માં પર ફરિશ્તે ભી જબ દુરૂદ–ઉન પર સલામ કૈસે ન અહલે ઝમીં કહે*

(الصلوٰۃ والسلام علیك یارسول اللہ)

અલ્લાહ તઆલાએ દરેક ઈબાદતની સાથે સમય તથા જગાની પાબંદી લગાડી છે. નમાઝ પઢવી છે તો ઝોહરના સમયમાં અસરની નથી પઢી શકતા. હજ કરવી છે તો ખાસ સમયમાં થઈ શકશે અને ખાસ જગા પર જ થશે, પરંતું દુરૂદો સલામ એવી ઈબાદત છે કે ન જગાની પાબંદી ન સમયની ન શબ્દોની અને ન સંજોગોની. અઝાનથી પહેલાં પઢો કે પછી, બેસીને પઢો (જેમ કે અત્તહિય્યાતમાં પઢીએ છીએ) કે ઉભા રહીને (જેમ કે આપણે તો જુમ્આ બાદ પણ પઢીએ છીએ પણ મુન્કિરો પણ નમાઝે જનાઝામાં પઢી જ લે છે), ધીમા અવાજે પઢો કે મોટા અવાજથી, દુરૂદે ઈબ્રાહીમી પઢો કે الصلوٰۃ والسلام علیك یارسول اللہ અથવા ઈમામ બુસૈરીની ઝબાનમાં પઢો : مولای صل وسلم دائما ابدا

અથવા આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઝબાનમાં પઢો : *મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ.* જ્યારે કોઈ પાબંદી ભાષા, હાલત, સ્થળ, શબ્દોની નથી લગાડવામાં આવી તો અન્ય કોણ પાબંદી લગાડનારા થઈ શકે છે ? (المطلق یجری علی اطلاقہ)મુત્લક઼ પોતાના ઈત્લાક઼ પર જ જારી રહેશે. અને :

*સદાએં દુરૂદોંકી આતી રહેગી–મેરા સુન કે દિલ શાદ હોતા રહેગા*

*ખુદા અહલે સુન્નત કો આબાદ રખ્ખે–મુહમ્મદ કા મીલાદ હોતા રહેગા*

પઢવાનો હુકમ છે વાંધો ઉઠાવવાનો નથી, પઢો જરૂર ચાહે કોઈ પઢો. અને જેઓ પઢે છે તેઓ ખુશનસીબ છે કે હુકમ એમને જ છે કે یٰاَیُّھَا الَّذِیْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَیْہِ وَ سَلِّمُوْا تَسْلِیْمًا વાંધો ઉઠાવનારા કદાપિ નહીં પઢે કેમ કે હુકમ એમને છે જ નથી ! ઈમાનવાળો છે તો રોઝા રાખશે કેમ કે તેને હુકમ છે کتب علیکم الصیام નો. ઈમાનવાળો છે તો જુમ્આ પઢશે અને હુકમ છે اِذَا نُوْدِیَ لِلصَّلٰوۃِનો. અને ઈમાનવાળો છે તો સલાતો સલામ પઢશે, કેમ કે તેને

હુકમ છે : صَلُّوا عَلَيْهِ وَ سَلِّمُوْا

*તુમ પે લાખોં સલામ–તુમ પે લાખોં સલામ*
*સબસે આ'લા ઈઝ઼્ઝ઼તવાલે–ગલ્બા વ કહર વ તાક઼તવાલે*
*હુર્મતવાલે કરામતવાલે–તુમ પે લાખોં સલામ*

*(મુફ્તીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ)*

અબૂન્નૂર સુલ્તાનુલ વાએઝીન મૌલાના મુહમ્મદબશીર સાહબ કોટલી લોહારાંવાળા એક હિકાયત વર્ણન કર્યા બાદ આ પ્રમાણે લખે છે : "આ મુન્કિરો પણ વિચિત્ર પ્રકારના લોકો છે. **જે વાતને રોઝા શરીફથી દૂર શિર્ક તથા હરામ બતાવે છે એ જ વાતને રોઝા શરીફની સામે જાઇઝ બતાવે છે ! જ્યારે કે શિર્ક તથા હરામ જે છે તે દરેક જગાએ શિર્ક તથા હરામ જ રહેશે.** આપણે જોયું કે હુઝૂર ﷺના મવાજહે શરીફમાં કોઈ હાથ બાંધીને સલામ અર્ઝ કરે છે તો નજદી હાથ ખોલાવી દે છે કે આ તો નમાઝની સ્થિતિ છે, જ્યારે કે ક઼યામ પણ નમાઝની સ્થિતિ છે ! અને જો કોઈ બેસીને ગુઠણોવાળીને સલામ પઢશે તો એ પણ નમાઝની સ્થિતિ થઈ જશે. નમાઝી અત્તહિય્યાતમાં એ જ પ્રમાણે બેસે છે. હાથ છોડીને સલામ પઢવામાં આવે તો એ પણ નમાઝની સ્થિતિ છે, નમાઝી રુકૂઅમાંથી ઉઠે છે તો હાથ છોડીને ઉભો થાય છે. એ મુન્કિરોને કોઈ પૂછે કે તમે શું ચાહો છો ? સાચુ પૂછો તો જો એમનો વશ ચાલે તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મવાજહે અક઼દસની હાજરીને જ તેઓ શિર્ક ઠરાવી દે ! પણ ઈન્શા અલ્લાહ ! એવું કદી નહીં થઈ શકે. દુરૂદો સલામના નગ્માઓ દરેક દૌરમાં ગુંજતા રહ્યા, ગુંજતા રહે છે અને ગુંજતા રહેશે.

*રહેગા યૂં હી ઉનકા ચર્ચા રહેગા – પળે ખાક હો જાએં જલ જાને વાલે*

હઝરત ઝયનુલ આબિદીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે કોઈ શખ્સ હુઝૂર ﷺ પર દુરૂદો સલામ મોકલે છે તો ફરિશ્તા તેના માટે દુઆ કરે છે કે યા અલ્લાહ ! દુરૂદો સલામ પઢનારાને બખ્શી આપ. અને જોઈ કોઈ હુઝૂર ﷺનું નામ સાંભળીને દુરૂદો સલામ ન પઢે તો કેટલાક ફરિશ્તા કહે છે, અલ્લાહ તને ન બખ્શે ! એના પર બાકીના ફરિશ્તા આમીન કહે છે.

એક હદીષમાં ફર્માવવામાં આવ્યું કે જિબ્રઈલે અમીન علیہ السلامએ દુઆ કરી કે હલાક થાય તે શખ્સ કે આપનું નામ સાંભળે અને દુરૂદ શરીફ ન પઢે. તો હુઝૂર ﷺએ તેના જવાબમાં આમીન કહ્યું.

દુરૂદ શરીફ પઢનાર પુલસિરાતથી ન કેવળ પોતે ખૈરિયતથી પસાર થઈ જશે બલ્કે પુલસિરાતથી પસાર થનારાઓને પણ સલામતીથી પાર કરી દેશે. (ﷺ)

**શાફએ રોઝે જઝા તુમ પે કરોળોં દુરૂદ**
**દાફએ જુમ્લા બલા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે ક઼યામતના દિવસે અમ ગુનેહગારોની શફાઅત કરવાવાળા આક઼ા ﷺ આપ પર અલ્લાહ તઆલાની કરોડો રહમતો થજો. હે તમામ અંબિયાએ કિરામ તથા રુસૂલે એઝ઼ામ علیہم السلامની અસલ

તથા બુન્યાદ ! આપના પર અલ્લાહ તઆલાની કરોડો રહમત નાઝિલ થાય. પૂરી કાઈનાતના સર્જનનો સબબ આપ જ છો એટલા માટે અલ્લાહની સર્વ મખ્લૂક આપના પર દુરૂદો સલામ પઢે છે જેની સંખ્યા કરોડોથી પણ ઉપર ઉપર થાય છે.

*ફૈલેગા દિન ઉસ શહે આલી મકામ કા–સિક્કા ચલેગા આજ મુહમ્મદ કે નામકા ﷺ*
*અય કૈફ ખાસ દિન હૈ યહ દરબારે આમકા–કહ દો કે આજ ખૂબ હૈ મૌકા સલામકા*
*દરબારે આમ ગર્મ હો ઈશ્તિહાર દો–જિન્નો બશર સલામ કો આએઁ પુકાર દો*

**લાએઁ તો યહ દુસરા દુસરા જિસકો મિલા**
**કૌશકે અર્શો દના તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** આપણા આકા તથા મૌલા ﷺના સિવાય છે કોઈ બીજુ જેની બંનેવ જહાનો પર હુકૂમત હોય, જેમના કદમ અર્શે મુઅલ્લાની શોભા બન્યા અને જે અલ્લાહ તઆલાના એટલા પ્રમાણમાં નિકટ થયા કે બે કમાનો કરતાં પણ ઓછુ અંતર રહી ગયું. એ આકા પર અલ્લાહની કરોડો રહમતો થાય.

**ઔર કોઈ ગયબ ક્યા તુમસે નિહાં હો ભલા**
**જબ ન ખુદા હી છુપા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** તે અલ્લાહ જે કેવળ ગયબ જ નહીં પણ ગયબનો પણ ગયબ છે અને આલિમુલ ગયબ વશશહાદહ છે. આપ ﷺએ મેઅરાજની રાતે જ્યારે એ જાતને જોઈ લીધી છે તો અન્ય કોઈ ગયબની વાત આપનાથી કેવી રીતે છુપી રહી શકે છે ? હે મારા આકા ! આપના પર કરોડો દુરૂદો સલામ થાય.

**તૂર પે જો શમ્અ થા ચાંદ થા સાઈરકા**
**નૈયરે ફારાં હુવા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** તૂર પહાડ પર મૂસા عليه السلامને જે જલ્વો નજર આવ્યો હતો અને આપ બેહોશ થઈને જમીન પર આવી ગયા અને તેને સંભાળી ન શક્યા એ આપ ﷺના મર્કઝે નૂરાની એક તજલ્લી હતી જે બાદ ચમકતો સૂરજ બનીને ફારાનની ટોચ પર ચમકી અને આખા જગતને રોશન કરી દીધું. હે મારા નૂરવાળા આકા ! આપના પર અલ્લાહની કરોડો રહમતો થાય.

**દિલ કરો ઠંડા મેરા વો કફે પા ચાંદસા**
**સીના પે રખ દો ઝરા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે રડનારાઓને હસાવનાર ! દોઝખની આગ બુઝાવનાર ! અને ઓલવાય ગયેલા હિદાયતના ચિરાગને સળગાવનાર આકા ! તમારો ચાંદ જેવો કદમ મુબારક મારા સીના પર રાખીને મારા દિલને ઠંડુ કરી આપો. આપના પર અલ્લાહ તઆલાની કરોડો રહમતો થાય.

★ "ب" રદીફ ★

**ઝાત હૂઈ ઈન્તિખાબ વસ્ફ હૂવે લાજવાબ**
**નામ હુવા મુસ્તફા તુમ પે કરોડોં દુરૂદ**

**અર્થાત :** સર્વ ખુદાઈમાંથી ખુદા તઆલાએ મહબૂબિયતના માટે આપણા આકા તથા મૌલા ﷺને પસંદ કર્યા અને દરેક આદત તથા ખસલત અજોડ, લાવજવાબ તથા બાકમાલ છે. જ્યારે આપનું નામ જ મુસ્તફા (ચૂંટી કાઢેલ, ચહીતા) છે તો આપની ઝાત કેટલી ઉચ્ચ તથા આ'લા હશે. હે મારા આકા ! આપના પર અલ્લાહની કરોડો રહમતો થાય.

સર્વ સૃષ્ટિના સર્જનનો સબબ અને અસલ બુનિયાદ આપની ઝાત છે. اِذَا نُوْدِیَ لِلصَّلٰوةِ સર્વ મખ્લૂક આપના જ નૂરથી બની, જ્યારે કે આપ અલ્લાહના નૂરથી બન્યા. انا من نور الله و الخلق كلهم من نوری હે મારા પ્યારા નબી ! આપના પર અલ્લાહની કરોડો રહમતો થાય.

**દુરૂદો સલામ તથા કુર્આન :** અલ્લાહ તઆલાએ કેટલાયે અંબિયાએ કિરામ علیہم السلامનું નામ લઈને કુર્આને પાકને સૂરએ સફ્ફમાં તેમના પર સલામ મોકલ્યા. سلم علی نوح فی العالمین.سلم علی ابراهیم سلم علی الیاس.سلم علی موسیٰ و هرون જ્યારે કે યહ્યા علیہ السلامના બારામાં ફર્માવ્યું : سَلٰمٌ عَلَیْهِ یَوْمَ وُلِدَ وَ یَوْمَ یَمُوْتُ وَ یَوْمَ یُبْعَثُ حَیًّا હઝરત યહ્યા علیہ السلام પર સલામ જે દિવસે તે પેદા થયા, જે દિવસે તેમનો વિસાલ થયો અને જે દિવસે તેમને જીવંત કરીને ઉઠાવવામાં આવશે. તે સર્વ દિવસો પર સલામ. *(સૂ. મરયમ)*

ઈસા علیہ السلامના બારામાં ફર્માવ્યું : سَلٰمٌ عَلَیْهِ یَوْمَ وُلِدَ وَ یَوْمَ یَمُوْتُ وَ یَوْمَ یُبْعَثُ حَیًّا "મારા પર સલામ અને જે દિવસે હું પેદા થયો તે દિવસ પર સલામ અને જે દિવસે મારો વિસાલ થશે તે દિવસ પર સલામ. અને જે દિવસે મને ઉઠાવવામાં આવશે તે દિવસ પર સલામ." *(સૂ. મરયમ)*

બાકીના નબીઓનો ભેગો ઉલ્લેખ કરી આપ્યો : سلم علی المرسلین તમામ રસૂલો પર સલામ.

ઈમાનવાળાઓને કયામતના દિવસે ફરિશ્તા (ખાઝિને જન્નત) સલામ કહેશે : سَلٰمٌ عَلَیْکُمْ طِبْتُمْ فَادْخُلُوْهَا خٰلِدِیْنَ "તમારા પર સલામતી થાય, ખુશ રહો ! અને હમેશાં હમેશાંના માટે જન્નતમાં દાખલ થઈ જાવ !" *(સૂ. ઝુમર)* યકીનન ! આ તે ખુશનસીબો છે જેઓ દુનિયામાં પોતાના આકા ﷺ પર મહોબ્બતથી દુરૂદો સલામના નઝરાણા પેશ કરતા હશે, અને હજારો ફત્વાઓ છતાં પઢતા હશે.

*તેરે દુશ્મન જલતે રહેંગે–જબ જલકે મરતે રહેંગે*
*હમ યહી પઢતે રહેંગે–સલવાતુલ્લાહિ અલૈક*

જેથી મુન્કિર પોતે જ કહેશે, યા અલ્લાહ ! અમો તો એ જન્નતમાં જઈશું નહીં જેમાં ઈમાનવાળાઓ પર સલામ મોકલવામાં આવી રહેલ છે, કેમ કે અમે તો નબી ﷺ પર સલામ પઢવાને બિદઅત તથા ગુમરાહી કહેતા હતા. અલ્લાહ ફર્માવશે, તમને જન્નતમાં કોણ મોકલી રહ્યું છે ?! એ તમારા માટે નથી, બલ્કે મારા મહબૂબના

ગુલામો માટે છે. (શેઅર) *તુઝસે ઔર જન્નતસે ક્યા મતલબ વહાબી દૂર હો !*

નમાઝ નબુવ્વતના એલાનના કેટલાય વરસો બાદ ફર્ઝ થઈ જ્યારે કે દુરૂદો સલામ એવી ઈબાદત છે જે આદમ علیہ السلامના દૌરથી શરૂ થઈ અને વિવિધ શબ્દોમાં એનો ક્રમ જારી રહ્યો, નહીં તો સહાબાએ કિરામ અને ખુદા હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ કદી પંજાબી તથા ઉર્દૂમાં દુઆ પણ નથી કરી, તો શું એનો એ મતલબ છે કે અરબી ભાષાના સિવાય કોઈ અન્ય ભાષામાં દુઆ પણ ન કરવી જોઈએ ? પૂરા કુર્આનમાં કોઈ એક આયત અથવા પૂરા હદીષના ખજાનામાંથી કોઈ એક જ હદીષ હોત કે ફલાણી ભાષામાં દુરૂદો સલામ પઢો ફલાણીમાં ન પઢો, ઉભા રહીને પઢો બેસીને ન પઢો. અલ્લાહ તઆલાએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને કૌષર અતા કર્યું જેનો અર્થ ખયરે કષીર પણ છે. આ દુરૂદો સલામ એવી જ ચીજ છે જે કયામત સુધી ચાલુ રહેશે અને એમાં વધારો જ થતો રહેશે.

સારાંશ, વાત ત્યાંથી ચાલી હતી કે અલ્લાહ તઆલાએ બીજા નબીઓને સલામ મોકલી તો તેમના કદમ ફર્શ પર હતા અને આપણા આકા ﷺ પર સલામ મોકલ્યા અને السلام علیک ایھا النبی ફર્માવ્યું તો હુઝૂર ﷺના કદમ અર્શ પર હતા.

*અસ્સલામ અય સદરે બઝ્મે અંબિયા—અસ્સલામ અય ખાસે ખાસાને ખુદા*
*અસ્સલામ અય મુજતબા વ મુસ્તફા—અસ્સલામ અય તાહા વ યાસીન વદુહા*

**★ "ت" રદીફ ★**

**તુમસે જહાંકી હયાત તુમસે જહાંકા ષબાત**
**અસ્લસે ઝિલ્લ બંધા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે મારા આકા ! ﷺ આપના જ દમ કદમથી દુનિયાનો ક્રમ ચાલી રહ્યો છે અને આપનાથી જ દુનિયાનું અસ્તિત્વ કાયમ છે. આપ કાઈનાતના અસલ છે અને આખુ જગત આપનો જ સાયો છે અને સાયો અસલથી જ કાયમ રહે છે, અસલ ગયુ તો સાયો પણ ગયો. યા રસૂલલ્લાહ ! ﷺ આપના પર કરોડો દુરૂદો સલામ થાય.

*અસ્સલામ અય સૈયદો ખત્મુર્રુસુલ—અસ્સલામ અય વજહે ખલ્કે જુઝ વ કુલ*

**મગ્ઝ હો તુમ ઔર પોસ્ત ઔર હૈં બાહર કે દોસ્ત**
**તુમ હો દરૂને સિરા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે મારા પ્યારા આકા ! ﷺ આપ જ અસલ તથા મગ્ઝ છે અને બાકીનું આખુ જગત છીલકા સમાન છે. બાકીના સૌ બહારવાળા છે અને આપ અંદરના રાઝદાર છે, અને પોતાના ખાલિક તથા માલિકના પ્યારા મહબૂબ છે. આપના પર દુરૂદો સલામની વર્ષા થાય.

*અસ્સલામ અય મહરમે રાઝે ખુદા—અસ્સલામ અય ઝીનતે અર્શે ઉલા*

★ "ث" રદીફ ★

**ક્યા હૈં જો બેહદ હૈં લોષ તુમ તો હો ગ઼ૈષ ઔર ગ઼ૌષ**
**છીંટે મેં હોગા ભલા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** કોઈ વાંધો નહીં જો જરૂરીયાત તથા હાજતો ઘણી અધિક છે તો, કેમ કે મારા આક઼ા મારા મદદગાર અને રહમતની વર્ષા છે. તેમની રહમતનો એક જ છાંટો મારાં સર્વ કામો ભલાં કરી આપશે. હે રહમતવાળા પ્યારા નબી ! આપ પર અલ્લાહ તઆલાની કરોડો રહમતો થાય.

**તુમ હો હફીઝો મુગ઼ીષ ક્યા હે વો દુશ્મન ખબીષ**
**તુમ હો તો ફિર ખૌફ ક્યા તુમ પે કરોળોં દુરૂદ**
*(હફીઝ = હિફાઝત કરનાર, મુગીષ = મદદગાર)*

**અર્થાત :** મારી હિફાઝત કરનાર અને મારા મદદગાર જ્યારે મારા આક઼ા ﷺ છે તો પછી મારે શું ખતરો છે ?! ચાહે દુશ્મન કેટલોય કમીનો કેમ ન હોય, હે મારા દસ્તગીર આક઼ા ! ﷺ આપ પર કરોડો દુરૂદ થજો.

★ "ج" રદીફ ★

**વો શબે મેઅરાજ રાજ વો સફે મહશરકા તાજ**
**કોઈ ભી ઐસા હુવા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** મેઅરાજની રાતે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺને સર્વ આલમની હુકૂમત અતા ફર્માવી દેવામાં આવી. મેહશરના મેદાનમાં શફાઅતનો તાજ અતા ફર્માવીને આપને આલમે આખેરતની બાદશાહી પણ સોંપી દેવામાં આવશે. શું આપણા આક઼ા عليه الصلوة والسلامના સિવાય કોઈ અન્ય આવી શાનવાળો છે ? નહીં ! કદાપિ નહીં ! હે મારા શફાઅતના તાજવાળા આક઼ા ! આપના પર રહમતોની વર્ષા થાય.

★ "ح" રદીફ ★

**لُحْتَ فَلَاحَ الْفَلَاحُ رُحْتَ فَرَاحَ الْمَرَاحُ**
**عُدْ لِيَعُوْدَ الْهَنَا તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** આપ ﷺ સરાપા રહમત તથા આફિયત છે. આપ આ કાઈનાતમાં જલ્વાગર થયા તો આખુ જગત ખુશ્બુથી મહેકી ઉઠયું અને ખુશીથી ઝુમી ઉઠયું. હજી પણ આપના આગમનના માટે અમો એક એક ઘડી ગણી રહ્યા છીએ કે ક્યારે મહબૂબની સવારી આ તરફથી પસાર થાય. યા રસૂલે હાશમી ! ﷺ આપ પર અલ્લાહ તઆલા કરોડો રહમતો નાઝિલ ફર્માવે.

**જાન વ જહાને મસીહ દાદ કે દિલ હૈ જરીહ**
**નબ્ઝેં છુટેં દમ ચલા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે જિંદગી આપનાર જાન ! આપના ક઼દમો પર મારી જાન પણ કુર્બાન ! મારા ઝખ્મી દિલનો પણ

ઈલાજ કરી આપો. એવું રહમતનું ઝોંકુ આવે કે રોકાયેલી નસો ચાલવા લાગે ! હે જાને મસીહા ! આપ પર અલ્લાહનાં કરોડો દુરૂદો સલામ થજો.

**★ "ح" રદીફ ★**

**ઉફ ! વો રહે સંગલાખ આહ ! યે પા શાખ શાખ**
**અય મેરે મુશ્કિલ કુશા તુમ પે કરોળોં દુરૂદ**

*(સંગલાખ = પથરીલી જમીન)*

**અર્થાત :** હાય ! અફસોસ ! લાંબો સફર છે, રસ્તો પથ્થરોથી ભરેલો છે અને મારા પગો પણ ઝખ્મોથી ચૂર ચૂર છે. હે મારી મુશ્કેલીઓને હલ કરવાવાળા મારા આકા ! ﷺ મારી મુશ્કિલકુશાઈ ફર્માવી દો ! આપ પર અલ્લાહ કરોડો રહમતો નાઝિલ ફર્માવે.

**★ "د" રદીફ ★**

**તુમસે ખુલા બાબે જૂદ તુમસે હૈ સબકા વજૂદ**
**તુમસે હૈ સબકી બકા, તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા જૂદો કરમવાળા આકા ! ﷺ આપે જૂદો સખા તથા ફઝ્લો અતાનો દરવાજો ખોલીને દરેક સાઈલની જોલીને ભરી દીધી છે. અને કેવળ દામન જ નથી ભર્યા બલ્કે આપના કારણે જ કાઈનાતને વજૂદ મળ્યું છે અને આપના જ દમ કદમથી સૌની સલામતી છે. જો આપ ન હોવ તો સર્વ કાંઈ એક પળમાં ફના જ ફના છે. યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહ તઆલાની આપ પર કરોડો રહમતો થાય.

**★ "ذ" રદીફ ★**

**ખસ્તા હૂં ઔર તુમ મઆઝ બસ્તા હૂં ઔર તુમ મલાઝ**
**આગે જો શહકી રઝા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ હું તો ઝખ્મી તથા બદહાલ છું. મારી શરણની જગા કેવળ આપ જ છો અને ગુનાહોમાં જકડાયેલો છું, આપ જ મને છૂટકારો અપાવીને ઠેકાણુ અતા ફર્માવશો. બસ, મારી તો આ ઈલ્તેજા છે, આગળ જે મારા શહેનશાહની રઝા છે. (શેઅર) *સરે તસ્લીમ ખમ હૈ, જો મિઝાજે યાર મેં આએ.* યા રસૂલલ્લાહ ! ﷺ આપ પર અલ્લાહ તઆલાની રહમતોની મૂશળધાર વર્ષા વરસે.

**★ "ر" રદીફ ★**

**ગરચે હૈં બેહદ કુસૂર તુમ હો અફૂવ્વુ ગફૂર**
**બખ્શ દો જુર્મો ખતા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા કરીમ આકા ! ભલે મારા ગુનાહો હદથી ઉપરાંત છે પરંતું આપ તો ખૂબ જ અધિક

માફી અતા ફર્માવનારા છો અને બખ્શી આપનારા છો. મારા ગુનાહ તથા ખતાઓ પણ માફ થઈ જાય ! અલ્લાહ તઆલા આપના પર કરોડો દુરૂદો સલામ નાઝિલ ફર્માવે છે.

## ★ હુઝૂર ﷺ આપણુ દુરૂદ સલામ ખુદ સાંભળે છે ★

અમુક લોકો ફરિશ્તાઓનું હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં દુરૂદો સલામ પહોંચાડવા વિશે વર્ણવીને એ સાબિત કરવાની કોશિશ કરે છે કે આપ ﷺ ખુદ નથી સાંભળતા. જો સાંભળતા હોત તો ફરિશ્તા શા માટે નિયુક્ત કરવામાં આવતા ! જો આ માન્યતા પર ક઼ાયમ રહીએ તો અર્ઝ કરું કે જરા અલ્લાહ તઆલાની તરફ પણ ધ્યાન કરો, તેણે પણ કિરામન કાતિબીનને દરેક બંદાની ઉપર નિયુક્ત કરેલા છે. તો ક્યાંક તમારી આ ખતરનાક માન્યતાના ટક્કરમાં ખુદાની ખુદાઈ તો નથી આવી રહી ? જરા ધ્યાનપૂર્વક જુઓ !

*યહ ઘર જો જલ રહા હૈ કહીં તેરા ઘર ન હો*

ફરિશ્તાઓને દુરૂદો સલામ પહોંચાડવા માટે એટલા માટે નથી નિયુક્ત કર્યા કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખૂદ નથી સાંભળતા કે સાંભળી નથી શકતા. શું તમારા ઘરમાં મહેમાન આવી જાય તો તે જાતે પોતાની જરૂરતની ચીજો ફ્રીજથી કાઢી કાઢીને ખાતો રહે છે કે પછી તમે તેને ખુરશી પર બેસાડીને મેજ સામે રાખીને પેશ કરો છો ? અને જો એવું કરો છો, અને યક઼ીનન ! એવું જ કરો છો તો શું એ વખતે તમને પણ ખયાલ આવ્યો કે એ ખુદ ઉઠી નથી શકતો ! ચાલીને ફ્રીજ તરફ નથી જઈ શકતો ! જો ફ્રીજ સુધી ન જઈ શકતો હોત તો આટલા દૂરથી ચાલીને તમારા ઘરે કેવી રીતે આવી શકે.

તો અસલમાં તેની આ આગતા સ્વાગતા તેના સન્માનમાં થઈ રહી છે અને તમે કરી રહ્યા છો. એવી જ રીતે હુઝૂર ﷺ ઉમ્મતનું દુરૂદો સલામ ખુદ સાંભળે છે, બલ્કે જવાબ પણ આપે છે, પણ ફરિશ્તાઓને ખિદમત સોંપી દેવામાં આવી છે જેથી હુઝૂર તશરીફ ફર્મા રહે અને ફરિશ્તા આપની ઉમ્મતની મહોબ્બતનું નઝરાણુ આપની ખિદમતમાં પેશ કરતા રહે, નહીં તો :

*બરાહે રાસ્ત 'મુઝફ્ફર' હુઝૂર સુનતે હૈં—મૈં હલક઼સે નહીં દિલસે સલામ કહતા હૂં*

હદીષ શરીફમાં છે : انی اریٰ ما لا ترون واسمع مالا تسمعون "હું તે જોઉં છું જે તમે નથી જોઈ શકતા, અને હું તે સાંભળુ છું જે તમે નથી સાંભળી શકતા."

જે જન્નતની સૈર કરતાં કરતાં મક્કામાં ચાલનારા બિલાલના ક઼દમોનો અવાજ સાંભળી શકે છે, પોતાનાં વાલિદા માજિદાના પેટ મુબારકમાં લોહે મહફૂઝ પર ચાલતા ક઼લમનો અવાજ સાંભળી શકે છે, તે જમીન પર રહેનારા ઉમ્મતીનું દુરૂદો સલામ કેમ નથી સાંભળી શકતા.

*દૂરો નઝદીક કે સુનને વાલે વો કાન—કાને લાલે કરામતપે લાખોં સલામ*
*હમ યહાં સે પઢેં મદીને સુનેં—મુસ્તફા કી સમાઅત પે લાખોં સલામ*

આપ ﷺએ ફર્માવ્યું : اسمع صلاۃ اھل محبتی واعرفھم "હું મહોબ્બતવાળાઓનું દુરૂદો સલામ પોતે

સાંભળુ છું અને તેમને ઓળખુ પણ છું." قل اذن خير لكم "આપ ફર્માવી દો કે આ કાન તમારા ફાયદાના માટે છે."

એ પોત પોતાના નસીબની વાત છે કે કોઈ سلام علی نجد કહીને દિલને ખુશ રાખે છે (તોહફએ વહાબિયહ) અને આપણે અલ્લાહના મહબૂબ પર સલામ પઢીને દિલને ઠંડક પહોંચાડી રહ્યા છીએ.

હુઝૂર ﷺ પર સલાતો સલામ શું એટલા માટે નથી પઢતા કે આપ સાંભળતા નથી અને જવાબ નથી આપી શકતા ?! અઝલી બદબખ્ત નજદનો પ્રદેશ જેના માટે હુઝૂર ﷺએ સહાબાના અર્ઝ કર્યા છતાં દુઆ ન કરી બલ્કે તે પ્રદેશની જ બુરાઈ વર્ણવી, તમો જ્યારે હુઝૂર ﷺની દુઆઓથી મેહરૂમ પ્રદેશ પર સલામ મોકલો છો તો શું નજદ સાંભળતો પણ હશે અને જવાબ પણ આપતો હશે ?!

*નજદીઓ ! મહબૂબ કા થા હક઼્ક઼ યહી ?! ઈશ્ક઼ કે બદલે અદાવત કીજિયે*

الَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْۢ بَعْدِ مِيْثَاقِهٖ ۖ وَ يَقْطَعُوْنَ مَاۤ اَمَرَ اللّٰهُ بِهٖۤ اَنْ يُّوْصَلَ وَ يُفْسِدُوْنَ فِي الْاَرْضِ ؕ اُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ۝

(તો જેઓ અલ્લાહના વાયદાને તોડી નાખે છે પાકો થયા બાદ. અને કાપે છે તે ચીજને જેને જોડવાનો ખુદાએ હુકમ આપ્યો છે, અને જમીનમાં ફસાદ ફેલાવે છે, તેઓ જ નુકસાનમાં છે. *સૂ. બક઼રહ઼, ૨/૨૭)*ના આઈનામાં તમારું મો જુઓ ! તેની સાથે અલ્લાહે મહોબ્બત કરવાનો હુકમ આપ્યો તેની સાથે દુશ્મનની, અને જેની સાથે હુઝૂરે બેઝારી જાહેર કરી એની સાથે આટલી બધી મહોબ્બત કે સલામ મોકલી રહ્યા છો ?! આ જ તમારો અક઼ીદો છે ?!

અમારા તો દમમાં જ્યાં સુધી દમ છે અમારા નબીની બારગાહમાં દુરૂદો સલામનો ક્રમ ચાલુ રાખીશું, બલ્કે અમે તો ક઼બ્રમાં પણ સરકારના આગમન પર દુરૂદો સલામ પઢવાની તૈયારી કરી રાખી છે, કેમ કે આપનું નામ આવી જતાં જ્યારે દુરૂદો સલામ પઢવું જરૂરી થઈ જાય છે તો જ્યારે એ ખુદ તશરીફ લાવશો તો પછી શા માટે નહીં પઢીએ ! (શેઅર) : *મુસ્તફા જાને રહમત પે લાખોં–શમ્એ બઝમે હિદાયત પે લાખોં સલામ*

**મહરે ખુદા નૂર નૂરે દિલ હૈ સિયહ દિન હૈ દૂર**
**શબમેં કરો ચાંદના તુમ પે કરોળોં દુરૂદ**

*(મહર = સૂરજ, સિયહ = કાળુ, ચાંદના =ઉજાસ)*

**અર્થાત** : હે અલ્લાહ તઆલાના નૂરુન અલા નૂર ! સિરાજે મુનીર ! પ્યારા નબી ! ﷺ હજી દિવસ તો ઘણો દૂર છે જ્યારે કે મારુ દિલ સિયાહીમાં ડૂબેલુ છે, ખુદારા ! આ જ રાતે અજવાળુ કરીને મારા દિલના અંધકારને રોશનીમાં ફેરવી દો. અલ્લાહ તઆલા આપના પર કરોડો રહમતો નાઝિલ કરે.

**તુમ હો શહીદો બસીર ઔર મેં ગુનાહ પર દિલેર**
**ખોલ દો ચશ્મે હયા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે મારા પ્યારા નબી ! ﷺ આપને અલ્લાહ તઆલાએ સૃષ્ટિના રજકણ રજકણ પર ગવાહ બનાવીને મોકલ્યા અને દુનિયાનો કોઈ ખૂણો આપનાથી છુપો ન રહ્યો. આપ સર્વ કાંઈ જોઈ રહ્યા છો અને એ પણ

જોઈ રહ્યો છો કે હું ગુનાહો પર કેટલા પ્રમાણમાં અડેલો તથા દિલેર છું, મારી શર્મો હયાની આંખ ખોલી દો જેથી ગુનાહ કરતાં શરમાઈ જાઉં અને આ રીતે ગુનાહથી બચી જઉં. આપ પર અલ્લાહ કરોડો રહ્મતો ફર્માવે.

*તૂ સખી તેરા સખી દરબાર હૈ–ગર કરમ કર દો તો બેળા પાર હૈ*

**છીંટ તુમ્હારી સહર છૂટ તુમ્હારી ક઼મર**
**દિલમેં રચા દો ઝિયાઅ્ તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : આપની રહ્મતનાં થોડાંક ટીપાંઓ મારી બદ્બખ્તીની કાળી રાતને દિવસ બનાવી શકે છે, કેમ કે આપની એક (જાહેરી) મામૂલી તજલ્લીમાં ચાંદથી અધિક રોશની છે. તમારું નૂર મારા દિલમાં ઉતારી દો કે મારા આક઼ા ! ﷺ આપના પર કરોડો બરકતો થાય.

**તુમસે ખુદા કા ઝહૂર ઉસસે તુમ્હારા ઝહૂર**
**لِمّ હૈં યહ વો اِنّ હુવા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે મારા પ્યારા નબી ﷺ આપની ઝાત તો તે છે કે અલ્લાહે પોતાની ઓળખ પણ આપના હવાલાથી કરાવ્યો છે : هو الذى ارسل رسوله بالهدىٰ و دين الحق અને આપ તે છે કે આપને અલ્લાહ તઆલાએ આ આલમે હસ્તીમાં જાહેર ફર્માવ્યા છે, જાણે આપ ﷺ અલ્લાહ તઆલાની برهان لِمّى ઠર્યા અને અલ્લાહ તઆલા આપની برهان اِنّى છે.

لِمّ અને اِنّ મન્તિકની ઈસ્તેલાહો (પરિભાષાઓ) છે. બુરહાન (برهان) [illegible] મન્તિકોએ બનાવી છે બુરહાને લિમ્મી (برهان لِمّى) અને برهان اِنّى લિમ્મી તેને કહે છે જેમાં મધ્યમ હદ સુધી પરિણામના માટે ઝહન તથા ખારિજમાં ઈલ્લત હોય.

જેમ કે જાણે કે શરીરમાં કળતર થવાને તાવ સમજી લીધો.
અને ઈન્ની (اِنّى)નું દૃષ્ટાંત એ છે :

هذا محموم و كل محموم فهو متعفن الاخلاط فهذا متعفن الاخلاط એટલે તાવથી શરીરમાં કળતર સમજી લેવી. જેથી برهان اِنّى ની વ્યાખ્યા એ થઈ કે મધ્યમ હદ સુધી પરિણામના માટે ઈલ્લત હોય પણ કેવળ ઝહનમાં હોય અને ખારિજ ન હોય. પ્રથમ (દલીલે લિમ્મી)માં متعفن الاخلاط અવસત (મધ્યમ હદ) છે કે જે ના માટે ઝહન તથા ખારિજ બંનેવમાં ઈલ્લત છે. જ્યારે બીજી (દલીલે ઈન્ની)માં મધ્યમ હદ محموم છે. જો કે ઝહનમાં તો متعفن الاخلاના માટે ઈલ્લત છે પરંતુ ખારિજમાં નથી, બલ્કે મઅલૂલ છે. કેમ કે متعفن الاخلاط હોવાના કારણે ઝયદને તાવ આવ્યો, ન કે તાવના કારણે متعفن الاخلاط. દલીલે لِمّى તથા اِنّى ને આ પ્રમાણે પણ વર્ણવામાં આવે છે.

**લિમ્મી દલીલ** : ક઼યાસથી જે પરિણામ અમને હાંસલ થાય છે તે હદ્દે અવસત (મધ્યમ હદ)ના થકી જ માલૂમ પડે છે. વળી તે ક઼યાસ જેમાં હદ્દે અવસત જે રીતે પરિણામને જાણવા માટે ઈલ્લત બની રહી છે, એવી જ રીતે જો હક઼ીક઼તમાં પણ તે હદ્દે અવસત પરિણામના માટે ઈલ્લત હોય તો તેને દલીલે લિમ્મી કહે છે. જેમ કે

જમીન તડકાવાળી છે અને દરેક તડકાવાળી ચીજ રોશન છે જેથી જમીન રોશન (પ્રકાશિત) છે.

જુઓ આ દષ્ટાંતમાં જેવી રીતે તડકો (જે હદ્દે અવસત છે)થી અમને જમીનના રોશન હોવાનો ઈલ્મ થયો. એવી જ રીતે હક઼ીક઼તમાં પણ તડકો રોશનીના માટે ઈલ્લત (સબબ) છે, જેથી આ ક઼યાસની દલીલ લિમ્મી છે.

**દલીલે ઈન્ની** : તે કયાસ છે જેમાં હદ્દે અવસત પરિણામને જાણવા માટે તો ઈલ્લત બની રહી છે, પરંતુ હક઼ીક઼તમાં તે હદ્દે અવસત પરિણામના માટે ઈલ્લત ન હોય બલ્કે મામલો ઉલ્ટો હોય, તેને દલીલે ઈન્ની કહે છે.

જમીન પ્રકાશિત છે અને દરેક પ્રકાશિત ચીજ તડકાવાળી હોય છે, જેથી જમીન તડકાવાળી છે. જુઓ આ દષ્ટાંતમાં જમીનના પ્રકાશિત હોવાથી જમીનનું તડકાવાળુ હોવું આપણને માલૂમ થયું, પરંતુ હક઼ીક઼તમાં રોશની તડકાની ઈલ્લત નથી, બલ્કે મામલો ઉલ્ટો છે કે તડકો રોશનીની ઈલ્લત છે જેથી આ ક઼યાસ ઈન્ની છે. *(તહસીલુલ મંતિક)*

## ★ "ز" રદીફ ★

**બેહુનર વ બેતમીઝ કિસકો હૂએ હૈં અઝીઝ**
**એક તુમ્હારે સિવા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ મારો જેવો નકામો જેનામાં નામ માત્રની પણ કોઈ ખૂબી નથી, ભલા એવાને કોણ મોં આપે અને કોણ પ્યારો બનાવે એક તમારા સિવાય. હે મારા પ્યારા આક઼ા ! ﷺ આપના પર અલ્લાહની કરોડો રહ઼મતો થાય.

## ★ "س" રદીફ ★

**આસ હૈ કોઈ ન પાસ એક તુમ્હારી હૈ આસ**
**બસ યહી હૈ આસરા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે મારા પ્યારા નબી ! ﷺ આપના સિવાય મેં ન કોઈનાથી આશા રાખી છે અને ન તો આપના સિવાય કોઈ બીજુ મારી નજીક તથા પાસે છે. النبی اولیٰ بالمومنین من انفسھم આપનાથી જ સર્વ ઉમ્મીદો જોડાયેલી છે અને આપને જ પોતાની જાન કરતાં અધિક મારી નજીક સમજી રહ્યો છું. અને હે મારા આક઼ા આપ જ અંતિમ સહારા છો તમારા લજપાલની લાજ રાખો, હે મારા આક઼ા ! આપના પર અલ્લાહની કરોડો રહ઼મતો થાય.

*જિનકે જિબ્રઈલને આકે ચૂમે ક઼દમ–જિનકી તાબિશસે રોશન થા સહને હરમ*
*જિનકો અક઼સામેં લાયા બુર્રાક઼ એકદમ–કર સલામ ઉનકો અય ઉમ્મતે મોહતરમ*
*અર્શકે તાજવાલે પે લાખોં સલામ–પ્યારે મેઅરાજવાલે પે લાખોં સલામ*

## ★ "ش" રદીફ ★

**તારિમે આ'લા કા અર્શ જિસ કફે પા કા હૈ ફર્શ**
**આંખોં પે રખ દો ઝરા, તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ અર્શે મુઅલ્લાની બુલંદીઓ સમેટીને આપના મુબારક ક઼દમો નીચે

આવી ગઈ. આપે અર્શ પર જઈને એના પર આપના કદમ લગાડીને, તેના દિલને ઠંડક પહોંચાડીને, તેના દિલને સુરૂર તથા આંખોને નૂર અતા ફર્માવ્યું. મુઝ ગુનેહગારની પણ લાંબા સમયથી ખ્વાહિશ કબૂલ ફર્માવો અને એ જ કદમે અન્વર જે અર્શના સીના પર રાખ્યા હતા તેને થોડીક વાર માટે મારી આંખો પર પણ રાખો. અલ્લાહ તઆલાની રહ઼મતોની આપના પર વર્ષા થાય.

### ★ "ص" રદીફ ★

**કહને કો હૈં આમ વ ખાસ એક તુમહી હો ખલાસ**
**બંદ સે કર દો રિહા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** કહેવા માટે તો બધી દુનિયા પડી છે એમાં સામાન્ય લોકો પણ છે અને અલ્લાહના ખાસ તથા ચહીતા બંદાઓ પણ છે, પણ વાત બનશે તો કેવળ આપના બનાવ્યાથી જ બનશે. હે મારી બખ્શિશવાળા આકા ! મને કેદથી મુક્તિ અપાવી દો, અલ્લાહ આપના પર કરોડો રહ઼મતો નાઝિલ કરે.

*સદકા મેઅરાજ કી રાત કા અય ખુદા–દૌલતે દીનો ઈમાં હમેં હો અતા*
*હમ કો પહૂંચા દે તા રોઝએ મુસ્તફા–હો મદીનેમેં લબ પર હમારે સદા*
*અર્શ કે તાજવાલે પે લાખોં દુરૂદ–પ્યારે મેઅરાજવાલે પે લાખોં સલામ*

### ★ "ض" રદીફ ★

**તુમ હો શિફાએ મર્ઝ, ખલ્કે ખુદા ખૂદ ગરઝ**
**ખલ્ક કી હાજત ભી કયા, તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા આકા ! ﷺ અન્યોની સામે મારી હાજત એટલા માટે પેશ નથી કરતો કે શિફાની મંજૂરી તો છેવટે આપની બારગાહથી જ મળશે. એટલા માટે પૂરી મખ્લૂક સ્વાર્થી તથા લાલચી બનીને આપને મદદના માટે પોકારી રહી છે. આપ જો મહેરબાની કરી દો તો સર્વ મખ્લૂકની સર્વ હાજતો આપની બારગાહમાં ભવાંના એક ઈશારા પર નિર્ભર છે, આપની એક દુઆથી સૌને મુશ્કેલીઓથી છૂટ્ટી મળી શકે છે, તો પછી કરમ કરી દો ને ! જેથી અમારી સર્વ બલાઓ તથા વબાઓ દૂર થઈ જાય અને રહ઼મતની હવાઓ ચાલી નીકળે. અમારા તરફથી આપ પર રહ઼મતના નુઝૂલની કરોડો દુઆઓ છે.

કુર્આન મજીદમાં ઈમાનવાળાઓને અલ્લાહનો હુકમ છે :–

اِنَّ اللّٰهَ وَ مَلٰٓىِٕكَتَهٗ یُصَلُّوْنَ عَلَى النَّبِیِّؕ یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَیْهِ وَ سَلِّمُوْا تَسْلِیْمًا "બેશક ! અલ્લાહ અને તમામ ફરિશ્તા નબી (ﷺ) પર દુરૂદ મોકલે છે. હે ઈમાનવાળાઓ ! તમો પણ બધા જ મારા હબીબે મુર્કરમ (ﷺ) પર દુરૂદ પઢયા કરો અને સલામ જરૂર દરેક હાલતમાં પઢયા કરો." (ﷺ) *(સૂ. અહઝાબ, ૩૩/૫૬)*

### ★ "ط" રદીફ ★

**આહ ! વો રાહે સિરાત બંદો કી કિતની બિસાત**
**અલ્મદદ અય રહનુમા ! તુમ પે કરોડોં દુરૂદ**

**અર્થાત :** હે મારા પ્યારા રસૂલ ! ﷺ એમાં શંકા નથી કે આપે સિરાતે મુસ્તક઼ીમને સંપૂર્ણપણે સ્પષ્ટ કરી આપેલ છે (અને બાક઼ાઈદા રેખા દોરીને બતાવી આપ્યું કે આ સિરાતે મુસ્તક઼ીમ છે અને માનવની ખ્વાહિશો છે જે તેને સીધા માર્ગથી હટાવીને દોઝખમાં લઈ જાય છે. (જેમ કે સિહાહની હદીષમાં છે) પણ અમ ગુનેહગારોમાં એટલી તાકત તથા હિંમત ક્યાં કે આટલા મોટા દુશ્મનો (નફ્સ તથા શૈતાન)નો રસ્તો રોકીને સીધા રસ્તા પર ચાલતા રહીએ. હે ભટકેલાઓને સીધા રસ્તા પર ચલાવનારા આક઼ા ! આપની મદદની સખત જરૂરત છે. અમો તો માર્યા જાત જો આપનો સાથ ન હોત. અલ્લાહ તઆલા આપના પર રહ઼મતોની વર્ષા કરે અને આપના પર દુરૂદો સલામના ફૂલો વરસે.

### ★ "ظ" રદીફ ★

**બેઅદબો બદ લિહાઝ કર ન સકા કુછ હુફ્ફાઝ**
**અફ્વ પે ભૂલા રહા તુમ પે કરોડોં દુરૂદ**

**અર્થાત :** હે મારા રહીમો કરીમ રસૂલ ! ﷺ હું તો આપના રહમો કરમ અને અતા તથા બખ્શિશને જ જોતો રહી ગયો, અન્ય કાંઈ કરવાની તરફ ધ્યાન ન જઈ શક્યું, ન ગુનાહોથી મારી હિફાઝત કરી શક્યો. મારી બેઅદબી માફ થઈ જાય અને તમારા અફવો કરમથી જ નજાત થઈ જાય. હું આપને કરોડો દુરૂદો તથા કરોડો સલામોની દુઆ આપુ છું. (શેઅર) : *માંગને કે વાસ્તે અંદાઝ હોના ચાહિયે*

સૂરએ અહઝાબની આયત : اِنَّ اللّٰهَ وَ مَلٰٓىِٕكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ ؕ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَ سَلِّمُوْا تَسْلِيْمًا માં આપણને બારગાહે રિસાલતમાં સલાતો સલામ અર્ઝ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે અને ખૂબ જ પ્રમાણમાં સહીહ હદીષોમાં પણ દુરૂદ શરીફની શાન વર્ણન કરવામાં આવી છે. અમુક હદીષો વર્ણવવામાં આવે છે જેથી આપના દિલમાં પણ નબી કરીમ ﷺ પર દુરૂદ મોકલવાનો શોખ પેદા થાય.

- **હદીષ નં. ૧ :** હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી છે. આપે ફર્માવ્યું કે એક દિવસ હુઝૂર ﷺ ક઼ઝાએ હાજતના માટે બહાર તશરીફ લઈ ગયા. હુઝૂરની સાથે કોઈ અન્ય માણસ ન હતો. હઝરત ઉમરે પાણીથી ભરેલો લોટો લીધો અને પાછળ ચાલી નીકળ્યા. જ્યારે આપ બહાર આવ્યા તો હુઝૂર ﷺને એક વાદીમાં સજદામાં ઝુકેલા જોયા. અને ચૂપકેથી એક તરફ હટીને પાછળ બેસી ગયા, ત્યાં સુધી કે હુઝૂર ﷺએ સજદાથી માથુ ઉઠાવ્યું અને ફર્માવ્યું, હે ઉમર ! તમે ઘણુ જ સારું કર્યું કે જ્યારે મને સજદાની હાલતમાં જોયો તો એક તરફ હટીને બેસી ગયા. જિબ્રઈલ મારી પાસે આવ્યા અને તેમણે આવીને બતાવ્યું કે જે ઉમ્મતી આપના ઉપર એકવાર દુરૂદે પાક પઢશે, અલ્લાહ તઆલા તેના પર દસ વાર દુરૂદ મોકલશે અને તેના દસ દરજા બુલંદ થશે.

- **હદીષ નં. ૨ :** એક દિવસ હુઝૂર ﷺ તશરીફ લાવ્યા. ચહેરા મુબારક પર ખુશી તથા આનંદના ભાવો જાહેર હતા. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપનો ચહેરા મુબારક ખુશીથી ચમકી રહ્યો છે. ફર્માવ્યું, મારી પાસે ફરિશ્તો આવ્યો છે અને તેણે છેવટે કહ્યું કે હે સરાપા હુસ્નો ખૂબી ! શું તમો એ વાત પર રાજી નથી કે આપના રબે ફર્માવ્યું છે કે જે આપના પર એકવાર દુરૂદ પઢશે, અલ્લાહ તઆલા તેના પર દસવાર દુરૂદ (રહ઼મત) મોકલશે, અને આપના જે ઉમ્મતી આપના પર એકવાર સલામ પઢશે અલ્લાહ તઆલા દસવાર તેના પર સલામ મોકલશે. મેં જવાબ આપ્યો કે હું મારા મૌલાના કરીમની આ નવાઝિશ પર અનહદ ખુશ છું.
- **હદીષ નં. ૩ :** હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જેની પાસે મારો ઝિક્ર કરવામાં તેના પર લાઝિમ છે કે તે મારા પર દુરૂદ પઢે. જે શખ્સ એકવાર મારા પર દુરૂદ પઢશે તેના પર અલ્લાહ તઆલા દસવાર દુરૂદ (રહ઼મત) મોકલશે.
- **હદીષ નં. ૪ :** હઝરત અબ્દુલ્લાહ હઝરત ઝયનુલ આબેદીનના ફરઝંદે પોતાના પિતાથી, તેમણે પોતાના પિતા સૈયદ ઈમામ હસન رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે કંજૂસ તે છે જેની પાસે મારો ઝિક્ર કરવામાં આવે છતાં તે મારા પર દુરૂદ ન પઢે.
- **હદીષ નં. ૫ :** તુફૈલ કહે છે, મારા વાલિદે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું જો મારો સર્વ સમય હુઝૂર ﷺ પર દુરૂદ પઢવામાં પસાર કરી દઉં તો ?! હુઝૂર ﷺએ ફર્માવ્યું, ત્યારે તો અલ્લાહ તઆલા તારી દુનિયા તથા આખેરતની મુશ્કેલીઓ આસાન કરી દેશે.

આયતે તયબહ અને આ મુબારક હદીષોથી દુરૂદ શરીફની બરકતો તથા ફઝીલતો માલૂમ થઈ ગઈ. એવો નાસમજ નાદાન કોણ હશે જે રહ઼મતોના આ ખજાનાથી પોતાની જોલી ભરવાની કોશિશ ન કરે.

## ★ દુરૂદે તાજ શું છે ? ★

કોઈ આશિક઼ે મુસ્તફા ﷺએ દિલ ખોલીને પોતાના આક઼ાની પ્યારી પ્યારી ખૂબીઓને પોતાના શોખ પ્રમાણે જમા કરી છે. તમને જો તમારા પીર તથા ઉસ્તાદ સાથે દિલો જાનથી મહોબ્બત છે તો કોઈ તમને પૂછે કે તેમનું નામ શું છે ? તો તમો તમારી અક઼ીદતના પ્રમાણે વધુને વધુ લક઼બો જોડતા જશો અને પછી છેવટમાં એમનું નામ રજૂ કરશો.

દા.ત. પીરે તરીક઼ત, રહબરે શરીઅત, શહબાઝે મઅરેફત વગેરે વગેરે, ભલે અંદરથી કાંઈ ન નીકળે ! પણ હુઝૂર ﷺ તો દરેક ખૂબી તથા કમાલના સંગમ તથા હક્ક઼દાર છે. તે ખૂબી જ નથી જે આપણા આક઼ામાં ન હોય. જેમ કે પંજાબીના એક શાઈર મોલ્વી ગુલામ રસૂલને કોઈએ પૂછયું કે તમે જે મહબૂબની વાતો કરો છો તેમનો તઆરુફ તો કરાવો ! તો તેમણે પૂરી કિતાબ જ લખી નાખી ! એ જ પ્રમાણે અરબના આશિક઼ને કોઈએ જ્યારે હુઝૂર ﷺનો તઆરુફ પૂછયો તો તેણે પોતાની અક઼ીદત તથા સલાહિયતના ઝોક઼ તથા શોખમાં કહ્યું :

صَاحِبِ التَّاجِ وَالْمِعْرَاجِ وَالْبُرَاقِ وَالْعَلَمِ۔ دَافِعِ الْبَلَآءِ وَالْوَبَآءِ وَالْقَحْطِ وَالْمَرَضِ وَالْاَلَمِ۔ અને ચાલતાં ચાલતાં

છેવટમાં આપ ﷺનું નામ લીધું : اَبِی الْقَاسِمِ مُحَمَّدِ بْنِ عَبْدِ اللّٰہِ۔ نُوْرٍ مِّنْ نُّوْرِ اللّٰہِ  અસલમાં મુન્કિરો પર બોમ્બ બલ્કે એટમ બોમ્બ જ આ શબ્દો પર આવતાં પડે છે. نُوْرٍ مِّنْ نُّوْرِ اللّٰہِ (નૂરિમ્ મિન્નૂરિલ્લાહ !) બાકીનું બધું કદી કદી માની લે છે. ચાલો ! એ શબ્દો ન પઢો પણ બાકીનાનો તો ઈન્કાર ન કરો ! અને એ નહીં તો આટલુ જ માની લો કે :–

*ભેજતે હૈં જિનનો ઈન્સ આપ પર હરદમ દુરૂદ–ભેજતે હૈં હુરો ગિલ્માન આપ પર હર દમ સલામ*

❑ ❑ ❑

*પઢ્હતે હૈં દુરવેશો સુલ્તાન આપ પર હરદમ દુરૂદ–કરતે હૈં ઉશ્શાક઼ રહમાં આપ પર  હરદમ દુરૂદ*
*આપ પર યા રહ્મતુલ્લિલ્ આલમીં હર દમ દુરૂદ–આપ પર યા શાહે દીં સુલ્તાને દીં લાખોં સલામ*

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا وَ مَوْلَانَا مُحَمَّدٍ مَّعْدِنِ الْجُوْدِ وَ الْکَرَمِ وَ اٰلِہٖ وَ بَارِکْ وَ سَلِّمْ تَسْلِیْمًا کَثِیْرًا کَثِیْرًا کَثِیْرًا

## ★ "ع" રદીફ ★

**લો તહે દામન કે શમ્અ ઝોંકોંમેં હૈ રોઝે જમઅ**
**આંધીયોં સે હશ્ર ઉઠા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા રહીમ તથા મહેરબાન આક઼ા ! મને તમારા રહમતના દામનમાં છુપાવી લો અને મારા દિલની સર્વ હસ્રતો પૂરી કરો ! કેમ કે મારી જિંદગીનો ચિરાગ આખેરતના તેજ ઝોંકાઓથી બુઝાતો જઈ રહ્યો છે અને ડરના કારણે મારા દિલમાં એક હશ્ર રચાયો છે, હવે હું મારી અંદર મારી જાતને સંભળાવાની શક્તિ નથી ધરાવતો. હું આપના માટે કરોડો દુરૂદો સલામની દુઆઓ કરું છું, આપ મારા પર આપની રહ્મતોની વર્ષા કરી દો, અને કેવળ મારી જ નહીં, તમારી સઘળી ઉમ્મતની મદદ તથા સહાય ફર્માવો.

## ★ "غ" રદીફ ★

**સીના કે હૈ દાગ દાગ કહ દો કરે બાગ બાગ**
**તયબહસે આકર સબા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ આપે લાખોં ઝખ્મી દિલોને તમારા પ્યારના મલમ વડે ઠીક કરી દીધાં છે. મારું દિલ પણ આપના વિરહની વેદનાથી ચૂર ચૂર છે, તેને પણ મુજલ્લા મુસફ્ફા અને ગુલશન તથા ગુલઝાર બનાવી દો અને મદીના પાકની બાદે સબાને હુકમ ફર્માવો કે મારા દિલની ઉજડી ગયેલી વસ્તીથી એકવાર પસાર થઈ જાય જેથી મારો સીનો મદીના બની જાય અને દિલની ઉજડેલી દુનિયા આબાદ થઈ જાય. હે મારા રહ્મતવાળા આક઼ા ! ﷺ આપના પર કરોડો દુરૂદો સલામ થજો.

## ★ "ف" રદીફ ★

**ગેસૂઓ ક઼દ લામ અલિફ કર દો બલા મુન્સરિફ**
**લા કે તહ તેગ લા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** આપ ﷺના હર્ફ લામ (ل)ની જેમ વાંકા વળેલ વાળ અને અલિફ (الف)ની જેમ સીધુ સરૂ જેવુ

હસીનો જમીલ ક઼દ મુબારક મળીને લામ અલિફ (لا) બનીને એવું બતાવી રહેલ છે કે આપ બલાઓ તથા મુસીબતોને ટાળનારા છે. એ મુસીબતોને આપની "લા"ની તલ્વારની નીચે લાવો જેથી તેમનું માથુ કપાય જાય ! અલ્લાહ તઆલા આપ પર પોતાની કરોડો રહ઼મતો નિછાવર કરે. اَللّٰهُمَّ صَلِّ عَلٰى محمد كما تحب وترضٰى

★ "ق" રદીફ ★

**તુમને બરંગે ખુલ્ક઼ જૈબે જહાં કરકે શક**
**નૂર કા તળકા કિયા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા હિંમત તથા બહાદુરીવાળા આક઼ા ! ﷺ આપે આપના મહાન અખ્લાક઼ના ખૂબસૂરત રંગ વડે કુફ્ર તથા ગુમરાહીનો ખાત્મો કરીને જહાનનો સીનો ચીરીને તેમાં પોતાના અખ્લાક઼ે હસીનાનો રંગ ભરી આપ્યો અને જમાનામાં નૂરનો એવો સૈલાબ તથા સવેરો ખડો કરી આપ્યો કે હવે આપના કથનાનુસાર આપને પોતાની ઉમ્મતથી શિર્કનો કોઈ ખતરો નથી. હે મારા انک لعلیٰ خلق عظیمની શાનવાળા આક઼ા ! આપના પર ખુદાની કરોડો રહ઼મતો થાય.

★ "ک" રદીફ ★

**નોબતે દર હૈ ફલક઼ ખાદિમે દર હૈં મલક**
**તુમ હો જહાં બાદશાહ તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** આસ્માન આપના દર (દરવાજા) તરફ લોકોને વાળવા માટે નોબત તથા ઢોલનું કામ કરી રહ્યું છે અને સિત્તેર સિત્તેર હજાર ફરિશ્તાઓની બારાત સવાર સાંજ આપની ખિદમતના માટે આવી રહી છે, કેમ ન આવે કે આપ એ સૌના હાકિમ તથા સર્વ જહાનના બાદશાહ છે અને એ સૌ આપના ખાદિમ તથા નોકર છે. મારા આક઼ા પર અલ્લાહની રહ઼મતોની વર્ષા થાય.

★ "ل" રદીફ ★

**ખલ્ક તુમ્હારી જમીલ ખુલ્ક઼ તમ્હારા જલીલ**
**ખલ્ક઼ તુમ્હારી ગદા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** આપનું પેદા થવું પણ બેમિષ્લ બેમિષાલ (અજોડ) અને લાજવાબ તથા બાકમાલ છે અને આપની સીરતે તયબહ અને ઉચ્ચ અખ્લાક઼ની પણ કોઈ જોડ નથી. એટલા માટે તો પૂરી મખ્લૂક઼ આપની દીવાની ગુલામે બેદામ બની ગઈ છે અને સમયના શહેનશાહો પણ આપના ગલીના ગદા (ભીખારી) હોવા પર ફખ્ર કરી રહ્યા છે. હે મારા ઈમાનની જાન ! આપના પર કરોડો દુરૂદો સલામ.

★ "میم" રદીફ ★

**તયબહ કે માહે તમામ જુમ્લા રુસુલ કે ઈમામ**
**નવશએ મુલ્કે ખુદા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા પ્યારા નબી અને મદીના શરીફના ૧૪મીના ચાંદ ! આપ કેવળ ઉમ્મતોના જ ઈમામ નથી બલ્કે સર્વ નબીઓના નબી તથા ઈમામ છો. આપ ખુદાની ખુદાઈના દુલ્હા છો, પછી આપના પર કેમ ન કરોડો દુરૂદો સલામ થાય.

اَللّٰهُمَّ صَلِّ وَ سَلِّمْ وَ بَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ نِ النَّبِيِّ الْاُمِّيِّ الْحَبِيْبِ الْعَالِي الْقَدْرِ الْعَظِيْمِ الْجَاهِ وَعَلٰى اٰلِهٖ وَ صَحْبِهٖ اَجْمَعِيْنَ۰

*મુહિબ્બે ખાસે ખુદાએ બરતર–હઝારોં લાખોં સલામ તુમ પર*
*હો તુમ સિફાતે ખુદા કે મઝહર–હઝારોં લાખોં સલામ તુમ પર*
*હૈ તુમસે કૌનો મકાં મુનવ્વર–હઝારોં લાખોં સલામ તુમ પર*
*તુમ્હારા અલ્લાહ હૈ ષનાગર–હઝારોં લાખોં સલામ તુમ પર*
*હબીબો મહબૂબે રબ્બે દાવર–હઝારોં લાખોં સલામ તુમ પર*

**તુમસે જહાં કા નિઝામ તુમ પર કરોળોં સલામ**
**તુમપે કરોળોં ષના તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** નિઝામે કાઈનાતની જાન આપની બાબરકત જાત છે, કેમ કે આપ જ દુનિયાના સર્જનનો સબબ છો. આપ ન હોત તો કાંઈ જ ન હોતુ. અને આપ ન હોવ તો કાંઈ જ ન હોય. કેમ કે : (શેઅર) *જાન હૈ આપ જહાન કી–જાન હૈ તો જહાન હૈ.* આપના પર દુરૂદોનાં કરોડો ફૂલો નિછાવર થાય અને આપના પર તારીફ તથા તૌસીફની કરોડો વર્ષા થાય.

**તુમ હો જવ્વાદો કરીમ તુમ હો રઊફો રહીમ**
**ભીક હો દાતા અતા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** અલ્લાહની મખ્લૂકમાંથી સૌથી મહાન સખી, દાતા, ગરીબ નવાઝ, બંદા પરવર આપની ઝાતે બાબરકત છે. આપ મો'મિનો પર રઉફ તથા રહીમ છો. અલ્લાહે આપ ﷺને પોતાનાં બાબરકત નામો અતા કર્યાં. હે પ્યારા આકા આપના ખજાનાઓમાંથી અમને પણ ભીખ અતા કરો ! ખુદા આપનું ભલુ કરે અને આપના પર પોતાની કરોડો રહમતો નાઝિલ ફર્માવે.

**ખલ્ક કે હાકિમ હો તુમ રિઝ્ક કે કાસિમ હો તુમ**
**તુમસે મિલા જો મિલા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** સર્વ મખ્લૂક પર અલ્લાહ તઆલાએ આપ (ﷺ)ને હુકૂમત અતા ફર્માવી

فلا وربك لا يومنون حتى يحكموك فيها شجر بينهم આપને જ અલ્લાહ તઆલાએ પોતાની નેઅમતોને વહેંચનાર બનાવ્યા છે : واللہ یعطی وانا قاسم જેને જે કાંઈ મળ્યું છે, મળે છે અને મળશે એ આપના થકી જ મળ્યું છે, મળે છે અને મળશે.

*લા વ રબ્બિલ્ અર્શ જિસકો જો મિલા ઉનસે મિલા–બટતી હૈ કોનૈનમેં નેઅમત રસૂલુલ્લાહ કી* ﷺ

હે મારા પ્યારા નબી ! આપના પર કરોડો દુરૂદો સલામ થજો.

**નાફેઅ વ દાફેઅ હો તુમ શાફેઅ વ રાફેઅ હો તુમ**
**તુમસે બસ અફઝૂં ખુદા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે અલ્લાહના પ્યારા મહબૂબ ! ﷺ અલ્લાહની મહેરબાનીથી આપ અલ્લાહની મખ્લૂકને નફો પહોંચાડનાર, તેમનાથી મુસીબતો તથા તકલીફો દૂર કરનાર, કયામતના દિવસે તેમની શફાઅત કરનારા અને તેમને ઉચ્ચ દરજા અતા કરનારા છે. આપની કયી કયી ખૂબી વર્ણન કરું ! *બઅદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર*

આપની ઉપર કેવળ આપનો ખાલિક તથા માલિક છે, બાકી સૌ આપથી નીચે છે. અલ્લાહ તઆલાની આપના પર કરોડો રહમતો થાય.

*હો તુમ શહનશાહે હફ્ત કિશ્વર જહાંમેં હૈ સલ્તનત તુમ્હારી*
*હુઝૂર ! શાહાને દહરસે હૈ કહી ફઝૂં મંઝિલત તુમ્હારી*
*તુમ્હારે રબ કો અઝલસે શાહા ! પસંદ હૈ હર સિફત તુમ્હારી*
*બજુઝ ખુદા, યા નબી ન સમઝા કોઈ બશર મઅરેફત તુમ્હારી*
*હબીબ વ મહબૂબે રબ્બે દાવર હઝારોં લાખોં સલામ તુમ પર*

અમુક લોકો હુઝૂર ﷺની ઉપરોક્ત શેઅરમાં વર્ણવેલી સિફતો (ખૂબીઓ)નો ઈન્કાર કરે છે અને હજાર સમજાવવા છતાં બસ એક જ વાત કરતા રહે છે કે કોઈ કોઈને નફો નથી પહોંચાડી શકતું. એના બારામાં આ જ શરહની કેટલીય જગાએ વિગતવાર ચર્ચા થઈ ચૂકી છે. અહીં તેમની સેવામાં એક અધિક ગુઝારિશ કરવી છે અને તે એ કે સહીહ હદીષોમાં અમુક વિર્દો વઝીફાઓ અથવા અમલોના બારામાં જે ફર્માવવામાં આવ્યું છે કે આ પઢવાથી આટલા ગુનાહ માફ થઈ જાય છે, સફર સારી રીતે પસાર થાય છે વગેરે વગેરે. તો શું આ ફાયદાઓ આપણે ડાયરેક્ટ અલ્લાહથી મેળવ્યા અથવા હુઝૂર ﷺના વસીલાથી મળ્યા છે ? કેમ કે એનો ઉલ્લેખ કુર્આન કરીમમાં તો નથી ! તો જાહેર છે કે અમને તો આ ફાયદા હુઝૂર ﷺથી જ હાંસલ થયા છે. તો પછી શું મતલબ છે આ કહેવાનો કે કોઈ નફો નથી પહોંચાડી શકતું ? આપણને માથુ દુ:ખે તો ડિસ્પિરીન લઈએ છીએ. શા માટે લઈએ છીએ ? તો જો ડિસ્પિરરીનની ગોળી નફો પહોંચાડે છે તો પછી એવું કહેતાં શરમ આવવી જોઈએ કે નબી નફો નથી પહોંચાડી શકતા, નબી તકલીફ દૂર નથી કરી શકતા, જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી. (મઆઝલ્લાહ !)

**શાફ઼ી વ નાફ઼ી હો તુમ કાફ઼ી વ વાફ઼ી હો તુમ**
**દર્દ કી કર દો દવા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપના દરથી બીમારોને શિફ઼ા મળે છે (કેવળ આપની જાતથી જ નહીં, બલ્કે આપના તબર્રુકાતથી પણ શિફ઼ા મળે છે. જેવું કે સહીહ હદીષોમાં આપના ઝબ્બા મુબારકના બારામાં છે) આપ તકલીફ઼ો તથા મુસીબતોને દૂર કરો છો. જેના આપ કફ઼ીલ તથા જામિન બની જાવ એના જેવો કોણ થઈ શકે છે. આપ પૂરેપૂરો બદલો અતા કરનાર અને પોતાની ઉમ્મતના શુભેચ્છક છે. હે મારા અગણિત ખૂબીઓવાળા આક઼ા ﷺ મારા દર્દનો પણ ઈલાજ ફ઼ર્માવી દો. આપના પર અલ્લાહ તઆલાની કરોડો રહ઼મતો થાય.

*ઉઠી હૈં યૂરોપ કી દલદલોંસે સિયાહ ઈલ્હાદ કી ઘટાએં*
*ન ક્યૂં તસવ્વુરમેં દિલ શિકશ્તા તુમ્હારી ઝુલ્ફ઼ોં કી લેં બલાએં*
*હુઝૂર ઈન ઝુલ્મતોંસે ક્યૂં કર વક઼ારે મિલ્લત કો હમ બચાએં*
*તુમ્હારે કુર્બાં સુનો ખુદારા ગરીબ મુસ્લિમ કી ઈલ્તિજાએં*
*હબીબો મહબૂબ રબ્બે દાવર હઝારોં લાખોં સલામ તુમ પર*
*રસૂલે બરહક઼્ક઼ શફ઼ીએ મહશર હઝારોં લાખોં સલામ તુમ પર*

**જાએં ન જબ તક ગુલામ, ખુલ્દ હૈ સબ પર હરામ**
**મિલ્ક તો હૈ આપ કા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે માલિકે જન્નત પ્યારા નબી ! કેવી શાન છે આપની કે જ્યાં સુધી આપની ઉમ્મત જન્નતમાં ન જશે તે સમય સુધી જન્નતમાં પ્રવેશ દરેકના માટે હરામ તથા મના કરી દેવામાં આવ્યો છે. કેમ કે જન્નત તો આપની મિલ્કત છે, પછી આપની ઈજાઝત વિના કોઈ કેવી રીતે જઈ શકે છે. હે ખુદાના પ્યારા મહબૂબ ! ﷺ આપના પર કરોડો દુરૂદો સલામ થજો. ઈર્શાદે ખુદાવંદી છે :–

تِلْكَ الْجَنَّةُ الَّتِىْ نُوْرِثُ مِنْ عِبَادِنَا مَنْ كَانَ تَقِيًّا۔ اَنَّ الْاَرْضَ يَرِثُهَا عِبَادِىَ الصّٰلِحُوْنَ જન્નતના વારસ જ્યારે હુઝૂરના ગુલામ છે તો સરકાર ﷺનો આલમ શું હશે !

★ "ن" રદીફ઼ ★

**મઝહરે હક઼્ક઼ હો તુમ્હીં મુઝહરે હક઼્ક઼ હો તુમ્હીં**
**તુમમેં હૈ ઝાહિર ખુદા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા નૂરવાળા આક઼ા ! ﷺ આપના થકી અલ્લાહ તઆલાની શાનો જાહેર થાય છે અને આપ અલ્લાહની અઝમતોને જાહેર કરીને હક઼્ક઼ તથા બાલિતમાં ફ઼રક઼ કરનારા છો. આપના ચેહરએ અન્વરથી અલ્લાહનો જલાલ તથા જમાલ જાહેર થાય છે. અલ્લાહ તઆલા આપને અધિક ઉચ્ચતાઓ અતા કરે અને આપના પર પોતાની કરોડો રહ઼મતો નાઝિલ કરે.

આ શેઅરમાં હુઝૂર ﷺની અઝમત તથા શાન, મક઼ામ તથા મર્તબો, હુસ્નો જમાલ તથા ફઝ્લો કમાલને એવા હસીન અંદાઝમાં વર્ણવવામાં આવેલ છે, અને સુબ્હાનલ્લાહ ! ન કોઈ અતિશયોક્તિ છે અને ન તો તૌહીદે ખુદાવંદી પર કોઈ આંચ આવે છે. યક઼ીનન ! આ પ્રમાણે શેઅર કહેવું તલ્વારની ધાર પર ચાલવા સમાન છે, અને કોઈકના કથનાનુસાર : (શેઅર) *એક આગ કા દરયા હૈ ઔર પાર ગુઝરના હૈ*

બસ, એમ સમજો કે લગભગ અશક્ય જેવું છે, અને આવા શેઅરો જોઈને યક઼ીન થઈ જાય છે કે ખરેખર આ'લા હઝરતનું કલામ ઈલ્હામી કલામ છે. આ પ્રસંગે હુઝૂર ﷺના અમુક ફઝાઈલ તથા આપના સરાપાએ અક઼દસના બારામાં થોડુ સરખુ બયાન જરૂરી સમજુ છું. પ્રથમ આપનો હુલિયા મુબારક (દેખાવ) જુઓ. જો વિસ્તારપૂર્વક વાંચવા ચાહો છો તો "શાને મુસ્તફા બઝબાને મુસ્તફા બલફ્ઝે અના"ની આખરી હદીષનો અભ્યાસ કરશો.

દુરૂદ શરીફ પઢનાર જો નબી અકરમ ﷺના હુલિયા મુબારકના બારામાં જાણતો હોય અને પછી એ જ ખયાલ સાથે દુરૂદ શરીફ પઢે તો તેનો કૈફ તથા સુરૂર જ નિરાલો છે. અહીં અમો નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના હુલિયા મુબારકનું ટૂંકમાં વર્ણન કરીએ છીએ.

**ક઼દ મુબારક** : હઝરત હિન્દ બિન અબી હાલા رضی اللہ عنہ ક઼દ મુબારકના મધ્યમ હોવા વિશે આ પ્રમાણે વર્ણન કરે છે : આપ ﷺનું આખુ શરીર એકદમ મધ્યમ હતું. તમામ અંગો પૂરેપૂરાં હતાં. ગોશ્ત ભરાયેલ હોવા છતાં એમાં ઢીલાપણુ ન હતું. ક઼દ મુબારક મધ્યમ કક્ષાનું લાંબુ હતું. ન તો નીચુ હતું અને ન તો અધિક દુબળુ પાતળુ હતું. *(શમાઈલે તિર્મિઝી)*

આપ علیہ الصلوٰۃ والسلامનું ક઼દ મુબારક બહુ ઊંચુ ન હતું ન તદ્દન નીચુ, પણ જયારે આપ علیہ الصلوٰۃ والسلام લોકોની વચ્ચે ચાલતા તો તેમનાથી ઊંચા જણાતા.

**શરીર મુબારકનો રંગ** : હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે આપ ﷺના મુબારક શરીરનો રંગ ખૂબ જ ખુશનુમા હતો. *(બુખારી)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ ﷺનો રંગ મુબારક સફેદ હતો. અવું લાગતુ હતું કે જાણે આપ علیہ الصلوٰۃ والسلامનું શરીર મુબારક ચાંદીમાં ઢાળેલું હતું. *(શમાઈલે તિર્મિઝી)*

આપ ﷺનો રંગ સફેદ હતો. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ તથા અન્ય સહાબાએ કિરામ ફર્માવે છે કે આપ ﷺનો રંગ સફેદી તથા રતાશનો હસીન સંગમ હતો. *(સબલુલ હુદા)*

**હુસ્ન મુબારક** : હઝરત અનસ, હઝરત બરાઅ ઈબ્ને આઝિબ, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે, અમે મોટી મોટી હસીન ચીજો જોઈ પણ આપ ﷺથી વધીને કોઈ હસીન નથી જોયો.

હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે, આપ ﷺનો ચેહરએ અક઼દસ ચાંદથી અધિક રોશન અને પુરનૂર હતો. *(તિર્મિઝી)*

**સરે અન્વર** : આપ ﷺનું સર મુબારકનું નાનુ ન હતું બલ્કે યોગ્યતા પ્રમાણે મોટુ હતું. *(મુસ્નદે અહમદ)*

**મૂએ મુબારક** : આપ ﷺના બાલ મુબારક ગાઢ કાળા હતા. *(ઈબ્ને અસાકિર)*

હઝરત અનસ رضی اللہ عنہ વર્ણવે છે કે આપ علیہ الصلوٰۃ والسلام ના બાલ મુબારક કાંઈક અંશે ઘુંઘરાળુ હતા, ન બિલકુલ સીધા અને ન બિલ્કુલ વળેલા.

હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે આપ ﷺ ની ઝુલ્ફો વળાંકવાળી હતી. *(તિર્મિઝી)*

આપ ﷺ ના બાલ મુબારક કાળા વાંકોળીયા હતા. આપ ﷺ ની ઝુલ્ફો એટલી લાંબી થતી કે ખભાઓ સુધી પહોંચતી હતી. અમુક વાર ખભાઓ સુધી, અમુકવાર કાનોની પટ્ટી સુધી, અમુક વાર કાનોની કાંઈક નીચે સુધી હોતી. આપ ﷺ તેલ લગાડતા અને સીધી માંગ કાઢતા.

**પેશાની મુબારક** : આપ ﷺ ની પેશાની મુબારક વિશાળ હતી. *(તિર્મિઝી)*

**કાન મુબારક** : સૈયદા આઈશા رضی اللہ عنہا ફર્માવે છે, આપ علیہ الصلوٰۃ والسلام ની મુબારક ઝુલ્ફોની વચ્ચે બંનેવ સફેદ કાન એવા જણાતા જાણે અંધારામાં બે ચમકતા તારા ઉગી નીકળ્યા હોય. *(ઈબ્ને અસાકિર)*

**ભવાં મુબારક** : હઝરત હિંદ બિન અબી હાલા رضی اللہ عنہ વર્ણવે છે, આપ ﷺ નાં ભવાં મુબારક કમાનની જેમ વળેલાં, લાંબા અને બારીક હતાં. બંને ભવાંની વચ્ચે નસ હતી જે ગુસ્સાની હાલતમાં ઉભરાઈ આવતી. *(અલ્વફા બિ અહવાલિલ મુસ્તફા)*

**મુબારક આંખો** : હઝરત ઉમર અને હઝરત અલી رضی اللہ عنہما ફર્માવે છે, આપ ﷺ ની મુબારક આંખો પહોળી અને ખૂબ જ કાળી હતી. *(દલાઈલુન્નબુવ્વત)*

હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ ફર્માવે છે કે આપ علیہ الصلوٰۃ والسلام ની આંખોના સફેદ હિસ્સામાં લાલ રેખાઓ હતી. *(તિર્મિઝી)*

**મુબારક પાંપણો** : સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ વર્ણવે છે, આપનાં પાપણો ખૂબ જ લાંબાં હતાં.

**નાક મુબારક** : હઝરત અલી کرم اللہ وجہہ الکریم વર્ણવે છે, આપ ﷺ નું નાક મુબારક સુંદરતા સાથે માફકસરનું બારીક હતું.

**ગાલ મુબારક** : આપ ﷺ ના મુબારક ગાલો સફેદ તથા ચમકદાર હતા. *(ઈબ્ને અસાકિર)*

**હોઠ મુબારક** : ઈમામ તિબ્રાની ફર્માવે છે કે આપ علیہ الصلوٰۃ والسلام ના હોઠ મુબારક અલ્લાહના સર્વ બંદાઓ કરતાં ખૂબસૂરત હતા.

**દાંત મુબારક** : હઝરત હિંદ ઈબ્ને અબી હાલા رضی اللہ عنہ વર્ણવે છે કે આપ ﷺ ના મુબારક દાંત ખૂબ જ સફેદ તથા ચમકદાર હતા. સ્મિત કરતી વેળા બગલાંઓની જેમ દેખાય આવતા. *(અલ્વફા)*

**ચહેરો મુબારક** : સૈયદના હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ વર્ણવે છે, આપ ﷺ નો ચહેરો મુબારક ચાંદના વર્તુળની જેમ હતો. સૈયદના હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે આપ ﷺ નો ચહેરો મુબારક ગોળ હતો. *(તિર્મિઝી, સબલુલ હુદા)*

**ગરદન મુબારક** : ગરદન મુબારક કાંઈક અંશે લાંબી હતી. *(દલાઈલુન્નબુવ્વત)*

હઝરત ઉમર ફારૂક તથા હઝરત અલી رضی اللہ عنہما ફર્માવે છે કે આપ ﷺની ગરદન મુબારક ચાંદીની સુરાહીની જેમ હતી. *(સબલુલ હુદા)*

**ખભા મુબારક** : આપ ﷺના મુબારક ખભા ખૂબસૂરત અને મજબૂત હતા. સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે, જ્યારે કદી નબી કરીમ ﷺ ખભાઓથી કપડુ હટાવતા તો તો ચાંદીના ટુકડાઓની જેમ જણાતા હતા.

**મોહરે નબુવ્વત** : હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે આપ علیہ الصلوٰۃ والسلامના બંનેવ ખભાઓની વચ્ચે મોહરે નબુવ્વત હતી અને આપ નબીઓને ખત્મ કરનારા (અંતિમ) નબી હતા. *(શમાઈલે તિર્મિઝી)*

**બાઝૂ મુબારક** : બાવડાં (બાઝૂ) મુબારક ખૂબ જ સફેદ હતાં. પહોંચાં (કાંડાં) મુબારક લાંબા હતાં અને પહોંચા પર વાળ હતા.

**હાથ મુબારક** : ખૂબસૂરત રેશમથી વધુ નરમ અને સુગંધીદાર હતા. સૈયદા આઈશા رضی اللہ عنہا બયાન કરે છે, આપ ﷺના હાથ મુબારક રેશમથી પણ અધિક નરમ હતા. *(અબૂ નુએમ)*

મુબારક હથેળી ગોશ્તથી ભરેલી અને પહોળી હતી. મુબરક આંગળીઓ લાંબી અને ખૂબસૂરત હતી.

**સીના (છાતી) મુબારક** : સીનો મુબારક વિશાળ અને મધ્યમ રીતે ફેલાયેલો હતો. *(શમાઈલે તિર્મિઝી)*

**પેટ મુબારક** : આપ ﷺનું પેટ મુબારક વધેલુ ન હતું. પેટ મુબારક સીના મુબારકના બરાબર હતું. *(તિર્મિઝી)*

**પિંડલી મુબારક** : મુબારક પિંડલીઓ જાડી નહીં બલ્કે યોગ્યતા પ્રમાણે પાતળી હતી. *(તિર્મિઝી)*

**કદમૈન શરીફૈન** : મુબારક પગો નાના ન હતા બલ્કે બંનેવ મુબારક પગો મધ્યમ માપના અને ગોશ્તથી ભરેલા હતા. મુબારક આંગળીઓ લાંબી અને ખૂબસૂરત હતી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બરીદા رضی اللہ عنہ વર્ણવે છે કે આપ علیہ الصلوٰۃ والسلامના મુબારક પગો સર્વ માનવો કરતાં ખૂબસૂરત હતા. (શમાઈલે તિર્મિઝી)

**ઝોરદહે નારસાં તકિયા ગહે બે કસાં !**
**બાદશાહે માવરા તુમ પે કરોળોં દુરૂદ**

*(ઝરદોરૂદા = શક્તિ આપનાર, નારસાં = કમજોર, બેસહારા. તકિયાગાહ = સહારો, ભરોસાની. માવરા = લામકાં મુરાદ છે અથવા મતલબ એ છે કે જેની બાદશાહી મખ્લૂકની સમજથી પર હોય)*

**અર્થાત** : હે બેકસો, કમજોરો તથા બે સહારાઓને શક્તિવાન બનાવનાર પ્યારા નબી ! ﷺ ખુદાની સર્વ ખુદાઈના બાદશાહ તથા સરદાર આપ જ છો. અમારી તમન્નાઓ તથા આરઝૂઓના કેન્દ્ર, અને ઉમ્મીદો પૂરી કરવાની જગા આપની જ ખૂબીઓવાળી ઝાત છે, આપના પર કરોડો વાર દુરૂદ સલામ થાય.

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا وَ مَوْلَانَا مُحَمَّدٍ مَّعْدِنِ الْجُوْدِ وَ الْکَرَمِ وَ اٰلِہٖ وَ بَارِکْ وَ سَلِّمْ۔

**બરસે કરમ કી ભરન ફૂલેં નઅમ કે ચમન !**
**ઐસી ચલા દો હવા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત** : યા રસૂલે હાશમી ! ﷺ રહમો કરમની એવી ભરપુર મૂશળધાર વર્ષા થાય કે નેઅમતોના બાગોમાં બહાર આવી જાય અને અમારા આંગણામાં ખુશીઓ જ ખુશીઓ થઈ જાય અને કરમની એવી હવા ચાલે કે અમારા દિલોના ગુલશન મહેકી ઉઠે અને એમનામાં આપની મહોબ્બતનાં ફૂલો ખીલી ઉઠે.

**એક તરફ઼ આ'દાએ દીં એક તરફ઼ હૈ હાસિદીં**
**બંદા હૈ તન્હા શહા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! علیہ الصلوۃ والسلام આપનો ગદા (ભીખારી) અહમદ રઝા કોઈ એક મુસીબતમાં ફસાયેલો હોય તો અર્ઝ કરે, મારા માથા પર દીનના દુશ્મનો પણ સવાર છે, એક તરફ તેમની સાથે લડાઈ છે તો બીજી તરફ હસદ કરનારાઓ જીવ લઈ રહ્યા છે ! હું કોનો કોનો મુક઼ાબલો કરું અને ક્યાં જઉં, એકલી પંડે છું કોઈ યારો મદદગાર નથી. કેવળ આપની રહ્મતનો સહારો છે, મને એવો બનાવી દો કે હું એ સર્વ દુશ્મનોથી પહોંચી શકું, અલ્લાહ પોતાની કરોડો રહ્મતો આપ પર નાઝિલ ફર્માવે.

**ક્યૂં કહું બે કસ હૂં મૈં ક્યૂં બેબસ હૂં મૈં**
**તુમ હો મૈં તુમ પર ફ઼િદા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : તેમ છતાં પણ હું શા માટે કહું કે હું બેસહારા, લાચાર, મજબૂર તથા કમજોર છું, જ્યારે મારા આક઼ા મારા માથા પર સલામત છે તો મને કોઈ પરવા નથી. મારા આક઼ા મારા મદદગાર છે અને મારી જાન આપ ﷺનાં ક઼દમો પર કુર્બાન છે. કરોડો દુરૂદો સલામ તેમના પર.

*કરોળોં દુરૂદ કરોળોં સલામ–બરોઝએ મુહમ્મદ અલૈહિસ્સલાતુવસ્સલામ*

**ગંદે નિકમ્મે કમીન મહંગે હોં કોળી કે તીન**
**કૌન હમેં પાલતા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે મારા ક઼દર દાન આક઼ા ! ﷺ આ તો આપની મહેરબાની છે કે આપે અમારા જેવા નકામાઓને પોતાની ગુલામીમાં ક઼બૂલ ફર્માવ્યા છે, નહીં તો અમે તો એવા નકામા અને બકાર તથા ગંદા છીએ કે અમારા જેવા બેકારોને કોઈ એક કોડીના ત્રણ ત્રણ પણ ન ખરીદે. જો આપ અમારા માથા પર ન હોત તો અમને કોણ મોં લગાડત.

*જબ તક બિકે ન થે કોઈ પૂછતા ન થા–તૂને ખરીદકર હમેં અનમોલ કર દિયા*

અલ્લાહ તઆલાની આપના પર કરોડો રહ્મતો નાઝિલ થાય.

**બાટ ન દર કે કહીં ઘાટ ન ઘર કે કહીં**
**ઐસે તુમ્હેં પાલના તુમ પે કરોળોં દુરૂદ**

*(બાટ = ગમાર, ઘાટ = નદીથી જાનવરોને પાણી પીવાની જગા)*

**અર્થાત :** અમારા જેવા જાહિલ, ગમાર જેમનું ન કોઈ ઠેકાણુ છે ન કોઈ સહારો, અખ્લાક઼ તથા આદાબથી કોરા, પછી એવાઓને સીનાથી લગાડીને સંવારી દેવા મહબૂબે ખુદા ﷺની જ શાન હોય શકે છે. આપ કાઈનાતમાં જલ્વાગર થયા તો લોકોને શું થી શું બનાવી દીધા. રહઝનો (ડાકૂઓ)ને રહબર બનાવી દીધા, ટીપાને સમંદર બનાવી દીધો, રજકણને સૂરજ બનાવી દીધો.

*ખુદ ન થે જો રાહ પર ઓરોં કે હાદી બન ગયે—એક નઝરમેં શાહને ક઼તરે કો દરયા કર દિયા*

અલ્લાહ તઆલા મારા કરીમ આક઼ા علیہ الصلوٰۃ والسلام પર કરોડો રહ઼મતો નાઝિલ ફ઼ર્માવે.

صَلَّی اللهُ عَلَی النَّبِیِّ الاُمِّیِّ وَاٰلِہٖ صَلَّی اللهُ عَلَیْہِ وَسَلَّمَ صَلٰوۃً وَّ سَلَامًا عَلَیْکَ یَا رَسُوْلَ اللهِ۔

## ★ "વાવ" રદીફ ★

**ઐસોં કો નેઅમત ખિલાવ દૂધ કે શરબત પિલાવ**
**ઐસોં કો ઐસી ગિઝા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** અને હે મારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام આપ કેટલા બંદાપરવર તથા ગરીબનવાઝ છો કે અમારા જેવાઓને જેની એક ટકો કિંમત પણ બહુ કહેવાય, કોઈ અમને મફ઼ત લેવા પણ તૈયાર નથી, તેમને આપ આવી ઉમદા તથા સ્વાદિષ્ટ નેઅમતો ખવડાવો છો કે દુનિયાના બાદશાહોને પણ ઓછી જ મયસ્સર થાય છે. દૂધના શરબત પીવડાવો છો, આ જહાનમાં પણ અને આગલા જહાનમાં પણ. આવા નકામાઓને આવો ઉચ્ચ ખોરાક એ આપનો કરમ નથી તો બીજુ શું છે ? અમારું કામ જુર્મ કરવાનુ અને આપનુ કામ કરમ કરવાનુ છે, અમારું કામ ખતા કરવાનું અને આપનું કામ અતા કરવાનું છે. અમારું કામ ગુનાહ કરવાનું અને આપનુ કામ અમારા માટે દુઆ કરવાનું છે. અલ્લાહ આપના પર કરોડો રહ઼મતો નાઝિલ કરે.

**ગિરને કો હૂં રોક લો ગોતા લગે હાથ દો**
**ઐસોં પર ઐસી અતા તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! علیہ الصلوٰۃ والسلام જ્યારે આટલાં એહસાન કર્યા છે તો એક ઔર કરમ ફ઼ર્માવી દો કે મને પડી જવાથી બચાવી લો અને ગુનાહોના સમંદરમાં ડૂબવાથી બચાવી લો અને અમારા જેવાઓ પર આવો કરમ કરવો એ પણ આપનું જ કામ છે. આપનો દર છોડીને ક્યાં જઈએ અને કોણ અમારી વાત સાંભળશે.

*તુમ્હી સે માંગેંગે તુમ્હીં તો દોગે—તુમ્હારે દરસે હી લૌ લગી હૈ*

અલ્લાહ તઆલા આપના પર પોતાની કરોડો રહ઼મતો નાઝિલ ફ઼ર્માવે :–

**અપને ખતાવારોં કો અપને હી દામનમેં લો**
**કૌન કરે યહ ભલા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** અમે આપના ગુનેહગાર ઉમ્મતી છીએ. જ્યારે કોઈ મુશ્કેલી ખડી થશે તો આપ કેટલાય

નાફર્માન ભલે રહ્યા પણ આપના જ દરવાજા પર આવીશું.

(શેઅર) *અબ છોળ કે દર તેરા દીવાને કહાં જાઐં*

આપ જ અમને સંભાળો અને આપના દામનમાં છુપાવી લો, નહીં તો દુનિયા શું કહેશે કે ઈમામુલ અંબિયાનો મંગતો જુઓ ! માર્યો માર્યો ફરી રહ્યો છે. અમારા જેવા નકામાઓ સાથે આ નેકી પણ આપના સિવાય અન્ય કોઈ નથી કરી શકતું. અલ્લાહ તબારક વ તઆલા આપના પર કરોડો રહ઼્મતો નાઝિલ ફર્માવે.

اَللّٰھُمَّ صَلِّ وَ سَلِّمْ وَ بَارِكْ عَلٰی سَیِّدِنَا وَ مَوْلَانَا مُحَمَّدٍ طِبِّ الْقُلُوْبِ وَ دَوَآءِھَا
وَ عَافِیَةِ الْاَبْدَانِ وَ شِفَاءِھَا وَ نُوْرِ الْاَبْصَارِ وَ ضِیَآءِھَا وَ اٰلِہٖ وَ صَحْبِہٖ دَآئِمًا اَبَدًا ○

### ★ "ھا" રદીફ ★

### કર કે તુમ્હારે ગુનાહ માંગે તુમ્હારી પનાહ
### તુમ કહો દામનમેં આ તુમ પે કરોળોં દુરૂદ

**અર્થાત** : હે અમારા રહીમો કરીમ આક઼ા ! અમે પણ અજીબ ગરીબ લોકો છીએ કે આપનો હુકમ ન માનીને જ્યારે તબાહી જોઈએ છીએ તો આપના તરફ જ ભાગીએ છીએ. અને આપ પણ કેટલા કરીમ છો કે પોતાનો દામન ફેલાવીને અમને બોલાવીને પ્યારા ફર્માવીને આપના દામનમાં છુપાવી લો છો, જ્યારે મુજરિમ તો આક઼ાનો જુર્મ કરીને તેમને પછી જિંદગીભર દેખા જ નથી દેતા. પણ કરીએ પણ શું ? અમે ભાગીને ક્યાં જઈ શકીએ છીએ, અને કોણ અમને પનાહ આપશે ? હે મારા પ્યારા આક઼ા ﷺ આપ પર અલ્લાહની રહ઼્મતોનો મૂશળધાર વરસાદ થાય.

### કર દો અદૂ કો તબાહ હાસિદોં કો રૂ બરાહ
### અહલે વિલા કા ભલા તુમપે કરોળોં દુરૂદ

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ જે દુશ્મન છે તે કેમ કે આપની અઝમત તથા નામૂસના દુશ્મન છે. એવા દીનો ઈમાનના ડાકૂઓએ તબાહ જ થવું જોઈએ. જો જીવતા રહેશે તો બીજાઓનું ઈમાન પણ બગાડશે. એટલા માટે અમને તબાહ કરી દો. અને જેઓ આપના હમ અક઼ીદા હોવા છતાં હસદની બીમારીમાં સપડાયેલા છે તેમને હિદાયત મળી જાય અને સીધા માર્ગે આવી જાય, જેથી કરીને મારો સપોર્ટ કરે, અને અમો સૌ હમ અક઼ીદા લોકો મળીને આપની અઝમત તથા નામૂસની રક્ષા કરીએ અને આપના દીનની ખિદમત કરી શકીએ. અને જેઓ મહોબ્બત કરવાવાળા છે તેમની ભલાઈ થાય અને તેમની મહોબ્બતો સલામત રહે, બલ્કે મહોબ્બતમાં વધારો થઈ જાય. મારા આક઼ા ﷺ પર અલ્લાહની કરોડો રહ઼્મતો નાઝિલ થાય.

★ "ی" રદીફ ★

**હમને ખતામેં ન કી તુમને અતામેં ન કી**
**કોઈ કમી સરવરા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : હે પ્યારા રહ્‌મતવાળા આકા ! અમે ગુનાહ તથા નાફર્માનીઓ કરવામાં તો કોઈ કમી નથી કરી, જેટલા થઈ શક્યા ખૂબ ખૂબ ગુનાહ કર્યા અને આપને સતાવ્યા અને આપનું દિલ દુઃખાવ્યું, પણ કુર્બાન જાઉં આપ પર કે જેમ જેમ અમારો જુર્મ વધતો ગયો તેમ તેમ આપના કરમમાં વધારો થતો ગયો. યકીનન ! આવું એટલા માટે છે કે આપ જાણો છો કે એ બીચારાઓનું મારા સિવાય અન્ય કોણ છે ? કે જેની સામે એઓ ફરિયાદ લઈને જાય. અને એટલા માટે પણ કે માઝૂર તથા અપંગ ઔલાદથી માબાપને અધિક મહોબ્બત હોય છે. મારા પ્યારા આકા ﷺની પોતાની ગુનેહગાર ઉમ્મતની સાથે મહોબ્બતનો જવાબ નથી. અલ્લાહ તઆલા આપણા પ્યારા નબી ﷺ પર કરોડો રહ્‌મતો નાઝિલ ફર્માવે, જેણે એવું ફર્માવીને شفاعتی لاھل الکبائر من امتی કે મારી શફાઅત મોટા મોટા પાપીઓ, ગુનેહગારોના માટે છે, અમ ગુનેહગારોની સરે મહશર લાજ રાખી લીધી છે અને ઈજ્જત બચાવી લીધી છે. اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَا فِیْ عِلْمِ اللهِ صَلٰوۃً دَآئِمَۃً بِدَوَامِ مُلْكِ اللهِ

★ "ے" રદીફ ★

**કામ ગઝબ કે કીયે ઈસપે હૈ સરકારસે**
**બંદોં કો ચશ્મે રઝા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત** : આપણે કામ તો ઘણા ખતરનાક તથા આપને પરેશાન કરનારાં કર્યાં છે, છતાં પણ આપણા આકાની રહ્‌મત તથા શફકતને જોતાં એ જ ઉમ્મીદ છે કે પોતાના ગુલામોને પોતાની રઝા તથા ખુશીથી જ નવાઝશે, કેમ કે અલ્લાહે તેમને જેટલી શાન આપી છે એટલો જ હોંસલો પણ આપ્યો છે. આપ અમારી કમજોરીને જાણો છો એટલા માટે તો અમારા માટે દુઆ કરો છો. અલ્લાહ તઆલાની આપ પર કરોડો રહ્‌મતો થાય.

**આવા હતા સહાબાએ કિરામના ખયાલ** : મોઅત્તા ઈમામ માલિકમાં છે કે હઝરત અબૂ દરદા رضی اللہ عنہએ હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہની તરફ પત્ર લખ્યો કે બાબરકત જમીનની તરફ કોઈક દિવસ તશરીફ લાવો. (કેમ કે એ ઈલાકાના હઝરત અબૂ દરદા رضی اللہ عنہને કાઝી બનાવી દેવામાં આવ્યા હતા. જેથી ચાહ્યું કે સહાબીએ રસૂલ ﷺ તથા પોતાના દોસ્તને બોલાવું જેથી તે જુએ કે અલ્લાહ તઆલાએ મારા પર કેટલા પ્રમાણમાં મહેરબાની કરેલી છે. અને તેમની ખિદમત તથા તવાઝોઅ પણ થઈ જાય. પરંતુ જ્યારે હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہને પત્ર પહોંચ્યો તો તેમણે ખૂબ જ બેપરવાઈની સાથે લખ્યું કે) જમીન કોઈને મુકદ્દસ (પવિત્ર) નથી બનાવતી એ વાત ભૂલી જાવ કે હું કાઝી બની ગયો છું તો મુકદ્દસ થઈ ગયો છું, જે ચાહું કરતો ફરું. માણસને તેના અમલો મુકદ્દસ બનાવે છે.

*અમલસે ઝિંદગી બનતી હૈ જન્નત ભી જહન્નમ ભી–યહ ખાકી અપની ફિત્રતમેં ન નૂરી હૈ ન નારી હૈ*

અને પછી લખ્યું, મને ખબર પહોંચી છે કે તને તબીબ બનાવી દેવામાં આવ્યો છે ? જો તું લોકોનો સહીહ ઈલાજ કરીશ (એટલે સહીહ ફૈંસલો કરીશ) તો તારા માટે બેહતર થશે અને અજરો સવાબનો સબબ બનશે. જો તેં નીમ હકીમનો કિરદાર અદા કર્યો અને કોઈ બંદો મરી ગયો (એટલે કે ગલત ફૈંસલાથી કોઈનો હક્ક઼ માર્યો ગયો) તો દોઝખમાં જઈશ. ત્યાર બાદ હઝરત અબૂ દર્દા رضی اللہ عنہએ જ્યારે પણ બે પક્ષો વચ્ચે કોઈ ફૈંસલો કર્યો તો (હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہની નસીહતને યાદ રાખી અને) અને ફૈંસલો કર્યા બાદ જ્યારે બંને પક્ષો પરત જઈ રહ્યા હોતા તો તેમને ફરીવાર બોલાવતા અને ફર્માવતા, તમારો ઝઘડો ફરીવાર રજૂ કરો જેથી હું તસલ્લી કરી લઉં કે પ્રથમ ફૈંસલો સહીહ થયો છે કે નહીં, કેમ કે હું તો અલ્લાહની ક઼સમ ! નીમ હકીમ છું. (મજબૂરન્ ક઼ાઝી બનાવી દેવામાં આવ્યો છું.) –*(જામિઉલ ક઼ઝા વ કરહિય્યહ, પેજ : ૨૨૪)*

**આંખ અતા કીજિયે ઈસમેં ઝિયા દીજિએ**
**જલ્વા ક઼રીબ આ ગયા તુમપે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! صلی اللہ علیہ وسلم મારી પાસે આંખ પણ નથી તો રોશની ક્યાંથી આવશે અને આપના દીદારનો સમય પણ નજીક આવી ગયો છે. બસ આ બાજુ મૌત આવે છે તો પેલી બાજુ દીદાર થઈ જશે. પોતાના مَازَاغَ الْبَصَرُ (આંખ ન કોઈ બાજુ ફરી ન હદથી વધી. સૂ. નજ્મ, ૫૩/૧૭)ની કીમિયાઈ અસરનો સદક઼ો મને આપને જોનારી આંખ પણ મળી જાય અને એમાં આપના નૂરની રોશની અતા થાય. الٰہی આપ પર કરોડો દુરૂદ.

અમુક બદ્ બાતિનોએ આ'લા હઝરત અઝીમુલ બરકતના આ અશ્આરને હક઼ીક઼તમાં શારીરિક કમજોરી પર ઠરાવ્યા, ઉપરોક્ત શેઅર લીધો અને લખી દીધું કે અહમદ રઝાની તો એક આંખ જ કમજોર હતી. لاحول ولا قوۃ الا باللہ આવા બદ્બખ્તોને હું એના સિવાય શું કહું કે : (શેઅર) *રુમૂઝે સિર્રે દિલ બે દિલ ચેહ દાનંદ*

આશિક઼ાને મુસ્તફા صلی اللہ علیہ وسلمની સરકારે મદીના صلی اللہ علیہ وسلمના ઈશ્ક઼ો મહોબ્બતમાં ડૂબેલી વાતો એઓ શું જાણે કે જેઓ ઈશ્ક઼નું નામ સાંભળીને એવા ભાગે છે જાણે કે શૈતાન ''લા હૌલ''થી ભાગે છે.

ક્યારેક કહે છે આ'લા હઝરતનો રંગ કાળો હતો ! ભલા પઠાન અને કાળા રંગનો ! કોઈની બુદ્ધિમાં આજે પણ એ વાત નથી આવી શકતી અને ન ક઼યામત સુધી આવી શકે છે. આવા પાગલોની આવી પાગલપનની વાતોને કોઈ પાગલ જ સમજી શકે છે. તેમને ઈશ્ક઼ે મુસ્તફાની વાતો પાગલપન ન દેખાય દે તો શું દેખાય દે. તેમના પેશવાઓ તેમની સામે ''સફેદ કાગડો'' કહી દે તો પણ માની જશે ! એવા નામ માત્રના મિમ્બર તથા મહેરાબના વારસોની ખિદમતમાં આ બે શેઅરોનું નઝરાણુ પેશ ન કરવામાં આવે તો પછી શું કરવામાં આવે ?! પછી તેમની અક્કલનું માતમ કરવામાં આવે.

*મોલ્વી બસ મોલ્વી યહ બાત કે–દર હક઼ીક઼ત બૈલ હૈં યહ ગુજરાત કે*
*ગુલ ગયે ગુલશન ગયે જંગલી ધતૂરે રહ ગયે–અક઼્લવાલે ચલ દિયે અબ બેશઉર રહ ગયે*

**કામ વો લે લીજિએ તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે ‘રઝા’ તુમ પે કરોળોં દુરૂદ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ મારાથી તમારા દીનની ખિદમતનાં એવાં કામો લો જેનાથી આપ રાજી થઈ ખુશ થઈ જાવ અને મારા નામ ‘રઝા’ (ખુશી)નો અર્થ પણ દુરુસ્ત થઈ જાય. એટલે કે હું ''નામ તેવું કામ'' થઈ જઉં અને લોકો મને જોઈને કહે કે આ તે છે જેના પર અલ્લાહનો મહબૂબ રાજી થઈ ગયો છે. અલ્લાહ આપના પર કરોડો રહ઼મતો નાઝિલ ફર્માવે. આમીન ષુમ્મ આમીન.

# શરહે સલામે રઝા

## ★ સલામે રઝાના બારામાં કેટલીક વાતો ★

દીની ઈલ્મોમાં સમૃદ્ધતા અને શેઅર શાઈરી કહેવામાં કમાલનો સંગમ ઘણા ઓછા લોકોને નસીબ થયેલ છે. હઝરત રૂમી, જામી, સઅદી, બેસૂરી તથા અમીર ખુસરૂના ઈશ્કો મહોબ્બતના કાફલાના હદીખ્વાન (એટલે ઊંટ સવારોમાં ગીત ગાનાર) હઝરત રઝા બરેલ્વી એકી સમયે અજોડ ફકીહ, અનુપમ મુહદ્દિષ, કુર્આની રહસ્યોના માહિર, દીનના રહસ્યોના જાણકાર, મુસ્લિમ ઉમ્મતના શુભેચ્છક મુફક્કિર તથા બારગાહે રિસાલતના જાદૂઈ વાણીવાળા નઅતગો શાઈર હતા.

તેમને ત્યાં આમદ છે, સોઝો ગુદાઝ (દર્દ) છે, શબ્દોની શૌકત અને શિકવએ બયાન છે. એમની વિશિષ્ટતા એ છે કે તમામ અસ્નાફે સુખન (વાણીની ખૂબીઓ)માંથી મહબૂબે કિબ્રીયા ﷺની નઅત તથા ઔલિયાએ કિરામની મન્કબતને અપનાવી અને એ ક્ષેત્રની નઝાકતો તથા આદાબને એ રીતે નિભાવ્યા કે કદાચ જ એવું કોઈ કરી શકે. અલ્લાહ તઆલાએ તેમના કલામને તે આમ મકબૂલિયત અતા કરી છે કે પાક તથા હિંદના ઉપરાંત અન્ય દેશોમાં પણ આપનુ કલામ મહોબ્બત તથા અકીદતથી પઢવામાં તથા સાંભળવામાં આવે છે. મહાન મહાન શાઈરો તથા સાહિત્યકારો આપના કલામનો અભ્યાસ કરીને આપોઆપ દાદ તથા પ્રશંસા કરવા મજબૂર થઈ જાય છે. નીચેના લખાણમાં અમુક પ્રતિભાવો રજૂ કરવામાં આવે છે.

**જનાબ રઈસ અમરોહવી લખે છે** : તેમની ગદ્ય કૃતિઓ અને તેમની શાઈરી કૈફ તથા સુરૂરથી લબરેઝ છે, જેનાથી અજબ પ્રકારનો સીનો ખુલી જાય છે, રૂહ પર ખુશીની કૈફિયત છવાય જાય છે. તે એક સૂફીએ બાસફા અને આલિમે જલીલ (મહાન) હતા. આવી દુર્લભ શખ્સિયતો ઈતિહાસના ઘડવૈયા પણ હોય છે જેમના પર જમાનો ફિદા થતો હોય છે.

**હાફિઝ લુધિયાનવી લખે છે** : તેમની વાતચીતની ધરી, તેમના કલામનો રંગ, તેમની સોચનો અંદાઝ, તેમના ચિંતનનું કેન્દ્ર ઈશ્કે રસૂલ અને કેવળ ઈશ્કે રસૂલ હતું. હું તો સમજું છું કે તેમના પયકર પર ઈશ્કે મુસ્તફા રચીવસી ગયો હતો.

**ડો. ગુલામ મુસ્તફાખાં (માજી સદર ઉર્દૂ વિભાગ, સિંધ યુનિવર્સિટી) લખે છે** : મૌલાના અહમદ રઝાખાં સાહબ લગભગ એકલા જ આલિમે દીન છે જેમણે ઉર્દૂ ગદ્ય તથા પદ્ય બંનેવમાં ઉર્દૂના અસંખ્ય મુહાવરાઓ વાપર્યા છે અને પોતાની ઈલ્મિયતથી ઉર્દૂ શાઈરીમાં ચાર ચાંદ લગાડી દીધા છે. તે ઈશ્કે રસૂલ ﷺને જ અસલ તસવ્વુફ સમજતા હતા.

**હઝરત નઝીર લુધિયાનવી આ શબ્દોમાં ખિરાજે તેહસીન પેશ કરે છે :** મૌલાનાને શીરીં ઝબાનીના એતબારથી ભાષાશાસ્ત્રીઓ પર અગ્રતા હાંસલ છે અને વાણીમાં ઉમદાપણુ છે. આ દૌરમાં દાગ, અમીર, હાલી, અકબર તથા અકબર અને દાગના શાગિર્દોની ઝબાન ઉમદાપણા તથા સાદગી તથા મુહાવરાના એતબારથી સિદ્ધ થયેલ હતી. મૌલાનાની ઝબાન ખુશનુમા તથા રવાનીમાં એ ઉસ્તાદોની ઝબાન કરતાં કોઈ રીતે કમ નથી.

**પ્રો. અલી અબ્બાસ જલાલપુરી લખે છે :** હઝરત મૌલાના શાહ અહમદ રઝાખાં ક઼ાદરી બરેલ્વીએ ફારસી તથા ઉર્દૂમાં અજોડ નઅતો લખી છે, જેના વિના દુરૂદો સલામની કોઈ મેહફિલ ગરમ નથી થઈ શકતી. એમનો એક એક શબ્દ ઈશ્કે રસૂલમાં વસેલો છે, અને એને સાંભળીને શ્રોતાજનોનાં દિલ ઈશ્કે રસૂલથી સરશાર થઈ જાય છે. અદબી લેહાઝથી પણ આ નઅતો હુસ્ને બયાન (ઉમદા બયાન)ના દુર્લભ નમૂનાઓ છે.

**જનાબ સૈયદ શાનુલ હક઼્ક઼ હક઼્ક઼ી લખે છે :** શ્રેષ્ઠ સાહિત્યિક સર્જન તે જ છે જે અધિકથી અધિક લોકોના માટે રૂહાની ખુશી અને અખ્લાક઼ી બસીરતનો ઝરીયો બને. મારી દૃષ્ટિએ મૌલાનાનું નઅતિયા કલામ અદબી તન્ક઼ીદ (સાહિત્યિક ટીકા ટીપ્પણ)થી પાક છે. એના પર કોઈ સાહિત્યિક ટીકા ટીપ્પણની જરૂરત નથી. તેની મક઼બૂલિયત તથા પસંદીદગી જ તેનો સૌથી મોટો અદબી કમાલ છે અને મૌલાનાના શાઈરાના મર્તબા માટે દલીલ છે.

*હુસ્ને તાસીર કો ન સૂરતસે ન મઅનાસે ગરઝ–શેઅર વો હૈ કે લગે ઝુમકે ગાને કોઈ*

ખાસ કરીને બારગાહે રિસાલતમાં લખવામાં આવેલા ''સલામે રઝા''ને તો તે વિશ્વવ્યાપી લોકપ્રિયતા હાંસલ થઈ છે કે કોઈ કલામને હાંસલ ન થઈ શકી, કદાચ જ મહોબ્બતના કૈફથી માહિતગાર કોઈ શખ્સ એવો હશે જેને આ સલામના બેચાર શેઅર યાદ ન હોય.

**જનાબ આબિદ નિઝામી લખે છે :** મૌલાનાના મશહૂર તથા મક઼બૂલ સલામ ''મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ'' દરેક વ્યક્તિએ કેટ કેટલીયેવાર સાંભળ્યો હશે અને હિંદ તથા પાક.માં કદાચ જ કોઈ આશિકે રસૂલ એવો હશે જે આ સલામના બે ચાર શેઅર મોઢે ન કરી લીધા હોય. નિઃશંક ! આ સલામ સાદગીવાળુ, સરળ, રવાનીવાળુ, શાઈરાના હુસ્નકારી તથા ફિદાપણાના કારણે ઉર્દૂનો સૌથી શ્રેષ્ઠ સલામ છે.

નજીકના ભૂતકાળમાં કેટલીયવાર એવું થયું કે એક કલામ એકદમ ખ્યાતીના આસ્માને પહોંચી ગયું, પણ ક્રમે ક્રમે તેની મક઼બૂલિયત મંદ પડવા લાગી. જ્યારે કે ઈમામ અહમદ રઝાના કલામની મક઼બૂલિયત દિન પ્રતિ દિન પ્રગતિ પર છે, એને એના સિવાય શું કહી શકાય કે સલામ તથા કલામ ખુદા વ રસૂલની બારગાહમાં મક઼બૂલ થઈ ચૂક્યો છે. (عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ)

'સલામે રઝા'માં પયકરે હુસ્નો જમાલ, મહબૂબે રબ્બે ઝુલ જલાલ ﷺના અવસાફે જમીલા, શમાઈલે હમીદા, જૂદો અતા અને અઝમત તથા જલાલતને તેના હસીન અંદાઝમાં વર્ણવવામાં આવેલ છે. દરેક કડી ઈમાનને તાજગી બખ્શતી અને રૂહને મોઅત્તર કરતી મહેસૂસ થાય છે. ત્યાર બાદ અહલે બયતે કિરામ તથા સહાબાએ એઝામની બારગાહમાં અક઼ીદત તથા મહોબ્બતમાં ડૂબીને સલામ અર્ઝ કરવામાં આવેલ છે. ત્યાર બાદ મુજતહિદ ઈમામો તથા અવલિયાએ કામિલીન, ખાસ કરીને સૈયદના ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہના દરબારમાં સલામે

નિયાઝની ડાળીઓ પેશ કરી છે. અને છેવટમાં બારગાહે ખુદાવંદીમાં દુઆ કરી છે કે, બારે ઈલાહા ! જેવી રીતે દુનિયામાં અમે તારા હબીબે અકરમ ﷺની શૌકતના ડંકા વગાડીએ છીએ એ જ પ્રમાણે કયામતના દિવસે પણ અમને નઅત તથા સલામના નગ્મા પેશ કરવાની નેક નસીબી અતા ફર્માવ. આમીન

## ★ આદાબે સલામે રઝા ★

મહબૂબે રબ્બુલ આલમીન ﷺની બારગાહમાં સલાતો સલામનો હદિયો પેશ કરતી વખતે અમુક બાબતો નજરો સમક્ષ રહેવી જોઈએ.

**૦૧.** અતિશય ખુલૂસ તથા મહોબ્બત અને અદબ તથા એહતેરામની સાથે બાવુઝૂ સલામ અર્ઝ કરવામાં આવે. ઈદે મીલાદુન્નબી ﷺના જુલૂસમાં પણ એ જ કાળજી રાખવામાં આવે.

**૦૨.** સલામ અર્ઝ કરતી વખતે અવાજ મધ્યમ કક્ષાથી વધુ ઊંચો ન થાય. હબીબે ખુદા ﷺ ખુદાદાદ કુવ્વત વડે પોતે પણ મહોબ્બતવાળાઓનાં દુરૂદો સલામ સાંભળે છે અને ફરિશ્તા પણ અમ ગુલામોના સલાતો સલામનો હદિયો બારગાહે નાઝમાં પેશ કરે છે. એટલા માટે ધ્યાનપૂર્વક કોશિશ કરવામાં આવે કે અવાજ ચિલ્લાવાની હદ સુધી બુલંદ ન થાય. અમુક લોકો મુદ્દલે મોટા અવાજે સલાતો સલામ પેશ કરવાને પસંદ જ નથી કરતા અને દલીલરૂપે આયતે મુબારકા لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ પેશ કરે છે, જ્યારે કે આ આયતનો અર્થ એ છે કે તમે તમારો અવાજ નબીના અવાજ કરતાં ઊંચો ન કરો. જાહેર છે કે આ હુકમ તે હઝરાત માટે છે જેમની સાથે આપ વાતચીત કરી રહ્યા હોય. આ મહાન નેઅમત આપણા જેવા કમનસીબોને ક્યાં મળી શકે ?!

**૦૩.** તલફ્ફુઝ (ઉચ્ચારો) સહીહ હોવા જોઈએ અને બેહતર થશે કે નઅતખ્વાં હઝરાત કોઈ ઈલ્મવાળા સાહબને સંભળાવીને ઈત્મિનાન કરી લીધા કરે.

**૦૪.** શેઅરોનો ક્રમ યથાવત રાખવામાં આવે. પ્રથમ બારગાહે રિસાલતમાં સલામ અર્ઝ કરવામાં આવે પછી અહલે બયત, સહાબા તથા અવલિયાની બારગાહમાં અર્ઝ કરવામાં આવે. એવું ન બને કે શરૂ કે છેલ્લેથી જે શેઅર યાદ આવ્યો તે પઢી નાખ્યો.

**૦૫.** મેઅરાજ શરીફ, મીલાદે પાક, અહલે બયત તથા સહાબાના દિવસો હોય અથવા ૧૧મી શરીફની મેહફિલ તો અન્ય શેઅરો ઉપરાંત મોકાસર શેઅરો પણ પઢવામાં આવે.

**૦૬.** અરબીમાં શબ્દ "સલાત" દુરૂદ શરીફના અર્થમાં આવે છે. સલામ પઢતી વખતે એવા શેઅરો પણ પઢવામાં આવે જેમાં દુરૂદનું વર્ણન છે صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا ની તામીલમાં દુરૂદ તથા સલામ બંનેવ પેશ કરવાની સઆદત હાંસલ થઈ જાય. *અર્શ કી ઝેબો ઝીનતપે અર્શી દુરૂદ–ફર્શ કી તૈયબો નુઝહત પે લાખોં સલામ*

**૦૭.** હદીષમાં ઈમામના માટે હિદાયત છે કે બીમાર તથા હાજતમંદોનો ખયાલ રાખવામાં આવે અને સુન્નત પ્રમાણેની માત્રાથી વધુ કિરાઅત ન કરવામાં આવે. બેહતર છે કે આ જ હિદાયતની સલામમાં પણ કાળજી લેવામાં આવે અને વધુ શેઅરો ન પઢવામાં આવે જેથી અધિકથી અધિક મહોબ્બતવાળા શોખપૂર્વક ભાગ લઈ શકે, તેમજ જોઈન્ટ કરીને અન્ય શેઅરો પઢવાથી પણ પરહેઝ કરવામાં આવે.

એકવાર માહિરે રઝવિય્યાત પ્રોફેસર મસઊદ અહમદે તજવીઝ પેશ કરી હતી કે આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના પ્રખ્યાત સલામની શરહ લખવામાં આવે. એ રીતે એક અવામ તથા ખાસ લોકોને સલામે રઝા સમજવામાં મદદ મળશે, બીજો ફાયદો એ થશે કે ઈમામે અહલે સુન્નતની બયાન કરેલ હકીકતોના આધારે સીરતે તયબહની સ્ટાન્ડર્ડ એક કિતાબ તૈયાર થઈ જશે.

હું એવું કહું કે આ સલામ ઉર્દૂ ભાષાનો કસીદા બુર્દા છે તો એમાં રજમાત્ર પણ અતિશ્યોક્તિ ન ગણાશે જે ઝબાન તથા બયાન, જે સોઝો ગુદાઝ, જે મઆરિફ તથા હકાઈક કુર્આન તથા હદીષ અને સીરતના જે રહસ્યો તથા રાઝો, જે અંદાઝ તથા તરીકો જે કુદરત (સ્વભાવિક્તા) તથા ઉમદાપણુ આ સલામમાં છે તે કોઈ ભાષાની શાઈરીના કોઈ ઉચ્ચ ગ્રંથમાં નથી. મને અફસોસ છે કે કલમકારોએ આ બાજુ ધ્યાન નથી કર્યું, નહીં તો તેના એક એક શેઅરના ખુલાસામાં કાંઈ કેટલીયે કિતાબો લખી શકાય છે.

*(ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી : એક હમા જેહત શખ્શિસયત, પેજ : ૧૧)*

## ★ 'સલામે રઝા' પર ઉડતી નજર ★

અલ્લાહ جل جلالہએ કુર્આન મજીદમાં પોતાના હબીબ صلی اللہ علیہ وسلمના અદબ, તા'ઝીમ તથા તૌકીર અને મહોબ્બત તથા ઈતાઅત (આજ્ઞાપાલન)ની તા'લીમાતની સાથોસાથ તમામ મુસલમાનોને એ હુકમ પણ આપ્યો કે તમે મારા હબીબ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં દુરૂદો સલામ અર્ઝ કર્યા કરો :

اِنَّ اللّٰهَ وَ مَلٰٓىٕكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّؕ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَ سَلِّمُوْا تَسْلِيْمًا "બેશક ! અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા નબી અકરમ (صلی اللہ علیہ وسلم) પર સલાત મોકલે છે, હે ઈમાનવાળાઓ ! તમો પણ આપની ખિદમતમાં સલાતો સલામ અર્ઝ કર્યા કરો." *(સૂ. અહઝાબ, ૩૩/૫૬)*

આ મુબારક આયતમાં જેવી રીતે દુરૂદો સલામનો હુકમ છે તેવી જ રીતે આ અમલનો મકામ તથા મર્તબો પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યો છે કે આ એટલો મહાન તથા ઉચ્ચ અમલ છે કે ખુદ ખાલિકે કાઈનાત અને તેના તમામ ફરિશ્તા પોત પોતાની શાનના પ્રમાણે આ અમલમાં તમારી સાથે શરીક છે.

અલ્લાહ તઆલાનું આ ઉમ્મત પર એ ફઝ્લો એહસાન છે કે તેણે દુરૂદો સલામના માટે શબ્દો તથા કલમા ખાસ નિશ્ચિત નથી કર્યા. બલ્કે દરેક જણને ઈજાઝત છે કે તે પોત પોતાની બોલી તથા શબ્દોમાં આપની ખિદમતે અકદસમાં સલામ અર્ઝ કરે.

કેમ કે નમાઝમાં પણ અલ્લાહ તઆલાએ પોતાની હમ્દો ષનાની સાથોસાથ હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં સલાતો સલામને સામેલ ફર્માવેલ છે. આપે સહાબાને તશહહૂદના જે કલમા શીખવાડયા એમાં આ શબ્દો પણ સામેલ છે : السلام علیک ایہا النبی ورحمۃ اللہ وبرکاتہ "હે નબીયે મુકર્રમ ! (યા નબી) આપના પર સલામ થજો અને અલ્લાહની રહમત તથા બરકતો નાઝિલ થાય. એના પર સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અલ્લાહ તઆલાએ અમને બે વાતોનો હુકમ આપ્યો છે, એક સલાત બીજો સલામનો. આ તશહહૂદથી અમને નમાઝ દરમિયાન આપની ખિદમતે આલીમાં સલામ અર્ઝ કરવાનો તરીકો તો માલૂમ થઈ ગયો છે પણ સલાતનો

નથી થયો. એના પર આપે દુરૂદે ઈબ્રાહીમીની તા'લીમ આપી.

યાદ રાખશો કે આ કલેમાતની સાથે નમાઝમાં દુરૂદો સલામ અર્ઝ કરવા વાજિબ તથા સુન્નત છે, તેમજ નમાઝથી બહાર જે શબ્દોમાં પણ સલાતો સલામ અર્ઝ કરવામાં આવે જાઈઝ છે. એના માટે આનાથી વધીને શું દલીલ હોય શકે છે કે પૂરી મુસ્લિમ ઉમ્મત આપનું નામ સાંભળીને અર્ઝ કરે છે ''صلی اللہ علیہ وسلم'' (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) જ્યારે કે આ શબ્દો આપની ઝાતે પાકથી નક્લ થયેલા નથી. આ જ શરઈ ઈજાઝતની બિના પર ગુલામાને રસૂલે હમેશાં દરેક દૌરમાં આપની હુઝૂર ગદ્ય તથા પદ્યમાં દુરૂદો સલામના હજારો ગજરા પેશ કર્યા. એમનામાંથી બે ગુલામ એવા પણ છે જેમનો લખેલ સલાતો સલામ એટલા પ્રમાણમાં મક્બૂલ થયો કે એનું દષ્ટાંત નથી મળતું. એ ગિરામી ક્દર ઝાતોના મુબારક નામો આ પ્રમાણે છે :–

૦૧. શયખ શરફુદ્દીન અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન સઈદ, જેમને ઈમામ બુસૈરીના નામથી પોકારવામાં આવે છે.

૦૨. આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, ઈમામ અહમદ રઝા ક઼ાદરી મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ.

એમાંથી ઈમામ બુસૈરીનો સલામ અરબી ભાષામાં છે :

مولای صلی وسلم دائماً ابدًا۔ علی حبیبک خیر الخلق کلھم

જ્યારે કે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતનો સલામ (કસીદા સલામિયહ) ઉર્દૂમાં છે :–

*મુસ્તફ઼ા જાને રહ઼મતપે લાખોં સલામ–શમ્એ બઝ્મે હિદાયતપે લાખોં સલામ*

પ્રથમ સલામની તશરીહ (ખુલાસા)માં વિવિધ કિતાબો લખવામાં આવી છે, પણ બીજા (આ'લા હઝરતના) સલામની સંપૂર્ણ તશરીહના બારામાં ખૂબ જ થોડું કામ થયું છે, જ્યારે કે ઉર્દૂ ભાષામાં લખવામાં આવેલ સર્વ સલામોમાં આ મક્બૂલતરીન સલામ છે. જ્યાં જ્યાં દુનિયામાં અહલે મહબ્બત આબાદ છે અને તેમની ભાષા ઉર્દૂ છે ત્યાં ત્યાં આ સલામ દરેક મેહફિલનો હિસ્સો છે. ખાસ કરીને જુમ્આની નમાઝ બાદ તથા મેહફિલે મીલાદમાં ઘણા જ શોખપૂર્વક પઢવામાં આવે છે. જાણે કે આ સલામ ઉમ્મતે મુસ્લિમાના દિલનો અવાજ છે.

જો પઢનારો તેના અર્થ તથા ભાવાર્થ અને તેના દરેક શેઅરના બેકગ્રાઉન્ડ તથા તેમાં વર્ણવેલ મહાન બનાવથી માહિતગાર હોય તો શોખમાં બમણો વધારો થઈ જાય છે. એ જરૂરતને પૂરી કરવા માટે આપના હાથોમાંની આ કિતાબમાં કોશિશ કરવામાં આવી છે.

## ★ 'સલામે રઝા'ના બારામાં ઈલ્મવાળાઓની રાય ★

આ સલામનો ઈલ્મી હુસ્નો જમાલ તથા તેની આમ મક્બૂલિયત પર નામવાર ઈલ્મવાળાઓની રાય જુઓ :

૦૧. મહાન મુહક્કિક઼ 'શમ્સ' બરેલ્વી ''કલામે રઝા કા તેહક઼ીક઼ી ઔર અદબી જાઈઝા''માં લખે છે : ખામએ રઝા અને તબએ રઝા قُدِّسَ سِرُّہٗ الْعَزِیْز એ ૧૭૦ સલામ પેશ કર્યા છે. તે સલામોમાં નબુવ્વતના અવસાફ઼ (ખૂબીઓ), સરવરે કૌનેન ﷺના મહાન મર્તબાઓ અને હુઝૂર ﷺના સરાપાએ અક઼દસને હુસ્નો ખૂબી સાથે પેશ કર્યું

છે, તેની શું વાત કરું અને એ શેઅરોની શું ખૂબીઓ વર્ણન કરું ! એક અર્થો ભાવાર્થોનો દરિયો મોજાં મારી રહ્યો છે અને એક ફિક્રે ગ્વાસ (ડૂબકી મારનાર) છે જે નબુવ્વતના દરિયામાં અશિતય ખુલૂસ સાથે ડૂબકી મારે છે અને નબવી કમાલોના પાણીદાર મોતીઓને માથાના તાજની શોભા બનાવીને આ મોજાં મારતા સમુદ્રમાંથી માથુ કાઢે છે અને પછી બીજા પાણીદાર મોતીની તલાશમાં ડૂબકી મારે છે અને ફરી એક અર્થો ભરેલ મોતીવાળા છીપલાની તલાશમાં કામયાબ થઈને ખુશી ખુશી ઉપર ઉભરી આવે છે અને કમાલે નબુવ્વતના દરે બેમિષાલ કોશિશ કરે છે. આમ તો એ સર્વ ૧૭૦ શેઅરોનો સંગ્રહ પાકી તથા સલામનો એક હસીન ગુલદસ્તો છે, પરંતુ સુખનનો કમાલ જુઓ કે દરેક શેઅરમાં સલામ પેશ કરે છે અને નબુવ્વતના કમાલની એક નવી દિશા રજૂ કરે છે.

**૦૨.** સલામે રઝા પર તઝીમન લખનાર નામવર શાઈર મૌલાના સૈયદ મુહમ્મદ મરગૂબ અખ્તર અલ્હામિદી સલાસતે ઝબાન વ ઝોરે બયાનના ટાઈટલ્સ હેઠળ લખે છે :–

રોજ બરોજના મુહાવરાઓની સાથે આ'લા હઝરતનું પૂરુ કલામ ઝબાનની સાદગી તથા જોરે બયાનનો સંગમ છે. આપનો મશહૂર સલામ ''મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ'' જેના ૧૭૨ શેઅરો છે. તેનો દરેક શેઅર મોતીઓમાં તોલવાને પાત્ર છે તેમજ સાદગી તથા રવાની અને જોરે બયાનમાં પોતાનો જવાબ નથી ધરાવતો. આ સલામના એક એક શેઅરમાં મહબૂબે મદીના ﷺની અદાઓ શબ્દોના મોતીઓ વડે એવી રીતે ગુંથી છે જેને જોઈને દિલ બાગ બાગ થઈ જાય છે. સરકારે મદીના ﷺના સરાપાનો તથા બાળ પણથી નબુવ્વતના દૌરનો નક્શો એ રીતે ખેંચ્યો કે જેને દાદ આપવા માટે શબ્દો નથી મળતા. હુઝૂર સરવરે આલમ ﷺની પૂરી સીરત સામે આવી જાય છે. *(ઈમામે નઅત ગોયાં–૬૪)*

**૦૩.** ઈક્બાલિયાતના મશહૂર ફાઝિલ પ્રોફેસર યૂસુફ સલીમ ચિશ્તી આ કસીદા સલામિયાના બારામાં લખે છે : ''મૌલાના અહમદ રઝખાં બરેલ્વીએ સરકારે અબદ કરાર, ઝુબ્દએ કાઈનાત, ફખ્રે મૌજૂદાત હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની બારગાહમાં જે નઝમ સ્વરૂપે સલામ પેશ કર્યો હતો તેને યકીનન કબૂલિયતનો શરફ હાંસલ થઈ ગયો, કેમ કે હિંદ તથા પાક.માં કદાચ જ આશિકે રસૂલ એવો હશે જેણે તેના બેચાર શેઅરો હિફઝ ન કરી લીધા હોય.'' *(નિદાએ હક્ક, જૂન–ઈ.સ. ૧૯૬૦, પેજ : ૩૧)*

**૦૪.** હફીઝ જલંધરી મર્હૂમની નઅતિયા શાઈરી પર રિવ્યુ આપતાં મશહૂર કોલમ લેખક મિયાં મુહમ્મદ શફીએ આ સલામના બારામાં લખે છે : અખંડ ભારતના મુસલમાનોમાં ઈસ્લામી સમજ ઉભારવામાં અને મુસલમાનોની નવી નસલને ઈસ્લામી કદરોથી માહિતગાર કરવામાં હફીઝની શાઈરીએ એવો કિરદાર (રોલ) અદા કર્યો કે જે આ સદીના બીજા કે ત્રીજા દસકામાં અહલે સુન્નત વ જમાઅત આ'લા હઝરત અહમદ રઝાખાં બરેલ્વીએ નઅતિયા કલામ અને તેહરીકે રાબતાએ મુસ્લિમ અવામના થકી મુસલમાનોના સીનામાં ઈશ્કે મુહમ્મદ ﷺની આગ રોશન કરવામાં અદા કર્યો હતો. જેવી રીતે અંખડ ભારતના દૂર દૂરના ગામડાંઓ આ'લા હઝરતના સલામના આ વાકયો ''મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ'' પાછલી અડધી સદીથી ગુંજતા રહ્યાં છે એ જ પ્રમાણે હફીઝના ''શાહનામાએ ઈસ્લામ''ના શેઅરો મસ્જિદો તથા મક્તબોથી તેમની

ખાસ તર્ઝમાં પાછલી ચોથાઈ સદીથી અધિક આપણા જેવા લોકોના દિલોની ધડકનની સદા બનીને બુલંદ થતા રહ્યા છે. *(રોઝાનામા નવાએ વક્ત, લાહોર, ૨૨ નવે. ૧૯૩૭)*

૦૫. મલિક શેર મુહમ્મદ અઅ્વાન આપની સલામના બારામાં આ પ્રમાણે કહે છે : હુઝૂર સરવરે આલમ قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ના માટે અગણિત શાઈરો થકી સલામ લખીને અક઼ીદતનો હદિયો પેશ કરવામાં આવ્યો પણ મૌલાના અહમદ રઝાખાંના સલામને કાંઈક એવી મક઼બૂલિયત નસીબ થઈ કે આજે દરેક મસ્જિદ એનાથી ગુંજી રહી છે." *(મૌલાના અહમદ રઝાખાં કી નઅતિયા શાઈરી, પેજ : ૨૬)*

ખરેખર આ સલામની મક઼બૂલિયતથી કોઈને ઈન્કાર નથી થઈ શકતો, કેમ કે દુનિયાનો ખૂણે ખૂણો એની મક઼બૂલિયત પર ન્યાયી સાક્ષી છે. ઈ.સ. ૧૯૭૩ની વાત છે. મદીના તયબહની હાજરી અને ઉમરા માટે રવાનગીથી પહેલાં કરાંચીમાં અમે અમારા શયખ પીરે તરીક઼ત કુત્બે વક઼્ત સૈયદના તાહિર અલાઉદ્દીન ક઼ાદરી જીલાની قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, હુઝૂર ! અમો દરબારે રિસાલત મઆબમાં કઈ રીતે સલામ અર્ઝ કરીએ ? આપે ફર્માવ્યું, "તે લોકો જો કે પસંદ નથી કરતા, પણ છતાંય તમે પઢો : "મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ."

## ★ શેઅરોની સંખ્યા ★

આ મુબારક સલામના અશ્આરની સંખ્યા કેટલી છે ? એના બારામાં બે મંતવ્યો છે :–

૦૧. જનાબ શમ્સ બરેલ્વીની નજીક એની સંખ્યા એકસો સિત્તેર (૧૭૦) છે. મૌસૂફ લખે છે : ખામાએ રઝા અને તબઅે રઝા قُدِّسَ سِرُّہُ الْعَزِیْز એ ૧૭૦ સલામ પેશ કર્યા છે. .......આમ તો એ તમામ શેઅરોનો સંગ્રહ તહિય્યહ તથા સલામનો એક હસીન ગુલદસ્તો છે. *(કલામે રઝા કા તહક઼ીક઼ી જાઈઝા, પેજ : ૬૦)*

પરંતુ મૌસૂફની તેહક઼ીક઼ની સાથે હદાઈકે બખ્શિશનો જે નુસ્ખો મદીના પબ્લિશિંગ કંપની–કરાંચીએ જુલાઈ ૧૯૭૬માં પ્રસિદ્ધ કર્યો એમાં સલામના શેઅરો ૧૬૭ છે.

૦૨. સલામે રઝા પર મશહૂર તઝમીન લખનાર નામવર શાઈર મૌલાના સૈયદ મુહમ્મદ મરગૂબ અખ્તર હામિદીની નજીક શેઅરોનો સંખ્યા ૧૭૨ છે. લખે છે :–

"આપનો મશહૂર સલામ "મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ" જેના ૧૭૨ શેઅરો છે, તેનો દરેક શેઅર મોતીઓમાં તોલવાને પાત્ર છે." *(ઈમામે નઅત ગોયાં, પેજ : ૬૪)*

તેમણે તઝમીન પણ ૧૭૨ શેઅરોમાં લખી છે. હદાઈકે બખ્શિશના ઉપર વર્ણવેલ નુસ્ખામાં જે પાંચ શેઅરો નથી તે આ છે :–

૦૧. *મત્લએ હર સઆદતપે અસ્અદ દુરૂદ–મક઼્તએ હર સઆદતપે લાખોં સલામ*

૦૨. *વસ્ફ જિસ્કા હૈ આઈનએ હક્કનુમા–ઉસ ખુદા સાઝ તલ્અતપે લાખોં સલામ*

૦૩. *ઉસ્કી બાતોં કી લઝ્ઝતપે લાખોં દુરૂદ–ઉસકે ખુતબે કી હયઅતપે લાખોં સલામ*

*૦૪. એઅ્તેલાએ જબલત પે આલી દુરૂદ–એઅ્તેદાલે તવિયત પે લાખોં સલામ*

*૦૫. અલ્ગરઝ ઉનકે હર મૂપે લાખોં દુરૂદ–ઉનકી હર ખૂ વ ખસ્લત પે લાખોં સલામ*

તઝમીનના શેઅરમાં બે વાર ૯૮ નંબર અને ૧૦૮ નંબર આવેલ છે, જ્યારે કે હદાઈકે઼ બખ્શિશમાં કેવળ એકવાર જ છે. તઝમીનમાં જેવી રીતે આ શેઅર પહેલીવાર લાવવામાં આવ્યો છે, જ્યારે કે હદાઈકે઼ બખ્શિશમાં કેવળ એક જગા પર આ શેઅર છે :–

*લુત્ફે બેદારીએ શબપે બેહદ દુરૂદ–આલમે ખ્વાબે રાહતપે લાખોં સલામ*

જો તઝમીનમાં તકરાર (દોહરાવવું)ને કાઢી નાખવામાં આવે તો તેમાં પાંચને બદલે ચાર શેઅરો અધિક છે, જેથી કુલ શેઅરો ૧૭૧ થશે. શક્ય છે શમ્સ સાહબે કસરને જાણી જોઈને ત્યજી દીધી હોય.

## ★ સલામે રઝાની વિશિષ્ટતાઓ ★

ઈમામે અહલે મહ઼બ્બતના સલામની વિવિધ વિશિષ્ટતાઓ છે, એમાંથી અમુક આ પ્રમાણે છે :–

**૦૧.** આ ઉર્દૂ સલામોમાંથી સૌથી લાંબી સલામ છે. તેના ૧૭૧ શેઅરો છે.

**૦૨.** એમાં હુઝૂર ﷺના સરાપાનું વર્ણન પણ છે.

**૦૩.** આપની મુક઼દ્દસ અદાઓનું ખૂબ જ ખૂબસૂરત અંદાઝમાં વર્ણન છે.

**૦૪.** એ કે આપની ઝાતે અક઼દસના સિવાય આલ, અસ્હાબ, અવલિયા અને તમામ ઉમ્મત પર સલામ છે.

**૦૫.** દરેક શેઅરમાં કુર્આન તથા હદીષની તા'લીમાત ખૂબ જ સરસ અંદાઝમાં વર્ણવી દેવામાં આવી છે.

**૦૬.** આ સલામ આપની સૂરતના બયાનની સાથોસાથ સીરતે નબવીનો શાહકાર છે.

**૦૭.** એના શેઅરોમાં ઈસ્લામી ઈતિહાસના મહાન બનાવોને અનોખા અંદાઝમાં વર્ણવવામાં આવેલ છે.

**૦૮.** એમાં સરાપાનું વર્ણન કરતી વખતે ઉર્દૂના તે જ શબ્દોની પસંદગી કરવામાં આવી છે જે અરબીમાં વપરાયા હતા.

**૦૯.** આટલો મક઼બૂલ કોઈ સલામ નથી.

**૧૦.** હુઝૂર ﷺના મહાન મો'જિઝાઓનું વર્ણન પણ ખૂબ જ સરસ અંદાઝમાં કરવામાં આવેલ છે.

**૧૧.** એના દરેક શેઅરનો અર્થ કોઈ ન કોઈ આયતે કુર્આની અથવા હદીષથી કાઢેલ છે.

## ★ સલામની ગોઠવણી ★

**૦૧.** પ્રથમ ૩૦ **શેઅરો**માં હુઝૂર ﷺની વિશિષ્ટતાઓ, કમાલો તથા મો'જિઝાઓની સાથોસાથ એ વાતને સ્પષ્ટ કરવામાં આવેલ છે કે આપની જાત અલ્લાહ તઆલાની સૌથી મોટી નેઅમત છે, અને આપનુ વજૂદે મસ્ઊદ બેમિષ્લ (અજોડ) અને દરેક ચીજના વજૂદની ઈલ્લત તથા સબબ છે.

**૦૨. ૩૧ મા શેઅરથી ૮૧** સુધી આપના સરાપાનું વર્ણન છે જેમાં દરેક અંગ, તેની ખાસ વિશિષ્ટતા અને તેના હુસ્નો જમાલ તથા બરકતોનું વર્ણન છે.

૦૩. **૮૨ થી ૯૩**માં આપની વિલાદતે બાસઆદત, બચપન, રઝાઅત (દૂધ પીવા વિશે), રઝાઈ મા, ભાઈ, બહેનની સાથે સંબોધનનું વર્ણન.

૦૪. **૯૧ થી ૯૯**નો હિસ્સો ખલ્વત (એકાંત) તથા ઝિક્ર ફિક્ર, બઅષત મુબારક, શાને સુતૂત અને દીનના ગલ્બા પર આધારિત છે.

૦૫. **૧૦૦ થી ૧૦૪** માં આપની ગઝવાતમાં શિર્કત અને જુર્અત તથા બહાદુરીનું વર્ણન છે.

૦૬. **૧૦૫ થી ૧૧૭** સુધી ખાનદાને નબવી તથા ગુલશને ઝહ્‌રાની ખુશ્બુથી મહેકી રહેલ છે.

૦૭. **૧૧૮ થી ૧૨૬** સુધી આપનાં અઝવાજે મુતહ્‌હરાતના દરજા તથા કમાલો પર આધારિત છે.

૦૮. **૧૨૭ થી ૧૪૩**માં સહાબા, ખુલફાએ રાશિદીન તથા અશ્રાએ મુબશ્શિરાની ખિદમતમાં સલામ છે.

૦૯. **૧૪૪ થી ૧૪૯**માં તાબઈન, તબે તાબઈન અને સર્વ આલે રસૂલ પર સલામ છે.

૧૦. **૧૫૦ અને ૧૫૧** આ બે શેઅરોમાં ચારેવ ઈમામો ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલનો મુબારક ઉલ્લેખ છે.

૧૧. **૧૫૨ થી ૧૫૫**માં સૈયદના ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં હાજરી છે.

૧૨. **૧૫૬ થી ૧૬૧**માં પોતાના સિલસિલાના મશાઈખનું વર્ણન છે.

૧૩. **૧૬૨ થી ૧૬૫**ના હિસ્સામાં સર્વ મુસ્લિમ ઉમ્મત, ખાસ કરીને અહલે સુન્નત, પોતાના મા બાપ, દોસ્ત, સ્નેહીઓ તથા ઉસ્તાદો માટે દુઆ છે.

૧૪. આ સલામની પૂર્ણાહૂતિ એ દુઆ પર રહી છે કે ખાલિક઼ તથા માલિક ! આ સલાતો સલામનો અમલ મને ક઼યામતના દિવસે એ રીતે નસીબ થાય કે જ્યારે રહ઼મતુલ્ લિલ્ આલમીન આક઼ા મેહશરમાં તશરીફ લાવે તો મને આ પ્રમાણે અર્ઝ કરવાની ઈજાઝત મળે : *મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ.* આવો ! હવે "સલામે રઝા"નો વિસ્તારપૂર્વક અભ્યાસ કરીને લુત્ફઅંદાઝ થઈએ.

*(મખ્દૂમે અહલે સુન્નત, શયખુલ હદીષ, અલ્લામા મુહમ્મદ અબ્દુલ હકીમ શરફ ક઼ાદરી رحمۃ اللہ علیہ)*

## શેઅરોનો ભાવાર્થ અને સ્પષ્ટતાનો ખુલાસો

**મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ**
**શમ્એ બઝ્મે હિદાયતપે લાખોં સલામ**

**અર્થાત :** હે અલ્લાહ તઆલાના ચહીતા, પસંદીદા અને અફઝલ તથા આ'લા રસૂલ ! અને રહમત તથા ઈમાનની જાન પ્યારા નબી ! صلی اللہ علیہ وسلم આપના પર લાખોં સલામ થાય. અને હે અંબિયા علیہم السلامના ગિરોહની મેહફિલની રોશની તથા શમ્અ ! આપ પર લાખોં સલામ થાય. અમીર ખુસરૂ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*ખુદા ખૂદ મીરે મજલિસ બુવદ અંદર લામકાં ખુસરૂ–મુહમ્મદ શમ્એ મેહફિલ બુવદ શબે જાઈકે મન બૂદમ*

સલામના દરેક શેઅરનો ભાવાર્થ લખ્યા બાદ જે શેઅર પર મૌલાના સૈયદ મુહમ્મદ મરગૂબ અખ્તર હામિદી સાહબની તથા સૈયદ હબીબ અહમદ હબીબ સાહબની તઝમીન મયસ્સર થઈ છે તે પણ (ઘણા ઠેકાણે) લખવામાં આવશે અને બાદમાં સૈયદ હબીબશાહ સાહબની. અત્યારથી દિમાગમાં બેસાડી લો જેથી દરેક તઝમીનની સાથે અમારે લખવાની જરૂરત ન પડે.

## ★ દુરૂદો સલામનો મક઼ામ તથા મર્તબો ★

كان الناس يقولون اذا دخلو المسجد صلى الله و ملائكته على محمد السلام عليك ايها النبي ورحمة وبركاته

"જ્યારે લોકો મસ્જિદમાં દાખલ થતા તો કહેતા, અલ્લાહની રહ્મત તથા ફરિશ્તાઓના દુરૂદો સલામ નાઝિલ થાય નબી અકરમ ﷺની જાત પર." *(નસીમુર્રિયાઝ, શરહે શિફા, બતઆરિફે હુક઼ૂકુલ મુસ્તફા, ૩/૫૨૧)*

એ જ જિલ્દના પેજ–૪૯૯ હાશિયા પર છે કે હુઝૂર ﷺનું સલાતો સલામ સાંભળવું કોઈ ખાસ જગા કે ખાસ સમયની સાથે ખાસ નથી. الا طلاق شامل لكل زمان و مكان من خص الردّ بوقت الزيارة فعليه البيان જે એની વિરુદ્ધ કહે (એટલે કે કેવળ રોઝા પાક પર હાજરી વખતે જ હુઝૂર ﷺ સાંભળે છે) એને સાબિત કરવું લાઝમી છે.

તઝકેરતુલ વાઈઝીન પેજ–૩૬૦ પર છે કે એકવાર હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیهم اجمعینને સદક઼એ ફિત્ર માટે પ્રોત્સાહિત કર્યા તો માલવાળાઓએ માલને લૂટાવવો શરૂ કરી દીધો. જ્યારે કે હઝરત અબૂઝર ગફ઼્ફ઼ારી رضی اللہ عنہ હુઝૂર ﷺની પાછળ બેસીને કાંઈક પઢતા રહ્યા. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ તેમને પૂછયું, હે અબૂઝર ! તમે શું પઢી રહ્યા છો ? અર્ઝ કરી, હુઝૂર ! માલવાળા માલ લૂટાવી રહ્યા છે, મારી પાસે માલ નથી જેથી હું આપના પર દુરૂદો સલામનાં ફૂલ નિછાવર કરી રહ્યો છું. આપ ﷺએ ફ઼ર્માવ્યું, હે અબૂઝર ! તારી નેકીઓનો માલવાળાઓની નેકીઓ મુક઼ાબલો નથી કરી શકતી. اللّٰهم تصلّى وتسلم على محمد اذ خلقك يفنى

*અહલે અમલ તો અપને અમલ પર હૈં મુત્મઈન–આ'ઝમ કો કૌન દે સકા સહારા તેરે બગૈર*

અખ્બારુલ અખ્યારમાં હઝરત શયખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે કે હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની બારગાહમાં રઈસ નામનો એક શખ્સ હાજર થયો અને તેણે અર્ઝ કરી, હે ખ્વાજા ! આપ દરરોજ રાત્રે ત્રણ હજાર વાર હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ઝાતે બાબરકત પર દુરૂદો સલામ પઢયા કરતા હતા, જે ત્રણ દિવસોથી આપ નથી પઢી રહ્યા તો તેનું કારણ શું છે ? આપ ઘણા જ આશ્ચર્યમાં પડી ગયા, કેમ કે આપે એના બારામાં કોઈને કાંઈ પણ જણાવ્યું ન હતું, જેથી આપે એ રઈસને પૂછયું કે તને કેવી રીતે ખબર પડી કે હું દરરોજ ત્રણ હજારવાર દુરૂદ શરીફ પઢીને સૂવું છું ?! અને બીજુ એ કે મેં ત્રણ દિવસથી નથી પઢયું ?! તો તેણે અર્ઝ કરી કે મને રાતે હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ છે (કેવળ આપના દુરૂદ શરીફના કારણે) અને આપે મને ફ઼ર્માવ્યું છે કે સવારે કુત્બુદ્દીનની પાસે જઈને તેમને મારો આ પયગામ આપી દે જો કે ત્રણ દિવસોથી તમારો આ તોહફો અમને કેમ નથી મળી રહ્યો ?! સુબ્હાનલ્લાહ ! જેમના દુરૂદો સલામના તોહફાના કારણે બીજાઓને દીદારે નબી હાંસલ થઈ રહ્યો છે તો તેમનો પોતાનો હાલ શું હશે !

**જરૂરી નોંધ** : અરબવાસીઓમાંથી એક વિવેચન કરનારે દુરૂદો સલામના બારામાં એક અજીબ મુદ્દો વર્ણન કર્યો છે. ફર્માવે છે કે કોઈ શખ્સ જો તમને જંગલમાં મળે અને તમે નથી જાણતા કે એ ચોર ડાકૂ છે કે શરીફ માણસ છે, જો તમારે એના બારામાં જાણવું છે કે કેવો માણસ છે તો જુઓ, જો તે તમને સલામ કહે તો ચોર ડાકૂ નહીં હોય. કેમ કે સલામ તો સલામતીની દુઆ છે અને ચોર ડાકૂ તો બર્બાદી લઈને આવે છે, ન કે સલામતી. હવે જાણવા મળ્યું કે અમુક લોકોને દુરૂદો સલામ કેમ સારું નથી લાગતુ ! જ્યારે મહોબ્બતવાળાઓનું ઈમાન છે કે :–

*મેરી ઝબાં પે જબ તક દુરૂદો સલામ રહતા હૈ–મૈં સમઝતા હૂં કે મુઝસે ખુદા હમકલામ રહતા હૈ*

**મહરે ચરખે નબુવ્વત પે લાખોં સલામ**
**ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ**

**અર્થાત** : રિસાલત તથા નબુવ્વતના આસ્માનના ચમકતા સૂરજ અને નૈયરે તાબાં આપણા પ્યારા આક઼ા વ મૌલા ﷺની ઝાતે બાબરકત પર ચમકતુ રોશન તથા નૂરાની દુરૂદે પાક નાઝિલ થયું અને ગુલશને રિસાલતના મહેકતા ફૂલ, રસૂલોના રસૂલ અને અલ્લાહ તઆલા પ્યારા મહબૂબ ﷺની ઝાતે અક઼દસ પર લાખો સલામ થજો, કેમ કે નબુવ્વત તથા રિસાલતના ગુલશનમાં આપના ખીલવાથી એવી વસંત આવી કે આપના પછી કોઈ ગુંચાને ચટકવાની (નવો નબી આવવાની) ગુંજાઈશ બાકી ન રહી.

اللهم صلی علی من ختمت به الرسالة وایدته بالنصر و الکوثر والشفاعة۔ صلی اللہ علیه وسلم

કુર્આન મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે : اِنَّ اللّٰہَ وَ مَلٰٓئِکَتَہٗ મેં مَلٰٓئِکَ ફરિશ્તાઓ બહુવચન છે. જેનો અર્થ છે કે અલ્લાહના સર્વ ફરિશ્તા એટલે કે એક પણ ફરિશ્તો આ હુકમથી બહાર નથી. જેમ કે امنت باللّٰہ و ملائکته و کتبه ورسلهમાં સર્વ ફરિશ્તા, સર્વ કિતાબો, સર્વ રસૂલો મુરાદ છે. એ જ પ્રમાણે અહીં પણ છે. કોઈના દિમાગમાં એ ખયાલ ન આવે કે કદાચ અમુક ફરિશ્તા કોઈ અન્ય ડયૂટી અંજામ આપવાના કારણે આ હુકમમાં સામેલ નહીં હોય. ફર્માવ્યું, નહીં ! નહીં ! આ નેક નસીબીમાં કોઈ પણ પાછળ નથી. બાક઼ી કામ ભલે મારી ઈબાદતનાં જ કેમ ન હોય, તેની વહેંચણી થઈ શકે છે કે કોઈ રુકૂઅમાં છે કોઈ પેદા થવાથી લઈને આજ સુધી અને આજથી ક઼યામત સુધી સજદામાં પડેલો છે, તો કોઈ ક઼યામમાં ઉભો છે, પણ આ વહેંચણી દુરૂદો સલામમાં નથી. આ સઆદત સૌને અતા કરવામાં આવી છે. કેમ કે જમા (બહુવચન) જ્યારે ઝમીરની તરફ મસાફ હોય તો દરેક વ્યક્તિ એમાં સામેલ હોય છે.

સલાતનો એક અર્થ રહમતની દુઆ છે. કુર્આન મજીદમાં ફર્માવ્યું છે :–

اِنَّ صَلٰوتَکَ سَکَنٌ لَّھُمْ "બેશક ! હે મહબૂબ ! તારી દુઆથી તારા સહાબાને સુકૂન મળે છે."

જ્યારે હુઝૂર ﷺની સલાતથી સહાબાને સુકૂન મળે છે તો અલ્લાહ તઆલાની સલાત (રહ઼મત)થી હુઝૂર ﷺને કેટલુ સુકૂન મળતુ હશે. અને વળી અલ્લાહ અને તેના ફરિશ્તા તો ખૂબ જ અધિક પ્રમાણમાં સલાત મોકલે છે. یُصَلُّوْنَ عَلَی النَّبِیِّનો એ જ તકાઝો છે. તો જ્યારે કોઈને અતિ અધિક પ્રમાણમાં ફૈઝ મળતો રહે તો ઝાત જો કે

તે જ રહે છે પણ સિફતો ક્યાંથી ક્યાં થઈ જાય છે. લોખંડને વધુ વાર આગમાં રાખો તો તેનો રંગ તથા કામ તે જ થઈ જશે જે આગનું છે. જેમ કે આપણા આકા ﷺ પણ કષરતે ફયઝના કારણે અબ્દ થઈને ખુદાઈ કામ કરવા લાગ્યા. પેલી બાજુ ઝિક્રે ઈલાહીથી દિલોને સુકૂન નસીબ થાય છે. اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ આ તરફ પૂરી કાઈનાતનું સુકૂન હુઝૂર ﷺના કદમોમાં રાખી દેવામાં આવ્યું છે. આપની ઝાત, આપનો ઝિક્ર અને આપની દુઆઓ અને આપના પર દુરૂદ શરીફ પઢવું સુકૂનનો સબબ છે. અલ્લાહ તઆલાએ એટલા અધિક પ્રમાણમાં આપ ﷺ પર રહમત નાઝિલ ફર્માવી કે આપને સરાપા રહમત બનાવી દીધા. وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ હવે હુઝૂર અલ્લાહથી રહમત લઈ રહ્યા છે અને જમાનો હુઝૂરથી રહમત પામી રહ્યો છે. અને انما انا قاسم والله يعطىનો ઈર્શાદ પૂરો થઈ રહ્યો છે. ન એ બાજુથી અતા બંધ થશે وَمَا كَانَ عَطَآءُ رَبِّكَ مَحْظُوْرًا અને ન આ બાજુથી વહેંચણીનો ક્રમ બંધ થશે. આજે પણ હુઝૂર ﷺ પર દુરૂદ શરીફ પઢનારાઓને એજાઝો, નવાઝિશો તથા ઈનામો મળી રહ્યાં છે. ડો. ઈકબાલને ડો. અબ્દુલમજીદ મલિકે પૂછયું, તમારી વાતો તો સાદી સાદી જ હોય છે પણ એમાં અસર ઘણો હોય છે. વળી દુનિયામાં તારું મોટુ નામ થઈ ગયું છે. કોઈ તને શાઈરે મશ્રિક કહે છે, તો કોઈ હકીમુલ ઉમ્મત કહે છે, તો એનું શું કારણ છે ? તો ડો. ઈકબાલે ફર્માવ્યું, એનો સબબ એ છે કે મેં પૂરા એક કરોડવાર હુઝૂર ﷺની બારગાહમાં દુરૂદો સલામ પેશ કર્યા છે. *(રોઝનામા નવાએ વક્ત, ૧૨–એપ્રિલ, ૧૯૮૮)*

صَلَّى اللّٰهُ عَلَى النَّبِيِّ الْاُمِّيِّ وَاٰلِهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَلٰوةً وَّ سَلَامًا عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ۔

એ જ પ્રમાણે એક હવાલો ડો. ઈકબાલના સમકાલિન મુહમ્મદઅલી સાહબના એક આર્ટિકલનો પણ છે, જે નવાએ વક્તમાં જ છપાયો હતો.

*અસ્સલાતુ વસ્સલામ અય નૂરે બઝ્મે અવ્વલીન–અસ્સલાતુ વસ્સલામ અય શાહે ખત્મુલ મુરસલીન*
*અસ્સલાતુ વસ્સલામ અય નૂરે બઝ્મે અવ્વલીન–અસ્સલાતુ વસ્સલામ અય ઝીનતે અર્શે બરીં*
*અસ્સલાતુ વસ્સલામ અય રહમતુલ્લિઆલમીન*

## ★ ફરિશ્તાઓની સંખ્યા ★

અને વળી જુઓ اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا જુમ્લાએ ઈસ્મિયહ છે જે સમયની પાબંદીથી આઝાદ હોય છે. એટલે કે એમાં સર્વ જમાના સમાયેલ છે. મતલબ કે કોઈ સમય હશે તો يُصَلُّوْنَ અને કોઈ સમય ન હશે તો પણ اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ હવે ફરિશ્તાઓની સંખ્યા એટલી છે કે અલ્લાહ જ જાણે છે. وما يعلم جنود ربك الا هو તમામ રિવાયતોને મેળવવામાં આવે તો એક અંદાઝાના મુતાબિક કિરામન કાતિબીન અને હિફાઝતના ફરિશ્તાઓ સહિત દરેક બંદાની સાથે ત્રેસઠ ફરિશ્તા હોય છે. વરસાદના દરેક ટીપાની સાથે એક ફરિશ્તાનું ઉતરવું પણ સાબિત છે. અને બુદ્ધિ પણ એનો ઈન્કાર નથી કરતી, નહીં તો બંદૂકનો છળો વરસાદના ટીપા જેટલો જ હોય છે. તે એટલા જોરથી લાગે છે કે માણસ ઝખ્મી થઈ જાય છે. અને વરસાદ તો વળી આટલા દૂરથી આવે છે, તો એમાં બંદૂકના છળા કરતાં અધિક ફોર્સ હોવો જોઈએ. પણ

એ જ કારણ છે કે ફરિશ્તો જ લઈને આવતો હશે. જંગલમાં કોઈ શખ્સ જો બાજમાઅત નમાઝ પઢવા ચાહે અને હોય પણ એકલો તો અઝાન તથા ઈક઼ામત કહીને નમાઝ શરૂ કરી આપે, સેંકડો ફરિશ્તા આવીને સાથે ઉભા થઈ જશે અને તેને જમાઅતનો સવાબ મળશે અને વળી દરેક જગાએ દરેક હાલતમાં નમાઝની સલામ ફેરવતી વખતે અસ્સલામુ અલૈકુમ વ રહ઼મતુલ્લાહ કહેવામાં આવે છે, ચાહે નમાઝી એકલો હોય, તો તેનું કારણ એ છે કે ફરિશ્તાઓની નિય્યત કરવામાં આવે છે કે જેઓ મોટી સંખ્યામાં સાથે હાજર થઈ જાય છે. રોઝએ અન્વર પર સિત્તેર હજાર ફરિશ્તાઓનું સવાર સાંજ આવીને હાજરી આપવું પણ સાબિત છે. વળી જે એકવાર આવ્યો તો બીજીવાર ક઼યામત સુધી નહીં આવે એ પોતાની જગાએ દુરુસ્ત છે. આસ્માન પર ચાર આંગળીના બરાબર જગા એવી નથી જ્યાં કોઈ ન કોઈ ફરિશ્તો ઈબાદત ન કરી રહ્યો હોય. وملک واضع جبهته ساجد الله *(ઈબ્ને માજહ, પેજ : ૩૧૯)*

દલાઈલુલ ખૈરાતમાં છે કે જ્યારે કોઈ શખ્સ દુરૂદ શરીફ પઢે છે તો અલ્લાહ તઆલા એક ફરિશ્તો પેદા કરે છે જેનો એક બાઝૂ પૂર્વમાં હોય છે અને બીજો પશ્ચિમમાં, માથુ અર્શની સાથે અને પગો તહતુષ્ષરા પર. આ ફરિશ્તો અલ્લાહના હુકમથી એ દુરૂદ પઢનારના માટે અલ્લાહની રહ઼મતની દુઆઓ માગે છે.

બલ્કે ઝહતુર્રિયાઝ અને મુકાશફતુલ કુલૂબમાં એક રિવાયત આ પણ છે કે અલ્લાહ તઆલાએ એક એવો ફરિશ્તો પણ પેદા ફર્માવેલો છે જે તખ્ત પર બેઠો છે અને તેની આસપાસ સિત્તેર હજાર ફરિશ્તા હાથ બાંધીને ઉભેલા છે, અને તેની દરેક શ્વાસથી એક ફરિશ્તો પેદા થાય છે. આ જ ફરિશ્તો મેઅરાજની રાત્રે હુઝૂર ﷺના સ્વાગતના માટે ઉભો થયો ન હતો. તો અલ્લાહ તઆલાએ તેને એ સ્થાનથી હટાવીને, તેની પાંખોને તોડીને કોહે કાફમાં ઉતારી દીધો. અને જિબ્રઈલે અમીને તેને રડતો જોયો તો હુઝૂર ﷺની બારગાહમાં સિફારિશ કરી તો અલ્લાહના મહબૂબની દુઆએ અસર દેખાડી અને પછી દુરૂદ શરીફ પઢવા પર તે ફરિશ્તાને તે સ્થાન ફરીથી મળી ગયું.

*અસ્સલાતુ વસ્સલામ અય રોનકે દુન્યા વદીં—અસ્સલાતુ વસ્સલામ અય હામિયે દીને મતીં*
*અસ્સલાતુ વસ્સલામ અય રોનકે પેશવાએ મુરસલીં—અસ્સલાતુ વસ્સલામ અય સરવરે જન્નત મકીં*
*અસ્સલાતુ વસ્સલામ અય નૂરે હક઼્ક઼ નૂરે મુબીં*

અમુકે કિતાબોમાં દુરૂદ શરીફ પઢવા પર એક ફરિશ્તાનું પેદા થવું અને તેનું નહરે કૌષરમાં ડૂબકી મારવું અને પછી તેની પાંખોથી ટપકનારા પાણીના દરેક ટીપાથી એક ફરિશ્તો પેદા કરવાનું પણ વર્ણન છે. સારાંશ وما يعلم جنود ربك الاهو મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہના પેજ—૪૭ પર છે કે, ''હદીષમાં છે : મો'મિનના સીના બેકીનામાં એંસી પડદા હોય છે. જે કોઈ મો'મિનનું દિલ દુ:ખાવશે તે એ પર્દાઓ પાસે રહેનારા એંસી ફરિશ્તાઓને તકલીફ આપશે. ઈમામ રાઝી તફસીરે કબીરમાં લખે છે, સર્વ ઈન્સાન, જિન, પ્રાણીઓ, પક્ષીઓ, જળચરો એ કેવળ પૃથ્વીના પટ પરના ફરિશ્તાઓના દસમા ભાગ જેટલા છે. વળી એ સર્વ ફરિશ્તા આ સર્વ પૃથ્વીની મખ્લૂક઼થી મળીને પહેલા આસ્માનના ફરિશ્તાઓનો દસમો ભાગ છે. પછી આ જ ક્રમ સાતેવ આસ્માનો પર, પછી અર્શના પર્દાઓની સાથે અને અર્શે ઉઠાવનાર ફરિશ્તાઓની સંખ્યાની સરખામણીમાં એવા છે જેવી રીતે સમુદ્રની સરખામણીમાં એક ટીપુ. *(તફસીરે કબીર, ૨/૧૬૧)*

આ સર્વ ફરિશ્તા દરેક સમયે يُصَلُّوْنَ નો અમલ ચાલુ રાખી રહ્યા છે અને માસૂમ પણ છે. દરેક ફરિશ્તો માસૂમ છે. (لَا يَعْصُوْنَ اللّٰهَ مَآ اَمَرَهُمْ) ચાહે તેનો સંબંધ કર્રુબિયાંના ગિરોહથી હોય કે અર્શ ઉઠાવનારાઓથી હોય, (اَلَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ) બદરમાં ઉતારનારાઓથી હોય, મુર્દિફીન હોય, મુન્ઝિલીન હોય, મુસવ્વિમીન, બયતુલ મામૂરનો તવાફ કરનાર હોય, રુકને યમાનીની પાસે ઉભા રહેનાર સિત્તેર ફરિશ્તા જેઓ ઈમાનવાળાની દુઆ પર આમીન કહે છે, તમામે તમામ માસૂમ છે, અને પોતાની માસૂમાના ઝબાન વડે અલ્લાહ અલ્લાહના મહબૂબની ઝાત પર દરેક સમયે દુરૂદો સલામનો અમલ ચાલુ રાખેલ રહે છે. કોઈ જે હાલમાં હોય તે આ અમલ ચાલુ રાખેલ સ્થિતિમાં છે. કોઈ રુકૂઅ કે કયામમાં છે તો ત્યાં દુરૂદ પઢી રહ્યા છે. આપણે જ્યારે ઉભા રહીને દુરૂદો સલામ પઢીએ છીએ તો કયામવાળા ફરિશ્તાઓનું અનુસરણ થઈ જાય છે અને જ્યારે બેસીને પઢીએ છીએ તો કાઈદાવાળાઓની માફક થઈ જાય છે.

صلوت اللّٰه وملائکته وانبیائه ورسله وجمیع خلقه علی محمد وال محمد وعلیه وعلیهم السلام ورحمته اللّٰه وبرکاته

*અસ્સલાતુ વસ્સલામ અય માલિકે કોનો મકાં–અસ્સલાતુ વસ્સલામ અય બાદશાહે દો જહાં*
*અસ્સલાતુ વસ્સલામ તાજદારે ઈન્સો જાં–અસ્સલાતુ વસ્સલામ અય બાદશાહે ખાતિમે પયગંબરાં*

**શહરે યારે ઈરમ તાજદારે હરમ**
**નવ બહારે શફાઅત પે લાખોં સલામ**

**અર્થાત** : જન્નતના બાદશાહ અને કા'બા મુકર્રમા તથા મોઅઝ્ઝમાના ફર્માંરવા હબીબે કિબ્રીયા અને રોઝે મેહશર ગુનેહગારો, સિયાહકારોના માટે બલ્કે તમામ અહલે મેહશરના માટે રોનકો તથા ખુશીઓનો સામાન કરનાર આકા પર લાખો દુરૂદો સલામ થાય.

આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, મહશરના દિવસે રિઝવાને જન્નત તમામ મેહશરવાળાઓને કહેશે : ان للّٰه امرنی ان ارفع مفاتیح اجنة الی محمد (ﷺ) "અલ્લાહે મને જન્નતની ચાવીઓ શહરે યારે ઈરમ ﷺને સુપરત કરવાનો હુકમ આપ્યો છે." *(મદારિજુન્નબુવ્વત, ૧/૨૬૬)*

અને આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, ومفاتیح الجنة یوم القیمة بیدی ولافخر "કયામતના દિવસે જન્નતની ચાવીઓ મારા હાથમાં હશે, અને ગર્વથી નથી કહેતો."

દુનિયામાં પણ જન્નત આપના કબજામાંથી બહાર ન હતી પણ આપે ગયબને ગયબ જ રહેવા દીધું. એકવાર સલાતે ખુસૂફના મોકા પર આપનુ મુસલ્લાથી આગળ વધવું પછી પાછા હટવું અને પછી સહાબાએ કિરામના પૂછવા પર ફર્માવ્યું : انی رایت الجنة فتنا ولت منها عنقودا ولاا اخذته لا کلتم مابقیت الدنیا "મેં આ જગાએ (ઉભા રહીને) જન્નતને જોઈ લીધી. તેના ઝાડોથી અમુક ઝુમ્ખા પણ પકડી લીધા. જો તે ઝુમ્ખા તોડી લાવત તો તમો આખી જિંદગી ખાતા રહેતા અને દુનિયા ખત્મ થઈ જાત પણ તે ખત્મ ન થાત." *(મુસ્લિમ શરીફ બાબે સલાતુલ ખસૂફ)*

આ હદીષ એની (જન્નત પર દુનિયામાં જ કબજાની) સાબિતીના માટે પૂરતી દલીલ છે. આપે સુતૂને હન્નાનાને જન્નતી ઝાડ બનાવી દીધું. *(દારમી–૫૫)*

*જિસ કી અઝમત પે સદકે વકારે હરમ–જિસકી ઝુલ્ફોં પે કુર્બાં બહારે હરમ*
*તોશએ બઝમે પરવરદિગારે હરમ–શહરે યારે ઈરમ તાજદારે હરમ*
*નબ બહારે શફાઅતે પે લાખોં સલામ*

**શબે અસ્રા કે દુલ્હાપે દાઈમ દુરૂદ**
**નવશએ બઝ્મે જન્નત પે લાખોં સલામ**

**અર્થાત :** મેઅરાજની રાતે આપણા આકા વ મૌલા ﷺ ફરિશ્તાઓની બારાતના દુલ્હા બનીને બારગાહે યઝીદમાં પહોંચ્યા તો અલ્લાહ તઆલાએ આપના પર પોતાની શાનના પ્રમાણે દાએમી (કાયમી) દુરૂદ મોકલ્યું અને જન્નતના સર્વ ગૃપોએ મહબૂબે ખુદાની બારગાહમાં લાખો સલામે મહબ્બત પેશ કર્યા. આ જ મુબારક પ્રસંગના ખુશીઓથી ભરપુર મોકા પર સરવરે અંબિયા ﷺને જન્નતની સરદારી પણ સોંપી દેવામાં આવી. આ શેઅર પર સૈયદ હબીબ અહમદ શાહ સાહબની તઝમીન જુઓ :–

*મેરે આકા વ મૌલા પે દાઈમ દુરૂદ–સબકે મલ્જા વ માવા પે દાઈમ દુરૂદ*
*નૂરે અર્શે મુઅલ્લા પે દાઈમ દુરૂદ–શબે અસ્રાર કે દુલ્હા પે દાઈમ દુરૂદ*
*નવ બહારે શફાઅત પે લાખોં સલામ*

**અર્શ કી ઝેબો ઝીનત પે અર્શી દુરૂદ**
**ફર્શ કી તીબો નુઝહત પે લાખોં સલામ**

**અર્થાત :** આપણા પ્યારા નબી ﷺ મેઅરાજની રાતે અર્શે મુઅલ્લાની તમામ તર ખૂબસૂરતીઓ અને સાઝ સજાવટનો સબબ બન્યા અને અને મેહશરના દિવસની સર્વ ધૂમધામનો સબબ પણ હુઝૂર ﷺની ઝાત જ છે.

*ફકત ઈતના સબબ હૈ ઈન્એકાદે બઝ્મે મેહશર કા–કે તુમ્હારી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ*

એટલા માટે આપ જ્યારે અર્શ પર જલ્વાગર થયા તો આપના પર એવું દુરૂદો સલામ પેશ કરવામાં આવ્યું જે અર્શે આ'ઝમની શાનને લાયક "અર્શી દુરૂદ" હતું. જ્યારે હુઝૂર કેવળ અર્શની ઝીનત જ નથી ફર્શની તમામ પાકીઝગીઓ તથા ખુશ્બુઓનો સેહરો પણ આપના જ સરે અન્વર પર છે.

*અસ્સલાતુ વસ્સલામ અય સૈયદે ખૈરુલ બશર–અસ્સલાતુ વસ્સલામ અય માલિકે શમ્સો કમર*
*અસ્સલાતુ વસ્સલામ અય સૈયદે હામિલે ફતહો ઝફર–અસ્સલાતુ વસ્સલામ અય માલિકે બેકસોં કે ચારાગર*

**નૂરે અયને લતાફત પે અલ્તફ દુરૂદ**
**ઝેબો ઝીને નઝાફત પે લાખોં સલામ**

**અર્થાત :** સરાપા નૂર, હકીકી પાકીઝગી અને પયકરે તહારત વ મુજસ્સમાએ નઝાફત વ લતાફતે નૂર અહમદે મુજતબા જનાબ મુહમ્મદ મુસ્તફા ﷺની ઝાતે અન્વરો અકદસ પર નઝકાતો તથા લતાફતોવાળુ દુરૂદ તથા રહમત થાય અને પાકીઝગીને હુસ્ન અતા કરનાર પ્યારા આકા પર લાખોં સલામ હજો.

*અસ્સલાતુ વસ્સલામ અય નૂરે ઝાતે કિર્દગાર–અસ્સલાતુ વસ્સલામ અય દો જહાં કે તાજદાર*
*અસ્સલાતુ વસ્સલામ અય બાદશાહે ઝી વક઼ાર–અસ્સલાતુ વસ્સલામ અય સરવરેવાલા તબાર*

**સરવે નાઝે ક઼દમ મગ઼ઝે રાઝે હિકમ**
**યક્કા તાજે ફઝીલત પે લાખોં સલામ**

**અર્થાત :** આપણા આક઼ા ﷺનો સરાપાએ અક઼દસ શાહકારે કુદરત છે અને આપની ઝાતે બાબરકાત કુદરતના રહસ્યોનો ખજાનો તથા ઉગમ સ્થાન છે. તમામ મખ્લૂક઼ પર અગ્રતા, ઉચ્ચતા તથા ફઝીલત લઈ જનાર મહબૂબે ખુદા પર લાખોં સલામ થાય.

*અસ્સલાતુ વસ્સલામ અય સૈયદે ખૈરુલ અનામ–અસ્સલાતુ વસ્સલામ અય જિન્નો ઈન્સાં કે ઈમામ*
*અસ્સલાતુ વસ્સલામ અય સરવરે આલી મક઼ામ–અર્ઝ કરતા હૈ અદબસે આપ કા 'સાબિર' ગુલામ*

**નુક઼્તએ સિર્રે વહદત પે યક્તા દુરૂદ**
**મર્કઝે દૌરે કષરતપે લાખોં સલામ**

**અર્થાત :** તૌહીદના રાઝોના નુક઼્તા પર બેમિષાલ તથા લાજવાબ દુરૂદો રહ઼મત થાય અને તમામ મખ્લૂક઼ના કેન્દ્ર તથા નુક઼્તએ કમાલ પર લાખો દુરૂદો સલામ થાય. આ તે મહબૂબે ખુદા ﷺ છે જે અલ્લાહ તઆલાના છુપા રાઝોના પ્રારંભ બિંદુ પણ છે અને સૃષ્ટિના સર્જનના અંતિમ બિંદુ પણ છે.

ઈર્શાદે બારી તઆલા છે : كنت كنزا مخفيا فاحببت ان اعرف فخلقت الخلق "હું એક છુપાયેલો ખજાનો હતો. મેં ચાહ્યું કે પહેચાનવામાં આવું તો મેં મખ્લૂક઼ને પેદા કરી અને પછી મખ્લૂક઼માં સૌથી પ્રથમ اول ما خلق الله نوری અલ્લાહે આપણા આક઼ા ﷺના નૂરને પેદા કર્યું.

**સાહિબે રજઅતે શમ્સ વ શક્કુલ ક઼મર**
**નાઈબે દસ્તે કુદરતપે લાખોં સલામ**

**અર્થાત :** ડૂબેલા સૂરજને પરત લોટાવનાર અને ચમકતા ચાંદને પોતાના નૂરની આંગળી વડે બે ટુકડા કરનાર આક઼ા ﷺ જે ખુદાઈ તાકતો અને સર્વ ઈખ્તિયારોમાં અલ્લાહ તઆલાના નાઈબે આ'ઝમ તથા ખલીફએ અકબર છે. આપની ઝાતે પુર અન્વાર પર લાખો સલામ થાય.

*જિસ્કે ક઼દમોં પે સજદે કરે જાનવર–મુંહસે બોલે શજર દેં ગવાહી હજર*
*વો હૈં મહબૂબે રબ માલિકે બહરો બર–સાહિબે રજઅતે શક્કુલ ક઼મર*
*નાઈબે દસ્તે કુદરત પે લાખોં સલામ*

**જિસ્કે ઝેરે લિવા આદમો મન સિવા**
**ઉસ સઝાએ સિયાદતપે લાખોં સલામ**

**અર્થાત :** મેહશરના મેદાનમાં લિવાઉલ હમ્દ (તારીફનો ઝંડો) આપણા હુઝૂર ﷺના દસ્તે અક઼દસમાં

હશે, જેની નીચે આદમ علیہ السلام પણ હશે અને તેમની સઘળી ઔલાદ પણ હશે. આવી અઝમત તથા શાનવાળા સૈયદુલ ખલાઈક઼ પર લાખો સલામ થાય.

*કિતની અરફ઼ા હૈ શાને હબીબે ખુદા—માલિકે દો સરા સરવરે અંબિયા*
*મુક઼્તદી જિસ્કે સબ, સબ કા જો મુક઼્તદા—જિસકે ઝેરે લિવા આદમો મન સિવા*
*ઉસ સઝાએ સયાદતપે લાખોં સલામ*

**અર્શ તા ફ઼ર્શ હૈં જિસકે ઝેરે નગીં**
**ઉસકી ક઼ાહિરે રિયાસત પે લાખોં સલામ**

**અર્થાત :** તહતુષ્ષિરાથી લઈને અર્શે મુઅલ્લા સુધી દરેક ચીજનો ઈખ્તિયાર આપણા આક઼ા ﷺને સોંપી દેવામાં આવ્યો અને દરેક ચીજ આપના ફ઼ર્માનના તાબે કરી દેવામાં આવી. (પછી ઝાડો આપના ઈશારા પર દોડતાં આવે છે, ચાંદ સૂરજ આપની વાત માને છે) મારા આક઼ા ﷺની એવી જબરદસ્ત હુકૂમત પર ખૂબ જ અરફ઼ા વ આ'લા લાખો દુરૂદો સલામ થજો.

*જિસ્કા ફ઼ર્માન ફ઼ર્માને જાં આફ઼રીં—પાક ક઼ાનૂન જિસ્કા કિતાબે મુબીં*
*વો જો હૈ મઝહરા હુકમુલ હાકિમીન—અર્શ તા ફ઼ર્શ હૈ જિસ્કે ઝેરે નગીં*
*ઉસકી ક઼ાહિરે રિસાસતપે લાખોં સલામ*

**અસ્લે હર બૂદ વ બહબૂદ તુખ્મો વજૂદ**
**ક઼ાસિમ કન્ઝે નેઅમત પે લાખોં સલામ**

**અર્થાત :** સર્વ જહાનની ભલાઈઓ બલ્કે કાઈનાતની જડ તથા પાયો મહબૂબ ખુદાની બાબરકત ઝાત છે અને આપ અલ્લાહની તમામ નેઅમતોને વહેંચનારા છે. આપની ઝાતવાલા સિફ઼ાત પર લાખોં દુરૂદો સલામ થાય.

*અસ્સલાતુ વસ્સલામ અય શાફ઼એ રોઝે જઝા—અસ્સલાતુ વસ્સલામ અય દાફ઼એ જુમ્લા બલા*
*અસ્સલાતુ વસ્સલામ અય મઝહરે ઝાતે ખુદા—અસ્સલાતુ વસ્સલામ અય ખાસએ રબ્બુલ ઉલા*

**ફ઼તહે બાબે નબુવ્વતપે બેહદ દુરૂદ**
**ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ**

**અર્થાત :** નબુવ્વત તથા રિસાલતની શરૂઆત પણ આપ ﷺની ઝાતથી થઈ *(كنت نبیا و ادم بین الروح و الجسد તિર્મિઝી)* અને આપને જ ખાતમુન્નબીય્યિન બનાવીને મબઊષ કરવામાં આવ્યા. આપ પર બેહદ બેહિસાબ દુરૂદ થાય અને આપ પર લાખો સલામ થાય.

**શરક઼ે અન્વારે કુદરત પે નૂરી દુરૂદ**
**ફ઼તક઼ે અઝહારે કુર્બતપે લાખોં સલામ**

*(શરક઼ = ચમકવું, ફ઼તક઼ = ખીલી જવું, અઝહર = કલીઓ)*

**અર્થાત :** અલ્લાહ તઆલાના અન્વારો તજલ્લિયાતનો ફયઝ અને નૂરાનિયત, ઝાતે મુહમ્મદ ﷺ છે અને ઝાતે બારી તઆલાના કુર્બની કલીઓ પણ આ જ વજૂદથી ખીલી. આપના પર નૂરવાળુ દુરૂદ થાય, કેમ કે આપ અલ્લાહના અન્વાર તથા તજલ્લિયાતના મઝહરે કામિલ છે. અને આપના પર લાખો સલામ થજો કેમ કે આપ કુર્બે ખુદાવંદીના ઝરીયા છો.

**બે સહીમ વ ક઼સીમ વ અદીલ વ મષીલ**
**જોહરે ફ઼ર્દે ઈઝ઼્ઝત પે લાખોં સલામ**

*(બેસહીમ = અનુપમ, બેમિષાલ, ક઼સીમ = ભાગીદાર, અદીલ = સમાન મર્તબાવાળા, મષીલ = એક સમાન, જોહર = અસલ)*

**અર્થાત :** આપણા આક઼ા ﷺની ઝાતેવાલા સિફ઼ાત તે છે કે આપનો ખાલિક઼ ખુદા હોવામાં બેમિષાલ છે અને આપ મુસ્તફ઼ા હોવામાં બેમિષાલ છો. આપ અલ્લાહ અલ્લાહ તઆલાની સર્વ મખ્લૂક઼માં અજોડ તથા અનુપમ છો. એટલા માટે તો અલ્લાહ તબારક વ તઆલાએ આપના બહેન ભાઈ પણ પેદા ન કર્યા કે કોઈ આ રિશ્તાના હવાલાથી પણ આપના સમાન ન થાય. આપનો સાયો પણ ન બનાવ્યો. કોઈ આપના જેવો પેદા થયો ન થશે. એ અજોડ આક઼ા ﷺ પર લાખો સલામ થજો જે ઈઝ઼્ઝત તથા અઝમત સાથે એ મક઼ામ પર બિરાજેલ છે જે કેવળ આપનો જ હિસ્સો છે.

**સિર્રે ગયબે હિદાયત પે ગયબી દુરૂદ**
**ઈત્રે જયબે નિહાયતપે લાખોં સલામ**

**અર્થાત :** ગયબના રાઝદારોને જાહેર કરનાર, ગયબની ખબરો આપનાર (નબી ﷺ) પર આલમે ગયબનું ખાસ દુરૂદ થાય અને આપનો સીનએ અક઼દસ જે કુદરતના રાઝોનો ખજાનો અને જન્નતની ખુશ્બુઓનો ખજાનો છે એ સીનાએ બેકીના પર લાખોં સલામ થજો.

**માહે લાહૂત ખલ્વતપે લાખોં સલામ**
**શાહે નાસૂતે જલ્વતપે લાખોં સલામ**

*(લાહૂત = ફ઼નાફ઼િલ્લાહનો મક઼ામ, નાસૂત = કાઈનાત, સૃષ્ટિ, જલ્વત = જાહેર)*

**અર્થાત :** આલમે લાહૂતના એકાંતોના માહે કામિલ પર લાખો દુરૂદ અને આલમે નાસૂતની જલ્વતોના બાદશાહ પર અલ્લાહ તઆલાના લાખો સલામ થજો.

**કન્ઝે હર બેકસો બે નવાપે દુરૂદ**
**હર્ઝે હર રફ઼્તા તાક઼તપે લાખોં સલામ**

*(કન્ઝ = ખજાનો, હર્ઝ = પનાહની જગા, રફ઼્તા, તાક઼ત = કમજોર)*

**અર્થાત :** દરેક બેસહારા, બેબસ અને મોહતાજના ખજાના અને રસૂલે યગાના (અજોડ) પર દુરૂદોની વર્ષા થાય અને દરેક કમજોર અશક્તની શરણગાહ, બંને જહાનોના શહેનશાહ પર લાખો સલામ થજો.

**પરતવે ઈસ્મે ઝાતે અહદ પર દુરૂદ**
**નુસ્ખએ જામઈય્યત પે લાખોં સલામ**

**અર્થાત :** અલ્લાહ રબ્બુલ આલમીનના ઈસ્મે જલાલતના પ્રતિબિંબ અને પરતવ (ફૈઝ) પર દુરૂદની વર્ષા થાય અને ઝાતે બારી તઆલાની સિફતોના કામિલ સમૂહ પર લાખોં સલામ થાય.

**મત્લએ હર સઆદત પે અસ્અદ દુરૂદ**
**મક્તએ હર સયાદત પે લાખોં સલામ**

**અર્થાત :** દરેક નેકબખ્તી તથા સઆદતમંદીનુ ઉગમ સ્થાન આપણા આકા عليه الصلوة والسلام ના બરકતવાળા કદમો રાખવાની જગા છે. (એટલે કે જ્યાં આપણા આકાના કદમો પડે છે ત્યાંથી બરકતથી તથા નેક નસીબી ઉદ્‌ભવ પામે છે) આપ પર ઘણી જ સઆદતવાળા દુરૂદ થાય અને દરેક બુઝુર્ગી તથા સરદારીની આખરી હદ આપણા હુઝૂર ﷺના કદમ છે કે અર્શે મુઅલ્લા પણ જેની નીચે છે. આપ પર કરોડો સલામ થજો.

**ખલ્ક કે દાદ રસ સબકે ફર્યાદ રસ**
**કહફે રોઝે મુસીબતપે લાખોં સલામ**

**અર્થાત :** હે અલ્લાહની સર્વ મખ્લૂકના મદદગાર અને તેમની ફરયાદરસી કરનાર આકા ! અને કયામતના દિવસે મુસીબતના માર્યા ગુનેહગારોને પનાહ આપનાર મારા પ્યારા નબી ! عليه الصلوة والسلام આપ પર અલ્લાહની લાખો રહમતો નાઝિલ થાય.

**મુઝસે બેકસકી દૌલતપે લાખોં દુરૂદ**
**મુઝસે બેકસ કી કુવ્વત પે લાખોં સલામ**

**અર્થાત :** મારા જેવા મજબૂર તથા બેસહારાનો આશરો અને મુઝ મોહતાજ તથા કંગાળની સર્વ દૌલત તો હે મારા પ્યારા નબી ! આપ જ છો. આપના પર લાખો વાર દુરૂદ થાય.

અને હે મારા પ્યારા આકા ! મારા કમજોર બાઝૂઓની શક્તિ કેવળ અને કેવળ આપની રહમતનો સહારો છે. અલ્લાહ તઆલા આપને સલામત રાખે અને આપ પર લાખો વાર સલામ થજો.

*તેરી નઝરસે મેરી સલામત હૈ ઝિંદગી–તેરા કરમ ન હો તો કયામત હૈ ઝિંદગી*

**શમ્એ બઝ્મે دَنٰی هُوْ મેં ગુમ کُنْ اَنَا**
**શરહે મતને હૂયત પે લાખોં સલામ**

**અર્થાત :** અલ્લાહ તઆલાના કુર્બની બુલંદીઓમાં આપણા આકાએ પોતાની ઝાતને એ રીતે ફના કરીને બકા હાંસલ કરી કે આ કદીમ તથા ગૈરફાની અને મુસ્તકિલ બિઝ્ઝાત (મતન)ની શરહ બની ગયા. એ ખાલિકે કુલના આ માલિકે કુલને લાખો સલામ થજો.

**ઈન્તેહાએ દૂઈ ઈબ્તિદાએ યકી**
**જમએ તફ઼રીક઼ો કષરત પે લાખોં સલામ**

**અર્થાત** : સિફ઼ાતી દૂઈ (બે સમજવું સિફ઼તો)માંનો તફ઼ાવત ખત્મ થઈ ગયો અને સિફ઼તોની શાનમાં એકાકીપણુ (એનોખાપણુ) આવી ગયું (એની ઈતાઅત આની ઈતાઅત, એની બયઅત આની બયઅત, એનું મારવું આનુ મારવું, એની રઝા આની રઝા.

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ-ان الذين يبا يعو نک انما يبايعون الله-وما ميتاذا ر ميت ولكن الله رمی-والله رسوله احق ان يرضوه

આપ ઈલાહી સિફ઼તોના મઝહરે અતમ (કામિલ મઝહર) થઈ ગયા. આપ સર્વ મખ્લૂકની સર્વ ખૂબીઓનો ખુલાસો. મખ્લૂક઼ હોવાના લેહાઝથી કાઈનાતની સાથે છે પણ અઝમત તથા શાનના લેહાઝથી મખ્લૂક઼થી ઘણા જ આગળ અને પોતાના ખાલિક઼ તથા માલિકની નજીક છે. આપ પર અલ્લાહની લાખો રહમતો થાય. (શેઅર) :
*બઅદઝ઼ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર*

**કષરત બઅદે ક઼િલ્લતપે અકષર દુરૂદ**
**ઈઝ઼્ઝત બઅદે ઝ઼િલ્લત પે લાખોં સલામ**

**અર્થાત** : અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબના દીનને જેના માનનારા શરૂમાં ઓછા હતા પણ બાદમાં એટલા પ્રમાણમાં અધિક થઈ ગયા કે ગણત્રી મુશ્કેલ થઈ ગઈ, અને એટલા પ્રમાણમાં કમજોરી પછી અલ્લાહે પોતાના દીનને ઈઝ઼ઝત, તાક઼ત તથા ગલ્બો અતા કર્યો. એ સર્વ હુઝૂર ﷺની મહેનત હતી. અલ્લાહ તઆલા એના બદલામાં આપ પર લાખો સલામ સલામતીઓ નાઝિલ ફ઼ર્માવે.

**રબ્બે આ'લા કી નેઅમત પે આ'લા દુરૂદ**
**હક઼્ક઼ તઆલા કી મિન્નત પે લાખોં સલામ**

**અર્થાત** : અલ્લાહ રબ્બુલ આલમીન જેની શાન ઘણી જ બુલંદો બાલા છે, તેણે પોતાનો મહબૂબ આપણને ઘણી જ મહાન નેઅમત રૂપે અતા કર્યો છે. અલ્લાહ તઆલાની આ'લા નેઅમત પર આ'લા જ રહમત તથા દુરૂદ નાઝિલ થાય, અને અલ્લાહ તઆલાના મહબૂબ એ આપણા ઉપર અલ્લાહ તઆલાનું એહસાન છે (لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا) અલ્લાહ તઆલાના એ એહસાન (વજૂદે મુસ્તફ઼ા) પર લાખો સલામ થાય.

**હમ ગરીબોં કે આક઼ા પે બેહદ દુરૂદ**
**હમ ફ઼કીરોં કી ષરવત પે લાખોં સલામ**

**અર્થાત** : અમ ગરીબોને કોઈ મોં લગાડવા તૈયાર ન હતું પરંતુ ગરીબોના માવા તથા મલ્જા, મહબૂબે ખુદાએ અમને પોતાની ગુલામીમાં ક઼બૂલ ફ઼ર્માવીને બાદશાહોથી પણ આગળ કરી દીધા. આપના પર બેહદ તથા બેહિસાબ દુરૂદ થાય.

અમે મોહતાજ લોકોને તો સઘળી દૌલત તથા પૂંજી અમારા આક઼ા ﷺની ઝાત છે, આપ પર લાખોં સલામ થાય.

**ફ઼રહતે જાને મો'મિન પે બેહદ દુરૂદ**
**ગયઝે ક઼લ્બે ઝલાલત પે લાખોં સલામ**

**અર્થાત :** અહલે ઈમાનના દિલનો સુરૂર (ખુશી) અને આંખોનું નૂર અમારા નૂરવાળા આક઼ા છે. તેમના પર અગણિત દુરૂદ થાય. અને કુફ઼ તથા ગુમરાહીનો કિલ્લો તોડી પાડનાર અમારા આક઼ા જેમનુ નામ નામી ઈસ્મે ગિરામી મુહમ્મદ ﷺ છે. અલ્લાહ તઆલા એમના પર લાખો રહમતો નાઝિલ ફ઼ર્માવે.

**સબબ હર સબબ મુન્તહાએ તલબ**
**ઈલ્લતે જુમ્લા ઈલ્લત પે લાખોં સલામ**

**અર્થાત :** દરેક વજૂદનો સબબ તથા કારણ, અને વળી સૃષ્ટિની દરેક ચીજના હેતુ તથા મક઼સદ અને તેમની તલબનો છેડો મહબૂબે ખુદા ﷺ છે. દરેક મક઼સદનો અંજામ અને દરેક તલબાનો મુદ્દો અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફ઼ા ﷺ છે, આપ પર અલ્લાહની લાખો રહમતો નાઝિલ થાય.

**મસ્દરે મઝહરિય્યત પે અઝહર દુરૂદ**
**મઝહરે મસ્દરિય્યત પે લાખોં સલામ**

*(મસ્દર = ઉદ્‌ભવ સ્થાન, મઝહરિયત = જાહેર થવું, અઝહર = ખૂબ જ જાહેર, જાહેર થવાની જગા)*

**અર્થાત :** અલ્લાહ તબારક વ તઆલાની ઝાત તથા સિફ઼ાત અને તેની અઝમતો તથા શાનોની જલ્વાગાહ મહબૂબે રબ દોસરા છે, જે પ્રમાણે આપે અલ્લાહ તઆલાની શાનોને જાહેર કરી, એ જ પ્રમાણે આપની ઝાત પર જાહેર તથા ઉઘાડી રીતે દુરૂદ થજો. અને અલ્લાહ તબારક વ તઆલાના જલ્વાઓને જાહેર થવાનું સ્થાન પણ વજૂદે મુસ્તફ઼ા ﷺ છે. એમના પર અલ્લાહ તઆલાની લાખો સલામતીઓ થાય.

હદીષે કુદ્‌સી છે : لولاک لما اظهرت الربوبية "હે મહબૂબ ! જો તું ન હોત તો હું મારી રબૂબિયત પણ જાહેર ન કરત." *(મદારિજુન્નબુવ્વત, ૨/૬૧૭, મક્તૂબાતે ઈમામે રબ્બાની, મક્તૂબ નં. ૧૨૨)*

**જિસકે જલવે સે મુરઝાઈ કલિયાં ખિલેં**
**ઉસ ગુલે પાકે મમ્બતે લાખોં સલામ**

**અર્થાત :** આપણા પ્યારા નબી ﷺનો ચેહરએ અન્વર એવો નૂરાની છે કે જેના દીદારથી દિલની મુરઝાઈ ગયેલી તથા સૂકી પડી ગયેલી કલીઓ ખીલી ઉઠી છે. કુર્બાન જાવ એ બાબરકત તથા પાકીઝા ફૂલની ઉડાન પર. આપ પર અલ્લાહ તઆલાની લાખો રહમતો થાય.

હુજ્જતુલ્લાહિ અલલ આલમીનમાં છે કે જો હુઝૂર ﷺ પોતાના મૃત્યુની સાબિતી માટે કુર્આની દલીલો ન પણ આપતા તો આપનો ચેહરએ અન્વર જ પૂરતી દલીલ હતો. (પેજ–૬૭૫) સૈયદ હબીબ અહમદ હબીબ આ શેઅરની તઝમીન આ પ્રમાણે લખે છે :–

*જિસ્કી ખુશ્બુસે રસ્તે મહકને લગેં–જિસપે જી જાન કૌનેન સદકે કરેં*

*ઈત્ર કી જા અર્ક જિસ કા હૂરેં મલેં–જિસકે જલ્વેસે મુરઝાઈ કલિયાં ખિલેં*

*ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ*

**ક઼દ્દે બે સાયા કે સાયએ મરહમત**
**ઝિલ્લે મમ્દૂદે રાફ઼ત પે લાખોં સલામ**

**અર્થાત :** જે આક઼ાના ક઼દ્દે અન્વરનો સૂરજ તડકામાં અને ચાંદની રોશનીમાં પણ સાયો ન હતો, તેની રહમતનો સાયો આખા જગતમાં ફેલાયો છે.

*લોગ કહતે હૈં કે સાયા તેરે પયકર કા ન થા–મૈં તો કહતા હૂં જહાંભર પે હૈ સાયા તેરા*

એ રહમતુલ્લિ આલમીન પર કરોળોં દુરૂદ અને લાખોં સલામ

**તાઈરાને કુદ્સ જિસકી હૈં કમરિયાં**
**ઉસ સહી સર વ ક઼ામત પે લાખોં સલામ**

**અર્થાત :** અલ્લાહ તઆલાના નૂરાની, મુક઼દસ તથા માસૂમ ફરિશ્તા જે ખૂબસૂરત મહબૂબની આસપાસ સલાતો સલામ પઢતા પઢતા કમરીઓ (એક પક્ષી)ની જેમ ચહકે છે, એ ઈમામુલ અંબિયા તથા મહબૂબે કિબ્રિયાની ઝાત પર લાખોં સલામ થાય.

*જિસપે કુર્બાં હૈ તૂબા કી રઅનાઈયાં–હુસ્ને મૌઝૂનિયત કી ફિદા જિસપે જાં*

*જિસકા રૂહુલ અમીં બુલબુલે મદહ ખ્વાં–તાઈરાને કુદ્સ જિસકી હૈં ક઼મરિયાં*

*ઉસ સહી સરવેક઼ામત પે લાખોં સલામ*

**વસ્ફ જિસ્કા હૈ આઈનએ હક્ક઼નુમા**
**ઉસ ખુદા સાઝ તલ્અતપે લાખોં સલામ**

**અર્થાત :** જે દોજહાંના આક઼ા علیہ الصلوٰۃ والسلام ના ચહેરા મુબારકની ખૂબી એ છે કે હક્ક઼ને જોવાનો આઈનો હોય (من رانی فقد رای الحق) એ ખુદાનો દીદાર કરાવનાર રૂએ રોશન પર લાખોં દુરૂદો સલામ થજો.

**જિસકે આગે સરે સરવરાં ખમ રહેં**
**ઉસ સરો તાજે રિફઅત પે લાખોં સલામ**

**અર્થાત :** આપણા આક઼ા ﷺના જાહોજલાલ સામે મોટા મોટા સરદારોનાં માથાં અદબથી ઝુકી જતાં હતાં અને આપના ભવાંના ઈશારાથી કુજ કલાહો એટલે ટેઢી ટોપીવાળાઓ (દિમાગમાં ઘમંડ રાખીને ફરનારાઓ)ને પરસેવો છૂટી જતો. આપ ﷺના શાહી તાજવાળા સરે અન્વર પર લાખોં સલામ થાય.

*જિસકી અઝમત કે આગે ફરિશ્તે ઝુકેં–જિસપે ગુલહાએ ખૂબી કે સહરે સજેં*
*જિસકો અશ્જારો હયવાન સજદે કરેં–જિસકે આગે સરે સરવરાં ખમ રહે*
*ઉસ સરે તાજે રિફઅત પે લાખોં સલામ*

**વો કરમ કી ઘટા ગેસૂએ મુશ્ક સા**
**લુક્કએ અબ્રે રાફ઼તપે લાખોં સલામ**

**અર્થાત :** બખ્શિશ તથા કરમની કાળી સિયાહ ઘટા એટલે કે ગેસૂએ મુસ્તફા જેમાંથી કસ્તૂરીથી વધીને ખુશ્બુની લપેટો આવે છે. એ મહેરબાનીના વાદળના ટુકડા (ઝુલ્ફે વલ્લૈલ) પર પણ લાખોં સલામ થાય.

**લયલતુલ ક઼દ્ર મેં મત્લઈલ ફજ્રે હક઼**
**માંગ કી ઈસ્તિક઼ામત પે લાખોં સલામ**

**અર્થાત :** શબે ક઼દ્ર (૨૭ મી રમઝાનની કાળી સિયાહ રાતની જેમ મહબૂબ علیہ الصلوۃ والسلامની વલ્લૈલની ઝુલ્ફો)માં તુલૂએ ફજરે હક઼ (હક઼ના સૂરજનું નીકળવું) આક઼ાએ દો જહાં ﷺની માંગ (સેંથો) મુબારક છે. અને એટલી સીધી માંગ કે જેવી રીતે સિરાતે મુસ્તક઼ીમ છે. એ માંગ મુબારકના સીધાપણા પર પણ લાખો સલામ થાય.

**લખ્ત લખ્તે દિલ હર જિગર ચાકસે**
**શાના કરને કી હાલત પે લાખોં સલામ**

*(લખ્ત લખ્ત = ટુકડા ટુકડા, ચાક = ફાટેલુ, શાન = કાંસકો)*

**અર્થાત :** અને સુબ્હાનલ્લાહ ! આક઼ાએ કાઈનાત ﷺના કાંસકી કરવાના અંદાઝ પર કેમ ન કુર્બાન થઈ જાઉં કે આ અદાએ દિલનવાઝ પર અમારાં દિલો ફાટીને સીનાથી બહાર આવવાની કોશિશ કરી રહ્યાં છે, તો પછી હું મારા આક઼ાની આ મુબારક અદા એટલે કાંસકી કરવાનો અમલ તથા આદત પર પણ કેમ ન લાખો સલામ કરું ?!

**દૂરો નઝદીક કે સુનનેવાલે વો કાન**
**કાને લઅલે કરામત પે લાખોં સલામ**

**અર્થાત :** સરકારે મદીના ﷺના કાન મુબારક જે હક઼ીક઼તમાં ઈજ્જતનાં મોતીઓ તથા અઝમત તથા શાનના હિરાઓ તથા ઝવેરાતની ખાણ છે. ( قل اذن خیر لکم ફર્માવી દો કે આ કાન તમારા માટે ખૂબ જ બેહતર છે) જે જેટલા પ્રમાણથી નજીકથી સાંભળે છે એ જ પ્રમાણે દૂરથી પણ સાંભળે છે. આપણા આક઼ા علیہ الصلوۃ والسلام પોતાનાં વાલિદા માજિદાના પેટ મુબારકમાં રહીને લોહે મહેફૂઝ પર ચાલનાર ક઼લમના અવાજને સાંભળતા. આપે ફર્માવ્યું : اسمع ما لا تسمعون "હું તે સાંભળુ છું જે તમો નથી સાંભળી શક્તા." તો આવા મુબારક કાન પર પણ કેમ ન લાખો સલામ કહેવામાં આવે ?!

**ચશ્મએ મહરમેં મોજે નૂરે જલાલ**
**ઉસ રગે હાશમિયત પે લાખોં સલામ**

**અર્થાત** : જાહોજલાલ અને ગુસ્સા વખતે બંને ભવાંની વચ્ચે સરકાર علیہ الصلوٰۃ والسلامની એક રગ મુબારક ઉભરાઈ આવતી (ઉપસી જતી) જેનો આ'લા હઝરત ચશ્મએ મહેર (સૂરજનો ચશ્મો) એટલે કે ચેહરએ અન્વરમાં જલાલના નૂરનું મોજુ (જલાલના સમુદ્રનું મોજુ) ઠરાવીને એ રગ મુબારકને રગે હાશમિયત પર (આપ ﷺની રગોમાં ગૈરત તથા હયાતવાળુ હાશમી લોહી ભ્રમણ કરી રહ્યું છે) લાખો સલામનું મહોબ્બતનું નઝરાણુ પેશ કરી રહ્યા છે.

ઝઘડો ન કરો ! ખુદ સાંભળે કે ફરિશ્તા પહોંચાડે છે ?! એનાથી તમારે શું લેવા દેવા ! તમારું કામ કેવળ પઢવાનું છે, કેવી રીતે પહોંચે છે એ ચર્ચામાં ન પડો અને દુરૂદો સલામ પઢો.

قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی اَلَیْہِ وَ سَلَّمَ لَقَدْ کُنْتُ اَسْمَعُ سُجُوْدَ الْقَمَرِ اَمَا الْعَرْشِ وَاَنَا فِیْ ظُلْمَۃِ الْحَشَاءِ

હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, બેશક ! હું ચાંદના સજદાનો અવાજ અર્શની રૂબરૂ સાંભળતો હતો, એ સમયે કે જ્યારે હું માના પેટમાં હતો. *(નુઝહતુલ મજાલિસ, ૨/૧૫૮)*

**★ સલાતો સલામના મુન્કિરો ★**

જેટલા પ્રમાણમાં અઝમત તથા રિસાલતના મુન્કિરો અને દુરૂદો સલામના દુશ્મનો ચીડાય છે એટલા જ અધિક પ્રમાણમાં આ'લા હઝરત દુરૂદો સલામ પર અધિક જોર આપે છે, કેમ કે બેદીનોના નાપાક દિલોને ગુસ્સાની આગમાં સળગાવવા અને દુરૂદો સલામની કષરત કરીને ખુદ જન્નતમાં જવું અને તેઓને જહન્નમમાં પહોંચાડવા એ આપ رحمۃ اللہ علیہ (આ'લા હઝરત)નો સાચો તથા હક્ક અકીદો છે.

અને હકીકત એ છે કે જેવી રીતે મલેરિયા તાવવાળાને ખુદાનું નૂર (એટલે) દૂધ બુરુ લાગે છે એનાથી કેટલાય અંશે અધિક બદ્અકીદગીની લાઈલાજ બીમારીવાળાને હુઝૂર ﷺ પર સલાત તથા દુરૂદ બુરુ લાગે છે. (મઆઝલ્લાહ !) કેમ કે ચામાચિડયાને રોશની તથા નૂર સારુ નથી લાગતુ અને ગુસ્તાખે રસૂલને આકાએ દો જહાં ﷺ પર દુરૂદ સારુ નથી લાગતુ છે. મૌલાએ રૂમે ફર્માવે છે :–

مہ فشاند نور و سگ وَغ وَغ کند ۔ ہر کسے بر خلقت خود می کند

کہ چرا تو یاد احمد می کنی ۔ بندۂ بد، منکر دین مَنی

"ચાંદ નૂર ફેલાવે છે અને કૂતરા હાઉ ! હાઉ ! કરીને ભસે છે. એમાં કોને શક છે કે તે (ચાંદ) ભલાઈનું કામ કરી રહ્યો છે અને આ મુદ્દલે કોઈ ભલાઈ નથી કરી રહ્યા. દરેક પોત પોતાની આદતથી મજબૂર છે. (શેઅર)
*અપના અપના ફર્ઝ હૈ દોનોં અદા કરતે રહેં*

એઓ તો ચાહે છે કે હુઝૂર ﷺની યાદ કરવામાં જ ન આવે. "બસ અલ્લાહ અલ્લાહ ખૈર સલ્લા" જેમ કે

ઉમૈયા બિન ખલફ઼ હઝ઼રત બિલાલને કહેતો હતો કે તું શા માટે મુહમ્મદ (ﷺ)નો દરેક સમયે ઝ઼િક્ર કર્યા કરે છે અને તું કેટલો બુરો છે કે મારા દીનનો મુન્કિર છે. જાણવા મળ્યું કે ઝ઼િક્રે મુસ્તફ઼ાને મિટાવનારા ઉમૈયા બિન ખલફ઼ના અક઼ીદા પર છે, અને મુહમ્મદ મુસ્તફ઼ા ﷺના નામ પર કુર્બાન થનારા અને દુરૂદો સલામની ધૂમ મચાવનારા બિલાલે હબ્શી رضی اللہ عنہના મસ્લકે મહબ્બત પર છે કે જેઓ જુલ્મ વેઠીને આ મસ્તાના નારો બુલંદ કરે છે.

*હલક઼ પે તેગ રહે સીને પે જલ્લાદ રહે—લબપે તેરા નામ રહે દિલમેં તેરી આસ રહે*

### જિસકે માથે શફ઼ાઅત કા સેહરા રહા
### ઉસ ઝબીને સઆદત પે લાખોં સલામ

**અર્થાત** : જ્યારે ક઼યામત રચાશે અને નફ઼સા નફ઼સીનો આલમ હશે, કોઈ કોઈને હાલ પૂછવાવાળો ન હશે તો શફ઼ાઅતનો સેહરો આપણા આક઼ા ﷺના માથા પર બાંધવામાં આવશે. તો પછી એ લજપાલ આક઼ા ﷺની સઆદતવાળી પેશાની પર કેમ ન લાખોવાર દુરૂદો સલામે મહબ્બત પેશ કરવામાં આવે, જેમના કારણે આપણી અહીં પણ બિગડી બની રહી છે અને ત્યાં પણ બનશે.

*જિસકે ચેહરે પે જલ્વોં કા પેહરા રહા—નજ્મો તાહા કે ઝ઼ુરમત પે ચેહરા રહા*
*હુસ્ન જિસ્કા હર ઈક છબમેં ગહરા રહા—જિસકે માથે શફ઼ાઅત કા સેહરા રહા*
*ઉસ જબીને સઆદત પે લાખોં સલામ*

❑ ❑ ❑

*જિસ કે જલ્વે સે આલમ મુનવ્વર હુવા—જિસ્કી કૌનેનમેં હૈ દરખ્શાં ઝ઼િયા*
*જિસ કો મેઅરાજ કા તાજે ઈઝ઼્ઝ઼ત મિલા—જિસકે માથે શફ઼ાઅત કા સેહરા રહા*
*ઉસ જબીને સઆદત પે લાખોં સલામ*

❑ ❑ ❑

*જિસસે પાઈ માહો મહરને ભી ઝ઼િયા—કેહકશાં જિસકી નૂરાનિયત પર ફ઼િદા*
*જિસ કે આગે ઝમીંબોસ અર્ઝો સમાં—જિસકે માથે શફ઼ાઅત કા સેહરા રહા*
*ઉસ જબીને સઆદત પે લાખોં સલામ*

### જિસકે સજદે કો મેહરાબે કા'બા ઝુકી
### ઉન ભવોં કી લતાફ઼ત પે લાખોં સલામ

**અર્થાત** : આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلامએ જ્યારે આ દુનિયામાં તશરીફ઼ લાવી આ આલમને પોતાના બરકતવાળા ક઼દમોથી ઝ઼ીનત બખ્શી અને આપની વિલાદત બાસઆદત થઈ તો આપ ખુદ તો સજદામાં પડીને અલ્લાહની બારગાહમાં પોતાની ઉમ્મતના માટે દુઆ કરી રહ્યા હતા અને કા'બા મોઅઝ઼્ઝ઼મા આપની તરફ઼ ઝુકીને આપનાં નૂરાની ભવાંની નઝ઼ાકત તથા લતાફ઼તને સલામી આપી રહ્યો હતો અને લાખો સલામ પેશ કરી રહ્યો હતો.

**ઉનકી આંખોં પે વો સાયા અફગન મિઝા**
**ઝુલ્લએ કસ્રે રહ઼મત પે લાખોં સલામ**

*(મિઝા = પાંપણ, ઝુલ્લહ = છત્રી, ક઼સ્ર = મહેલ)*

**અર્થાત :** આપની દૂર તથા નજીકથી જોવાવાળી આંખો પર છત્રી જેમ સાયો કરનાર મુબારક નૂરાની પાંપણો જાણે રહ઼મતના મહેલ પર નૂરની છત્રી છે જે સાયો કરી રહી છે. મારા આક઼ાની એ નૂરાની પાંપણો પર પણ લાખો સલામ થાય.

**અશ્કબારીએ મુઝગાં પે બરસે દુરૂદ**
**સલકે દુર્રે શફાઅત પે લાખોં સલામ**

*(મુઝગાં = પાંપણ, સલક = દોરી)*

**અર્થાત :** આપણા રહ઼મતવાળા આક઼ાની ઉમ્મતની બખ્શિશમાં વરસનાર આંખોની મુબારક પાંપણોથી નૂરનાં સાચાં મોતીઓની જેમ પડનારાં શફાઅતનાં આંસુઓનાં મોતીઓની હારો પર પણ લાખો દુરૂદો સલામ થાય.

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે : کان رسول اللہ صلی اللہ علیہ وسلم ابحر العینین۔ આપનાં મુબારક આંસુ (ઉમ્મતની યાદમાં) સમુદ્રની જેમ વહેતાં રહ્યાં. (સબલુલ હુદા, ૨/૩૩)એ આંસુઓ પર લાખો દુરૂદો સલામ. જ્યારે આપણા આક઼ા صلی اللہ علیہ وسلمની આપણે નકામાઓના લીધે આ હાલત છે તો આપણી હાલત પણ આપની યાદમાં કમસે કમ એ તો હોવી જોઈએ કે :–

*રહે ષનાએ નબી સે કભી ન લબ ફારિગ–હુવા હૂં ઝિક્રે હબીબે ખુદાસે કબ ફારિગ*
*ખુદા કે લુત્ફો કરમસે સદા રહા મેહરૂમ–રહા નબી કી ષનાસે જો બેઅદબ ફારિગ*

*(હદીષે શૌક઼, અઝ : રાજા રશીદ મહમૂદ–૬૬)*

**મઅનીએ** قَدْ رَاٰی **મક઼સદે** مَاطَغٰی
**નરગીસે બાગે કુદરત પે લાખોં સલામ**

*(قَدْ رَاٰی = તેહક઼ીક઼ તેણે જોયું, مَاطَغٰی = ન તે બહેક્યાં, નરગિસ = પીળા રંગનું ફૂલ જેની શકલ આંખોની જેવી હોવાના કારણે મહેબૂબની આંખને એની સાથે સરખાવે છે)*

**અર્થાત :** હદીષ શરીફમાં છે : من رانی فقد رای الحق "જેણે મને જોયો તેણે હક્ક઼ જોયો." અને કુર્આન મજીદની આયતે મુબારકા : ماضل صاحبکم وما غوٰی "ન તમારી સાથે (પોતાની સોહબતથી તમને ફૈઝયાબ કરનાર) ભટક્યો અને ન આમતેમ થયો." (સૂ. નજ્મ)નો અર્થ તથા ભાવાર્થ એ છે કે કુદરતના ગુલશને નબુવ્વતના નરગિસી આંખોવાળા મહબૂબ પર લાખો સલામ થાય.

*તેરી સૂરત તેરી સીરત તેરા નક઼શા તેરા જલ્વા–તબસ્સુમ, ગુફતગૂ, બંદાનવાઝી, ખંદા પેશાની*
*અગર ચે 'ફિક્રે ફખ્રી' રુત્બા હૈ તેરી ક઼નાઅતકા–મગર ક઼દમોં તલે હૈ ફર્રોક઼ર્રે સાઈ વ ખાક઼ાની*
*ઝમીં કા ગોશા ગોશા નૂર સે મામૂર હો જાએ–તેરે પરતવસે મિલ જાએ હરેક ઝર્રે કો તાબાની*

**જિસ તરફ ઉઠ ગઈ દમમેં દમ આ ગયા**
**ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ**

**અર્થાત :** આ દુનિયામાં તથા તે દુનિયામાં આપણા આકા ﷺની નિગાહે રહમત જે તરફ પણ ઉઠી તો મુર્દા શરીરોમાં જાન પેદા થતી ગઈ. આપણા રહમત તથા નૂરવાળા આકા ﷺની આ નિગાહે રહમત તથા ઈનાયત પર પણ લાખોં સલામ થાય.

*પળ ગઈ જિસ પે મેહરમેં બખ્શ ગયા–દેખા જિસ સમ્ત અબરે કરમ છા ગયા*
*રુખ જિધર હો ગયા ઝિંદગી પા ગયા–જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા*
*ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ*

**નીચી આંખોં કી શરમો હયા પર દુરૂદ**
**ઊંચી બીની કી રિફઅત પે લાખોં સલામ**

**અર્થાત :** આપણા શર્મો હયાની તા'લીમ આપનાર અને ખુદ શર્મો હયાના પયકરે અતમ આકા ﷺની હયાના કારણે ઝુકેલી આંખો પર પણ લાખો દુરૂદ અને આપની ઊંચી નાક મુબારકની બુલંદી પર પણ લાખો સલામ થાય. અમુક અહલે મહબ્બતે ઊંચી બીનીનો મતલબ એ પણ વર્ણવ્યો છે કે બીની દીદનથી છે એ રીતે દીદનથી બીનદ મઝારેઅ અને પછી બીજા તેનાથી હાંસલ મસ્દરના ઝુમરામાં આવીને તેનો અર્થ દિખાઈ થશે, અને અર્થ એ થશે કે શર્મો હયાના કારણે નિગાહો નીચી હોવાનો મતલબ એ નથી કે જોવું નીચે સુધી જ સીમિત રહેતુ, બલ્કે નિગાહો ઝુકાવીને પણ જોવું એટલા પ્રમાણમાં બુલંદ હોય છે કે નીચે તહતુષ્ષરા સુધી અને ઉપર અર્શે મુઅલ્લા સુધી નજર જતી.

*ઉન્કી હર ઈક પ્યારી અદા પર દુરૂદ–જલ્વએ આરિઝે દિલરુબા પર દુરૂદ*
*દુર્રે દન્દાં કી નૂરી ઝિયા પર દુરૂદ–નીચી આંખોં કી શર્મો હયા પર દુરૂદ*
*ઊંચી બીની કી રિફઅતપે લાખોં સલામ*

**જિનકે આગે ચિરાગે કમર ઝિલમિલાએ**
**ઉન અઝારોં કી તલ્અતપે લાખોં સલામ**

*(અઝારોં = માલો, તલ્અત = ચહેરાની ચમક)*

**અર્થાત :** મહબૂબે રબ્બુલ આલમીનના ચેહરએ વદુહાની ચમકની સામે ચાંદ પણ ઝિલ મિલાતા (ઝબુકતા) ચિરાગ જેવો થઈ જાય છે, તો પછી હું મારા આકાના એ નૂરાની ગાલોની ચમક દમક પર પણ કેમ લાખો સલામોનું મહોબ્બતનું નઝરાણુ પેશ ન કરું ! કેમ કે અમ ગુનેહગારોની બિગડી તો આકા ﷺને દુરૂદો સલામની દુઆઓ આપવાથી જ બની જશે. ભીખારી જ્યારે કોઈ સખીને દુઆ આપે છે તો એનો મતલબ એ જ તો થાય છે.

**ઉનકે ખ઼દકી સહૂલત પે બેહદ દુરૂદ**
**ઉનકે ક઼દ કી રશાક઼તપે લાખોં સલામ**

*(ખ઼દ = ચહેરો, સહૂલત = નરમી, મુલાયમ પણુપ, રશાક઼ત = ઉમદાપણુ)*

**અર્થાત :** આક઼ાએ દોજહાં ﷺના નરમ તથા નાઝુક રુખસાર (ચહેરા) મુબારક પર કરોડો દુરૂદ થજો અને આપના નૂરાની તથા ઉમદા ક઼દ પર અમ ગુનેહગારોની તરફથી અક઼ીદતમાં ડૂબેલા લાખો સલામ થાય. كان رسول الله صلى الله عليه وسلم ابيض الخدّين "આપણા આક઼ા ﷺ ચમકતા ગાલોવાળા હતા." *(સબલુલ, હુદા, ૨/૪૨)* كان رسول الله صلى الله عليه وسلم واضح الخدّين-سهل الخدين એ જ મુબારક ગાલોનું ઝિક્ર નેઅમતોમાં ઝુમી ઝુમીને કરવું અને સાંભળવું દરેક બેદીની તથા બીમારીનો ઈલાજ છે.

*નઅત હૈં બેદીની વ ઈલ્હાદ કે સિમ્મ કા ઈલાજ—યહ દવા હૈ ઝહન કે ઈમરાઝે પયહમ કા ઈલાજ*

*આઓ બીમારો ! કે તયબહ કે શિફ઼ાખાને ચલેં—બસ વહીં હૈ ગેસૂએ તક઼દીર કે ખ઼મ કા ઈલાજ*

**જિસ સે તારીક દિલ ઝમગાને લગે**
**ઉસ ચમકવાલી રંગતપે લાખોં સલામ**

**અર્થાત :** નબી કરીમ عليه الصلوة والسلامની આ નૂરાની રંગત પર પણ લાખો સલામ થાય કે જેની યાદ આવી જાય તો દિલોનું અંધારું અજવાવાળામાં ફેરવાય જાય, અને દિલોની ઉજડી ગયેલી વસ્તી આબાદ તથા સલામત થઈ જાય.

*જિસકે જલ્વે ઝમાને મેં છાને લગે—જિસકી ઝવસે અંધેરે ઠિકાને લગે*

*જિસસે ઝુલમત ક઼દે નૂર પાને લગે—જિસીસે તારીક દિલ ઝમમગાને લગે*

*ઉસ ચમકવાલી રંગત પે લાખોં સલામ*

❑ ❑ ❑

*કુફ઼્રમેં જિસને ચમકાએ હક઼્ક઼ કે દીએ—જિસસે દુન્યા વ દીં સારે રોશન હૂએ*
*જિસ કે ચાંદ ઔર સૂરજને સદક઼ે લિયે—જિસસે તારીક દિલ ઝમગાને લગે*
*ઉસ ચમકવાલી રંગત પે લાખોં સલામ*

**ચાંદસે મુહપે તાબાં દરખ઼્શાં દુરૂદ**
**નમક આ ગઇં સબાહત પે લાખોં સલામ**

*(સબાહત = ગોરાપન, દરખ઼્શાં = રોશન, તાબાં = ચમકતા)*

**અર્થાત :** આપણા આક઼ા ﷺના ચાંદથી પણ વધુ ખૂબસૂરત ચેહરએ અન્વર પર નૂરવાળાં દુરૂદો રહમત થાય અને આપના નમકીન હુસ્નો જમાલ પર લાખોં સલામ થાય.

**શબનમે બાગે હક઼્ક઼ ચઅની રુખ કા અરક઼**
**ઉસકી સચ્ચી બરાક઼ત પે લાખોં સલામ**

*(અરક = પરસેવો, બરાક઼ત = ચમક દમક)*

**અર્થાત :** અલ્લાહ તઆલાના ગુલશને કુદ્સની શબનમ જોવી છે તો રુખે વદુહાનો સુગંધીદાર પરસેવાને તાકી લો. અમે તો એ પરસેવાની ચમક દમક પર પણ લાખો સલામ મોકલીએ છીએ.

*મુસ્હફે નૂર પર આબે ઝર કા વરક઼—યા કફે હૂર પર મોતિયોં કા તબક઼*
*مَنْ رَاٰنِیْ મેં હૈં قَدْ رَاٰی કી رَمَق—શબનમે બાગે હક્ક઼ યા'ની રુખ કા અરક઼*
*ઉસ્કી સચ્ચી બરાક઼ત પે લાખોં સલામ*

**ખતકી ગર્દે દહન વો દિલ આરા ફબન**
**સબ્ઝએ નહરે રહ઼મત પે લાખોં સલામ**

**અર્થાત :** આપણા પ્યારા આક઼ા ﷺના ચેહરએ અન્વર પર પુરનૂર દાઢી મુબારકનો ખત એવી રીતે દેખાય દે છે જાણે રહ઼મતની નહર પર નૂરની લીલોતરી આશિકોનાં દિલ આકર્ષી રહ્યો છે. આપની દાઢી મુબારકા પર પણ લાખો દુરૂદો સલામ થાય.

*મુંહ કા ઘેરે હૂએ હૈ સુનહરી કિરન—યા લબ જો હૈ ખુર્શિદે પરતવ ફિગન*
*મોજે દરયા રવાં હૈ કિનારે ચમન—ખત કી ગિર્દે દહન વો દિલઆરા ફબન*
*સબ્ઝએ નહરે રહ઼મત પે લાખોં સલામ*

**રેશ ખુશ મોઅ્તદલ મરહમે રેશ દિલ**
**હાલાએ માહે નુદરત પે લાખોં સલામ**

*(રેશ = દાઢી, મોઅ્તદલ = મધ્યમ, રેશ = ઝખ્મ, હાલા = ચાંદની આસપાસ કુંડાળુ, નુદરત = અનોખાપણુ)*

**અર્થાત :** આપ علیہ الصلوٰۃ والسلامની ખુશનુમા માપસરની તથા ખૂબસૂરત દાઢી મુબારક આશિક઼ાને મુસ્તફા ﷺના ઝખ્મી દિલો પર મલમનું કામ આપી રહી છે અને ૧૪મી રાતના ચાંદ (રુખે વદુહ઼ા)ની આસપાસના એ અજબ પ્રકારના નૂરાની વર્તુળ પર પણ લાખો સલામ થાય.

**પતલી પતલી ગુલે કુદ્સ કી પત્તિયાં**
**ઉન લબોં કી નઝાક્ત પે લાખોં સલામ**

**અર્થાત :** મહબૂબે ખુદા ﷺના પાતળા ગુલાબી હોઠ જાણે ગુલશને તક઼દીસના મુક઼દ્દસ ફૂલની નરમ તથા નાઝુક પાંખડીઓ છે. હું મારા આક઼ા علیہ الصلوٰۃ والسلامના મુબારક હોઠોની નઝાકત તથા લતાફત પર એક સલામ નહીં લાખો સલામ મોકલુ છું. کان رسول اللّٰہ صلی اللّٰہ علیہ وسلم احسن عباد اللّٰہ شفتین "આપના હોઠ મુબારક સર્વ લોકોથી અધિક ખૂબસૂરત હતા." *(અન્વારે મુહમ્મદિયહ, પેજ : ૨૦૦)*

*જિનકી નુઝહત પે કુર્બાન જાને જિનાં—જિનસે શર્મિંદા લઅલે યમન બેગુમાં*
*જિનપે હર વક઼્ત વહીએ ઈલાહી રવાં—પતલી પતલી ગુલે કુદ્સ કી પત્તિયાં*
*ઉન લબોં કી લતાફત પે લાખોં સલામ*

**જિસકે પાનીસે શાદાબ જાનો જિનાં**
**ઉસ દહન કી તરાવત પે લાખોં સલામ**

*(શાદાબ = તરોતાઝા, જિનાં = જન્નતો, તરાવત = તરી, તાઝગી)*

**અર્થાત :** અલ્લાહના પ્યારા મહબૂબ ﷺનું મુખ મુબારક ઈલ્મો હિકમતનું ઝરણુ પણ છે અને મુખ મુબારકની તરી જાનો દિલના માટે રાહત તથા સુકૂન અને તરો તાઝગીનો સબબ પણ છે. હું મારા આકા઼ના મુખ મુબારકની તરી પર પણ લાખો સલામ મોકલું છું.

**જિસસે ખારી કૂંવેં શીરએ જાન બને**
**ઉસ ઝુલાલે હલાવત પે લાખોં સલામ**

*(શીરએ જાન = જાનને તસ્કીન આપનાર મીઠુ શરબત, ઝુલાલ = ઠંડુ મીઠુ અને નીતરેલુ સાફ સ્વચ્છ પાણી, હલાવત = મીઠાશ)*

**અર્થાત :** મહબૂબે ખુદા ﷺનું તે લુઆબે દહન (થૂક) મુબારક જે ખારા કૂવાઓને મીઠા કરી દે છે અને રૂહ તથા જાનને એક નવી તાજગી કરી દે છે, એ મીઠાશના ઝરણા પર અમારા તરફથી લાખો દુરૂદો સલામ થાય.

**વો ઝબાન જિસકો સબ કુનકી કુંજી કહેં**
**ઉસ્કી નાફિઝ હુકૂમતપે લાખોં સલામ**

**અર્થાત :** સરવરે આલમ, નૂરે મુજસ્સમ, શફીએ મોઅઝ્ઝમ ﷺની ઝબાને અક઼દસ તક઼દીરે ઈલાહીની ચાવી છે. (મુસ્લિમ શરીફમાં છે કે એક શખ્સ આવી રહ્યો હતો. આપે ફર્માવ્યું, كن ابا خثيمه فاذاهو ابو خثيمه الانصارى તું અબૂ ખુષૈમા થઈ જા. અથવા ઈમામ નવવીના કથનાનુસાર એનો તર્જુમો છે : اللّٰهم اجعل ابا خثيمة "હે અલ્લાહ ! એને અબૂ ખુષૈમહ બનાવી દે, તો તે અબૂ ખુષેમા જ હતા.) આ ઝબાને અક઼દસની પૂરા જહાન બલ્કે બંનેવ જહાનો પર ચાલતી હુકૂમત પર લાખો સલામ થાય. (કેમ કે આપ ﷺની હુકૂમત આસ્માનો પર પણ છે જેમ કે આપ ﷺએ ફર્માવ્યું, મારા બે વઝીર જમીન પર છે અને બે આસ્માનો પર.)

*રહ઼મતે હક્ક઼ કી હોને લગી બારિશેં–દીનો દુન્યા કી લુટને લગી દૌલતેં*
*ખોલ દી જિસને અલ્લાહ કી હિકમતેં–વો ઝબાં જિસકો સબ કુનકી કુન્જી કહેં*
*ઉસકી નાફિઝ હુકૂમત પે લાખોં સલામ*

**ઉસ્કી પ્યારી ફસાહત પે બેહદ દુરૂદ**
**ઉસકી દિલકશ બલાગત પે લાખોં સલામ**

**અર્થાત :** આ ઝબાનથી નીકળનારી પ્યારી પ્યારી મીઠી મીઠી અને ઈલ્મો હિકમતથી ભરપુર વાતો અને કલામે મોઅઝ્ઝમ નિઝામ પર બેહદ દુરૂદો સલામ થાય અને આ ઝબાને હક્ક઼ તર્જુમાનની (હક્ક઼નું પ્રતિનિધિત્વ કરતી જીભની) ઉચ્ચ તથા મોકાસરની ઉમદાવાણી પર લાખો સલામ થાય જેનાથી નીકળનારો એક એક શબ્દ

સમયની મુશ્કેલીઓ હલ કરી રહ્યો છે અને કરતો રહેશે.

*યા હબીબી મરહબા હાદી વ મુશ્કિલ કુશા–બેકસોં કા આસરા અસ્સલાતુ વસ્સલામ*
*ફખ્રે આલમે કુલ ફખ્રે ઈન્સાનો રુસુલ–આપ હૈં માહે લિકા અસ્સલાતુ વસ્સલામ*
*આકાએ ઝીશાન આપ સીરતે કુર્આન આપ–દિલબરોં કે દિલરુબા આસરા અસ્સલાતુ વસ્સલામ*
*યહ રઈસ અદના ગુલામ પેશ કરતા હૈ સલામ–આપહી ખૈરુલવરા અસ્સલાતુ વસ્સલામ*

**ઉસકી બાતોં કી લઝ્ઝત પે લાખોં દુરૂદ**
**ઉસકે ખુત્બે કી હયઅત પે લાખોં સલામ**

**અર્થાત :** આપણા આકા ﷺના મોંઢેથી નીકળનારી પ્યારી પ્યારી મીઠી મીઠી વાતોની લિજ્જત તથા સુરૂર પર લાખો રહમતો થાય અને આપના આકર્ષક ખુત્બા તથા બયાન (જેના બારામાં સહાબાએ કિરામ કહે છે જ્યારે હુઝૂર ﷺ જન્નત તથા દોઝખનો ઝિક્ર ફર્માવતા તો એવું લાગતું જાણે અમે જન્નત તથા દોઝખને પોતાની સામે જોઈ રહ્યા છીએ)ની શાનો શૌકત અને રોઅબ તથા દબદબા પર લાખો સલામ થાય.

*ઓજે શાને ફસાહત પે લાખોં દુરૂદ–હુસ્ને જાને બલાગત પે લાખોં સલામ*
*ગુફતગૂ કી હલાવત પે લાખોં દુરૂદ–ઉસ્કી બાતોં કી લઝ્ઝતપે લાખોં સલામ*
*ઉસ્કે ખુત્બા કી હયબત પે લાખોં સલામ*

**વો દુઆ જિસ કા જોબન બહારે કુબૂલ**
**ઉસ નસીમે ઈજાબત પે લાખોં સલામ**

*(જોબન = રોનક, વસંત, હુસ્નો જમાલ, નસીમ = ઉમદા ખુશ્બોદાર હવા, ઈજાબત = કબૂલિયત)*

**અર્થાત :** આપ علیہ الصلوٰۃ والسلامની અસરકારક દુઆ જેની રોનક કબૂલિયતની વસંત છે. એ મકબૂલ તથા મુસ્તજાબ થનારી દુઆની ઠંડી તથા ખુશ્બોદાર હવા જેના જલ્વાઓમાં તે દુઆ બારગાહે ઈલાહીમાં પહોંચી, તે નસીમે જાફઝાં પર લાખો સલામ થાય.

*જિસકે તાબેઅ હૈં મકબૂલિયત કે ઉસૂલ–મુન્હસ્ર જિસપે હૈ રહમતોં કા નુઝૂલ*
*વો દુઆ જિસપે સદકે દુરૂદોં કે ફૂલ–વો દુઆ જિસકા જોબન બહારે કુબૂલ*
*ઉસ નસીમે ઈજાબત પે લાખોં સલામ*

**જિનકે ગુચ્છે સે લચ્છેં ઝરેં નૂર કી**
**ઉન સિતારોં કી ઝીનત પે લાખોં સલામ**

**અર્થાત :** આપ ﷺના નૂરાની સાચાં મોતીઓના હાર જેવા દાંત મુબારક જેનાથી નૂરનાં કિરણો ફૂટીને બહાર આવે છે અને ગલીઓ તથા બજાર રોશન થઈ જાય છે. *(اذا تکلم رئی کالنور یخرج من بین ثنایاہ, સુનને દારમી, ૧/૩૩)* એ ચમકદાર તારાઓની પાકીઝગી અને ખૂબી પર લાખો સલામ થજો.

*જિસ કી ઝવસે મિલે રાસ્તે દૂર કે–દિન ફિરે બખ્તે શબહાએ મહ઼જૂર કે*

*જિનસે બરસેં ગોહર હુસ્ને મસ્તૂર કે–જિનકે ગુચ્છે સે લચ્છેં ઝરેં નૂર કી*

*ઉન સિતારોં કી ઝીનત પે લાખોં સલામ*

**જિસ કી તસ્કીન સે રોતે હૂએ હંસ પળેં**
**ઉસ તબસ્સુમ કી આદત પે લાખોં સલામ**

**અર્થાત :** કોઈ કેટલાય ગમ તથા પરેશાનીમાં કેમ ન હોય, જ્યારે આપની બારગાહથી તેને તસલ્લી મળી જતી તો તે રડી રહેલો ખુશ થઈને હસવા લાગી જતો. આપણા આક઼ા ﷺની હમેશાં મુસ્કુરાવાની આ આદત પર લાખો સલામ થાય. સહાબાએ કિરામ ફર્માવે છે કે હુઝૂર ﷺ વાતચીત કરતી વેળા મુસ્કુરાઈને વાત કરતા અને આપના હોઠો પર હમેશાં સ્મિતનું નૂર વરસતુ રહેતુ. *(તિર્મિઝી, મુસ્નદે અહમદ)*

*મુઝતરિબ ગમસે હોતે હૂએ હંસ પળે–રંજસે જાન ખોતે હૂએ હંસ પળે*

*બખ્ત જાગ ઉઠે સોતે હૂએ હંસ પળેં–જિસ્કી તસ્કીં સે રોતે હૂએ હંસ પળે*

*ઉસ તબસ્સુમ કી આદત પે લાખોં સલામ*

**જિસમેં નહરેં હૈં શીરો શકર કી રવાં**
**ઉસ ગલે કી નઝારત પે લાખોં સલામ**

*(શીર = દૂધ, શકર = ખાંડ, મીઠુ, રવાં = વહેતી, નઝારત = તાજગી)*

**અર્થાત :** સરકારે મદીના ﷺના સુંદર અવાજવાળા ગળાથી નીકળનાર પ્યારા અંદાજમાં જાણે દૂધ તથા મધની નહેરો વહી રહી છે. (હુઝૂર ﷺ સર્વ લોકો કરતાં વધીને સારો અવાજ ધરાવતા હતા. *–બુખારી, મુસ્લિમ, તિર્મિઝી*) મારા પ્યારા આક઼ા ﷺના ગળા મુબારકની તરો તાજગી પર લાખો સલામ થાય.

*સરકશ જો માઈલ હૂએ, દુશ્મન જો થે કાઈલ હૂએ–મસ્હૂર કુન થા કિસ ક઼દર યા મુસ્તફ઼ા લહેજા તેરા*

**દોશ બર દોશ હૈ જિનસે શાનો શરફ઼**
**ઐસે શાનોં કી શૌકત પે લાખોં સલામ**

**અર્થાત :** શરાફ઼ત તથા બુઝુર્ગીની શાનને જાહેર કરનારી આપણા આક઼ા ﷺના ખભાઓ પર ઝુકેલી ખુશ્બોદાર તથા નૂરાની ઝુલ્ફ઼ો અને આપના મુબારક ખભાઓની શાનો શૌકત પર લાખોં સલામ થાય.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે :

كان رسول الله صلى عليه وسلم اذا وضع رداءه عن منكبيه فكانه سبيكة فضة "આપ ﷺ જ્યારે ખભાઓથી કપડુ હટાવતા તો ખભાઓ ચાંદીના ટુકડાની જેમ દેખાય આવતા." *(અત્તરઝીબ લિ ઈબ્નિ અસાકિર, ૧/૩૧૯)*

**હજરે અસ્વદ વ કાબા જાનો દિલ**
**યાની મુહરે નબુવ્વત પે લાખોં સલામ**

**અર્થાત** : આપ ﷺની પીઠ મુબારક પર મોહરે નબુવ્વત જાણે કે હજરે અસ્વદ છે જે આપણી જાનો તથા આપણા દિલોના કા'બા મુહમ્મદ મુસ્તફા ﷺના પવિત્ર શરીરમાં ફીટ છે, જેવી રીતે હજરે અસ્વદ કા'બાની દીવાલમાં ફીટ થયેલ છે. હું મારા પ્યારા નબીની આ મુહરે નબુવ્વત પર પણ લાખો સલામ મોકલુ છું. સહાબાએ કિરામ એ મુહરે નબુવ્વતને ચૂમતા બલ્કે ચૂંસતા પણ હતા. જેમ કે હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે, હું એકવાર હુઝૂર علیہ الصلوۃ والسلامની પાછળ સવાર હતો. فا لتقمت خاتم النبوۃ بفی فکان ینم علی مسکا "મેં મોહરે નબુવ્વતને મોઢામાં લઈ લીધી, તેનાથી ખુશ્બુની છોળો ઉડી રહી હતી." *(સબલુલ હુદા, ૨/૭૩)*

**રૂએ આઈના ઈલ્મે પુશ્તે હુઝૂર**
**પુશ્તીએ કસ્રે મિલ્લત પે લાખોં સલામ**
*(પુશ્તી = નિગેહબાની, કસ્ર = મહેલ, મિલ્લત = દીન)*

**અર્થાત** : હદીષે પાકમાં છે : انی لا نظر الی من وراء ظھری کما انظر امامی એક હદીષમાં આ પ્રમાણે છે : انی اراکم امامی وخلفی *(મુસ્લિમ, કિતાબુસ્સલાત)*

બલ્કે ફર્માવ્યું : مایخفیٰ علی رکوعکم ولا خشوعکم انی لا راکم من وراء ظھری *(બુખારી બાબુલ ખુશૂઅ ફીસ્સલાત)* હું આગળ પાછળ બલ્કે નમાઝની ઈમામત કરાવતી વેળા તમારા રુકૂઅ તથા દિલી કૈફિયત (ખુશૂઅ)ને પણ જોઉં છું. એ જ હદીષોમાં વર્ણન થનારી આ વિશિષ્ટતાને આ'લા હઝરત આ શેઅરમાં વર્ણવીને એના પર લાખો સલામ મોકલી રહ્યા છે. અને ફર્માવે છે કે આપનો ચેહરએ અન્વર જો ઈલ્મનો આઈનો છે તો પીઠ મુબારક પણ બેખબર નથી બલ્કે પીઠ થકી પણ ઉમ્મતના મહેલની નિગેહબાની કરી રહ્યા છે. એ પીઠ મુબારકની આ લજપાલ તથા નિગેહબાની તથા કિસ્રે મિલ્લત પર લાખો મહોબ્બતભર્યા સલામ થજો. (આ'લા હઝરતના આ મુસ્તફા ﷺના ઈશ્કો મહબ્બતના અંદાઝ પર પણ લાખો સલામ !)

*જો ભી કરતા હૈ પયગંબર કી ષનાખ્વાની શુરૂ–રહ્મતે હક્ક ઉસ પર કરતી હૈ ગુલ અફસાની શુરૂઅ*
*ખત્મ હો જાએ જહાં નઅતે નબી કી મેહફિલેં–ક્યૂં ફિર ઉન આબાદિયોં મેં હો ન વિરાની શુરૂઅ*

**હાથ જિસ સમ્ત ઉઠા ગની કર દિયા**
**મૌજે બહરે સમાહત પે લાખોં સલામ**

**અર્થાત** : આપ ﷺનો દસ્તે કરમ જે તરફ ઉઠી ગયો તેમને જૂદો અતા (સખાવત)થી માલામાલ કરી દીધા કે લેનારો પોકારી ઉઠયો : (શેઅર) *જોલી હમારી હી તંગ હૈ તેરે યહાં કમી નહીં*

હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે : کان رسول اللہ صلی اللہ علیہ وسلم اجود الناس کفا "આપનો દસ્તે અતા સૌથી વધીને સખી હતો." *(અન્વારે મુહમ્મદિયહ, પેજ : ૪૨)* જૂદો અતાના (સખાવતના) સમુદ્રની આ લહેર (હાથ) પર લાખો સલામ થજો.

*દીનો દુન્યા દીએ માલ ઔર ઝર દિયા–હૂરો ગિલ્માન દીએ ખુલ્દો કૌષર દિયા*
*દામને મક઼સદે ઝિંદગી ભર દિયા–હાથ જિસ સમ્ત ઉઠા ગની કર દિયા*
*મૌજે બહરે સમાહતપે લાખોં સલામ*

**જિસ કો બારે દો આલમ કી પરવા નહીં**
**ઐસે બાઝૂ કી કુવ્વત પે લાખોં સલામ**

**અર્થાત :** આપણા પ્યારા આકા઼ અને અલ્લાહ તઆલાના પ્યારા મહબૂબ ﷺના બાઝૂઓમાં કેટલી શક્તિ હતી કે આપે હાથો વડે બંને જહાનોનો બોજ ઉઠાવી લીધો છે અને આપને પરવા સુદ્ધાં નથી (અને ચહેરા પર દરેક સમયે મુસ્કુરાહટ છવાયેલ રહે છે) એ મુબારક હાથોની ખુદાદાદ કુવ્વત તથા તાક઼ત પર લાખો સલામ થાય.

*ડૂબા સૂરજ કિસીને ભી ફેરા નહીં–કોઈ મિષ્લે યદુલ્લાહ દેખા નહીં*
*જિસ કી તાક઼ત કા કોઈ ઠિકાના નહીં–જિસકો બારે દો આલમ કી પરવા નહીં*
*ઐસે બાઝૂ કી કુવ્વત પે લાખોં સલામ*

**કા'બાએ દીનો ઈમાં કે દોનોં સુતૂન**
**સાઅદીને રિસાલત પે લાખોં સલામ**

*(સુતૂન = થાંભલો, સઆદીન = બાઝૂ, હાથ)*

**અર્થાત :** આકા઼ વ મૌલા ﷺ જે આપણા દીન તથા આપણા ઈમાનના કિ઼બ્લા વ કા'બા છે, આપના બંનેવ બાઝૂ મુબારક કે જે જાણે ઈમામુલ અંબિયા ﷺની નબુવ્વત તથા રિસાલતના બે સુતૂન છે તેમના પર લાખો દુરૂદો સલામ થાય.

**જિસ કે હર ખતમેં હૈ મૌજે નૂરે કરમ**
**ઉસ કફે બેહરે હિંમત પે લાખોં સલામ**

*(કફ = હથેળી, બહર = સમુદ્ર)*

**અર્થાત :** આકા઼એ દો જહાં ﷺના યદુલ્લાહના ગોરા ગોરા તથા નૂરાની હાથોની એક એક રેખા (ખત) જાણે જૂદો કરમ (સખાવત)નો દરિયો બનીને વહી રહ્યા છે કે દરેક સવાલીની જોલી ભરવામાં આવે છે. વળી એ પૂરા હાથ (બહરે હિંમત) હિંમત તથા બખ્શિશના સમંદર પર કેમ ન લાખો સલામ કહેવામાં આવે.

**નૂર કે ચશ્મે લહરાએ દરયા બહેં**
**ઉંગ્લિયોં કે કરામત પે લાખોં સલામ**

**અર્થાત :** કેટલાય પ્રસંગોએ સરકારે મદીના ﷺની આંગળીઓએથી ઝરણાનું વહેવું સહીહ હદીષોથી સાબિત છે. فجعل الماء بين اصابعه فتوضأ القوم *(બુખારી કિતાબુલ મનાકિ઼બ)* એ જ બુખારીમાં છે કે હઝરત જાબિર رضی اللہ عنہથી કોઈએ પૂછયું, એ પાણી વડે કેટલા લોકોએ વુઝૂ કર્યું અને પીધું ? તો તેમણે જવાબ આપ્યો કે, સંજોગોવસાત અમો પંદરસો હતા, પરંતુ એ ન સમજશો કે એટલા જ લોકોની જરૂરત એ પાણીથી પૂરી થઈ

શકતી હતી, અને જો વધારે હોત તો પાણી ખૂટી જાત ! નહીં ! નહીં ! જો અમો એક લાખ પણ હોત તો પણ પાણી ખત્મ ન થાત. કેમ કે પાણીની કૈફિયત એ હતી કે فجعل الماء يفور بين اصابعه کا مثال العيون પાણી તો ઝરણાની જેમ ફૂટી રહ્યું હતું. આ'લા હઝરત આંગળીઓની આ અઝમત પર લાખો સલામ મોકલી રહ્યા છે. બીજી જગાએ ફર્માવે છે : *ઉંગ્લિયાં હૈં ફૈઝ પર ટૂટે હૈં પ્યાસે ઝુમ કર–નદ્દિયાં પંજાબે રહમત કી હૈં જારી વાહ વાહ*

સૈયદૈનની તઝીમન જુઓ :

*કુલ્ઝુમે હસન કી જિનકો 'શાખેં' કહેં–જિસસે સોતે લતાફત કે ફૂટા કરેં*
*જિનસે નહરેં તજલ્લી કી જારી રહેં–નૂર કે ચશ્મે લહરાએં દરયા બહેં*
*ઉંગ્લિયોં કી કરામત પે લાખોં સલામ –(અખ્તર હામિદી)*

*જિન કી બરકતસે લાખોં કી પ્યાસેં બુઝેં–જિન કા દમ સલ સબીલ ઔર કૌષર ભરેં*
*ચાંદ સૂરજ ઈશારોં પે જિન કે ચલેં–નૂર કે ચશ્મે લહરાએ દરયા બહેં*
*ઉંગ્લિયોં કી કરામત પે લાખોં સલામ*

**ઈદે મુશ્કિલ કુશાઈકે ચમકે હિલાલ**
**નાખૂનોં કી બશારત પે લાખોં સલામ**

**અર્થાત** : સરકારે દો આલમ ﷺના નાખૂન મુબારક (નખો) જેને સહાબાએ કિરામ તબર્રુક રૂપે પોતાની પાસે રાખતા અને મરતી વખતે વસિયત કરતા કે અમારી કબ્રમાં અમારી સાથે એ તબર્રુકને રાખવામાં આવે. (અહયાઉલ ઉલૂમ) આ નાખૂને અક઼દસ છે કે મુશ્કેલીઓને હલ કરનારા ઈદના ચાંદ છે ! જે સહાબાએ કિરામના માટે પણ જન્નતની જમાનત બનેલા છે. સરકારના મુબારક નખોના મુઝદાએ જાંફિઝા પર લાખો સલામ થજો.

*આસિયોં કી ભલાઈ કે ચમકે હિલાલ–કૈદે ગમસે રિહાઈ કે ચમકે હિલાલ*
*જલ્વએ મુસ્તફાઈ કે ચમકે હિલાલ–ઈદે મુશ્કિલ કુશાઈ કે ચમકે હિલાલ*
*નાખૂનોં કી બશારત પે લાખોં સલામ (અખ્તર હામિદી)*

**રફએ ઝિક્રે જલાલત પે અરફા દુરૂદ**
**શરહે સદરે સદારત પે લાખોં સલામ**

*(રફઅ = બુલંદ હોવું, જલાલત = મહાનતા, અઝમત, બુઝુર્ગી. અરફઅ = ખૂબ જ બુલંદ, શરહ = ખુલવું, સદર = છાતી, સદારત = સદર નશીની)*

**અર્થાત** : وَرَفَعْنَا لَكَ ذِكْرَكَની શાનવાળા આકા ﷺના ઝિક્રે ખૈરની બુલંદીઓ પર બુલંદોબાલા દુરૂદ અને اَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَની શાનવાળા દોજહાંના સદરના શરહે સદરવાળા સીના પર લાખોં સલામ થાય.

સરકાર علیہ الصلوٰۃ والسلامના ઝિક્રને અલ્લાહ તઆલાએ એટલુ બુલંદ કર્યુ કે આપનું નામ અર્શ તથા કુર્સી અને જન્નતના દરવાજાઓ અને જન્નતની દરેક ચીજ પર લખી દેવામાં આવ્યું, જાણે બીજા શબ્દોમાં આ પ્રમાણે કહી

શકાય કે દરેક ચીજ પર આપનું નામ લખીને આપને દરેક ચીજના માલિક બનાવી આપ્યા, કેમ કે જેનું મકાન હશે તેનું જ નામ મકાન પર લખવામાં આવશે. જાણે કે :–

*ખાલિક઼ે કુલને આપ કો માલિકે કુલ બના દિયા–દોનોં જહાં હૈં આપ કે ક઼બ્ઝા વ ઈખ્તિયારમેં*
*યહ ઈકરામ હૈ મુસ્તફા પર ખુદા કા–કે સબકુછ ખુદા કા હુવા મુસ્તફા કા ﷺ*

**દિલ સમઝ સે વરા હૈ મગર યૂં કહૂં**
**ગુન્ચએ રાઝે વહદત પે લાખોં સલામ**

**અર્થાત :** અને જ્યારે આપના નખો, હાથો તથા આંગળીઓની આ શાન છે, તો પછી હું મારા આક઼ા علیہ الصلوٰۃ والسلامના દિલની શું શાન વર્ણન કરું ! કેમ કે દિલ તો સર્વ અંગો કરતાં આમ પણ અફઝલ છે. قلب المومن عرش اللہ વળી હુઝૂર ﷺનું દિલ ! અલ્લાહુ અકબર ! સુબ્હ઼ાનલ્લાહ ! મારી સમજ હુઝૂર ﷺના દિલની અઝમત તથા શાનનો ફૈંસલો કેવી રીતે કરી શક્શે ? બસ એક અંદાઝા જેવું છે તે એ કે અલ્લાહ તઆલાના છુપા રહસ્યોનો એક અઝીમુશ્શાન ખજાનો છે. મવાહિબે લદુન્નિયહ મઅ ઝુર્કાની, ૪/૨૧૮માં છે.
اول قلب او دعه الیه قلب محمد صلی اللہ علیه وسلم لانه اول خلق

અલ્લાહ તઆલાએ સૌ પ્રથમ પોતાના મહબૂબના દિલને પોતાના રાઝોનું મર્કઝ બનાવ્યું કેમ કે આપનું સર્જન સૌથી પ્રથમ થયું. આ જ તે બાબરકત દિલ છે જેના પર ૩૦ પારા કુર્આન નાઝિલ થયું. કુર્આનના નુઝૂલનો બોજ પહાડ ન વેઠી શક્યા, જો પહાડ પર કુર્આન ઉતરતુ તો તે રજકણ રજકણ થઈ જાત ! لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ (સૂ. હ૪૨) પણ સરકાર ﷺનું દિલ છે કે فانه نزله علی قلبک કે જેના પર પૂરુ કુર્આન ઉતરી ગયું અને જેમ જેમ ઉતરતુ જતુ તેમ તેમ આપને સુકૂન હાંસલ થતુ જતુ. لنثبت به فؤادک હે મહબૂબ ! અમે તારા પર કુર્આન નાઝિલ કરીએ છીએ જેથી તારા દિલને સુકૂન તથા શક્તિ અર્પણ કરીએ. *(સૂ. હૂદ)*

*અક઼લ હયરાં હૈ ઈદરાક કો હૈ જુનૂં–કૈફ હૈ સર બ સજદા ખિરદ સરનગૂં*
*કૌન પહૂંચા હૈ તા હદ્દે સિર્રે દુરૂદ–દિલ સમઝસે વરા હૈ મગર યૂં કહૂં*
*ગુંચએ રાઝે વહદત પે લાખોં સલામ*

**ફુલ જહાં મિલ્ક ઔર જવ કી રોટી ગિઝા**
**ઉસ શિકમ કી ક઼નાઅત પે લાખોં સલામ**

**અર્થાત :** આખુ જગત જેની માલિકી તથા ઈખ્તિયારમાં છે તેમના પોતાના ખોરાકનો આલમ એ છે કે જવની રોટી પર ગુઝારો કરી રહ્યા છે. હું આપ ﷺના પેટ મુબારકની ક઼નાઅત (જે મળે તેમાં, થોડામાં સંતોષ કરવું) પર કેમ ન લાખો સલામ પેશ કરું ! જો ચાહે તો પહાડ સોનાના બનીને ચાલવા લાગે. (મિશ્ક઼ાત) પણ کان اکثر خبزهم خبز الشعیر આપના ઘરમાં મોટાભાગે ખાણુ જવની રોટી રહેતી. *(તિર્મિઝી, કિતાબુઝ઼ ઝુહદ)*

*માલિકે દીનો દુન્યા હોકર, દોનોં જહાં કે દાતા હોકર–ફાકેસે હૈં સરકારે દો આલમ*

❑ ❑ ❑

*જિસ કે મોહતાજ હો સરારે શાહો ગદા–જિસકે ટુકળોં સે પલતી હો ખલ્કે ખુદા*

*ઔર ફિર ઉસપે આલમ હો યહ ઝુહદ કા–કુલ જહાં મિલ્ક ઔર જવ કી રોટી ગિઝા*

*ઉસ શિકમ કી કૃતાઅત પે લાખોં સલામ*

**જો કે અઝ્મે શફાઅત પે ખિંચકર બંધી**
**ઉસ કમર કી હિમાયત પે લાખોં સલામ**

**અર્થાત :** આપણા આકા ﷺએ શફાઅતની પટ્ટી (શફાઅતનો નિશ્ચય) પોતાની કમર પર ખૂબ જ મજબૂતીની સાથે બાંધી લીધી છે. દરેક સ્થિતિમાં કોઈ પણ રીતે આપ ગુનેહગારોની જરૂરથી શફાઅત ફર્માવશે. એ પીઠ મુબારકની પુશ્ત પનાહી અને ઉમ્મતની ખૈર ખ્વાહી પર લાખો સલામ થજો.

*બેબસોં કી કયાદત પર ખિંચ કર બંધી–બેકસોં કી રિફાકત પે ખિંચકર બંધી*

*આસિયોં કી એઆનત પે ખિંચકર બંધી–જો કે અઝ્મે શફાઅત પર ખિંચકર બંધી*

*ઉસ કરમ કી હિમાયત પે લાખોં સલામ*

قال صلّى الله تعالىٰ عليه وسلّم: اَنَا قَائِدُهُمْ اِذَا وَفَدُوْا *(મિશ્કાત શરીફ, પેજ : ૪૩૮)*

**અંબિયા તહ કરે ઝાનૂં ઉનકે હુઝૂર**
**ઝાનૂઓં કી વજાહત પે લાખોં સલામ**

**અર્થાત :** જે બારગાહમાં ઉલુલ અઝ્મ નબી તથા રસૂલ પણ ફાયદો પામવા માટે ખૂબ જ અદબભેર દોઝાનૂ બેસે છે, હું તો નબીના મુબારક ઝાનૂઓ પર પણ લાખો સલામ મોકલું છું.

*ઓજ વો જાનૂઓં કા હૈ નઝદીક વ દૂર–યહ જહાં કયા દો ઝાનૂ હૈ દુન્યાએ નૂર*

*યહ મુલ્ક યહ ફરિશ્તે યહ ગિલ્માન યહ હૂર–અંબિયા તહ કરેં ઝાનૂ ઉનકે હુઝૂર*

*ઝાનૂઓં કી વજાહત પે લાખોં સલામ*

**શાક અસ્લે કદમ શાખ નખ્લે કરમ**
**શમ્એ રાહે અસાબત પે લાખોં સલામ**

**અર્થાત :** મારા આકા علیہ الصلوٰۃ والسلامની પિંડલીઓ છે કે પછી જૂદો અતાનાં (સખાવતનાં) ઝાડની બે ડાળીઓ છે જેની કયાદત (સરદારી)માં દરેક જણને રાહે હિદાયત તથા મંઝિલે મકસૂદ મળી રહી છે. સિરાતે મુસ્તકીમની આ શમ્અઓ પર મારી તરફથી લાખો સલામ થાય.

**ખાઈ કુર્આં ખાકે ગુઝર કી કસમ**
**ઉસ કફે પા કી હુર્મત પે લાખોં સલામ**

**અર્થાત :** જે રસ્તાએથી આપણા આકા ﷺ પસાર થયા અલ્લાહ તઆલાએ لَآ اُقۡسِمُ بِهٰذَا الۡبَلَدِ ۙ وَاَنۡتَ حِلٌّ ۢ بِهٰذَا الۡبَلَدِ ۙ ફર્માવીને તે રસ્તાઓની કસમો યાદ ફર્માવી. વળી જે ગલીઓમાં હુઝૂર ﷺના કદમ લાગવાથી તે ગલીઓ આટલી અઝમતવાળી થઈ, એ તળિયાંઓની ઈજ્જત તથા અઝમત પર કેમ ન લાખો સલામોના મહબ્બતનાં નઝરાણા પેશ કરવામાં આવે !

*કા'બા દીનો દિલ યા'ની નક્શે કદમ–જિન કી અઝમત નહીં અર્શે આ'ઝમસે કમ*
*હર બુલંદી કા સર હો ગયા જિસ પે ખમ–ખાઈ કુર્આં ને ખાકે ગુઝર કી કસમ*
*ઉસ કફે પા કી હુર્મત પે લાખોં સલામ*

**જિસ સુહાની ઘળી ચમકા તયબહ કા ચાંદ**
**ઉસ દિલ અફરોઝ સાઅત પે લાખોં સલામ**

**અર્થાત :** જે ખૂબસૂરત અને પ્યારા રહ્મત તથા નૂરથી ભરપુર સમયમાં મદીનાનો ચાંદ ચમક્યો અને હઝરત આમિના رضی اللہ عنہاના લઅલની વિલાદતે બાસઆદત થઈ, તે દિલોને ઈમાનની જિંદગી અતા કરનાર પળો પર પણ લાખો અકીદતના સલામ પેશ કરવા માટે દિલ ચાહી રહ્યું છે.

*જબ હુવા ઝવફગન દીનો દુન્યા કા ચાંદ–આયા ખલ્વત સે જલ્વત મેં અસ્રા કા ચાંદ*
*નિકલા જિસ વક્ત મસ્ઊદે બત્હા કા ચાંદ–જિસ સુહાની ઘળી ચમકા તયબહ કા ચાંદ*
*ઉસ દિલ અફરોઝ સાઅત પે લાખોં સલામ*

**પહલે સજદા પે રોઝે અઝલ સે દુરૂદ**
**યાદગારીએ ઉમ્મત પે લાખોં સલામ**

**અર્થાત :** જે વખતે આપણા આકા علیہ الصلوٰۃ والسلام પેદા થયા તો પેદા થતાં જ આપે સજદો કર્યો અને એ આપની જાહેરી જિંદગીનો પ્રથમ સજદો હતો જેમાં ઉમ્મતના માટે બખ્શિશની દુઆ હતી. અમારી દુઆ છે કે અલ્લાહ તઆલા સરકાર ﷺના આ પ્રથમ સજદા પર એવું દુરૂદ મોકલે કે જે તેની શાનના પ્રમાણે અઝલી (હમેશાંથી) હોય અથવા જે દિવસે કાઈનાતની શરૂઆત થઈ એ દિવસથી દુરૂદ થાય અને હમેશાં (અબદ) સુધી થતુ રહે.

આ મોકા પર હુઝૂર ﷺનું ઉમ્મતને યાદ રાખવું, એ "યાદ રાખવા" પર લાખો સલામ થાય. હઝરત આમિના رضی اللہ عنہا ફર્માવે છે : فو ضعت محمد افنظرت اليه فاذاهو ساجد قد رفع اصبعه الى السماء کا لمتضرع المبتهل "હુઝૂર ﷺએ પેદા થતાં જ માથુ સિજદામાં રાખ્યું અને પોતાની (શહાદતની) આંગળી આસ્માનની તરફ ઉઠાવી, જેવી રીતે કોઈ ખૂબ જ આહો ઝારી સાથે ઈબાદત કરે છે. *(અન્વારે મુહમ્મદિયહ્, પેજ : ૩૩)*

બીજી રિવાયતમાં છે કે આ દુઆ ફર્માવી : اللّٰھم رب ھب لی امتی "હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી આપ !"

*ઈફતેખારે દો આલમ હૈ ઉનકા વજૂદ–વો સરાપા કરમ હૈં બરબ્બે વદૂદ*

*ઉનપે હોતા અબદ રહ્મતોં કા વુરૂદ–પહલે સજદે પે રોઝે અઝલ સે દુરૂદ*

*યાદગારીયે ઉમ્મત પે લાખોં સલામ*

**ઝરએ શાદાબ વ હર ઝરએ પુર શીર સે**
**બરકાતે રઝાઅત પે લાખોં સલામ**

*(ઝરઅ = ખેતી, શાદાબ = હરીયાળી, ખીલેલી, ઝરઅ = છાતી, પિસ્તાન, પુર શીર = દૂધથી ભરપૂર)*

**અર્થાત :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બરકતથી હઝરત હલીમા સઅદિયા رضی اللہ عنہاના ઘરમાં દૂધની નહેરો જારી થઈ ગઈ. જે બકરીઓએ કદી દૂધ ન આપ્યું હતું એમનું દૂધ હવે ખત્મ જ થતુ ન હતું. દરેક જાનવરનું બાવલુ દૂધનો શ્રોત બની ગયું. પછી હું મારા આક઼ા ﷺની હઝરત હલીમા رضی اللہ عنہاના ઘરમાં રઝાઅતના દૌરની મુદ્દતની બરકતો પર કેમ ન લાખો સલામ મોકલું !

**ભાઈયોં કે લિએ તર્કે પિસ્તાં કરેં**
**દૂધ પિતોં કી નિસ્ફત પે લાખોં સલામ**

**અર્થાત :** હઝરત હલીમા رضی اللہ عنہاની ઔલાદ પણ આપના દૂધમાં ભાગીદાર તથા હક્ક઼દાર હતી. એટલા માટે હુઝૂર ﷺ કેવળ એક તરફ જ દૂધ પીતા ગમે તેટલી પણ ભૂખ હોય, કદી બીજી બાજુનું દૂધ ન પીતા. આ આપણા આક઼ા ﷺનો પેદા થતાં જ અદ્લો ઈન્સાફ છે કે જેથી કોઈ એ દૌરની વાત કરીને એવું ન કહી દે આપ તો પેદા થયા બાદ પોતાના રઝાઈ (દૂધ) ભાઈ બહેનોનો હક્ક઼ મારતા રહ્યા. આવા અદ્લો ઈન્સાફના પયકર આક઼ા علیہ الصلوٰۃ والسلامના આ મુબારક અદ્લો ઈન્સાફ પર પણ લાખો સલામ મોકલો.

*મિષ્લે માદર હલીમા પે એહસાં કરેં–ઉનકી બખ્શિશ કા તિફલીમેં સામાં કરેં*

*પાસે હક્કે઼ રઝાઅત કા હર આં કરેં–ભાઈયોં કે લિયે તર્કે પિસ્તાં કરેં*

*દૂધ પિતોં કી નિસ્ફત પે લાખોં સલામ –(અખ્તર હામિદી)*

**મહદવાલા કી ક઼િસ્મત પે સદહા દુરૂદ**
**બુર્જે માહે રિસાલત પે લાખોં સલામ**

*(મહદવાલા = બુલંદો બાલા, ગોદ મુબારક, બુર્જ = આસ્માનનો બારમો હિસ્સો)*

**અર્થાત :** જે ગોદમાં આક઼ા ﷺએ ઉછેર પામ્યો અને જે પારણામાં આપે બચપન પસાર કર્યું એ ગોદ અને એ પારણાનાં નસીબો પર હજારો દુરૂદ અને તે સર્વ જગાઓ પર લાખો સલામ.

**અલ્લાહ ! અલ્લાહ ! વો બચપને કી ફબન**
**ઉસ ખુદા ભાતી સૂરત પે લાખોં સલામ**

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! આપના બચપનની રોનકો અને બહારોં પર કુર્બાન જાઉં અને રબ્બુલ આલમીનની પણ પસંદીદા સૂરતે મુસ્તફા પર લાખો સલામ મોકલું. હદીષમાં છે કે કોઈ ગામડાવાસી શખ્સ પણ આપની પાસે આવતો તો આપના ચેહરએ અન્વરને જોઈને પોકારી ઉઠતો : هذا وجه مبارك "આ કેટલો બરકતવાળો ચહેરએ અન્વર છે." *(અબૂ દાઊદ, ૧/૨૪૨)* હઝરત અબૂ રમષા તમીમી ફર્માવે છે, મેં હુઝૂર ﷺના ચહેરાને પ્રથમ જ વાર જોયો તો قلت هذا نبي الله ફૈંસલો કરી લીધો કે આ ખુદાના નબીનો જ ચહેરો હોય શકે છે.

*(શમાઈલે તિર્મિઝી, બાબ માજા ફી શયબે રસૂલુલ્લાહ)*

*દિલકશો દિલરુબા પ્યારી પ્યારી ફબન–ખૂદ ફબનને ભી ન દેખી ઐસી ફબન*
*જિસપે કુર્બાન અચ્છીસે અચ્છી ફબન–અલ્લાહ ! અલ્લાહ ! વો બચપને કી ફબન*
*ઉસ ખુદા ભાતી સૂરત પે લાખોં સલામ*

**ઉઠતે બૂટોં કે નશો નુમા પર દુરૂદ**
**ખિલતે ગુન્ચોં કી નિક્હત પે લાખોં સલામ**

*(ઉઠતે બૂટોં = છોડોનુ ઉછેરવું, નશોનુમા = ઉછેર, નિક્હત = મહેક)*

**અર્થાત :** જેવી રીતે અમુક છોડવા ખૂબ જ જલ્દી મોટા થઈ જાય છે. હુઝૂર ﷺના બારામાં આવે છે : كان يشيب في اليوم شباب الصبي في الشهر ويشيب في الشهر شباب الصبي في سنة "આપ ﷺ એક દિવસમાં એટલા વધતા જેટલું બીજાં બાળકો એક મહિનામાં વધે છે. અને એક મહિનાના થઈને સાલ જેટલા દેખાતા." *(અલ્વફ઼ા, ૧/૧૦૯)* આ'લા હઝરત આ નઝારો જોઈને ઝુમી ઉઠયા અને પોતાના આક઼ા ﷺના આ ઉછેર પર દુરૂદ મોકલવા લાગ્યા અને પછી આપના શરીર મુબારકનું વધવું ગુન્ચાઓના ખીલવાની સાથે ખુશ્બુદાર હોવાના કારણે મળતાપણુ ધરાવતુ હતું. એ મહેકતી વૃદ્ધિ પર લાખો સલામ મોકલી રહ્યા છે.

**ફઝ્લે પૈદાઈશી પર હમેશા દુરૂદ**
**ખેલને સે કરાહત પે લાખોં સલામ**

**અર્થાત :** આપ ﷺની પેદાઈશના મોક઼ા પર અજીબો ગરીબ બનાવો ઉપસ્થિત થયા. (દા.ત. હઝરત આમિનાને મક્કામાં બેસીને કિ઼સ્રાના મહેલોનું દેખાય આવવું, પેટ મુબારકથી નૂરનું નીકળવું જેનાથી પૂરી દુનિયાનું રોશન થઈ જવું, કા'બામાં રાખેલી મૂર્તિઓનું મોઢાંભેર ગબડવું, કિસ્રાના મહેલના ૧૪ કંગૂરાઓનું તૂટીને ગબડી પડવું, ઈરાનના અગ્નિકુંડનું ઓલવાય જવું, કા'બાનું ત્રણ દિવસ વજ્દમાં આવીને ઝુમતા રહેવું, જાનવરોનું એકબીજાને મુબારકબાદ આપવું, આપના મખ્તૂન, મકહૂલ, મગસૂલ પેદા થવું.....વગેરે) આ અઝમત પર હમેશાં રહ઼મત વરસતી રહે, અને આપની તબીઅતનું રમતગમતની તરફ (ખેલકૂદની તરફ) ન વળવાની આદત પર લાખો સલામ થાય.

*મૌલૂદે ઝાતે યક્તા પે યક્તા દુરૂદ–આમદે શાહેવાલા પે આ'લા દુરૂદ*
*તા ક઼યામત શબો રોઝ સદહા દુરૂદ–ફઝ્લે પૈદાઈશી પર હમેશા દુરૂદ*
*ખેલને સે કરાહત પે લાખોં સલામ*

**બે બનાવટ અદા પર હઝારોં દુરૂદ**
**બેતકલ્લુફ મલાહત પે લાખોં સલામ**

**અર્થાત** : કુર્આન મજીદમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام નું ફર્માન નકલ કરવામાં આવ્યું : وَّ مَاۤ اَنَا مِنَ الْمُتَكَلِّفِیْنَ "હું તકલ્લુફને પસંદ નથી કરતો." (સૂ. સાદ) આપ ﷺની આવી ખૂબી પર લાખો સલામનાં લાખો નઝરાણા પેશ થઈ રહ્યાં છે. આપની દરેક ખૂબસૂરત અદા પર અમારી જાન કુર્બાન !

*તેરી હર અદા પે જાં ફિદા—મુઝે હર અદાને મઝા દિયા*

હજારો દુરૂદ થાય હુઝૂર ﷺની બેમિષાલ તથા બનાવટ વિહોણી અદાઓ પર અને લાખો સલામ થાય આપણા આકા ﷺના બેતકલ્લુફ નમકીન હુસ્ન પર.

**ભીની ભીની મહક પર મહકતી દુરૂદ**
**પ્યારી પ્યારી નફાસત પે લાખોં સલામ**

*(ભીની ભીની મહક = હલકી હલકી ઉમદા ખુશ્બુ, નફાસત = પાકીઝગી)*

**અર્થાત** : સરકારે મદીના ﷺના શરીર મુબારકથી ફૂટનારી હલકી હલકી ઉમદા ખુશ્બુની લતાફતો પર મહેકવાળુ દુરૂદ અને આપ ﷺની તબીઅતની પ્યારી નફાસત તથા પવિત્રતા પર લાખો સલામ થાય. આપના જિસ્મે અકદસ (શરીર પાક)થી ખુશ્બુ લગાડયા વિના ઉમદા ખુશ્બુ આવતી હતી. *(અશ્શિફા, ખસાઈસુલ્ કુબ્રા)*

*ગેસૂઓં પર મોઅંબર મહકતી દુરૂદ—રુખપે સદકે મુનવ્વર મહકતી દુરૂદ*
*નાઝકી પુર નિછાવર મહકતી દુરૂદ—ભીની ભીની મહક પર મહકતી દુરૂદ*
*પ્યારી પ્યારી નફાસત પે લાખોં સલામ*

**મીઠી મીઠી ઈબારતે શીરીં દુરૂદ**
**અચ્છી અચ્છી ઈશારત પે લાખોં સલામ**

**અર્થાત** : اذ تکلم سما و علاہ البہا حلو المنطق "આપ علیہ الصلوٰۃ والسلام જ્યારે કલામ કરતા તો મજલિસવાળાઓ પર છવાઈ જતા અને આપની વાતચીતમાં મીઠાશ હોતી. ઈમામે અહલે સુન્નત આ મીઠી વાતચીત પર મીઠુ દુરૂદ મોકલી રહ્યા છે. અને જે વાત આપ ﷺ હાથના ઈશારાથી ફર્માવતા તેના અચ્છાપન તથા ઉમદાપણા પર લાખો સલામનાં નઝરાનએ મહોબ્બત પેશ કરી રહ્યા છે.

**સીધી સીધી રવિશ પે કરોળોં દુરૂદ**
**સાદી સાદી તબીઅત પે લાખોં સલામ**

**અર્થાત** : આપ ﷺની સીધી સીધી પણ બેમિષાલ રફતાર મુબારક (ચાલ) પર કરોડો દુરૂદ થાય અને આપની સાદી સાદી પણ રશ્કે મલાઈક (ફરિશ્તા રશ્ક કરે તેવી) તબીઅત પર લાખો સલામ થાય.

આપની ચાલ સીધી સાદી અને આજીજીવાળી એટલા માટે છે કે સહાબાએ કિરામને આપ પોતાની આગળ

ચાલવાનો હુકમ આપતા. બેમિષાલ એટલા માટે છે કે આપની પાછળ પાછળ નૂરી મખ્લૂક અલ્લાહના ફરિશ્તા ચાલતા હતા. كان اصحاب النبی صلی اللہ علیہ وسلم یمشون امامہ ویدعون ظہرہ للملائكة *(શરહે શમાઈલ લિલ્કારી, ૧/૪૪)* આપનો હુકમ હતો : خلوا ظہری للملائكة મારી પીઠ ફરિશ્તાઓ માટે ખાલી કરો.

*ફિતરતે બખલિશપે કરોળોં દુરૂદ–તરફે આલી મુનિશ પે કરોળોં દુરૂદ*

*જાનિબે દિલે કશિશ પે કરોળોં દુરૂદ–સીધી સાદી રવિશ પર કરોળોં દુરૂદ*

*સાદી સાદી તબીઅત પે લાખોં સલામ*

**રોઝ ગરમ વ શબે તીરા વ તાર મેં**
**કોહ વ સહરા કી ખલ્વત પે લાખોં સલામ**

**અર્થાત** : પોતાના સાચા રબની સાથે બંદગીના સંબંધને મજબૂત કરવાના માટે અરબની સખત ગરમીમાં દિવસે અને સખત અંધારી રાતોમાં આપના ગુફાઓ તથા જંગલોમાં એકલા ઈબાદતમાં વ્યસ્ત રહેવું, (وكان يخلو بغار حرا) આપની આ ગોશાનશીની પર લાખો સલામ થજો.

હદીષ શરીફમાં છે કે ક્યારેક એક એક મહિનો પણ આપ ﷺ ગારે હિરામાં એકાંતવાસ રહેતા. કેમ કે حبب الیہ આ એકાંતને આપના માટે મહબૂબ બનાવી દેવામાં આવી. *(બુખારી બાબ બદઉલ્ વહી)*

**જિસ કે ઘેરે મેં હૈં અંબિયા વ મલક**
**ઉસ જહાંગીરે બઅષત પે લાખોં સલામ**

**અર્થાત** : સરકારે મદીના ﷺની નબુવ્વત તથા રિસાલત એટલી સર્વ વ્યાપી છે કે સર્વ નબીઓની સર્વ ઉમ્મતો તેમના નબીઓ સમેટ સામેલ છે.

قل یا یہ الناس انی رسول اللہ الیکم جمیعاً۔ وَمَآ اَرۡسَلۡنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيۡرًا وَّنَذِيۡرًا વગેરે કુર્આની આયતો અને ارسلت الی الخلق کافۃ و ختم بی النبیون۔ વગેરે મુબારક હદીષો અને

مابعث اللہ نبیا من الا نبیاء من لدن نوح الا اخذ میثاقہ لیئو منن بمحمد و لینصرنہ ان خرج وھم احیاء

*(દલાઈલુન્નબુવ્વત, ૫/૩૮૪)* اثر عبد اللہ بن عباس رضی اللہ عنھما એના માટે ન્યાયી સાક્ષી છે. આ'લા હઝરત પોતાના આકાની આ આલમગીર બઅષત પર લાખો સલામનાં મહોબ્બતનાં નઝરાણા પેશ કરી રહ્યા છે.

*જિસકે ઝેરે નગીં હૈં સમા કો સમક–જિસકે હલકે મેં હૈં ચાંદ સૂરજ ફલક*

*જિસકા સિક્કા રવાં ફર્શ સે અર્શ તક–જિસકે ઘેરે મેં હૈં અંબિયા વ મલક*

*ઉસ જહાંગીર બઅષત પે લાખોં સલામ*

**અંધે શીશે ઝલાઝલ દમકને લગે**
**જલ્વારે ઝીએ દઅવત પે લાખોં સલામ**

**અર્થાત** : قد جاء کم من اللہ نورની શાનવાળા આકા ﷺએ જ્યારે કુફ્ર તથા ગુમરાહીના ઘટાટોપ

અંધકારોમાં હક્કોનો પયગામ પહોંચાડયો તો એ તૌહીદના પયગામની નૂરાનિયત અને આપની દા'વત તથા તબ્લીગની નૂરાનિયતથી તેમને કુફ્ર તથા શિર્કના આંધળા શીશા (જાહિલ માનવો)થી હિદાયતના નૂરનાં ઝરણાં ફૂટવા લાગ્યાં અને : (શેઅર) *ખૂદ જો ન થે રાહ પર ઔરોં કે હાદી બન ગયે*

એટલા માટે તો અલ્લાહ તઆલાએ આપ علیہ الصلوۃ والسلامને સિરાજે મુનીર ફર્માવ્યા છે, કેમ કે કેવળ સૂરજ તથા ચાંદ પણ આંધળા શીશા (નકામા આઈના)ઓને નથી ચમકાવી શકતા પરંતુ મદીનાના ચાંદે એવા જલ્વા વિખેર્યા છે કે સૂરજ શું હોય છે અને ચાંદ શું હોય છે ! હું મારા આક઼ા ﷺની બાબરકત દા'વતની જલ્વાગરીઓને લાખો સલામ પેશ કરું છું.

## ★ આફતાબે રિસાલતનાં કિરણો (સિરાજે મુનીર) ★

એના અનુસંધાનમાં મુફતી મુહમ્મદખાન ક઼ાદરી શરહે સલામે રઝામાં લખે છે : આસમાની સૂરજને કુર્આન મજીદમાં سراجا وهاجا ફર્માવ્યું, જ્યારે કે આફતાબે રિસાલત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺને સિરાજે મુનીર ઠરાવવામાં આવ્યા. જરા વિચારો કે આ ભૌતિક (આસ્માની) સૂરજ અને રૂહાની આફતાબ (હુઝૂર ﷺ) માં શું મળતાપણુ તથા સામ્યતા છે અને તેમના અનવાર તથા અસરોમાં શું ઉઘાડો ફરક છે. આ વિષય પર મેં મારી કિતાબ "શાને મુસ્તફા બઝબાને મુસ્તફા" ﷺ માં વિગતવાર લખ્યું છે.

وهجનો અર્થ અરબી શબ્દકોશમાં ગરમી સાથે પ્રકાશ છે જે ચીજ રોશન પણ હોય અને ગરમ પણ હોય. તેને وهج કહીશું. અને જેમાં ખૂબ જ પ્રમાણમાં પ્રકાશ અને ખૂબ જ પ્રમાણમાં ગરમી હોય તેને મુબાલેગા (અતિશયોક્તિ) સાથે وهاجકહીશું. કેમ કે સૂરજ બેહદ પ્રકાશિત છે, તેના પર નજર ઠરી નથી શકતી, એ જ પ્રમાણે બેહદ ગરમ પણ છે કે તેની નીચે વધુ વાર માટે આ નિગાહવાળા પણ નથી રોકાય શક્તા. જેનાથી સ્પષ્ટ થઈ જાય છે કે આ સૂરજ અગ્નિમય છે અને આગનું ઉગમ સ્થાન છે, કેમ કે આગની જ એ ખાસિયત છે કે તે પ્રકાશિત પણ હોય અને ગરમ પણ હોય છે. એટલા માટે وهجના શબ્દ થકી તેની ખાસિયત વર્ણવવામાં આવી. પરંતુ રૂહાની આફતાબને હક઼ તઆલાએ સિરાજ કહીને આ લકબ (وهاج) વહહાજને બદલે મુનીર કહ્યા, જે ચાંદની શાન છે કે જેમાં રોશનીની સાથે ઠંડક પણ મળેલી હોય છે. એટલા માટે **મુનીર**નો અર્થ **ઠંડી રોશનીવાળો** થયો. અને સાબિત થયું કે આ રૂહાની આફતાબ (ઝાતે નબવી ﷺ)માં રોશની તો સૂર્ય જેવી છે જેમાં ચાંદ જેવું મંદપણુ નથી કે રાતના અંધકારનું નિવારણ ન થઈ શકે, પણ ઠંડક ચાંદની જેવી છે જેમાં સૂરજ જેવી ગરમી નથી કે તકલીફદાયક સાબિત થાય. સારાંશ કે ભૌતિક સૂરજ નાર અને રૂહાની સૂરજ નૂર છે. એના લીધે કુર્આને ભૌતિક સૂરજને સિરાજે વહહાજ (ગરમ તથા પ્રકાશિત) કહ્યો જે રોશની તથા ગરમીનો સમૂહ છે. અને રૂહાની સૂરજને સિરાજે મુનીર કહ્યો જે રોશની તથા ઠંડકનો સમૂહ છે. તે જો વહાજિયત (وهاجيت) વડે ચીજોને જલન આપે છે તો આ મુનીરિયતથી તેમને કમાલની હદે પહોંચાડે છે. તેની જલન તથા તાપથી જો વિવિધ સમયોમાં તેનાથી બેઝારી (નફરત) પેદા થાય છે, તો આની નૂરાની ઠંડક વડે દરેક સમયે ઈશ્ક઼ તથા મહોબ્બત વધે છે. તેમાં જો વાક઼ઈય્યત (વાસ્તવિક્તા)ની શાન છે તો આનામાં આકર્ષણની શાન છે, ત્યાં જલન થાય છે તો અહીં બચાવ થાય છે. ત્યાં દિલોજાન જલે છે તો

અહીં દિલો જાનને જિંદગી મળે છે. જો તેની નીચે શરીર કાળુ પડે છે તો આના સાયા હેઠળ બદન મુનવ્વર થાય છે. ભૌતિક સૂરજ તો نار الله الموقده થી તર્બિયત પામીને નારી છે પણ રૂહાની સૂરજ السموات والارضથી તર્બિયત પામીને નૂરી છે.

બાકી રહ્યો એ સવાલ કે ભૌતિક સૂર્યની દરેક મખ્લૂક઼ને જરૂરત છે જ્યારે કે રૂહાની આફતાબની જરૂરત ક્યાં સુધી છે ? તો એના બારામાં અર્ઝ છે કે :–

જો ભૌતિક સૃષ્ટિ માટે એક ભૌતિક સૂરજની જરૂરત છે, અને વિના શંકાએ છે, તો રૂહાની સૃષ્ટિના માટે એક રૂહાની સૂરજ અનિવાર્ય છે. જેવી રીતે આ જરૂરતને પૂરી કરવાના માટે અલ્લાહ તઆલાએ આ ભૌતિક સૃષ્ટિના માટે એક ભૌતિક સૂરજ બનાવ્યો જેનાથી ઝમીનો ઝમાં રોશન છે, એવી જ રીતે તેણે એક રૂહાની આફતાબ ઝાતે બાબરકતે નબવી જેનાથી કોનો મકાં રોશન છે તેનું સર્જન કર્યું. તે શરીરોને મુનવ્વર કરે છે તો આ રૂહોને. સારાંશ કે ભૌતિક આલમની જેમ રૂહાની આલમના માટે પણ એક આફતાબનું વજૂદ જરૂરી છે. કેમ કે સૌ જાણે છે કે હયાત તથા દુનિયાની જિસ્માનિયાત વિના ગરમીએ જીવંત નથી રહી શકતાં. તેમના માટે હક઼ીક઼ી રૂહના સ્થાને છે. જો તે ન રહે તો આલમે નાસૂત પણ ન રહે. વનસ્પતિ, પથ્થર તથા સજીવ માનવોથી લઈને એક અતિ મામૂલી કીડા મકોડા સુધીની જિંદગીનો મહાન હિસ્સો ગરમી છે. દા.ત. જો શરીરમાં ગરમી તથા ઉષ્મા ન હોય તો શરીરની ચીજો સલામત રહી શક્શે નહીં, બલ્કે જો આ પૂરી દુનિયા અને તેના હિસ્સાઓમાંથી ગરમી ખેંચીને કાઢી લેવામાં આવે તો સમગ્ર સૃષ્ટિ બરફ બનીને જામી જાય. તેનામાં હલનચલનની શક્તિ ન રહે કે જે જિંદગીની પ્રારંભિક નિશાની છે. જેથી સૃષ્ટિના માટે ગરમી રૂહના સ્થાને છે અને સૌ જાણે છે કે આ ગરમી તથા તાપમાનનું મૂળ સૂર્ય સિવાય કોઈ અન્ય ચીજ નથી કેમ કે એનાથી સૌને ગરમીનો ફાયદો પહોંચે છે, ત્યાં સુધી કે ખુદ ગરમીના જેટલાં માધ્યમો દુનિયામાં આગ ફેલાવી રહ્યાં છે તે સર્વે સૂર્યથી જ ફાયદો મેળવીને અગ્નિમય બનેલા છે. સારાંશ કે પથ્થર, વનસ્પતિ, માનવ, વગેરેની ભૌતિક જિંદગીની શારીરિક જિંદગી હક઼ીક઼ી ગરમી પર નિર્ભિત છે અને ગરમીનું ઉગમ સ્થાન સૂરજ છે, એટલા માટે સર્વ ભૌતિક ચીજોની શારીરિક જિંદગી સૂર્યના વજૂદના તાબે છે. એટલા માટે ફિતરતે ઈલાહિયાની મસ્લેહતનો તકાઝો હતો કે આ નાસૂતી આલમ (માનવ જગત)ને એક સૂર્ય આપવામાં આવે જે તેની ભૌતિક જિંદગીનો નિભાવનાર હોય. બરાબર એ જ પ્રમાણે કાઈનાતની રૂહાની જિંદગી અને રૂહના અહવાલ તથા મક઼ામોની ઉન્નતિ તથા ઉછેર પણ ઈમાની ગરમી તથા ઈશ્ક઼ે ખુદાવંદીની ગરમીથી કાયમ છે, જેનું નામ ઈમાન છે. ઈલ્મ, અખ્લાક઼, અહવાલ, મક઼ામાત, દિલના ખયાલો અને વુસૂલ તથા કુબૂલની ગરમબાઝારી એ જ ઈમાની ગરમીથી ક઼ાયમ છે. જો ઈમાનની ઉષ્મા બાકી ન રહે તો આ તમામ રૂહાની મક઼ામો તથા કમાલો ખત્મ થઈને રહી જાય.

ડો. ઈક઼બાલ એક જગાએ આ જ ઉષ્માના કેન્દ્રનો નિર્દેશ કરતાં કહે છે :–

می ندانی عشق و مستی از کجاست-ایں شعاع از آفتاب مصطفیٰ است "હે સાંભળનાર ! તું નથી જાણતો કે આ ઈશ્ક઼ો મસ્તીની ગરમી ક્યાંથી છે ? એ મુસ્તફા (નબુવ્વતના સૂરજ)ની એક કિરણ છે."

અને સૌ જાણે છે કે આ ઈમાની ઉષ્મા તથા ઈશ્કે ખુદાવંદીની ગરમીના શ્રોત અંબિયા عَلَيۡهِمُ السَّلَام છે અને ખુદ તેમની ઈમાની ગરમીનો એક એકલો શ્રોત ઝાતે બાબરકતે નબવી છે, કેમ કે આપ ખાતમુન્નબુવ્વત છે. જેના ફૈઝથી અંબિયા તથા ઉમ્મતને આ રૂહાની ઉષ્મા મળી છે. વળી અંબિયા જો તારાઓ છે તે આ આફતાબે નબુવ્વત છે. એટલા માટે આગલા તથા પાછલાઓની ઈમાની તથા એહસાની આબોતાબ અને રોશની તથા ગરમીનું મૂળ આફતાબે નબુવ્વત છે. આખા જગતની રૂહાનિયતની ગરમી તથા ગરમબાઝારી અને રૂહાની જિંદગી નબુવ્વતના આફતાબથી જ શક્ય હતી, જેથી ફિતરતે ઈલાહીનો તકાઝો એ થયો કે ભૌતિક સૃષ્ટિની જેમ તે રૂહાની સૃષ્ટિને પણ એક રૂહાની સૂરજ બખ્શે જે રૂહાની આલમની જિંદગીનો કફીલ હોય. વળી જો ભૌતિક સૃષ્ટિને પોતાની બકાના માટે એક ભૌતિક સૂરજની જરૂરત હતી, તો રૂહાની સૃષ્ટિને પણ પોતાની બકા (સલામતી) તથા હયાતના માટે એક રૂહાની સૂરજની સખત જરૂરત હતી, અને તે ઝાતે બાબરકત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ છે.

**લુત્ફે બેદારીએ શબપે બેહદ દુરૂદ**
**આલમે ખ્વાબે રાહત પે લાખોં સલામ**

**અર્થાત** : આપ ﷺની શબ બેદારીઓ જેમાં આપ રડી રડીને પોતાની ઉમ્મતના માટે દુઆ કરતા અને એટલો લાંબો કયામ કરતા કે કુર્આનમાં હુકમ આવ્યો : يٰۤاَيُّهَا الۡمُزَّمِّلُ ۙ قُمِ الَّيۡلَ اِلَّا قَلِيۡلًا ۙ "હે મારા મહબૂબ ! રાતના કયામનો સમય ઘટાડી દો." *(સૂ. મુઝમ્મિલ, ૭૩/૧,૨)* આપના પગોમાં વરમ આવી જતો તેમ છતાં ફર્માવતા : افلا اکون عبدا شکورا "હું મારા રબનો શુક્રગુઝાર બંદો કેમ ન બનું ?" આપની ઊંઘ કે જેનાથી આપનું વુઝૂ પણ ન તૂટે. એવી ઊંઘની લતાફતો તથા રાહતો પર લાખો સલામ થાય. આપ ﷺએ ફર્માવ્યું, ان عینی تنامان ولا ینام قلبی "મારી કેવળ આંખો જ સૂએ છે, દિલ નથી સૂતુ."

*(શમાઈલે તિર્મિઝી, બાબુ માજાઅ ફી ખુલ્કે રસૂલિલ્લાહ ﷺ)*

**ખંદાએ સુબ્હે ઈશરત પે નૂરી દુરૂદ**
**ગિર્યાએ અબ્રે રહમત પે લાખોં સલામ**

*(ખંદા = હસતુ મુખ, મુસ્કુરાહટ, ઈશરત = ખુશી તથા આનંદ, ગિર્યા = રૂદન)*

**અર્થાત** : ક્યારેક ખુશીથી જો મારા આકા મુસ્કુરાય તો હું મારા આકા ﷺની આ નૂરાની મુસ્કુરાહટ પર નૂરવાળુ દુરૂદ મોકલુ છું, અને આપ ﷺનું ઉમ્મતની યાદમાં રડવું જેને રહમતના વાદળનું વરસવું કહું તો અસ્થાને ન હશે. હું મારા આકાના રૂદન પર પણ લાખો સલામ પેશ કરું છું.

**નરમીએ ખૂએ લીનતપે દાઈમ દુરૂદ**
**ગર્મીએ શાને અતવતપે લાખોં સલામ**

**અર્થાત** : આપની મુબારક તબીઅતની નમ્રતા પર હમેશાં અલ્લાહની રહમતો વરસતી રહે છે. (જો કોઈ યહૂદીએ વિના કારણે આપ ﷺના ગળામાં કપડુ નાખીને ખેંચ્યા અને ગળા પર નિશાન પડી ગયું તો પણ આપે ગુસ્સો ન કર્યો બલ્કે એને જરૂરતથી અધિક અર્પણ કરીને તેની તરફ જોઈને મુસ્કુરાયા) પણ દરેક કામનો એક

સમય હોય છે. બીજા સમયમાં અબૂ જહલ તથા સાથીઓને બદરના મેદાનમાં તેમના અંજામે પહોંચાડયા. આપના રોઅબ તથા દબદબાની આ બુલંદ શાન પર પણ લાખો સલામ થાય.

**જિસ કે આગે ખિંચી ગરદને ઝુક ગઈ**
**ઉસ ખુદાદાદ શૌકત પે લાખોં સલામ**

**અર્થાત :** ખુદાની આપેલી આવી શાનો શૌકત અને રોઅબ તથા દબદબા સમક્ષ મોટા મોટા આ ઉમ્મતના ફિરઓનોની અકડુ બનેલી ગરદનો એવી ઝુકી કે પછી કદી ઉઠી ન શકી. હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે : من راه بديهة ها به ومن خالطه معرفة احبه "જે આપને અચાનક જોતો તો પ્રભાવિત થઈ જતો, અને જે આવતો જતો રહેતો તે આપની સાથે મહોબ્બત કરવા લાગતો." *(શમાઈલે તિર્મિઝી)*

હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺના હુસ્નો જમાલ અને આપના વક઼ાર તથા રોઅબના કારણે મેં જયારે પણ હુઝૂર ﷺની ઝિયારત કરી તો આંખો પર હથેળી રાખીને કરી خوفا من ذهاب بصری કે ક્યાંક મારી બીનાઈ જ ન જતી રહે. *(જવાહિરુલ બિહાર, ૨/૩૪૭)*

*ખૂદસરોં કી તની ગરદનેં ઝુક ગઈ–સરકશોંકી ઉઠી ગરદનેં ઝુક ગઈ*
*થી જો ઊંચી વહી ગરદને ઝુક ગઈ–જિસકે આગે ખિંચી ગરદને ઝુક ગઈ*
*ઉસ ખુદાદાદ શૌકત પે લાખોં સલામ*

**એઅતેલાએ જબલતપે આલી દુરૂદ**
**એઅતેદાલે તવિયત પે લાખોં સલામ**

*(એઅ્તેલાઅ = બુલંદી, જબલત = ફ઼િતરત, પૈદાઈશી ખૂબી તથા ઉચ્ચતા, એઅતેદાલ = મધ્યમ, તવિયત = તબીઅત, પ્રકૃતિ)*

**અર્થાત :** આપણા આક઼ા ﷺની ખલ્ક઼ત તથા પેદાઈશની અઝમત તથા શાન પર બુલંદો બાલા દુરૂદ થાય અને આપની તબીઅત મુબારકની દરમિયાની રવિશ (મધ્યમ ચાલ) પર લાખોં સલામ થાય.

તફસીરે કબીરમાં છે કે જનાબ અબૂ તાલિબ ફર્માવે છે :

لم ارمنه كذبة ولا ضحكا ولا وقت مع الصبيان يلعبون (૩૧/૨૧૪) મેં કદાપિ હુઝૂર ﷺને ન જૂઠ બોલતા જોયા ન કદી અટ્ટહાસ્ય સાથે હસતા જોયા અને ન કદી બાળકો સાથે ખેલકૂદમાં સમય વેડફતા જોયા.

كان رسول لله صلى الله وسلم فى زمن الصبا يبغض الا صنام ولا يلتفت "હુઝૂર ﷺ બાળપણથી જ મૂર્તિઓથી નફરત કરતા હતા અને કદાપિ એના તરફ ધ્યાન નથી કર્યું." *(અલ્વફ઼ા, ૧/૧૩૯)*

બસ આપને એક જ ફિકર હતી અને તે પણ પોતાની ઉમ્મતની, જેના માટે પેદાઈશના વખતે સજદામાં અને શબે મેઅરાજમાં અર્શ નીચે સજદો કરીને પણ દુઆઓ માગી. કાશ ! આપની ઉમ્મત પોતાના આક઼ાના આ પ્યારા અમલ (સજદાઓ)ની તરફ પરત આવે અને દુનિયા તથા આખેરતની તબાહીથી બચી જાય.

## કિસકો દેખા યહ મૂસાસે પૂછે કોઈ
## આખોંવાલોં કી હિંમતપે લાખોં સલામ

**અર્થાત** : શબે મેઅરાજ હુઝૂર ﷺનું દીદારે ઈલાહી કરવું કોઈ મામૂલી વાત ન હતી. એ તો મૂસા علیہ السلامને જરા પૂછો કે હુઝૂર ﷺએ કઈઝાતને જોઈ છે, તો એ તમને બતાવશે અને ફર્માવશે કે ભાઈ ! જેમણે પોતાના રબને પણ જોઈ લીધો છે એના હોસલા પર મારા તરફથી પણ લાખો સલામ થાય.

મૂસા علیہ السلامના માટે ફર્માવવામાં આવ્યું : ولتصنع علی عینی આપ મારી નિગાહની સામે તૈયાર થાવ. અહીં અમન વાહિદ છે અને એના પહેલાં علیٰ હર્ફેજર વપરાયો છે. એટલે કે મારી એક આંખની સામે (જેવી પણ એની શાનને લાયક છે) અને હબીબ ﷺને ફર્માવવામાં આવ્યું : فانك باعیننا આપ દરેક સમયે અમારી નિગાહોમાં રહો છો. જેનો અર્થ રૂહુલ બયાનમાં આ પ્રમાણે ફર્માવવામાં આવ્યો : ونحن نراك بحميع عيون الصفات و الذات بنعت المجة و العشق ننظر بها اليك سو قا اليك وحراسة لك "અમે આપને પોતાની ઝાત તથા સિફાતની સર્વ આખોં વડે ખૂબ જ મહોબ્બતભર્યા અંદાઝમાં જોઈએ છીએ. અમે શોખપૂર્વક આપને જોઈએ પણ છીએ અને આપની હિફાઝત પણ કરીએ છીએ."

અલ્લામા આલૂસી ફર્માવે છે :

ومن نظر بعين بصير ته علم من الا يتين الفرق بين الحبيب و الكليم عليهما افضل الصلوة و اكمل التصليما

"જે શખ્સ બસીરતની નજરથી આ બે આયતોનો અભ્યાસ કરશે તેને હબીબ તથા કલીમ علیہما السلامનો તફાવત ખૂબ જ સારી રીતે માલૂમ પડી જશે." *(રૂહુલ મઆની)*

સૈયદૈનની તઝમીન જુઓ અમુક ફરક તેનાથી પણ માલૂમ થઈ જશે. ઈન્શા અલ્લાહ !

*ફરક્ મત્લૂબો તાલિબકા દેખે કોઈ–ક્સ્સિએ તૂરો મેઅરાજ સમઝે કોઈ*
*કોઈ બેહોશ જલ્વોંમેં ગુમ હૈ કોઈ–કિસકો દેખા યહ મૂસાસે પૂછે કોઈ*
*આંખવાલોંકી હિંમતપે લાખોં સલામ —(અખ્તર અલ્હામિદી)*

*તૂરપે જલ્વા આરાઈ વો કિસકી થી – لَنْ تَرَانِیْ આવાઝ થી કિસને દી*
*હોશ, ફહમ વ ખિરદ ગુમ યહાં હૈ સભી – કિસકો દેખા યહ મૂસાસે પૂછે કોઈ*
*આંખવાલોંકી હિંમત પે લાખોં સલામ —(સૈયદ હબીબ અહમદ)*

## ગિર્દે મહ વ દસ્તે અંજુમ મેં રખ્શાં હિલાલ
## બદરકી દફએ ઝુલ્મત પે લાખોં સલામ

**અર્થાત** : બદરના મેદાનમાં જ્યારે મદીનાના ચાંદ આકાએ નામદાર ﷺ તશરીફ લાવ્યા તો સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن તારાઓની જેમ આપની આસપાસ વર્તુળ બનાવેલ હતા અને હિલાલ (પ્રથમ રાતના ચાંદ)ની જેમ વર્તુળ બનાવીને પોતાના ૧૪મી રાતના ચાંદનો દેફઅ કરી રહ્યા હતા. એ બદરે કામિલે કુફ્

તથા શિર્કનાં અંધારાંઓને પોતાના નૂરથી ફના કરી દીધાં. એના માટે પણ એમના પર લાખોં સલામ થાય.

**શોરે તકબીર સે થરથરાઈ ઝમીં**
**જુંબિશે જયશે નુસ્રતપે લાખોં સલામ**

*(જયશે નુસ્રત = મદદગાર લશ્કરી, જુંબિશ = હરકત)*

**અર્થાત :** અહલે ઈસ્લામ (સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡن)એ જ્યારે કુફ્ર તથા ઈસ્લામની આ બાકાઈદા પ્રથમ ટક્કર (બદરના મેદાન)માં નઅરએ તકબીર બુલંદ કર્યો તો જમીન કાંપી ઉઠી, અલ્લાહના તરફથી ફરિશ્તાઓના થકી મદદ કરવામાં આવેલા તે અઝીમુશ્શાન લશ્કર પર લાખો સલામ થાય.

*ઉન્કી હયબતસે વો કપકપાતી ઝમીં–ડરસે પયહમ પસીને બહાતી ઝમીં*
*ગુંજસે ખૌફ શૈરોંકી ખાતી ઝમીં–શોરે તકબીર સે થરથરાતી ઝમીં*
*જુંબિશે જયશે નુસ્રત પે લાખોં સલામ*

**નારાહાએ દિલેરાં સે બન ગુંજતે**
**ગર્રે કોસે જુરઅતપે લાખોં સલામ**

*(બન = જંગલ, ગર્રી = ગર્જના, ધાક, કોસ = નક્કારા , નગારૂ)*

**અર્થાત :** એ બહાદુર મુજાહિદોના નારાઓથી આખુ બદરનું મેદાન બલ્કે જે મેદાનમાં પણ તેઓ ગયા પૂરો વિસ્તાર ગુંજી ઉઠયો, તેમની બહાદુરીનાં નગારાંના રોઅબ તથા દબદબા પર લાખો દુરૂદો સલામનાં નઝરાણા પેશ કરવા લાગ્યો.

**વો ચકા ચાક ખંજરસે આતી સદા**
**મુસ્તફા તેરી સતવત પે લાખોં સલામ**

*(ચકા ચાક = તલ્વારની કાટછાટનો અવાજ, સતવત = રૂઆબ, દબદબો)*

**અર્થાત :** નબી અકરમ ﷺ અને આપના જાંનિસાર સહાબાએ કિરામની તલ્વારો અને ખંજરોને ચાલવાના અને કાફિરોના શરીરો કપાવાના અને કપાય કપાયને પડવાના અવાજો, મારા આકા ﷺની શાને જુર્અત (બહાદુરીની શાન) પર લાખો સલામે નિયાઝ પેશ કરી રહી હતી.

*કિસ કદર હૈં હસીં બદરકા મઅરકા–અવ્વલીં બાબ તારીખે ઈસ્લામકા*
*લબપે નુસ્રત કે નસ્રુમ મિનલ્લાહ થા–વો ચકા ચાક ખંજરસે આતી સદા*
*મુસ્તફા તેરી સતવત પે લાખોં સલામ* (અલ્અખ્તર – હામિદી)

**ઉન્કે આગે વો હમ્ઝા કી જાંબાઝિયાં**
**શેરે ગુર્રાને સતવત પે લાખો સલામ**

**અર્થાત :** આકાએ દો જહાં ﷺની નજરો સમક્ષ મક્કાના કાફિરોના મુકાબલામાં સૈયદુશ્શોહદા, હુઝૂર

ﷺના કાકા હઝરત સૈયદુના અમીરે હમ્ઝા رضی اللہ عنہની જાંબાઝીઓ, જાંનિષારીઓ તથા તેમની બહાદુરીઓ, અલ્લાહુ અકબર ! ઈસ્લામની અઝમત તથા શૌકતનો સિંહ ગર્જના કરી રહ્યો છે, એ અસદુલ્લાહ તથા અસદુર્રસૂલની એ મારધાડ પર અમારા તરફથી લાખો મહોબ્બતભર્યા સલામ થજો.

જેમના બારામાં હુઝૂર ﷺએ ફર્માવ્યું, મને એ ઝાતની કસમ જેની કુદરતના કબજામાં મારી જાન છે ! અલ્લાહ તઆલાએ સાતમા આસ્માનની ઉપર મારા કાકા હમ્ઝાના બારામાં લખી આપ્યું છે કે એ અલ્લાહ વ રસૂલનો સિંહ છે. *(મદારિજુન્નબુવ્વત, ૨/૪૯૦)*

*ફોજે અઅ્દામેં ઘુસકર સિનાંબાઝિયા—દૂર હી સે કભી તીરંદાઝિયાં*
*પરચમે ઈફતેખારે સફે ગાઝિયાં—ઉનકે આગે વો હમ્ઝા કી જાંબાઝિયાં*
*શેરે ગુર્રાને સતવત પે લાખોં સલામ*

**અલ્ગરઝ ઉનકે હર મૂપે લાખોં દુરૂદ**
**ઉન્કી હર ખૂ વ અસ્લત પે લાખોં સલામ**

**અર્થાત :** સારાંશ એ કે સરકાર ﷺની અઝમત તથા શાનના કયા કયા પાસાનુ નામ લઈને લાખો દુરૂદો સલામ કહું ! આ ક્રમ તો એટલો લાંબો છે કે :

*ઝિંદગિયાં ખત્મ હૂઈ કલમદાં ટૂટ ગએ—તેરે અવસાફકા એક બાબ ભી પૂરા ન હુવા*

હું વાતને ટૂંકાવતાં એવું જ કેમ ન કહું કે આપ ﷺના દરેક બાલ મુબારક પર લાખોં સલામ થાય અને આપ ﷺની દરેક અદા તથા મુબારક આદતો પર લાખોં સલામ થાય.

*ઉન્કે પાકીઝા ગેસૂ પે લાખોં દુરૂદ – ઉન્કી અંબર ફશાં બૂ પે લાખોં સલામ*
*ઉન્કે આઈનએ રૂ પે લાખોં દુરૂદ – અલ્ગરઝ ઉન્કે હર મૂ પે લાખોં સલામ*
*ઉન્કી હર ખૂ વ ખસ્લતપે લાખોં સલામ –(અખ્તર હમિદી)*

**ઉન્કે હર નામ વ નિસ્બત પે નામી દુરૂદ**
**ઉન્કે હર વક્ત વ હાલત પે લાખોં સલામ**

**અર્થાત :** આપના ૯૯ તૌકીફી નામો અને હજારો અઝમત તથા શાનના લેહાઝથી જે અહલે મહોબ્બતે આપ ﷺના અસ્માએ ગિરામી વર્ણન કર્યા છે, એમાંથી એક એક નામ અને દરેક નામ જે શાનની પ્રતિ સંબંધિત છે એ નિસ્બત પર નામી ગિરામી અને વૃધ્ધિ પામનારુ દુરૂદ થાય અને આપની મુબારક જિંદગીની એક એક પળ અને એક એક હરકત પર લાખો સલામ, કેમ કે આપના નામને અલ્લાહે અઝાનો નમાઝોમાં પોતાના નામની સાથે મિલાવી દીધું, તે મહમૂદ છે તો આ હામિદ તથા મુહમ્મદ છે, માદ્દો એક જ છે. આપનું જ નામ દરેક નબીના માટે મહાન વસીલો બનાવ્યો, નહીં તો (શેઅર) : *ન આદમ યાફતે તૌબા ન નૂહ અઝ ગર્કે નજીના*

આપનું જ નામ નામી ઈસ્મે ગિરામી મુહમ્મદ ﷺ લોહે મેહફૂઝની પેશાનીનુ ઝુમ્મર બન્યું. *(રૂહુલ મઆની,*

*૩૦/૧૦૭, કુર્તબી, ૧૯/૨૯૮)* આપ ﷺનું જ નામ નામી ઈસ્મે ગિરામી મુહમ્મદ ﷺ જન્નતના દરેક ઝાડના દરેક પાંદડા પર લખેલુ છે. *(અર્રવઝુલ અનીકા–૪૯)*

**ઉન્કે મૌલાકે ઉન પર કરોળોં દુરૂદ**
**ઉન્કે અસ્હાબો ઈત્રત પે લાખોં સલામ**

**અર્થાત :** કેવળ આપણા જેવી મખ્લૂક જ મહબૂબે ખુદા પર લાખોં સલામ કરોળોં દુરૂદ નથી મોકલતી બલ્કે તેમનો ખાલિક તથા માલિક અલ્લાહ રબ્બુલ આલમીન પણ તેમના પર કરોડો બલ્કે અગણિત અનંતવાર દુરૂદ મોકલે છે. اِنَّ اللہَ وَ مَلٰٓئِکَتَہٗ یُصَلُّوْنَ عَلَی النَّبِیِّ આપ ﷺના સહાબીઓ પર અને આપની ઔલાદ તથા અહલે બયત પર લાખો સલામ થાય.

*ઝાતે યકતા કે ઉન પર કરોળોં દુરૂદ–રબ્બે કા'બાકે ઉન પર કરોળોં દુરૂદ*
*હક્ક તઆલાકે ઉન પર કરોળોં દુરૂદ–ઉનકે મૌલાકે ઉન પર કરોળોં દુરૂદ*
*ઉનકે અસ્હાબો ઈત્રત પે લાખોં સલામ –(અખ્તર હામિદી)*

*મલાએ આ'લા કે ઉન પર કરોળોં દુરૂદ–શાખે તૂબા કે ઉન પર કરોળોં દુરૂદ*
*જાને સિદરા કે ઉન પર દુરૂદ–ઉનકે મૌલા કે ઉન પર કરોળોં દુરૂદ*
*ઉનકે અસ્હાબો ઈત્રત પે લાખોં સલામ*

**પારહાએ સહફ ગુન્ચાહાએ કુદ્સ**
**અહલે બયતે નબુવ્વત પે લાખોં સલામ**

**અર્થાત :** મુકદ્દસ સલામ (રિસાલત મઆબ ﷺ)ના ટુકડા અને હિસ્સા (હુઝૂર ﷺના જિગરના ટુકડા, મદીનાના ચાંદના ટુકડા) અને બાગે કુદ્સ(ના મુકદ્દસ ફૂલ, ખુદાના પ્યારા રસૂલ ﷺ)ની કળીઓ એટલે ખાનદાને નબુવ્વત, અહલે બયતે અત્હાર, ઈત્રતે પયગંબર ﷺ પર લાખો સલામ થાય.

આપે ફર્માવ્યું : انی تارك فیكم الثقلین كتاب الله و اهل بیتی "હું તમારી પાસે બે ચીજો છોડીને જઈ રહ્યો છું, એક અલ્લાહની કિતાબ અને એક પોતાનાં ઘરવાળાં." *(મુસ્લિમ શરીફ, બાબે ફઝાઈલે અલી)* આપે ફર્માવ્યું : والذی نفسی بیدہ لا یبغض اهل البیت احد الا ادخله النار "મને એ ઝાતની કસમ ! જેના કબજામાં મારી જાન છે, ખાનદાને નબુવ્વતના કોઈ પણ વ્યક્તિ સાથે દુશ્મની રાખનાર સીધો જહન્નમમાં જશે." *(અલ્મુસ્તદરક, ૩/૧૫૦)*

હઝરત અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہએ ખાનએ કાબાનો દરવાજો પકડીને ફર્માવ્યું, જે મને જાણે છે તે તો જાણે જ છે, જે નથી જાણતો તે જાણી લે કે હું અબૂઝર છું અને મેં હુઝૂર ﷺને એ ફર્માવતાં સાંભળ્યું છે કે, "મારા અહલે બયતનું દષ્ટાંત નૂહ علیہ السلامની કશ્તીને જેમ છે من رکبها نجا و من تخلف عنها غرق જે એમાં સવાર થઈ ગયો તે બચી ગયો. જે સવાર ન થઈ શક્યો તે ડૂબી ગયો." *(અલ્મુસ્તદરક, ૩/૧૫૦)* કુર્આને પાકમાં અહલે બયતે રસૂલની મહોબ્બતને ફર્ઝ ઠરાવવામાં આવી. قُلْ لَّآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِى الْقُرْبٰى (સૂ. શુરા) અને આ અંદાઝ

કોઈ અન્ય ફર્ઝ માટે ન અપનાવવામાં આવ્યો. "આપ ફર્માવી દો કે હું તમારાથી કોઈ બદલો નથી માગતો પરંતું એ કે મારા ઘરવાળાઓ સાથે મહોબ્બત કરો."

*બેઅદબ ગુસ્તાખ ફ઼િર્કા કો સુના દે અય 'હસન'—યૂં કહા કરતે હૈં સુન્ની દાસ્તાને અહલે બયત*

**આબે તત્હીરસે જિસમેં પૌદે જમે**
**ઉસ રિયાઝે નજાબત પે લાખોં સલામ**

**ખૂને ખૈરુર્રુસુલ સે હૈ જિનકા ખમીર**
**ઉનકી બેલોષ તીનત પે લાખોં સલામ**

**અર્થાત :** તહારતના પાણી اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا (સૂ. અહઝાબ)થી જે નબુવ્વત તથા રિસાલતના બાગમાં આ મુક઼દસ ફૂલ તથા છોડ ઉગ્યા છે એ પૂરા નબુવ્વતના ગુલશન (ખાનદાને મુસ્તફા ﷺ)ની બેઅયબ ખલ્કત તથા તબીઅત પર લાખોં સલામ થાય.

*મઝહરે મસ્દરે ઝાતે રબ્બે ક઼દીર—જિનકે દેખેસે હોતે હૈં રોશન ઝમીર*
*માહે તૌહીદકે નજ્મહાએ મુનીર—ખૂને ખૈરુર્રુસુલસે હૈ જિનકા અમીર*
*ઉનકી બે લૌષ તીનત પે લાખોં સલામ*

**ઉસ બતૂલે જિગર પારાએ મુસ્તફા**
**હજલા આરાએ ઈફ્ફત પે લાખોં સલામ**

*(બતૂલ = ફાતિમા ઝહ્રા બિન્તે રસૂલુલ્લાહ ﷺ, જિગર પારા = દિલના ટુકડા,*
*હજલાઆરા = પાલકી સંવારનાર, ઈફ્ફત = પરહેઝગારી)*

**અર્થાત :** ખાતૂને જન્નત સૈયદતુન્નિસાઉલ આલમીન સૈયદા ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہا આપણા આક઼ા ﷺના દિલના ટુકડા, એ શર્મો હયાની પયકર અને પારસાઈ તથા પરહેઝગારીની ઈજ્જત તથા અઝમત પર લાખોં સલામ થાય.

## સૈયદા ખાતૂને જન્નત رضی اللہ عنہا

હુઝૂર ﷺના ઝવજએ મોહતરમા (બીવી સાહેબા) હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاને કોઈકે સવાલ કર્યો, આપ ﷺને સૌથી અધિક પ્યારુ કોણ હતું ? ફર્માવ્યું, ફાતિમા. અર્ઝ કરી પુરૂષોમાં ? زوجها એમના પતિ હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ. હદીષ શરીફમાં છે : فاطمة بضعة مني فمن اغضبها فقد اغضبني "ફાતિમા મારા જિગરનો ટુકડો છે, જેણે તેણીને નારાજ કરી તેણે મને નારાજ કર્યો."

*(બુખારી શરીફ, બાબે મનાક઼િબે ફાતિમા رضی اللہ عنہا)*

ફર્માવ્યું, હસન તથા હુસૈન જન્નતી જવાનોના સરદાર છે. وان فاطمة سيدة نساء العالمين અને ફાતિમા સર્વ જહાનની સ્ત્રીઓની સરદાર છે. આપને "બતૂલ" એટલા માટે ફર્માવવામાં આવ્યાં કે બતૂલનો અર્થ છે

"જુદા". *(તિર્મિઝી)* وتبتل اليه تبتيلا "અને તમામથી જુદા થઈને તે અલ્લાહની તરફ થઈ જા." *(સૂ. મુઝ્ઝમ્મિલ)* આપ رضی اللہ عنہا પણ દુનિયામાં રહેવા છતાં દુનિયાથી અલગ થઈને પોતાના રબથી લગન લગાડેલ રાખતાં હતાં.

આપને ઝહ્રા એટલા માટે કહે છે કે ઝહ્રાનો અર્થ છે "કળી." જેમ કે આપ رضی اللہ عنہاને અન્ય સ્ત્રીઓની જેમ કદાપિ હૈઝ આવતુ ન હતું અને ઔલાદ થવા છતાં આપને નિફાસનું લોહી પણ આવતુ ન હતું. બાળક પેદા થતુ તો આગલી નમાઝ અદા કરી લેતાં હતાં. *(અશ્શરફુલ મુઅબદ લિન્નબહાની, પેજ–૫૫)*

આપને આગલા શેઅરમાં જાને અહમદની રાહત કહેવામાં આવ્યાં, કેમ કે જ્યારે (આપ رضی اللہ عنہا) હુઝૂર ﷺની બારગાહમાં હાજર થતાં તો આપ ઉભા થઈને હઝરત ફાતિમા رضی اللہ عنہاનું સ્વાગત કરતા. واجلسها فى مجلسه અને પોતાની બેઠક હઝરત ફાતિમા رضی اللہ عنہاના હવાલે કરી દેતા, અને હઝરત ફાતિમા પણ એ જ પ્રમાણે કર્યા કરતાં. *(તિર્મિઝી બાબે ફઝ્લે ફાતિમા)* આપ સફર જતી વેળા સૌથી છેલ્લે અને પરત થતાં સૌથી પ્રથમ હઝરત ફાતિમાના ઘરે તશરીફ લઈ જતા, જેથી કમસે કમ જુદાઈ થાય. અને ફર્માવતા, ان فاطمة الزهراء احب ال بيتى الى "ફાતિમા મને તમામ ઘરવાળાઓ કરતાં મહબૂબતર છે." *(મુસ્નદે અહમદ, ૧/૧૫૫)*

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે આદતો અને તૌર તરીકાના લેહાઝથી હઝરત ફાતિમા જ સૌથી વધુ હુઝૂર ﷺની સાથે મળતાપણુ ધરાવતાં હતાં, ત્યાં સુધી કે قيا مها وقعو دها આપ رضی اللہ عنہا નું બેસવું, ઉઠવું પણ હુઝૂર ﷺના રંગમાં રંગાયેલુ હતું. (તિર્મિઝી) સારાંશ કોઈએ શું સરસ કહ્યું છે, સુબ્હાનલ્લાહ ! "દરેક પુત્રી પોતાના પિતાના માટે રાહત તથા રહમત હોય છે, પણ ફાતિમા તે છે જે રહમતુલ્લિલ આલમીનના માટે રાહત તથા રહમત છે."

## ★ આ'લા હઝરત બારગાહે ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا માં ★

જ્યારે ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, સફીરે ઈશ્કે રસૂલ, કુશ્તએ એહતેરામે બતૂલ, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જ્યારે જન્નતુલ બકીઅમાં રોઝએ ફાતિમતુઝ્ઝહરા પર હાજર થયા તો ફર્માવે છે કે અદબ તથા એહતેરામ આડ બનેલ હતો. હું કાંઈ બોલી જ ન શક્યો, તો ફરિશ્તાઓએ વધીને મારી તર્જુમાની કરી કે હે બિન્તે રસૂલ ! તારા બાબાના નૂરનો મંગતો દરબારમાં હાજર થયો છે. જેમ કે ફર્માવે છે :

*મુઝકો ક્યા મુંહ અર્ઝ કા, લેકિન ફરિશ્તોંને કહા–શાહઝાદી ! દરપે હાઝિર હૈ યહ મંગતા નૂરકા*

આ મર્તબો તથા મકામ અને ચક્કી ચક્કા ચલાવીને હાથો પર કણીઓનું પડી જવું, સૌને ગુલામ તથા લોંડીઓ અતા કરવું અને પોતાની લાડલીને તસ્બીહ પઢવાની તાલીમ આપવું. *(ફતહુલ બારી, ૧૧/૧૨૧)*

## ★ ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاનો મકામ ★

આ સૌ મુસ્તફા ﷺની તર્બિયત પણ હતી અને સાથોસાથ અલ્લાહની અતા પણ હતી. એક વાર આપે હઝરત ફાતિમા رضی اللہ عنہاના ગળામાં હાર જોઈને (જે એમને હઝરત અલી رضی اللہ عنہએ આપ્યો હતો અને જે સરાસર જાઈઝ હતો) ફર્માવ્યું, શું તને એ વાત પસંદ છે કે લોકો કહે કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની પુત્રીએ ગળામાં આગની સાંકળ પહેરી રાખી છે ! આવું ફર્માવ્યું અને જતા રહ્યા. અને હઝરત ફાતિમાએ હારના બદલામાં ગુલામ

ખરીદીને આઝાદ કરી આપ્યા. જ્યારે હુઝૂર ﷺને જાણ થઈ તો અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરતાં ફર્માવ્યું : الحمد لله الذى نجى فاطمة من النار "સર્વ તારીફો અલ્લાહના જ માટે છે જેણે મારી પુત્રી ફાતિમાને આગથી બચાવી લીધી. *(નિસાઈ બાબુઝ્ઝિનતુન)* જ્યારે કે આપના સબબે તો અમ ગુનેહગારોની પણ બખ્શિશ થઈ જશે.

*પાયા પકળ કે અર્શકા ઝહ્રાને યહ કહા—બંદોંને તેરે મેરે પિસરકો ઝબહ કિયા*

*ઉમ્મતકો તૂ મેરે અબ્બાકી બખ્શિશ દે ખુદા—સમઝુંગી મુઝે મિલ ગયા બદલા હુસૈનકા*

ઈમામ નબ્હાની અશ્શરફુલ મુઅબદ પેજ—૫૩ પર ફર્માવે છે : વિવિધ સહાબાએ કિરામથી મરવી છે કે કયામતના દિવસે અર્શવાળાઓમાંથી એક અવાજ આપનારો અવાજ આપશે, "હે મેહશરવાળાઓ ! તમારાં માથા (અદબથી) ઝુકાવી લો અને નિગાહોને હયાથી બચાવીને રાખો. حتى تمر فاطمة بنت محمد على الصراط મુહમ્મદુર્રસૂલુલ્લાહની પુત્રી ફાતિમા પુલસિરાતથી પસાર થનાર છે" જેથી فتمر مع سبعين الف جارية من الحور العين كمر البرق આ સિત્તેર હજાર મોટી આંખોવાળી અફઝલતરીન હૂરોના સમૂહમાં જન્નતની તરફ વીજળીક ગતિ સાથે (પળવારમાં) તશરીફ લઈ જશે. *(અશ્શરફુલ મઅબદ, પેજ—૫૩)*

શરહ હેઠળના શેઅરની તઝમીનમાં છે :—

*રાહતે જાને સુલ્તાને હર દોસરા—નૂર ચશ્મે જનાબે હબીબે ખુદા*

*અયને લખ્તે દિલ સુરૂરે અંબિયા—ઉસ બતૂલે જિગર પારાએ મુસ્તફા*

*હજલા આરાએ ઈફ્ફતપે લાખોં સલામ*

**જિસકા આંચલ ન દેખા મહો મહરને**

**ઉસ રિદાએ નઝાહત પે લાખોં સલામ**

*(તઝાહત = પાકીઝગી)*

**અર્થાત :** જે ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاના પર્દાનો એ આલમ છે કે સૂરજ તથા ચાંદે પણ તેમની ચાદરે તત્હીરનો છેડો સુધ્ધાં નથી જોયો. હું તેમની એ ચાદરે હયા પર લાખો સલામ મોકલુ છું.

## ★ પર્દો તથા ગૈરત (શરમ) ★

આજે મુસલમાનની ગૈરતને શું થઈ ગયું છે કે મુસલમાન છોકરી ખુલ્લી આઝાદ છોડી દેવામાં આવી છે અને ગલીઓ તથા બજારોમાં છાતી કાઢીને ચાલતી ચાલતી લોકોને જોવાની દાવત આપી રહી છે. હું એ બચ્ચીની વાત નથી કરતો બલ્કે તે નામ માત્રના ગૈરતમંદોની વાત કરું છું જેઓ પોતાની બચ્ચી દસ વરસની થઈ જાય તો બહાર નથી કાઢતા કે અમારી ઈજ્જત પર આંચ આવે છે, પણ એ જ બચ્ચીઓ શાદી વિવાહના પ્રસંગે બેપર્દા બનીને બની ઠનીને ઢોલની થાપ પર નાચતી તથા ડાન્સ કરતી હોય છે અને વિવિધ અદાઓમાં ફિલ્મ બનાવડાવે છે અને પીછી લગાવડાવે છે, મેંદી લગાવડાવે છે અને તે પ્રસંગે પોતાનાં અંગ પ્રદર્શનનું વિડીયો કરાવે છે પછી જેને જગતભરના લોકો જુએ છે !

યાદ રાખો ! જો આવા વીડિયો ઉતરાવતી સ્ત્રી જો પરણીત છે તો નામર્દ તથા દૈયૂષ પતિની પત્ની છે, અને જો અપરણીત છે તો બેગૈરત ભાઈની બેહયા બહેન અને બગૈરત બાપની બેશરમ પુત્રી છે.

પર્દો સ્ત્રી માટે કેદ નથી બલ્કે ઓઢણી તેણીના માટે ઈજ્જતનો સબબ છે અને ચાદર એના માથાનો નૂરાની તાજ છે. ડો. ઈકબાલે ઘણા જ દર્દે દિલની સાથે એવી સ્ત્રીને સીરતે ફાતિમા رضی اللہ عنہاની તરફ બોલાવતાં કહ્યું :

بتولے باش پنہا شوازیں عصر ۔ کہ در آغوش شبیرے بگیری

"બતૂલે ઝહ્‌રાની લોંડી બની જા અને જમાનાની નજરોથી છુપાય જા ! કે જેથી તારી ગોદમાં પણ કોઈ શહીદે કર્બલાનો ગુલામ પેદા થાય." (આ વિષયના લખાણને શાને મુસ્તફા બઝબાને મુસ્તફામાં વિગતવાર વાંચો)

આ'લા હઝરતના આ શેઅરની તઝમીન અખ્તર વાહિદીએ શું લખી તે જુઓ :

*વો રિદા જિસકી તત્હીર અલ્લાહ રે—આસ્માં કી નઝર ભી ન જિસ પર પળે*

*જિસકા દામન ન સહ્‌વન હવા છૂ સકે—જિસકા આંચલ ન દેખા મહો મહરને*

*ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ*

**સૈયદા ઝાહિરા તૈયબા તાહિરા**

**જાને અહમદ કી રાહત પે લાખોં સલામ**

**અર્થાત :** ફાતિમતુઝ્ઝહ્‌રા رضی اللہ عنہا દુનિયાભરની સ્ત્રીઓની સરદાર છે. જન્નતની પવિત્ર કળી છે, પાકબાઝ તથા પવિત્રતાની પયકર છે. હું મારા નબી ﷺની જાનના આરામ પર કેમ ન લાખો સલામ પેશ ન કરું ?!

*સાદિક઼ા, સાલેહા, સાઈમા, સાબેરા—સાફ દિલ, નેક ખૂ, પારસા, શાકિરા,*

*આબિદા, ઝાહેદા, સાજેદા, ઝાકિરા – સૈયદના ઝાહિરા તૈયબા તાહિરા*

*જાને અહમદ કી રાહત પે લાખોં સલામ*

**વો હસને મુજતબા સૈયદુલ અસ્ખિયા**

**રાકિબે દોશે ઈઝ્ઝત પે લાખોં સલામ**

*(રાકિબ = સવાર, દોશ = ખભો)*

**અર્થાત :** રાકિબે દોશે મુસ્તફા, જિગર ગોશએ બતૂલ્ ઝહ્‌રા, સૈયદુલ અસ્ખિયા, ઈબ્ને અલી શેરે ખુદા હઝરત ઈમામ હસને મુજતબા رضی اللہ عنہ સરાપા ઈજ્જત તથા અઝમત (રસૂલે ખુદા ﷺ)ના મુબારક ખભાઓ પર સવારી કરવાવાળા પર પણ લાખો સલામ થાય.

હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہا પોતાના એ લખ્તે જિગરને પારણામાં સૂવાડતાં ગાતાં હતાં : باب سبیہ بالنبی ولیس شبیہاً بعلی "હે મારા ફરઝંદ ! તારી સૂરત તો મારા પિતા (નબી ﷺ)ને મળતી છે, તારા બાપ (અલી کرم اللہ وجہہ الکریم)થી નથી મળતી." *(મુસ્નદે અહમદ, ૬/૨૮૩)*

આ જ વાત બેઠી જ હઝરત અબૂ બક્ર સિદીક઼ رضی اللہ عنہએ પણ ઈમામ હસનને કહી : وعلی یضحك જેના પર અલીયે મુર્તઝા ખુલીને હસવા લાગ્યા. *(ફત્હુલ બારી, ૭/૯૬)*

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماફર્માવે છે કે એક વાર હુઝૂર ﷺ ઈમામ હસન رضی اللہ عنہમાને ખભા પર ઉઠાવીને લાવી રહ્યા હતા. તો એક શખ્સે એ મન્ઝર જોઈને કહ્યું, (હસનની) કેટલી સારી સવારી છે ?! હુઝૂર ﷺએ ફર્માવ્યું, ونعم الراکب ھو જરા સવારને પણ તો જુઓ ! તે કેટલો સારો છો ! (યક઼ીનન ! આવી સવારીના માટે આવો જ સવાર હોવો જોઈએ, અને આવા સવારની આવી જ સવારી હોવી જોઈએ). *(મિશ્કાત શરીફ)*

*ગૌહરે ફાતિમા મર્કઝે ઈત્તિક઼ા–પિસરે મુર્તઝા મર્ઝએ અસ્ફિયા*
*નૂરે નૂરેખુદા સરવરે અવલિયા–હસને મુજતબા સૈયદુલ અસ્ખિયા*
*રાકિબે દોશે ઈઝ્ઝત પે લાખોં સલામ*

હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ઈમામ હસનને પોતાના ખભાઓ પર બેસાડીને ફર્માવ્યું : اللھم انی احبہ فاحبہ "હે અલ્લાહ ! હું હસનથી મહોબ્બત કરું છું, તું પણ એની સાથે મહોબ્બત કર." *(બુખારી શરીફ)*

**ઓજે મહરે હુદા મોજે બહરે નુદા**
**રૂહે રૂહે સખાવત પે લાખોં સલામ**

**અર્થાત** : એ ઈમામ હસન જે હિદાયતના સૂરજ, (ઈમામુલ અંબિયા ﷺ)ની રિફઅત તથા બુલંદી છે, અને સરાપા જૂદો કરમ, સખાવતના અસીમ સમુદ્ર (મુહમ્મદ મુસ્તફા ﷺ)ની લહેર તથા મૌજ છે. અને સખાવતની રૂહ (હબીબે કિબ્રિયા ﷺ)ની જાન છે, તેમના પર લાખો સલામ થાય.

એક શખ્સ અલ્લાહ તઆલાથી દસ હજાર દિરહમની દુઆ કરી રહ્યો હતો. આપે તેના ઘરે જઈને તેને દસ હજાર દિરહમ આપી દીધા. (સૈરે અઅ્લામુલ્ અંબિયા) રિવાયતમાં છે કે એક સાઈલે આવીને પોતાની હાજત વર્ણવી. આપે ખાઝિનને ફર્માવ્યું, જેટલી રકમ ખજાનામાં છે તે લઈ આવો. ખજાનચી ગયો અને પચાસ હજાર દિરહમ લઈ આવ્યો. ફર્માવ્યું, એના ઉપરાંત ૫૦૦ દીનાર પણ હતા તે પણ લઈ આવો ! આપે એ બધી રકમ સાઈલને આપી દીધી, અને સાથોસાથ માફી માગી કે તારી જોઈએ તેવી ખિદમત નથી થઈ શકી.

એક સાઈલને આપે ઘણુ બધુ આપ્યું અને જ્યારે તેણે આપના ફક઼ીરાના ઘરના મન્ઝરને જોયો તો તેને દયા આવી ગઈ. આપે તેના ખયાલને જાણીને પોતાના ઘરના વરંડામાં એડી મારી તો આખો વરંડો સોનાનો થઈ ગયો. ફર્માવ્યું, હવે જાવ ! અને જાણી લો કે અમારી દુરવેશી તથા ફક઼ીરી ઈખ્તિયારી છે, લાચારીવશની નથી.

*(ઈબ્ને અસાકિર, ખુલાસો)*

*આતા હૈ ગરીબોં પે ઉન્હેં પ્યાર કુછ ઐસા–ખુદ ભીક દે ઔર ખુદા કહે મંગતાકા ભલા હો*

**શહદ ખ્વારે લુઆબે ઝબાને નબી**
**ચાસની ગીર ઈસ્મત પે લાખોં સલામ**

**અર્થાત :** એ જ ઈમામ હસને મુજતબા رضی اللہ عنہ જેમને હુઝૂરે અક઼દસ ﷺની ઝબાને અક઼દસ મધની જેમ ચૂંસવાનો મોક઼ો મયસ્સર આવ્યો છે. બલ્કે હુઝૂર ﷺએ તેમને ગુટ્ટી જ પોતાના લુઆબ શરીફની અતા ફર્માવી છે. આ સર્વ અઝમતો સમેટનારા અલીના લાલ પર લાખો સલામ થાય.

**ઉસ શહીદે બલા શાહે ગુલગૂં ક઼બા**
**બેકસે દસ્તે ગુર્બતપે લાખોં સલામ**

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! શાહઝાદાએ ગુલગૂં ક઼બા, શહીદે કર્બલા, સૈયદે શોહદા, નવાસએ રસૂલ, જિગર ગોશએ બતૂલ, દિલબંદે અલીએ મુર્તઝા, નવ રિદાએ હઝરતે ઝહ્‌રા, શહીદે રાહે મહબ્બતો વફા, હઝરત સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہ પર લાખો મહોબ્બતભર્યા સલામ, જેમના પર જુલ્મના પહાડ તોડવામાં આવ્યા પણ તે સબ્ર અડગતાના પહાડ બનેલા રહ્યા. જેણે પોતાના લોહીનો લિબાસ પહેરીને પોતાની જિંદગીની આખરી નમાઝ અદા કરી અને સજદાની હાલતમાં પોતાની પ્યારી જાન જાં આફરીંને સુપરત કરી દીધી.

*શિમ્રકા ખન્ઝર ગલૂએ ખુશ્ક઼ પર ચલતા રહા–બઝમે હક્ક઼ રોશન રહી હક્ક઼કા દિયા જલતા રહા.*
*ચશ્મે ગિર્યાં મઝરએ દીંમેં ગોહર બોતી રહે–કટ ગયા સર, પર નમાઝે હક્ક઼ અદા હોતી રહે*

## ઈમામે હુસૈન رضی اللہ عنہ

ઈમામે આલી મક઼ામ رضی اللہ عنہના ફઝાઈલ તથા મનાક઼િબ એટલા અધિક પ્રમાણમાં છે કે ઈન્શા અલ્લાહ ! અલગથી કિતાબ સંપાદન કરવાનો ઈરાદો છે. (આ કિતાબ છપાઈ ચૂકી છે. "કરબલકી હે યાદ આઈ") આ શરહ કેમ કે પહેલેથી જ લાંબી થઈ ચૂકી છે એટલા માટે જન્નતના જવાનોના સરદારના બારામાં કેવળ એક હદીષ પર સંતોષ લઈએ છીએ.

હઝરત યઅ્‌લા બિન મુર્રા رضی اللہ عنہ ફર્માવે છે કે અમે લોકો હુઝૂર ﷺની સાથે એક દાવતમાં જઈ રહ્યા હતા. ઈમામ હુસૈન رضی اللہ عنہને હુઝૂર ﷺએ મદીનાની ગલીમાં મદીનાના બાળકો સાથે રમતા જોયા અને આગળ વધીને પકડવા લાગ્યા. (ઈમામ એ કારણે કે ક્યાંક કે સરકાર ﷺ મને ઘેર ન મોકલી આપે અથવા પોતાની સાથે ન લઈ જાય, કેમ કે બાળકોને ખેલ અધિક પસંદ હોય છે) આમ તેમ ભાગવા લાગ્યા. છેવટે હુઝૂર ﷺએ પકડી લીધા અને પોતાનો એક હાથ હડપચી પર અને બીજો હાથ માથા પર રાખીને ચૂમ્યા અને આ દુઆ કરી : الحسین منی و انا من الحسین احب اللہ من احب حسینا હુસૈન મારો છે અને હું હુસૈનનો છું, જે હુસૈનનો છે ખુદા પણ તેનો છે. (આશિકાના તર્જુમો) : હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું, અલ્લાહ તેનાથી મહોબ્બત કરે છે જે હુસૈનને મહબૂબ રાખે. *(શાબ્દિક તર્જુમો)*

*જિસને રાહે ખુદામેં કટાયા ગલા–જિસને સર કી હે અક઼લીમે સબ્રો રઝા*
*જિસકા મક઼તલ બની વાદીયે કરબલા–ઉસ શહીદે બલા શાહે ગુંલગૂં ક઼બા*
*બેકસે દસ્તે ગુર્બતપે લાખોં સલામ (અખ્તર હામિદી)*

**દુર્રે દુરજે નજફ મહરે બુર્જે શરફ**
**રંગે રૂમી શહાદત પે લાખોં સલામ**

**અર્થાત :** નજફ અશરફ (વાળા અલીયે મુર્તઝા کرم اللہ وجہہ الکریم)ના મોતીઓવાળા સંદૂકનું એક ખૂબ જ ચમકતુ અને સાચુ મોતી (સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہ) જે આસ્માને શરાફતના ચમકતા સૂરજ છે, જેણે પોતાના ઉપર શહાદતનો ખૂબ જ ઉમદા રંગ ચઢાવ્યો અને સૈયદુશ્શોહદાનો લક઼બ મેળવ્યો એની આ'લા શહાદત પર લાખો સલામ.

*ઈક ક઼યામતસે ગુઝરના હોગા–દરે શબ્બીર પે જાને કે લિયે*
*કર્બલા તેરી સદા કાફી હૈ–સારી દુન્યા કો જગાને કે લિયે*

**અહલે ઈસ્લામકી માદરાને શફીક઼**
**બાનુવાને તહારત પે લાખોં સલામ**

## અઝવાજે મુતહ્હરાત رضی اللہ تعالیٰ عنہن

મુસલમાનોની મહરબાન માઓ એટલે હુઝૂર ﷺની અઝવાજે મુતહ્હરાત જેને કુર્આનો ઈમાનવાળાઓની માઓ ફર્માવેલ છે : وازواجه امهاتهم, "બીજી જગાએ ફર્માવ્યું, لستن كاحد من النساء હે નબીની બીવીઓ ! દુનિયામાં કોઈ ઔરત તમારી શાનની નથી. (કેમ કે તમો મારા મહબૂબ નબી ﷺની પાકબાઝ પત્નીઓ છો) એ ઈફ્ફત તથા પવિત્રતાની પયકર બીવીઓ પર લાખો સલામ થાય.

*કાબેકી ઝિયારત કરનેસે હક્ક઼દાર જન્નત કે બતને હૈં*
*ભલા ઉનકો હમ ફિર કયા સમઝેં જો "યાર" કે ઘરમેં રહતે હૈં*

અહલે બયતનો ગલત ભાવાર્થ વર્ણવીને જે પાંચ નુફૂસે કુદ્સિયહને જ અહલે બયત ઠરાવવામાં આવે છે કે જેઓ એકવાર નૂરી ચાદરની છાંવમાં આવ્યાં, પણ અઝવાજે મુતહ્હરાત તો આખુ જીવન હુઝૂર ﷺના બિસ્તર તથા ઘરની શોભા બનીને રહ્યાં, જો તે ઘરવાળાંઓમાંથી ન થાય તો બીજુ કોણ થાય ?! આ શબ્દકોશની જ નહીં મુહાવરાની પણ મઝાક ઉડાડવા સમાન છે.

વાત કેવળ એ હતી કે જ્યારે હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاનો નિકાહ થયો તો અમુક જણનાં દિમાગમાં ખયાલ આવ્યો કે કદાચ હવે ફાતિમા رضی اللہ عنہا અહલે બયતમાંથી નીકળી ગયાં છે, કેમ કે હવે તેણી હઝરત અલીના ઘરે ચાલ્યા ગયાં છે. હુઝૂર ﷺએ અલીના પૂરા ઘરાનાને નૂરી ચાદરમાં લઈને બતાવી આપ્યું કે જે એકવાર અમારો થઈ જાય તે નીકળતો નથી. ક઼યામત પછી પણ અમારો જ રહે છે, તમે દુનિયાની શું વાત કરો છો !

યાદ રાખો ! આપણી પોતાની સગી મા જેનુ આપણે દૂધ પીધુ છે. એના બારામાં તો કોઈ વાત કહી શકાય છે, પણ જેમને કુર્આને માઓ ફર્માવી છે એના બારામાં કોઈ વાત કરવી એ ઈમાનનો જનાઝો કાઢી નાખશે. જેમને તેમનાં મા હોવામાં શંકા છે તેના ઈમાનમાં શક છે, કેમ કે કુર્આને "મો'મિનોની માઓ" કહી છે, તો ક્યાં તો મુસલમાન કહેવડાવવાનું છોડી દો ક્યાં તો માઓ માની લો. અને જેને મા માની લેવામાં આવે તેના બારામાં ગલત વાત કરનાર કોણ હોય છે તે જાતે વિચારી લો.

હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہاનો મુશ્રિક બાપ પહેલી વાર પુત્રીને મળવા આવે છે તો પુત્રી હુઝૂર ﷺના બિસ્તર પર પોતાના બાપને નથી બેસવા દેતાં. ફર્માવ્યું, ھذا فراش رسول اللہ આ રસૂલુલ્લાહ ﷺનું બિસ્તર છે, તું મારો બાપ થઈને પણ એના પર બેસવાને પાત્ર નથી, કેમ કે તું મુશ્રિક છે ! અને انما المشرکون نجس હઝરત ખદીજા رضی اللہ عنہا તે છે કે જેમને રબ્બુલ આલમીન, સૈયદુલ મલાઈકા જિબ્રઈલે અમીન علیہ السلامના હાથે સલામ મોકલે છે. *(બુખારી, ૧/૫૩૯)*

જ્યારે કોઈની સાથે તમારો નિકાહ થાય તો શું કહો છો ?! "કૃબૂલ છે" કુર્બાન જાવ ઈમામુલ અંબિયાની મુક્દસ બીવીઓની અઝમત પર કે જેમને મહબૂબે ખુદા ﷺએ ફર્માવ્યું, કૃબૂલ છે. હુઝૂર ﷺએ બિલાલને કૃબૂલ કર્યા તો મોઅઝ્ઝિનોના ઈમામ બનાવી દીધા. હુઝૂરે પોતાની અઝવાજને કૃબૂલ કરી તો ખુદાએ તેણીઓને મોમિનોની માઓ બનાવી દીધી.

સવારથી સાંજ સુધી હુઝૂર ﷺની દરેક અદા, આદતો, કાર્યો, કથનોનું વર્ણન કરનારા સહાબાએ કિરામ છે. અને એકાંતની સર્વ હાલતોનું વર્ણન કરનારી આ જ અઝવાજે મુતહ્હરાત છે. હવે જણાય જવું જોઈએ કે આ શેઅર કેટલા પ્રમાણમાં ગહરાઈવાળો છે.

*કા'બેકી ઝિયારત કરનેસે હક્કદાર જન્નતકે બનતે હૈં*
*ભલા ઉનકો હમ ફિર કયા સમઝેં જો યાર કે ઘર મેં રહતે હૈં*

**આપ (ﷺ)ની પાક બીબીઓના નામ :** **(૧)** હઝરત ખદીજા બિન્તે ખુવયલદ (رضی اللہ عنہا) **(૨)** હઝરત સવદા બિન્તે જમ્આ (رضی اللہ عنہا) **(૩)** હઝરત આઈશા બિન્તે અબૂબક્ર (رضی اللہ عنہا) **(૪)** હઝરત હફસા બિન્તે ઉમર (رضی اللہ عنہا) **(૫)** હઝરત ઉમ્મે સલ્મા બિન્તે અબૂ ઉમય્યા (رضی اللہ عنہا) **(૬)** હઝરત ઉમ્મે હબીબા બિન્તે અબૂ સુફયાન (رضی اللہ عنہا) **(૭)** હઝરત ઝયનબ બિન્તે જહશ (رضی اللہ عنہا) **(૮)** હઝરત ઝયનબ બિન્તે ખુઝૈમા (رضی اللہ عنہا) **(૯)** હઝરત મયમુના બિન્તે હારિષ (رضی اللہ عنہا) **(૧૦)** હઝરત જુવૈરિયા બિન્તે હારિષ (رضی اللہ عنہا) **(૧૧)** હઝરત સફિય્યહ બિન્તે હુયય્ (رضی اللہ عنہا) **(૧૨)** હઝરત મારિયા કિબ્તિય્યા (رضی اللہ عنہا)

*વો નિસાએ નબી તૈયેબાત વ ખલીક્-જિન કે પાકીઝાતર સારે તૌરો તરીક્*
*જો બહરહાલ નૂરે ખુદાકી રફીક્-અહલે ઈસ્લામકી માદરાને શફીક્*
*બાનુવાને તહારત પે લાખોં સલામ*

**જલૂ ગય્યાન બયતુશ્શરફ પર દુરૂદ**
**પુર દગિય્યાને ઈફ્ફત પે લાખોં સલામ**

*(જલૂ ગય્યાન = તશરીફ ફર્મા, રહી રહેલી, બયતુશ્શરફ = બુઝુર્ગીવાળુ ઘર, દગિય્યાને ઈફ્ફત = પરહેઝગાર સ્ત્રીઓ)*

**અર્થાત :** મહબૂબે ખુદા ﷺની ઈઝઝત તથા અઝમતના કેન્દ્ર કાશાનાએ અક્દસ (ઘર)માં રહેનારી ઈસ્મત તથા ઈફ્ફત (ઈજ્જત તથા પવિત્રતા)ની પયકર અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ) પર રબની રહમત થાય અને તેમની પર્દાદારી તથા હયા પર અમારા તરફથી કરોડો સલામોનું અદબનું નઝરાણુ થાય.

**સિમ્મા પહલી માં કહફે અમ્નો અમાં**
**હક્ક઼ ગુઝારે રિફ઼ાક઼ત પે લાખોં સલામ**

*(સિમ્મા = ખાસ કરીને, કહફ = ગુફા, હક્ક઼ ગુઝાર = હક્ક઼ અદા કરનાર, રિફ઼ાક઼ત = સંગાથ)*

## હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا

ખાસ કરીને આપણી સૌથી પ્રથમ મા હઝરત સૈયદા ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا જેમની જિંદગીમાં આક઼ાએ દો આલમ ﷺએ બીજો નિકાહ નથી કર્યો. અને જેમની ઈસ્લામ તથા અહલે ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ ﷺના હવાલાથી અગણિત ખિદમતો છે. જેમણે પોતાના માલ તથા કારોબાર વડે હુઝૂર ﷺ અને આપના માનનારાઓ માટે અમ્નો અમાનની ગુફા તથા સ્થાનનો રોલ અદા કર્યો અને અલ્લાહના મહબૂબ ﷺની સાથે પૂર્ણપણે સંગાથનો હક્ક઼ અદા કર્યો એમના પર લાખો સલામ.

**અર્શસે જિસપે તસ્લીમ નાઝિલ હૂઈ**
**ઉસ સરાએ સલામત પે લાખોં સલામ**

**અર્થાત :** તે ખદીજતુલ કુબરા رضی اللہ عنہا જેમને અર્શે હક્ક઼થી ખુદાના સલામ આવે છે (હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ને જિબ્રઈલે અમીન પોતાના તરફથી સલામ કહે છે, જે યક઼ીનની ઘણી જ મહાન ફઝીલત છે અને હઝરત ખદીજતુલ કુબરાને જિબ્રઈલે અમીન પોતાના પણ અને ખુદાના સલામ પહોંચાડે છે. બુખારી) અને તેમની વફાતના પછી હુઝૂર ﷺ તેમની સહેલીઓને તોહફા મોકલતા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, واللہ لقد امنت بی اذ کذبنی الناس واوتی اذ رفضنی الناس ورزقت منہا الولد "ખુદાની ક઼સમ ! ખદીજા મારા ઉપર તે સમયે ઈમાન લાવ્યાં જ્યારે લોકો મને જૂઠાડી રહ્યા હતા. તે મારો એ સમયે સહારો બન્યાં જ્યારે સર્વ લોકો મારા વિરૂધ્ધ હતા. અને અલ્લાહ તઆલાએ તેમનાથી જ મને ઔલાદ અતા કરી." *(મુસ્નદે અહમદ, ૬/૧૧૭)* આપણે પછી કેમ ન એ અમ્નો સલામતીની પયકર પર લાખો સલામ મોકલીએ ?!

*જિસમેં બેઈઝ્ન જા સકતા કોઈ નહીં–જિસકી તક઼દીસ સારે જહાંસે બળી*
*જિસકી વહીયે ઈલાહીસે ઈઝ્ઝત બળ્હી–અર્શસે જિસપે તસ્લીમ નાઝિલ હૂઈ*
*ઉસ સરાએ સલામત પે લાખોં સલામ*

**مَنْزِلٌ من قصب لا نَصَبٌ لَا صَخَبٌ**
**ઐસેકો શકકી ઝીનત પે લાખોં સલામ**

આ શેઅરમાં બુખારી તથા મુસ્લિમ શરીફની એ જ હદીષના શબ્દો વાપરવામાં આવ્યા છે જેનો ખુલાસો ઉપરોક્ત શેઅરમાં વર્ણન થઈ ગયો કે જિબ્રઈલે અમીન علیہ السلام ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ : فاقرا علیہا السلام من ربہا ومنی وبشرھا ببیت فی الجنۃ من قصب لا صخب فیہ ولا نصب "હઝરત ખદીજાને અલ્લાહ તઆલાના તથા મારા સલામ આપો અને તેમને જન્નતમાં એવા ઘરની ખુશખબરી સંભળાવી

દો જે મોતીઓથી બનેલ છે, ન ત્યાં કોઈ તકલીફ હશે ન તો કોઈ શોર.'' જ્યારે હુઝૂર ﷺએ હઝરત ખદીજા رضی اللہ عنہاને અલ્લાહ તઆલાના સલામ પહોંચાડયા તો તેમણે અર્ઝ કરી, اللہ هو السلام منه السلام و علی جبریئیل السلام ''અલ્લાહ તો જાતે જ સલામ છે અને સલામતી એના તરફથી છે અને જિબ્રઈલ અમીન પર પણ સલામ થાય.'' *(બુખારી, બાબુ તઝવીજુન્નબી ખદીજ વ ફઝલિહા)* આ'લા હઝરત, હઝરત ખદીજા رضی اللہ عنہاના એ જ મહેલ પર લાખો સલામ મોકલી રહ્યા છે.

*વો અનીસે ગમ મુનીસે બે કસાં–વો સુકૂને દિલ માલિકે ઈન્સો જાં*
*વો શરીકે હયાત શહે લામકાં–સીમા પહલી માં કહફે અમ્નો અમાં*
*હક્કે ગુઝારે રિફાકત પે લાખો સલામ*

**બિન્તે સિદ્દીક આરામે જાને નબી**
**ઉસ હરીમે બરાઅત પે લાખોં સલામ**

## હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا જે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہاનાં સાહબઝાદી અને આપણા આકા ﷺનાં દિલનો આરામ (મહબૂબાએ મહબૂબે રબ્બુલ આલમીન) છે. જેમના બારામાં અલ્લાહની બારગાહથી તેમની પાકદામની તથા પવિત્રતાની સફાઈ નાઝિલ થઈ, તે અમારા લાખો સલામોનાં હક્કદાર છે.

*શમ્એ તાબાંને અર્શ આસ્તાને નબી–ગમગુસારે નબી તબઅદાને નબી*
*રાહતે કલ્બો રૂહે રવાને નબી–બિન્તે સિદ્દીક આરામે જાને નબી*
*ઉસ હરીમે બરાઅતપે લાખોં સલામ*

અઝવાજે મુતહ્હરાતમાંથી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا તે ખુશ નસીબ છે કે જે કુંવારાં હુઝૂર ﷺના નિકાહમાં આવ્યાં અને આપે પેદા થઈને ઈસ્લામી દૂધ પીધુ છે. એટલે કે આપના માતા પિતા, દાદા, ભાઈ બલ્કે ભત્રીજા સૌ બધા જ સહાબી છે.

સૂરએ નૂરની આયતે મુબારકા હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاનાં તયબહ તથા તાહેરા (પવિત્ર) હોવાની ગવાહી આપી રહી છે. જ્યારે રઈસુલ મુનાફિકીને આપના પર તોહમતની બદતમીઝીનું તુફાન ખડુ કર્યું તો અલ્લાહના નબી ﷺ તો એક વાક્યમાં વાત ખત્મ કરીને ખામોશ થઈ ગયા. واللہ ما علمت علی اہلی الا خیرا ''ખુદાની કસમ ! મારી પત્ની આ તોહમતથી પાક છે.'' *(બુખારી)* અને ખામોશી એટલા માટે અપનાવી કે મુકાબલામાં મુનાફિક હતા. તેમાં એક અન્ય ઈસ્યૂ ઉભો થઈ શકતો હતો કે પોતાના ઘરની તો દરેક સફાઈ આપે છે. અલ્લાહે મહબૂબને ચૂપ રહેવાનો હુકમ આપી દીધો અને નબીની એ પાકબાઝ બીવીના હક્કમાં કુર્આનની ૧૮ આયતો ઉતારી દીધી. ત્યારે લોકોને જાણ થઈ કે હુઝૂર શા માટે ચૂપ હતા. જો પોતે જ સફાઈ વર્ણન કરતા રહેતા તો તે વાત ન બનતી જે હવે બની છે. ઈન્શા અલ્લાહ ! હઝરત આઈશા رضی اللہ عنہاના ફઝાઈલ તથા આ ઉફકના બનાવની

વિગત કોઈ અન્ય કિતાબમાં વર્ણન પામશે.

**યા'ની હૈ સૂરએ નૂર જિનકી ગવાહ**
**ઉનકી પુરનૂર સૂરત પે લાખોં સલામ**

**અર્થાત** : આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવી રહ્યા છે, જે આપણી માની શાનમાં સૂરએ નૂર નાઝિલ થઈ એની નૂરથી ભરપુર સૂરત પર લાખો સલામ થાય.

*અઝમતે હુસ્ને મા'મૂર જિનકી ગવાહ–ઈફ્ફતે ઝાતે મસ્તૂર જિનકી ગવાહ*
*શાને રબ ચશ્મે બદ્દૂર જિનકી ગવાહ–યા'ની હૈ સૂરએ નૂર જિનકી ગવાહ*
*ઉસ હરીમે બરાઅત પે લાખોં સલામ*

**જિનમેં રૂહુલ કુદ્સ બેઈજાઝત ન જાએં**
**સરાદક઼કી અસ્મત પે લાખોં સલામ**

*(સરાદક઼ = તંબૂ કે ઓરડો, રૂહુલ કુદ્સ = જિબ્રઈલ علیہ السلام)*

**અર્થાત** : તે આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا નો ઓરડો જે ક઼યામત સુધી આપણા આક઼ા صلی اللہ علیہ وسلم ની આરામગાહ બન્યો અને જેને ગુંબદે ખદ્રા બનવાની નેક નસીબી મયસ્સર થઈ અને જેમાં રજા લીધા વિના જિબ્રઈલે અમીન પણ આવતા ન હતા. *(મદારિજુન્નબુવ્વત, ૨/૪૩૦)* એ કાશાનએ આઈશા رضی اللہ عنہا પર અમારી તરફથી લાખો સલામ થાય.

*જિનસે અપની નિગાહેં હવાએં ચૂરાએં–દેખનેકા તસવ્વુર ભી દિલ ન લાએં*
*જિસકે પર્દેકા પરતવ ફરિશ્તે ન પાએં–જિનમેં રૂહુલ કુદ્સ બેઈજાઝત ન જાએં*
*ઉન સરાદક઼ કી અસ્મત પે લાખોં સલામ*

**શમ્એ તાબાને કાશાનએ ઈજતેહાદ**
**મુફ્તીએ ચાર મિલ્લત પે લાખોં સલામ**

**અર્થાત** : દીને ઈસ્લામના તમામ મસાઈલના હલનું મર્કઝ હુજરએ આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا છે, જેની રોશન શમ્અ આપ હતાં, અને ખુલફાએ રાશિદીનના સર્વ દૌરોમાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની દરેક દીની ઉલઝનનો હલ આપની બારગાહથી પામી લેતા હતા. આપની ઈજતેહાદની તથા ઈફતાની શાન પર લાખો સલામ થાય.

એવું કેમ ન થાય કે જેનો બાપ ખલીફએ અવ્વલ બિલા ફસ્લ બિત્તેહક઼ીક઼, અફઝલુલ બશર બઅદલ અંબિયા હોય, જેની મા હઝરત ઉમ્મે રોમાન કે જેમના બારામાં આક઼ાએ દો જહાં صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : من سرہ ان ینظر الی امراۃ من الحور العین فلینظر الی ام رومان "જે કોઈ જન્નતી હૂરને જોવા ચાહે તે આઈશાની ઉમ્મે રોમાનને જોઈ લે". *(અલઈસ્તિઆબ, ૪/૪૪૯)* અને જ્યારે મૃત્યુ પામ્યાં તો હુઝૂર صلی اللہ علیہ وسلم જેવી રીતે હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ નાં વાલિદાની ક઼બ્રમાં ઉતર્યા અને તેમના માટે મગફિરતની દુઆ કરી, એ જ પ્રમાણે હઝરત સિદ્દીકે઼

અકબર رضی اللہ عنہની પત્નીની ક઼બ્રમાં પણ સરકાર صلی اللہ علیہ وسلم ઉતર્યા અને બખ્શિશની દુઆ કરી. પછી શું કારણ છે કે અલી હક઼્ક઼ના ઈમામ છે તો અલીના ઈમામ સિદ્દીક઼ે અકબર મલંગની (શીઆ) નજરમાં કેમ બદનામ છે ! જાણવા મળ્યું કે આ તો ઘરાનું જ પૂરુ નૂરુન અલા નૂર છે, કેવળ મલંગની નિય્યતમાં કમી છે, અને આ ફિર્કો હક઼્ક઼થી માઈલો દૂર છે અને પોતાની બુરી આદતથી ઘણો મજબૂર છે.

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ જેવા ખુદ શાને ઈજતેહાદ ધરાવનાર સહાબી હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની શાને ઈજતેહાદને આ શબ્દોમાં વર્ણવે છે કે, અમને સહાબાને જ્યારે પણ દીનના કોઈ મસ્અલામાં મુશ્કેલી ઉભી થતી. فسألنا عائشة الا وجدنا عندها منه علما અમે હઝરત આઈશાને તે મસ્અલો પૂછયો તો આપે તે જ ઘડીએ હલ કરી આપ્યો. *(તિર્મિઝી મનાક઼િબે આઈશા)* એટલા માટે હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાના સહાબા તથા સહાબિયાતને ફર્માવ્યું હતું : خذوا شطر دینکم عن حمیرا તમારા દીનનો એક પૂરો હિસ્સો હઝરત આઈશા (જેમનો લક઼બ હુમૈરા છે)થી શીખો. *(અલ્મૌઝાઆત લિશ્શૌકાની)*

ઈમામ ઝુહ્‌રી મહાન તાબઈ ફર્માવે છે, સર્વ અઝવાજ જ નહીં, જો સર્વ સ્ત્રીઓનો ઈલ્મ ભેગો કરી લેવામાં આવે لکان علم عائشة افضل તો એકલાં આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاનો ઈલ્મ તો પણ વધારે છે. *(અલ્મુસ્તદરક, ૪/૧૧)*

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا બાક઼ાઈદા તમામ ખુલફાએ રાશિદીનના દૌરમાં ફતાવા લાગુ કરતાં રહ્યાં. *(તબક઼ાતે ઈબ્ને સઅદ, ૨/૧૨૬)* શયખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : بود رضی اللہ عنہا از فقهاء وعلماء وفصحاء وبلغاء واز اکابر فقیهان صحابه હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا પોતાના દૌરની મહાન ફક઼ીહા, આલિમા, ફાઝિલા અને અકાબિર ફકીહો તથા સહાબાએ કિરામમાંથી હતાં." *(મદારિજુન્નબુવ્વત, ૨/૪૬૯)*

આપની શું શું શાન વર્ણન કરવામાં આવે, સહીહ બુખારીમાં છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, (એક શખ્સના સવાલ પર) કે મને સ્ત્રીઓમાં આઈશા સૌથી અધિક મેહબૂબ છે અને મર્દોમાંથી તેમના પિતા. (આ પ્રકારનું ફર્માન હઝરત ફાતિમા તથા અલી رضی اللہ عنہماના બારામાં પણ વર્ણન થયેલું છે.)

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ પોતાની પુત્રી ઉમ્મુલ મો'મિનીન હઝરત હફસા رضی اللہ عنہاને ફર્માવ્યું, આઈશાની "રેસ"ના કર્યા કરો, તે તો મહબૂબાએ મહબૂબે ખુદા છે. *(બુખારી બાબુ હુબ્બિર્રજુલ બઅ્દ નિસાત)*

એક દિવસ આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હે આઈશા ! મને માલૂમ થઈ જાય છે કે તું ક્યારે મારા પર નારાજ હોય છે અને ક્યારે રાજી હોય છે. અર્ઝ કરી, ફર્માવો ! તો ફર્માવ્યું, જ્યારે તું નારાજ હોય છે તો કહે છે, મને ઈબ્રાહીમના રબની ક઼સમ ! અને રાજી હોય છે તો કહે છે, રબ્બે મુહમ્મદની ક઼સમ ! અર્ઝ કરી, હુઝૂર ! કેવળ ઝબાનની હદ સુધી જ આપનું નામ છોડુ છું. (દિલમાં બદસ્તૂર આપ જ વસેલા છો). *(બુખારી શરીફ)* હુઝૂર صلی اللہ علیہ وسلمના વિસાલ બાદ હઝરત આઈશા رضی اللہ عنہا ક઼બ્રે અન્વરની સાથે જ સૂઈ જતાં હતાં. *(ઈબ્ને સઅદ, ૨/૮૫)*

**જાંનિષારાને બદર વ ઓહદ પે દુરૂદ**
**હક઼્ક઼ ગુઝારાને બયઅત પે લાખોં સલામ**

**અર્થાત** : ગઝવએ બદર તથા ગઝવએ ઓદહથી નબી અકરમ صلی اللہ علیہ وسلم પર પોતાની જાનોને કુર્બાન કરવાવાળા

ખુશનસીબ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર રહમતે રબ્બે રહીમનો નુઝૂલ થાય અને જેમણે હુઝૂર ﷺની બારગાહમાં પોતાની જાનોનાં નઝરાણાં પેશ કર્યા અને પોતાના આક઼ા ﷺના હાથ પર બયઅત કરવાનો પણ હક્ક઼ અદા કરી ગયા. અને રાહે ખુદામાં શહાદતનો દરજો પામી ગયા, એમના પર લાખો સલામ થાય.

## બદરના સહાબાઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین

બદરવાળાઓની ફઝીલત વર્ણન કરતાં હુઝૂર ﷺએ ફર્માવ્યું, "મારા બદરી સહાબીઓ મુસલમાનોમાં સૌથી શ્રેષ્ઠ છે." એટલે કે સર્વ મુસલમાનોથી બેહતર. જિબ્રઈલે અમીને એના પર અર્ઝ કરી, હુઝૂર ! એ જ પ્રમાણે (અમારે ત્યાં) તે ફરિશ્તા જેઓ બદરમાં ઈમાનવાળાઓની મદદ તથા નુસ્રત માટે ઉતર્યા હતા તે ફરિશ્તા અન્ય સર્વ ફરિશ્તાઓથી અફઝલ છે. *(બુખારી, બાબુશહૂદુલ મલાઈક તે બદરા)*

આપ ﷺનું ફર્માને અઝમત નિશાન છે : لعل اللہ اطلع علی اھل البدر فقال اعملوا ماشئتم فقد وجبت لکم الجنۃ "શક્ય છે અલ્લાહ તઆલાએ બદરવાળાઓનો (જઝબો જોઈને) તેમના પર ધ્યાન કર્યું અને સાથે એવું ફર્માવ્યુ હોય કે હવે તમો જે પણ કરો જન્નત તમારા માટે પાકી થઈ ગઈ." *(બુખારી)*

એ જ પ્રમાણે આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, બદરવાળાઓમાંથી કોઈ એક પણ જહન્નમમાં જશે નહીં. *(અત્તઝકેરહ, પેજ–૩૮૮)* એ જ પ્રમાણે ઓહદ તથા બયઅતે રિદ્‌વાનવાળાઓની અલગ અલગ શાનો વર્ણન કરી છે અને સૌની બારગાહમાં આ'લા હઝરત عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ લાખો સલામનું નઝરાણુ પેશ કરી રહ્યા છે.

*કુલ શહીદાને બદર વ ઓહદ પર દુરૂદ–સબ ફ઼િદાયાને બદરો ઓહદ પર દુરૂદ*
*જયશે મર્દાને બદર વ ઓહદ પર દુરૂદ–જાંનિષારાને બદરો ઓહદ પર દુરૂદ*
*હક્ક઼ ગુઝારાને બયઅત પે લાખોં સલામ*

**વો દસોં જિનકો જન્નતકા મુઝદા મિલા**
**ઉસ મુબારક જમાઅત પે લાખોં સલામ**

**અર્થાત :** આ શેઅરમાં અશરએ મુબશ્શિરા એટલે તે દસ ખુશનસીબ સહાબાએ કિરામ જેમને હુઝૂર ﷺએ આ જ દુનિયામાં પોતાની બારગાહે અક઼દસથી જન્નતનો મુઝદાએ જાંફિઝા સંભળાવ્યો. એ બાબરકત જમાઅત પર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ લાખો સલામનું નઝરાણુ પેશ કર્યું છે. એ દસ ખુશનસીબોનાં નામો આ પ્રમાણે છે :–

**અશરએ મુબશ્શિરા** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ **:** **(૧)** હઝરત અબૂબક્ર સિદ્દીક઼ **(૨)** હઝરત ઉમર **(૩)** હઝરત ઉષ્માન ગની **(૪)** હઝરત અલીએ મુર્તઝા (આ ચારેવ ખુલફાએ રાશિદીન છે)

**(૫)** હઝરત તલ્હા બિન ઓબૈદુલ્લાહ (તક઼રીરની કળાના નિષ્ણાત, ઈસ્લામના જાહેર થતાં પહેલાંના પઢેલા ગણેલા, હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના પ્રોત્સાહનથી મુસલમાન થયા)

**(૬)** હઝરત ઝુબેર બિન અવામ (હવ્વારીએ રસૂલ એમનો લક઼બ છે. હુઝૂર ﷺનાં ફોઈ સફિય્યહના પુત્ર

અબૂબક્રના ઈમાન લાવ્યા બાદ કેવળ ચાર દિવસો પછી મુસલમાન થયા ત્યારે તેમની ઉમર ૧૬ વરસની હતી. ઈસ્લામ સ્વીકાર બાદ ઘણી તકલીફો વેઠી. તેમનો કાકો તેમને ખજૂરની ચટાઈમાં લપેટીને નાક તથા આંખોમાં ધુમાડો આપતો આપે દરેક સિતમ વેઠયો પણ હક્ક પર અડગ રહ્યા. –ઈબ્ને સઅદ) હઝરત તલ્હા તથા હઝરત ઝુબેરના બારામાં હુઝૂર ﷺએ ફર્માવ્યું, جارای فی الجنۃ "એ જન્નતમાં મારા પડોશી થશે. જ્યારે કે હઝરત ઝુબેરના વિશે હુઝૂર ﷺનું આ પણ ફર્માન છે, ان لکل نبی حواری وحواری الزبیر " દરેક નબીના એક હવ્વારી (જિગરી દોસ્ત જે નિઃસ્વાર્થ હોવામાં તથા નિખાલસ હોવામાં અંતિમ કક્ષાએ પહોંચેલો હોય) છે, મારો હવ્વારી ઝુબેર બિન અવામ છે.

**(૭)** હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ (હુઝૂર ﷺનાં સૌથી પ્રથમ દાઈ કે અલ્લાહના નબી પેદા થતાં જ જેમની ગોદમાં આવ્યા, હઝરત શિફાર رضی اللہ عنہا આપના વાલિદા માજિદા છે. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની કોશિશોથી એ તથા હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ ઈમાન લાવ્યા. તેમના ઈમાન લાવવા પર અલ્લાહના નબી ﷺ ઘણા જ ખુશ થયા અને ફર્માવ્યું, હું એવો ચહેરો જોઈ રહ્યો છું જેને જોઈને નેકીની ઉમ્મીદ પેદા થાય છે. તેમજ ફર્માવ્યું, અબ્દુર્રહમાન બિન ઔફ દુનિયા તથા આખેરતમાં મારા સાથી છે. ગઝવએ તબૂકના સફરમાં હુઝૂર ﷺએ તેમની ઈમામતમાં ફજરની નમાઝની એક રકાત અદા કરી. જ્યારે હુઝૂર ﷺ અમુક જરૂરી કામોના કારણે ફજર નમાઝમાં લેટ થઈ ગયા અને સમય તંગ થઈ ગયો તો સહાબાએ કિરામના કહેવા પર તેમણે ઈમામત કરાવવી પડી. (મોઅત્તા ઈમામ માલિક) એક સ્ત્રી હુઝૂર ﷺની બારગાહમાં ચાદર લઈને આવી. આપે તે ચાદરને ઉપયોગમાં લીધી અને ત્યારબાદ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ તે ચાદર પોતાના કફનના માટે માગી લીધી. જેથી એ જ ચાદરમાં તેમને કફન આપવામાં આવ્યું.

**(૮)** સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہما પિતાનું નામ માલિક, કુન્નિયત અબી વક્કાસ. એલાને નબુવ્વતના સાતમા દિવસે ઈમાન લઈ આવ્યા આપ પણ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના પ્રોત્સાહનથી ઈમાન લાવ્યા. તેમની માએ તેમના ઈસ્લામ લાવ્યા બાદ કસમ ખાધી કે જો તેં ઈસ્લામને ન છોડયો તો હું ખાવા પીવા છોડી દઈશ. આપ ખાવા પીવા રજૂ કરતા પણ તેણી ન ખાતી. કેટલાય દિવસ પસાર થઈ ગયા. છેવટમાં આપે આપની માને સ્પષ્ટ શબ્દોમાં જણાવી આપ્યું, જો કે હું તને બેહદ પ્યાર કરું છું, પરંતું તારા શરીરમાં હજાર જાનો પણ હોય અને એક એક કરીને સર્વ નીકળી જાય છતાં પણ હું ઈસ્લામને છોડીશ નહીં. છેવટે માએ જ હાર માની લીધી અને પોતાના લખ્તે જિગરને આ જઝબો જોઈને ખાવા પીવાનું શરૂ કરી દીધું. એમને જ એ સઆદત નસીબ છે કે ઓહદનાં મેદાનમાં હુઝૂર ﷺએ તેમને ફર્માવ્યું : سعد ارم فداك ابی وامی "હે સઅદ ! કાફિરો પર તીર ચલાવ ! મારાં માબાપ તારા પર કુર્બાન થઈ જાય. *(બુખારી શરીફ)*

હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે, મેં સઅદ સિવાય કોઈ અન્યના માટે હુઝૂર ﷺને આવું ફર્માવતા કદી નથી સાંભળ્યાં. એક દિવસે ખતરાના માહોલમાં હુઝૂર ﷺની હિફાઝતના માટે શસ્ત્રો પહેરીને જાતે જ હાજર થઈ ગયા જેના પર હુઝૂર ﷺએ તેમને رجل صالح નો ખિતાબ અતા કર્યો અને ઘણી બધી દુઆઓથી નવાઝયા.

**(૯)** સઈદ બિન ઝયદ : હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہના કાકાના પુત્ર અને આપના બનેવી પણ છે. તેમના પિતા ઝયદ બિન અમ્ર પોતાના દૌરના દીને ઈબ્રાહીમીના એકલા અનુયાયી હતા. હક઼્ક઼ની તલાશના માટે ઘણી સફરો ખેડી. છેવટે અલ્લાહથી દુઆ કરી, યા અલ્લાહ ! તું ગવાહ રહે કે હું દીને ઈબ્રાહીમ પર છું. હઝરત ઝયદની એક ખૂબી એ છે કે જાહિલિયત (ઈસ્લામ પહેલા)ના જમાનામાં પણ જે બાળકોને જીવતાં દાટી દેવામાં આવતાં તેમને બચાવવાની કોશિશમાં લાગેલા રહેતા અને પોતાના રક્ષણ હેઠળ લઈને તેની પરવરિશ કરતા.

**(૧૦)** અબૂ ઓબૈદા બિન જર્રાહ : જેમને આ ઉમ્મતના "અમીન" કહેવામાં આવ્યા. તેમના બાપનું નામ અબ્દુલ્લાહ હતું અને જર્રાહ એમના દાદાનું નામ છે. ગઝવએ બદરના મોક઼ા પર તેમણે પોતાના હાથો વડે પોતાના બાપને ક઼ત્લ કર્યો કેમ કે તે કાફિરોની તરફથી આવ્યો હતો. કદાચ એના કારણે જ પોતે જાતે જ બાપને બદલે દાદાનું નામ કહેવડાવતા. તેમનું પોતાનું નામ આમિર છે અને કુન્નિયત અબૂ ઓબૈદા છે. આપ પણ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના પ્રોત્સાહનથી મુસલમાન થયા. ગઝવએ ઓહદના મોક઼ા પર જ્યારે હુઝૂર ﷺ ખત્મી થયા અને બખ્તરની કડીઓ આપના ગાલોમાં પ્રવેશી ગઈ તો તેમણે જ દોડીને પોતાના દાંતો વડે તે કડીઓને ખેંચીને કાઢી. એ પ્રસંગે તેમના સામેવાળા બે દાંત પણ તૂટી ગયા અને હુઝૂરે તેમને જન્નતની બશારતથી પણ નવાઝયા.

હઝરત ઉમર رضی اللہ عنہ એકવાર એમના ઘરે તશરીફ લઈ ગયા તો ઘરમાં લડાઈના સામાન સિવાય કોઈ ચીજ ન જોઈને ફર્માવ્યું, શું અમારી દાવત નહીં કરો ? તેમણે રોટીના સૂકા ટુકડા આગળ રાખી દીધા અને અર્ઝ કરી, ત્રીજો તો આ જ ખોરાક છે ! પાણીમાં પલાળીને ખાય લઉં છું. આ સાંભળીને હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ પર રિક્કત (ધ્રુજારી) તારી થઈ ગઈ.

નજરાનવાળાઓએ જ્યારે હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી, અમારી પાસે કોઈને અમીન બનાવીને મોકલવામાં આવે. ફર્માવ્યું, એવો અમાનતદાર મોકલીશ જેના પર અમાનતદાર લોકો પણ રશ્ક કરશે. પછી આપને મોકલવામાં આવ્યા. અને હુઝૂર ﷺએ ફર્માવ્યું, لکل امۃ امین وامین ھذہ الامۃ ابو عبیدۃ بن الجراح દરેક ઉમ્મતનો એક અમીન હોય છે અને મારી પૂરી ઉમ્મતનો અમીન અબૂ ઓબૈદા બિન જર્રાહ છે. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ

*રિફઅત વ અફઝલિયતકા મુઝદા મિલા–ગુર્રું વ જાહતકા મુઝદા મિલા*
*રહમતે કામિલસે રહમતકા મુઝદા મિલા–વો દસોં જિનકો જન્નતકા મુઝદા મિલા*
*ઉસ મુબારક જમાઅતપે લાખોં સલામ*

**ખાસ ઉસ સાબિક઼ે સૈરે ક઼ુર્બે ખુદા**
**અવહદ કામિલિયત પે લાખો સલામ**

*[સાબિક઼ે = આગળ વધનાર, સૈર = ચાલવું (મુરાદ હિજરતની સફર છે) અવહદ = અજોડ, અનોખુ, કામિલિયત = પરિપૂર્ણ હોવું]*

ખાસ કરીને અલ્લાહ તઆલાના મુક઼ર્રબતરીન (અતિ નિકટના) બંદા, હિજરતના સમયે તમામ સહાબાઓથી

આગળ નીકળી જનારા કે જે તમામ સહાબાઓમાં સૌથી અધિક કામિલિયત ધરાવનારા અને અફઝલુલ બશર બઅ્દલ અંબિયા છે, એટલે કે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہની ઝાતે વાલા સિફાત પર લાખો સલામ થાય. ખુલફાએ રાશિદીનના ફઝાઈલ જાહેર તથા ઉઘાડા અને ખાસ તથા આમની જીભે ચર્ચાતા હોવાથી વિગતવાર વર્ણન કરવાની જરૂરત નથી જણાતી (તે પાકાને ઉમ્મતના વિસ્તારપૂર્વક ફઝાઈલ મારી કિતાબ ''યારાને મુસ્તફા વ વારિષાને ખિલાફતે રાશિદા''માં જુઓ. www.barkatekhwaja.net પર ચારેવ સહાબાની કિતાબો સર્ચ કરો.)

**સાયએ મુસ્તફા માયએ ઈસ્તફા**
**ઈઝ્ઝો નાઝે ખિલાફતપે લાખોં સલામ**

**અર્થાત** : તે સિદ્દીકે અકબર જેઓ આપણા આકા ﷺની સાથે જીવનભર સાયાની જેમ રહ્યા (અને આજે પણ રોઝએ અક્દસ ﷺમાં તેમનો સાથ નિભાવી રહ્યા છે) અને પરહેઝગાર લોકોનો સરમાયો છે. આપે એવી કામયાબ હુકૂમત કરી કે ખિલાફત તથા જાનશીની આપના પર નાઝ કરવા લાગી અને આપ એના માટે ઈઝ્ઝત તથા અઝમતનો સબબ બની ગયા. અલ્લાહ તઆલા આપના પર લાખો રહમતો નાઝિલ ફર્માવે.

**હઝરત અબૂબક્ર સિદ્દીક** رضی اللہ عنہ : બાલિગ પુરૂષોમાં સૌથી પ્રથમ ઈમાન લાવનાર આપ છે. એ મોકા પર હુઝૂર ﷺએ ફર્માવ્યું, જ્યારે મને આખુ જગત જૂઠાડી રહ્યું હતું ત્યારે એક અબૂબક્ર જ હતા જે (કાફિરોના હાથે માર ખાય રહ્યા હતા અને) صدقت صدقت (સદક્ત, સદક્ત)નો નારો લગાડી રહ્યા હતા. وواسانی بنفسہ و مالہ فھل انتم تار کوالی صاحبی અને પોતાની જાન માલ મારા પર કુર્બાન કર્યો. તમો મારા ખાતર મારા દોસ્તથી દરગુઝર નથી કરી શકતા. (વિગતવાર બનાવ જાણવા જુઓ બુખારી, ૧/૫૧૭) હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે અબૂબક્ર ! તું મારો ગુફાનો પણ સાથી છે અને હોઝે કૌષરનો પણ. *(તિર્મિઝી)*

*તળપને થિળકનેકી તૌફીક દે–દિલે મુર્તઝા સોઝે સિદ્દીક દે (ઈક્બાલ)*

**યા'ની ઉસ અફઝલુલ ખલ્ક બઅ્દર્રુસુલ**
**ષાનીયે અષ્નૈને હિજરત પે લાખોં સલામ**

**અર્થાત** : મારો મતલબ છે તે જે નબીઓ તથા રસૂલો પછી સોથી અફઝલ છે અને હિજરતના સફરમાં કુર્આને પાકે જેમને ثانی اثنین (બેમાંથી બીજા) કહ્યા તેમના પર લાખો સલામ થાય.

હઝરત અબૂ દરદા رضی اللہ عنہને હુઝૂર ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીકની આગળ ચાલતા જોઈને ફર્માવ્યું, ''તમો એવા શખ્સની આગળ ચાલી રહ્યા છો જે તમારા સૌથી અફઝલ છે.'' فواللہ ما طلعت الشمس ولا غربت علی احد افضل من ابی بکر એક રિવાયતમાં આ પ્રમાણે છે : ما طلعت الشمس علی احد بعد النبیین و المرسلین افضل من ابی بکر ''કસમ બખુદા ! નબીઓ તથા રસૂલો પછી સૂરજ કોઈ એવા શખ્સ પર નથી ઉગ્યો જે અબૂબક્ર સિદ્દીકથી અફઝલ હોય.'' *(અસ્સવાઈકુલ મુહર્રિકા)*

**અસ્દકુસ્સાદિક઼ીન સૈયદુલ મુત્તક઼ીન**
**ચશ્મો ગોશે વઝારત પે લાખોં સલામ**

**અર્થાત** : જે તમામ સાચાઓમાં સૌથી અધિક સાચો છે. (જ્યારે મેઅરાજથી પરત થતાં મક઼ામે ઝીતૂવા પર હુઝૂર ﷺએ જિબ્રઈલે અમીનને ફર્માવ્યું, મારા આ મેઅરાજના મો'જિઝાને કોણ સમર્થન આપશે ? તો જિબ્રઈલે અમીને અર્ઝ કરી یصدق ابوبکر وھو صدیق અન્ય કોઈ સમર્થન આપે કે ન આપે અબૂબક્ર તો જરૂર કરશે, કેમ કે તે સિદ્દીક઼ છે. (સુનને સઈદ બિન મન્સૂર) અને તમામ પરહેઝગારોનો સરદાર છે. (કુર્આની આયત : سَيُجَنَّبُهَا الْاَتْقَى ની તરફ નિર્દેશ છે જે મુફસ્સિરોના ઈજમાઅથી આપના હક્ક઼માં નાઝિલ થઈ. તફસીરે કબીર, ૭/૪૧૭)

અને બીજી આયતની તરફ وَالَّذِیْ جَآءَ بِالصِّدْقِ وَصَدَّقَ بِهٖۤ اُولٰٓىٕكَ هُمُ الْمُتَّقُوْنَ શીઆ મુફસ્સિરોએ પણ આ આયતથી નબી તથા સિદ્દીક઼ મુરાદ લીધા છે. *(તફસીરે કુમી)*

અને આપણા આક઼ા ﷺના વઝારતના વિભાગમાં આંખ તથા કાનની હૈષિયત ધરાવતા હતા. (આપ ﷺએ ફર્માવ્યું, ابوبکر و عمر منی بمنزلۃ السمع و البصر من الراس "અબૂબક્ર તથા ઉમરનો મક઼ામ મારી નજીક તે જ છે જે માથા માટે કાનો તથા આંખોનો હોય છે." *(અસ્સવાઈકુલ મુહર્રિક઼ા, પેજ–૧૭૮)*

અને આપ ﷺએ આ બંનેવ હઝરાતને પોતાના જમીનના વઝીર પણ ઠરાવ્યા. (મિશ્ક઼ાત) તેમના પર લાખો કરોડો સલામ થાય.

*ક઼સ્રે પાકે ખિલાફત કે રુકને રકીં – શાહે કૌસૈન કે નાઈબે અવ્વલીં*
*યારે ગારે શહનશાહે દુન્યાઓ દીં – اَصْدَقُ الصَّادِقِيْن سَيِّدُ الْمُتَّقِيْن*
*ચશ્મો ગોશે વઝારત પે લાખોં સલામ*

**વો ઉમર જિસકે આ'દા પર શયદા સક઼ર**
**ઉસ ખુદા દોસ્ત હઝરત પે લાખોં સલામ**

## હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ

વળી બીજા ખલીફા અમીરુલ મો'મિનીન, ગયઝુલ મુનાફિક઼ીન સૈયદના હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ જે ખુદાની સાથે દોસ્તી રાખનારા છે અને તેમના દુશ્મનો (શૈતાનના ચેલાઓ બલ્કે પાકા શયતાનો) પર દોઝખ આશિક઼ છે જે તુરત જ તેમને હડપ કરી જશે. એ ઉમર ફારૂક઼ رضی اللہ عنہ પર અમારા તરફથી હે અલ્લાહ ! લાખો સલામ નાઝિલ ફર્માવ !

*વો ઉમર વો હબીબે શાહે બહરો બર–વો ઉમર ખાસ એ હાશમી તાજવર*
*વો ઉમર ખુલ ગએ જિસપે રહમત કે દર–વો જિસકે આ'દા પર શયદા સક઼ર*
*ઉસ ખુદા દોસ્ત હઝરતે લાખો સાલમ*

**ફારૂક઼ે હક઼્ક઼ો બાતિલ ઈમામુલ હુદા**
**તેગે મસ્લૂલે શિદ્દત પે લાખોં સલામ**

**અર્થાત** : જે હક઼્ક઼ તથા બાતિલ વચ્ચે ફર્ક઼ કરનારા છે. *(તારીખુલ ખુલફા, પેજ–૧૪૩)* અને કુફ્ર તથા નિફાક઼ના માટે ઉઘાડી તલ્વાર છે (اَشِدَّآءُ عَلَی الْکُفَّارِ رُحَمَآءُની તફસીર અને فلا وربک لا یومنونનું શાને નુઝૂલ એના પર ગવાહ છે.) એવા મુજાહિદે ઈસ્લામ પર લાખો સલામ થાય.

હુઝૂર ﷺ ફર્માવે છે કે જ્યારે હું જન્નતમાં ગયો તો મેં ઘણો જ ખૂબસૂરત મહેલ જોયો. મેં પૂછયું, આ કોના માટે છે ? તો મને બતાવવામાં આવ્યું કે આ ઉમરનો છે. પછી મેં ઈરાદો કર્યો કે એની અંદર જાઉં. પછી મને ઉમરની ગૈરત યાદ આવી એના પર હઝરત ઉમરે રડીને અર્ઝ કરી : بابی انت وامی یارسول اللہ علیک اغار મારાં માબાપ આપના ક઼દમો પર કુર્બાન થઈ જાય ! હું તમારા પર ગૈરત ખાવાનો હતો ?! (આપના જ ક઼દમોના તુફૈલ તો મને આ સર્વ ઈજ્જતો મળી છે.)–*બુખારી*

**તર્જમાને નબી હમ ઝબાને નબી**
**જાને શાને અદાલત પે લાખોં સલામ**

**અર્થાત** : તે ઉમર જે આપણા નબી ﷺની દરેક જગાએ સહીહ તર્જુમાની (યોગ્ય પ્રતિનિધિત્વ) કરવાવાળા છે અને આપણા આક઼ા ﷺની હામાં હા મિલાવનારા છે. અને અદ્લો ઈન્સાફની અઝમત તથા શાન (અઅદલુલ અસ્હાબ) છે એ ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ પર લાખો સલામ થાય.

રોમના કૈસરનો સફીર જ્યારે મદીના આવ્યો તો લોકોને પૂછયું, તમારો બાદશાહ ક્યાં છે ? તેમણે કહ્યું, અમારે ત્યાં બાદશાહ નથી હોતા, અમીરુલ મો'મિનીન હોય છે, જે હક઼ીક઼તમાં મુસલમાનોનો ખાદિમ હોય છે. (સૈયદુલ કૌમિ ખાદિમુહુમ) એમને જો તું મળવા ચાહે છે તો ઝાડની નીચે બિસ્તર તથા પલંગ વિના ઈંટનો તકીયો બનાવીને જોઈ લે તે સૂઈ રહ્યા છે. સફીર એકદમ અનાયાસે બોલી ઉઠયો, હે ઉમર ! મારો ઉમર (એનો રાજા) જુલ્મ કરે છે તેને મહેલોમાં પણ સખત પહેરા વિના ઊંઘ નથી આવતી, પણ તમો અદ્લો ઈન્સાફના પયકર છો એટલા માટે તમે ઈત્મિનાન સાથે દરેક જગાએ સુકૂનની ઊંઘ સૂવો છો. *(ફારૂક઼ે આ'ઝમ, ડો હમીદુલ્લાહ)*

**ઝાહિદે મસ્જિદે અહમદી પર દુરૂદ**
**દૌલતે જયશે ઈસ્રત પે લાખોં સલામ**

## હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ

આપણા આક઼ા ﷺના ત્રીજા ખલીફા અને બમણા જમાઈ સૈયદના ઉષ્માન ઝુન્નૂરૈન رضی اللہ عنہ પર લાખો સલામ થાય જે ગની તથા માલદાર થઈને પણ હુઝૂરની મસ્જિદે નબવીના દુરવેશ તથા ખાદિમ નમાઝી બનીને જિંદગી પસાર કરતા રહ્યા અને પોતાની સખત જરૂરતો છતાં પોતાનો પૂરો માલ ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ પર લૂટાવતા રહ્યા, ખાસ કરીને તંગીના લશ્કર (ગઝવએ તબૂકના ગાઝીઓ)ની એટલી મદદ કરી કે હુઝૂર ﷺએ

ખુશ થઈને ફર્માવ્યું કે ماعلى عثمان ماعمل بعد (તિર્મિઝી) ماضر عثمان ماعمل بعد اليوم مرتين (મિશ્કાત) આજ પછી ઉષ્માન જે કાંઈ કરતા ફરે પરવા નહીં, કોઈ અમલ પણ તેમને નુકસાન નથી પહોંચાડી શકતો.

**દુર્રે મન્થૂર કુર્આં કી સલક બહી**
**ઝવજે દો નૂર ઈફ્ફત પે લાખોં સલામ**

*(દુર્રે મન્થૂર = વિખેરાયેલાં મોતી, સલક = હાર, દોરી, બહી = બેહતરી, ઝવજ = પતિ, ઈફ્ફત = પાકીઝગી, પવિત્રતા)*

**અર્થાત :** હઝરત ઉષ્માન ગની رضي الله عنه જેમણે કુર્આન મજીદના વિખેરાયેલા મોતીઓ (આયતો)ને કેટલા ઉમદાપણા સાથે એક હારમાં પરોવ્યાં. (જમા કર્યાં અને જામિઉલ કુર્આનનો લકબ પામ્યા. તેમણે કુર્આનને ભેગુ કર્યું તો અલ્લાહ તઆલાએ તેમને પોતાના હબીબના બમણા જમાઈ બનવાનો શરફ અતા કર્યો) જેમ કે પાકીઝગી તથા પવિત્રતાનાં બેનૂરો (હુઝૂર صلى الله عليه وسلمની બે સાહબઝાદીઓના પતિ થવાનો શરફ પામનારા)વાળા પતિ પર લાખો સલામ થાય.

*વો ગની ક્યૂં ન તકદીરકા હો ધની–જિસને પાએ હોં દો લઅલે કાને નબી*
*શરહે નૂરુન અલા નૂર હૈ ઝિંદગી–દુર્રે મન્થૂર કુર્આંકી સલક બહી*
*ઝવજે દો નૂરે ઈફ્ફત પે લાખોં સલામ*

હુઝૂર صلى الله عليه وسلمએ જ્યારે હઝરત ઉષ્માન ગની رضي الله عنهના નિકાહમાં પોતાની પુત્રી ઈનાયત ફર્માવી તો સાથે ફર્માવ્યું, જો મારી ત્રીજી પુત્રી પણ હોત (તારીખુલ ખુલફા બહવાલા તિબ્રાની) અને ઈબ્ને અસાકિરની રિવાયતના પ્રમાણે ફર્માવ્યું, જો મારી ચાલીસ પુત્રીઓ હોત તો એક પછી એક ઉષ્માનગનીના નિકાહમાં આપતો રહેત. આ હતો હુઝૂર صلى الله عليه وسلمને ઉષ્માન ગની પર વિશ્વાસ. અરે ! લોકો તો એક પુત્રી આપીને પણ તંગ આવી જાય છે અને જમાઈને બદ્દુઆઓ આપે છે, પરંતું હઝરત ઉષ્માન બેટી પણ લઈ રહ્યા છે અને દુઆઓ પણ લઈ રહ્યા છે.

આ મોકા પર હઝરત અલીયે મુર્તઝા رضي الله عنهએ હઝરત ઉષ્માન ગનીને આ શબ્દોમાં મુબારકબાદ આપી. ثلث من صهره مالم ينالا *(નહઝુલ બલાગા)*

*નૂર કી સરકારસે પાયા દોશાલા નૂરકા–હો મુબારક તુઝકો ઝુન્નેરૈન, જોળા નૂરકા*

**યા'ની ઉષ્માન સાહિબે કમીસે હુદા**
**હુલ્લા પોશે શહાદત પે લાખોં સલામ**

**અર્થાત :** મારી મુરાદ સૈયદના ઉષ્માન ગની رضي الله عنه છે જે હિદાયતની કમીસ પહેરનારા છે. (હુઝૂર صلى الله عليه وسلمએ હઝરત ઉષ્માન ગનીને ઈર્શાદ ફર્માવ્યો હતો, હે ઉષ્માન ! અલ્લાહ તઆલા તને કમીઝ પહેરાવશે, એટલે કે ખિલાફત અતા ફર્માવશે : فان ارادوا على خلعه فلا تخلعه لهم લોકો ઉતરવા ચાહે તો કદાપિ ન ઉતારશો. (તિર્મિઝી) હઝરત ઉષ્માનને હુઝૂર صلى الله عليه وسلمના એ જ હુકમનું પાલન કરતાં જામે શહાદત નોશ કરી લીધો પણ ખિલાફતથી નીકળી ન ગયા. અને આજે બદબાતિન લોકો કહે છે કે ઉષ્માન કેટલા લાલચી હતા કે હુકૂમતની લાલચમાં જાનથી હાથ ધોઈ બેઠા. نعوذ بالله ولعنة الله على شر كم

આપે ખુદ ફર્માવ્યું, ان رسول الله قد عهد الى عهدا وانا صابر عليه હું તો યારનો વાયદો નિભાવી રહ્યો છું જાન જતી હોય તો જાય, પણ પોતાના હબીબને કરેલા વાયદા પર આંચ ન આવે. નહીં તો હુકૂમતની શું વાત કરો છો!

*તખ્તે સિકંદરી પર વો થૂકતે નહીં હૈં—બિસ્તર લગા હુવા હૈ જિનકા તેરી ગલીમેં*

**મુર્તઝા શેરે હક્ક઼ અશ્જઉલ અશ્જઈન—સાકીયે શીરો શર્બતપે લાખોં સલામ**

**અર્થાત** : અને ચોથા ખલીફા ઈમામુલ મશારિક વલ્મગારિબ અલી મુર્તઝા શેરે ખુદા کرم الله وجهه الکریم જે મુર્તઝા (ચૂંટી કાઢેલા) પણ છે અને શેરે ખુદા પણ છે બલ્કે બહાદુરોના સરદાર પણ છે. હા ! હા ! "હલ અતા" પણ છે, મુશ્કિલ કુશા પણ છે, હાજતરવા પણ છે. શોહેરે ઝાહિર પણ છે, નબીના વીર પણ છે, આપણા પીર પણ છે. પોતાના કાતિલને પણ જે દૂધ તથા શરબત પેશ કરી દે, હું તે બાબે મદીનતુલ ઈલ્મ પર કેમ ન સલામ મોકલું ?!

## હઝરત અલી મુર્તઝા کرم الله وجهه الکریم

આપ کرم الله وجهه الکریم ફર્માવે છે, મારા આક઼ા ﷺએ મને પોતાની ગોદમાં ઉછેર્યો પોતાની છાતી પર સૂવડાવ્યો يمسنى جسده ويشمنى عرقه આપ ﷺનું શરીર મુબારક મારા શરીર સાથે સ્પર્શતુ હતું અને હું આપના શરીરને ચૂમતો હતો અને તેનાથી જન્નતની) ખુશ્બુ સૂંઘતો હતો (અલ્લમુ અવલાદકુમ મહબ્બતે અહલે બયતુન્નબી—ડો. અબ્દહુ યમાની) હિજરતની રાતે કાફિરોના સખત પેહરામાં હુઝૂર ﷺના બિસ્તર પર સૂતા, જેના પર અલ્લાહ તઆલાએ જિબ્રઈલે અમીન અને મીકાઈલ علیہما السلامને ફર્માવ્યું કે બતાવો ! તમે આપસમાં ભાઈ ભાઈ (ફરિશ્તા) છો, શું તમારામાંથી કોઈ એકબીજા પર જાન કુર્બાન કરી શકે છે ? તેમણે અર્ઝ કરી, યા અલ્લાહ ! આ તો ઘણુ જ મુશ્કેલ કામ છે ! ફર્માવ્યું, જરા જમીન પર જઈને જુઓ, મેં મુહમ્મદ તથા અલી (علیہما السلام)ને એકબીજાના ભાઈ બનાવ્યા છે, અને કેવી રીતે મારા મુહમ્મદ પર જાન કુર્બાન કરી રહ્યા છે. (صلی الله الیه و سلم و رضی الله عنه)

ફરિશ્તા આવ્યા અને અલીને સૂતેલા જોયા. ઈમામ રાઝી ફર્માવે છે, ફરિશ્તાઓએ હઝરત અલીને આ શબ્દોમાં મુબારકબાદ આપી : بخ بخ (یا علی) با هی الله بك ملائكته હે અલી ! તને મુબારક થાય કે અલ્લાહ તઆલા તારી (આ જાંનિષારીના) કારણે ફરિશ્તાઓ સામે નાઝ ફર્માવે છે. અને કુર્આને પાકમાં આયત નાઝિલ થઈ وَمِنَ النَّاسِ مَنْ يَّشْرِىْ نَفْسَهُ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ લોકોમાં એવા પણ છે જેઓ અલ્લાહની રઝા (મહબૂબે ખુદાને ખુશ કરવા)ના માટે પોતાની જાન પર ખેલી જાય છે. એ જ તો કારણ છે કે અલીયે મુર્તઝા પેદા થયા તો હાલ એ હતો કે :

*લરઝ ઉઠે અસનામ કાબે કે અંદર—હૈ તૌહીદકા બોલબાલા સરાસર*
*ઉઠા શોર કાબેમેં અલ્લાહુ અકબર— ચલે ઘરસે કહતે હૂએ યહ પયંબર*
*અલી આ રહે હૈં અલી આ રહે હૈં—અલી આ રહે હૈં અલી આ રહે હૈં*

ડો. મુહમ્મદ અબ્દુલ યમાની લખે છે :

انه ضحی نفسه من اجل سلامة رسول الله صلی علیه و سلم یوم الهجرة عند ما نام فی فراشه

નબી ﷺની સલામતીના ખાતર હઝરત અલીએ હિજરતની રાતે બિસ્તરે રિસાલત પર સૂઈને પોતાની

કુર્બાની આપી દીધી. *(અલ્લમુ અવલાદકુમ મુહબ્બતિન અહલેબતુન્નબી પેજ–૧૦૯)*

**અસ્લે નસ્લે સફા વજહે વસ્લે ખુદા**
**બાબે ફઝ્લે વિલાયતપે લાખોં સલામ**

*(અસ્લ = જડ, પાયો. સફા = પાકીઝગી, વસ્લ = મિલન)*

**અર્થાત :** સૈયદના અલી શેરે ખુદા کرم اللہ وجہہ الکریم તે હસ્તી છે કે જે પાક સાફ નસલ (સાદાતે કિરામ)ની અસ્લ અને જડ છે. કેમ કે આપનાથી જ સાદાત ચાલ્યા છે અને સાદાત કેવળ તેઓ છે જેઓ ઈમામ હસન તથા હુસૈન رضی اللہ عنہما અને તેમની ઔલાદ છે. *(અહકામે શરીઅત, અઝ : આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

અને હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم અલ્લાહથી મુલાકાતનો ઝરીયો છે કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ આપના જ વિશે ફર્માવ્યું : النظر الی علی عبادۃ (અશ્રફુલ મુઅબ્બદ) જેવી રીતે કુર્આનના પારાઓને જોવું ઈબાદત છે, કા'બાની દીવાલોને જોવું ઈબાદત છે, મસ્જિદના મીનારાઓને જોવું ઈબાદત છે, એવી જ રીતે અલીના ચેહરાને જોવું પણ ઈબાદત છે.

અને આપ વિલાયતની ફઝીલતના દરવાજા છે, વિલાયતના સર્વ સિલસિલા આપને જઈને મળે છે. અને હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, من کنت مولا فعلی مولاہ اللھم وال من والاہ وعاد من عاداہ જેનો હું મૌલા તેના અલી મૌલા ! હે અલ્લાહ ! જે અલીથી પ્યાર કરે તું તેનાથી પ્યાર કર અને જે અલીથી દુશ્મની રાખે તું તેનો દુશ્મન થઈ જા. (અને તેને જહન્નમ રશીદ કરી દે) *(અશ્રફુલ મુઅબ્બદ, પેજ–૪૮)*

**અવ્વલીન દાફેએ રિફ્ઝ વ ખુરૂજ**
**ચારમી રુક્ને મિલ્લતપે લાખોં સલામ**

**અર્થાત :** સૈયદના અલી શેરે ખુદા رضی اللہ عنہ એ સૌથી પ્રથમ રાફઝીઓ તથા ખારજીઓ (સહાબા તથા અહલે બયતના દુશ્મનો)ની સાથે બાક઼ાઈદા જંગ કરીને તેમના ફિત્નાઓના કિલ્લાને નષ્ટ કર્યા અને મિલ્લતે ઈસ્લામિયાના ચોથા ખલીફાએ રાશિદ અને દીનનો મજબૂત સ્તંભ બનીને મુસલમાનોની રહનુમાઈ ફર્માવી અને ખૂબ જ હિંમતભેર આખુ જીવન ફિત્નાઓનો સામનો કરતા રહ્યા. અલ્લાહ તઆલના એમના પર કરોડો સલામ થજો.

**શેરે શમ્શીરે ઝન શાહે ખૈબર શિકન**
**પરતવે દસ્તે કુદરત પે લાખોં સલામ**

**અર્થાત :** આપ તલ્વારના એવા ધણી હતા કે મોટાથી મોટા કાફિરના મુક઼ાબલામાં પણ આપની તલ્વારે બહાદુરીના એવા જૌહર દેખાડયા કે લોકો પોકારી ઉઠયા :

*શાહે મર્દાં, શેરે યઝદાં, કુવ્વતે પરવરદિગાર* – لا فتی الا علی لا سیف الا ذو الفقار

ખૈબરની ઈંટથી ઈંટ બજાવી દેનાર અલી શેર ખુદા પર લાખો સલામ થાય, અને ખુદાવંદી શક્તિના સુંદર પ્રતિબિંબ પર લાખો સલામ થાય.

**માહીએ રિફ઼્ઝો તફ઼ઝીલ વ નસબ વખુરૂજ**
**હામિયે દીનો સુન્નત પે લાખોં સલામ**

**અર્થાત :** રાફઝિયત તથા ખારજિયત ચાહે તે નાસબિયતના રૂપમાં હોય કે તફઝીલિયતના રૂપમાં, એ સર્વ બદઅક઼ીદગીઓનો ખાત્મો કરીને દીને ઈસ્લામ તથા સુન્નતે મુસ્તફા ﷺની હિમાયત કરનાર મૌલા અલી પર લાખો સલામ થાય.

આપ کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું, لا اجد احد افضلنی علی ابی بکر الا جلدته حدا المفتری જે મને અબૂબક્ર સિદ્દીક઼ પર ફઝીલત આપતો જોવા મળશે તેને હું આક્ષેપ મૂકનારના જેવી સખત સજા આપીશ. *(અસ્સવાઈકુલ મુહર્રિકા)*

એક શખ્સે (અબૂ ઝનાદે) કહ્યું કે આપના હોવા છતાં મુહાજિરો તથા સહાબીઓએ અબૂબક્રને કેવી રીતે ખલીફા બનાવી દીધા ?! આપે ફર્માવ્યું, لو لاان المؤمن عائذ الله لقتلتک જો એ વાત ન હોત કે અલ્લાહ તઆલા અહલે ઈમાનને નાજાઈઝ વાતથી બચાવી લે છે, (તું જો કલ્માગો ન હોત) તો હું તને ક઼ત્લ કરી દેત."

*(કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૧૮)*

આપે ફર્માવ્યું, મને મારા નબીએ ફર્માવ્યું હતું, لا یحبنی الا مو من ولا یبغضی الا منافق કે મારી સાથે કેવળ મુસલમાન જ મહોબ્બત કરશે. (કાફિર, મુનાફિક઼ના દિલમાં મારી મહોબ્બત નથી જઈ શકતી) અને મારાથી દુશ્મની રાખનાર પાકો મુનાફિક઼ હશે. અને આપના અન્ય તમામ શાહઝાદાઓની અઝમત પર પણ લાખો સલામ થાય.

*જિતને તારે હૈં ઉસ ચર્ખે જીજાહ કે–જિસ કદર માહપારે હૈં ઉસ માહ કે*
*જાનશીં હૈં જો મર્દે હક્ક઼ આગાહ કે–ઔર જિતને હૈં શાહઝાદે ઉસ શાહ કે*
*ઉનસે અહલે મકાનતપે લાખોં સલામ*

**મો'મિનીને પેશે ફ઼તહ વ પસે ફ઼તહ સબ**
**અહલે ખૈરો અદાલત પે લાખોં સલામ**

**અર્થાત :** સરકાર ﷺના સર્વ સહાબાએ કિરામ ચાહે તેઓ ફતહે મક્કાથી પહેલાં ઈમાન લાવ્યા હોય કે ફતહે મક્કા બાદ, સર્વથી અલ્લાહ તઆલાએ کلا وعد الله الحسنی જન્નત તથા ભલાઈનો વાયદો કર્યો છે. અને الصحابة کلهم عدول સર્વ સહાબીઓ આદિલ તથા મુન્સિફ છે, એમના પર અલ્લાહ તઆલાની રહમત નાઝિલ થાય અને કરોડો દુરૂદો સલામ થાય.

**જિસ મુસલમાનને દુખા ઉન્હેં ઈક નઝર**
**ઉસ નઝરકી બસારત પે લાખોં સલામ**

**અર્થાત :** (સહાબાએ કિરામ પછી આ'લા હઝરત તાબઈન رضوان الله تعالیٰ علیهم اجمعین ની બારગાહમાં લાખો સલામનું નઝરાણુ પેશ કરે છે. કેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું لا تمسه النار رانی او رایٰ من رانی (اوکما قال علیه السلام મને જોનારા (સહાબી)ને દોઝખની આગ સ્પર્શી પણ નહીં શકે. અને જેણે મને જોનાર (સહાબી)ને જોયા તેને પણ

દોઝખની આગ સ્પર્શી શકશે નહીં) અથવા આ શેઅર ઉપરવાળા શેઅરનો આખરી હિસ્સો છે કે જે મુસલમાને મારા આકા ﷺને એક નજર પણ જોઈ લીધો એ પાકીઝા નજરના જોવા પર લાખો સલામ થાય કે તેણે તેને જોયો છે જેણે ખુદાને જોયો છે. (ﷺ)

*ઉસ નઝરકા મુકદ્દર હે કિસ ઓજ પર–ઉસકી તકદીર હૈ કિસ કદર બખ્તવર*

*ઉસ નઝર ફિદા તાબે ચશ્મે સહર–જિસ મુસલમાને દેખા ઉન્હેં ઈક નઝર*

*ઉસ નઝરકી બસારતપે લાખો સલામ*

**જિનકે દુશ્મનપે લઅનત હૈ અલ્લાહ કી**
**ઉન સબ અહલે મહબ્બત પે લાખોં સલામ**

**અર્થાત** : આપણા આકા ﷺનું ફર્માન છે, "જેણે મારા સહાબાથી અદાવત રાખી તેણે મારી સાથે અદાવત રાખી અને જેણે મારી સાથે દુશ્મની કરી તે ખુદાનો દુશ્મન છે." તેમજ અલ્લાહ તઆલાએ હદીષે કુદસીમાં ફર્માવ્યું : من عادى لى وليا فقد اذنته بالحرب જ્યારે વલીનો દુશ્મન ખુદાથી જંગ કરી રહ્યો છે તો સહાબાના દુશ્મન પર કેમ ખુદાની લઅનત નહીં થાય. સહાબા સાથે મહોબ્બત કરવાવાળાઓ પર પણ લાખો સલામ

*જિનકા કૌષર હૈ, જન્નત હૈ અલ્લાહ કી–જિનકે ખાદિમ પે શફકત હૈ અલ્લાહ કી*

*દોસ્ત પર જિનકે રહમત હૈ અલ્લાહ કી–જિનકે દુશ્મનપે લઅનત હૈ અલ્લાહકી*

*ઉન સબ અહલે મહબ્બત પે લાખોં સલામ*

**બાકીએ સાકિયાને શરાબે તહૂર**
**ઝીનતે અહલે ઈબાદત પે લાખોં સલામ**

જેમનું વર્ણન થઈ ચૂક્યું એમના ઉપરાંત બાકીના સર્વ અહલે બયતના ઈમામો, સહાબાએ કિરામ જેમણે લોકોને અલ્લાહ તઆલાના ઈશ્કો મહબ્બતની શરાબ પીવડાવી અને ઈબાદતગુઝારોની ઝીનત બન્યા, એ સૌના પર લાખો સલામ થાય.

**ઉનકી બાલા શરાફત પે આ'લા દુરૂદ**
**ઉનકી વાલા સયાદત પે લાખોં સલામ**

**અર્થાત** : એ સૌની બુઝુર્ગી તથા શરાફત પર બુલંદોબાલા દુરૂદ થાય અને એ સૌની સરદારી પર લાખો સલામ થાય.

**શાફઈ, માલિક, અહમદ, ઈમામ હનીફ**
**ચાર બાગે ઈમામત પે લાખોં સલામ**

**અર્થાત** : ફિકહના ચારેવ ઈમામ, ઈમામ શાફઈ, ઈમામ માલિક, ઈમામ અહમદ ઈબ્ને હંબલ તથા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضوان الله تعالى عليهم اجمعين ઈમામતના આ ચારેવ બાગો પર મહેકતાં દુરૂદો સલામનાં ફૂલ નિછાવર થાય.

*નજ્મહાએ દરખ્શાંને હુસ્ને લતીફ઼–જિનસે રોશન હૂએ સીનાહાએ કષીફ઼*

*ચાર અરકાને અયવાને શરહે શરીફ઼–શાફઈ, માલિક, અહમદ ઈમામે હનીફ઼*

*ચાર બાગે ઈમામતપે લાખોં સલામ*

**કામિલાને તરીક઼તપે કામિલ દુરૂદ**
**હામિલાને શરીઅત પે લાખોં સલામ**

**અર્થાત** : તરીક઼તના સર્વ કામિલ ઈમામો અને રૂહાનિયતના ઉગમ સ્થાનો પર કામિલ દુરૂદ થાય અને શરીઅત પર અમલ કરવાવાળા સર્વ બુઝુર્ગો પર લાખો સલામ થાય.

**ગૌષે આ'ઝમ ઈમામુત્તક઼ા વન્નુક઼ા**
**જલ્વએ શાને કુદરત પે લાખોં સલામ**

**અર્થાત** : ખાસ કરીને સર્વ વલીઓના સરદાર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ જેઓ તક઼વા તથા તહારતના ઈમામ છે અને અલ્લાહ તઆલાની કુદરતની શાનના મઝહરે કામિલ (ઉદ્દભવસ્થાન) છે તેમના પર લાખો સલામ થાય.

*હક઼્ક઼ે મહરમ ઈમામુત્તુક઼ા વત્તુક઼ા–ઝાતે અકરમ ઈમામુત્તુક઼ા વન્નુક઼ા*

*કુત્બે આલમ ઈમામુત્તુક઼ા વ ન્નુક઼ા–ગૌષે આ'ઝમ ઈમામુત્તુક઼ા વન્નુક઼ા*

*જલ્વએ શાને કુદરત પે લાખોં સલામ*

**કુતુબો અબ્દાલો ઈર્શાદો રુશ્દુર્રશાદ**
**મુહયુએ દીનો મિલ્લત પે લાખોં સલામ**

**અર્થાત** : અને ગૌષ પાક رضی اللہ عنہના ફયઝ પામેલા અવલિયાએ કામિલીન કુતુબ, અબ્દાલ અને હિદાયતના પેશવા જેમણે દીનો મિલ્લતની આબયારી (સિંચાઈ) કરી તે સૌના પર લાખો સલામ થાય.

**મર્દે ખીલે તરીક઼ત પે દુરૂદ**
**ફ઼ર્દે અહલે હક઼ીક઼ત પે લાખોં સલામ**

*(મર્દે ખીલ = સરબરાહ, સરદાર, ફ઼ર્દ = એકલો)*

**અર્થાત** : તરીક઼તના સરબરાહ પર અગણિત રહમતો થાય હક઼ીક઼તવાળાઓમાં અજોડ આક઼ા ગૌષે આ'ઝમ પર લાખો સલામ થાય.

**જિસકી મિમ્બર હૂઈ ગરદને અવલિયા**
**ઉસ ક઼દમકી કરામત પે લાખોં સલામ**

**અર્થાત** : જે ગૌષપાક رضی اللہ عنہનો ક઼દમ તમામ અવલિયાની ગરદનોની ઝીનત બન્યો અને વલીઓની ગરદનો આ ક઼દમના માટે મિમ્બર બની ગઈ, આપના આ ક઼દમની ઈજ્જત તથા કરામત પર લાખો સલામ થાય.

*ઐસી બરતર હૂઈ ગરદને અવલિયા–ઓજે મહ પર હૂઈ ગરદને અવલિયા*
*અર્શ બર સર હૂઈ ગરદને અવલિયા–જિસકી મિમ્બર હૂઈ ગરદને અવલિયા*
*ઉસ ક઼દમકી કરામત પે લાખોં સલામ*

**શાહે બરકાત વ બરકાતે પેશીનિયાં**
**નવબહારે તરીક઼ત પે લાખોં સલામ**

*(પેશીનિયાં = પહેલા બુઝુર્ગ, નવ બહાર = નવી રોનક)*

**અર્થાત :** અને પોતાના મશાઈખે એઝામ જેઓ ગૌષે આ'ઝમ رضی اللہ عنہના ફયઝથી જ મુસ્તફીઝ (ફાયદો પામનાર) થનારા છે, સૈયદ બરકતુલ્લાહ મારહરવી તથા તેમનાથી પહેલાંના સર્વ મશાઈખની બરકતોએ તરીક઼તના મેદાનમાં જે રોનક લગાડી તેના પર લાખોં સલામ થાય.

**સૈયદ આલે મુહમ્મદ ઈમામુર્રશીદ**
**ગુલે રોઝે રિયાઝત પે લાખોં સલામ**

*(ઈમામુર્રશીદ = હિદાયતના પેશવા, રોઝે રિયાઝત = ખુશ્બુનો બાગ)*

**અર્થાત :** હઝરત સૈયદ આલે મુહમ્મદ (સૈયદ બરકતુલ્લાહ મારહરવીના મોટા સાહબઝાદા) જે હિદાયતના પેશવા થઈ ગયા છે અને રૂહાનિયતના મહેકવાવાળા ફૂલ છે, તેમના પર લાખો સલામ થાય. (સૈયદ બરકતુલ્લાહ ઈબ્ને સૈયદ શાહ ઉવૈસની વિલાદત ૨૬ જમા. આખર હિ.સ. ૧૦૭૦માં થઈ અને વિસાલ આશૂરાની રાતે ૧૦ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૧૪૨ના થઈ) જ્યારે કે સૈયદ આલે મુહમ્મદની વિલાદત જુમેરાતના દિવસે ૧૮–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૧૧૧માં થઈ અને આપનો વિસાલે બાકમાલ ૧૬–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૧૬૪ના થયો. આ બંનેવ બુઝુર્ગોના મઝારો મારહરા શરીફ યુ.પી.–ઈન્ડિયામાં ખાસ તથા આમ લોકોની ઝિયારતગાહ છે.

**હઝરત હમ્ઝા શેરે ખુદા વ રસૂલ**
**ઝીનતે ક઼ાદરિયત પે લાખોં સલામ**

**અર્થાત :** હઝરત હમ્ઝા ઈબ્ને સૈયદ શાહ આલે મુહમ્મદ (૧૪ રબીઉષ્ષાની હિ. ૧૧૩૧–૧૪ મુહર્રમ હિ. ૧૧૯૮) જે ખુદા તથા તેના રસૂલના શેર છે, અને ક઼ાદરી સિલસિલાની ઝીનત છે તેમના પર અલ્લાહની લાખો રહમતો થાય.

*જિસકી સરકાર હે બારગાહે કુબૂલ–જિસ કે દરબાર મેં અવલિયા હે શમૂલ*
*જિસપે હે રહમતે મુસ્તફા કા નુઝૂલ–હઝરત હમ્ઝા શેરે ખુદા વ રસૂલ*
*ઝીનતે કાદરિયત પે લાખોં સલામ*

**નામ વ કામ વ તન વ જાન વ હાલ વ મક઼ાલ**
**સબમેં અચ્છેકી સૂરત પે લાખોં સલામ**

**અર્થાત :** સૈયદ અહમદ ઉર્ફે અચ્છે મિયાં (બિન સૈયદશાહ હમ્ઝા) જન્મ : ૨૮–૨મઝાન હિ.સ. ૧૧૬૦, વિસાલ : ૧૭ ૨બીઉલ અવ્વલ હિ.૧૨૩૫ મઝાર પુર અન્વાર મારહરા શરીફ. જેમનું નામ પણ સારુ કામ પણ સારું અને હ઼ાલ તથા ક઼ાલ પણ ઉમદા અને સીરતના સાથે સૂરત પણ સારી, તેમના પર પણ અલ્લાહ તઆલાની લાખોં રહમતો થાય.

**નૂરે જાં ઈત્રે મજમૂઆ આલે રસૂલ**
**મેરે આક઼ાએ નેઅમત પે લાખોં સલામ**

**અર્થાત :** મારી જાન તથા રૂહનું નૂર અને અગણિત ખૂબીઓનો ખુલાસો તથા સમૂહ સૈયદ આલે રસૂલ (સુથરે મિયાંના સાહબઝાદા કે જે શાહ સૈયદ હમ્ઝાના વચેટ સાહબઝાદા છે. અને પોતાના કાકા સૈયદ આલે અહમદ અચ્છે મિયાંના મુરીદ તથા ખલીફા છે. જાહેરી તથા બાતિની ઈલ્મથી ફૈઝયાબ હતા. જન્મ : હિ.સ. ૧૨૦૯ અને વિસાલ : ૮–ઝિલહજ્જ હિ. ૧૨૯૬) મને દરેક નેઅમત તેમની બારગાહથી મયસ્સર થઈ. અલ્લાહ તઆલા તેમના પર લાખો રહમતો નાઝિલ ફર્માવે. (આપ આ'લા હઝરત અઝીમુલ બરકત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمة الله عليهના મુર્શિદે બરહક઼ છે)

**ઝૈબે સજ્જાદા સજ્જાદ નૂરી નિહાદ**
**અહમદે નૂરે ઝીનત પે લાખોં સલામ**

**અર્થાત :** હઝરત સૈયદ શાહ અબુલ હુસૈન અહમદ નૂરી જેમણે આસ્તાના મારહરા શરીફની ગાદીને એક નવી શાન અતા ફર્માવી નૂરાની તબીઅત વ ખિલ્ક઼તવાળા, તેમના પર રહમતો થાય. (આપ સૈયદી શાહ આલે રસૂલના પૌત્ર છે અને આપના વાલિદ માજિદનું નામ સૈયદ શાહ ઝહૂર હસન બિન સૈયદ આલે રસૂલ છે. આપની વિલાદત હિ.સ. ૧૨૫૫માં થઈ અને ૧૧–૨જબુલ મુરજ્જબ હિ.સ. ૧૩૨૪માં વિસાલ થયો. મઝાર પુર અન્વાર મારહરા શરીફમાં છે. એમની જ બારગાહમાં નવાબ ઓફ નાનપરાએ અર્ઝ કરી હતી કે અહમદ રઝાને કહો કે મારી શાનમાં કોઈ એક કત્આ લખી દે. આપે ફર્માવ્યું, સારું ! જ્યારે મુડમાં હશે ત્યારે કહી દઈશ. જેથી જ્યારે આ'લા હઝરતને હુકમ થયો તો આપે ક઼લમ ઉઠાવી અને સરકારે મદીના ﷺની ગદાગિરી પર વજ્દ કરતાં આ શેઅર લખ્યો :–

*કરું મદહે અહલે દુવલ રઝા–પળે ઈસ બલામેં મેરી બલા*
*મેં ગદા હૂં અપને કરીમ કા–મેરા દીન પારાએ નાં નહીં*

**બે અઝાબ વ એતાબ વ હિસાબ વ કિતાબ**
**તા અબદ અહલે સુન્નત પે લાખોં સલામ**

**અર્થાત :** હે અલ્લાહ ! વિના કોઈ સજા, નારાઝગી તથા હિસાબ કિતાબના તારા નબીના ગુલામો (અહલે સુન્નત વ જમાઅત) પર હમેશાં રહમતો તથા બરકતો નાઝિલ કર.

*અહલે બાતિલ હો જલ જલ કે યા રબ કબાબ–રોઝ અફ઼ઝૂં હો ઉનકા યૂહીં ઈલ્તેહાબ*
*ઔર બહરે હુઝૂરે રિસાલત મઆબ–બે અઝાબો એતાબો હિસાબો કિતાબ*
*તા અબદ અહલે સુન્નત પે લાખોં સલામ*

**★ અહલે સુન્નત પે લાખોં સલામ ★**

કેવળ અહલે સુન્નત પર તાઅબદ (હમેશાં માટે) લાખો સલામ મોકલવાનું કારણ એ છે કે આ જ ગિરોહ નાઝી (નજાત પામનાર) છે બાકી દરેક ફિર્કો કોઈ ન કોઈ (ખુદાના પ્યારા)ની શાનમાં ગુસ્તાખી કરે છે. કોઈનો દામન ગુસ્તાખીએ રસૂલથી[1] દાગદાર છે તો કોઈ સહાબાએ કિરામની[2] તૌહીનમાં સપડાયેલો છે. કોઈ અહલે બયતે એઝામથી[3] અદાવત રાખે છે અને કોઈ સારી રીતે કોઈને પણ નથી માનતો[4] અને આમીન સૌથી ઊંચી કહે છે. ભલા એવી આમીનનો શો ફાયદો જે અલ્લાહવાળાઓની તૌહીનમાં ઊંચી થાય છે. અને ફિક઼્હના ઈમામોને તો અલ્લાહ વ રસૂલના દુશ્મન સમજે છે કે જાણે તેઓ આખુ જીવન કુર્આન તથા સુન્નતની વિરૂધ્ધ જ વર્તન કરતા રહ્યા. (મઆઝલ્લાહ !) *(૧. વહાબી–દેવબંદી, ૨. રાફઝી શીઆ, ૩. ખારજી, ૪. ગૈર મુક઼લ્લિદ વહાબી કહેવાતા અહલે હદીષ)*

હુઝૂર ﷺએ બની ઈસ્રાઈલના ૭૨ અને પોતાની ઉમ્મતના ૭૩ ફિક઼ાઓનો નિર્દેશ કર્યો છે. જ્યારે અર્ઝ કરવામાં આવ્યું કે હુઝૂર ! એ ૭૩માંથી હક્ક઼ તથા સિરાતે મુસ્તક઼ીમ પર કોણ હશે ? આપે ફર્માવ્યું, ما انا علیه واصحابی "જે મારા તથા મારા સહાબીઓના તરીક઼ા પર હશે તે હક્ક઼ પર હશે." *(મિશ્કાત બાબુલ એઅ્તેસામ બિલ કિતાબ વસ્સુન્નહ)*

એ ગિરોહને જમાઅત તથા સવાદે આ'ઝમ કહેવામાં આવ્યો. અને ફર્માવ્યું :–

ید اللہ علی الجماعة من شذ شذ فی النار અલ્લાહની રહમત એ જ જમાઅત પર હશે. જે આ જમાઅતથી જુદો થશે તે સીધો જહન્નમમાં જશે. *(તિર્મિઝી બાબુ લુઝૂમિજ્જમાઅહ)*

ફર્માવ્યું, આ જ જમાઅત છે જે ગુમરાહી પર એકત્ર થશે નહીં, જેથી તેના અનુસરણને લાઝિમ પકડી લો. اتبعو اسواد الاعظم *(ઈબ્ને માજહ)*

આપ વિચારણા કરો તો આસાનીથી એ ફેંસલો કરી લેશો કે નવા નવા ગિરોહોએ જે નવા નવા અક઼ીદા ઘડી રાખ્યા છે જેના કારણે તેઓ ગુમરાહ થયા છે, સહાબાએ કિરામના એવા અક઼ીદા કદાપિ ન હતા. દા.ત. નમાઝમાં હુઝૂરનો ખયાલ આવવાથી નમાઝ ખરાબ થઈ જાય છે. નબીને દીવાલ પાછળની ખબર નથી, નબીના ઈલ્મ કરતાં શૈતાનનો ઈલ્મ વધારે, હુઝૂર ﷺ પછી પણ નબી આવી શકે... વગેરે "નકલે કુફ્ર કુફ્ર ન બાશદ" જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજનો માલિક તથા મુખ્તાર નથી.

*(તક઼વિયતુલ ઈમાન, બરાહીને ક઼ાતિઆ, તહઝીરુન્નાસ વગેરે દેવબંદી કિતાબો જુઓ)*

અલ્હમ્દુલિલ્લાહ ! અહલે સુન્નતના અક઼ીદા જે આ'લા હઝરતે પોતાની કિતાબોમાં વર્ણવ્યા છે, તેમાં અદબ જ અદબ છે અને الایمان کله ادب ઈમાન અદબનું જ નામ છે.

*અઝ ખુદા ખ્વાહીમ તૌફીકે અદબ–બેઅદબ મેહરૂમ અંદાઝે ફઝ્લે રબ*

**તેરે ઈન દોસ્તોં કે તુફૈલ અય ખુદા**
**બંદાએ નંગે ખલ્ક઼ત પે લાખોં સલામ**

**અર્થાત :** "બંદાએ નંગે ખલ્ક઼ત"થી આ'લા હઝરત અઝીમુલ બરકતની પોતાની ઝાત મુરાદ છે કે હે અલ્લાહ ! તારા એ તમામ મહબૂબ બંદાઓના તુફૈલ મને પણ તારી રહ઼મતોથી ઢાંકી લે.

*મૈં ભી હૂં ઈક ગદાએ દરે અવલિયા–મૈં ભી હૂં ઈક સગે કૂએ ગૌષુલ વરા*
*મૈં ભી હૂં ઝર્રએ કૂચએ મુસ્તફા–તેરે ઈન દોસ્તોં કે તુફૈલ અય ખુદા*
*બંદાએ નંગે ખલ્ક઼ત પે લાખોં સલામ*

પોતે પોતાને નંગે ખલ્ક઼ત એટલે મખ્લૂક઼ના માટે શરમનો સબબ કહેવું અને કોઈ જગાએ "સગે બેહૂનર" કહેવું એ, એ જ અદબનો તકાઝો છે જે એનાથી પહેલા શેઅરના ખુલાસામાં વર્ણન થઈ રહ્યો હતો.

**મેરે ઉસ્તાદ માંબાપ ભાઈ બહન**
**અહલે વલદ વ અશીરત પે લાખોં સલામ**

**અર્થાત :** હે અલ્લાહ ! મારાં માબાપ, મારા ઉસ્તાદો, બહેન ભાઈ, ઔલાદ તથા ખાનદાન ક઼બીલા સૌના પર તારા નેક લોકોના તુફૈલ તારી રહમતો નાઝિલ ફર્માવ. આપના વાલિદ માજિદનું નામ નક઼ી અલીખાં છે. જેમનો જન્મ હિ.સ. ૧૨૪૬ ઈ.સ. ૧૮૩૦માં થયો. જે પોતાના સમયના ભરપુર ઈલ્મવાળા આલિમે દીન હતા. ઘણી જ ખૂબીઓના માલિક હતા. આપે ૨૫ કિતાબો વિવિધ વિષયોમાં લખી. કેટલાક દુશ્મનો એટલા પ્રમાણમાં આંધળા થઈ ગયા છે કે આ'લા હઝરતના બાપદાદાઓના નામોથી લોકોને ધોકો આપીને એ હઝરાતને શીઆ સાબિત કરવાની કોશિશમાં વ્યસ્ત છે. (મઆઝલ્લાહ !) એવા આંધળાઓએ આ'લા હઝરતનો સલામ જ પઢી લેવો જોઈએ કે આપે હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا અને સહાબાએ કિરામ પર કેટલી મહોબ્બતપૂર્વક લાખો સલામનું નઝરાણુ પેશ કર્યું છે.અને વળી આપે શીઆઓથી વિરૂધ્ધ ૨૦ જેટલી કિતાબો પણ લખી છે.

આ'લા હઝરતના બે ભાઈ બીજા હતા. મૌલાના હસન રઝા رحمۃ اللہ علیہ જે નઅત કહેવામાં પોતાનું દષ્ટાંત પોતે જ હતા, અને આ'લા હઝરત પણ તેમની નઅતો ઘણા શોખથી સાંભળતા હતા. આપના નઅતિયા દીવાનનું નામ "ઝૌક઼ે નઅત" છે જે કેટલીયેવાર છપાઈ ચૂકેલ છે. અને આ શરહમાં અસંખ્ય શેઅરો, ખાસ કરીને પ્રારંભિક હિસ્સામાં તેમના શેખરો આપ પઢી ચૂક્યા છો. આપના બીજા ભાઈનું નામ મૌલાના મુહમ્મદરઝા ખાન હતું. જ્યારે કે આપની બહેનો પણ હતી.

આપના ઉસ્તાદોમાં આપના પિતા ઉપરાંત મૌલાના મિર્ઝા ગુલામ ક઼ાદિર બેગ જેમને એહસાન ઈલાહી ઝહીર જેવા ધોકાબાઝોએ મિર્ઝા ક઼ાદયાનીના ભાઈ સાબિત કરવા ફાંફાં માર્યા હતાં ! આ પરથી આપ અંદાઝો લગાડી શકો છો કે જે લોકો પાસે પોતાની હિફાઝતની દલીલો નથી હોતી તેઓ હક્ક઼વાળાઓ પર કેવા કેવા પ્રકારના નીચ હુમલાઓ કરે છે.

જ્યારે કે હક઼ીક઼ત એ છે કે મિર્ઝા ક઼ાદયાની મલઊનની સાથે એ બુઝુર્ગોને દૂરનો પણ સંબંધ નથી, કેવળ મિર્ઝા તથા બેગ શબ્દો વડે ધોક઼ો આપવામાં આવ્યો છે. ફતાવા રઝવિય્યહમાં એ બુઝુર્ગોના કેટલાય સવાલોના આ'લા હઝરતે જવાબો પણ આપ્યા છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ઈલ્મે તકસીર તથા ઝફરના કેટલાક હિસ્સા શાહ અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہથી પણ શીખ્યા જેના બારામાં ક઼સીદએ નૂરના મત્લઅમાં આપે ફર્માવ્યું :

*અય 'રઝા' યહ અહમદે નૂરીકા ફયઝે નૂર હૈ–હો ગઈ મેરી ગઝલ બઢ્હકર ક઼સીદા નૂર કા*

આ'લા હઝરતના બે સાહબઝાદા અને પાંચ સાહબઝાદીઓ પણ હતી. સાહબઝાદાઓનાં નામો આ પ્રમાણે છે : હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝા ખાન તથા મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝા ખાન. બંનેવ સાહબઝાદાઓ દીની ઈલ્મોમાં સંપૂર્ણ નિપૂણતા ધરાવતા હતા, જ્યારે કે બીજા સાહબઝાદા શાઈરીનો શોખ પણ ધરાવતા હતા. આપે વિવિધ નઅતો લખી. હુસૂલે બરકતના માટે લાખોં સલામના શેઅરોની શરહમાં તેમનો બારગાહે મુસ્તફા ﷺમાં લાખો સલામવાળો નઝરાનએ મહોબ્બત રજૂ કરવામાં આવે છે જેનાથી આપ الولد سر لابیہની હક઼ીક઼ત સ્પષ્ટપણે જોઈ લેશો.

## સલામ બ સરકારે અનામ علیہ الصلوٰۃ والسلام

*(અઝ : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ)*

*તુમ પર લાખોં સલામ–તુમ પર લાખોં સલામ*
*સબસે આ'લા ઈઝ્ઝતવાલે–ગલ્બા વ ક઼હર વ તાક઼તવાલે*
*હુર્મતવાલે કરામતવાલે–તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ*
*ઝાહિર બાહિર સયાદતવાલે–ગાલિબ ક઼ાહિર રિયાસતવાલે*
*કુવ્વતવાલે શહાદત વાલે–તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ*
*નૂરે ઈલ્મો હિકમતવાલે–નાફિઝ જારી હુકૂમતવાલે*
*રબકી આ'લા ખિલાફતવાલે–તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ*
*આપકા ચાહા રબકા ચાહા–રબકા ચાહા આપકા ચાહા*
*રબસે ઐસી ચાહત વાલે–તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ*
*તુમ હો શહે ઓરંગે ખિલાફત–તુમ હો વાલીયે મુલ્કે જલાલત*
*તુમ હો તાજે રિફઅત વાલે–તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ*
*રબકે પ્યારે રાજદુલારે–હમ હૈં તુમ્હારે તુમ હો હમારે*
*અય દામાને રહમતવાલે–તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ*

ધો દેં ગુનાહ કે ધબ્બે કાલે—અબ્રે કરમ કે બરસે છાલે
ગેસૂઓંવાલે રહમતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

અય શાહિદે હક્ક઼ વ શાહિદે ઉમ્મત—કાફિર પર તુમ રબકી હુજ્જત
તુમ મોમિનકી મસર્રતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

ડગમગ ડગમગ નૈયા હાલે—જીરા કાંપે તૂઈ સંભાલે
આહ દુહાઈ રહમત વાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

બિગળી નાવકો સંભાલે—હાય ભંવરસે કૌન નિકાલે
અય ઝોરો તાક઼તવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

રાજા પરજા આપે દ્વારે—સબ હૈં બૈઠે જોલી પસારે
દાતા પ્યારે દૌલતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

ખેવન હારે ખેવન હારે—બૈંયા પકળે મૂરે પ્યારે
કુવ્વતવાલે હિંમતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

અપને પરાયે આપકે દરસે—નેઅમતે પાએં જોલિયાં ભરકે
અલ્લાહ ! અલ્લાહ ! સખાવતવાલે —તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

અર્શે ઉલા પર રબને બુલાયા—અપના જલ્વા ખાસ દિખાયા
ખલ્વતવાલે ખલ્વત વાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

તખ્ત તુમ્હારા અર્શ ખુદાકા—મુલ્કે ખુદા હૈ મિલ્ક તુમ્હારા
રબકી આ'લા ખિલાફતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

દે દીયે તુમકો અપને ખઝાને—રબ્બે ઈઝ્ઝત રબ્બે ઉલાને
દોનોં જહાંકી નેઅમતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

ઐસી દૌલત પાઈ ફિર ભી—મિસ્કીની હી તુમને ચાહી
મિસ્કીનોં પર રહમતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

આપસે દૌલત પાએ દુન્યા—આપ કરેં ખૂદ ફાક઼ા પે ફાક઼ા
ઐંસી બખ્શિશો દૌલતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

નેઅમતેં તુમ ઔરોંકો ખિલાઓ—ખૂદ ખાઓ તો જવ કી ખાઓ
નાને જવેં પે ક઼નાઅત વાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

દૌલત દો આલમકી બાંટો—પેટ પર અપને પથ્થર બાંધો
અલ્લાહ ! અલ્લાહ ! સખાવતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

ગૈરોંકો અપનોંસે ઝયાદા—બાંટી તુમને દૌલતે દુન્યા
માશા અલ્લાહ ! હિંમતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

હમ હૈં જિતને ખાતી વ મુખ્તી—આપ હૈં ઉસસે ઝાઈદ મુઅ્તી
અફૂવ સફહ ઈનાયતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

કિતને પર્દે હે ચેહરે પર—ફિર ભી ચેહરા શમ્સો કમર
અય નૂરાની સૂરતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

સૂરતે અકદસસે હક્ક ઝાહિર—કલમા પઢતા દેખકે કાફિર
અય હક્કાની સૂરતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

બૂ જહલ લઈન કલ્મા પઢતા—દેખા હી નહીં ઉસને શાહા
પર્દોવાલી સૂરત વાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

ખુલ્કે તુમ્હારી ખુલ્કે ઈલાહી—ફયઝ તુમ્હારા લા મુત્નાહી
અય પાકીઝા સીરતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

ઐસી મુકદ્દસ ખ્વાબે રાહત—આપ તો સોએં જાગે કિસ્મત
અય રબ્બાની દાવત વાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

مَازَاغ بَصَرُکَ یَامَوْلٰی - مَاکَذَبَ قَلْبُکَ حِیْنَ رَاٰی
ઐસી ચશ્મે બસીરતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

કૌલે હક્ક હે કૌલ તુમ્હારા—اِنْ ہُوَ اِلَّا وَحْیٌ یُّوْحٰی
સિદ્કો હક્કો અમાનતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

ફેઅલ તુમ્હારા ફેઅલે ખુદા હૈ—ઉસ્કા ગવાહ اللّٰہ رمٰی હૈ
હક્કસે ઐસી નિસ્બતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

આપકા યદ યદે રબ્બે વાહિદ—فَوْقَ اَیْدِیْھِمْ હૈ શાહિદ
અય રબ્બાની બયઅતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

દીને હક્ક કે હાદીયે રહબર—તુમ હો હક્ક કે નાઈબે અકબર
નાસિખે અદયાન શરીઅતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

હિલ્લત હુર્મત આપકે મુંહસે—ઐસે હે જૈસ હક્ક કે કિએ સે
હિલ્લતવાલે હુર્મતવાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

આપકા સાયા કૈસે હોતા —આપ હૈં નૂરે હક્કકા સાયા
ઝિલ્લે રહમત તલ્અત વાલે—તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ

*આપકા દમ હૈ ફર્શ કી નુઝહત–ઔર કદમ હૈ અર્શકી ઝીનત*
*હુસ્નો જમાલો નઝાફતવાલે–તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ*
*ખ્વાબમેં અપના જલ્વા દિખાદો–નૂરી કો તુમ નૂરી બના દો*
*અય ચમકીલી રંગતવાલે–તુમ પર લાખોં સલામ તુમ પર લાખોં સલામ*

ચર્ચા હેઠળના શેઅરની તઝમીન :

*તેરી રહમત રહે ઉનપે પરતવ ફિગન–ઉન પે હો સાયએ લુત્ફે શાહે ઝમન*
*દેર તક યહ દરખ્શાં રહે અંજુમન–મેરે ઉસ્તાદ, માબાપ, ભાઈ બહન*
*અહલે વલદો અશીરત પે લાખોં સલામ*

**એક મેરા હી રહમત મેં દા'વા નહીં**
**શાહકી સારી ઉમ્મત પે લાખોં સલામ**

**અર્થાત** : અને અલ્લાહની આટલી વિશાળ રહમતને હું મારી પોતાની જાત સુધી સીમિત કેમ રાખું ?! હું એવું કેમ ન કહું કે મારા આકા ﷺની સર્વ ઉમ્મત પર અલ્લાહ તઆલાની લાખો કરોડો રહમતો થાય.

*અબ્રે જૂદો અતા કિસપે બરસા નહીં – તેરા લુત્ફો કરમ કિસપે દેખા નહીં*
*કિસ જગહ ઔર કહાં તેરા કબ્ઝા નહીં – એક મેરા હી રહમત પે દાવા નહીં*
*શાહ કી સારી ઉમ્મત પે લાખોં સલામ*

❑ ❑ ❑

*કૌન હૈ દિલસે ઉનકા જો શયદા નહીં–કિસ કે વિર્દે ઝબાં ઉનકા કલમા નહીં*
*હશ્રમેં કિસકો ઉનકા સહારા નહીં–એક મેરા હી રહમત પે દાવા નહીં*
*શાહ કી સારી ઉમ્મતપે લાખોં સલામ*

## હક્કની રહમતની વિશાળતાઓ

એક શખ્સ હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયો અને આપને આ શબ્દોમાં દુઆ આપી : اللهم ارحمنى ومحمدا ولا ترحم معنا "હે અલ્લાહ ! મારા પર રહમ ફર્માવ અને તારા નબી મુહમ્મદ ﷺ પર રહમ ફર્માવ. કોઈ અન્યને અમારી સાથે તારી રહમતમાં શરીક ન કર." હુઝૂર ﷺએ જ્યારે આ સાંભળ્યું તો આપે ફર્માવ્યું : لقد حجرت واسعا તેં તો અલ્લાહ તઆલાની આટલી વિશાળ રહમતને તદ્દન સીમિત કરી દીધી !

*(બુખારી બાબુ રહમતુન્નાસ)*

એક બીજી રિવાયતમાં આ જ બનાવ છે અથવા કોઈ અન્ય છે. સારાંશ ઉપરવાળી રિવાયત તો હઝરત અબૂ હુરૈરહ થી છે, જ્યારે કે આ રિવાયતના રાવી હઝરત જુન્દુબ છે. ફર્માવે છે કે એક શખ્સ ઊંટ પર સવાર હતો.

બારગાહે નબુવ્વત ﷺમાં હાજર થયો, ઊંટને બેસાડયું. નીચે ઉતરીને ઊંટ બાંધ્યું અને હુઝૂર ﷺની પાછળ નમાઝ અદા કર્યા બાદ પરત ઊંટની પાસે ગયો તેની રસ્સી ખોલીને તેની પર સવાર થઈ ગયો અને પછી પોકારીને કહ્યું, اللهم ارحمنی و محمدا ولا تشرک فی رحمتنا احدا "હે અલ્લાહ ! મારા પર રહેમ ફર્માવ અને તારા નબી મુહમ્મદ ﷺ પર રહમ ફર્માવ. કોઈ અન્યને અમારી સાથે તારી રહમતમાં સામેલ ન કર."

فقال رسول الله صلی الله علیه وسلم اتقولون هو اضل ام بعیرہ الم تسمعوا الی ماقال હુઝૂર ﷺએ પોતાના સાથીઓને ફર્માવ્યું, તમારો શો ખયાલ છે, આ વધુ મૂર્ખ છે કે એનું ઊંટ ?! સાંભળ્યું તમે તેણે શું કહ્યું ?! قالو انعم અર્ઝ કરી, હુઝૂર ! હા ! સાંભળ્યું છે. *(અબૂ દાઊદ, મિશ્કાત, પેજ–૪૧૪)*

સારાંશ કે અલ્લાહ તઆલાની રહમત ઘણીજ વિશાળ છે ورحمتی وسعت کل شئی મારી રહમત દરેક ચીજ પર વિશાળતા ધરાવે છે. આ કારણે આ'લા હઝરતે લાખો સલામોની રહમતમાં હુઝૂર ﷺની સર્વ ઉમ્મતને પણ સામેલ કરી લીધી છે.

**કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર**
**ભેજેં સબ ઉનકી શૌકત પે લાખોં સલામ**

**અર્થાત** : હે અલ્લાહ ! કાશ ! એવું બને કે દુનિયામાં મારા આકા પર વિરોધીઓના ફત્વાઓ છતાં તારા મહબૂબ ﷺ પર ઝુમી ઝુમીને દુરૂદો સલામ પઢનારાઓની સામે મેહશરના મેદાનમાં જ્યારે હુઝૂર ﷺ તશરીફ લાવે તો અમો આપની શફાઅતનો એડવાન્સમાં શુક્રિયા અદા કરવાના માટે તેમની શાનો શૌકત પર દુરૂદો સલામનો વઝીફો કરવા લાગીએ.

*આફતાબે કયામત કે બદલે હોં તૂર–જબ કે હો હર તરફ "નફસી નફસી" કા શોર*
*જબ કિસી પર કિસી કા ન ચલતા હો ઝોર–કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર*
*ભેંજે સબ ઉનકી શૌકત પે લાખોં સલામ*

હુઝૂર ﷺ કેવી શાનની સાથે મેહશરમાં તશરીફ લાવશે તેના વિશે આપે ખુદ ફર્માવ્યું : یطوف علی الف خادم کانھم لؤ لؤ مکنون "એક હજાર ખિદમતગુઝાર છુપાયેલાં મોતીઓ કરતાં વધુ ખૂબસૂરત મારી આસપાસ હશે." *(તિર્મિઝી અન અનસ)*

હઝરત કઅબ ફર્માવે છે, خرج فی سبعین الفا من الملائکة یزفونه صلی الله علیه وسلم "મેહશરના મેદાનમાં (હજાર ખાદિમો ઉપરાંત) હુઝૂર ﷺ સિત્તેર હજાર ફરિશ્તાઓના ઝુંડમાં તશરીફ લાવશે. આ જ છે ખિદમતના કુદસી (ફરિશ્તા) જેમને આ'લા હઝરત અઝીમુલ બરકત સલામના મકતઅમાં અર્ઝ કરવાની હિંમત કરી રહ્યા છે.

**મુઝસે ખિદમત કે કુદસી કહેં હાં 'રઝા'**
**મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ**

**અર્થાત** : રબ્બુલ આલમીનની બારગાહે અકદસની ખિદમત કરનારા માસૂમ ફરિશ્તા જ્યારે મુઝ ગુનેહગારને

હુઝૂર ﷺના આગમનના માર્ગમાં પોતાના આકાના ઈંતેઝારમાં ઉભેલો જોશે તો જરૂર પૂછશે તો ખરા કે હા ! અહમદ રઝા ! કેમ ઉભા છો ? બસ એમના પૂછતાંવેંત જ હું મારા આકા કરીમ પર આ જ લાખોં સલામનું અકીદતનું નઝરાણુ પેશ કરવાનું શરૂ કરી દઈશ. ફરક એ છે કે અહીં આંખોને બંધ કરીને મહબૂબના તસવ્વુરને ખયાલોની આંખો વડે દિલની દુનિયામાં જોઈને પઢતો રહું છું અને ત્યાં મેહબૂબના જલ્વાને માથાની આંખો વડે જોઈને પઢીશ !

*મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ – શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ*

અને પછી જલ્વો એક હશે ? નહીં ! નહીં ! બલ્કે :

*કયામત જિસકો કહતે હૈં વો ઈદ હૈ અહલે સુન્નત કી –ઈધર દીદારે રબ હોગા ઉધર સૂરત મુહમ્મદ ﷺ કી*

✦✦✦

*મુર્શિદી શાહ અહમદ રઝાખાં ''રઝા''–ફૈઝયાબે કમાલાતે હસ્સાં ''રઝા''*
*સાથ ''અખ્તર'' ભી હો ઝમઝમા ખ્વાં રઝા– જબ કે ખિદમતકે કુદ્સી કહેં હાં ! રઝા*
*મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ –(અખ્તર હામિદી)*

*કાશ ! બરપા હો જિસ વક્ત રોઝે જઝા–ઔર દુલ્હા બને વો શફીઉલ વરા*
*હો કિસીકી યહ પૂરી હબીબ ઈલ્તિજા– મુઝસે ખિદમત કે કુદ્સી કહેં હાં રઝા !*
*મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ –(સૈયદ હબીબ અહમદ)*

## મુનાજાત

**યા ઈલાહી ! હર જગહ તેરી અતાકા સાથ હો**
**જબ પળે મુશ્કિલ શહે મુશ્કિલ કુશા કા સાથ હો**

**અર્થાત :** યા ઈલાહી ! અમે તારી બારગાહમાં હાથ ઉઠાવી દુઆ કરીએ છીએ કે દરેક સમયે અને દરેક જગાએ તારી અતાઓ અને તારી મહેરબાનીઓ અમારી સાથે રહે અને પછી તારા મેહબૂબની ઉમ્મત થઈને અમે તેમના વસીલાથી કેવી રીતે બેનિયાઝ તથા ગાફિલ થઈ શકીએ છીએ. ન તો અમારા નબીના વાસ્તા વિના તારી રહમત અમારા તરફ ધ્યાનિત થશે. કેમ કે અમે તો શું ચીજ છીએ અબુલ બશર આદમ علیہ السلام એ પણ જ્યાં સુધી اللھم انی اسئلک بحق محمد ان تغفرلی ન કહ્યું તો તેમની પણ માફી ન થઈ. દરેક તારા નબીએ તારી બારગાહમાં તારા મેહબૂબના બાબરકત નામનો વસીલો પેશ કર્યો. કેમ કે તારો મહબૂબ તારો નાઈબ તથા ખલીફાએ અકબર છે. તું તારી દરેક નેઅમત તેમના વસીલાથી જ અતા કરે છે. واللہ معطی وانا قاسم, જેથી અમે તારી બારગાહમાં તારા નબીનો વસીલો પેશ કરીને અર્ઝ કરીએ છીએ કે જ્યારે મોતની મુશ્કેલીઓ અને મેદાને મેહશરની સખ્તીઓ ખડી થાય તો તારા પ્યારા નબી જેમની શફાઅતથી ક઼યામતની સર્વ મુસીબતો ટળી જશે અને મુશ્કેલીઓ હલ થઈ જશે. અમને દરેક મુશ્કેલીમાં તારા મુશ્કિલકુશાની સંગત તથા સાથ અતા ફર્માવ.

**યા ઈલાહી ! ભૂલ જાઉં નઝઅકી તકલીફ કો**
**શાદીએ દીદારે હુસ્ને મુસ્તફ઼ાકા સાથ હો**

**અર્થાત :** હે મારા પ્યારા અલ્લાહ ! તારી જ બારગાહમાં ઈલ્તિજા છે, તારી જ બારગાહમાં પ્રારંભ તથા અંત છે અને પછી તારી જ બારગાહમાં દુઆ છે કે તારા નબી ﷺના ફર્માનના પ્રમાણે મોતની સખ્તીઓ તકલીફો ઘણી કઠિન હોય છે. કાશ ! કે મરતી વખતે અમને તારા મહબૂબ ﷺના હુસ્નનો જલ્વો જોવાનું નસીબ થઈ જાય અને એ ખુશીમાં મૌતની સકરાતને ભૂલી જઈએ. જેથી અમને જિંદગીમાં એવાં કામો કરવાની તૌફીક અતા ફર્માવ કે અમે મૃત્યુ વેળા તારા મહબૂબ ﷺનો જલ્વો જોવાને પાત્ર બની જઈએ.

**યા ઈલાહી ! ગોરે તીરાકી જબ આએ સખત રાત**
**ઉન્કે પ્યારે મુંહકી સુબ્હે જાં ફિઝ઼ાકા સાથ હો**

**અર્થાત :** હે મારા પ્યારા અલ્લાહ ! ક઼બ્રની કાળી અંધારી રાત જેની કલ્પનાથી ભલ ભલાનાં દિલો કાંપી ઉઠે છે, તો હું આજિઝ મિસ્કીન ક્યાં એને પાત્ર છું કે એકલો તે અંધારા તથા તારીકીનો સામનો કરી શકું ! મને તારા પ્યારા મહબૂબ ﷺના રુખે વદુહ઼ાનો ક઼બ્રમાં દીદાર અતા કરજે કે જેથી મારી જાનમાં જાન આવે અને મારી રૂહ તેમની ઝિયારત કરીને ચૈન તથા ક઼રાર પામે.

તિલાવતે કુર્આન, ઝિક્રો અઝકાર, દુરૂદ શરીફની કષરત (અતિશય અધિકતા), સદકા તથા ખૈરાત, ઈસાલે સવાબના ઉપરાંત કેટલાય નેક અમલો છે કે જેના સબબે ક઼બ્રના અઝાબ અને આખેરતની ભયાનકતાઓથી નજાત મળી જાય છે.

*મૌત ભી આખિર ફના હો જાએગી–જાન ઉસકી ભી હવા હો જાએગી*
*અલ્લાહ ! અલ્લાહ ! શાને યકતાઈ તેરી–મૌતકો તલ્ખી ચખાઈ મૌતકી*
*મૌતસે ગાફિલ હુવા ઈન્સાન કયૂં–બનકે દાના યહ હુવા નાદાન કયૂં*
*વસ્લે મૌલાકી યહી તદબીર હૈ–યાદગારી ઉસકી બસ અકસીર હૈ*
*આદમી સરકશ નહીં હોગા કભી–યાદ ઉસકો હો જો અપની મુર્દની*

**યા ઈલાહી ! જબ પળે મેહશરમેં શોરે દારો ગીર**
**અમ્ન દેનેવાલે પ્યારે પેશવા કા સાથ હો**

**અર્થાત** : હે મારા અને સર્વ મખ્લૂક઼ના પરવરદિગાર ! મેહશરની ભયાનકતાઓ અને ક઼યામતની ક઼યામતખેઝીઓથી મને કોણ બચાવશે કે જ્યારે એલાન થશે وامتازوا الیوم ایھا المجرمون કે મુજરિમો આજે અલગ થઈ જાવ ! પછી તેમની પકડ ધકડ થશે અને એક હંગામો અને શોર થશે. માબાપ ઔલાદને અને ઔલાદ માબાપને ઓળખશે નહીં તો અન્ય કોઈ કોઈને શું ઓળખશે ?! યા અલ્લાહ ! મારો તો એક જ સહારો છે અને તે તારા પ્યારા મહબૂબ અને અમારા પેશવા, હાદી, રેહબર તથા રહનુમા છે, એમનો જ વસીલો અમને આ સંજોગોમાં અમ્ન આપી શકે છે. હે મારા અલ્લાહ ! મને તારા આ અમ્ન આપવાવાળા નબીનો સાથે અતા કરજે.

**યા ઈલાહી ! જબ ઝબાનેં બાહર આએં પ્યાસસે**
**સાહિબે કૌષર શહે જૂદો અતાકા સાથ હો**

**અર્થાત** : હે મારા પાલનહાર ! મહેશરના મેદાનની ગરમીમાં જ્યારે સખત તરસને કારણે જીભો સૂકાયને કાંટાની જેમ થઈને મોંથી બહાર નીકળેલી હોય જેની કલ્પનાથી જ રૂહ કાંપી ઉઠે છે અને કલેજુ મોંએ આવી જાય છે. તારા મહાન મહાન નેક બંદા આ ક્ષણોનું વર્ણન કરીને નાફર્માન લોકોને સીધા માર્ગની તરફ લાવે છે અને ખુદ એ ખતરનાક મંઝરથી બચવાનો સામાન કરતા રહ્યા. યા અલ્લાહ ! અમારી પાસે તો એક જ સામાન છે, તે જ અમારું ઈમાન છે બલ્કે અમારા ઈમાનની જાન છે. અને તે મહબૂબે રબ્બે રહમાન છે, જેમના માટે અમને સૌને માન છે. જે હોઝે કૌષરનો માલિક઼ અને બખ્શિશ તથા કરમ કરવાવાળા, પોતાની ઉમ્મત પર અતિશય શફીક઼ તથા મહેરબાન છે. અમે તારી બારગાહમાં આજિઝાના ઈલ્તિજા કરીએ છીએ કે અમને આ ખૌફનાક ઘડીઓથી તારા મહબૂબ ﷺનો સાથ અતા કરીને અમ્નો સલામતીની ભીખ અતા ફર્માવજે જેથી કરીને અમે તે દિવસની ઝિલ્લત તથા રુસ્વાઈથી મેહફૂઝ રહી શકીએ.

હે અલ્લાહ ! તારી રાહમાં શહીદ થવાનું નસીબ થઈ જાય તો અમારી સર્વ આખેરતની સમસ્યાઓ હલ થઈ શકે છે. અમને શહાદત નસીબ કરી દે.

**યા ઈલાહી ! સર્દ મહરી પર હો જબ ખુર્શિદે હશ્ર**
**સૈયદે બેસાયાકે ઝિલ્લે લવાકા સાથ હો**

**અર્થાત** : હે પરવરદિગારે આલમ ! જ્યારે ક઼યામતના દિવસે સૂરજ સંપૂર્ણપણે પોતાના પ્રકોપનું પ્રદર્શન કરી રહ્યો હોય (એટલે કે સૂરજ સવા નેજા પર હશે અને જમીન તાંબાની જેમ તપી રહી હશે, નફસી નફસીનો આલમ હશે, કોઈ કોઈની ખબર વિશે પૂછતાછ કરનાર હશે નહીં. અલ્લાહ તઆલાના અર્શ તથા અલ્લાહ તઆલાના પ્યારા મહબૂબ ﷺના ઝંડા સિવાય કોઈ સાયો હશે નહીં).

યા અલ્લાહ ! તું એ દિવસે તારા સંપૂર્ણ જલાલમાં હશે કે તારા ચહીતા નબીઓ પણ તારી બારગાહમાં વાત કરવાની મજાલ ધરાવતા હશે નહીં ! હે અલ્લાહ ! અમે આજે જ તારી બારગાહમાં દુઆ માટે હાથ ઉઠાવીએ છીએ કે અમને તે દિવસે તારા બેસાયા નબીના સાયાદાર ઝંડાનો સાયો અતા કરજે.

**યા ઈલાહી ! ગર્મીએ મેહશરસે જબ ભળકેં બદન**
**દામને મહબૂબકી ઠંડી હવાકા સાથ હો**

**અર્થાત** : હે મારા રઉફો રહીમ અને સત્તાર તથા ગફ્ફાર અલ્લાહ ! તારી જ પનાહ છે મેહશરની એ ગરમીથી કે જે શરીરને એ રીતે સળગાવી રહી હશે કે શરીરોથી આગના ભડકા ઊંચે ઉઠી રહ્યા હશે. જહન્નમ તો એવી મુસીબત છે કે તારા નેક બંદાઓ તેનું નામ સાંભળીને જ કાંપી ઉઠતા અને સજદામાં પડીને રડી રડીને તેનાથી પનાહ માગતા હતા અને તારાથી જન્નતની દુઆઓ માગતા હતા. અમે ગુનેહગાર તો તારી રહમતના અધિક હક઼દાર છીએ.

હા ! પણ તારા મહબૂબ રહમતુલિલ્આલમીનના રહમતના દામનની ઠંડી હવા જો નસીબ થશે તો અમારા માટે એ જ જન્નત હશે કેમ કે એના બાદ જન્નતમાં જવાનુ આસાન થઈ જશે અને અમે જો કે સિયાહકાર રહ્યા તેમ છતાં જો તારી જન્નતના માટે માગણી કરી રહ્યા છીએ તો એ કેવળ એટલા માટે કે તારા મહબૂબે અમને તારાથી જન્નત તલબ કરવાનું અને જન્નતની તમન્ના કરવાનું કહ્યું. અને જાહેર છે કે મેહબૂબને તેં જ કહ્યું હશે કે તે પોતાની ઉમ્મતને કહે કે અલ્લાહથી જન્નતુલ ફિરદોસ માગ્યા કરો. અને પછી એવું કેવી રીતે થઈ શકે છે કે તું જાતે જ કહે કે મારાથી જન્નત માગો અને જ્યારે અમે માગીએ તો તું આપે પણ નહીં ! એવું તો દુનિયાનો કોઈ મામૂલી સખી પણ કરશે નહીં, તું તો રબ્બુલ આલમીન છે, અહકમુલ હાકિમીન عَلٰی کُلِّ شَیْءٍ قَدِیْرٌ દરેક ચીજ પર ક઼ાદિર છે અને لَا یُخْلِفُ الْمِیْعَادَની શાનો ધરાવે છે.

**યા ઈલાહી ! નામએ આમાલ જબ ખુલને લગે**
**અયબ પોશે ખલ્ક઼ સત્તારે ખતાકા સાથ હો**

**અર્થાત** : હે રબ્બુલ આલમીન ! મારા નામએ આમાલને શું ખોલવાનું ! જેમાં તારી નાફર્માનીઓ સિવાય બીજુ છે પણ શું ?! કે તું ફર્માવે اِقْرَاْ كِتٰبَكَ كَفٰى بِنَفْسِكَ الْيَوْمَ عَلَيْكَ حَسِيْبًا આજે પઢ તારી કિતાબ ! (નામએ આમાલ) તું પોતે જ તારો હિસાબ કરવા માટે પૂરતો છે, કોઈ અન્ય ગવાહની શું જરૂરત છે ?!

પણ હે મારા ખુદા ! તે તારા પ્યારા નબી જેમને તેં પોતાની મખ્લૂકના અયબોને છુપાવનાર તથા ગુનાહો પર પર્દો નાખનાર, બલ્કે માફ કરનાર, બલ્કે બુરાઈનો બદલો નેકીથી આપનાર, બલ્કે ગાળો આપે છે કોઈ તો આપ દુઆઓ આપે છે ! એવી શાનવાળા બનાવીને મોકલ્યા છે. હે અલ્લાહ ! મને બસ તેમનો દામન નસીબ કરી આપજે, પછી મારી નાફર્માનીઓ જાણે તથા તેમની કરમનવાઝીઓ જાણે.

*મેરા અલ્લાહ ભી કરીમ ઉસકે મુહમ્મદ ભી કરીમ—દો કરીમોંમે ગુનેહગારકી બન આઈ હય*

**યા ઈલાહી ! જબ બહેં આખે હિસાબે જુર્મસે**
**ઉન તબસ્સુમ રેઝ હોટોંકી દુઆકા સાથ હો**

**અર્થાત** : હે માલિકો મૌલા ! જિંદગીમાં કરેલા ગુનાહો અને તારી નાફર્માનીઓ કયામતનો ભયાનક મન્ઝર જોઈને એક એક કરીને યાદ આવશે અને અમને ખૂબ રડાવશે, પરંતું :

*અબ પછતાવે ક્યા હુવત, જબ ચિરયા ચુગ ગઈ ખેત*

હા ! પણ એક સહારો અને તે ઘણો જ મજબૂત સહારો અને તારો જ અતા કરેલો સહારો, કેવળ મારો જ નહીં તારી પૂરી મખ્લૂકનો સહારો, હઝરત અબ્દુલ્લાહની આંખનો તારો, હઝરત સૈયદા આમિનાનો રાજદુલારો, બિચારાઓનો ચારો, આખુ જગત મેદાને મેહશરમાં જેની શાનનો કરશે નઝારો. કેમ કે :

*ફક્ત ઈતના સબબ હૈ ઈન્એકાદે બઝ્મે મેહશરકા—કે ઉનકી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ*

તે છે નબી તારો અને અમારો, જે મહબૂબ રબનો તથા સર્વનો. હે અલ્લાહ ! તારા મહબૂબ ﷺના મુસ્કુરાતા હોઠોની દુઆ અમારા હાલમાં સામેલ થઈ જાય તો અમારા મુકદ્દરનો તારો ચમકી ઉઠે અને અમારી બગડેલી કિસ્મત બની જાય, નહીં તો અમો લોકો તો ઘણા જ બદહાલ છીએ. કેવળ તારી અને તારા મહબૂબની નાફર્માનીઓ જ અમારા નામએ આમાલમાં નથી, તારી કિબ્રિયાઈની કસમ અમારો કોઈ હાલ નથી ! એ વાતને તું સારી રીતે જાણે છે અને અમે પણ.

**યા ઈલાહી ! જબ હિસાબ ખંદાએ બેજા રુલાએ**
**ચશ્મે ગરીબાને શફીએ મુર્તઝા કે વાસ્તે**

**અર્થાત** : હે અલ્લાહ ! દુનિયામાં નિરર્થક તથા ગલત પ્રકારની હંસી મજાક અને ખેલકૂદમાં જે અમે અમારી ઉમર બર્બાદ કરતા રહ્યા, જ્યારે આખેરતમાં તારી નાફર્માનીઓમાં બર્બાદ કરેલો જિંદગીનો આ કિંમતી સમય અમને લોહીના આંસુએ રડાવે તો ઉમ્મતના ગમમાં રડનારા મહબૂબ ﷺ જે શફીએ મુજરિમાં પણ છે અને નૂરે જાન તથા નૂરે ઈમાન પણ છે, સૈયદ તથા સરવર પણ છે અને મેહતર તથા બેહતર પણ છે. ઉમ્મતના ગમખ્વાર પણ અને નબીઓના સરદાર પણ છે. હે અલ્લાહ ! વળી સૌથી મોટી વાત એ છે કે તારા મહબૂબ તથા યાર પણ છે. તારા આ પ્યારાની ઉમ્મતના ગમમાં રડનારી પ્યારી આંખોની હિમાયત તથા હમદર્દી અમને અતા ફર્માવ. એ જ અમારી આખેરતની નજાતનો અમારા માટે પૂરતો સામાન છે. અને એ સામાન દરેક જણે કરવો જોઈએ કેમ કે મરવાનું તો છેવટે બધાએ જ છે, અને તારી બારગાહ બધાએ જ રજૂ થવાનું છે.

**યા ઈલાહી ! રંગ લાએઁ જબ મેરી બેબાકિયાં**
**ઉનકી નીચી નીચી નઝરોં કી હયાકા સાથ હો**

**અર્થાત** : હે સર્વ જહાનોના રબ ! જ્યારે દુનિયામાં તારી નાફર્માનીમાં કરેલી મારી આઝાદ ખયાલીઓ, શરારતો, હિંમતો, બેબાકપણે કરેલી કહેવાતી બહાદુરીઓ પણ હકીકતમાં મૂર્ખામીઓ તથા નાદાનીઓ, કયામતના દિવસે પોતાનો રંગ તથા પરિણામ (મારી તબાહી તથા બર્બાદીનું) દેખાડે તો ત્યાં મારાથી કાંઈ થઈ શકશે નહીં. હું કેમ ન અહીં પર તારાથી દુઆ કરી લઉં કે હે અલ્લાહ ! મને આ તબાહીથી તારા મહબૂબ ﷺની ઝુકેલી તથા હયાવાળી નજરો (આંખો)નો સાથ અતા ફર્માવ.

દુનિયામાં મહાન મહાન માલદાર, શાનો શૌકતવાળા, હુસ્નો જમાલવાળા, ફઝ્લો કમાલવાળા બાદશાહ આવ્યા પણ (શેઅર) *વો સબકે સબ ખાકકે જો પુતલે – બિગાળ ડાલે બના બનાકર, બના બનાકર*

સિકંદર ઝુલ્કરનૈનનું મોટુ નામ છે જે હજી પણ સારા નસીબવાળા માટે લેવામાં આવે છે કે ફલાણો તો મુકદ્દરનો સિકંદર નીકળ્યો ! પરંતું હવે વિચાર કર હે ગાફિલ મુસલમાન ! આ એક દષ્ટાંત છે, અને વળી તેઓ તો દુનિયા તથા દીનને ભેગા કરનારા બાદશાહ છે પણ એ પણ હમેશાં ન રહ્યા.

*કહાં સલાતીન, કહાં સિકંદર, કહાં હૈં જમ ઔર કહાં હૈ દારા ?!*
*યહ સબ કે સબ ખાકકે થે પુતલે, બિગાળ ડાલે બના બના કર*
*મુસાફિરે ઈન રહે અદમકો, યહ કૈસી નીંદ આ ગઈ ઈલાહી ?!*
*કે જબ સે સોયે ન ફિર સે ચોંકે, થકે હમ ઉનકો જગા જગા કર*

આમ તો આ દુનિયામાં હજારો ફિરઔન સિફત તથા સેંકડો યઝીદી તબીઅતવાળા હુકમરાનો આવ્યા અને આવીને જતા રહ્યા, અને અમુક હજી સુધી આવી રહ્યા છે, અને એઓ પણ પોતાના એ જ પેશવાઓની સાથે જહન્નમરસીદ થઈ જશે, અને કયામત સુધી ખુદા જાણે કેટલા આવશે અને આવીને ચાલ્યા જશે. પણ શદ્દાદ એવો બાદશાહ થયો છે કે જેણે જમીન પર પોતાની ખુદાઈ સ્થાપી હતી અને પોતાના ગુમાનમાં જન્નત પણ બનાવી રાખી હતી, પણ તેનો તથા તેની બનાવેલી જન્નતનો શું હાલ થયો ? આખેરતના ચિંતિતો માટે એના વિશે જાણવું ઘણું જ જરૂરી છે. સંપૂર્ણ ધ્યાનપૂર્વક દિલની આંખો તથા કાન ખોલીને ઈબ્રત તથા સબક હાંસલ કરવાની નિય્યતથી આવા બદબખ્તોના હાલાત વાંચો બલ્કે દુનિયાના ચક્કરમાં ફસાયને પોતાના માલિક તથા મૌલાની બંદગી તથા ઈબાદત ભૂલી જનારા ગાફેલ મુસલમાનોથી અપીલ છે કે એ જાલિમોના હાલાતને વારંવાર વાંચે જેથી તમને યકીન થઈ જાય કે :–

*મરના જીના હો સબ ઉસકે વાસ્તે–ફર્ઝ પર ઈન્સાન અદા કરતા રહે*
*હો ફકત પૂજા ઉસીકી અય બશર–ઔર ડર હો તો ફકત મોલા કા ડર*
*જિસને ભેજા હૈ ઉસીકે વાસ્તે–આદમી અલ્લાહસે ડરતા રહે*
*મૌતકા માલિક ફરિશ્તા આયેગા–વક્ત અપના દોસ્તો આખિર હુવા*

*વક઼્ત હૈ આખિર કો યહ સબકે લિયે–ગો હઝારોં સાલ તક કોઈ જિએ*
*મૌત કે હાથોં ન કોઈ બચ સકા–હર કોઈ દુન્યાસે રુખસત હો ચૂકા*
*અક઼લવાલે લે સબક઼ તૂ ભી ઝરા–સામને રખ તૂ ભી નક઼શા મૌત કા*

**યા ઈલાહી ! જબ ચલૂં તારીક રાહે પુલસિરાત**
**આફ્તાબે હાશમી નૂરુલ હુદાકા સાથ હો**

**અર્થાત** : અય બેનિયાઝ રબ ! તે તલ્વારથી તેજ અને બાલથી વધુ બારીક દોઝખની ઉપર બિછાવેલ રસ્તો જેને પુલસિરાત કહેવાય છે. અને તારું ફર્માન પણ છે : وان منكم الا واردها, દરેક જણે એના પરથી પસાર થવાનું છે. મારા અમલો એને પાત્ર ક્યાં કે મને તેના પરથી સરળતાપૂર્વક પસાર કરી દે અને રોશનીનો સામાન પેદા કરે. كُلُّ مَنْ عَلَيْهَا فَانٍ وَّيَبْقٰى وَجْهُ رَبِّكَ ذُو الْجَلٰلِ وَالْاِكْرَامِ "જમીન પર જેટલાં છે સૌને ફના છે, અને બાકી છે તમારા રબની ઝાત અઝમત તથા બુઝુર્ગીવાળો." *(સૂ. રહમાન, ૫૫/૨૬,૨૭)*

પણ હે અલ્લાહ ! તારા રોશન ચહેરાવાળા સિરાજે મુનીર અને નબીએ હાશમી, કુરૈશી, મુત્તલબી, મક્કી, મદની મહબૂબ અને રુશ્દો હિદાયતના ચિરાગની રોશની અમને અતા ફર્માવ.

સુબ્હાનલ્લાહ ! બાઅમલ આલિમે દીન અને આશિક઼ે રસૂલ ﷺની એ જ શાન હોવી જોઈએ કે الايمان بين الخوف والرجاء "ઈમાન ખૌફે ખુદા અને રહમતની ઉમ્મીદની દરમિયાની હાલતનું નામ છે" ના તક઼ાઝાઓને પૂરા કરે. અલ્લાહની રહમતથી માયૂસ પણ ન કરે અને કેવળ ફઝાઈલની વાતો સંભળાવી સંભળાવીને લોકોને ગુનાહો માટે દિલેર પણ ન બનાવે. આ'લા હઝરત અઝીમુલ બરકતે આ મુનાજાતમાં બંનેવ પાસાંઓ પર કેટલા પ્યારા અંદાઝમાં પ્રકાશ વેર્યો છે અને દરેક શેઅરમાં આપને બંને નેઅમતો (ખૌફે ખુદા તથા ઉમ્મીદે રહમતે બારી) જોવા મળશે. આ જ અહલે ઈલ્મની શાન છે. અને જેની પાસે આ ઈલ્મ હોય તે જ એ સર્વ ફઝાઈલનો હક્ક઼દાર છે જે કુર્આન તથા સુન્નતમાં આલિમે દીન વિશે વર્ણવવામાં આવેલ છે.

**યા ઈલાહી ! જબ સરે શમશીર પર ચલના પળે**
**રબ્બે સલ્લિમ કહનેવાલે ગમઝુદા કા સાથ હો**

**અર્થાત** : હે રબ્બુલ આલમીન ! જ્યારે અમને તલ્વારની ધાર જેવા બલ્કે તેનાથી પણ વધુ બારીક અને ખતરનાક રસ્તા એટલે પુલસિરાતથી પસાર થવું પડે તો તારા તે મહબૂબનો અમને સાથ અતા કરજે જેણે અમને એ ખુશખબરી સંભળાવીને તસલ્લી આપી છે કે હે મારા ઉમ્મતીઓ ! ક઼યામતના દિવસે જ્યારે તમે પુલસિરાત પરથી પસાર થશો તો હું મારા રબથી પુલસિરાતથી તમારાં સલામતી સાથે પસાર થઈ જવાની દુઆ કરી રહ્યો હોઈશ. હે અલ્લાહ ! અમને તારા એ ગમખ્વાર નબીનો સાથ અતા ફર્માવ, કોઈએ શું સરસ કહ્યું છે :

*દિલમેં ચાહત હો પયંબરકી તો દોઝખ કૈસી–ફિર સરે હશ્ર યહ રહમતકા લિબાદા કયા હૈ*
*અય ફરિશ્તો ! મેરે આમાલ ન તોલો ઠહરો ! –પહલે પૂછો મેરે આક઼ાકા ઈરાદા કયા હૈ*

સુબ્હાનલ્લાહ ! ઘણી જ ખૂબસૂરત રૂબાઈ છે. પણ એ જ દિલમાં પયગંબરની ચાહત હશે જે એમના રસ્તા પર ચાલશે અને તે જ આકા ﷺએ આપણાને કષરતથી (ખૂબ જ પ્રમાણમાં) તિલાવતે કુર્આન અને કષરતથી મૌતની યાદ અને આખેરતની ચિંતા કરવાનો હુકમ આપ્યો છે પણ આપણી હાલત તો એ છે કે ઝબાનની હદ સુધી આપણે સર્વ કાંઈ છીએ અમલનુ ભાથુ આપણી પાસે કાંઈ નથી અને દુનિયાની ગફલતમાં એવા મસ્ત તથા ગુમ થઈ ચૂક્યા છીએ કે :– *મિલે સોનેવાલોં કો આરામ વો–કે ઉઠનેકા લેતે નહીં નામ વો*

એટલે કે અમલની વાત આવે તો એવા પહાડની જેમ જમીન પર જામી જઈએ છીએ કે જરાય હાલવાનુ નામ નથી લેતા.

જ્યારે કે બુઝુર્ગોએ તો આ પ્રમાણે ફર્માવ્યું છે :

*અમલસે ઝિંદગી બનતી હૈ જન્નત ભી જહન્નમ ભી–યહ ખાકી અપની ફિતરતમેં ન નૂરી હૈ ન નારી હૈ*

**યા ઈલાહી ! જો દુઆએ નેક મૈં તુઝસે કરું**
**કુદ્સિયોંકે લબસે આમીન રબ્બનાકા સાથ હો**

**અર્થાત** : હે મારા અલ્લાહ ! મારી તારાથી એક જ દુઆ છે અને તે એ છે કે હું જ્યારે પણ તારાથી કોઈ દુઆ કરું તો તારા ફરિશ્તા મારી દુઆ પર આમીન કહે (એટલે કે ફરિશ્તા અર્ઝ કરે કે હે અલ્લાહ ! આ તારા નબીના દરનો ગદા (ભીખારી) અને તારો ગુનેહગાર બંદો તારા નબીનો વાસ્તો આપી આપીને કેટલી વિનવણી કરી રહ્યો છે ! યા અલ્લાહ ! તેની દરેક દુઆને કુબૂલિયતનો શરફ અતા ફર્માવ.) (શેઅર)

*માંગનેકે વાસ્તે અંદાઝ હોના ચાહિયે*

આ'લા હઝરત અઝીમુલ બરકત મુજદ્દિદે દીનો મિલ્લત رضی اللہ عنہએ અલ્લાહ વ રસૂલની બારગાહથી માગવાના આપણને કેવા પ્યારા ઢંગ શીખવાડયા છે. સુબ્હાનલ્લાહ ! આપ رضی اللہ عنہના આજ અંદાઝમાં ડૂબીને આપના કેટલાય માનવાવાળાઓએ આ જ અંદાઝ અને આ જ રંગ ઢંગમાં અલ્લાહ તઆલાની બારગાહમાં ઈલ્તિજાઓ કરી છે, કેમ કે આ'લા હઝરતની મુનાજાતનો અંદાઝ બતાવી રહ્યો છે કે અલ્લાહ વ રસૂલની બારગાહમાં સો ટકા કૂબૂલ ને કૂબૂલ જ છે. આ'લા હઝરતની આ મુનાજાતની તર્ઝ પર "મુનાજાતે સૈયદ દીદાર અલી શાહ સાહબ મુહદ્દિષુલ વરા رحمۃ اللہ علیہની મુનાજાત પઢી લો :–

*યા ઈલાહી ! દો જહાંમેં મુસ્તફાકા સાથ હો–દીનો દુન્યામેં હબીબે કિબ્રિયાકા સાથ હો*

*ઝાહિરો બાતિન હૈ જિસકા નામ નામી અય ખુદા !–અવ્વલીનો આખરીં કે પેશવા કા સાથ હો*

*સબસે અવ્વલ જિન કે નૂરે પાકકો પેદા કિયા–ઉસ મહે બુર્જે રિસાલત બાસફા કા સાથ હો*

*ભૂલ જાએં કૂબ્રકી વહશત કો જિનકે દીદ સે–ઉસ રઉફો રહીમ મહબૂબે ખુદા કા સાથ હો*

*વકૂતે નઝઅ વકૂતે મર્ગો વકૂતે વહશતે કૂબ્ર મેં–હશ્રમેં ઉસ શાફેએ રોઝે જઝા કા સાથ હો*

*યા ઈલાહી ! જબ અમલ તુલને લગેં મીઝાન મેં–શાફેએ મેહશર શહે હર દો સરા કા સાથ હો*

*''રબ્બે સલ્લિમ''કી નિદા જબ અંબિયાસે હો બુલંદ–પેશવાએ મુરસલીન વ અંબિયા કા સાથ હો*
*સારા આલમ ઝુલ્મતો બિદઅતસે હૈ તારીકો તંગ–નૂરે સુન્નત સાથ હો નૂરુલ હુદા કા સાથ હો*
*રહઝની પર આએ જબ શૈતાન વક્તે જાંકુની–હાદીયે બરહક્ક અહમદે મુજતબા કા સાથ હો*
*દેવકે બંદો કે શરસે અય ખુદા હમકો બચા–નજ્દિયોં કે શરસે આગાહ રહનુમાકા સાથ હો*
*કબ્ર કી ઝુલ્મતસે જબ દિલ તંગ હો 'દીદાર' કા–શમ્એ નૂરે કિબ્રિયા બદરુદુજાકા સાથ હો*

**યા ઈલાહી ! જબ 'રઝા' ખ્વાબે ગિરાંસે સર ઉઠાએ**
**દૌલતે બેદાર ઈશ્કે મુસ્તફા કા સાથ હો**

**અર્થાત :** હે મારા માલિકો મૌલા ! છેવટમાં ફરી તારી જ બારગાહમાં દુઆ તથા ઈલ્તિજા છે કે જ્યારે મૌતની ગહરી નીંદથી જાગીને હશ્રના મેદાનના માટે મારી કબરેથી ઉઠું તો તારા પ્યારા મહબૂબ ﷺના ઈશ્કો મહબ્બતની દૌલતે બેદારથી મારો દામન ભરેલો હોય અને સીનો તેમની યાદથી મઅમૂર હોય. કેમ કે દુનિયા તથા આખેરતની મુસીબતો તથા પીડાઓ, મૌત તથા મૌત બાદની તમામ તકલીફોનો હલ તથા ઈલાજ ઈશ્કે મુસ્તફાની ''દૌલતે બેદાર''થી જ છે. (શેઅર) –*ખુદા દે યહ નેઅમત બળી ચીઝ હૈ*

## શજરએ આલિયા ક઼ાદરિયા રઝવિય્યહ્ બરકાતિયા

૦૧. યા ઈલાહી રહ્‌મ ફર્મા મુસ્તફ઼ા કે વાસ્તે—યા રસૂલલ્લાહ ! કરમ કિજીએ ખુદા કે વાસ્તે
૦૨. મુશ્કિલેં હલ કર શહે મુશ્કિલ કુશા કે વાસ્તે—કર બલાએં રદ શહીદે કરબલા કે વાસ્તે
૦૩. સય્યિદે સજ્જાદ કે સદ્‌કે મેં સાજિદ રખ મુઝે—ઈલ્મે હક્ક઼ દે બાક઼િરે ઈલ્મે હુદા કે વાસ્તે
૦૪. સિદ્‌કે સાદિક઼ કા તસદ્દુક઼ સાદિકુલ ઈસ્લામ કર—બે ગઝબ રાઝી હો કાઝિમ ઔર રઝા કે વાસ્તે
૦૫. બેહરે મઅરૂફો વ સરી મઅરૂફ દે બે ખૂદ સરી—જુન્દે હકમેં ગિન જુનૈદે બાસફ઼ા કે વાસ્તે
૦૬. બેહરે શિબ્લી શેરે હક્ક઼ દુન્યા કે કુત્તોં સે બચા—એક કા રખ અબ્દેવાહિદ બે રિયા કે વાસ્તે
૦૭. બુલ—ફરહ કા સદ્‌ક઼ા કર ગમ કો ફરહ દે હુસ્નો સઅદ—બુલ હસન ઔર બુસઈદે સઅદઝા કે વાસ્તે
૦૮. ક઼ાદરી કર ક઼ાદરી રખ ક઼ાદરીયોં મેં ઉઠા—ક઼દરે અબ્દુલ ક઼ાદિરે કુદરતનુમા કે વાસ્તે
૦૯. અહસનલ્લાહુ લહૂ રિઝક઼ન સે દે રિઝક઼ે હસન—બન્દએ રઝ્ઝાક તાજુલ અસ્ફિયા કે વાસ્તે
૧૦. નસ્ર અબીસાલેહ કા સદ્‌ક઼ા સાલેહો મન્સૂર રખ—દે હયાતે દીં મોહિય્યે જાંફિઝા કે વાસ્તે
૧૧. તૂરે ઈરફ઼ાં ઉલુવો હમ્દ હુસ્નો બહા—દે અલી મૂસા હસન અહમદબહા કે વાસ્તે
૧૨. બેહરે ઈબ્રાહીમ મુઝ પર નારે ગ઼મ ગુલઝાર કર—ભીક દે દાતા ભીકારી બાદશાહ કે વાસ્તે
૧૩. ખાનએ દિલ કો ઝિયા દે રૂએ ઈમાં કો જમાલ—શહે ઝિયા મૌલા જમાલુલ ઔલિયા કે વાસ્તે
૧૪. દે મુહમ્મદ કે લિએ રોઝી કર અહમદ કે લિએ—ખ્વાને ફઝલુલ્લાહ સે હિસ્સા ગદા કે વાસ્તે
૧૫. દીનો દુન્યા કી મુઝે બરકાત દે બરકાત સે—ઈશ્ક઼ે હક્ક઼ દે ઈશ્ક઼ીએ ઈશ્ક઼ ઈન્તેમા કે વાસ્તે
૧૬. હુબ્બે અહલે બૈત દે આલે મુહમ્મદ કે લિએ—કર શહીદે ઈશ્ક઼ે હમ્ઝા પેશ્વા કે વાસ્તે
૧૭. દિલ કો અચ્છા તન કો સુથરા જાન કો પૂરનૂર કર—અચ્છે પ્યારે શમ્સે દીં બદરુલ ઉલા કે વાસ્તે
૧૮. દો જહાં મેં ખાદિમે આલે રસૂલુલ્લાહ કર—હઝરતે આલે રસૂલે મુક઼તદા કે વાસ્તે
૧૯. નૂરે જાં વ નૂરે ઈમાં, નૂરે ક઼બ્રો હશ્ર દે—બુલ હુસૈને અહમદે નૂરી લિક઼ા કે વાસ્તે
૨૦. કર અતા અહમદ રઝા એ અહમદે મુરસલ મુઝે—મેરે મૌલા હઝરતે અહમદ રઝા કે વાસ્તે
૨૧. સાયએ જુમ્લા મશાઈખ યા ખુદા હમ પર રહે—રહ્‌મ ફર્મા આલે રહ્‌માં મુસ્તફ઼ા કે વાસ્તે
૨૨. હમ કો અબ્દુલ મુસ્તફ઼ા કર બેહરે શૈખે મુસ્તફ઼ા—મુફ઼તીએ આ'ઝમ જનાબે મુસ્તફ઼ા કે વાસ્તે
૨૩. યા ઈલાહી ! ગ઼ૌષે આ'ઝમ કે ગુલામોં મેં કુબૂલ—હમ શબીહે ગ઼ૌષે આ'ઝમ કે વાસ્તે
૨૪. મેરે મૌલા દીને હક્ક઼ પર ઈસ્તિક઼ામત કર અતા—મુફ઼તીએ આ'ઝમ જનાબે મુસ્તફ઼ા કે વાસ્તે
૨૫. સદ઼કા ઈન અઅ્યાં કા દે છે અયન ઈઝ ઈલ્મો અમલ—અફ઼્વો ઈર્ફ઼ાં આફ઼િયત ઈસ બેનવા કે વાસ્તે

(કિતાબનો અનુવાદ સંપૂર્ણ સોમવાર, ૧૧-શાબાનુલ મોઅઝ્ઝમ, હિ. ૧૪૪૧ (અંગ્રેજી તા. ૬-૪-૨૦૨૦)

# અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાની કિતાબોની યાદી

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Email : anjuman2006@hotmail.com

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| જા અલ્ હક્ક *(ભાગ : ૧ થી ૫)* | ૩૫૦ |
| શાને હબીબુર્રહમાન (અલ્લાહના હબીબની શાન) | ૧૧૦ |
| માહે રમઝાન કૈસે ગુઝારે ? | ૫૦ |
| મૌત તથા કબ્રના હાલાત (શરહુસ્સુદૂર) | ૧૦૦ |
| બુઝુર્ગોના અકીદા | ૧૨૫ |
| ફિક્હી પહેલિયાં *(અટપટા દીની સવાલો)* | ૫૦ |
| નમાઝનું મહત્વ અને જરૂરી મસાઈલ | ૨૦ |
| **બરકાતે રઝા** (આ'લા હઝરત رضی اللہ عنہ વિશે લેખો) | ૨૫૦ |
| તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા | ૫૦ |
| ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગ્રૃપના.....દૃષ્ટિએ | ૫૦ |
| ઈમામ અહમદ રઝા એક સર્વ ક્ષેત્રિય શખ્સિયત | ૧૦ |
| મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા | ૧૦ |
| ઈમામ અહમદ રઝાની ખિદમતનું મહત્વ | ૧૦ |
| હયાતે મુફતીએ આ'ઝમે હિંદના મહેકતાં ફૂલો | ૨૫ |
| ઝલ્ઝલા (અર્શદુલ કાદરી) | ૫૦ |
| ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૧૦૦ |
| **મામૂલાતે હરમૈન** : હજ્જ કેવી રીતે, શા માટે , આદાબે મદીના | ૧૦૦ |
| હજ્જ તથા ઝિયારતના મસાઈલ | ૨૫ |
| અન્વારુલ હદીષ | ૧૦૦ |
| **સીરતે રસૂલે અરબી** (ભાગ : ૧ અને ૨) | ૪૫૦ |
| સજદએ સહ્વના મસાઈલ | ૩૦ |
| તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં | ૨૫ |
| નિકાહ તથા તલાક વિશે | ૩૦ |
| સ્ત્રી અધિકારનો રક્ષક : ઈસ્લામ | ૫૦ |
| વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ | ૪૦ |
| સૂફીઈઝમની હકીકત અને તેના પર વાંધા અને જવાબો | ૧૦ |
| ❑ અનીસુલ અરવાહ ❑ દલીલુલ આરિફીન ❑ ફવાઈદુસ્સાલિકીન | ૩૦ |
| રાહતુલ કુલૂબ | ૧૫ |
| સ્ત્રીની ઈજ્જતનો જામિન : ઈસ્લામી પર્દો | ૧૦ |
| રહનુમાએ હક્ક (વહાબી દેવબંદીની રદમાં લાજવાબ કિતાબ) | ૧૦૦ |
| દા'વતે હક્ક (વહાબીઓની અસલ કિતાબની ઝેરોક્ષ સાથે) | ૫૦ |
| પયગામાતે નૂરી | ૨૦ |

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| **મુકાશફતુલ કુલૂબ** (તસવ્વુફ પર ઈમામ ગિઝાલીની કિતાબ) | ૨૬૦ |
| ગલતફહમી તથા તેની સુધારણા | ૬૦ |
| ઝલઝલા (નવીન રીતે સંપાદિત કિતાબ) | ૭૦ |
| સીરતે રસૂલે મુખ્તાર (ﷺ) | ૫૦ |
| ગુનાહોનો ઈલાજ | ૧૫૦ |
| નૂરી કાઈદા (ગુજરાતી, ભાગ ૧ થી ૩) | ૬૦ |
| બરકાતે શરીઅત–ઉર્દૂ, હિન્દી *(મુકમ્મલ)* | ૩૦૦/૩૦૦ |
| **બરકાતે શરીઅત (ગુજરાતી)** | ૩૦૦ |
| ઈસ્લામિયાત–ઉર્દૂ, ગુજરાતી (ભાગ–૧, ૨) | ૧૨૦ |
| બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ ﷺ (ઉર્દૂ અને હિન્દી) | ૩૦૦/૩૦૦ |
| **કાનૂને શરીઅત** *(ભાગ–૧, ભાગ–૨)* | ૨૦૦ |
| તોહફાએ નિકાહ (અઝ : અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી) | ૫૦ |
| **કન્ઝુલ ઈમાન** (કુર્આન શરીફનો ગુજરાતી તર્જુમો/તફસીર) | ૫૦૦ |
| **શરહે બુખારી શરીફ** (ભાગ : ૧ થી ૯ ) (ઘર બેઠાં) | ૨૦૦૦ |
| **બહારે શરીઅત** (ભાગ : ૧ થી ૧૦ એક સેટના) | ૪૫૦ |
| ગૌષિયહ્ તકવીમ *(ફોર કલર લેમિનેટેડ કેલેન્ડર ટાઈપ)* | ૩૫૦ |
| ગૌષિયહ્ તકવીમ *(નમાઝનું ટાઈમ ટેબલ, આર્ટ પેપર પર)* | ૩૦ |
| રાફઝી–શીઆ ફિર્કાની ગુમરાહીઓથી બચો | ૧૫ |
| **મિર્આતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** (ભાગ : ૧) | ૩૫૦ |
| **મિર્આતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** (ભાગ : ૨) | ૩૫૦ |
| અંગૂઠા ચૂમવાનો મસ્અલો | ૧૦ |
| ગૈર મુકલ્લિદોના ધોકાઓ | ૧૫ |
| મુસલમાનની ખૂબીઓ | ૧૦૦ |
| સીરતે હઝરત સૈયદા ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا | ૨૦ |
| જાદૂની હકીકત | ૨૦ |
| પયગંબરે રહમત ﷺ | ૨૫૦ |
| **શરહે હદાઈકે બખ્શિશ** (ભાગ : ૧+૨ ) | ૫૦૦ |
| ફયઝાને નિય્યત (ઉર્દૂમાં દર્સી કિતાબ) | ૨૦ |
| નિકાહ રજીસ્ટર *(ફોર કલરમાં ૩ કોપીમાં)* | ૩૫૦ |
| ઈસાલે સવાબ અને તેના પ્રકારો | ૧૦૦ |
| ખુત્બાતે જુમ્આ વ ઈદૈન (અરબીમાં) | ૫૦ |

નોંધ : કિંમતના રૂા. ૧૦૦ પર ૧૫ રૂા. ટપાલ ખર્ચ મોકલવો

| | | |
|---|---|---|
| **બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**<br>A/c. No. 34620100000303 Razvi Kitab Ghar<br>IFSC Code : BARB0DAYADR | Mo. 9427464411<br>(PhonePe/Paytm) | નોંધ : રૂા. ૬૦૦/- મેમ્બર ફી ભરી વર્ષભર અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા થકી પ્રકાશિત થતી કિતાબો મફત મેળવો ! |